એ જ્ઞાનોની યથાર્થતા સ્વીકારી તે માટે વિનીત ભાવથી યથાશક્તિ પુરુષાર્થ અથવા પ્રયત્ન કરવો.

प०—से किं तं दंसणविणए ?

उ०—दंसणविणए दुविहे पण्णत्ते तं जहा—

१. सुस्सूसणाविणए

२. अणच्चासायणाविणए।

પ્ર. દર્શન-વિનયના કેટલા પ્રકાર છે ?

ઉ. દર્શન-વિનયના બે પ્રકાર છે. જેવા કે,

૧ – શુશ્રૂષા-વિનય,

૨ – અનત્યાશાતના વિનય.

प०—से किं तं सुस्सूसणाविणए ?

उ०—सुस्सूसाविणए अणेगविहे पण्णत्ते तं जहा-

१. अब्भुट्ठाणे इ वा।

પ્ર. શુશ્રૂષા-વિનય કેટલા પ્રકારનો છે ?

ઉ. – શુશ્રૂષા-વિનયના અનેક પ્રકાર છે. તે આ પ્રમાણે છે —

૧ — અભ્યુત્થાન — ગુરુજનો અથવા ગુણીજનોના આવવાથી એમનો આદર કરવા માટે ઊભા થવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२. आसणाभिग्गहे इ वा,

३. आसणप्पदाणे इ वा,

४. सक्कारे इ वा,
५. सम्माणे इ वा,
६. किइकम्मे इ वा,
७. अंजलिप्पग्गहे इ वा,

८. एंतस्स अणुगच्छणया,
९. ठियस्स पज्जुवासणया,
१०. गच्छंतस्स पडिसंसाहणया ।
से तं सुस्सूणाविणए ।

२ — આસનાભિગ્રહ - ગુરુજન જ્યાં બેસવા ચાહે ત્યાં આસન રાખવું.
૩ — આસન-પ્રદાન - ગુરુજનોને બેસવા આસન પ્રદાન કરવું.
૪ — ગુરુજનોનો સત્કાર કરવો.
૫ — સન્માન કરવું.
૬ — યથાવિધિ વંદન-પ્રણામ કરવાં.
૭ — કોઈ વાતનો સ્વીકાર અથવા અસ્વીકાર કરતી વખતે હાથ જોડવા.
૮ — આવી રહેલા ગુરુજનોની સામે જવું.
૯ — બેઠેલા ગુરુજનોની સામે બેસી સેવા કરવી.
૧૦ — જઈ રહેલા ગુરુજનોને પહોંચાડવા જવું.
આ સુશ્રૂષા-વિનય છે.

प्र०—से किं तं अणच्चासायणाविणए ?

उ०—अणच्चासायणाविणए पणयालीसविहे पण्णत्ते, तं जहा—

१. अरहंताणं अणच्चासायणया,
२. अरहंतपण्णत्तस्स धम्मस्स अणच्चासायणया,
३. आयरियाणं अणच्चासायणया एवं,
४. उवज्झायाणं,
५. थेराणं,
६. कुलस्स
७. गणस्स,
८. संघस्स,
९. किरियाणं,
१०. संभोगस्स,

११. आभिणिबोहियणाणस्स,
१२. सुयणाणस्स,
१३. ओहिणाणस्स,
१४. मणपज्जवणाणस्स,
१५. केवलणाणस्स,

१६-३० एएसिं भत्तिबहुमाणे,

३१-४५ एएसिं चेव वण्णसंजलणया,
से तं अणच्चासायणाविणए ।

પ્ર. અનત્યાશાતના વિનય કેટલા પ્રકારના છે ?

ઉ. અનત્યાશાતના વિનયના ૪૫ પ્રકાર છે. તે આ પ્રમાણે છે—

૧ — અર્હત્ ભગવન્તની આશાતના કરવી નહીં.
૨ — અર્હત્-પ્રજ્ઞપ્ત - અરિહંત પ્રરૂપિત ધર્મની આશાતના કરવી નહીં.
૩ — આચાર્યોની આશાતના કરવી નહીં.
૪ — ઉપાધ્યાયોની આશાતના કરવી નહીં.
૫ — સ્થવિરોની આશાતના કરવી નહીં.
૬ — કુળની આશાતના કરવી નહીં.
૭ — ગણની આશાતના કરવી નહીં.
૮ — સંઘની આશાતના કરવી નહીં.
૯ — ક્રિયાવાનની આશાતના કરવી નહીં.
૧૦ — સાંભોગિક - જેની સાથે વંદના-ભોજન-પારસ્પરિક વ્યવહાર હોય તે ગચ્છના શ્રમણ અથવા સમાન આચારવાળા શ્રમણની આશાતના કરવી નહીં.
૧૧ — મતિ-જ્ઞાનની આશાતના કરવી નહીં.
૧૨ — શ્રુત-જ્ઞાનની આશાતના કરવી નહીં.
૧૩ — અવધિ-જ્ઞાનની આશાતના કરવી નહીં.
૧૪ — મનઃપર્યવ-જ્ઞાનની આશાતના કરવી નહીં.
૧૫ — કેવળ-જ્ઞાનની આશાતના કરવી નહીં.

એ પંદરનું ભક્તિપૂર્વક બહુમાન કરવું. જેથી ત્રીસ પ્રકાર થાય છે. વળી તેમના સહભૂત ગુણોનું ઉત્કીર્તન કરવું. એ રીતે ત્રીસમાં પંદર વર્ણ સંજ્વલનતા મેળવવાથી પીસ્તાલીસ પ્રકાર અનત્યાશાતનાવિનયના થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प०—से किं तं चरित्तविणए ?
उ०—चरित्तविणए पंचविहे पण्णत्ते, तं जहा—
१. सामाइयचरित्तविणए,
२. छेदोवट्ठावणियचरित्तविणए,
३. परिहारविसुद्धचरित्तविणए,
४. सुहुमसंपरायचरित्तविणए,
५. अहक्खायचरित्तविणए,
से तं चरित्तविणए ।

प०—से किं तं मणविणए ?
उ०—मणविणए दुविहे पण्णत्ते, तं जहा—
१. पसत्थमणविणए, २. अपसत्थमणविणए ।

प०—से किं तं अपसत्थमणविणए ?
उ०—अपसत्थमणविणए जे य मणे—
१. सावज्जे,
२. सकिरिए,
३. सकक्कसे,
४. कडुए,
५. णिट्ठुरे,
६. फरुसे,
७. अण्हयकरे,
८. छेयकरे,
९. भेयकरे,
१०. परित्तावणकरे,
११. उद्दवणकरे,
१२. भूओवघाइए, तहप्पगारं मणो णो पहारेज्जा, से तं अपसत्थमणविणए।

प०—से किं तं पसत्थमणविणए ?
उ०—पसत्थमणविणए जे य मणे—

१. असावज्जे,	२. अकिरिए,
३. अकक्कसे,	४. अकडुए,
५. अणिट्ठुरे,	६. अफरुसे,
७. अणण्हयकरे,	८. अछेयकरे,
९. अभेयकरे,	१०. अपरितावणकरे,
११. अणुद्दवणकरे,	१२. अभूओवघाइए,

तहप्पगारं मणं धारेज्जा से तं पसत्थमणोविणयणिए ।

પ્ર. ચારિત્ર-વિનયના કેટલા પ્રકાર છે ?
ઉ. ચારિત્ર-વિનયના પાંચ પ્રકાર છે.
૧ – સામાયિકચારિત્ર-વિનય
૨ – છેદોપસ્થાપનીય ચારિત્ર-વિનય
૩ – પરિહારવિશુદ્ધ ચારિત્ર-વિનય
૪ – સૂક્ષ્મસંપરાય ચારિત્ર-વિનય
૫ – યથાખ્યાત ચારિત્ર-વિનય
આ ચારિત્ર-વિનય છે.

પ્ર. મનોવિનયના કેટલા પ્રકાર છે ?
ઉ. મનોવિનય બે પ્રકારના કહ્યા છે—
૧ – પ્રશસ્ત મનોવિનય,
૨ – અપ્રશસ્ત મનોવિનય.

પ્ર. અપ્રશસ્ત મનોવિનય એટલે શું ?
ઉ. જે મન –
૧ – સાવદ્ય – પાપ સહિત હોય,
૨ – સક્રિય – પ્રાણાતિપાત આદિ આરંભ ક્રિયા સહિત,
૩ – કર્કશ,
૪ – કટુક – પોતાના માટે અથવા બીજાના માટે કડવા રસની પેઠે અનિષ્ટ,
૫ – નિષ્ઠુર – કઠોર – મૃદુતા રહિત
૬ – પરુષ – સ્નેહ રહિત – રુક્ષ
૭ – આશ્રવકારી – અશુભકર્મ સહિત
૮ – છેદકર – કોઈના હાથપગ આદિ તોડવાનો દુર્ભાવ રાખનાર
૯ – ભેદકર – નાક આદિ અંગને કાપવાના બૂરા ભાવવાળું
૧૦ – પરિતાપનકર – પ્રાણીઓને સંતપ્ત, પરિતપ્ત રાખવાની ભાવનાવાળું
૧૧ – ઉપદ્રવણકર – મારણાંતિક કષ્ટ પહોંચાડનાર
૧૨ – ભૂતોપઘાતિક – જીવનો ઘાત કરવાના દુર્ભાવવાળું હોય છે – તે અપ્રશસ્ત મન છે.

પ્ર. પ્રશસ્ત મનોવિનય કોને કહેવાય ?
ઉ. પ્રશસ્ત મનોવિનય અર્થાત્

૧ – અસાવદ્ય,	૨ – નિષ્ક્રિય,
૩ – અકર્કશ,	૪ – અકટુક – મધુર,
૫ – અનિષ્ઠુર – કોમળ,	૬ – અપરુષ – સ્નિગ્ધ,
૭ – અનાશ્રવકારી,	૮ – અછેદક,
૯ – અભેદક.	૧૦ – અપરિતાપક
૧૧ – અનુપદ્રવણકર	૧૨ – અભૂતોપઘાતિક – ઉપઘાત રહિત – કરુણાશીલ

એવું મન પ્રશસ્ત મન કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प०—से किं तं वइविणए ?
उ०—वइविणए दुविहे पण्णत्ते, तं जहा—
१. पसत्थवइविणए, २. अपसत्थ-वइविणए ।
प०—से किं तं अपसत्थ वइविणए ?
उ०—अपसत्थ वइविणए जे य मणे ।
१. सावज्जे,
२. सकिरिए,
३. कक्कसे,
४. कडुए,
५. णिट्ठुरे,
६. फरुसे,
७. अण्हयकरे,
८. छेयकरे,
९. भेयकरे,
१०. परितावणकरे,
११. उद्दवणकरे,
१२. भूओवघाइए, तहप्पगारं वइं णो पहारेज्जा ।
से तं अपसत्थ वइविणए ।
प०—से किं तं पसत्थ वइविणए ?
उ०—पसत्थ वइविणए जे ये मणे ।
१. असावज्जे, २. अकिरिए,
३. अकक्कसे, ४. अकडुए,
५. अणिट्ठुरे, ६. अफरुसे,
७. अणण्हयकरे, ८. अछेयकरे,
९. अभेयकरे, १०. अपरितावणकरे,
११. अणुद्दवकरे, १२. अभूओवघाइए, तहप्पगारं वइं धारेज्जा ।
से त्तं पसत्थ वइ विणए ।
से त्तं वइ विणए ।
प०—से किं तं कायविणए ?
उ०—कायविणए दुविहे पण्णत्ते, तं जहा—
१. पसत्थकायविणए,
२. अपसत्थकायविणए ।
प०—से किं तं अपसत्थकायविणए ?
उ०—अपसत्थकायविणए सत्तविहे पण्णत्ते, तं जहा—

પ્ર. વચન-વિનયના કેટલા પ્રકાર છે ?
ઉ. વચન-વિનયના બે પ્રકાર છે.
૧ – પ્રશસ્ત વચન-વિનય,
૨ – અપ્રશસ્ત વચન-વિનય

પ્ર. અપ્રશસ્ત વચન-વિનય એટલે શું ?
ઉ. જે વચન-
૧ – સાવદ્ય – પાપ સહિત હોય,
૨ – સક્રિય – પ્રાણાતિપાત આદિ આરંભક્રિયા સહિત,
૩ – કર્કશ – કઠોર
૪ – કટુક – પોતાના માટે અથવા બીજાના માટે કડવા રસની પેઠે
૫ – નિષ્ઠુર – કઠોર – મૃદુતા રહિત
૬ – પરુષ – સ્નેહ રહિત
૭ – આશ્રવકારી – અશુભ કર્મ સહિત
૮ – છેદકર – અંગોપાંગ છેદવાને માટે દુર્વચન રૂપ
૯ – ભેદકર – નાસિકા આદિ કાપવા માટે દુર્વચન રૂપ
૧૦ – પરિતાપનકર – પ્રાણીઓને સંતાપ પરિતાપ કરવાના દુર્વચન રૂપ
૧૧ – ઉપદ્રવણકર – મારણાંતિક કષ્ટ દેવા માટેના દુર્વચન રૂપ
૧૨ – ભૂતોપઘાતિક – જીવોનો ઘાત થાય તેવા દુર્વચન રૂપ હોય
– તે અપ્રશસ્ત વચન-વિનય કહેવાય.
પ્ર. પ્રશસ્ત વચન-વિનય કોને કહેવાય ?
ઉ. પ્રશસ્ત વચન-વિનય એટલે
૧ – અસાવદ્ય, ૨ – નિષ્ક્રિય, ૩ – અકર્કશ,
૪ – અકટુક, ૫ – અનિષ્ઠુર, ૬ – અપરુષ,
૭ – અનાશ્રવકારી, ૮ – અછેદક ૯ – અભેદક,
૧૦ – અપરિતાપક, ૧૧ – અનુપદ્રવણકર
૧૨ – અભૂતોપઘાતિક – ઉપઘાત રહિત, કરુણાશીલ હોય તે પ્રશસ્ત વચન વિનય કહેવાય.

આ વચન વિનય છે.
પ્ર. કાયવિનય કેટલા પ્રકારના છે ?
ઉ. કાયવિનય બે પ્રકારના છે.
૧ – પ્રશસ્ત કાય-વિનય,
૨ – અપ્રશસ્ત કાય-વિનય.

પ્ર. અપ્રશસ્ત કાય-વિનય કેટલા પ્રકારના છે ?
ઉ. અપ્રશસ્ત કાય-વિનયના સાત પ્રકાર છે. તે આ પ્રમાણે છે—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. अणाउत्तं गमणे,

२. अणाउत्तं ठाणे,
३. अणाउत्त निसीदणे,
४. अणाउत्तं तुयट्टणे,

५. अणाउत्तं उल्लंघणे,

६. अणाउत्तं पलंघणे,

७. अणाउत्तं सव्विंदियकायजोगजुंजणया,

से तं अपसत्थकायविणए ।
प०—से किं तं पसत्थकायविणए ?
उ०—पसत्थकायविणए सत्तविहे पण्णत्ते तं जहा-

१. आउत्तं गमणे,

२. आउत्तं ठाणे,
३. आउत्तं निसीदणे,
४. आउत्तं तुयट्टणे,

५. आउत्तं उल्लंघणे,

६. आउत्तं पलंघणे,

७. आउत्तं सव्विंदियकायजोगजुंजणया,

से तं पसत्थकायविणए, से तं काय विणए ।
प० से किं तं लोगोवयारविणए ?
उ०—लोगोवयारविणए सत्तविहे पण्णत्ते
तं जहा—

१. अब्भासवत्तियं,

२. परच्छंदाणुवत्तियं,

३. कज्जहेउं,

४. कयपडिकिरिया,

૧ – અનુપયુક્ત ગમન – વિના ઉપયોગ – સાવધાની વિના ઉપયોગ – સાવધાની વિના ચાલવું.
૨ – અનુપયુક્ત સ્થાન – ઉપયોગ વિના ઊભા રહેવું,
૩ – અનુપયુક્ત નિષીદન – ઉપયોગ વિના બેસવું.
૪ – અનુપયુક્ત ત્વગ્વર્તન – ઉપયોગ વિના બિછાનામાં પડખાં ફેરવવાં.
૫ – અનાયુક્ત ઉલ્લંઘન – ઉપયોગ વિના કીચડ આદિનું અતિક્રમણ કરવું – કાદવ વગેરે ઓળંગીને જવું.
૬ – અનુપયુક્ત પ્રલંઘન – ઉપયોગ વિના વાર-વાર કીચડ વગેરેનું ઉલ્લંઘન કરવું.
૭ – અનુપયુક્ત સર્વેન્દ્રિયકાયયોગ – યોજનતા – ઉપયોગ વિના સર્વ ઇન્દ્રિયોની તથા કાયયોગની પ્રવૃત્તિ કરવી.
આ અપ્રશસ્ત કાય-વિનય છે.
પ્ર. પ્રશસ્ત કાયવિનય કેટલા પ્રકારના છે ?
ઉ. પ્રશસ્ત કાયવિનયના સાત ભેદ છે. તે આ પ્રમાણે છે—
૧ · ઉપયુક્ત ગમન – ઉપયોગ, જયૂતિ, સાવધાનીથી ચાલવું.
૨ – ઉપયુક્ત સ્થાન – ઉપયોગથી ઊભા રહેવું.
૩ – ઉપયુક્ત નિષીદન – ઉપયોગ સહિત બેસવું.
૪ – ઉપયુક્ત ત્વગ્વર્તન – ઉપયોગથી બિછાનામાં પડખાં ફેરવવાં.
૫ – ઉપયુક્ત ઉલ્લંઘન – ઉપયોગથી કીચડ આદિનું અતિક્રમણ કરવું.
૬ – ઉપયુક્ત પ્રલંઘન – ઉપયોગથી વાર-વાર કીચડ વગેરેનું ઉલ્લંઘન કરવું.
૭ – ઉપયુક્ત સર્વેન્દ્રિયકાયયોગ-યોજનતા – ઉપયોગથી સર્વ ઇન્દ્રિયોની તથા કાયયોગની પ્રવૃત્તિ કરવી.
આ પ્રશસ્ત કાય-વિનય છે. આ કાય-વિનય છે.
પ્ર. લોકોપચાર વિનય કેટલા પ્રકારના છે ?
ઉ. લોકોપચાર વિનયના સાત ભેદ બતાવ્યા છે. તે આ પ્રમાણે છે —

૧ — અભ્યાસવર્તિતા — ગુરુવર્યો, વડીલો, સત્પુરુષોની પાસે બેસવું.

૨ — પરચ્છન્દાનુવર્તિતા — ગુરુવર્યો, પૂજ્યજનોની ઇચ્છાનુરૂપ પ્રવૃત્તિ કરવી.
૩ — કાર્યહેતુ — વિદ્યા આદિ પ્રાપ્ત કરવા માટે અથવા જેણે વિદ્યા પ્રાપ્ત કરી છે તેની સેવા પરિચર્યા કરવી.
૪ — કૃત-પ્રતિક્રિયા — પોતાના પ્રત્યે કરાયેલા ઉપકારો અને કૃતજ્ઞતા અનુભવતાં સેવા-પરિચર્યા કરવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

५. अत्तगवेसणया,

५ — आर्त-गवेषणा — रोगी, वृद्धावस्थाथी पीडित संयतजनो, गुरुवर्योनी सारसंभाळ तथा औषधि, पथ्य आदि द्वारा सेवा परिचर्या करवी.

६. देसकालण्णुया,

६ — देशकालज्ञता — देश तथा समयनुं ध्यानमां राखीने एवुं आचरण करवुं जेथी पोतानुं मूळ लक्ष्य ध्यानमां रहे.

७. सव्वट्ठेसु अप्पडिलोमया ।

७ — सर्वार्थाप्रतिलोमता — सर्व अनुष्ठेय विषयो, कार्योमां विपरीत आचरण करवुं नहि. अनुकूळ आचरण करवुं.

से तं लोगोवयारविणए,
से तं विणए ।[1] ओव सु. ३० (२३-३४)

आ लोकोपचार विनय छे.
आ प्रमाणे आ विनयनुं विवेचन छे.

विणयपडिवण्णा पुरिसा—

विनय प्रतिपन्न पुरुष-

१५३. चत्तारि पुरिसजाया पण्णत्ता, तं जहा—
१. अब्भुट्ठेति णाममेगे णो अब्भुट्ठावेति,

१५३. पुरुष चार प्रकारना कह्या छे. जेम के —
१ — कोई पुरुष (गुरुजन आदिने जोईने) पोते ऊभो थाय छे, परन्तु बीजाने ऊभो करावतो नथी.

२. अब्भुट्ठावेति णाममेगे णो अब्भुट्ठेति,

२ — कोई पुरुष बीजाने ऊभो करावे छे, परन्तु स्वयं ऊभो थतो नथी.

३. एगे अब्भुट्ठेति वि अब्भुट्ठावेति वि,

३ — कोई पुरुष स्वयं पण ऊभो थाय छे अने बीजाने पण ऊभो करे करावे छे.

४. एगे णो अब्भुट्ठेति णो अब्भुट्ठावेति ।

४ — कोई पुरुष स्वयं ऊभो थतो नथी अने बीजाने पण ऊभो करावतो नथी.

चत्तारि पुरिसजाया पण्णत्ता, तं जहा—
१. वंदति णाममेगे, णो वंदावेति,

फरी पुरुष चार प्रकारना कह्या छे. जेम के-
१ — कोई पुरुष (गुरुजन आदिने) वंदन करे छे. परंतु बीजाथी वंदन करावतो नथी.

२. वंदावेति णाममेगे, णो वंदति,

२ — कोई पुरुष बीजाथी वंदन करावे छे, परंतु स्वयं वंदन करतो नथी.

३. एगे वंदति वि, वंदावेति वि,

३ — कोइ पुरुष स्वयं वंदन करे छे. अने बीजाथी पण वंदन करावे छे.

४. एगे णो वंदति, णो वंदावेति ।

४ — कोई पुरुष स्वयं वंदन करतो नथी अने बीजाथी वंदन करावतो नथी.

चत्तारि पुरिसजाया पण्णत्ता, तं, जहा—
१. सक्कारेइ णाममेगे, णो सक्कारावेइ,

फरी पुरुष चार प्रकारना कह्या छे, जेम के —
१ — कोई पुरुष (गुरुजन आदिनो) सत्कार करे छे, परंतु बीजाथी सत्कार करावतो नथी.

२. सक्कारावेइ णाममेगे, णो सक्कारेइ,

२ — कोई पुरुष बीजाथी सत्कार करावे छे, परंतु स्वयं सत्कार करतो नथी.

३. एगे सक्कारेइ वि, सक्कारावेइ वि,

३ — कोई पुरुष स्वयं पण सत्कार करे छे, अने बीजाथी पण सत्कार करावे छे.

४. एगे णो सक्कारेइ, णो सक्कारावेइ ।

४ — कोइ पुरुष स्वयं सत्कार करतो नथी अने बीजाथी सत्कार करावतो नथी.

चत्तारि पुरिसजाया पण्णत्ता, तं जहा—
१. सम्माणेति णाममेगे, णो सम्माणावेति,

फरी पुरुष चार प्रकारना कह्या जेम के—
१ — कोई पुरुष (गुरुजन आदिनुं) सन्मान करे छे, परंतु बीजाथी सन्मान करावतो नथी.

२. सम्माणावेति णाममेगे, णो सम्माणेति,

२ — कोई पुरुष बीजाथी सन्मान करावे छे, परंतु स्वयं सन्मान करतो नथी.

३. एगे सम्माणेति, वि, सम्माणावेति वि,

३ — कोई पुरुष स्वयं सन्मान करे छे अने बीजाथी पण सन्मान करावे छे.

४. एगे णो सम्माणेति, णो सम्माणावेति ।

४ — कोइ पुरुष स्वयं सन्मान करतो नथी अने बीजाथी सन्मान करावतो नथी.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चत्तारि पुरिसजाया पण्णत्ता, तं जहा—
१. पूएइ णाममेगे णो पूयावेति,

२. पूयावेति णाममेगे णो पूएइ,

३. एगे पूएइ वि पूयावेति वि,

४. एगे णो पूएइ णो पूयावेति।
—ठाणं अ.४, उ.१, सु. २५६ (५-९)

ચાર પુરુષ ચાર પ્રકારના કહ્યા છે, જેમ કે —
૧ — કોઈ પુરુષ (ગુરુજનાદિની) પૂજા કરે છે, પરંતુ બીજાથી પૂજા કરાવતો નથી.
૨ — કોઈ પુરુષ બીજાથી પૂજા કરાવે છે. પરંતુ સ્વયં પૂજા કરતો નથી.
૩ — કોઈ પુરુષ સ્વયં પણ પૂજા કરે છે, અને બીજાથી પણ પૂજા કરાવે છે.
૪ — કોઈ પુરુષ સ્વયં પૂજા કરતો નથી અને બીજાથી પૂજા કરાવતો નથી.

विणीयस्स लक्खणाइं —

વિનીતનાં લક્ષણ —

१५४. आणानिद्देसकरे, गुरूणमुववायकारए।
इंगियागार-सम्पन्ने, से विणीए त्ति वुच्चइ॥
—उत्त. अ.१, गा.२

૧૫૪. ગુરુની આજ્ઞા અનુસાર કાર્ય કરનાર, ગુરુજનોના સાન્નિધ્યમાં રહેનાર અને ગુરુના ઇંગિત તથા આકારના જ્ઞાનને જાણનારને વિનીત કહેવાય છે.

१५५. मणोगयं वक्कगयं, जाणित्तायरियस्स उ।
तं परिगिज्झ वायाए, कम्मुणा उववायए॥
—उत्त. अ.१, गा.४३

૧૫૫. આચાર્યના મનોગત અને વાણીગત ભાવોને જાણીને એને વાણીથી ગ્રહણ કરે અને કાર્ય રૂપમાં પરિણત કરે.

१५६. कालं छंदोवयारं च, पडिलेहित्ताण हेउहिं।
तेण तेण उवाएण, तं तं संपडिवायए॥
—दस. अ.९, उ २, गा. २०

૧૫૬. કાળ, અભિપ્રાય અને આરાધના વિધિને હેતુ-ઓથી જાણીને તદનુકૂલ ઉપાયો દ્વારા તે પ્રયોજનનું સંપ્રતિપાદન કરે.

१५७. अमोहं वयणं कुज्जा, आयरियस्स महप्पणो।
तं परिगिज्झ वायाए, कम्मुणा उववायए॥
—दस.अ. ८, गा. ३३

૧૫૭. મુનિ, મહાન આત્મા, જ્ઞાની આચાર્યનાં વચનોને સફળ કરે. [આચાર્ય જે કહે] તેને 'તહત્તિ' વાણીથી ગ્રહણ કરી કર્મથી તેનું આચરણ કરે.

१५८. आयरियं अग्गिमिवाहियग्गी,
सुस्सूसमाणो पडिजागरेज्जा।
आलोइयं इंगियमेव नच्चा,
जो छन्दमाराहयइ स पुज्जो॥
आयारमट्ठा विणयं पउंजे,
सुस्सूसमाणो परिगिज्झ वक्कं।
जहोवइट्ठं अभिकंखमाणो,
गुरुं तु नासायइ स पुज्जो॥
—दस.अ.९, उ.३, गा. १-२

१५८. જેમ અગ્નિહોત્રી બ્રાહ્મણ અગ્નિની આરાધના કરતો હોવાથી સાવધાન રહે છે, એ જ પ્રમાણે શિષ્ય પણ આચાર્યની શુશ્રૂષા કરવામાં સાવધાન રહે. જે આચાર્યની દૃષ્ટિને અને ઇશારાને જાણીને એમના અભિપ્રાયની આરાધના કરે છે તે પૂજનીય બને છે?
જે આચારને માટે વિનયનો પ્રયોગ કરે છે, જે આચાર્યને સાંભળવાની ઇચ્છા રાખતો હોવાથી એમનાં વચનોનો સ્વીકાર કરીને ઉપદેશને અનુકૂળ આચરણ કરે છે, જે ગુરુની આશાતના કરતો નથી તે પૂજનીય થાય છે.

अट्ठविहा सिक्खासीला—

આઠ પ્રકારનાં શિક્ષાશીલ—

१५९. अह अट्ठहिं ठाणेहिं सिक्खासीले त्ति वुच्चइ।
अहस्सिरे सया दन्ते, न य मम्ममुदाहरे॥
नासीले न विसीले, न सिया अइलोलुए।
अकोहणे सच्चरए, सिक्खासीले त्ति वुच्चइ॥
—उत्त. अ. ११, गा. ४-५

૧૫૯. આઠ પ્રકારની વ્યક્તિ શિક્ષાશીલ કહેવાય છે.
૧. જે હાસ્ય ન કરે,
૨. જે સદા ઇન્દ્રિય અને મનનું દમન કરે,
૩. જે મર્મ-પ્રકાશન ન કરે,
૪. જે ચરિત્રથી હીન ન હોય,
૫. જેનું ચારિત્ર દોષોથી કલુષિત ન હોય,
૬. જે રસોમાં અતિલોલુપ ન હોય,
૭. જે ક્રોધ ન કરે,
૮. જે સત્યમાં રત હોય એને શિક્ષાશીલ કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पण्णरसविहा सुविणीया--

१६०. अह पन्नरसहिं ठाणेहिं, सुविणीए त्ति वुच्चइ ।
नीयावत्ती अचवले, अमाई अकुऊहले ॥

अप्पं चाऽहिक्खिवई, पबन्धं च न कुव्वई ।
मेत्तिज्जमाणो भयई, सुयं लद्धुं न मज्जई ॥

न य पावपरिक्खेवी, न य मित्तेसु कुप्पई ।
अप्पियस्सावि मित्तस्स, रहे कल्लाण भासई ॥

कलहडमरवज्जए, बुद्धे अभिजाइए ।
हिरिमं पडिसंलीणे, सुविणीए त्ति वुच्चइ ॥
—उत्त. अ.११, गा. १०-१३

पंदर प्रकारना सुविनीत-

१६०. पंदर कारणे अभ्यासी सुविनीत कहेवाय छे.
१. जे नम्र व्यवहार करे छे.
२. जे चपळ होतो नथी.
३. जे मायावी होतो नथी.
४. जे कुतूहल करतो नथी.
५. जे कोईनो तिरस्कार करतो नथी.
६. जे क्रोधने टकावी राखतो नथी.
७. जे मित्रभाव राखनार प्रत्ये कृतज्ञ होय छे.
८. जे श्रुत प्राप्त करी मद करतो नथी.
९. जे स्खलना होवा छतां कोईनो तिरस्कार करतो नथी.
१०. जे मित्रो पर क्रोध करतो नथी.
११. जे अप्रिय मित्रनी पण एकांतमां प्रशंसा करे छे.
१२. जे कलेश अने मारामारीनुं वर्जन करे छे.
१३. जे कुळवान होय छे.
१४. जे लज्जावान होय छे. अने
१५. जे प्रतिसंलीन (इन्द्रिय अने मननुं संगोपन करनारो) होय छे.

ते बुद्धिमान मुनि विनीत कहेवाय छे.

सेहस्स करणीय कज्जाणि--

१६१. आलवन्ते लवन्ते वा, न निसीएज्ज कयाइ वि ।
चइऊण आसणं धीरो, जओ जत्तं पडिस्सुणे ॥
उत्त. अ.१, गा. २१

१६२. निसन्ते सियाऽमुहरी, बुद्धाणं अन्तिए सया ।
अट्ठजुत्ताणि सिक्खेज्जा, निरट्ठाणी उ वज्जए ॥
अणुसासिओ न कुप्पेज्जा,
खंतिं सेविज्ज पण्डिए ॥
खुड्डेहिं सह संसग्गिं, हासं कीडं च वज्जए॥
मा य चण्डालियं कासी, बहुयं मा य आलवे ।
कालेण य अहिज्जित्ता, तओ झाएज्ज एगगो ॥
—उत्त. अ. १, गा. ८-१०

शिष्यनां करवां योग्य कार्यो-

१६१. बुद्धिमान शिष्य गुरुना एकवार बोलाववाथी अथवा वारंवार बोलाववाथी कयारे पण बेसी न रहे, परन्तु एने जे आदेश आपे एनो आसन छोडीने यत्नपूर्वक अमल करे.

१६२. [शिष्य] आचार्य सामे प्रशान्त रहे, वाचाळ न अने. अर्थपूर्ण पदोने शीखे अने निरर्थक वातोनो त्याग करे.
[शिष्य] गुरु द्वारा अनुशासित होवाथी क्रोध न करे. क्षुद्र व्यक्तिओनी साथे संसर्ग, हास्य अने क्रीडा न करे.
[शिष्य] चांडालोचित्य आचरण [कुव्यवहार] न करे, बधु न बोले, स्वाध्यायकाळमां स्वाध्याय करे अने त्यारबाद एकलो ध्यान करे.

१६३. पडिणीयं च बुद्धाणं, वाया अदुव कम्मुणा ।
आवी वा जइ वा रहस्से, नेव कुज्जा कयाइ वि ॥
—उत्त. अ. १, गा. १७

१६३. [शिष्य] लोकोनी समक्ष अथवा एकान्तमां वचनथी अथवा कर्मथी कयारे पण आचार्यने प्रतिकूळ वर्तन न करे.

१६४. आयरिएहिं वाहिन्तो, तुसिणीओ न कयाइ वि ।
पसाय-पेही नियागट्ठी, उवचिट्ठे गुरुं सया ॥
—उत्त. अ. १, गा. २०

१६४. गुरुनी कृपानो चाहक मोक्षाभिलाषी शिष्य कोईपण स्थितिमां आचार्यनां वचन सांभळी मौन न रहेतां निरंतर एमनी सेवामां उपस्थित रहे.

१६५ न कोवए आयरियं, अप्पाणं पि न कोवए ।
बुद्धोवघाई न सिया, न सिया तोत्तगवेसए ॥
—उत्त. अ. १, गा. ४०

१६५. विनीत शिष्य आचार्यने क्रोधित न करे अने तेमनां कठोर अनुशासनाहिथी स्वयं-पोते क्रोधित न थाय अने गुरुने साचीझोटी संभळावीने तेमनो दोषदर्शक न थाय.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१६६. आहच्च चण्डालियं कट्टु, न निण्हविज्ज कयाइ वि ।
'कडं कडे' त्ति भासेज्जा, 'अकडं नो कडे' त्ति य ॥
—उत्त. अ. १, गा. ११

१६६. [शिष्ये] એકાએક ચંડાલોચિત કર્મ કર્યું હોય તો તેને કયારે પણ છુપાવે નહિ. અકરણીય કર્યું હોય તો 'કર્યું છે' અને ન કર્યું હોય તો 'નથી કર્યું' એમ કહે.

गुरुसमीवनिसीयण विही—

गुरु सन्मुख બેસવાનો વિધિ—

१६७. न पक्खओ, न पुरओ नेव किच्चाण पिट्ठओ ।
न जुंजे उरूणा उरूं, सयणे नो पडिस्सुणे ॥

नेव पल्हत्थियं कुज्जा, पक्खपिण्डं व संजए ।
पाए पसारिए वावि, न चिट्ठे गुरुणन्तिए ॥
—उत्त. अ. १, गा. १८-१९

१६७. [शिष्य] આચાર્યની બરાબર (સરખા ઊંચા સ્થાને) ન બેસે, આગળ કે પાછળ ન બેસે. એમના ગોઠણથી પોતાના ગોઠણ અડાડીને ન બેસે. પથારીમાં બેસીને જ એમના આદેશનો સ્વીકાર ન કરે, પરંતુ એને છોડીને સ્વીકાર કરે.

સંયમી મુનિએ ગુરુની સામે પલાંઠી વાળીને બેસવું નહિ, બન્ને હાથોથી શરીર બાંધી બેસવું નહિ, તથા પગ ફેલાવીને પણ બેસવું નહિ.

१६८. आसणे उवचिट्ठेज्जा, "अणुच्चे अकुए" थिरे ।
अप्पुट्ठाई निरुट्ठाई, निसीएज्जऽप्पकुक्कुए ॥
—उत्त. अ. १, गा. ३०

१६८. ગુરુના આસનથી નીચું હોય, અકંપમાન હોય અને સ્થિર હોય એવાં આસન પર બેસે. પ્રયોજન હોવા છતાં પણ વારંવાર ઊઠે નહિ, બેસે ત્યારે સ્થિર અને શાન્ત થઈને બેસે, હાથ પગ ઇત્યાદિથી ચંચળતા રહિત રહે.

पण्ह पुच्छा विही—

પ્રશ્ન પૂછવાની વિધિ :

१६९. इहलोगपारत्तहियं, जेणं गच्छइ सोग्गइं ।
बहुस्सुयं पज्जुवासेज्जा, पुच्छेज्जऽत्थ-विणिच्छयं ॥
—दस. अ. ८, गा. ४३

१६९. જે શ્રમણ ધર્મ દ્વારા આલોક અને પરલોકમાં હિત થાય છે, મૃત્યુ પશ્ચાત્ સુગતિ પ્રાપ્ત થાય છે, તેની પ્રાપ્તિ માટે તે બહુશ્રુતની ઉપાસના કરે અને અર્થ-વિનિશ્ચય માટે પૃચ્છા કરે.

१७०. आसण-गओ न पुच्छेज्जा, नेव "सेज्जा गओ कयाइ" वि ।
आगम्मुयक्कुडओ सन्तो, पुच्छेज्जा पंजली-उडो ॥
—उत्त. अ. १, गा २२

१७०. આસન પર અથવા શય્યા પર બેઠાં બેઠાં કયારે પણ ગુરુને કોઈ વાત પૂછે નહિ, પરંતુ તેમની પાસે જઈ ઉત્કટ (ઉકડૂ) આસને બેસી હાથ જોડીને પૂછે.

१७१. नापुट्ठो वागरे किंचि[1], पुट्ठो वा नालियं वए ।
कोहं असच्चं कुव्वेज्जा[2], धारेज्जा पियमप्पियं ॥
उत्त. अ. १, गा. १४

१७१. પૂછ્યા વગર કંઈ પણ ન બોલે. પૂછ્યા પછી અસત્ય ન બોલે. ક્રોધ ન કરે. ક્રોધ આવી જાય તો તેને નિષ્ફળ કરી દે. પ્રિય અને અપ્રિય શિક્ષામણ ધારણ કરે, તે પર રાગ અને દ્વેષ ન કરે.

सेहकयपण्हस्स गुरुदिण्णमुत्तरं—

શિષ્યના પ્રશ્નનો ગુરુ દ્વારા ઉત્તર-

१७२ एवं विणयजुत्तस्स, सुत्तं अत्थं च तदुभयं ।
पुच्छमाणस्स सीसस्स, वागरेज्ज जहासुयं ॥
—उत्त. अ. १, गा. २३

१७२. આ પ્રમાણે જે શિષ્ય વિનીત સ્વભાવે જો પૂછે તો ગુરુ સૂત્ર, અર્થ અને તદુભય (સૂત્ર અને અર્થ બંને) જેવાં સાંભળ્યાં છે (જાણ્યાં છે) તેવાં જ બતાવે.

---

१. अपुच्छिओ निक्कारणं न भासते । —छेदकल्प चूर्णि पृ. २८८

२ ક્વચિત્ ક્રોધ આવી જાય તો ઉપશાંત થઈ દુઃસંકલ્પ, દુર્વચન તેમજ દુષ્કૃત્યનો પશ્ચાત્તાપ કરે. ક્રોધને અસત્ય કરવાથી અર્થાત્ ક્રોધ કરવાથી સંચિત અશુભ કર્મવર્ગણાનાં ક્ષયની આ વિધિ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गुरुं पइ सेहस्स किच्चाइं—

१७३. तेसिं गुरुणं गुणसागराणं, सोच्चाण मेहावि सुभासियाइं ।
चरे मुणी पंचरए तिगुत्तो, चउक्कसायावगए स पुज्जो ॥
गुरुमिह सययं पडियरिय मुणी, जिणवय-निउणे अभिगमकुसले ।
धुणिय रयमलं पुरेकडं भासुरमउलं गइं गय ॥
—दस. अ. ९, उ. ३, गा. १४–१५

गुरु प्रत्ये शिष्यनां कर्त्तव्यो-

१७३. બુદ્ધિમાન મુનિ પંચમહાવ્રતોમાં લીન, ત્રિગુપ્તિધારી અને ચારે કષાયોથી રહિત થાય છે, ત્યારે ગુણસમુદ્ર ગુરુવર્યનાં સુભાષિત વચનોને સાંભળીને તદનુસાર આચરણ કરે છે તે જ પૂજનીય બને છે. જિન ધર્મનાં તત્ત્વોને જાણનારો, અતિથિ-સાધુઓનો સુચતુર સેવક સાધુ ગુરુની આ લોકમાં નિરંતર સેવા કરીને પૂર્વકૃત કર્મરજને ક્ષય કરીને, દિવ્યધામ, જ્ઞાન જ્યોતિ સ્વરૂપ સર્વોત્કૃષ્ટ સિદ્ધ ગતિને પ્રાપ્ત કરે છે.

सेहं पइ गुरुस्स किच्चाइं—

१७४. जे माणिया सययं माणयंति, जत्तेण कन्नं व निवेसयंति ।
ते माणए माणरिहे तवस्सी, जिइंदिए सच्चरए स पुज्जो ॥
—दस. अ, ९, उ. ३, गा. १३

શિષ્ય પ્રત્યે ગુરુનાં કર્તવ્યો-

૧૭૪. પિતા જેમ પોતાની કન્યાને શ્રેષ્ઠ સ્થાનમાં સ્થાપિત કરે છે, તે જ પ્રમાણે ગુરુદેવ યત્નપૂર્વક શિષ્યને જ્ઞાનાદિ સદ્ગુણોની પ્રાપ્તિ કરાવી ઉચ્ચ ભૂમિકા પર મૂકી દે છે. એવા ઉપકારી અને માનનીય જિતેન્દ્રિય, સત્યમાં સદા રત અને તપસ્વી આચાર્યોનું જે સન્માન કરે છે તે પૂજ્ય છે.

अणुसासणे सेहस्स किच्चाइं—

१७५. जं मे बुद्धाणुसासन्ति, सीएण फरुसेण वा ।
मम लाभो त्ति पेहाए, पयओ तं पडिस्सुणे ॥

अणुसासणमोवायं, दुक्कडस्स य चोयणं ।
हियं तं मन्नए पण्णो, वेसं होइ असाहुणो ॥

हियं विगय-भया बुद्धा, फरुसं पि अणुसासणं ।
वेरसं तं होइ मूढाणं, खन्ति-सोहिकरं पयं ॥
—उत्त. अ. १, गा. २७–२९

અનુશાસન-પાલનમાં શિષ્યનું કર્તવ્ય-

૧૭૫. 'આચાર્ય મારા માટે કોમળ અથવા કઠોર વચનોથી જે અનુશાસન કરે છે, તે મારા લાભ માટે છે.' એવો વિચાર કરીને પ્રયત્નપૂર્વક એમનાં વચનોનો સ્વીકાર કરે.

કોમળ અથવા કઠોર વચનોથી કરવામાં આવતું અનુશાસન દુષ્કૃતોનું નિવારણ કરે છે, પ્રજ્ઞાવાન મુનિ તેને હિતકારી સમજે છે, જ્યારે અસાધુ માટે તે જ દ્વેષનું કારણ બની જાય છે.

ભય-મુક્ત બુદ્ધિમાન શિષ્ય ગુરુનાં કઠોર અનુશાસનને પણ હિતકર માને છે. પરંતુ અજ્ઞાનીઓ માટે એ જ ક્ષમા અને ચિત્તવિશુદ્ધિ કરનાર ગુણ-વૃદ્ધિનું આધારભૂત અનુશાસન દ્વેષનો હેતુ બને છે.

गुरुकयाणुसासणस्स पभावो—

१७६. रमए पण्डिए सासं, हयं भद्दं व वाहए ।
बालं सम्मइ सासन्तो, गलियस्सं व वाहए ॥
उत्त. अ. १, गा. ३७

ગુરુના અનુશાસનનો શિષ્ય પર પ્રભાવ-

૧૭૬. જેમ ઉત્તમ ઘોડાને હંકારતા તેનો વાહક આનંદ પામે છે, એ જ પ્રમાણે પંડિત (વિનીત) શિષ્ય પર અનુશાસન કરતાં ગુરુ આનંદ પામે છે. અને જેમ દુષ્ટ ઘોડાને હંકારતાં તેનો વાહક ખેદ પામે છે, એ જ પ્રમાણે બાળ (અવિનીત) શિષ્ય પર અનુશાસન કરતાં ગુરુ ખેદ પામે છે.

कुवियगुरु पसायणट्ठा सेहस्स किच्चाइं—

१७७. आयरियं कुवियं नच्चा, पत्तिएण पसायए ।
विज्झवेज्ज पंजलिउडो, वएज्ज न पुणो त्ति य ॥
—उत्त. अ. १, गा. ४१

ક્રોધી ગુરુ પ્રત્યે શિષ્યનું કર્તવ્ય –

૧૭૭. આચાર્યને ક્રોધિત થયેલા જાણીને વિનીત શિષ્ય પ્રીતિકારક વચનોથી એમને પ્રસન્ન કરે, હાથ જોડીને એમને શાંત કરે. અને એમ કહે કે, 'હું ફરીથી એવું કયારેય કરીશ નહિ.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चउव्विहा विणयसमाही—

१७८. सुयं मे आउसं तेणं भगवया एवमक्खायं —इह खलु थेरेहिं भगवंतेहिं चत्तारि विणय-समाहिट्ठाणा पन्नत्ता।

प०—कयरे खलु ते थेरेहिं भगवंतेहिं चत्तारि विणयसमाहिट्ठाणा पन्नत्ता?

उ०—इमे खलु ते थेरेहिं भगवंतेहिं चत्तारि विणयसमाहिट्ठाणा पन्नत्ता, तं जहा—

१. विणयसमाही, २. सुयसमाही,
३. तवसमाही, ४. आयारसमाही।

विणए सुए अ तवे, य आयारे निच्चं पंडिया।
अभिरामयंति अप्पाणं, जे भवंति जिइंदिया॥

चउव्विहा खलु विणयसमाही भवइ तं जहा—

१. अणुसासिज्जंतो सुस्सूसइ,
२. सम्मं संपडिवज्जइ,
३. वेयमाराहइ,
४. न य भवइ अत्तसंपग्गहिए।

चउत्थं पयं भवइ। भवइ य इत्थ सिलोगो—

पेहेइ हियाणुसासणं, सुस्सूसइ तं च पुणो अहिट्ठए।
न य माणमएण मज्जइ, विणयसमाही आययट्ठिए॥

—दस. अ. ९, उ. ४, सु. १-६

विणयस्स सुफलं—

१७९. तम्हा विणयमेसेज्जा, सीलं पडिलभेज्जओ।
बुद्ध-पुत्ते नियागट्ठी, न निक्कसिज्जइ कण्हुई॥

—उत्त. अ. १, गा. ७

१८०. नच्चा नमइ मेहावी, लोए "कित्ती से" जायए।
हवई किच्चाणं सरणं, भूयाणं जगई जहा॥

पुज्जा जस्स पसीयन्ति, संबुद्धा पुव्वसंथुया।
पसन्ना लाभइस्सन्ति, विउलं अट्ठियं सुयं॥

ચાર પ્રકારની વિનય સમાધિ -

૧૭૮. હે આયુષ્યમાન! મેં સાંભળ્યું છે કે તે ભગવાને એવું પ્રતિપાદન કર્યું છે કે, આ નિર્ગ્રન્થ પ્રવચનમાં સ્થવિર ભગવંતોએ વિનય સમાધિનાં ચાર સ્થાનોનું પ્રરૂપણ કર્યું છે.

પ્ર. એ વિનય સમાધિનાં ચાર સ્થાન કયાં છે? જેનું સ્થવિર ભગવાને પ્રતિપાદન કર્યું છે?

ઉ. જેનું સ્થવિર ભગવાને પ્રતિપાદન કર્યું છે. એ વિનય સમાધિનાં ચાર સ્થાન આ છે.

૧ - વિનયસમાધિ,
૨ - શ્રુતસમાધિ,
૩ - તપસમાધિ,
૪ - આચાર સમાધિ.

જે જિતેન્દ્રિય હોય છે, તે પંડિત પુરુષ પોતાના આત્માને સદા વિનય, શ્રુત, તપ અને આચાર સમાધિમાં રમાડે છે.

વિનય સમાધિના ચાર પ્રકાર છે, જેમ કે

૧ - શિષ્ય આચાર્યનાં અનુશાસનને સાંભળવાની ઇચ્છા કરે.
૨ - અનુશાસનનો સમ્યક્ પ્રકારે સ્વીકાર કરે.
૩ - વેદની (શ્રુતજ્ઞાનની) આરાધના કરે.
૪ - આત્મપ્રશંસક ન થાય.

આ ચતુર્થ પદ છે. અને અહીં એક શ્લોક છે.

૧- મોક્ષાર્થી મુનિ હિતાનુશાસનની અભિલાષા કરે - સાંભળવાની ઇચ્છા કરે છે.
૨ - શુશ્રૂષા કરે છે - અનુશાસનને સમ્યક્ રૂપથી ગ્રહણ કરે છે.
૩ - અનુશાસનને અનુકૂળ આચરણ કરે છે.
૪ - હું વિનય-સમાધિમાં કુશળ છું - એ રીતે ગર્વ કે અહંકારથી ઉન્મત્ત થતો નથી.

વિનયનું સુપરિણામ -

૧૭૯. જેનાથી શીલની પ્રાપ્તિ થાય એવા વિનયનું આચરણ કરવું જોઈએ. જે આચાર્યનો પ્રિય શિષ્ય અને મોક્ષનો અભિલાષી હોય છે, તેને ગણમાંથી કાઢી મૂકવામાં આવતો નથી.

૧૮૦. વિનયનાં સ્વરૂપને જાણીને જે મેધાવી શિષ્ય વિનમ્ર બની જાય છે, તેની લોકમાં કીર્તિ થાય છે. જેવી રીતે પૃથ્વી પ્રાણીઓ માટે આધારભૂત છે, તેવી રીતે યોગ્ય શિષ્ય ધર્માચરણ કરનાર માટે આધારભૂત હોય છે.

શિક્ષણ-કાળ પહેલાં જ શિષ્યના વિનયભાવથી પરિચિત, સંબુદ્ધ પૂજ્ય આચાર્ય તેના પર પ્રસન્ન થઈ તેને પોતાના અર્થગંભીર વિપુલ શ્રુતજ્ઞાનનો લાભ કરાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स पुज्जसत्थे सुविणीयसंसए,
"मणोरुई" चिट्ठइ कम्म-संपया ।
तवोसमायारिसमाहिसंवुडे,
महज्जुई पंच-वयाइं पालिया ॥
स देव-गन्धव्व-मणुस्सपूइए, चइत्तु देहं
मलपंकपुव्वयं ।
सिद्धे वा हवइ सासए, देवे वा अप्परए
महिड्ढिए ॥
—उत्त. अ. १, गा. ४५-४८

તે પૂજ્ય થાય છે - તેના શાસ્ત્રીય જ્ઞાનનું ખૂબ જ સન્માન થાય છે. એના સર્વ સંશય દૂર થાય છે. તે ગુરુનો મનગમતો થાય છે. તે કર્મ-સંપદા (દસવિધ-સમાચારી) થી સંપન્ન થઈને રહે છે. તે તપસમાધિથી સંપન્ન હોય છે. તે પાંચ મહાવ્રતોનું પાલન કરી મહાન તેજસ્વી થઈ જાય છે.

દેવ, ગન્ધર્વ અને મનુષ્યોથી પૂજિત તે વિનીત શિષ્ય મલ અને પંકથી બનેલા શરીરનો ત્યાગ કરી કાં તો શાશ્વત સિદ્ધ બને છે. અથવા અલ્પ-કર્મવાળો મહાન ઋદ્ધિ-સંપન્ન દેવ થાય છે.

अविणीय लक्खणाइं—

१८१. आणाऽनिद्देसकरे, गुरूणमणुववायकारए ।
पडिणीए असंबुद्धे, "अवीणिए त्ति" वुच्चई ॥
—उत्त. अ. १, गा. ३

અવિનીતનાં લક્ષણો -

૧૮૧. જે ગુરુની આજ્ઞા અને આદેશનું પાલન કરતો નથી, ગુરુની સેવા-શુશ્રૂષા કરતો નથી, જે ગુરુથી પ્રતિકૂળ વર્તન કરે છે અને ગુરુના વિચારોને જાણતો નથી તે "અવિનીત" કહેવાય છે.

१८२. आयरियउवज्झाएहिं, सुयं विणयं च गाहिए ।
ते चेव खिंसई बाले, पावसमणे त्ति वुच्चई ॥
आयरियउवज्झायाणं, सम्मं नो पडितप्पइ ।
अप्पडिपूयए थद्धे, पावसमणे त्ति वुच्चई ॥
—उत्त. अ. १७, गा. ४-५

૧૮૨. જે આચાર્ય અને ઉપાધ્યાયે શ્રુત અને વિનય ધર્મ શીખવ્યો એમની જે નિંદા કરે છે, તે વિવેક-ભ્રષ્ટ મુનિ 'પાપ-શ્રમણ' કહેવાય છે.

જે આચાર્ય અને ઉપાધ્યાયનાં કાર્યોની સમ્યક્ પ્રકારે ચિંતા કરતો નથી, તેમની સેવા કરતો નથી, જે વડીલોનું સન્માન કરતો નથી અને જે અભિમાની હોય છે, તે 'પાપ-શ્રમણ' કહેવાય છે.

तिविहे अविणए--

१८३. अविणए तिविहे पण्णत्ते, तं जहा--
देसच्चाई,
निरालंबणता,
णाणा पेज्जदोसे ।
ठाणं.अ.३, उ.३, सु १९३(६)

ત્રણ પ્રકારના અવિનય -

૧૮૩. અવિનયના ત્રણ પ્રકાર કહ્યા છે.
૧ - દેશત્યાગી - સ્વામીને આળો આપી દેશ છોડીને ચાલ્યા જવું.
૨ - નિરાલમ્બન - ગચ્છ અથવા કુટુંબને છોડી તેનાથી દૂર થવું.
૩ - નાનાપ્રેયોદ્વેષી - અનેક પ્રયોજનથી લોકોની સાથે રાગ-દ્વેષ કરવો.

चउद्दसविहे अविणीए--

१८४. अह चउदसहिं ठाणेहिं, वट्टमाणे उ संजए ।
अविणीए वुच्चई सो उ, निव्वाणं च न गच्छई ॥

अभिक्खणं कोही हवई, पबन्धं च पकुव्वई ।
मित्तिज्जमाणो वमई, सुयं लद्धुण मज्जई ॥

अवि पावपरिक्खेवी, अवि मित्तेसु कुप्पई ।
सुप्पियस्सावि मित्तस्स, रहे भासइ पावगं ॥

पइण्णवाई दुहिले, थद्धे लुद्धे अणिग्गहे ।
असंविभागी अचियत्ते, अविणीए त्ति वुच्चई ॥
उत्त.अ. ११, गा. ६-९

ચૌદ પ્રકારના અવિનીત -

૧૮૪. ચૌદ પ્રકારે વર્તન કરનાર (મુનિ) અવિનીત કહેવાય છે, તે નિર્વાણને પામતો નથી-

૧ - જે વારંવાર ક્રોધ કરે છે. ૨ - જે ક્રોધ ટકાવી રાખે છે. ૩ - જે મૈત્રી-ભાવનો અસ્વીકાર કરે છે. ૪ - જે શ્રુત (જ્ઞાન) પ્રાપ્ત કરી અહંકાર કરે છે. ૫ - જે ભૂલ કરનારનો તિરસ્કાર કરે છે. ૬ - જે મિત્રો પર ક્રોધ કરે છે. ૭ - જે અત્યંત પ્રિય મિત્રની પણ એકાન્તમાં કુથલી કરે છે. ૮ - જે કારણ વગર પ્રલાપ કરે છે. ૯ - જે દેશદ્રોહી છે. ૧૦ - જે અભિમાની છે. ૧૧ - જે સરસ આહાર આદિમાં આસક્ત છે. ૧૨ - જે અજિતેન્દ્રિય છે. ૧૩ - જે અસંવિભાગી છે. ૧૪ - જે અપ્રીતિકર છે, તે અવિનીત કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अविणीय सरूवं--

१८५. एवं ते सिस्सा दिया य, राओ य अणुपुव्वेण वाइया तेहिं महावीरेहिं पण्णाणमंतेहिं, तेसिंतिए पन्नाणमुवलब्भ हेच्चा उवसमं फारुसियं समादियंति ।

वसित्ता बंभचेरंसि आणं तं णो त्ति मन्नमाणा।

आघायं तु सोच्चा निसम्म, 'समणुन्ना जीविस्सामो' एगे णिक्खम्म ते असंभवेता विडज्झमाणा कामेसु गिद्धा अज्झोववन्ना समाहिमाघायमझोसयंता सत्थारमेव फरुसं वयंति । सीलमंता उवसंता संखाए रीयमाणा,'असीला' अणुवयमाणस्स बितिया मंदस्स बालया।

णियट्टमाणा वेगे आयारगोयरमाइक्खंति । नाणब्भट्ठा दंसणलूसिणो नममाणा एगे जीवियं विप्परिणामेंति ।

पुट्ठा वेगे णियच्छंति, जीवियस्सेव कारणा। निक्खंतं पि तेसिं दुन्निक्खंतं भवइ ।

बालवयणिज्जा हु ते नरा पुणो पुणो जातिं पकप्पेंति अहे संभवंता विहायमाणा 'अहमंसीति विउक्कसे' उदासीणे फरुसं वयंति पलियं पगंथे, अदुवा अगंथे अतहेहिं तं मेहावी जाणिज्जा धम्मं ।

—आ सु. १, अ ६ उ.४, सु.१९०-१९१

अविनीतनुं स्वरूप –

१८५. आ रीते महान वीर अने ज्ञानवान गुरु दिवस रात सतत शिक्षा आपी शिष्यने तैयार करे छे. तेमांथी केटलाक शिष्य गुरु पासेथी ज्ञान प्राप्त करी शांत भावने छोडी अभिमानी-स्वेच्छाचारी बनी जाय छे.

केटलाक शिष्यो संयम अंगीकार कर्या पछी सत्पुरुषोनी आज्ञानो अनादर करे छे.

केटलाक शिष्यो कुशीलनां दुष्परिणाम जोईने जिनभाषित तत्त्वने सांभळी समजी "आपणे सर्वना मानीता थईशुं" एवो विचार करी दीक्षा धारण करे छे. परंतु मोक्षमार्गमां नहीं चालतां, कामभोगोथी मळतां सुखमां मूर्च्छित थई विषयोनो विचार करता थका तीर्थंकरभाषित समाधिने प्राप्त करता नथी. उलटा हितशिक्षा आपनार मुनिने कठोर वचन कहे छे.

तथा केटलाक स्वयं भ्रष्ट होवा छतां पण बीजा सुशील क्षमावंत, विवेकथी वर्तता मुनिओने कुशील कहे छे. आवा अज्ञानी-मूर्खनी आ बीजी अज्ञानता छे.

केटलाक शिष्यो संयमनुं पालन न करता होवा छतां पण संयमना आचार – गोचर बराबर कहे छे. केटलाक शिष्यो ज्ञान-दर्शनथी भ्रष्ट होवा छतां पण एम कहे छे के 'अमे जे आचरण करी रह्या छीओ ते ज शुद्ध आचार छे' एटले ज्ञान-दर्शनथी भ्रष्ट ते शिष्यो विनयी होवा छतां पण आचारभ्रष्ट छे. केटलाक साधारण कक्षाना शिष्यो परिषहोथी डरी असंयमित जीवन जीववा माटे संयमथी भ्रष्ट थई जाय छे. तेवी व्यक्तिनी दीक्षा पण कुदीक्षा छे.
ते असंयमी शिष्यो साधारण पुरुषो द्वारा पण निंदित थाय छे. केटलाक अल्पश्रुत शिष्यो पोते विद्वान छे तेवो देखाव करीने 'हुं विद्वान छुं' एम प्रमाणे कहीने जे तटस्थ श्रमणो छे तेमने तुच्छकारे छे, अथवा मिथ्या दोषारोपण करीने तेमनी अवहेलना करे छे. तेथी तेओ वारंवार चारेय गतिओमां जन्म ले छे. एटले बुद्धिमान शिष्य विनयधर्मने जाणे.

गुरुआईणं पडिणीया--

१८६. रायगिहे नयरे-जाव-एवं वयासी--

प्र०--गुरु णं भंते ! पडुच्च कति पडिणीया पण्णत्ता ?

उ०--गोयमा ! तओ पडिणीया पण्णत्ता तं जहा—

आयरियपडिणीए उवज्झायपडिणीए, थेरपडिणीए ।

गुर्वादिना प्रत्यनीक —

१८६. राजगृह नगरमां (गौतम स्वामीओ) यावत् (श्रमण भगवान महावीरने) आ प्रमाणे पूछ्युं-

प्र. भंते ! गुरुदेवना केटला प्रत्यनीक (विरोधी) कह्या छे ?

उ. गौतम ! त्रण प्रत्यनीक कह्या छे. ते आ प्रमाणे छे —

१ - आचार्य-प्रत्यनीक, २ - उपाध्याय-प्रत्यनीक]
३ - स्थविर-प्रत्यनीक

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प० गइं णं भंते ! पडुच्च कति पडिणीया पण्णत्ता ?

उ०—गोयमा ! तओ पडिणीया पण्णत्ता तं जहा-
इहलोगपडिणीए, परलोगपडिणीए,
दुहओलोगपडिणीए ।

प०—समूहं णं भंते ! पडुच्च कति पडिणीया पण्णत्ता ?

उ०—गोयमा ! तओ पडिणीया पण्णत्ता, तं जहा-
कुलपडिणीए गणपडिणीए
संघपडिणीए ।

प०—अणुकंपं पडुच्च कति पडिणीया पण्णत्ता ?

उ०—गोयमा ! तओ पडिणीया पण्णत्ता, तं जहा—
तवस्सिपडिणीए, गिलाणपडिणीए,
सेहपडिणीए ।

प०—सुयं णं भंते ! पडुच्च कति पडिणीया पण्णत्ता ?

उ०—गोयमा ! तओ पडिणीया पण्णत्ता, तं जहा—
सुत्तपडिणीए, अत्थपडिणीए,
तदुभयपडिणीए ।

प०—भावं णं भंते ! पडुच्च कति पडिणीया पण्णत्ता ?

उ०—गोयमा ! तओ पडिणीया पण्णत्ता, तं जहा—
नाणपडिणीए, दंसणपडिणीए, चरित्तपडिणीए[1]

—वि. स. ८, उ. ८, सु. १—७

अविणीय उवमाइं—

१८७ जहा सुणी पूइ-कण्णी, निक्कसिज्जइ सव्वसो ।
एवं दुस्सील-पडिणीए, मुहरी निक्कसिज्जई ॥

कण-कुण्डगं चइत्ताणं, विट्ठं भुंजइ सूयरे ।
एवं सीलं चइत्ताणं, दुस्सीले रमई मिए ॥

सुणियाऽभावं साणस्स, सूयरस्स नरस्स य ।
विणए ठवेज्ज अप्पाणं, इच्छन्तो हियमप्पणो ॥

—उत्त. अ. १. गा. ४—६

प्र. ભંતે ! ગતિની અપેક્ષાથી કેટલા પ્રત્યનીક કહ્યા છે ?

ઉ. ગૌતમ ! ત્રણ પ્રત્યનીક કહ્યા છે. તે આ પ્રમાણે છે —
૧ – ઇહલોક-પ્રત્યનીક, ૨ – પરલોક-પ્રત્યનીક,
૩ – ઉભયલોક-પ્રત્યનીક.

પ્ર. ભંતે ! સમૂહ (શ્રમણસંઘ)ની અપેક્ષાએ કેટલા પ્રત્યનીક કહ્યા છે ?

ઉ. ગૌતમ ! ત્રણ પ્રત્યનીક કહ્યા છે. તે આ પ્રમાણે છે —
૧ – કુળ-પ્રત્યનીક, ૨ – ગણ-પ્રત્યનીક
૩ – સંઘ પ્રત્યનીક

પ્ર. ભંતે ! (સાધુઓની) અનુકંપાની અપેક્ષાએ કેટલા પ્રત્યનીક કહ્યા છે ?

ઉ. ગૌતમ ! ત્રણ પ્રત્યનીક કહ્યા છે. તે આ પ્રમાણે છે-
૧. – તપસ્વી-પ્રત્યનીક, ૨ – ગ્લાન-પ્રત્યનીક
૩ – શૈક્ષ-(નવદીક્ષિત) પ્રત્યનીક.

પ્ર. ભંતે ! શ્રુતની અપેક્ષાએ કેટલા પ્રત્યનીક કહ્યા છે ?

ઉ. ગૌતમ ! ત્રણ પ્રત્યનીક કહ્યા છે. તે આ પ્રમાણે છે —
૧. – સૂત્ર-પ્રત્યનીક, ૨ – અર્થ-પ્રત્યનીક
૩ - તદુભય-પ્રત્યનીક.

પ્ર. ભંતે ! ભાવની અપેક્ષાથી કેટલા પ્રત્યનીક કહ્યા છે ?

ઉ. ગૌતમ ! ત્રણ પ્રત્યનીક કહ્યા છે.તે આ પ્રમાણે છે —
૧ – જ્ઞાન-પ્રત્યનીક, ૨ – દર્શન-પ્રત્યનીક,
૩ – ચારિત્ર-પ્રત્યનીક.

અવિનીતની ઉપમાઓ —

૧૮૭ જેમ સડેલા કાનવાળી કૂતરીને સર્વ સ્થાનોમાંથી કાઢી મૂકવામાં આવે છે, તેમ દુઃશીલ, ગુરુને પ્રતિકૂળ વર્તન કરનાર, વાચાળ શિષ્યને પણ સર્વ જગ્યાએથી અપમાનિત કરી કાઢીમૂકવામાં આવેછે.

જેમ સુવ્વર ઓખાના ભૂંસાને છોડીને વિષ્ટા ખાય છે. તેમ અજ્ઞાની ભિક્ષુ શીલને છોડીને દુઃશીલમાં રમણ કરે છે.

સડેલા કાનવાળી કૂતરી અને વિષ્ટા ખાનાર સુવ્વરની સમાન, દુઃશીલથી મનુષ્યની ન શોભે તેવી હીન સ્થિતિ થાય છે, એમ સમજીને પોતાનું હિત ઇચ્છનાર ભિક્ષુએ વિનયધર્મને અંગીકાર કરવો જોઈએ.

---

१ ठाणं. अ. ३, उ. ४, सु. २०८

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१८८. मा "गलियस्से व" कसं, वयणमिच्छे पुणो पुणो ।
कसं व दट्ठुमाइण्णे, पावगं परिवज्जए ॥
—उत्त. अ. १, गा. १२

१८८. જેમ અડિયલ ઘોડો ચાબુકનો માર વારંવાર ખાય છે, તેમ વિનીત શિષ્ય ગુરુના આદેશ-ઉપદેશની વારંવાર અપેક્ષા ન કરે. જેમ ચપળ ઘોડો ચાબુકને જોતાં જ ઉન્માર્ગ છોડી દે છે, તેમ વિનીત શિષ્ય ગુરુના સંકેત માત્રથી પાપકર્મ અર્થાત્ અશુભ પ્રવૃત્તિને છોડી દે.

१८९. जे य चंडे मिए थद्धे, दुव्वाई नियडी सढे ।
वुज्झइ से अविणीयप्पा, कट्ठं सोयगयं जहा ॥

विणयं पि जो उवाएणं, चोइओ कुप्पई नरो ॥
दिव्वं सो सिरिमेज्जंति दंडेण पडिसेहए ॥
—दस. अ. ९, उ. २, गा. ३-४

१८९. જે ક્રોધી છે, મૂર્ખ છે, અહંકારી છે, દુર્વાદી છે, કપોરછાપી છે, કપટી છે તથા સંયમયોગમાં આદર-હીન છે તે અવિનીતાત્મા જલપ્રવાહમાં પડેલ કાષ્ઠ જેમ વહી જાય છે, તેમ સંસારસાગરમાં વહી જાય છે.

જે મનુષ્ય કોઈ ઉપાયથી વિનયધર્મ પ્રત્યે પ્રેરિત કરાય તો ક્રોધિત થાય છે, તે આવતી દિવ્ય લક્ષ્મીને દંડો મારીને હાંકી કાઢવા સમાન કાર્ય કરે છે.

१९०. खलुंके जो उ जोएइ, विहम्माणो किलिस्सई ।
असमाहिं च वेएइ, तोत्तओ य से भज्जई[1] ॥

एगं डसइ पुच्छंमि, एगं विन्धइऽभिक्खणं ।
एगो भंजइ समिलं एगो उप्पहपट्ठिओ ॥

एगो पडइ पासेणं, निवेसइ निविज्जई ।
उक्कुदइ उप्फिडई, सढे बालगवी वए ॥

माई मुद्धेण पडई, कुद्धे गच्छइ पडिप्पहं ।
मयलक्खेण चिट्ठई, वेगेण य पहावई ॥

छिन्नासे छिन्दई सिल्लिं, दुहन्तो भंजए जुगं ।
से वि य सुस्सुयाइत्ता, उज्जाहित्ता पलायए ॥

खलुंका जारिसा जोज्जा, दुस्सीसा वि हु तारिसा ।
जोइया धम्मजाणम्मि, भज्जन्ति धिइदुब्बला ॥

इड्ढीगारविए एगे, एगेऽत्थ रसगारवे ।
सायागारविए एगे, एगे सुचिरकोहणे ॥

भिक्खालसिए एगे, एगे ओमाणभीरुए थद्धे ।
एगं च अणुसासम्मी, हेऊहिं कारणेहि य ॥
सो वि अन्तरभासिल्लो, दोसमेव पकुव्वई ।
आयरियाणं तं वयणं, पडिकूलेइ अभिक्खणं ॥

१९०. જે દુષ્ટ બળદો જોડે છે, તે તેમને મારતાં મારતાં ક્લેશ પામે છે, અસમાધિનો અનુભવ કરે છે, છેવટે તેની ચાબુક પણ તૂટી જાય છે.

તે ગુસ્સે બનેલો વાહક કોઈની પૂંછડી મરડે છે, તો કોઈને વારંવાર પરોણી ઘોંચે છે. અને તેથી તે બળદોમાંથી કોઈ એક બળદ ઘૂંસરી તોડી નાંખે છે તો વળી બીજો ઉન્માર્ગે ચાલ્યો જાય છે.

કોઈ માર્ગ પર બેસી જાય છે, તો કોઈ પડી જાય છે. કોઈ સૂઈ જાય છે, તો કોઈ કૂદે છે. કોઈ ઊછળે છે, તો કોઈ દુષ્ટ બળદ તરુણ ગાયની પાછળ દોડે છે.

કોઈ માયાવી બળદ માથું ઊંધું ઢાળીને જમીન પર પડી જાય છે. કોઈ ગુસ્સે થઈ ઉન્માર્ગે ચાલ્યો જાય છે. કોઈ મરેલા જેવો પડયો રહે છે, તો કોઈ જોરથી દોડવા માંડે છે.

કોઈ દુષ્ટ બળદ ધાંધલ કરી, બધું તોડી ફોડી નાંખે છે. દુર્દાન્ત બની ઘૂંસરી તોડી નાખે છે અને સૂં-સૂં અવાજ કરતો ગાડું છોડીને ભાગી જાય છે.

અયોગ્ય બળદ જેમ વાહનને તોડી નાંખે છે, તે જ રીતે ધીરજ વિનાના શિષ્યને પણ ધર્મ-ધ્યાનમાં જોડતાં તે પણ તેને ફગાવી દે છે.

કોઈ ઐશ્વર્યનો અહંકાર કરે છે, કોઈ રસનું અભિમાન કરે છે, કોઈ સુખનું અભિમાન કરે છે, તો કોઈ લાંબો વખત ગુસ્સો કરે છે.

કોઈ ભિક્ષાચરીમાં આળસ કરે છે, કોઈ અપમાનથી ડરે છે, તો કોઈ હઠીલો બની જાય છે.

કારણોસર ગુરુ કોઈવાર કોઈને અનુશાસિત કરે છે તો તે વચ્ચે બોલે છે, આચાર્યનાં વચનોમાં દોષ કાઢે છે, વારે વારે તેમના કહ્યાંથી ઊંધું વર્તન કરે છે.

---

१ दुग्गओ वा पओएणं चोइओ वहई रहं । एवं दुब्बुद्धि किच्चाणं वुत्तो वुत्तो पकुव्वइ ॥ —दस. अ. ९, उ. २, गा. १९

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

न सा ममं वियाणाइ, न वि सा मज्झ दाहिई ।
निग्गया होहिई मन्ने, साहू अन्नोऽत्थ वच्चउ ॥

पेसिया पलिउंचन्ति, ते परियन्ति समन्तओ ।
रायवेट्ठिं व मन्नन्ता, करेन्ति भिउडिं मुहे ॥

वाइया संगहिया चेव, "भत्तपाणे य" पोसिया ।
जायपक्खा जहा हंसा, पक्कमन्ति दिसोदिसिं ॥

अह सारही विचिन्तेइ, खलुंकेहिं समागओ ।
किं मज्झ दुट्ठसीसेहि, अप्पा मे अवसीयई ॥

जारिसा मम सीसाउ, तारिसा गलिगद्दहा ।
गलिगद्दहे चइत्ताणं, दढं परिगिण्हइ तवं ॥
—उत्त. अ. २७, गा. १-१६

लिक्षा आपती वખते કોઈ શિષ્ય ગુરુને કહે છે – 'ગૃહિણી મને નથી ઓળખતી. મને આપશે નહીં' 'મને લાગે છે તે બહાર ગઈ હશે. માટે કોઈ બીજો સાધુ જાય.'

કોઈ કામે મોકલે તો કામ કર્યા વિના પાછો ફરે, બબડે, આમતેમ ભટકે, ગુરુની આજ્ઞાને વેઠ માની ભવાં ચઢાવી મોં બગાડે છે.

જેમ પાંખ આવતાં હંસ જુદી જુદી દિશામાં ઊડી જાય છે, તેવી જ રીતે ધર્મના આચારવિચાર શીખવીને દીક્ષિત કરેલા તેમ જ આહાર-પાણીથી પોષેલા કુશિષ્યો બીજે ચાલ્યા જાય છે.

અવિનીત શિષ્યથી દુઃખી થઈને ધર્મયાનના સારથી આચાર્ય વિચારે છે. "મને આ દુષ્ટ શિષ્યોથી શો લાભ? એમનાથી મારો આત્મા દુઃખી થાય છે. વ્યાકુળ થાય છે."

"ગળિયા ગધેડા જેવા મારા શિષ્યો છે." આમ વિચારી ગણાચાર્ય, ગળિયા ગધેડા જેવા શિષ્યોને છોડી દૃઢતાથી તપસાધનામાં મગ્ન બને છે.

अविणीय-विणीय सरूवं—

१९१. जे यावि चंडे मइ-इड्ढिगारवे,
पिसुणे नरे साहसहीणपेसणे ।
अदिट्ठधम्मे विणए अकोविए,
असंविभागी न हु तस्स मोक्खो ॥

निद्देसवत्ती पुण जे गुरुणं,
सुयत्थधम्मा विणयम्मि कोविया ।
तरित्तु ते ओहमिणं दुरुत्तरं,
खवित्तु कम्मं गइमुत्तमं गया ॥
—दस. अ. ९, उ. २, गा. २२-२३

અવિનીત અને વિનીતનું સ્વરૂપ –

૧૯૧ – જે મનુષ્ય ક્રોધી છે, જેને બુદ્ધિ અને ઋદ્ધિનો ગર્વ છે, જે ચુગલીખોર છે, જે અયોગ્ય કાર્યમાં સાહસી છે, જે ગુરુની આજ્ઞાનું યથાસમય પાલન કરતો નથી, જે અદૃષ્ટ (અજ્ઞાત)-ધર્મા છે, જે વિનયથી અજાણ છે તથા જે અસંવિભાગી છે તેનો કદાપિ મોક્ષ થતો નથી.

જે ગુરુની આજ્ઞામાં રહેનાર છે, જ્ઞાન તથા ધર્મનાં રહસ્યને જાણનાર છે, વિનયનું પાલન કરવામાં પંડિત છે, તે મુશ્કેલીથી તરી શકાય એવા ઘોર સંસારસાગરને તરી જઈ કર્મોનો ક્ષય કરી ઉત્તમ ગતિને પામે છે.

अविणीय-सुविणीय लक्खणाइं—

१९२. तहेव अविणीयप्पा, उववज्झा हया गया ।
दीसंति दुहमेहंता, आभिओगमुवट्ठिया ॥

तहेव सुविणीयप्पा, उववज्झा हया गया ।
दीसंति सुहमेहंता, इड्ढिं पत्ता महायसा ।

तहेव अविणीयप्पा, लोगंसि नरनारिओ ।
दीसंति दुहमेहंता, छाया ते विगलिन्दिया ॥

અવિનીત-સુવિનીતનાં લક્ષણ –

૧૯૨. જેવી રીતે રાજા આદિ મહાપુરુષોનાં હાથી અને અશ્વો આદિ પશુ, જે પોતાના સ્વામીની આજ્ઞા પાળતાં નથી અર્થાત્ માલિકના ઇશારા પ્રમાણે કાર્યમાં જોડાતાં નથી તે ઘોર દુઃખ અનુભવતાં કે ભોગવતાં દેખાય છે તેવી રીતે જે વિનયગુણથી રહિત આત્માઓ છે તે હંમેશાં દુઃખ જ પામે છે.

તેનાથી વિપરીત સેનાપતિ વગેરે લોકો પાસેથી શિક્ષણ પામી તેમને આધીન રહી, ઇશારા પ્રમાણે વર્તનારા સુવિનીત એવા અશ્વો તથા હાથીઓ સમૃદ્ધિ પામી, મહાયશવાળા બની અતિ સુખ ભોગવતા દેખાય છે.

અવિનય કરનારાં સ્ત્રી-પુરુષો માર પડવાથી ઘાયલ થયેલાં, કૂબડાં, ઇન્દ્રિય-વિકલ બનેલાં આ લોકમાં ઘોરાતિઘોર દુઃખ ભોગવતાં, પ્રત્યક્ષ દેખાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दण्डसत्थपरिजुण्णा, असब्भवयणेहि य ।
कलुणा विवन्नछंदा, खुप्पिवासाए परिगया ॥

तहेव सुविणीयप्पा लोगंसि नरनारिओ ।
दीसंति सुहमेहंता, इड्ढिपत्ता महायसा ॥

तहेव अविणीयप्पा, देवा जक्खा य गुज्झगा ।
दीसंति दुहमेहंता, आभिओगमुवट्ठिया ॥

तहेव सुविणीयप्पा, देवा जक्खा य गुज्झगा ।
दीसंति सुहमेहंता, इड्ढिपत्ता महायसा ॥

जे आयरिय-उवज्झायाणं, सुस्सूसावयणंकरा ।
तेसिं सिक्खा पवड्ढंति, जलसित्ता इव पायवा ॥
—दस. अ. ९, उ. २. गा, ५-१२

अविणीतस्स-विणीतस्स य आयरण-पभावो—

१९३. अप्पणट्ठा परट्ठा वा, सिप्पा णेउणियाणि य ।
गिहिणो उवभोगट्ठा, इहलोगस्स कारणा ॥

जेण बंधं वहं घोरं, परियावं च दारुणं ।
सिक्खमाणा नियच्छन्ति, जुत्ता ते ललिइंदिया ।

ते वि तं गुरुं पूयंति, तस्स सिप्पस्स कारणा ॥
सक्कारेंति नमंसंति, तुट्ठा निद्देसवत्तिणो ॥

किं पुण जे सुयग्गाही, अणंतहियकामए ।
आयरिया जं वए भिक्खू, तम्हा तं नाइवत्तए ॥

नीयं सेज्जं गइं ठाणं, नीयं च आसणाणि य ।
नीयं च पाए वंदेज्जा, नीयं कुज्जा य अंजलिं ॥

संघट्टइत्ता काएण, तहा उवहिणामवि ।
खमेह अवराहं मे, वएज्ज न पुणो त्ति य ॥
—दस.अ. ९, उ.२, गा. १३-१८

અવિનીત પુરુષો દંડ અને શસ્ત્રથી ક્ષત-વિક્ષત શરીરવાળા, અસભ્ય વચનોથી સર્વત્ર તિરસ્કાર પામનારા, દીનભાવ દેખાડનારા, પરાધીન જીવન વ્યતીત કરનારા તેમ જ ક્ષુધા-તૃષાની તીવ્ર અસહ્ય વેદના ભોગવતા દેખાય છે.

પરંતુ જે નરનારીઓએ વિનયની આરાધના કરી હોય છે તે આ લોકમાં મહાયશસ્વી અને મહાસંપત્તિને પામી સુખ ભોગવતાં દેખાય છે.

અવિનીત આત્મા દેવ, યક્ષ કે ભવનપતિ ગુહ્યક નામક દેવયોનિમાં ઉત્પન્ન થાય તો ત્યાં પણ ચાકરપણું પામીને દુઃખ ભોગવતાં જ દેખાય છે.

પરંતુ જે સુવિનીત આત્મા છે તે દેવ, યક્ષ અને ભવનપતિદેવ થઈને પણ ત્યાં મહાયશસ્વી તથા મહાઋદ્ધિમાન થઈને સુખ ભોગવતાં જ દેખાય છે.

જે શિષ્ય આચાર્ય અને ઉપાધ્યાયની શુશ્રૂષા અને આજ્ઞાપાલન કરે છે એમનું જ્ઞાન પાણીથી સિંચાયેલાં વૃક્ષોની જેમ પ્રતિદિન વૃદ્ધિને પામે છે.

અવિનીત અને સુવિનીતના આચરણનો પ્રભાવ –

૧૯૩. ગૃહસ્થો પોતાના જીવનનિર્વાહને માટે તથા પર (સગાસંબંધી કુટુંબ આદિ)ના પાલન-પોષણને માટે, ફક્ત આ લોકમાં જ સુખસાધન, ઐશ-આરામને માટે, વિવિધ પ્રકારની શિલ્પકળાઓ શીખવા તથા તેમાં નિપુણ બનવા માટે તે તે કલાઓના આચાર્યો પાસે જાય છે. ત્યાં –

કળાઓને શીખવામાં જોડાયેલા સુકોમળ શરીરવાળા રાજકુમારાદિ કળા શીખવતા આચાર્યો વડે થતાં બંધન તેમજ અત્યંત અસહનીય શારીરિક ત્રાસ તેમજ કોઈ પણ પ્રકારના કઠોર પરિતાપને સહન કરે છે. છતાં પણ –

તે રાજકુમારાદિ છાત્રો, ગુરુની આજ્ઞામાં રહેનારા, સંતુષ્ટ રહેનારા, શિલ્પ આદિ કળાઓ શીખવામાં ઉત્સાહ ધારણ કરનારા બની ગુરુની પૂજા કરે છે, સત્કાર કરે છે, તેમજ નમસ્કાર પણ કરે છે.

તો પછી જે જ્ઞાનને પામવામાં તત્પર અને અનંતહિત (મોક્ષ) નો ઇચ્છુક છે એનું તો કહેવું જ શું ? તે માટે તે આચાર્ય જે કહે તેનું, એમનાં વચનનું ભિક્ષુ ઉલ્લંઘન ન કરે.

ભિક્ષુ (આચાર્યથી) નીચી શય્યા રાખે, નીચી ગતિ કરે, નીચે ઊભો રહે, નીચું આસન રાખે અને સમ્યક્ પ્રકારે નમ્ર થઈને ગુરુનાં ચરણ-કમળોની વંદના કરે.

પોતાના શરીરથી, ઉપકરણોથી અથવા અન્ય બીજા પ્રકારથી આચાર્યને અને તેમનાં ઉપકરણોને સ્પર્શ થવાથી શિષ્ય આ પ્રમાણે કહે – "આપ મારો અપરાધ ક્ષમા કરો. હું ફરી આવું કરીશ નહીં."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१९४. (आलवंते लवंते वा, न निसेज्जाए पडिस्सुणे।
मोत्तूणं आसणं धीरो, सुस्सूसाए पडिस्सुणे॥)
दस. अ. ९ उ. २, गा. २०, टिप्पण

१९५. विवत्ती अविणीयस्स, संपत्ती विणियस्स य।
जस्सेयं दुहओ नायं, सिक्खं से अभिगच्छइ॥
—दस. अ.९, उ.२, गा.२१

१९६. अणासवा थूलवया कुसीला
मिउं पि चण्डं पकरेंति सीसा।
चित्ताणुया लहु दक्खोववेया,
पसायए ते हु दुरासयं पि॥
—उत्त. अ.१, गा.१३.

१९७. जे विग्गहीए अन्नायभासी,
न से समे होति अझंझपत्ते।
ओवायकारी य हिरीमणे य,
एगंतदिट्ठी य अमाइरूवे॥

से पेसले सुहुमे पुरिसजाते,
जच्चज्जणिए चेव सुउज्जुयारे।
बहुंपि अणुसासिते जे तहच्चा,
समे हु से होति अझंझपत्ते॥
—सूय. श्रु. १, अ. १३, गा. ६-७.

अविणीय-सुविणीयाणं चिंतणं—

१९८. "खड्डुया मे चवेडा मे, अक्कोसा य वहा य मे"।
कल्लाणमणुसासन्तो, पावदिट्ठि त्ति मन्नई॥

पुत्तो मे भाय नाइ त्ति, साहू कल्लोण मन्नई।
पावदिट्ठी उ अप्पाणं, सासं "दासं व" मन्नई॥
उत्त. अ. १, गा. ३८-३९

पंच असिक्खा ठाणाणि—

१९९. अह पंचहिं ठाणेहिं, जेहिं सिक्खा न लब्भई।
थम्भा कोहा पमाएणं, रोगेणालस्सएण य॥
उत्त. अ. ११, गा. ३

१९४. (बुद्धिमान शिष्य गुरुना એકવાર બોલાવવાથી કયારે પણ બેસી ન રહે, પરંતુ આસન છોડી शुश्रूषा सहित એમનાં વચનનો સ્વીકાર કરે અને યોગ્ય ઉત્તર આપે.)

१९५. "અવિનયીને વિપત્તિ અને વિનયીને સંપત્તિ હોય છે." આ બન્નેને જે જાણે છે તે જ શિક્ષણ પ્રાપ્ત કરે છે.

१९६. આજ્ઞા ન માનનારા, વગર વિચાર્યે બોલનારા, અવિનીત શિષ્ય કોમળ સ્વભાવવાળા ગુરુને પણ ક્રોધી બનાવી દે છે.

ગુરુના મનોનુકૂળ ચાલનારા, પટુતાથી કાર્ય સંપન્ન કરનારા શિષ્ય દુરાશય (શીઘ્ર કુપિત થનાર) ગુરુને પણ પ્રસન્ન કરી લે છે.

१९७. જે સાધક કલહકારી છે, અન્યાયયુક્ત બોલે છે, (રાગ-દ્વેષયુક્ત હોવાથી) સમતા મેળવી શકતો નથી, તે કલહ રહિત પણ થતો નથી, પરંતુ સુસાધુ ઉપઘાતકારી (ગુરુના સાંનિધ્યમાં રહીને એમના નિર્દેશાનુસાર ચાલનાર) અથવા ઉપાયકારી (સૂત્રોપદેશાનુસાર ઉપાય-પ્રવૃત્તિ કરનાર) હોય છે, તે અનાચારનું સેવન કરતાં ગુરુ આદિથી લજ્જિત થાય છે. જીવાદિ તત્ત્વોમાં તેની દૃષ્ટિ (શ્રદ્ધા) સ્પષ્ટ અથવા નિશ્ચિત થાય છે, તથા તે માયા-રહિત વ્યવહાર કરે છે.

ભૂલ થવાથી આચાર્ય આદિ દ્વારા અનેકવાર અનુશાસિત થવાથી જે પોતાની લેશ્યા શુદ્ધ રાખે છે, તે સુસાધક મૃદુભાષી અથવા વિનયાદિ ગુણ-યુક્ત છે. તે જ સૂક્ષ્મ અર્થદર્શી છે, તે જ વાસ્તવમાં સંયમમાં પુરુષાર્થી છે તથા તે જ ઉત્તમ જાતિથી સમન્વિત અને સાધ્વાચારમાં સહજ-સરલ ભાવથી પ્રવૃત્ત રહ્યો છે. તે જ સમભાવી છે અને તે કષાય રહિત થાય છે.

વિનીત-અવિનીતનું સ્વગત ચિંતન –

१९८. પાપ-દૃષ્ટિવાળો શિષ્ય ગુરુના કલ્યાણકારી અનુશાસનને પણ ઠોકર મારવા સમાન, થપ્પડ મારવા સમાન, ગાળો ભાંડવા અને પ્રહાર કરવા સમાન અનિષ્ટ સમજે છે.

"ગુરુ મને પોતાના પુત્ર ભાઈ અને સ્વજનની જેમ આત્મીય સમજીને શિક્ષણ આપે છે"-વિનીત શિષ્ય એમ વિચારી તેમના અનુશાસનને કલ્યાણકારી માને છે, પરન્તુ પાપ-દૃષ્ટિવાળો કુશિષ્ય હિતાનુશાસનથી શાસિત થવા છતાં પોતાને દાસ તુલ્ય માને છે.

શિક્ષા પ્રાપ્ત ન થવાનાં પાંચ કારણ –

१९९. १ – અભિમાન, ૨ – ક્રોધ ૩ – પ્રમાદ
૪ – રોગ, ૫ – આળસ
આ પાંચ કારણોથી શિક્ષા પ્રાપ્ત થતી નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सिक्खाए अणुवउत्ता—

२००. तओ नो कप्पंति सिक्खवेत्तए, तं जहा—

१. पण्डए,

२. वाइए,

३. कीवे ।

कप्प. उ. ४, सु. ६

तेत्तीसं आसायणाओ—

२०१. इह खलु थेरेहिं भगवंतेहिं तेत्तीसं आसायणाओ पण्णत्ताओ ।

प०—कयराओ खलु ताओ थेरेहिं भगवंतेहिं तेत्तीसं आसायणाओ पण्णत्ताओ ?

उ०—इमाओ खलु ताओ थेरेहिं भगवंतेहिं तेत्तीसं आसायणाओ पण्णत्ताओ तं जहा-

१. सेहे रायणियस्स पुरओ गंता, भवइ आसायणा सेहस्स ।

२. सेहे रायणियस्स सपक्खं गंता, भवइ आसायणा सेहस्स ।

३. सेहे रायणियस्स आसन्नं गंता, भवइ आसायणा सेहस्स ।

४. सेहे रायणियस्स पुरओ चिट्ठित्ता, भवइ आसायणा सेहस्स ।

५. सेहे रायणियस्स सपक्खं चिट्ठित्ता, भवइ आसायणा सेहस्स ।

६. सेहे रायणियस्स आसन्नं चिट्ठित्ता, भवइ आसायणा सेहस्स ।

७. सेहे रायणियस्स पुरओ निसीइत्ता, भवइ आसायणा सेहस्स ।

८. सेहे रायणियस्स सपक्खं निसीइत्ता, भवइ आसायणा सेहस्स ।

९. सेहे रायणियस्स आसन्नं निसीइत्ता, भवइ आसायणा सेहस्स ।

१०. सेहे रायणिएणं सद्धिं बहिया वियारभूमिं निक्खंते समाणे तत्थ सेहे पुव्वतरागं आयमइ, पच्छा रायणिए भवइ आसायणा सेहस्स ।

११. सेहे रायणिएणं सद्धिं बहिया वियारभूमिं वा विहारभूमिं वा निक्खंते समाणे तत्थ सेहे पुव्वतरागं आलोएइ पच्छा रायणिए, भवइ आसायणा सेहस्स ।

શિક્ષા માટે અયોગ્ય —

૨૦૦. આ ત્રણને કોઈપણ પ્રકારનું જ્ઞાન આપવું કલ્પતું નથી. જેવા કે —

૧ – પંડક – સ્ત્રી સદૃશ સ્વભાવવાળો નપુંસક.

૨ – વાતિક – કામવાસનાનું દમન ન કરી શકે એવા.

૩ – ક્લીવ – (જ્ઞાન પ્રાપ્ત કરવામાં) અસમર્થ.

તેત્રીસ આશાતનાઓ

૨૦૧. આ આર્હત્ પ્રવચનમાં સ્થવિર ભગવન્તોએ તેત્રીસ આશાતનાઓ કહી છે.

પ્ર. સ્થવિર ભગવન્તોએ તેત્રીસ આશાતનાઓ કહી છે, એ કઈ છે ?

ઉ. સ્થવિર ભગવન્તોએ આ તેત્રીસ આશાતનાઓ કહી છે. જેવી કે–

૧ – નવદીક્ષિત (અલ્પ દીક્ષાપર્યાયવાળો) રત્નાધિક સાધુની આગળ ચાલે તો તેને આશાતના દોષ લાગે છે.

૨ – નવદીક્ષિત, રત્નાધિક સાધુની સમકક્ષ (સમ શ્રેણી–બરાબરી)માં ચાલે તો તેને આશાતનાદોષ લાગે છે.

૩ – નવદીક્ષિત, રત્નાધિક સાધુની આસન્ન (અત્યંત નજદીક) થઈને ચાલે તો તેને આશાતના દોષ લાગે છે.

૪ – નવદીક્ષિત, રત્નાધિક સાધુની આગળ ઊભો રહે તો તેને આશાતના દોષ લાગે છે.

૫ – નવદીક્ષિત, રત્નાધિક સાધુની સમકક્ષ ઊભો રહે તો તેને આશાતના દોષ લાગે છે.

૬ – નવદીક્ષિત, રત્નાધિક સાધુની નજીક ઊભો રહે તો તેને આશાતના દોષ લાગે છે.

૭ – નવદીક્ષિત, રત્નાધિક સાધુની આગળ બેસે તો તેને આશાતના દોષ લાગે છે.

૮ – નવદીક્ષિત, રત્નાધિક સાધુની સમકક્ષ (સરખા ઊંચા આસને) બેસે તો તેને આશાતના દોષ લાગે છે.

૯ – નવદીક્ષિત, રત્નાધિક સાધુની નજીક બેસે તો તેને આશાતના દોષ લાગે છે.

૧૦ – નવદીક્ષિત, રત્નાધિક સાધુની સાથે બહાર (મલોત્સર્ગ માટે) ગયો હોય ત્યારે (કારણવશાત્ બન્ને એક જ પાત્રમાં પાણી લઈ ગયા હોય એવી દશામાં) જો નવદીક્ષિત રત્નાધિકથી પહેલાં આચમન (શૌચશુદ્ધિ) કરે તો આશાતના દોષ લાગે છે.

૧૧ – નવદીક્ષિત, રત્નાધિક સાધુની સાથે બહાર વિચારભૂમિ અથવા વિહારભૂમિ (સ્વાધ્યાયસ્થાન) પર જાય અને ત્યાં નવદીક્ષિત, રત્નાધિક સાધુની પહેલાં આલોચના કરે તો તેને આશાતના દોષ લાગે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१२. केइ रायणियस्स पुव्व-संलवित्तए सिया, तं सेहे पुव्वतरागं आलवइ, पच्छा रायणिए, भवइ आसायणा सेहस्स।

१२ – કોઈ વ્યક્તિ રત્નાધિક સાધુની પાસે વાર્તાલાપ માટે આવે અને જો નવદીક્ષિત તેની સામે પહેલાં જ વાર્તાલાપ કરવા લાગે તો તેને આશાતના દોષ લાગે છે.

१३. सेहे रायणियस्स राओ वा वियाले वा बाहरमाणस्स—"अज्जो! के सुत्ता? के जागरा?" तत्थ सेहे जागरमाणे रायणियस्स अपडिसुणेत्ता, भवइ आसायणा सेहस्स।

१३ – રાત્રિમાં અથવા વિકાળ (સંધ્યા સમય)માં રત્નાધિક સાધુ નવદીક્ષિતને સંબોધન કરીને કહે (પૂછે) – 'હે આર્ય! કોણ કોણ સૂઈ રહ્યા છે અને કોણ કોણ જાગી રહ્યાં છે?' એ સમયે જાગતો હોવા છતાં નવદીક્ષિત જો રત્નાધિક સાધુનાં વચનોને જાણે સાંભળ્યું નથી તેમ કરીને ઉત્તર ન આપે તો તેને આશાતના દોષ લાગે છે.

१४. सेहे असणं वा, पाणं वा, खाइमं वा, साइमं वा, पडिग्गाहित्ता तं पुव्वमेव सेहतरागस्स आलोएइ, पच्छा, रायणियस्स, भवइ आसायणा सेहस्स।

१४ – નવદીક્ષિત, જો અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આહાર (ગૃહસ્થના ઘરેથી) લાવી એની આલોચના કોઈ નવદીક્ષિતની પાસે પહેલાં કરે અને પછી રત્નાધિક સાધુની પાસે કરે તો તેને આશાતના દોષ લાગે છે.

१५. सेहे असणं वा, पाणं वा, खाइमं वा, साइमं वा पडिग्गाहित्ता तं पुव्वमेव सेहतरागस्स उवदंसेइ, पच्छा रायणियस्स, भवइ आसायणा सेहस्स।

१५ – નવદીક્ષિત, જો અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આહાર (ગૃહસ્થના ઘરેથી) લાવી પહેલાં કોઈ અન્ય નવદીક્ષિતને બતાવે અને પછી રત્નાધિક સાધુને બતાવે તો તેને આશાતના દોષ લાગે છે.

१६. सेहे असणं वा, पाणं वा, खाइमं वा, साइमं वा, पडिग्गाहित्ता तं पुव्वमेव सेहतरागं उवणिमंतेइ, पच्छा रायणिए, भवइ आसायणा सेहस्स।

१६ – નવદીક્ષિત, જો અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આહારને ઉપાશ્રયમાં લાવી પહેલાં અન્ય નવદીક્ષિતને (ભોજનાર્થ) આમંત્રિત કરે અને પછી રત્નાધિક સાધુને આમંત્રિત કરે તો તેને આશાતના દોષ લાગે છે.

१७. सेहे रायणिएणं सद्धिं असणं वा, पाणं वा, खाइमं वा, साइमं वा पडिग्गाहित्ता तं रायणियं अणापुच्छित्ता जस्स जस्स इच्छइ तस्स तस्स खद्धं खद्धं तं दलयति, भवइ आसायणा सेहस्स।

१७ – નવદીક્ષિત, જો રત્નાધિક સાધુની સાથે અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આહાર (ઉપાશ્રયમાં) લાવી રત્નાધિક સાધુને પૂછ્યા વિના તેઓ (રત્નાધિક સાધુ) જે જે સાધુને આપવા ઇચ્છે છે તે તે સાધુને જલ્દી જલ્દી અધિક માત્રામાં આપે તો તેને આશાતના દોષ લાગે છે.

१८. सेहे असणं वा, पाणं वा, खाइमं वा, साइमं वा पडिग्गाहित्ता रायणिएणं सद्धिं आहारेमाणे तत्थ सेहे—खद्धं-खद्धं डागं-डागं उसढं-उसढं रसियं-रसियं मणुन्नं-मणुन्नं मणामं-मणामं निद्धं-निद्धं लुक्खं-लुक्खं आहारित्ता, भवइ आसायणा सेहस्स।

१८ – નવદીક્ષિત, અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આહાર લાવી રત્નાધિક સાધુની સાથે આહાર કરતાં જો ત્યાં તે (નવદીક્ષિત) પ્રચુર માત્રામાં વિવિધ પ્રકારનાં શાક, શ્રેષ્ઠ તાજાં, રસદાર (ખીર, રબડી, હલવો તેમજ સ્નિગ્ધ અને રુક્ષ ફરસાણ પાપડ આદિનો) આહાર કરે તો તેને આશાતના દોષ લાગે છે.

१९. सेहे रायणियस्स बाहरमाणस्स अपडिसुणित्ता, भवइ आसायणा सेहस्स।

१९ – રત્નાધિક સાધુના બોલાવ્યાથી જો નવદીક્ષિત રત્નાધિક સાધુની વાત સાંભળે નહિ (જાણે નથી સાંભળ્યું કરી ચૂપ રહી જાય) તો તેને આશાતના દોષ લાગે છે.

२०. सेहे रायणियस्स बाहरमाणस्स तत्थगए चेव पडिसुणित्ता, भवइ आसायणा सेहस्स।

२० – રત્નાધિક સાધુના બોલાવવાથી જો નવદીક્ષિત પોતાના સ્થાન પર બેઠાં બેઠાં તેમની વાતને સાંભળે અને તેમની સન્મુખ ઉપસ્થિત ન થાય તો તેને આશાતના દોષ લાગે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२१. सेहे रायणियं "किं" त्ति वत्ता, भवइ आसायणा सेहस्स ।

२१ – રત્નાધિક સાધુના બોલાવવાથી જો નવદીક્ષિત "શું કહો છો ?" એમ કહે તો તેને આશાતના દોષ લાગે છે.

२२. सेहे रायणियं "तुमं" त्ति वत्ता, भवइ आसायणा सेहस्स ।

२२ – નવદીક્ષિત, રત્નાધિક સાધુને 'તું' અથવા 'તને' કહે તો તેને આશાતના દોષ લાગે છે.

२३. सेहे रायणियं खद्धं खद्धं वत्ता, भवइ आसायणा सेहस्स ।

२३ – નવદીક્ષિત, રત્નાધિક સાધુની સન્મુખ નિરર્થક પ્રલાપ કરે તો તેને આશાતના દોષ લાગે છે.

२४. सेहे रायणियं तज्जाएणं तज्जाएणं पडिहणित्ता, भवइ आसायणा सेहस्स ।

२४ – નવદીક્ષિત, રત્નાધિક સાધુ સાથે એમનાં જ કહેલાં વચનોથી પ્રતિભાષણ કરે તો તેને આશાતના દોષ લાગે છે.

२५. सेहे रायणियस्स कहं कहेमाणस्स "इति एवं" वत्ता भवइ आसायणा सेहस्स ।

२५ – નવદીક્ષિત, રત્નાધિક સાધુ કથા કહેતા હોય એ સમયે કહે કે "આ આમ કહો" તો તેને આશાતના દોષ લાગે છે.

२६. सेहे रायणियस्स कहं कहेमाणस्स "नो सुमरसी" त्ति वत्ता, भवइ आसायणा सेहस्स ।

२६ – નવદીક્ષિત, રત્નાધિક સાધુ કથા કહેતા હોય ત્યારે "આપ ભૂલો છો," "આપને સ્મરણ નથી." એમ કહે તો તેને આશાતના દોષ લાગે છે.

२७. सेहे रायणियस्स कहं कहेमाणस्स णो सुमणसे, भवइ आसायणा सेहस्स ।

२७ – નવદીક્ષિત, રત્નાધિક સાધુ કથા કહેતા હોય અને જો પ્રસન્ન ન રહે (દુર્ભાવ પ્રગટ કરે) તો તેને આશાતના દોષ લાગે છે.

२८. सेहे रायणियस्स कहं कहेमाणस्स परिसं भेत्ता, भवइ आसायणा सेहस्स ।

२८ – નવદીક્ષિત, રત્નાધિક સાધુ કથા કહેતા હોય ત્યારે (કોઈ પણ બહાને) પરિષદનું વિસર્જન કરવાનો આગ્રહ કરે તો તેને આશાતના દોષ લાગે છે.

२९. सेहे रायणियस्स कहं कहेमाणस्स कहं आच्छिंदित्ता, भवइ आसायणा सेहस्स ।

२९ – નવદીક્ષિત, રત્નાધિક સાધુ કથા કહેતા હોય અને જો કથામાં વાંધો ઉપસ્થિત કરે તો આશાતના દોષ લાગે છે.

३०. सेहे रायणियस्स कहं कहेमाणस्स तीसे परिसाए, अणुट्ठियाए अभिन्नाए अवुच्छिन्नाए अव्वोगडाए दोच्चंपि तच्चंपि तमेव कहं कहित्ता, भवइ आसायणा सेहस्स ।

३० – નવદીક્ષિત, રત્નાધિક સાધુએ જે કથા કીધી હોય અને પરિષદ (સભા) વિખરાયા વિના રત્નાધિક સાધુ ત્યાં વિદ્યમાન હોવા છતાં પણ જો એ જ કથા બીજી-ત્રીજી વાર પણ કહે તો તેને આશાતના દોષ લાગે છે.

३१. सेहे रायणियस्स सिज्जा-संथारगं पाएणं संघट्टित्ता हत्थेण अणुण्णवित्ता गच्छइ, भवइ आसायणा सेहस्स ।

३१ – નવદીક્ષિત, જો રત્નાધિક સાધુના શય્યા-સંસ્તારકને પગથી સ્પર્શ થવાથી હાથ જોડીને ક્ષમાયાચના કર્યા વિના ચાલ્યો જાય તો તેને આશાતના દોષ લાગે છે.

३२. सेहे रायणियस्स सिज्जा-संथारए चिट्ठित्ता वा, निसीइत्ता वा, तुयट्टित्ता वा, भवइ आसायणा सेहस्स ।

३२ – નવદીક્ષિત, રત્નાધિક સાધુના શય્યા-સંસ્તારક પર ઊભો રહે, બેસે અથવા સૂઈ જાય તો તેને આશાતના દોષ લાગે છે.

३३. सेहे रायणियस्स उच्चासणंसि वा समासणंसि वा चिट्ठित्ता वा, निसीइत्ता वा, तुयट्टित्ता वा, भवइ आसायणा सेहस्स ।

३३ – નવદીક્ષિત, જો રત્નાધિક સાધુથી ઊંચા અથવા સમાન આસન પર ઊભો રહે અથવા સૂઈ જાય તો તેને આશાતના દોષ લાગે છે.

थेरेहिं भगवंतेहिं तेत्तीसं आसायणाओ पण्णत्ताओ ।[1]— त्ति बेमि । —दसा. द. ३, सु. १–३

સ્થવિર ભગવન્તોએ નિશ્ચયથી આ પૂર્વોક્ત તેત્રીસ આશાતનાઓ કહી છે.

१ सम. सम. ३३, सु. १ ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अहवा तेत्तीसं आसायणाओ—
२०२. १. अरिहंताणं आसायणाए,

અન્ય પ્રકારે તેત્રીસ આશાતના —
૨૦૨ -૧ - અરિહન્તોની આશાતના - વર્તમાનમાં અહીં અરિહન્ત ક્યાં છે ? નથી. તો પછી આશાતના કેવી ? [આવો વિકલ્પ કરવો.]

૨. સિદ્ધાણં આસાયણાએ,

૨ - સિદ્ધોની આશાતના – સિદ્ધોને શરીર નથી. પછી સુખનો ઉપભોગ કેવી રીતે કરશે ? તેઓ તો નિષ્ક્રિય છે, તો પછી એમનું જ્ઞાન સક્રિય કેવી રીતે ? [ઇત્યાદિ વિકલ્પ કરવા]

૩. આયરિયાણં આસાયણાએ,

૩ - આચાર્યોની આશાતના - આ તો નાની ઉંમરના છે, આ તો કુલીન નથી, આ તો સ્વયં વૈયાવૃત્ય કરવા માટે સૌને પ્રેરણા આપે છે. [ઇત્યાદિ વિકલ્પ કરવા.]

૪. उवज्झायाणं आसायणाए,

૪ – ઉપાધ્યાયોની આશાતના – આચાર્યોની આશાતના જેમ જ જાણવું.

૫. साहूणं आसायणाए,

૫ – સાધુઓની આશાતના - એ મેલાં વસ્ત્રો રાખે છે, એ કઠોર તપ કરીને આત્મઘાત કરે છે, એમની જાતિ, કુળ વગેરેનો કંઈ જ ખ્યાલ નથી, કેશ-લોચન જેવાં અજ્ઞાન કષ્ટ સહન કરી પોતાની મોટાઈ બતાવે છે. [ઇત્યાદિ વિકલ્પ કરવા.]

૬. साहुणीणं आसायणाए,

૬ – સાધ્વીઓની આશાતના – એ હંમેશાં અપ-વિત્ર રહે છે, કલહ કરનાર છે, અત્યધિક પરિગ્રહ રાખે છે. [ઇત્યાદિ વિકલ્પ કરવા.]

૭. सावयाणं आसायणाए,

૭ – શ્રાવકોની આશાતના – આ હંમેશાં મિથ્યા-ભાષણ કરીને 'મિચ્છામિ દુક્કડં' કરતા રહે છે. આ તો માયાચારી છે, આ જન-ધનમાં મમત્વ રાખી મુક્તિની કામના કરે છે, આ સંતાન અને સંપત્તિની કામનાથી દાન પુણ્ય કરે છે. [ઇત્યાદિ વિકલ્પ કરવા.]

૮. सावियाणं आसायणाए,

૮ – શ્રાવિકાઓની આશાતના – આ બાલ-બચ્ચાં-ઓમાં મોહ રાખે છે, રાત-દિવસ આરંભ પરિ-ગ્રહમાં લીન રહે છે, આનામાં ઈર્ષ્યાની આગ બળી રહી છે, ઇત્યાદિ વાતો કહીને અવહેલના કરવી.

૯. देवाणं आसायणाए,

૯ – દેવતાઓની આશાતના – દેવતાઓની નિંદા કરવી અથવા દેવતાઓનું અસ્તિત્વ જ ન માનવું. પુનર્જન્મમાં પણ ન માનવું.

૧૦. देवीणं आसायणाए,

૧૦ – દેવીઓની આશાતના – દેવતાઓની આશા-તનાની જેમ જ જાણવું.

૧૧. इहलोगस्स आसायणाए, परलोगस्स आसायणाए,

૧૧ – આ લોક અને પરલોકની આશાતના-આ લોક અને પરલોકની અસ્તિત્વને અસત્ય માનવી, પુન-ર્જન્મમાં ન માનવું, નરક આદિ ચાર ગતિઓ ન માનવી.

૧૨. केवलीणं आसायणाए,

૧૨ – કેવળીની આશાતના – કેવળીનો અવર્ણવાદ (નિંદા) કરવો.

૧૩. केवलीपन्नत्तस्स धम्मस्स आसायणाए,

૧૩ – કેવળી-પ્રજ્ઞપ્ત ધર્મની આશાતના – ધર્મના માહાત્મ્યને ન માનવું. સર્વજ્ઞ કથિત સિદ્ધાંતોનો ઉપહાસ કરવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१४. सदेव-मणुआ-सुरस्स लोगस्स आसायणाए,

૧૪ – દેવોની આશાતના – દેવાદિ સહિત લોકના સંબંધમાં મિથ્યા પ્રરૂપણા કરવી, લોક સંબંધી પૌરાણિક ધારણાઓ પર વિશ્વાસ કરવો, લોકની ઉત્પત્તિ, સ્થિતિ તથા પ્રલય સંબંધી ભ્રાંત ધારણાઓનો પ્રચાર કરવો.

१५. सव्वपाण-भूय-जीव-सत्ताण आसायणाए,

૧૫ – પ્રાણ-ભૂત-જીવ અને સત્ત્વોની આશાતના – આત્માનું અસ્તિત્વ ન સ્વીકારવું અથવા ક્ષણિક માનવું, પૃથ્વી આદિને નિર્જીવ માનવાં.

१६. कालस्स आसायणाए,

૧૬ – કાળની આશાતના – "કાલે કાલ સમાયરે" ના સિદ્ધાંતનો સ્વીકાર ન કરવો અથવા એ સિદ્ધાંતનો ઉપહાસ કરવો.

१७. सुयस्स आसायणाए,

૧૭ – શ્રુતની આશાતના – શ્રુતની પ્રાકૃત ભાષા સામાન્ય જનોની ભાષા છે, શ્રુતમાં પરસ્પર વિરોધ છે. ઇત્યાદિ વિકલ્પ કરવા.

१८. सुयदेवयाए आसायणाए,

૧૮ – શ્રુત-દેવતાની આશાતના – શ્રુતની અધિષ્ઠાત્રી દેવીને અકિંચિત્કર (કંઈ કરી શકવા અસમર્થ) માનવી.

१९. वायणायरियस्स आसायणाए,

૧૯ – વાચનાચાર્યની આશાતના – ઉપાધ્યાયની આજ્ઞાથી શિષ્યોને શ્રુતનો ઉદ્દેશ આદિ કરાવનારને વાચનાચાર્ય કહે છે. તેની અવજ્ઞા કરવી.

चउद्दस णाण आसायणाओ—

[જ્ઞાનની ચૌદ આશાતના]

२०. जं वाइद्धं,

૨૦ – વ્યાવિદ્ધ – આગમ વાંચતાં વાંચતાં પદોને આગળ પાછળ કરીને બોલવાં.

२१. वच्चामेलियं,

૨૧ – વ્યત્યામેડિત – શૂન્યચિત્તથી શાસ્ત્રોના પાઠોનું પારાયણ કરવું અથવા અન્ય સૂત્રનો પાઠ અન્ય સૂત્રમાં ભેળવવો.

२२. हीणक्खरं,

૨૨ – હીનાક્ષર – અક્ષર છોડીને સ્વાધ્યાય કરવો.

२३. अच्चक्खरं,

૨૩ – અધિકાક્ષર – આગમપાઠમાં અધિક અક્ષર બોલવા.

२४. पयहीणं,

૨૪ – પદહીન – આગમપાઠમાંથી પદ છોડીને પાઠ કરવો.

२५. विणयहीणं,

૨૫ – વિનયહીન – શાસ્ત્ર ભણાવનારનો અવિનય કરવો.

२६. जोगहीणं,

૨૬ – યોગહીન – મન-વચન-કાયાના યોગની ચંચળતા રાખવી.

२७. घोसहीणं,

૨૭ – ઘોષહીન – ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિતનો યથાર્થ ઉચ્ચાર ન કરવો.

२८. सुट्ठुदिन्नं,

૨૮ – સુષ્ઠુદત્ત – શિષ્યને તેની યોગ્યતા કરતાં વધારે ભણાવવું.

२९. दुट्ठुपडिच्छियं,

૨૯ – દુષ્ઠુપ્રતિચ્છિત – શ્રુત (જ્ઞાન) ને દુર્ભાવથી ગ્રહણ કરવું.

३०. अकाले कओ सज्झाओ,

૩૦ – અકાળમાં સ્વાધ્યાય કરવો – કાલિક શ્રુતને અકાળમાં ભણવું અને ઉત્કાલિક શ્રુતને અસ્વાધ્યાય કાળમાં ભણવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३१. काले न कओ सज्झाओ,

३२. असज्झाइए सज्झाइयं,

३३. सज्झाइए न सज्झाइयं,

—आव. अ ४, सु. २६

३१ – કાળમાં સ્વાધ્યાય ન કરવો – કાલિક અને ઉત્કાલિક આગમોને નિશ્ચિત સ્વાધ્યાય કાળમાં ન વાંચવાં.

३२ – અસ્વાધ્યાય કાળમાં સ્વાધ્યાય કરવો – બત્રીસ અસ્વાધ્યાય કાળોમાં સ્વાધ્યાય કરવો.

३३ – સ્વાધ્યાય કાળમાં સ્વાધ્યાય ન કરવો – જ્યારે બત્રીસ અસ્વાધ્યાય કાળોમાંથી એક પણ અસ્વાધ્યાય કાળ ન હોય છતાં પણ સ્વાધ્યાય ન કરવો.

आसायणा-फल-निरूवण-

२०३. जे यावि मंदे त्ति गुरुं विइत्ता,
डहरे इमे अप्पसुए त्ति नच्चा ।
हीलंति मिच्छं पडिवज्जमाणा,
करेंति आसायण ते गुरूणं ॥

पगईए मंदा वि भवंति एगे,
डहरा वि य जे सुयबुद्धोववेया ।
आयारमंता गुणसुट्ठिअप्पा,
जे हीलिया सिहिरिव भास कुज्जा ॥

जे यावि नागं डहरे ति नच्चा,
आसायए से अहियाय होइ ।
एवायरियं पि हु हीलयन्तो,
नियच्छई जाइपहं खु मंदे ॥

आसीविसो यावि परं सुरुट्ठो,
किं जीवनासाओ परं नु कुज्जा ।
आयरियपाया पुण अप्पसन्ना,
अबोहिआसायण नत्थि मोक्खो ॥

जो पावगं जलियमवक्कमेज्जा,
आसीविसं वा वि हु कोवएज्जा ।
जो वा विसं खायइ जीवियट्ठी,
एसोवमाऽऽसायणया गुरूणं ॥

सिया हु से पावय नो डहेज्जा,
आसीविसो वा कुविओ न भक्खे ।
सिया विसं हालहलं न मारे,
न यावि मोक्खो गुरुहीलणाए ॥

जो पव्वयं सिरसा भेत्तुमिच्छे,
सुत्तं व सीहं पडिबोहएज्जा ।
जो वा दए सत्तिअग्गे पहारं,
एसोवमासायणया गुरूणं ॥

आशातनाना फळनुं निरूपण –

२०३. જે મુનિઓ ગુરુને "આ મંદ (અલ્પપ્રજ્ઞ) છે." "આ અલ્પ વયસ્ક અને અલ્પશ્રુત છે" એવું જાણીને તેમના ઉપદેશને મિથ્યા માની તેની અવહેલના કરે તે ગુરુની આશાતના કરે છે.

કેટલાક મુનિ વયોવૃદ્ધ હોવા છતાં પણ સ્વભાવથી મંદ (અલ્પપ્રજ્ઞ) હોય છે. કેટલાક અલ્પવયસ્ક હોવા છતાં પણ શ્રુત અને બુદ્ધિથી સંપન્ન હોય છે. આચારવાન અને ગુણોમાં સ્થિર આત્માવાળા મુનિઓ ભલે પછી તે મંદ હોય કે પ્રાજ્ઞ એમની અવજ્ઞા થાય તો એવી રીતે સદ્ગુણોને ભસ્મ કરી નાંખે છે, જેવી રીતે અગ્નિ ઇંધણરાશિને.

જેમ કોઈ મૂર્ખ માણસ આ સર્પ નાનો છે એવું જાણીને તેને ક્રોધિત કરે છે તો તેનું સર્પ દ્વારા અહિત થાય છે, તેવી જ રીતે આચાર્યની અવહેલના કરનારો મૂર્ખ ખરેખર સંસારમાં પરિભ્રમણ કરે છે.

આશીવિષ સર્પ જો કદાપિ કુપિત થાય તો "પ્રાણ-નાશથી" અધિક કંઈ કરી શકે નહિ. પરન્તુ જો આશાતના કરવાથી પૂજ્ય આચાર્યદેવ અપ્રસન્ન થઈ જાય તો તેની અપ્રસન્નતાના કારણથી અજ્ઞાનની પ્રાપ્તિ થાય, અજ્ઞાનથી જીવ અનંત સંસારચક્રમાં પરિભ્રમણ કરે તથા મોક્ષની પ્રાપ્તિથી દૂર થાય છે.

જેમ કોઈ જીવન-ઇચ્છુક આત્મા બળતા અગ્નિમાં પ્રવેશ કરે છે, દૃષ્ટિવિષ સર્પને ગુસ્સે કરે છે અથવા વિષ-ભક્ષણ કરે છે તો તે આત્મા કદાપિ બચી શકે નહિ અર્થાત્ મૃત્યુ પામે તેમ સાધકજન ગુરુની આશાતના કરી સંયમ જીવન જીવી શકે નહિ.

સંભવ છે કે અગ્નિ કદાચ બાળે નહિ, આશીવિષ સર્પ ક્રોધિત થવા છતાં પણ દંશ દે નહિ, એ પણ સંભવ છે કે હલાહલ વિષ પણ ન મારે; પરન્તુ ગુરુની અવહેલનાથી મોક્ષ તો અસંભવ જ છે.

જેમ કોઈ પોતાના મસ્તિષ્કથી પર્વત ફોડવાની ઇચ્છા કરે, સૂતેલા સિંહને જગાડે, અને ભાલાની અણી પર પ્રહાર કરે. એ સર્વે ક્રિયાઓ જે પ્રમાણે હાનિકારક છે તે જ પ્રમાણે ગુરુનો તિરસ્કાર કરનારની હાલત ઘણી દુઃખદ હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सिया हु सीसेण गिरिं पि भिंदे,
सिया हु सीहो कुविओ न भक्खे ।
सिया न भिंदेज्ज व सत्तिअग्गं,
न यावि मोक्खो गुरुहीलणाए ॥

आयरियपाया पुण अप्पसन्ना,
अबोहिआसायण नत्थि मोक्खो ।
तम्हा अणाबाहसुहाभिकंखी,
गुरुप्पसायाभिमुहो रमेज्जा ॥
—दस. अ. ९, उ १, गा. २-१०

कदाचित् कोई पोतानी शक्तिथी मस्तिष्क वडे पर्वतने पण फोडे, कदाचित् सिंह कोपायमान थवा छतां पण फाडी न खाय, कदाचित् भालानी अणी पण वींधे नहि. परन्तु गुरुनी अवहेलनाथी मोक्ष तो असंभवित अने ज छे.

आचार्य अप्रसन्न थवाथी शिष्यने बोधिलाभनी प्राप्ति थती नथी. आशातनाथी मोक्ष प्राप्त थतुं नथी. माटे निराबाध (मोक्ष) सुखना अभिलाषुक आत्माओ हरहंमेश गुरुनी प्रसन्नता माटे प्रयत्नशील रहेवुं.

आसायणाए पायच्छित्तं—

२०४. जे भिक्खू आयरिय-उवज्झायाणं सेज्जा-संथारयं पाएणं संघट्टेत्ता हत्थेणं अणणुण्णवेत्ता धारयमाणे गच्छइ गच्छंतं वा साइज्जइ ।
तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहार-ट्ठाणं उग्घाइयं ।
—नि. उ. १६ सु. २८

२०५. जे भिक्खू भिक्खुं अण्णयरीए अच्चासायणाए अच्चासाएइ अच्चासायंतं वा साइज्जइ ।
तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।
—नि.उ. १५, सु. ४

अविणयकरणस्स पायच्छित्तं—

२०६. जे भिक्खू भदंतं आगाढं वयइ वयंतं वा साइज्जइ ।
जे भिक्खू भदंतं फरुसं वयइ वयंतं वा साइज्जइ ।
जे भिक्खू भदंतं आगाढं फरुसं वयइ वयंतं वा साइज्जइ ।

जे भिक्खू भदंतं अण्णयरीए अच्चासायणाए अच्चासाएइ अच्चासायंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहार-ट्ठाणं अणुग्घाइयं । —नि. उ. १०, सु. १-४

आशातनानुं प्रायश्चित्त -

२०४. जे भिक्षु आचार्य, उपाध्यायोनी शय्या संस्तारकने पग अडवा छतां पण हाथ जोडी विनय कर्या विना जतय छे, जवा माटे कहे छे, अने जनारनुं अनुमोदन करे छे.
ते भिक्षु उद्घातिक परिहार स्थान [प्रायश्चित्त]ने पात्र बने छे.

२०५. जे भिक्षु बीजा कोई पण भिक्षुनी कोई पण एक प्रकारनी आशातना करे छे, करावे छे अने करनारनी अनुमोदना करे छे -
ते भिक्षु उद्घातिक चातुर्मासिक परिहार स्थान [प्रायश्चित्त]ने पात्र बने छे.

अविनय करनारनुं प्रायश्चित्त -

२०६. जे भिक्षु आचार्यने अपशब्द कहे छे, कहेवडावे छे, कहेनारनुं अनुमोदन करे छे;
जे भिक्षु आचार्यने कठोर वचन कहे छे, कहेवडावे छे, कहेनारनुं अनुमोदन करे छे;
जे भिक्षु आचार्यने अपशब्द अने कठोर वचन कहे छे, कहेवडावे छे, कहेनारनुं अनुमोदन करे छे;
जे भिक्षु आचार्यनी कोई पण प्रकारनी आशातना करे छे, करावे छे, करनारनुं अनुमोदन करे छे;
- ते भिक्षु अनुद्घातिक चातुर्मासिक परिहार स्थान [प्रायश्चित्त] ने पात्र बने छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तइओ बहुमाण णाणायारो

आयरिय महिमा—

२०७. जहा निसंते तवणच्चिमाली,
पभासई केवलभारहं तु ।
एवायरिओ सुयसीलबुद्धिए,
विरायई सुरमज्झे व इंदो ॥

जहा ससी कोमुइजोगजुत्तो,
नक्खत्ततारागणपरिवुडप्पा ।
खे सोहई विमले अब्भमुक्के,
एवं गणी सोहइ भिक्खुमज्झे ॥
महागरा आयरिया महेसी,
समाहिजोगे सुयसीलबुद्धिए ।
संपाविउकामे अणुत्तराइं,
आराहए तोसए धम्मकामी ॥
—दस.अ.९, उ.१, गा. १४-१६

आयरिय सुस्सूसा फलं—

२०८. सोच्चाण मेहावी सुभासियाइं,
सुस्सूसए आयरियऽप्पमत्तो ।
आराहइत्ताण गुणे अणेगे,
से पावई सिद्धिमणुत्तरं ॥
—दस. अ.९, उ. १, गा. १७

रुक्खभेएण आयरिय भेया—

२०९. (क) तत्तारि रुक्खा पण्णत्ता, तं जहा—
साले णाममेगे सालपरियाए,
साले णाममेगे एरंडपरियाए,
एरण्डे णाममेगे सालपरियाए,
एरण्डे णाममेगे एरण्डपरियाए,
एवामेव चत्तारि आयरिया पण्णत्ता,
तं जहा—
साले णाममेगे सालपरियाए,

साले णाममेगे एरंडपरियाए,

एरण्डे णाममेगे सालपरियाए,

एरण्डे णाममेगे एरण्डपरियाए,

(ख) चत्तारि रुक्खा पण्णत्ता, तं जहा—
साले णाममेगे सालपरिवारे,
साले णाममेगे एरण्डपरिवारे,

तृतीय बहुमान ज्ञानाचार

આચાર્યોનો મહિમા –

૨૦૭. જેમ દિવસે પ્રદીપ્ત થતો સૂર્ય સંપૂર્ણ ભારતને (ભરત-ક્ષેત્ર) પ્રકાશિત કરે છે, એ જ પ્રમાણે શ્રુત, શીલ અને બુદ્ધિસંપન્ન આચાર્ય વિશ્વને પ્રકાશિત કરે છે. અને જે પ્રમાણે દેવતાઓની વચ્ચે ઇન્દ્ર શોભે છે એ જ પ્રમાણે સાધુઓના વચ્ચે આચાર્ય શોભે છે.

જેમ કૌમુદી-ચન્દ્રિકાના યોગથી યુક્ત, નક્ષત્ર અને તારાઓના સમૂહથી પરિવૃત ચંદ્રમા વાદળાંઓથી રહિત નિર્મળ-સ્વચ્છ આકાશમાં શોભા પામે છે, એ જ પ્રમાણે ભિક્ષુઓની મધ્યમાં આચાર્ય શોભે છે.

સર્વોત્કૃષ્ટ જ્ઞાનાદિ રત્નોને પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળો ધર્માભિલાષી સાધુ જ્ઞાનાદિ રત્નોની ખાણ તથા સમાધિયોગ, શ્રુત, શીલ અને બુદ્ધિથી યુક્ત મહર્ષિ આચાર્યોની આરાધના કરે તથા વિનયાદિથી તેઓને પ્રસન્ન કરે.

આચાર્યની સેવાનું ફળ –

૨૦૮. મેધાવી મુનિ ઉપર્યુક્ત સુભાષિત વચનોને સાંભળીને અપ્રમત્ત દશામાં રહે અને આચાર્યની શુશ્રૂષા કરે. આ પ્રમાણે તે અનેક ગુણોની આરાધના કરી અનુત્તર સિદ્ધિને પ્રાપ્ત કરે છે.

વૃક્ષ-ભેદથી આચાર્યના ભેદ –

૨૦૯. વૃક્ષ ચાર પ્રકારનાં કહ્યાં જેમ કે –
સાલ જાતિના હોય અને સાલ-પર્યાયી હોય.
સાલ જાતિના હોય અને એરંડ-પર્યાયી હોય.
એરંડ જાતિના હોય અને સાલ-પર્યાયી હોય.
એરંડ જાતિના હોય અને એરંડ-પર્યાયી હોય.

એ જ પ્રમાણે આચાર્ય ચાર પ્રકારના કહ્યા છે. જેમ કે –

૧ – શ્રેષ્ઠ જાતિ-કુળ-સમુત્પન્ન હોય અને જ્ઞાન-ક્રિયા-યુક્ત પણ હોય,
૨. શ્રેષ્ઠ જાતિ-કુળ-સમુત્પન્ન હોય પણ જ્ઞાન-ક્રિયા-રહિત હોય.
૩ – શ્રેષ્ઠ જાતિ-કુળમાં અનુત્પન્ન હોય અને જ્ઞાન ક્રિયા-યુક્ત હોય,
૪ – શ્રેષ્ઠ જાતિ-કુળમાં અનુત્પન્ન હોય અને જ્ઞાન – ક્રિયા રહિત હોય.

વૃક્ષ ચાર પ્રકારનાં કહ્યાં છે. જેમ કે –
સાલ જાતિના અને સાલ પરિવારવાળા,
સાલ જાતિના અને એરંડ પરિવારવાળા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एरण्डे णाममेगे सालपरिवारे,
एरण्डे णाममेगे एरण्डपरिवारे,
एवामेव चत्तारि आयरिया पण्णत्ता,
तं जहा—
साले णाममेगे सालपरिवारे;

साले णाममेगे एरण्डपरिवारे,

एरण्डे णाममेगे सालपरिवारे,

एरण्डे णाममेगे एरण्डपरिवारे ।

सालदुममज्झयारे, जह साले णाम
होइ दुमराया ।
इय सुन्दर आयरिए, सुन्दरसीसे मुणेयव्वे॥
एरण्डमज्झयारे, जह साल णाम होइ
दुमराया ।
इय सुन्दर आयरिए,
मंगुल सीसे मुणेयव्वे ॥
सालदुममज्झयारे, एरण्डे णाम होइ
दुमराया ।
इय मंगुल आयरिए सुन्दरसीसे मुणीयव्वे ॥
एरण्डमज्झयारे, एरण्डे णाम होइ
दुमराया ।
इय मंगुलआयरिए, मंगुलसीसे मुणेयव्वे ॥
—ठाणं.अ.४, उ.३, सु ३४९

એરંડ જાતિના અને સાલ પરિવારવાળા,
એરંડ જાતિના અને એરંડ પરિવારવાળા.

એ જ પ્રમાણે આચાર્ય ચાર પ્રકારના કહ્યા છે, જેમ કે -

૧ - શ્રેષ્ઠ જાતિ-કુળ સમુત્પન્ન અને શ્રેષ્ઠ ગુણ-સંપન્ન શિષ્ય પરિવારવાળા,
૨ - શ્રેષ્ઠ જાતિ-કુળ-સમુત્પન્ન અને ગુણ-રહિત શિષ્ય પરિવારવાળા,
૩ - શ્રેષ્ઠ જાતિ-કુળમાં અનુત્પન્ન અને શ્રેષ્ઠ ગુણ-સંપન્ન શિષ્ય પરિવારવાળા,
૪ - શ્રેષ્ઠ જાતિ-કુળમાં અનુત્પન્ન અને ગુણ-રહિત શિષ્ય પરિવારવાળા.

૧ - જે પ્રમાણે સાલ વૃક્ષોની વચ્ચે રહેલું એક સાલ વૃક્ષ શોભે છે, એ જ પ્રમાણે ઉત્તમ શિષ્યોની વચ્ચે રહેલા ઉત્તમ આચાર્ય શોભે છે.

૨ - જે પ્રમાણે એરંડ વૃક્ષોની વચ્ચે ઉત્તમ સાલ શોભાયમાન થતો નથી, એ જ પ્રમાણે સુશોભિત આચાર્ય અશોભનીય શિષ્યોથી શોભાયમાન થતા નથી.

૩ - જે પ્રમાણે સાલ વૃક્ષોની વચ્ચે એરંડની સ્થિતિ છે, એવી જ રીતે સુંદર શિષ્ય-સમુદાયથી યુક્ત એવા આચાર્યોની સ્થિતિ છે.

૪ - જે પ્રમાણે એરંડોની વચ્ચે એરંડ રહે છે, એ જ પ્રમાણે, અસુંદર શિષ્યોમાં અસુંદર આચાર્ય રહે છે.

फलभेयेण आयरियभेया—

ફળ ભેદથી આચાર્યના ભેદ -

२१०. चत्तारि फला पण्णत्ता, तं जहा—
१. आमलग—महुरे २. मुद्दिया—महुरे,
३. खीर—महुरे, ४. खंड—महुरे ।

२१०. ચાર પ્રકારનાં ફળ કહ્યાં છે, જેમ કે -
૧ - આંબળાં જેવાં મધુર
૨ - દ્રાક્ષ જેવાં મધુર
૩ - ખીર જેવાં મધુર
૪ - ખાંડ જેવાં મધુર

एवामेव चत्तारि आयरिया पण्णत्ता, तं जहा—

१. आमलगमहुरफलसमाणे,
२. मुद्दियामहुरफलसमाणे,
३. खीरमहुरफलसमाणे,
४. खंडमहुरफलसमाणे ।
ठाणं. ४, उ.३, सु. ३१९ (४३)

એ જ પ્રમાણે આચાર્ય ચાર પ્રકારના કહ્યા છે, જેમ કે -
૧ - આંબળા જેવા મધુર ફળ સમાન,
૨ - દ્રાક્ષ જેવા મધુર ફળ સમાન,
૩ - ખીર જેવા મધુર ફળ સમાન.
૪ - ખાંડ જેવા મધુર ફળ સમાન.

करंडग समाणा आयरिया—

કરંડિયા સમાન આચાર્ય —

२११. चत्तारि करंडगा पण्णत्ता, तं जहा—
१. सोवाग—करंडए, २. वेसिया—करंडए

૨૧૧. ચાર પ્રકારના કરંડિયા કહ્યા છે. જેમ કે -
૧-શ્વપાક-કરંડિયો ૨-વેશ્યા-કરંડિયો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३. गाहावई—करंडए, ४. राय—करंडए,
एवामेव चत्तारि आयरिया पण्णत्ता, तं जहा—

१. सोवागकरंडसमाणे,
२. वेसियाकरंडसमाणे,
३. गाहावइकरंडसमाणे,
४. राजकरंडसमाणे। —ठाणं.अ.४, उ.३, सु ३४८

३-गृहपति-કરંડિયો ४-राज-કરંડિયો
એ જ પ્રમાણે આચાર્ય ચાર પ્રકારના કહ્યા છે. જેમ કે —
૧ - શ્વપાકના કરંડિયા જેવા
૨ - વેશ્યાના કરંડિયા જેવા
૩ - ગૃહપતિના કરંડિયા જેવા
૪ - રાજાના કરંડિયા જેવા

आयरिय-उवज्झायाणं सिद्धि—

२१२. प०—आयरिय उवज्झाएणं भंते! सविसयंसि गणं अगिलाए संगिण्हमाणे, अगिलाए उवगिण्हमाणे कइहिं भवग्गहणेहिं सिज्झइ –जाव–सव्वदुक्खाणमंतं करेइ?

उ०—गोयमा! अत्थेगइए तेणेव भवग्गहणेणं।
अत्थेगइए दोच्चेणं भवग्गहणेणं सिज्झइ।
तच्चं पुण भवग्गहणं णाइक्कमइ॥
—वि.श. ५, उ ६, सु.१९

આચાર્ય-ઉપાધ્યાયની સિદ્ધિ—

૨૧૨. પ્ર. ભન્તે! આચાર્ય અને ઉપાધ્યાય જો પોતાના શિષ્યોને ખેદ રહિત સૂત્રાર્થ અને રત્ન-ત્રયની સાધનામાં સહયોગ આપે તો તેઓ કેટલા ભવ ગ્રહણ કર્યા બાદ સિદ્ધ થાય છે યાવત્ સર્વ દુઃખોનો અંત કરે છે?
ઉ. હે ગૌતમ! કેટલાક તો તે જ ભવમાં સિદ્ધ થાય છે, અને બે ભવગ્રહણ કરીને સિદ્ધ થાય છે. પરંતુ ત્રીજા ભવ ગ્રહણને તે અતિક્રમે નહિ અર્થાત્ ત્રીજા ભવમાં તો સિદ્ધ થાય જ છે.

आयरिय-उवासणा—

२१३. जहाहियग्गी जलणं नमंसे,
नाणाहुईमंतपयाभिसित्तं।
एवायरियं उवचिट्ठएज्जा,
अणंतनाणोवगओ वि संतो॥
—दस. अ. ९, उ. १. गा. ११

આચાર્યની ઉપાસના -

૨૧૩. જેમ અગ્નિહોત્રી બ્રાહ્મણ વિવિધ આહુતિઓ અને મંત્રપદોથી અભિષિક્ત અગ્નિને નમસ્કાર કરે છે, એ જ પ્રમાણે શિષ્ય અનંત જ્ઞાન સંપન્ન હોવા છતાં પણ આચાર્યની વિનયપૂર્વક સેવા કરે છે.

गुरु-पूयणं—

२१४. जस्संतिए धम्मपयाइं सिक्खे,
तस्संतिए वेणइयं पउंजे।
सक्कारए सिरसा पंजलीओ,
कायग्गिरा भो! मणसा य निच्चं॥
लज्जा दया संजम बंभचेरं,
कल्लाणभागिस्स विसोहिठाणं।
जे मे गुरु सययमणुसासयंति,
ते हं गुरु सययं पूययामि॥
—दस. अ. ९, उ. १, गा. १२-१३

ગુરુ-પૂજા —

૨૧૪. જે ગુરુની સમીપમાં શિષ્ય ધર્મશાસ્ત્રોનાં ગૂઢ રહસ્યો શીખ્યો હોય તે ગુરુનો (શિષ્ય) યથાયોગ્ય વિનયભાવ કરે તેમજ માથું નમાવી હાથ જોડી (પંચાંગ વંદન કરી) મન વચન અને કાયાથી ગુરુનો સત્કાર કરે.
કલ્યાણ ઇચ્છનાર સાધુને લજ્જા, દયા, સંયમ અને બ્રહ્મચર્ય એ સર્વે વિશુદ્ધિ એટલે કર્મમલ દૂર કરવાનું સ્થાન છે. જે ગુરુ મને કાયમ હિતશિક્ષા આપે છે. તે ગુરુની હું કાયમ પૂજા કરતો રહું.” (એવો ભાવ શિષ્યે રાખવો જોઈએ.)

तहारूवसमणमाहणाणं पज्जुवासणाफलं—

२१५. प०—१. तहारूवा णं भंते! समणं वा माहणं वा पज्जुवासमाणस्स किं फला पज्जुवासणा?

उ०—गोयमा! सवणफला।
प०—२. से ण भंते! सवणे किं फले?
उ०—णाणफले।

તથારૂપ શ્રમણો કે માહણોની પર્યુપાસનાનું ફળ –

૨૧૫. પ્ર. ૧. ભંતે! તથારૂપ (જેવો વેષ છે તદનુરૂપ ગુણોવાળા) શ્રમણ અને માહણ (હિંસા ન કરનારા)ની પર્યુપાસના કરનાર મનુષ્યોને તેમની પર્યુપાસનાનું શું ફળ છે?
ઉ. ગૌતમ! પર્યુપાસનાનું ફળ શ્રવણ છે.
પ્ર. ૨. ભંતે! શ્રવણનું ફળ શું હોય છે?
ઉ. ગૌતમ! શ્રવણનું ફળ જ્ઞાન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प०—३. से णं भंते ! णाणे किं फले ?
उ०—विण्णाणफले ।
प०—४. से णं भंते ! विण्णाणे किं फले ?
उ०—पच्चक्खाणफले ।
प०—५. से णं भंते ! पच्चक्खाणे किं फले ?
उ०—संजमफले ।
प०—६. से णं भंते ! संजमे किं फले ?
उ०—अणण्हयफले ।
प०—७. से णं भंते ! अणण्हये किं फले ?
उ०—तवफले ।
प०—८. से णं भंते ! तवे किं फले ?
उ०—वोदाण फले ।
प०—९. से णं भंते ! वोदाणं किं फले ?
उ०—अकिरियाफले ।
प०—१०. से णं भंते ! अकिरिया किं फला ?
उ०—सिद्धिपज्जवसाणफला पण्णत्ता गोयमा !

गाहा—
सवणे णाणे य विण्णाणे, पच्चक्खाणे य संजमे ।
अणण्हये तवे चेव, वोदाणे अकिरिया सिद्धि[1] ॥
—वि.स. २, उ.५, सु. २६

प्र. ૩. ભંતે ! જ્ઞાનનું ફળ શું હોય છે ?
ઉ. ગૌતમ ! જ્ઞાનનું ફળ વિજ્ઞાન છે.
પ્ર. ૪. ભંતે ! વિજ્ઞાનનું ફળ શું હોય છે ?
ઉ. ગૌતમ ! વિજ્ઞાનનું ફળ પ્રત્યાખ્યાન છે.
પ્ર. ૫. ભંતે ! પ્રત્યાખ્યાનનું ફળ શું છે?
ઉ. ગૌતમ ! પ્રત્યાખ્યાનનું ફળ સંયમ છે.
પ્ર. ૬. ભંતે ! સંયમનું ફળ શું છે ?
ઉ. ગૌતમ ! સંયમનું ફળ આશ્રવરહિતપણું છે.
પ્ર. ૭. ભંતે ! આશ્રવરહિતપણાનું ફળ શું છે ?
ઉ. ગૌતમ ! આશ્રવરહિતપણાનું ફળ તપ છે.
પ્ર. ૮. ભંતે ! તપનું ફળ શું છે ?
ઉ. ગૌતમ ! તપનું ફળ વ્યવદાન (કર્મનાશ) છે.
પ્ર. ૯. ભંતે ! વ્યવદાનનું ફળ શું છે ?
ઉ. ગૌતમ વ્યવદાનનું ફળ નિષ્ક્રિયપણું છે.
પ્ર. ૧૦. ભંતે ! નિષ્ક્રિયપણાનું ફળ શું છે ?
ઉ. ગૌતમ ! નિષ્ક્રિયપણાનું અંતિમ ફળ સિદ્ધિ છે. [અર્થાત્ અક્રિયતા-અયોગ અવસ્થા પ્રાપ્ત થવાથી અંતમાં સિદ્ધિ-મુક્તિ પ્રાપ્ત થાય છે.]
ગાથા – ૧ – [પર્યુપાસનાનું ફળ] શ્રવણ
૨ – [શ્રવણનું ફળ] જ્ઞાન
૩ – [જ્ઞાનનું ફળ] વિજ્ઞાન
૪ – [વિજ્ઞાનનું ફળ] પ્રત્યાખ્યાન
૫ – [પ્રત્યાખ્યાનનું ફળ] સંયમ
૬ – [સંયમનું ફળ] અનાશ્રવત્વ
૭ – [અનાશ્રવત્વનું ફળ] તપ
૮ – [તપનું ફળ] વ્યવદાન
૯ – [વ્યવદાનનું ફળ] અક્રિયા
૧૦ – [અક્રિયાનું ફળ] સિદ્ધિ છે.

गुरु साहम्मिय सुस्सूसणया फले—
२१६. प०—गुरुसाहम्मियसुस्सूसणयाए णं भंते ! जीवे किं जणयइ ?
उ०—गुरुसाहम्मियसुस्सूसणयाए णं विणय-पडिवत्तिं जणयइ । "विणयपडिवन्ने य णं" जीवे अणच्चासायणसीले नेरइयतिरिक्खजोणियमणुस्सदेवदोग्गईओ निरुम्भई । वण्णसंजलणभत्तिबहुमाणयाए मणुस्स-देवसोग्गईओ निबन्धइ सिद्धिं सोग्गइं च विसोहेइ । पसत्थाइं च णं विणयमूलाइं सव्वकज्जाइं साहेइ । अन्ने य बहवे जीवे विणइत्ता भवइ ।
—उत्त.अ. २९ सु. ६

ગુરુ અને સાધર્મિકની સુશ્રૂષાનું ફળ –
૨૧૬. પ્ર. ભંતે ! ગુરુ અને સાધર્મિકની સુશ્રૂષાથી (પર્યુપાસનાથી) જીવને શું પ્રાપ્ત થાય છે ?
ઉ. ગૌતમ ! ગુરુ અને સાધર્મિકની સુશ્રૂષાથી જીવ વિનય-પ્રતિપત્તિની પ્રાપ્તિ કરે છે. વિનય પ્રતિપન્ન વ્યક્તિ ગુરુનો અવિનય કે પરિવાદ કરનારો હોતો નથી. માટે તે નૈરયિક, તિર્યંચ-યોનિક મનુષ્ય અને દેવ સંબંધી દુર્ગતિનો નિરોધ કરે છે. શ્લાઘા, ગુણ-પ્રકાશન, ભક્તિ અને બહુમાન દ્વારા મનુષ્ય અને દેવ સંબંધી સુગતિનો બંધ કરે છે. અને શ્રેષ્ઠ ગતિ સ્વરૂપ સિદ્ધિને વિશુદ્ધ કરે છે. વિનય-મૂલક બધાં પ્રશસ્ત કાર્યો સિદ્ધ કરે છે. અને બીજા અનેક વ્યક્તિઓને વિનયના પથ પર લઈ જાય છે.

१. ठाणं अ.३, उ.३, सु. १९५

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गुरुकुलवासस्स माहप्पं—

२१७. गंथं विहाय इह सिक्खमाणो,
उट्ठाय सुबंभचेरं वसेज्जा ।
ओवायकारी विणयं सुसिक्खे,
जे छेए विप्पमादं न कुज्जा ॥

जहा दियापोतमपत्तजातं,
सावासगा पविउं मण्णमाणं ।
तमचाइयं तरुणमपत्तजातं,
ढंकादि अव्वत्तगमं हरेज्जा ॥

एवं तु सेहं पि अपुट्ठधम्मं,
निस्सारियं बुसिमं मण्णमाणा ।
दियस्स छावं व अपत्तजातं,
हरिंसु णं पावधम्मा अणेगे ॥

ओसाणमिच्छे मणुए समाहिं,
अणोसिते, णंतकरे ति णच्चा ।
ओभासमाणो दवियस्स वित्तं,
ण णिक्कसे बहिया आसुपण्णे ॥

जे ठाणओ या सयणासणे य,
परक्कमे यावि सुसाधुजुत्ते ।
समितीसु गुत्तीसु य आयपण्णे,
वियागरत्ते य पुढो वदेज्जा ॥

सद्दाणि सोच्चा अदु भेरवाणि,
अणासवे तेसु परिव्वएज्जा ।
निद्दं च भिक्खु न पमाय कुज्जा,
कहंकहं पी वितिगिच्छतिण्णे ॥

डहरेण वुड्ढेणऽणुसासिते ऊ,
रातिणिएणावि समव्वएणं ।
सम्मं तगं थिरतो णाभिगच्छे,
णिज्जंतए वा वि अपारए से ॥

ગુરુકુળવાસનું મહત્ત્વ –

૨૧૭. આ લોકમાં બાહ્ય-આભ્યંતર પરિગ્રહનો ત્યાગ કરી પ્રવ્રજિત થઈ, અધ્યયન અને આચરણરૂપમાં ગુરુ પાસે શાસ્ત્રો શીખતો સાધક સમ્યક્‌રૂપે બ્રહ્મચર્યમાં સ્થિત રહે, આચાર્ય અથવા ગુરુના સાન્નિધ્યમાં તેમની આજ્ઞામાં રહેતો શિષ્ય વિનયનું પ્રશિક્ષણ લે, સંયમમાં કદાપિ પ્રમાદ કરે નહિ.

કોઈ પક્ષીના બચ્ચાને પૂરી પાંખો આવ્યા વિના તે પોતાના માળામાંથી ઊડીને અન્યત્ર જવા ચાહે છે, ત્યારે બાળપક્ષી ઊડવામાં અસમર્થ હોઈ તેને થોડી થોડી પાંખ ફફડાવતું જોઈ ઢંક આદિ માંસ-લોલુપ પક્ષીઓ તેનું હરણ કરી લે છે અને મારી નાંખે છે.

એ જ પ્રમાણે જે હજુ શ્રુત-ચારિત્ર-ધર્મમાં પુષ્ટ-પરિપક્વ નથી એવા નવદીક્ષિત શિષ્યને પોતાના સંઘથી નીકળેલો જોઈ, પોતાના વશમાં આવવા યોગ્ય જાણી, અનેક પાખંડી તીર્થિકો પાંખ વગરના પક્ષીના બચ્ચાની જેમ તેનું હરણ કરે છે (ધર્મભ્રષ્ટ કરે છે).

ગુરુકુળમાં નિવાસ નથી કર્યો એવો સાધક પુરુષ પોતાનાં કર્મોનો અંત કરી શકતો નથી એવું જાણી સાધક ગુરુના સાન્નિધ્યમાં નિવાસ અને સમાધિની ઇચ્છા કરે. મુક્તિગમન યોગ્ય નિષ્કલંક ચારિત્ર સંપન્નપુરુષના આચરણનો સ્વીકાર કરી આશુપ્રજ્ઞ સાધક ગુરુકુળવાસથી બહાર ન નીકળે.

ગુરુકુળવાસી સાધક સ્થાન, શયન, આસન, પરાક્રમ, ગમન-આગમન, તપશ્ચર્યા આદિના વિષયમાં ઉત્તમ સાધુ સમાન આચરણ કરે છે. તથા સમિતિઓ અને ગુપ્તિઓના વિષયમાં અત્યંત પ્રજ્ઞાવાન થાય છે, અને તે સમિતિ-ગુપ્તિ આદિનું યથાર્થ સ્વરૂપ બીજાને પણ બતાવે છે.

ઈર્યાસમિતિ આદિથી યુક્ત સાધુ મધુર અથવા ભયંકર શબ્દોને સાંભળી, તેમાં રાગ-દ્વેષ રહિત થઈ સંયમમાં પ્રગતિ કરે તથા નિદ્રા-પ્રમાદ અને વિકથા-કષાય આદિ પ્રમાદ ન કરે. સાધુને ક્યાંય કોઈ વિષયમાં શંકા થઈ જાય તો તે કોઈ પણ ઉપાયથી (ગુરુ દ્વારા) તેનું નિવારણ કરીને નિઃશંક બની જાય.

ગુરુ-સાન્નિધ્યમાં નિવાસ કરતા સાધુથી કોઈ વિષયમાં પ્રમાદવશ ભૂલ થઈ જાય તો અવસ્થા અથવા દીક્ષામાં સમાન અથવા મોટા સાધુ દ્વારા અનુશાસિત કરવામાં અથવા ભૂલ સુધારવા માટે પ્રેરિત કરવામાં આવે છે. જે સાધક સમ્યક્‌ સ્થિરતાપૂર્વક તેનો સ્વીકાર કરતો નથી તે સંસાર-સમુદ્રને પાર કરી શકતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

विउट्ठितेणं समयाणुसिट्ठे,
डहरेण वुड्ढेण व चोइते तु।
अच्चुट्ठितेणं घडदासिएण वा,
अगारिणं वा समयाणुसिट्ठे ॥

ण तेसु कुज्झे य पव्वहेज्जा,
ण यावि किंचि फरुसं वदेज्जा।
तहा करिस्सं ति पडिस्सुणेज्जा,
सेयं खु मेयं ण पमाद कुज्जा ॥

वणंसि मूढस्स जहा अमूढा,
मग्गाणुसासंति हितं पयाणं।
तेणेव मज्झं इणमेव सेयं,
जं मे बुहाऽसम्मणुसासयंति ॥

अह तेण मूढेण अमूढगस्स,
कायव्व पूया सविसेसजुत्ता।
एतोवमं तत्थ उदाहु वीरे,
अणुगम्म अत्थं उवणेति सम्मं ॥

णेया जहा अंधकारंसि राओ,
मग्गं ण जाणाइ अपस्समाणं।
से सूरियस्स अब्भुग्गमेणं,
मग्गं विजाणाति पगासियंसि ॥
एवं तु सेहे वि अपुट्ठधम्मे,
धम्मं न जाणाति अबुज्झमाणे।
से कोविए जिणवयणेण पच्छा,
सूरोदए पासति चक्खुणेव ॥
—सूय. सु. १, अ.१४, गा.१-१३

साध्वाचारना पालनमां कोई भूल होवाथी परतीर्थिक अथवा गृहस्थ द्वारा अर्हत्प्रणीत आगम अनुसार शिक्षा आपवाथी अथवा अवस्थामां नाना के वृद्ध द्वारा प्रेरित करवाथी એટલું જ નહિ પરંતુ અત્યંત તુચ્છ કર્મ કરવા-વાળી દાસી (ઘડો ભરનારી દાસી) અથવા કોઈ દ્વારા એમ કહેવાથી કે 'આ કાર્ય તો ગૃહસ્થાચારને યોગ્ય પણ નથી, તો સાધુની તો વાત જ શી?'

સાધક ક્રોધ ન કરે. દંડાથી તેને વ્યથા પણ પહોંચાડે નહિ કે તેને પીડાકારી કઠોર શબ્દ કહે નહિ, પરંતુ 'હું ભવિષ્યમાં એમ જ કરીશ.' એ પ્રમાણે (મધ્યસ્થવૃત્તિથી) પ્રતિજ્ઞા કરે. આમાં મારું શ્રેય જ છે એમ સમજીને તે પ્રમાદ કરે નહિ.

જેમ જંગલમાં માર્ગ ભૂલેલા પુરુષને કોઈ માર્ગ જાણનારો પુરુષ હિતકારી માર્ગ બતાવે તે સમયે માર્ગ ભૂલેલો માનવી તેને હિતકારી સમજે છે, તેમ કોઈ અનુભવી પુરુષ સાધુને ઉત્તમ માર્ગની શિક્ષા આપે તો ગુરુકુળમાં વસનાર સાધુ સમજે કે આ મારા કલ્યાણ માટે છે.

જે પ્રમાણે રસ્તો ભૂલેલો માણસ માર્ગ બતાવનારનો ઉપકાર માનીને તેનો વિશેષ આદર-સત્કાર કરે છે, તે પ્રમાણે સાધુ પણ સન્માર્ગ બતાવનારનો ઉપકાર માનીને વિશેષ પ્રકારે સત્કાર કરે અને તેના ઉપદેશને હૃદયમાં ધારણ કરે એવું શ્રી મહાવીર સ્વામીએ કહ્યું છે.

જેમ માર્ગને જાણનાર નેત્ર સહિત હોવા છતાં અંધકારમયી રાત્રિમાં ન જોઈ શકવાના કારણે માર્ગને જાણી શકતો નથી, પરંતુ સૂર્યોદય થતાં પ્રકાશ ફેલાઈ જવાથીતે માર્ગને યથાયોગ્ય જાણે છે;

તેમ ધર્મમાં અનિપુણ શિષ્ય પણ અજ્ઞાનના કારણે ધર્મ જાણતો નથી, પરંતુ જિનવચનોથી વિદ્વાન બની જતાં સૂર્યથી પ્રકાશિત થયેલા પદાર્થોની જેમ ધર્મને જાણી લે છે,

पण्हकरणविही—

પ્રશ્ન પૂછવાની વિધિ —

२१८. कालेण पुच्छे समियं पयासु,
आइक्खमाणो दवियस्स वित्तं।
तं सोयकारी य पुढो पवेसे,
संखा इमं केवलियं समाहिं ॥
अस्सिं सुठिच्चा तिविहेण ताई,
एतेसु या संति निरोहमाहु।
ते एवमक्खंति तिलोगदंसी,
ण भुज्जमेत ति पमायसंगं ॥

૨૧૮. સંયમી આચારવાન આચાર્ય સામે ઉચિત અવસર જોઈને સાધુ સૂત્ર તેમજ અર્થની પૃચ્છા કરે અને આગમનો ઉપદેશ કરનાર આચાર્યનું બહુમાન સન્માન કરે. આચાર્યની આજ્ઞાનુસાર પ્રવૃત્તિ કરતો તે કેવલી પ્રણીત સમાધિને પોતાના હૃદયમાં ધારણ કરે.

ગુરુના ઉપદેશમાં બરાબર સ્થિત સાધુ મન,વચન અને કાયાથી પ્રાણીઓની રક્ષા કરે. કારણ, સમિતિ અને ગુપ્તિના પાલનમાં જ તીર્થંકરોએ શાંતિની પ્રાપ્તિ અને કર્મક્ષય કહેલ છે. તે ત્રિલોક-દર્શી પુરુષનું આ કથન છે કે સાધુએ ફરીથી કદી પણ પ્રમાદનો સંગ કરવો જોઈએ નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

णिसम्म से भिक्खु समीहमट्ठं,
पडिभाणवं होति विसारते या।
आयाणमट्ठी वोदाण मोणं,
उवेच्च सुद्धेण उवेति मोक्खं॥
—सूय.सु.१, अ.१४, गा. १५-१७

ગુરુસેવામાં રહેનાર મુનિ સાધુના આચારને સાંભળીને તથા મોક્ષરૂપી ઇષ્ટ અર્થને જાણીને તત્ત્વમાં કુશળ અને સિદ્ધાંતનો વ્યાખ્યાતા બની જાય છે. પ્રગતિનો ઇચ્છુક તે સાધુ તપ તેમજ સંયમને પ્રાપ્ત કરીને નિર્દોષ આહાર દ્વારા મોક્ષ મેળવે છે.

उत्तरविही—

२१९. संखाय धम्मं च वियागरेंति,
बुद्धा हु ते अंतकरा भवंति।
ते पारगा दोण्ह वि मोयणाए,
संसोधितं पण्हमुदाहरंति॥

नो छादते नो वि य लूसएज्जा,
माणं ण सेवेज्ज पगासणं च।
ण यावि पण्णे परिहास कुज्जा,
ण या सिसाबाद वियागरेज्जा॥

भूताभिसंकाए दुगुञ्छमाणो,
ण णिव्वहे मंतपदेण गोत्तं।
ण किंचि मिच्छे मणुओ पयासु,
असाहुधम्माणि ण संवदेज्जा॥

हासं पि णो संधये पावधम्मं,
ओए तहियं फरुसं वियाणे।
नो तुच्छए नो य विकंथतिज्जा,
अणाइले या अकसाइ भिक्खू॥

संकेज्ज याऽसंकितभाव भिक्खू,
विभज्जवादं च वियागरेज्जा।
भासादुगं धम्म समुट्ठितेहिं,
वियागरेज्जा समया सुपण्णे॥

अणुगच्छमाणे वितहं ऽभिजाणे,
तहा तहा साहु अकक्कसेणं।
ण कत्थती भास विहिंसएज्जा,
निरुद्धगं दा वि न दीहएज्जा॥

उत्तरविधि-

२१९. गुरुकुळमां निवास करनार साधु सम्यक् प्रकारे धर्मने जाणीने तेनी प्ररूपणा करे छे. ते बुद्ध (ज्ञानी) पूर्व संचित कर्मोनो अंत करे छे, पोताने अने बीजाने कर्मपाशथी छोडावी स्वयं संसारथी पार थई जाय छे अने बीजाने पण पार करावे छे. ते मुनि विचारीने प्रश्नोना उत्तरो आपे छे.

प्रश्ननो उत्तर आपतां साधुओ सूत्रना असली अर्थने छुपाववो न जोईओ तेमज शास्त्रथी विपरीत व्याख्या पण न करवी जोईओ, "हुं बहु ज्ञानी छुं" ओवुं अभिमान न करवुं जोईओ तथा पोताना गुणो जाहेर न करवा जोईओ. कारणवश श्रोता तत्त्वने न समजे तो प्राज्ञ तेनी हांसी न करे तेम ज कोईने आशीर्वाद न आपे.

साधु पापनी घृणा करीने प्राणीओना विनाशनी शंकाथी कोईने आशीर्वाद न आपे तथा मंत्रविद्यानो प्रयोग करीने पोताना संयमने निःसार न बनावे तेम ज अन्यजनो पासेथी कोई वस्तुनी इच्छा न करे अने असाधु-धर्मनो उपदेश न आपे.

साधुओ एवो शब्द अथवा एवी शारीरिक चेष्टा न करवी जोईओ के जेनाथी पोतानी अथवा बीजानी हांसी थाय. तेणे पापमय कर्तव्यनो उपदेश पण न आपवो जोईओ. रागद्वेषथी रहित साधु बीजाने दुःख उत्पन्न थाय तेवां सत्य वचननो पण प्रयोग न करे, आदरसन्मान पामीने अभिमान न करे, आत्मप्रशंसा न करे अने लोभादि कषायोथी रहित थईने विचरे.

सूत्र अने अर्थना विषयमां निःशंक होवा छतांय बुद्धिमान साधु गर्व न करे अने स्याद्वादमय—सापेक्ष वचन कहे. सत्य अने व्यवहार आ बे ज भाषाओनो उपयोग करे. धर्मनिष्ठ साधुओनी साथे विचरे अने राजा तथा रंक पर समान भाव राखीने उपदेश करे.

पूर्वोक्त सत्यभाषा अने व्यवहारभाषानो प्रयोग करीने धर्मनी व्याख्या करता साधुना कथनने कोई बुद्धिमान बराबर समजी ले छे अने कोई मंदबुद्धि ऊलटुं समजी ले छे. परंतु ते ऊलटुं समजनार मंदमतिने साधु कोमळ शब्दोथी समजावे पण तिरस्कार न करे. प्रश्न करनारनी भाषा अशुद्ध होय तो तेनी निंदा न करे तथा नानी वातने शब्दोना आडंबरथी विस्तृत न करे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

समालवेज्जा पडिपुण्णभासी,
निसामिया समिया अट्ठदंसी ।
आणाए सुद्धं वयणं भिउंजे,
ऽभिसंधए पावविवेग भिक्खू ॥
सूय. सु.१, अ.१४, गा.१८-२४

व्याख्यान करती वेळाओ जे विषय संक्षेपमां न समजवी शकाय तेने साधु विस्तारपूर्वक समजावे. आचार्य पासेथी सूत्रार्थनुं श्रवण करीने सम्यक् प्रकारथी पदार्थनो ज्ञाता मुनि तीर्थंकर भगवानना आज्ञानुसार निर्दोष वचन बोले, अने पापनो विवेक राखे.

समाहिविहाणं—

२२०. अहाबुइयाइं सुसिक्खएज्जा,
जएज्ज या णातिवेलं वदेज्जा ।
से दिट्ठिमं दिट्ठि ण लूसएज्जा ।
से जाणति भासिउं तं समाहिं ॥

अलूसए णो पच्छण्णभासी,
णो सुत्तमत्थं च करेज्ज ताई ।
सत्थारभत्ती अणुवीति वायं,
सुयं च सम्मं पडिवातएज्जा ॥

से सुद्धसुत्ते उवहाणवं च,
धम्मं च जे विंदति तत्थ तत्थ ।
आदेज्जवक्के कुसले वियत्ते,
से अरिहति भासिउं तं समाहिं ॥
—सूय. सु. १, अ. १४ गा. २५-२७

समाधिनुं विधान-

२२०. साधु जिनेश्वर देवना सत्य सिद्धांतोनो सारी रीते अभ्यास करे अने हमेशां तेमना उपदेश प्रमाणे वचन बोले, मर्यादानुं उल्लंघन करीने वधारे न बोले. ते सम्यग्दृष्टि साधु पोताना सम्यग्दर्शनने दूषित न करे. आवो साधु सर्वज्ञोक्त भावसमाधिने कहेवा माटे योग्य होय छे.

साधु आगमना अर्थने दूषित न करे तथा शास्त्रना अर्थनं छुपाव्या वगर बोले. प्राणीओनी रक्षा करनारा साधु सूत्र अने अर्थने अन्यथा न करे तथा शिक्षा आपनारा गुरुनी भक्तिनुं ध्यान राखीने उपदेश करे अने गुरुना मुखमांथी जेवो अर्थ सांभळ्यो होय तेवी ज प्ररूपणा करे.

जे साधु शुद्ध सूत्रनुं उच्चारण करे छे तथा शास्त्रोक्त उपधानादि तपनुं अनुष्ठान करे छे अने उत्सर्गना स्थान पर उत्सर्ग तेमज अपवादना स्थान पर अपवाद मार्गनी प्ररूपणा करे छे ते ज पुरुष ग्राह्यवाक्य छे. अर्थात् तेनी वात ज मानवा योग्य छे. आ प्रमाणे अर्थ करवामां निपुण तथा वगर विचार्युं काम नहि करनारो पुरुष ज सर्वज्ञोक्त भावसमाधिनुं प्रतिपादन करी शके छे.

सुत्तधरस्स भेया—

२२१. तओ पुरिस जाया पण्णत्ता, तं जहा—
सुत्तधरे, अत्थधरे, तदुभयधरे ।
—ठाणं अ.३, उ.३, सु. १७७

श्रुतधरना प्रकार-

२२१. श्रुतधरना त्रण प्रकार छे :
१-सूत्रधर, २-अर्थधर, ३-तदुभयधर. (सूत्र अने अर्थ बन्नेना धारक)

बहुस्सुयसरूवं—

२२२. जहा संखम्मि पयं, 'निहियं दुहओ वि' विरायइ ।
एवं बहुस्सुए भिक्खू, धम्मो कित्ती
तहा सुयं ॥

जहा से कम्बोयाणं, आइण्णे कन्थए सिया ।
आसे जवेण पवरे, एवं हवइ बहुस्सुए ॥

जहाइण्णसमारूढे, सूरे दढपरक्कमे ।
उभओ नन्दिघोसेणं, एवं हवइ बहुस्सुए ॥

बहुश्रुतनुं स्वरूप-

२२२. जे प्रमाणे शंखमां साचवेलुं दूध, तेना आधार अने गुणो वडे जेवुं अने तेवुं निर्मळ रहे छे, एज प्रमाणे बहुश्रुत भिक्षुमां धर्म, कीर्ति अने श्रुत बने वडे सुशोभित अने निर्मळ रहे छे.

जे प्रमाणे कम्बोज देशमां कन्थक जातिना घोडा जातवान अने गतिमां श्रेष्ठ होय छे, ते ज प्रमाणे भिक्षुओमां बहुश्रुत भिक्षु श्रेष्ठ होय छे.

जे प्रमाणे जातवान अश्वे उपर चढेलो योद्धो, तेनी आजुबाजुमां वागतां विजयवाद्योथी दृढ पराक्रमी बने छे, ते ज प्रमाणे बहुश्रुत पण तेनी आसपास थता मंगळ धर्मघोषथी दृढ पराक्रमी बने छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जहा करेणुपरिकिण्णे, कुंजरे सट्ठिहायणे ।
बलवन्ते अप्पडिहए, एवं हवइ बहुस्सुए ॥

જે પ્રમાણે હાથણીઓથી ઘેરાયેલો સાઠ વર્ષનો બળવાન હાથી કોઈથી પરાજિત થતો નથી એ જ પ્રમાણે બહુશ્રુત સાધુ બીજાથી પરાજિત થતો નથી.

जहा से तिक्खसिंगे, जायखंधे विरायई ।
वसहे जूहाहिवई, एवं हवइ बहुस्सुए ॥

જે પ્રમાણે તીક્ષ્ણ શીંગડાં અને અત્યંત બળવાન કાંધવાળો બળદ સાંઢોના જુથમાં અધિપતિરૂપે સુશોભિત થાય છે, એ જ પ્રમાણે બહુશ્રુત સાધુ આચાર્ય બનીને સુશોભિત થાય છે.

जहा से तिक्खदाढे, उदग्गे दुप्पहंसए ।
सीहे मियाणपवरे, एवं हवइ बहुस्सुए ॥

જે પ્રમાણે તીક્ષ્ણ દાઢવાળો, પૂર્ણ યુવાન અને કોઈનાથી પરાજિત ન થાય તેવો સિંહ વન-પશુઓમાં શ્રેષ્ઠ હોય છે, એ જ પ્રમાણે બહુશ્રુત સાધુ અન્ય તીર્થિકોમાં શ્રેષ્ઠ હોય છે.

जहा से वासुदेवे, संखचक्कगदाधरे ।
अप्पडिहयबले जोहे, एवं हवइ बहुस्सुए ॥

જે પ્રમાણે શંખ, ચક્ર અને ગદાને ધારણ કરનાર વાસુદેવ અપરાજિત બળવાળો યોદ્ધો હોય છે, એ જ પ્રમાણે બહુશ્રુત સાધુ અપરાજિત હોય છે.

जहा से चाउरन्ते, चक्कवट्टी महिड्ढिए ।
चउदसरयणाहिवई, एवं हवइ बहुस्सुए ॥

જે પ્રમાણે મહાન ઋદ્ધિવાળો, ચાતુરંત ચક્રવર્તી ચૌદ રત્નોનો અધિપતિ હોય છે, એ જ પ્રમાણે બહુશ્રુત સાધુ ચૌદ પૂર્વનો સ્વામી હોય છે.

जहा से सहस्सक्खे, वज्जपाणी पुरन्दरे ।
सक्के देवाहिवई, एवं हवइ बहुस्सुए ॥

જે પ્રમાણે સહસ્રચક્ષુ વજ્રપાણિ અને પુરંદર શક્ર દેવોનો અધિપતિ હોય છે, એ જ પ્રમાણે બહુશ્રુત સાધુ દૈવી (શ્રુત) સંપદાનો અધિપતિ હોય છે.

जहा से तिमिरविद्धंसे उत्तिट्ठन्ते दिवायरे ।
जलन्ते इव तेएण, एवं हवइ बहुस्सुए ॥

જે પ્રમાણે અંધકારનો નાશ કરનાર ઊગતો સૂર્ય તેજથી પ્રજ્વલિત લાગે છે, એ જ પ્રમાણે બહુશ્રુત સાધુ તપના તેજથી તેજસ્વી લાગે છે.

जहा से उडुवई चन्दे, नक्खत्तपरिवारिए ।
पडिपुण्णे पुण्णमासीए, एवं हवइ बहुस्सुए ॥

જે પ્રમાણે નક્ષત્ર પરિવારથી ઘેરાયેલો નક્ષત્રપતિ ચંદ્ર પૂર્ણિમાએ પ્રતિપૂર્ણ થાય છે, એ જ પ્રમાણે સાધુઓના પરિવારથી ઘેરાયેલો બહુશ્રુત સાધુ સંપૂર્ણ કળાઓમાં પરિપૂર્ણ હોય છે.

जहा से सामाइयाणं, कोट्ठागारे सुरक्खिए ।
नाणाधन्नपडिपुण्णे, एवं हवइ बहुस्सुए ॥

જે પ્રમાણે સામાજિક કે વેપારીઓનાં કોષ્ઠાગાર સુરક્ષિત અને અનેક પ્રકારના ધાન્યથી પરિપૂર્ણ હોય છે, એ જ પ્રમાણે બહુશ્રુત સાધુ અનેક પ્રકારનાં શ્રુતથી પરિપૂર્ણ હોય છે.

जहा सा दुमाण पवरा, जम्बू नाम सुदंसणा
अणाढियस्स देवस्स, एवं हवइ बहुस्सुए ॥

જે પ્રમાણે 'અનાદૃત' દેવનું 'સુદર્શન' નામનું જમ્બૂ વૃક્ષ સર્વ વૃક્ષોમાં શ્રેષ્ઠ હોય છે, એ જ પ્રમાણે બહુશ્રુત સાધુ બધા સાધુઓમાં શ્રેષ્ઠ હોય છે.

जहा सा नईण पवरा, सलिला सागरंगमा ।
सीया नीलवन्तपवहा, एवं हवइ बहुस्सुए ॥

જે પ્રમાણે નીલવાન પર્વતથી નીકળેલી, સમુદ્ર તરફ જતી, જળથી ભરેલી, સીતા નદી બધી નદીઓમાં શ્રેષ્ઠ છે, એ જ પ્રમાણે બહુશ્રુત સાધુ બધા સાધુઓમાં શ્રેષ્ઠ હોય છે.

जहा से नगाण पवरे, सुमहं मन्दरे गिरी ।
नाणोसहिपज्जलिए, एवं हवइ बहुस्सुए ॥

જે પ્રમાણે અનેક પ્રકારની ઔષધિઓથી દેદીપ્યમાન મંદર પર્વત બધા પર્વતોમાં શ્રેષ્ઠ છે. એ જ પ્રમાણે બહુશ્રુત સાધુ બધા સાધુઓમાં શ્રેષ્ઠ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जहा से सयंभूरमणे, उदही अक्खओदए ।
नाणारयणपडिपुण्णे, एवं हवइ बहुस्सुए ॥

समुद्दगम्भीरसमा दुरासया,
अचक्किया केणइ दुप्पहंसया ।
सुयस्स पुण्णा विउलस्स ताइणो,
खवित्तु कम्मं गइमुत्तमं गया ॥

तम्हा सुयमहिट्ठेज्जा उत्तमट्ठगवेसए ।
जेणप्पाणं परं चेव, सिद्धिं संपाउणेज्जासि ॥
—उत्त. अ. ११, गा. १५-३२

જે પ્રમાણે અક્ષય જળવાળો સ્વયંભૂરમણ સમુદ્ર અનેક પ્રકારનાં રત્નોથી ભરેલો હોય છે. એ જ પ્રમાણે બહુશ્રુત સાધુ અક્ષયજ્ઞાનથી પરિપૂર્ણ હોય છે.

સમુદ્ર સમાન ગંભીર, કષ્ટ રહિત, અવિચલિત, કોઈપણ દ્વારા અપરાજેય, વિપુલ શ્રુત જ્ઞાનથી પૂર્ણ અને રક્ષક બહુશ્રુત મુનિઓ કર્મોનો ક્ષય કરી ઉત્તમ ગતિમાં (મોક્ષમાં) ગયા છે.

માટે ઉત્તમ ગતિ (મોક્ષ)ની ગવેષણા કરનાર મુનિ આગમનો આશ્રય લે જેથી તે સ્વયંને અને બીજા સાધકોને પણ સિદ્ધિ (મોક્ષ)ની પ્રાપ્તિ કરાવી શકે.

अबहुस्सुय सरूवं--

२२३ जे यावि होइ निव्विज्जे, थद्धे लुद्धे अणिग्गहे ।
अभिक्खणं उल्लवई, अविणीए अबहुस्सुए ॥
उत्त. अ. ११, गा. २

અબહુશ્રુતનું સ્વરૂપ-

૨૨૩. જે વિદ્યાહીન છે, વિદ્યાવાન થવા છતાં પણ અભિમાની છે, જે અજિતેન્દ્રિય છે, જે વારંવાર અસંબદ્ધ બોલે છે, જે અવિનીત છે તે અબહુશ્રુત કહેવાય છે.

चउत्थो उवहाणायारो[1]

ચોથો ઉપધાનાચાર

सिक्खारिह—

२२४. वसे गुरुकुले निच्चं, जोगवं उवहाणवं ।
पियंकरे पियंवाई, से सिक्खं लद्धुमरिहई ॥
—उत्त. अ. ११, गा. १४

શિક્ષા-યોગ્ય—

૨૨૪. જે સદા ગુરુકુળમાં વાસ કરે છે, જે સમાધિયુક્ત હોય છે, જે ઉપધાન (શ્રુત-અધ્યયનના સમયે તપ) કરે છે, જે પ્રિય કાર્ય કરે છે, જે પ્રિય બોલે છે - તે જ શિક્ષા પ્રાપ્ત કરી શકે છે.

---

१. (ક) આગમોનાં અધ્યયન-કાળમાં આયંબિલ આદિ તપ કરવું તે ઉપધાનાચાર છે.

(ખ) પ્રત્યેક આગમનાં અધ્યયન કાળમાં કેટલું તપ કરવું તેનું વિસ્તૃત વિવરણ પ્રાપ્ત આગમોમાં નથી પરંતુ 'યોગોદ્વહન વિધિ' વિષયક કેટલાક ગ્રંથોમાં તપની વિધિ છે. ઉપધાન પરિભાષા—

(ગ) उपसमीपेऽधीयते क्रियते सूत्रादिकं येन तपसा तदुपधानम् । (ઘ) उपधीयते उपष्टम्भ्यते श्रुतमनेनेति उपधानम् ।

(ચ) આચારાંગ શ્રુત ૧, અ. ૯ માં उवहाणसुयं (ઉપધાનશ્રુત) નામનું અધ્યયન છે. આ અધ્યયનમાં ભગવાન મહાવીરની તપોમય સાધનાનું વર્ણન છે. (છ) સૂત્રકૃતાંગમાં શ્રુત ૧, અ. ૧૧, ગા. ૩૫ માં 'उपधानवीर्य' શ્રમણનું વિશેષણ છે.

(જ) સ્થાનાંગ અ. ૨, ઉ. ૩, સૂ-૮૪ માં 'ઉપધાન-પ્રતિમા'નો ઉલ્લેખ છે. उपधानं तपस्तत्प्रतिमोपधानप्रतिमा द्वादश भिक्षु प्रतिमा एकादशोपासकप्रतिमाश्चेत्येवरूपेति । (ઝ) સ્થાનાંગ અ ૪. ઉદ્દે. ૧, સૂ. ૨૫૧માં પણ 'ઉપધાન પ્રતિમા'નો ઉલ્લેખ છે.

(ઞ-૧) સ્થાનાંગ અ.૪, ઉ.૧, સૂ. ૨૩૫માં ચાર અંતક્રિયાઓમાં उपधानवान् अनगारनું વિશેષણ છે.

(ટ) સૂત્રકૃતાંગ-શ્રુ. ૧, અ-૨, ઉ ૧, ગા. ૧૫ માં એક સુંદર રૂપક આપેલું છે. જેમ પક્ષી પંખ ફફડાવીને ધૂળ દૂર કરે છે, એ જ પ્રમાણે શ્રમણ ઉપધાન તપથી કર્મરજને દૂર કરે છે.

(ઠ) उपधान-महिमा-जइ खलु मइलं वत्थं, सुज्झइ उदगाएहिं दव्वेहिं । एवं भावुवहाणेण, सुज्झइ कम्ममट्ठविहं ॥
—आचारांग निर्युक्ति, गाथा २८३

(ડ) ઉપધાન તપના સંબંધમાં નિશીથ અને મહાનિશીથમાં અલ્પમાત્રામાં લખેલ છે. પરંતુ તેની પ્રતિઓ અપ્રાપ્ત હોવાના કારણે અહીં લખેલ નથી.

(ઢ) શ્વેતાંબર મૂર્તિપૂજક પરંપરામાં ઉપધાન તપ કરાવવાની પ્રથા પ્રચલિત છે. તે આ તપની આરાધનામાં શ્રાવક, શ્રાવિકાઓને જ વધુ પડતું સ્થાન આપે છે. 'સપ્ત ઉપધાન વિધિ' નામના પુસ્તકમાં સાત પ્રકારનાં ઉપધાનની તપ વિધિ છે. તેની પ્રસ્તાવનામાં સંપાદકમુનિએ લખેલ છે કે— "पूर्वस्मिन्समये उपधानतपोवाहि नामाचारादिग्यवस्था परमोत्कृष्टविधिसम्पन्ना प्रकारान्तरेण निर्धारिता चासीत्, परं देशकालादिकं समालोच्य करुणावरुणालयैराचार्यैः स क्रमो नितरां सुगमो भवेत्तथा पश्चात् परिवर्तितः ।"

(ણ) ઉપધાન તપના સંબંધમાં પ્રાચીન ગ્રંથ 'વિધિપ્રપા' 'આચાર દિનકર' અને 'સમાચારી શતક' આદિમાં બધી જગ્યાએ લખેલ છે. જિજ્ઞાસુએ તે ગ્રંથોનો અભ્યાસ કરવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पंचमो अणिण्हवायारो

असाहुसरूवं—

२२५. अहो य राओ य समुट्ठिएहिं, तहागएहिं पडिलब्भ धम्मं ।
समाहि माघायमजोसयंता, सत्थारमेवं फरुसं वयंति ॥

विसोहयं ते अणुकाहयंते, जे आयभावेण वियागरेज्जा ।
अट्ठाणिए होइ बहुगुणाणं, जे णाणसंकाए मुसं वएज्जा ॥
जे यावि पुट्ठा पलिउंचयंति आयाणमट्ठं खलु वंचयंति ।
असाहुणो ते इह साहुमाणी, मायण्णि एसंति अणंतघातं ॥

—सूय. सु. १, अ. १३, गा. २-४

छट्ठो वंजणणाणायारो[2] सत्तमो अट्ठ-णाणायारो[3] अट्ठमो तदुभयणाणायारो[4]

सुत्तत्थस्स अणिण्हवणं—

२२६. अदूसए[5] णो पच्छन्नभासी, णो सुत्तमत्थं च करेज्ज ताई[6] ।
सत्थारभत्ती अणुवीइ वायं, सुयं च सम्मं पडिवायएज्जा ॥

—सूय. सु. १, अ. १४, गा. २६, (६०५)

પાંચમો અનિન્હવાચાર

અસાધુનું સ્વરૂપ—

૨૨૫. અહર્નિશ ઉત્તમ અનુષ્ઠાનમાં પ્રવૃત તીર્થંકરોની પાસે ધર્મને પામીને પણ સમાધિ માર્ગનું સેવન ન કરવાના કારણે જમાલિ આદિ નિહ્નવ પોતાના પ્રશાસ્તા (ધર્મોપદેશક)ને કઠોર વચન કહે છે.

જે (ગોષ્ઠામાહિલની જેમ)[1] વિશુદ્ધ મોક્ષ માર્ગની પરંપરાગત વ્યાખ્યાથી જુદી વ્યાખ્યા કરે છે, તથા સર્વજ્ઞના જ્ઞાનમાં શંકા હોવાથી મિથ્યા ભાષણ કરે છે તે ઉત્તમ ગુણોનું પાત્ર બની શકતો નથી.

જે કોઈ (સાધક-સાધિકા) પૂછવા છતાં પોતાના ગુરુનું નામ છુપાવે છે, તે મળવા યોગ્ય મોક્ષથી પોતાને વંચિત કરે છે. તે વાસ્તવમાં અસાધુ હોવા છતાં પોતાને સાધુ માને છે. તે માયા (કપટ)થી અનંતવાર દુઃખનું પાત્ર બને છે.

છઠ્ઠો વ્યંજન જ્ઞાનાચાર, સાતમો અર્થ જ્ઞાનાચાર, આઠમો તદુભય જ્ઞાનાચાર —

સૂત્રાર્થને છુપાવવાં નહિ—

૨૨૬. સર્વ પ્રાણીઓના ત્રાતા (રક્ષક) શ્રમણ, આગમના અર્થને છુપાવે નહિ, દૂષિત ન કરે, સૂત્રાર્થનું અન્યથા ઉચ્ચારણ ન કરે તથા શિક્ષા આપનાર ગુરુની ભક્તિનું ધ્યાન રાખતાં પ્રત્યેક વાત વિચારીને કહે અને ગુરુ પાસેથી સૂત્રાર્થની જે પ્રમાણે વ્યાખ્યા સાંભળી છે, તે જ પ્રમાણે પ્રરૂપણા કરે.

---

૧. ભગવાન મહાવીરના શાસનમાં સાત પ્રવચન નિહ્નવ થયા છે. તેઓનું સંક્ષિપ્ત વર્ણન સ્થાનાંગ, અ-૭, સૂત્ર ૫૮૭માં છે.

૨. (ક) જે અર્થને વ્યક્ત કરે તે વ્યંજન છે વ્યંજનોથી સૂત્રની રચના થાય છે. માટે વ્યંજન સૂત્રને કહેવાય છે. वंजणमिति भण्णते सुत्तं । નિશીથચૂર્ણિ પીઠિકા પૃષ્ઠ ૧૨, ગા. ૧૭. સૂત્રનાં અક્ષરોનું શુદ્ધ ઉચ્ચારણ કરવું વ્યંજનાચાર છે.

(ખ) સૂત્રના અશુદ્ધ ઉચ્ચારણથી અર્થભેદ થાય છે. અર્થભેદથી ક્રિયાભેદ અને ક્રિયાભેદથી નિર્જરા થતી નથી. અને નિર્જરા ન થવાથી મોક્ષની પ્રાપ્તિ થતી નથી. માટે સૂત્રોનું શુદ્ધ ઉચ્ચારણ કરવું જરૂરી છે.

(ગ) સૂત્રકૃતાંગ સુ. ૧, અ-૧૪, ગા. ૨૭ માં 'सुद्धसुत्त' સૂત્રનું શુદ્ધ ઉચ્ચારણ 'ભાવસમાધિ' નું કારણ માન્યું છે.

(ઘ) શુદ્ધ ઉચ્ચારણ માટે વ્યાકરણનું જ્ઞાન જરૂરી છે તથા ભાષાસમિતિનો વિવેક જરૂરી છે. માટે એ વિષય સંબંધી વિસ્તૃત વિવેચન ભાષાસમિતિ વિભાગમાં જુઓ.

૩. સૂત્રનો સાચો અર્થ કરવો તે અર્થાચાર છે.

૪. સૂત્ર અને અર્થનું શુદ્ધ ઉચ્ચારણ કરવું અને સમ્યક્ અર્થ સમજવો તે તદુભયાચાર છે.

૫. अदूसए—अपसिद्धान्तव्याख्यायेन सर्वज्ञोक्तमागमं न दूषयेत् ।

૬. ताई—संसारात् त्रायी-त्राणशीलो जन्तुनाम् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

णाणायार-परिसिट्ठं

णाण-आयार-भेएण पुरिसभेया—

२२७. (क) चत्तारि पुरिसजाया पण्णत्ता, तं जहा—
सेयंसे नाममेगे सेयंसे,
सेयंसे नाममेगे पावंसे,
पावंसे नाममेगे सेयंसे,
पावंसे नाममेगे पावंसे।

(ख) चत्तारि पुरिसजाया पण्णत्ता, तं जहा—
सेयंसे नाममेगे सेयंसेत्ति सालिसए,
सेयंसे नाममेगे पावंसेत्ति सालिसए,
पावंसे नाममेगे सेयंसेत्ति सालिसए,
पावंसे नाममेगे पावंसेत्ति सालिसए।

(ग) चत्तारि पुरिसजाया पण्णत्ता, तं जहा—
सेयंसे नाममेगे सेयंसे त्ति मन्नइ,
सेयंसे नाममेगे पावंसे त्ति मन्नइ,
पावंसे नाममेगे सेयंसे त्ति मन्नइ,
पावंसे नाममेगे पावंसे त्ति मन्नइ।

(घ) चत्तारि पुरिसजाया पण्णत्ता, तं जहा—
सेयंसे नाममेगे सेयंसे त्ति सालिसए मन्नइ,
सेयंसे नाममेगे पावंसे त्ति सालिसए मन्नइ,
पावंसे नाममेगे सेयंसे त्ति सालिसए मन्नइ,
पावंसे नाममेगे पावंसे त्ति सालिसए मन्नइ।

—ठाणं अ. ४, उ. ४, सु. ३४४ (३–६)

જ્ઞાનાચાર પરિશિષ્ટ

જ્ઞાન અને આચારભેદથી પુરુષોના પ્રકાર—

૨૨૭. (ક) પુરુષ ચાર પ્રકારના કહ્યા છે, જેમ કે—
૧ – કેટલાક પુરુષ બોધની અપેક્ષાએ શ્રેષ્ઠ છે.
૨ – કેટલાક પુરુષ બોધની અપેક્ષાએ શ્રેષ્ઠ છે પરંતુ આચરણની અપેક્ષાએ પાપી છે.
૩ – કેટલાક પુરુષ બોધની અપેક્ષાએ પાપી છે પરંતુ આચરણની અપેક્ષાએ શ્રેષ્ઠ છે.
૪ – કેટલાક પુરુષ બોધની અપેક્ષાએ પણ પાપી છે અને આચરણની અપેક્ષાએ પણ પાપી છે.

(ખ) પુરુષ ચાર પ્રકારના કહ્યા છે, જેમ કે—
૧ – કેટલાક પુરુષ બોધની અપેક્ષાએ શ્રેષ્ઠ છે અને આચરણની અપેક્ષાએ શ્રેષ્ઠ જેવા છે.
૨ – કેટલાક પુરુષ બોધની અપેક્ષાએ શ્રેષ્ઠ છે પરંતુ આચરણની અપેક્ષાએ પાપી જેવા છે.
૩ – કેટલાક પુરુષ બોધની અપેક્ષાએ પાપી છે પરંતુ આચરણની અપેક્ષાએ શ્રેષ્ઠ જેવા છે.
૪ – કેટલાક પુરુષ બોધની અપેક્ષાએ પાપી છે અને આચરણની અપેક્ષાએ પાપી જેવા છે.

(ગ) ચાર પ્રકારના પુરુષ કહ્યા છે. જેમ કે—
૧ – કેટલાક પુરુષ બોધની અપેક્ષાએ શ્રેષ્ઠ છે અને પોતે પોતાને શ્રેષ્ઠ માને છે.
૨ – કેટલાક પુરુષ બોધની અપેક્ષાએ શ્રેષ્ઠ છે પરંતુ પોતે પોતાને પાપી માને છે.
૩ – કેટલાક પુરુષ બોધની અપેક્ષાએ પાપી છે પરંતુ પોતે પોતાને શ્રેષ્ઠ માને છે.
૪ – કેટલાક પુરુષ બોધની અપેક્ષાએ પાપી છે અને પોતે પોતાને પાપી માને છે.

(ઘ) ચાર પ્રકારના પુરુષ કહ્યા છે. જેમ કે—
૧ – કેટલાક પુરુષ બોધની અપેક્ષાએ શ્રેષ્ઠ છે અને પોતે પોતાને શ્રેષ્ઠ જેવા માને છે.
૨ – કેટલાક પુરુષ બોધની અપેક્ષાએ શ્રેષ્ઠ છે પરંતુ પોતે પોતાને પાપી જેવા માને છે.
૩ – કેટલાક પુરુષ બોધની અપેક્ષાએ પાપી છે પરંતુ પોતે પોતાને શ્રેષ્ઠ જેવા માને છે.
૪ – કેટલાક પુરુષ બોધની અપેક્ષાએ પાપી છે અને પોતે પોતાને પાપી જેવા માને છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

णाणिणो अण्णाणिणो य—

२२८. चत्तारि पुरिसजाया पण्णत्ता, तं जहा—
दुग्गए नाममेगे दुग्गए,
दुग्गए नाममेगे सुग्गए,
सुग्गए नाममेगे दुग्गए,
सुग्गए नाममेगे सुग्गए ।

ठाणं अ. ४ उ. ३, सु ३२७ (२)

ज्ञानी अने अज्ञानी—

२२८. चार प्रकारना पुरुष कह्या छे. जेम के—
એક પુરુષ પહેલાં પણ જ્ઞાનાદિ ગુણમાં અલ્પ છે અને પછીથી પણ જ્ઞાનાદિ ગુણમાં અલ્પ જ રહે છે.
એક પુરુષ પહેલાં જ્ઞાનાદિ ગુણમાં અલ્પ છે અને પછીથી જ્ઞાનાદિ ગુણથી સમ્પન્ન થાય છે.
એક પુરુષ પહેલાં જ્ઞાનાદિ ગુણથી સમ્પન્ન છે અને પછીથી જ્ઞાનાદિ ગુણથી અલ્પ થઈ જાય છે.
એક પુરુષ પહેલાં જ્ઞાનાદિ ગુણથી સમ્પન્ન છે અને પછીથી પણ જ્ઞાનાદિ ગુણથી સમ્પન્ન જ રહે છે.

२२९. चत्तारि पुरिसजाया पण्णत्ता, तं जहा—
तमे नाममेगे तमे,
तमे नाममेगे जोई,
जोई नाममेगे तमे,
जोई नाममेगे जोई ।

—ठाणं अ. ४, उ. ३, सु. ३२७ (७)

२२९. चार प्रकारना पुरुष कह्या छे. जेम के—
એક પુરુષ પહેલાં અજ્ઞાની છે અને પછી પણ અજ્ઞાની છે.
એક પુરુષ પહેલાં અજ્ઞાની છે પરંતુ પછી જ્ઞાની થાય છે.
એક પુરુષ પહેલાં જ્ઞાની છે પરંતુ પછી અજ્ઞાની થાય છે.
એક પુરુષ પહેલાં જ્ઞાની છે અને પછી પણ જ્ઞાની છે.

णाणदंसणुप्पत्ति—अणुप्पत्ति य—

२३०. चत्तारि पुरिसजाया पण्णत्ता, तं जहा—
किससरीरस्स नाममेगस्स णाण-दंसणे समुप्पज्जइ नो दृढसरीरस्स,
दृढसरीरस्स नाममेगस्स णाण-दंसणे समुप्पज्जइ, नो किससरीरस्स,
एगस्स किससरीरस्स वि णाण-दंसणे समुप्पज्जइ, दृढसरीरस्स वि,
एगस्स नो किससरीरस्स णाण-दंसणे समुप्पज्जइ, नो दृढसरीरस्स ।

—ठाण. अ. ४, उ. १, सु. २८३ (३)

જ્ઞાન દર્શનની ઉત્પત્તિ અને અનુત્પત્તિ—

૨૩૦. ચાર પ્રકારના પુરુષ કહ્યા છે. જેમ કે—
કૃશ શરીરવાળા પુરુષોને જ્ઞાન-દર્શન ઉત્પન્ન થાય છે, પરંતુ દૃઢ શરીરવાળાને નહિ.
દૃઢ શરીરવાળા પુરુષોને જ્ઞાન-દર્શન ઉત્પન્ન થાય છે, પરંતુ કૃશ શરીરવાળાને નહિ.
કૃશ અને દૃઢ શરીરવાળા પુરુષોને પણ જ્ઞાન-દર્શન ઉત્પન્ન થાય છે.
કૃશ અને દૃઢ શરીરવાળા પુરુષોને પણ જ્ઞાન-દર્શન ઉત્પન્ન થતાં નથી.

अतिसेस नाणदंसणाणं अणुप्पत्ति कारणाइं—

२३१. चउहिं ठाणेहिं णिग्गंथाण वा णिग्गंथीण वा अस्सिं समयंसि अतिसेसे णाणदंसणे समुप्पज्जिउकामे वि ण समुप्पज्जेज्जा, तं जहा—
१. अभिक्खणं-अभिक्खणं इत्थिकहं भत्तकहं देसकहं रायकहं कहेत्ता भवति ।
२. विवेगेण विउस्सग्गेणं णो सम्ममप्पाणं भावित्ता भवति ।

અતિશયયુક્ત જ્ઞાન-દર્શનની ઉત્પત્તિ ન હોવાનાં કારણ—

૨૩૧. ચાર કારણોથી નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થીઓને આ સમયે અર્થાત્ તત્કાળ અતિશયયુક્ત જ્ઞાન-દર્શન ઉત્પન્ન થતાં થતાં પણ ઉત્પન્ન થતાં નથી. જેમ કે,
૧ – જે નિર્ગ્રન્થ અથવા નિર્ગ્રન્થી વારંવાર સ્ત્રી-કથા, ભક્ત(ભોજન) કથા, દેશકથા, રાજકથા કરે છે.
૨ – જે નિર્ગ્રન્થ અથવા નિર્ગ્રન્થી વિવેક અને વ્યુત્સર્ગ દ્વારા આત્માને સમ્યક્ પ્રકારે ભાવિત કરનાર હોતાં નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३. पुव्वरत्तावरत्तकालसमयंसि णो धम्मजागरियं जागरइत्ता भवति ।

४. फासुयस्स एसणिज्जस्स उंछस्स सामुदाणियस्स णो सम्मंगवेसित्ता भवति ।

इच्चेतेहिं चउहि ठाणेहिं णिग्गंथाण वा णिग्गंथीण वा अस्सिं समयंसि अतिसेसे णाणदंसणे समुप्पज्जिउकामे वि णो समुप्पज्जेज्जा ।

—ठाणं अ. ४, उ.२, सु २८४(१)

३ – જે નિર્ગ્રન્થ અથવા નિર્ગ્રન્થી પૂર્વ રાત્રિ અથવા અપર રાત્રિના સમયે ધર્મજાગરણ કરી જાગૃત થતાં નથી.

૪ – જે નિર્ગ્રન્થ અથવા નિર્ગ્રન્થી, પ્રાસુક, એષણીય ઉંછ અને સામુદાનિક ભિક્ષાની સમ્યક્ પ્રકારે ગવેષણા કરતા નથી.

આ ચાર કારણોથી નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થીઓને તત્કાળ અતિશયયુક્ત જ્ઞાન-દર્શન ઉત્પન્ન થતાં થતાં પણ અટકી જાય છે, ઉત્પન્ન થતાં નથી.

अतिसेस नाणदंसणुप्पत्ति कारणाइं—

२३२. चउहिं ठाणेहिं णिग्गंथाण वा णिग्गंथीण वा अस्सिं समयंसि अतिसेसे णाणदंसणे समुप्पज्जिउकामे समुप्पज्जेज्जा, तं जहा—

१. इत्थिकहं भत्तकहं देसकहं रायकहं णो कहेत्ता भवति ।

२. विवेगेण विउस्सग्गेणं सम्ममप्पाणं भावेत्ता भवति ।

३. पुव्वरत्तावरत्तकालसमयंसि धम्मजागरियं जागरइत्ता भवति ।

४. फासुयस्स एसणिज्जस्स उंछस्स सामुदाणियस्स सम्मं गवेसित्ता भवति ।

इच्चेतेहिं चउहिं ठाणेहिं णिग्गंथाण वा णिग्गंथीण वा अस्सिं समयंसि अतिसेसे णाणदंसणे समुप्पज्जिउकामे समुप्पज्जेज्जा ।

ठाणं.अ.४, उ. २, सु. २८४ (२)

અતિશયયુક્ત જ્ઞાન-દર્શનની ઉત્પત્તિનાં કારણ—

૨૩૨. ચાર કારણોથી નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થીઓને આ સમયે અતિશયયુક્ત જ્ઞાન-દર્શન તત્કાળ ઉત્પન્ન થાય છે. જેમ—

૧ – જે સ્ત્રીકથા, ભક્તકથા, દેશકથા અને રાજકથા કરતા નથી.

૨ – જે વિવેક અને વ્યુત્સર્ગ દ્વારા આત્માને સમ્યક્ પ્રકારે ભાવના કરે છે.

૩ – જે પૂર્વ રાત્રિ અને અપરરાત્રિના સમયે ધર્મધ્યાન કરતાં જાગૃત રહે છે.

૪ – જે પ્રાસુક, એષણીય, ઉંછ અને સામુદાનિક ભિક્ષાની સમ્યક્ પ્રકારથી ગવેષણા કરે છે.

આ ચાર કારણોથી નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થીઓને આ સમયે અતિશય-યુક્ત જ્ઞાન-દર્શન તત્કાળ ઉપન્ન થાય છે.

णाण-दंसणाणं वुड्ढिकरा हाणिकरा य—

२३३. चत्तारि पुरिसजाया पण्णत्ता, तं जहा—

एगेणं नाममेगे वड्ढइ एगेणं हायइ,

एगेणं नाममेगे वड्ढइ दोहिं हायइ,

दोहिं नाममेगे वड्ढई एगेणं हायइ,

एगे दोहिं नाममेगे वड्ढइ दोहिं हायइ ।

— ठाणं. अ. ४, उ.३. सु. ३२७(१-४)

જ્ઞાનદર્શનાદિની વૃદ્ધિ કરનારા અને હાનિ કરનારા—

૨૩૩. ચાર પ્રકારના પુરુષ કહ્યા છે. યથા—

એક પુરુષ જ્ઞાનથી વધે છે, પરંતુ સમ્યક્ દર્શનથી હીન થાય છે.

એક પુરુષ જ્ઞાનથી વધે છે, પરંતુ સમ્યક્દર્શન અને વિનયથી હીન થાય છે.

એક પુરુષ જ્ઞાન અને ચારિત્રથી વધે છે, પરંતુ સમ્યક્ દર્શનથી હીન થાય છે.

એક પુરુષ જ્ઞાન અને ચારિત્રથી વધે છે, પરંતુ સમ્યક્દર્શન અને વિનયથી હીન થાય છે.

[આ ચતુર્ભંગીનો એક વૈકલ્પિક અર્થ આ પ્રમાણે પણ છે–

એક પુરુષ જ્ઞાનથી વધે છે અને રાગથી હીન થાય છે.

એક પુરુષ જ્ઞાનથી વધે છે અને રાગ-દ્વેષથી હીન થાય છે.

એક પુરુષ જ્ઞાન અને સંયમથી વધે છે અને રાગથી હીન થાય છે.

એક પુરુષ જ્ઞાન અને સંયમથી વધે છે અને રાગ-દ્વેષથી હીન થાય છે.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ओहिनाणिस्स खोभगा—

२३४. पंचहिं ठाणेहिं ओहिदंसणे समुप्पज्जिउकामे वि तप्पयढमाए खंभाएज्जा, तं जहा—

१. अप्पभुतं वा पुढविं पासित्ता तप्पढमयाए खंभाएज्जा,

२. कुन्थुरासिभूतं वा पुढविं पासित्ता तप्पढमयाए खंभाएज्जा,

३. महइ महालयं वा महोरगसरीरं पासित्ता तप्पढमयाए खंभाएज्जा,

४. देवं वा महड्ढियं जाव-महेसक्खं पासित्ता तप्पढमयाए खंभाएज्जा,

५. पुरेसु वा पोराणाइं महइ महालयाइं महानिहाणाइं पहीणसामियाइं, पहीणसेउयाइं, पहीणगुत्तागाराइं उच्छिन्नसामियाइं उच्छिन्नसेउयाइं उच्छिन्नगोत्तागाराइं जाइं इमाइं गामागर-णगर-खेड-कव्वड-मडंब - दोणमुह-पट्टणासम-संवाह-सन्निवेसेसु सिंघाडग-तिग-चउक्क-चच्चर-चउम्मुह-महापहपहेसु णगरणिद्धमणेसु सुसाण-सुन्नागार-गिरिकंदर-संति-सेलोवट्ठावण-भवणगिहे सुसन्निक्खित्ताइं चिट्ठन्ति ताइं वा पासित्ता तप्पढमयाए खंभाएज्जा। इच्चेएहिं पंचहिं ठाणेहिं ओहिदंसणे समुप्पज्जिउकामे तप्पढमयाए खंभाएज्जा।

—ठाणं अ.५, उ.१, सु. ३९४(१)

અવધિજ્ઞાનના ક્ષોભકો —

૨૩૪ અવધિજ્ઞાની અવધિજ્ઞાનના પ્રથમ ઉપયોગની પ્રવૃત્તિના સમયે પાંચ કારણોથી ક્ષુબ્ધ - ચલિત થાય છે.

જેમ કે —

૧ - પૃથ્વીને નાની જોઈને અવધિજ્ઞાનના પ્રથમ ઉપયોગના સમયે અવધિજ્ઞાની ચલાયમાન થાય છે.

૨ - કુંથુઓની રાશિ વડે ભરેલી પૃથ્વીને જોઈને અવધિજ્ઞાનના પ્રથમ ઉપયોગ સમયે અવધિજ્ઞાની ચલાયમાન થાય છે.

૩ - મહાન અજગરનું શરીર જોઈને અવધિજ્ઞાનના પ્રથમ ઉપયોગના સમયે અવધિજ્ઞાની ચલાયમાન થાય છે.

૪ - અત્યંત સુખી અને મહાન સુખસંપન્ન દેવોને જોઈને અવધિજ્ઞાનના પ્રથમ ઉપયોગના સમયે અવધિજ્ઞાની ચલાયમાન થાય છે.

૫ - ગામની વસ્તીમાં કે શહેરોમાં તેમજ પર્વતોની ગુફાઓમાં, સ્મશાન જેવાં સ્થાનોમાં જમીનમાં દટાયેલી માલિકી વિનાની ધનસંપત્તિ (ભંડારો) ને જોઈને અવધિજ્ઞાનના પ્રથમ ઉપયોગના સમયે અવધિજ્ઞાની ચલાયમાન થાય છે.

केवलणाण-दंसण अक्खोभगा-

२३५. पंचहिं ठाणेहिं केवलवरनाण-दंसणे समुप्पज्जिउकामे तप्पढमयाए नो खंभाएज्जा, तं जहा—

अप्पभूतं या पुढविं पासित्ता तप्पढमयाए नो खंभाएज्जा,—सेसं तहेव—जाव—भवणगिहेसु सन्निक्खित्ताइं चिट्ठन्ति ताइं वा पासित्ता तप्पढमयाए नो खंभाएज्जा। इच्चेएहिं पंचहिं ठाणेहिं-जाव-नो खंभाएज्जा।

—ठाणं. अ. ५. उ. १, सु. ३९४ (२)

કેવળજ્ઞાન-દર્શનના અક્ષોભક —

उ०—गोयमा ! संवेगे निव्वेए-जाव-मारणंतिय-अहियासणया-एए णं सिद्धि-पज्जवसाण-फला पन्नत्ता समणाउसो।

वि. श.१७, उ.३,सु. २२

उ. हे आयुष्मन् श्रमण गौतम ! संवेग-निर्वेद यावत् मारणान्तिक कष्टमां सहनशीलता, ए बधां पदोनुं अंतिम फळ सिद्धि (मोक्ष) छे.

णिव्वेयफलं—

निर्वेदनुं फळ—

३००. प०—निव्वेएणं भंते ! जिवे किं जणयइ ?

३००. प्र. भंते ! निर्वेदथी (भव-वैराग्यथी) जीवने शुं प्राप्त थाय छे ?

उ०—निव्वेएणं दिव्व-माणुसतेरिच्छिएसु कामभोगेसु निव्वेयं हव्वमागच्छइ। सव्वविसएसु विरज्जइ, सव्वविसएसु विरज्जमाणे आरम्भपरिच्चायं करेइ। आरम्भपरिच्चायं करेमाणे संसारमग्गं वोच्छिन्दइ सिद्धिमग्गे पडिवन्ने य भवइ।

—उत्त. अ. २९. सु. ४

उ. निर्वेदथी जीव देव मनुष्य अने तिर्यंच संबंधी कामभोगोमां जल्दी निर्वेद (खेद) पामे छे. बधा विषयोथी विरक्त थाय छे. बधा विषयोथी विरक्त थई ते आरंभनो परित्याग करे छे. आरंभनो परित्याग करी संसार-मार्गनो विच्छेद करे छे. अने सिद्धिमार्गने प्राप्त करे छे.

सम्मद्दंसणिस्स चउव्विहा सद्दहणा—

सम्यक्त्वीनी चार प्रकारनी श्रद्धा –

३०१. परमत्थसंथवो वा,

३०१. १ – परमार्थ तत्त्वनो वारंवार गुणानुवाद करवो,

---

२. (क) उत्तराध्ययन – अ० २९मां संवेगथी अक्रमया सुधी ७१ प्रश्नोत्तर छे. (मतान्तरथी ७२ अथवा ७३ प्रश्नोत्तर छे.) अने आ ऊपरोक्त प्रश्नोत्तरमां फक्त ५४ पद छे. तेना फळनुं आमां कथन छे ? आ क्रमभेद अने संख्याभेदनुं शुं कारण छे ? आ शोधनो विषय छे. केटलाक विद्वानो आनुं कारण वाचनाभेद बतावे छे. केटलाक विद्वानोनी एवी मान्यता छे के भगवती-सूत्रनां आ प्रश्नोत्तरो उत्तरा. ३, अ. २९ नो संक्षिप्त पाठ छे.

(ख) प्रश्नना अंतमां समणाउसो संबोधन अशुद्ध प्रतीत थाय छे. कारण के 'हे आयुष्यमन् श्रमण !' ए संबोधन गुरु शिष्य माटे करे छे, अहीं तेथी विपरीत छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सुदिट्ठपरमत्थसेवणा वा वि,
वावन्नकुदंसणवज्जणा य,
एए सम्मत्तसद्दहणा ।[1] —उत्त. अ २८, गा. २८

२ – જે મહાપુરુષોએ પરમાર્થને યથાયોગ્ય જોયો છે તેમની સેવા શુશ્રુષા કરવી.
૩ – જે સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયા છે, તથા –
૪ – જે કુદર્શની-મિથ્યાત્વીજનોનો વિશ્વાસ નાશે છે. તેમની સંગતિ ન કરવી.
એ સમ્યક્ત્વ શ્રદ્ધા છે અર્થાત્ ઉપર્યુક્ત ગુણોથી સમ્યક્ત્વની શ્રદ્ધા પ્રગટ થાય છે.

समत्तस्स पंचअइयारा—[2]

३०२. सम्मत्तस्स समणोवासएणं पंच अइयारा इमे जाणियव्वा, न समायरियव्वा तं जहा—

સમ્યક્ત્વના પાંચ અતિચાર —

૩૦૨. સમ્યક્ત્વના પાંચ મુખ્ય અતિચાર જાણવા યોગ્ય છે, પણ આદરવા યોગ્ય નથી.

---

१. સમ્યક્ત્વના સડસઠ ભેદ—

चउ सद्दहण–तिलिंगं, दस–विणय–ति–सुद्धि–पंच–गयदोसं । अट्ठ-पभावण-भूसण, लक्खण-पंचविह-संजुत्तं ॥
छट्ठिवह-जयणागारं, छब्भावणभाविअं च छट्ठाणं । इय सत्तसट्ठि-दंसण-भेअ-विसुद्धं तु सम्मत्तं ॥

આ સડસઠ ભેદ આ પ્રમાણે છે—

સમ્યક્ત્વનાં ત્રણ લિંગ (ચિહ્ન)—

१. सुस्सूसधम्मराओ, २. गुरुदेवाणं जहा समाहिए । ३. वेयावच्चे नियमो, सम्मदिट्ठिस्स लिंगाई ॥

સમ્યક્ત્વના દસ વિનય—

१. अरिहंत, २. सिद्ध, ३. चेइए, ४. सुए, ५. अधम्मे, ६. असाहुवग्गे य ।
७. आयरिय, ८. उवज्झाए, ९. पवयणे, १०. दंसणे विणओ ॥

સમ્યક્ત્વીની ત્રણ શુદ્ધિ—

१. मुत्तूण जिणं, २. मुत्तूण जिणमयं, ३. जिणमयट्ठिए मोत्तुं । संसारकत्तारं, चिंतिज्जंतं जगं सेसं ॥

સમ્યક્ત્વનાં પાંચ દૂષણ—

१. शंका २. कंख, ३. वितिगिच्छा, ४. [illegible], तह ५. संथवो, कुलिंगीसु । सम्मत्तस्सऽइयारा, परिहरिअव्वा पयत्तेणं ॥

સમ્યક્ત્વીની આઠ પ્રભાવના—

१. पावयणी, २. धम्मकही, ३. वाई, ४. नेमित्तिओ, ५. तवस्सी य । ६. विज्जा ७. सिद्धो य ८. कवी अट्ठे व ॥
८. पभावगा भणिया ॥

સમ્યક્ત્વીનાં પાંચ ભૂષણ—

१. जिणसासणे कुसलया, २. पभावगा, ३. तित्थसेवगा, ४. थिरया । ५. भत्ती अगुणा सम्मत्त-दीवया उत्तमा पंच ॥

સમ્યક્ત્વીનાં પાંચ લક્ષણ—

१. उवसम, २. संवेगो वि अ, ३. निव्वेओ तह य होइ, ४. अणुकंपा । ५. अत्थिक्कं च अ एए, सम्मत्ते लक्खणा पंच ॥

સમ્યક્ત્વીની છ પ્રકારની જયણા—

नो अन्नतित्थिए अन्नतित्थिदेवे य तह उदेवाइं । गहिए कुतित्थिएहिं, १. वंदामि न वा, २. नमंसामि ॥
३. नेव अणालत्तो आलवेमि, ४. नो संलवेमि तह तेसिं । देमि न, ५. असणाइं, पेसेमि न गंधं, ६. पुप्फाइं ॥

સમ્યક્ત્વીના છ આગાર—

१. रायाभिओगो व, २. गणाभिओगो ३. बलाभिओगो य, ४. सुराभिओगो ।
५. कंतारवित्ती, ६. गुरुनिग्गहो य, छ छिंडियाउ जिणसासणम्मि ॥

સમ્યક્ત્વીની છ ભાવના—

१. मूलं, २. दारं ३. पइट्ठाणं, ४. आहारो, ५. भायणं, ६. निही । दु छक्कसा वि धम्मस्स, सम्मत्ते परिकित्तिअं ॥

સમ્યક્ત્વીનાં છ સ્થાન—

अत्थि अ णिच्चो कुणई, कयं च सुएई अत्थि णिव्वाणं । अत्थि अ मुक्खोवाओ, छ सम्मत्तस्स ठाणाइं ॥

પ્રવચનસારોદ્ધાર, દ્વાર ૧૪૯, ગા. ૯૪૦-૯૫૫

२. આઠ દર્શનાતિચાર—

१. (क) संका, कंखा, वितिगिच्छा, मूढदिट्ठी, अणुववूहा, अथिरीकरणं, अवच्छल्लं, अप्पभावणया ।

—जीतकल्पचूर्णि, गा. २८

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

संका, कंखा, वितिगिच्छा, परपासंड-पसंसा, पर-पासंडसंथवे। —आव. अ. ६, सु.६५

१. सम्मद्दंसणस्स पढमं "संसयं" अइयारं—

३०३. संसयं परियाणओ संसारे परिण्णाए भवइ, संसयं अपरियाणओ संसारे अपरिण्णाए भवइ।

—आ.सु. १, अ.५, उ.१, सु. १४९

१. સમ્યગ્દર્શનનો પ્રથમ 'સંશય' અતિચાર –

૩૦૩. જે સંશયને જાણે છે, તે સંસારના સ્વરૂપને પણ જાણે છે. જે સંશયને નથી જાણતો તે સંસારના સ્વરૂપને પણ નથી જાણતો.

२. सम्मद्दंसणस्स बिइयं "कंखा" अइयारं—

३०४. प०—कहं णं भंते! समणा वि निग्गंथा कंखामोहणिज्जं कम्मं वेदेंति?

उ०—गोयमा! तेहिं तेहिं नाणंतरेहिं दंसणंतरेहिं चरित्तंतरेहिं लिंगंतरेहिं पवयणंतरेहिं पावयणंतरेहिं कप्पंतरेहिं मग्गंतरेहिं मतंतरेहिं भंगंतरेहिं नयंतरेहिं नियमंतरेहिं संकिया कंखिया वितिकिंच्छिता भेदसमावन्ना, कलुससमावन्ना, एवं खलु समणा निग्गंथा कंखामोहणिज्जं कम्मं वेदेंति।

—वि.स. १,उ.३, सु. १५(२)

२. સમ્યગ્દર્શનનો બીજો 'કાંક્ષા' અતિચાર-

૩૦૪. પ્ર. ભંતે! શ્રમણનિર્ગ્રન્થો કાંક્ષા મોહનીય કર્મનું વેદન કેવી રીતે કરે છે?

ઉ. ગૌતમ! એ-એ કારણોથી જ્ઞાનાન્તર, દર્શનાન્તર, ચારિત્રાન્તર, લિંગાન્તર, પ્રવચનાન્તર, પ્રાવચનિકાન્તર, કલ્પાન્તર, માર્ગાન્તર, મતાન્તર, ભંગાન્તર, નયાન્તર, નિયમાન્તર અને પ્રમાણાન્તર દ્વારા શંકિત, કાંક્ષિત, વિચિકિત્સિત, ભેદસમાપન્ન અને કલુષસમાપન્ન બની શ્રમણ નિર્ગ્રન્થો પણ કાંક્ષા મોહનીય કર્મનું વેદન કરે છે.

३. सम्मद्दंसणस्स तइयं "विइगिच्छा" अइयारं—

३०५. वितिगिच्छसमावन्नेणं अप्पाणेणं णो लभति समाधिं।

सिता वेगे अणुगच्छंति,

असिता वेगे अणुगच्छंति।

अणुगच्छमाणेहिं अणणुगच्छमाणे कहं णं णिव्विज्जे?

—आ.सु. १, अ.५, सु १६७

३. સમ્યગ્દર્શનનો ત્રીજો 'વિચિકિત્સા' અતિચાર-

૩૦૫. -વિચિકિત્સા-પ્રાપ્ત (શંકાશીલ) આત્મા સમાધિ પ્રાપ્ત કરી શકતો નથી.

૧ - કોઈ કોઈ હળુકર્મી ગૃહસ્થ પણ આચાર્યના વચનને સમજી શકે છે.

૨ - કોઈ અપ્રતિબદ્ધ સાધુ [વિચિકિત્સાદિ રહિત આચાર્યનું] અનુગમન કરે છે અર્થાત્ આચાર્યના વચનને સમજી શકે છે.

૩- કરનારાઓની વચ્ચે રહેતા[આચાર્ય]નું અનુગમન ન કરનારા, ભાવ ન સમજનારા ઉદાસીન [સંયમ પ્રત્યે ખિન્ન] કેમ નહીં થાય? અર્થાત્ અવશ્ય થાય જ.

४. परपासंडसेवी—

३०६. आयरियपरिच्चाई परपासण्डसेवए।
गाणंगणिए दुब्भूए, पावसमणे त्ति वुच्चई॥

—उत्त. अ. १७, गा.१७

(૪) પરપાષંડ સેવી –

૩૦૬. જે પોતાના આચાર્યનો ત્યાગ કરી અન્ય મતપરંપરાને સ્વીકારે છે, જે છ માસ જેટલી અવધિમાં જ એક ગણથી બીજા ગણમાં જાય છે, જેનું આચરણ નિંદાને પાત્ર છે, તે પાપશ્રમણ કહેવાય છે.

५. परपासंडसंथव—

३०७. अकुसीले सया भिक्खू, णो य संसग्गियं भए।
सुहरूवा तत्थुवसग्गा, पडिबुज्झेज्ज ते विदू॥

—सूय.सु.१, अ.९, गा. २८

(૫) પરપાષંડસંસ્તવ –

૩૦૭. સાધુ હંમેશાં અકુશીલ બનીને રહે તથા કુશીલો અને દુરાચારીઓની સાથે સંસર્ગ રાખે નહિ. કારણ કે કુશીલોની સંગતિથી સંયમ નષ્ટ થાય છે તથા તેવા સુખભોગની ઇચ્છારૂપ ઉપસર્ગ રહે છે માટે વિદ્વાન સાધક એ તથ્ય ને યથાયોગ્ય જાણી તેનાથી સાવધાન રહે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

साहुगस्स पव्वज्जा पुव्व निव्वेयदस्सा—

३०८. से बेमि पाईणं वा -जाव- उदीणं वा संतेगतिया मणुस्सा भवंति, तं जहा—आरिया वेगे, अणारिया वेगे, उच्चागोया वेगे, णीयागोया वेगे, कायमंता वेगे, हस्समंता वेगे, सुवण्णा वेगे, दुवण्णा वेगे, सुरूवा वेगे, दुरूवा वेगे।

तेसिं च णं खेत्त-वत्थूणि परिग्गहियाणि भवंति, तं जहा—
अप्पयरा वा भुज्जतरा वा। तेसिं च णं जणजाणवयाइं परिग्गहियाइं भवंति, तं जहा—
अप्पयरा वा भुज्जयरा वा।

तहप्पकारेहिं कुलेहिं आगम्म अभिभूय एगे भिक्खायरियाए समुट्ठिता, सतो वा वि एगे णायओ य उवकरणं च विप्पजहाय भिक्खायरियाए समुट्ठिता, असतो वा वि एगे नायओ य उवकरणं च विप्पजहाय भिक्खायरियाए समुट्ठिता।

जे ते सतो वा असतो वा णायओ य उवकरणं च विप्पजहाय भिक्खायरियाए समुट्ठिता पुव्वामेव तेहिं णातं भवति, तं जहा—
इह खलु पुरिसे अण्णमण्णं ममट्ठाए एवं विप्पडिवेदेति, तं जहा—

खेत्तं मे, वत्थुं मे, हिरण्णं मे, सुवण्णं मे, धणं मे, धण्णं मे, कंसं मे, दूसं मे, विपुलधण-कणग-रयण-मणिमोत्तिय-संख-सिल-प्पवाल-रत्त-रयण-संतसार-सावतेयं मे, सद्दा मे, रूवा मे, गंधा मे, रसा मे, फासा मे, एते खलु मे कामभोगा, अहमवि एतेसिं।

પ્રવ્રજ્યાપૂર્વેક સાધકની નિર્વેદદશા—

૩૦૮. શ્રી સુધર્માસ્વામી શ્રી જંબુસ્વામીને કહે છે -હું એમ કહું છું કે પૂર્વ આદિ ચારે દિશાઓમાં અનેક પ્રકારના મનુષ્યો નિવાસ કરે છે. જેમ કે કોઈ આર્ય છે, કોઈ અનાર્ય છે, કોઈ ઉચ્ચ કુળના છે. કોઈ નીચ કુળના છે, કોઈ શરીરે કદાવર છે, અને કોઈ ઠીંગણા શરીરવાળા છે. કોઈના શરીરનો વર્ણ સુંદર હોય છે, કોઈનો અસુંદર હોય છે. કોઈ મનોજ્ઞ રૂપવાળા હોય છે, કોઈ અમનોજ્ઞ રૂપવાળા.

કોઈની પાસે જમીનમકાન હોય છે, કોઈની પાસે અલ્પ તો કોઈની પાસે અધિક. કોઈ જન-જનપદ પરિગ્રહવાળા હોય છે, કોઈનો પરિગ્રહ થોડો તો કોઈનો વધારે પરિગ્રહ હોય છે.

એમાંથી કોઈ પુરુષ પૂર્વોક્ત કુળોમાં જન્મ લઈ વિષય-ભોગોની આસક્તિ છોડી ભિક્ષાવૃત્તિ ધારણ કરવા માટે ઉદ્યત થાય છે. કોઈ વિદ્યમાન સ્વજન પરિવાર તથા ધન-ધાન્ય આદિ સર્વ ભોગ-ઉપભોગની ઉત્તમ સામગ્રીનો ત્યાગ કરીને ભિક્ષાવૃત્તિનો સ્વીકાર કરે છે. અને કોઈ કોઈ અવિદ્યમાન સ્વજન પરિવાર અને સંપત્તિનો ત્યાગ કરીને ભિક્ષાવૃત્તિ ધારણ કરવા સમુદ્યત બને છે.

જે વિદ્યમાન અથવા અવિદ્યમાન કુટુંબ પરિવાર તેમજ ધન-ધાન્ય આદિ સંપત્તિનો ત્યાગ કરીને ભિક્ષુ બને છે, કે ઉપકરણનો ત્યાગ કરી ભિક્ષાચર્યા (સાધુદીક્ષા) માટે સમુત્થિત થાય છે, એ બન્ને પ્રકારના સાધકોને એ પહેલેથી જ ખ્યાલ હોય છે કે — આ લોકમાં પુરુષગણ પોતાનાથી ભિન્ન વસ્તુઓને ઉદ્દેશીને ખોટેખોટું એમ જ માને છે કે 'આ મારું છે, મારા ઉપયોગમાં આવશે' જેમકે

'આ ખેતર મારું છે, આ મકાન મારું છે, આ ચાંદી મારી છે, આ સોનું મારું છે, આ ધન મારું છે, ધાન્ય મારું છે, આ કાંસાનાં વાસણો મારાં છે, આ બહુમૂલ્ય વસ્ત્રો અથવા લોખંડ આદિ ધાતુ મારાં છે, આ પ્રચુર ધન (ગાય ભેંસ આદિ પશુ), આ અઢળક કનક, રત્ન, મણિ, મોતી, શંખશિલા, પ્રવાળ (મૂંગા), લાલ-રત્ન, પદ્મરાગ ઇત્યાદિ ઉત્તમોત્તમ મણિઓ મારા છે, અને પૈતૃક-રોકડું ધન મારું છે, આ કર્ણપ્રિય અવાજ કરનારી વીણા, વેણુ આદિ વાદ્ય-સાધન મારાં છે, આ સુન્દર અને રૂપાળા પદાર્થો મારા છે, આ અત્તર, તેલ ઇત્યાદિ સુગંધિત પદાર્થો મારા છે, આ ઉત્તમોત્તમ સ્વાદિષ્ટ અને સરસ ખાદ્ય પદાર્થો મારા છે, આ કોમળ સ્પર્શવાળા ગાદી-તકિયા ઇત્યાદિ પદાર્થ મારા છે, આ પૂર્વોક્ત પદાર્થ-સમૂહ મારા કામ-ભોગનાં સાધનો છે. હું તેમનો ઉપભોગ કરનારો છું અથવા ઉપભોગ કરવામાં સમર્થ છું.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

से मेहावी पुव्वामेव अप्पणा एवं समभिजाणेज्जा, तं जहा—
इह खलु मम अण्णयरे दुक्खे रोगायंके समुप्पज्जेज्जा अणिट्ठे अकंते अप्पिए असुभे अमणुण्णे अमणामे दुक्खे णो सुहे, से हंता भयंतारो कामभोगा ! इमं मम अण्णतरं दुक्खं रोगायंकं परियाइयह अणिट्ठं अकंतं अप्पियं असुभं अमणुण्णं अमणामं दुक्खं णो सुहं, ताहं दुक्खामि वा सोयामि वा जूरामि वा तिप्पामि वा पिट्टामि वा परितप्पामि वा,

इमाओ से अण्णतरातो दुक्खातो रोगायंकातो पडिमोयह अणिट्ठातो अकंतातो अप्पियाओ असुहाओ अमणुन्नाओ अमणामाओ दुक्खाओ णो सुहातो। एवामेव नो लद्धपुव्वं भवति।

इह खलु कामभोगा णो ताणाए वा सरणाए वा, पुरिसे वा एगता पुव्विं कामभोगे विप्पजहति, कामभोगा वा एगता पुव्विं पुरिसं विप्पजहंति, अन्ने खलु कामभोगा अन्नो अहमंसि, से किमंग पुण वयं अन्नममन्नेहिं कामभोगेहिं मुच्छामो? इति संखाए णं वयं कामभोगे विप्पजहिस्सामो।

से मेहावी जाणेज्जा बाहिरंगमेतं, इणमेव उवणीततरागं,

तं जहा–माता मे, पिता मे, भाया मे, भज्जा मे, भगिणी मे, पुत्ता मे, धूता मे, नत्ता मे, सुण्हा मे, पेसा मे, सुही मे, सयण-संगंथ-संथुता मे, एते खलु मे णायओ, अहमवि एतेसिं।

—सूय. सु. २, अ. १, सु. ६६७–६७१

તે મેધાવી સાધકે પહેલેથી જ યથાયોગ્ય વિચારી લેવું જોઈએ કે 'આ સંસારમાં જ્યારે મને કોઈ રોગ અથવા દુઃખ ઉત્પન્ન થાય છે, જે મને ઇષ્ટ નથી, પ્રીતિકર નથી, પ્રિય નથી, અશુભ છે, અમનોજ્ઞ છે, વિશેષ પીડાકારી છે, દુઃખરૂપ છે, સુખરૂપ નથી. [ત્યારે હું તેમને પ્રાર્થના કરું કે —] હે ભયથી રક્ષા કરનારા મારા ધનધાન્યાદિ કામભોગો ! મારા આ અનિષ્ટ, અકાંત, અપ્રિય, અશુભ, અમનોજ્ઞ, અત્યંત દુઃખદ દુઃખરૂપ અથવા અસુખરૂપ રોગ, દુઃખ ઇત્યાદિને તમે વહેંચી લો. કારણ કે હું આ પીડા, રોગ અથવા દુઃખથી ઘણો દુઃખી થઈ રહ્યો છું. હું ચિંતા અથવા શોકથી ઘણો જ વ્યાકુળ છું. તેથી હું ઘણો જ ચિંતાગ્રસ્ત રહું છું. હું ખૂબ જ પીડાઉં છું. હું ખૂબ જ વેદના ભોગવું છું. અથવા અતિસંતપ્ત છું.

માટે તમે સર્વ મને આ અનિષ્ટ, અકાંત, અપ્રિય, અશુભ, અમનોજ્ઞ, અમનોન્ય, દુઃખરૂપ અથવા અસુખરૂપ, મારા કોઈ પણ દુઃખથી અથવા રોગથી મને મુક્ત કરો. ત્યારે [તે ધનધાન્યાદિ કામભોગના પદાર્થો ઉક્ત પ્રાર્થના સાંભળી દુઃખાદિથી મુક્ત કરે] એવું કયારે પણ બની શકે નહિ.

આ સંસારમાં કોઈ કામ-ભોગથી પીડિત વ્યક્તિની રક્ષા કરવામાં અથવા શરણ દેવામાં સમર્થ હોતું નથી. એ કામ-ભોગોનો ઉપભોક્તા કોઈ સમયે તો પહેલેથી જ સ્વયં એ કામ-ભોગ પદાર્થને છોડી દે છે. અથવા કોઈ સમયે (દ્રવ્યાદિના અભાવમાં) વિષયોન્મુખને એ કામ-ભોગ્ય સાધનો જ પહેલેથી છોડી દે છે. માટે તે કામ-ભોગ મારાથી ભિન્ન છે, અને હું તેમનાથી ભિન્ન છું. પછી હું શા માટે મારાથી ભિન્ન એવા કામ-ભોગોમાં મૂર્ચ્છિત-આસક્ત બની રહેલ છું ? આ પ્રમાણે સર્વનું એવું સ્વરૂપ જાણીને અમે એ કામ-ભોગોનો પરિત્યાગ કરી દઈશું.

બુદ્ધિમાન સાધક જાણી લે કે આ સર્વ કામ-ભોગાદિ પદાર્થ બહિરંગ-બાહ્ય છે. મારા આત્માથી ભિન્ન છે.

આનાથી તો મારા નજીકના એ જ્ઞાતિજન (સ્વજન) છે. જેમ કે [તે કહે છે —] 'આ મારી માતા છે, મારા પિતા છે, મારા ભાઈ છે, મારી બેન છે, મારી પત્ની છે, મારો પુત્ર છે, મારી પુત્રી છે, આ મારા દાસ(નોકર-ચાકર) છે, આ મારી દોહિત્રી છે, મારી પુત્રવધૂ છે, મારો મિત્ર છે, આ મારા પહેલાના અથવા પછીના સ્વજન તથા પરિચિત મારા સંબંધી છે અને હું પણ તેમનો આત્મીય જન છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एगत्त भावणया णिव्वेयं—

३०९. से मेहावी पुव्वामेव अप्पणा एवं समभिजाणेज्जा—इह खलु मम अण्णतरे दुक्खे रोगातंके समुप्पज्जेज्जा अणिट्ठे-जाव-दुक्खे नो सुहे, से हंता भयंतारो णायओ इमं ममण्णतरं दुक्खं रोगायंकं परिआदियध अणिट्ठं-जाव-नो सुहं मा हं दुक्खामि वा-जाव-परितप्पामि वा, इमातो मं अंन्नयरातो दुक्खातो रोगायंकातो पडिमोएह अणिट्ठाओ-जाव-णो सुहातो। एवामेव णो लद्धपुव्वं भवति ।

तेसिं वा वि भयंताराणं मम णाययाणं अण्णयरे दुक्खे रोगातंके समुप्पज्जेज्जा अणिट्ठे जाव-नो सुहे, से हंता अहमेतेसिं भयंताराणं णाययाणं इमं अण्णतरं दुक्खं रोगातंकं परियाइयामि अणिट्ठं-जाव-णो सुहं, मा मे दुक्खंतु वा-जाव-परितप्पंतु वा, इमाओ णं अण्णतरातो दुक्खातो रोगातंकातो परिमोएमि अणिट्ठातो-जाव-नो सुहातो। एवामेव णो लद्धपुव्वं भवति ।

अण्णस्स दुक्खं अण्णो नो परियाइयति, अन्नेण कडं कम्मं अन्नो नो पडिसंवेदेति,[1] पत्तेयं जायति, पत्तेयं मरइ, पत्तेयं चयति, पत्तेयं उववज्जति, पत्तेयं इंझा, पत्तेयं सण्णा, पत्तेयं मण्णा, एवं विण्णू, वेदणा, इति खलु णाति-संयोगा णो ताणाए वा णो सरणाए वा,

એકત્વ ભાવનાથી પ્રાપ્ત નિર્વેદ—

૩૦૯. (પરંતુ ઉપર્યુક્ત શાસ્ત્રોક્ત) બુદ્ધિમાન સાધક પોતે પહેલેથી જ સમ્યક્ પ્રકારે જાણી લે આ લોકમાં મને કોઈ પણ પ્રકારનું કોઈ દુઃખ અથવા રોગ-દુઃખ (કે જે મારા માટે અનિષ્ટ-અકાંત, અપ્રિય, યાવત્ દુઃખદાયક છે) ઉત્પન્ન થયા બાદ હું મારા સંબંધીઓને પ્રાર્થના કરીશ કે 'હે ભયનો અંત કરનાર સંબંધીઓ! મારા આ અનિષ્ટ, અપ્રિય, યાવત્ દુઃખરૂપ અથવા રોગાંતકરૂપ કષ્ટને તમે બધા સરખે ભાગે વહેંચી લો. જેથી હું આ દુઃખથી દુઃખી, ચિંતિત, યાવત્ અતિસંતપ્ત ન બનું. તમે સર્વ મને આ અનિષ્ટ યાવત્ ઉદ્‌પીડિત અથવા રોગ-આતંક દુઃખથી મુક્ત કરો. (મારો છુટકારો કરો.). ત્યારે તે જ્ઞાતિજનો મારા દુઃખ અને રોગાંતક અને પીડા વહેંચી અથવા મને એ દુઃખ કે રોગાંતક અને પીડાથી મુક્ત કરે એવું કદાપિ થતું નથી.

અથવા ભયથી મારી રક્ષા કરનારા એ મારા સંબંધીઓને જ કોઈ દુઃખ અથવા રોગ ઉત્પન્ન થઈ જાય જે અનિષ્ટ, અપ્રિય, યાવત્ અસુખકર હોય, તો હું તેને ભયત્રાતા, સંબંધીઓનો અપ્રિય યાવત્ અસુખરૂપ રોગાંતકને વહેંચી લઉં, જેથી તે મારા સંબંધીજન દુઃખી થાય નહિ યાવત્ તેઓ અતિસંતપ્ત થાય નહિ. તથા હું એ સંબંધી-ઓને તેમના કોઈ અનિષ્ટ યાવત્ અસુખરૂપ દુઃખ અથવા રોગાંતકથી મુક્ત કરી શકું એવું પણ કદી થતું નથી.

(કારણ કે) એકબીજાનાં દુઃખોને એકબીજી વ્યક્તિઓ વહેંચી શકતી નથી. એક દ્વારા કરેલાં કર્મનું ફળ બીજો ભોગવી શકતો નથી. પ્રત્યેક પ્રાણી એકલો જન્મે છે અને (આયુષ્ય ક્ષય થવાથી) એકલો જ મરે છે. પ્રત્યેક વ્યક્તિ એકલો જ ત્યાગ કરે છે, બીજી ગતિમાં જાય છે. એકલો જ એ વસ્તુ-ઓનો ઉપભોગ અથવા સ્વીકાર કરે છે. પ્રત્યેક વ્યક્તિ એકલો જ ઝંઝા (સંક્લેશ) આદિ કષા-યોના ભાવને ગ્રહણ કરે છે. એકલો જ પદાર્થનું પરિજ્ઞાન કરે છે. તથા પ્રત્યેક વ્યક્તિ એકલો જ મનન ચિંતન કરે છે. એકલો જ વિદ્વાન બને છે. વ્યક્તિ પોતપોતાના સુખદુઃખનું પોતે જ વેદન (અનુભવ) કરે છે. એટલે કે પૂર્વોક્ત પ્રકારથી અન્યકૃત કર્મનું ફળ અન્ય ભોગવતો નથી. તથા પ્રત્યેકનાં જન્મ-જરા-મરણ આદિ જુદાં જુદાં છે. એ સિદ્ધાંત પ્રમાણે સંબંધીઓનો સંયોગ દુઃખથી રક્ષા કરવા અથવા પીડિત મનુષ્યોને શાન્તિ કે શરણભૂત થવામાં સમર્થ નથી.

---

१. न तस्स दुक्ख विभयंति नाइओ, न मित्तवग्गा न सुया न बंधवा। एक्को सयं पच्चणुहोइ दुक्खं, कत्तारमेवं अणुजाइ कम्मं ।
—उत्तराध्ययन अ. १३, गा. २३

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पुरिसो वा एगता पुव्विं णातिसंयोगे विप्पजहति, णातिसंयोगा वा एगता पुव्विं पुरिसं विप्पजहंति, अन्ने खलु णातिसंयोगा अन्नो अहमंसि, से किमंग पुण वयं अन्नमन्नेहिं णातिसंयोगेहिं मुच्छामो? इति संखाए ण वयं णातिसंयोगे विप्पजहिस्सामो।

કયારેક [ક્રોધાદિવશ અથવા મરણકાળમાં] મનુષ્ય પોતે જ સંબંધીઓનો સંયોગ પહેલેથી જ છોડી દે છે. અથવા કયારેક સંબંધીઓ પણ [માનવનાં દુર્વ્યવહાર-દુરાચરણાદિ જોઈ] મનુષ્યને પહેલાં છોડી દે છે. માટે (મેધાવી સાધક એટલું અવશ્ય જાણે કે) 'સંબંધીજનો મારાથી ભિન્ન છે, જુદા છે. અને હું તે સર્વથી ભિન્ન છું. હું સંબંધ-સંયોગથી જુદો છું" પછી હું મારાથી જુદા (આત્માથી ભિન્ન) એવા સંબંધ સંયોગમાં શા માટે આસક્ત બનું? એવું યથાયોગ્ય જાણીને મારે જ્ઞાતિજનો અને સંયોગોનો પરિત્યાગ કરવો જોઈએ.

से मेहावी जाणेज्जा बाहिरगमेतं, इणमेव उवणीयतरागं तं जहा—हत्था मे, पाया मे, बाहा मे, उरू मे, सीसं मे, उदरं मे, सीलं मे, आउं मे, बलं मे, वण्णो मे, तया मे, छाया मे, सीयं मे, चक्खुं मे, घाणं मे, जिब्भा मे, फासा मे, ममाति।

પરંતુ મેધાવી સાધકે અવશ્ય જાણી લેવું જોઈએ કે સંબંધ સંયોગો તો બાહ્ય વસ્તુ (આત્માથી ભિન્ન-પરભાવ) છે જ. તેથી પણ નજીકનાં સંબંધી આ સર્વ (શરીર સંબંધી અવયવાદિ) છે, જેના પ્રત્યે પ્રાણી મમત્વ કરે છે. જેમ કે - આ મારા હાથ છે. આ મારા પગ છે. આ મારી ભુજા-બાહુઓ છે. આ મારી જાંઘો છે. આ મારું મસ્તક-માથું છે. આ મારું પેટ છે. આ મારો શીલ-સ્વભાવ અથવા આદત છે. આ પ્રમાણે મારું આયુ, મારું બળ, મારો વર્ણ (રંગ), મારી ચામડી (ત્વચા), મારી છાયા (અથવા કાન્તિ), મારા કાન, મારી આંખો, મારું નાક, મારી જીભ, મારી સ્પર્શેન્દ્રિય આ પ્રમાણે પ્રાણી 'મારું મારું' કરે છે.

जंसि वयातो परिजूरति तं जहा—आऊओ बलाओ वण्णाओ तताओ छाताओ सीताओ -जाव-फासाओ, सुसंधीतासंधी बिसंधी भवति, वलितरंगे गाते भवति, किण्हा केसा पलिता भवंति, तं जहा—जं पि य इमं सरीरगं उरालं आहारोवचियं एतं पि य मे अणुपुव्वेणं विप्पजहियव्वं भविस्सति।

[પરંતુ યાદ રાખજો કે] ઉંમર અધિક થવાની સાથે એ સર્વ ક્ષીણ થઈ જશે. જેમ કે (વૃદ્ધ થતાંની સાથે મનુષ્ય) આયુષ્યથી, બળથી, વર્ણથી, ત્વચાથી, કાનથી, તથા સ્પર્શેન્દ્રિય સુધી સર્વ શરીર સંબંધી પદાર્થોથી ક્ષીણ-હીન થઈ જાય છે. તેની સુગઠિત માંસપેશીથી દૃઢ સાંધા પણ ઢીલા થઈ જાય છે. તેના શરીરની ચામડીમાં કરચલી પડી જાય છે. તેના કેશ કાળા મટી સફેદ થઈ જાય છે. આ જે આહારથી વધેલું ઔદારિક શરીર છે, તે પણ ક્રમશઃ અવધિ (આયુષ્ય) પૂર્ણ થવાથી છોડી દેવું પડશે.

एयं संखाए से भिक्खू भिक्खायरियाए समुट्ठिते दुहतो लोगं जाणेज्जा, तं जहा—जीवा चेव अजीवा चेव, तसा चेव, थावरा चेव।
—सूय.सु.२, अ.१, सु. ६७२-६७६

એવું જાણી ભિક્ષાચર્યા સ્વીકાર કરવા માટે-પ્રવજ્યા માટે સમુદ્યત સાધુ લોકને બંને પ્રકારથી જાણે. જેમ કે લોક જીવ રૂપ અને અજીવ રૂપ છે. તથા લોક ત્રસરૂપ અને સ્થાવર રૂપ છે.

अणुसोओ पडिसोओ य—

अनुस्रोत अने प्रतिस्रोत

३१०. अणुसोयपट्ठिए बहुजणम्मि,
पडिसोयलद्धलक्खेणं।
पडिसोयमेव अप्पा,
दायव्वो होउकामेणं॥

૩૧૦. મોટા ભાગના લોકો વિષય-પ્રવાહમાં વહી રહ્યા છે. પરંતુ વિષયપ્રવાહથી પૃથક્ સંયમ તરફ જેનું લક્ષ્ય જાગૃત થયું છે એવા મોક્ષાર્થી સાધકે પોતાના આત્માને વિષયપ્રવાહથી પરાઙ્મુખ રાખવો જોઈએ.

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

अणुसोयसुहोलोगो ,
पडिसोओ आसवो सुविहियाणं ।
अणुसोओ संसारो ,
पडिसोओ तस्स उत्तारो ॥

સંસાર અનુસ્રોત છે અને તેનાથી પાર પામવું પ્રતિસ્રોત છે. જે સાધુ મહાત્માઓ છે તેઓનો આશ્રવ (ઇન્દ્રિયજન્ય રૂપ વ્યાપાર) પ્રતિસ્રોત છે. અનુસ્રોત સંસાર છે (જન્મ મરણની પરંપરા છે) અને પ્રતિસ્રોત તેનો ઉતાર (જન્મ મરણને પાર કરવાનો ઉપાય) છે.

तुम्हा आयारपरक्कमेण, संवरसमाहिबहुलेणं ।
चरिया गुणा य नियमा य, होंति साहूण
दट्ठवा ॥
—दस.चू. २, गा. २-४

તેથી જે મુનિઓ આચાર-પાલનમાં પરાક્રમી છે તેમજ સંવર-સમાધિમાં યુક્ત છે તેઓએ પોતાનો વિહાર, મૂલોત્તરગુણ અને નિયમાદિ જે સમયે આચરવા યોગ્ય હોય તે યથાયોગ્ય આચરવા જોઈએ.

सामण्ण हीणाणं अवट्ठिई—

સાધુતાથી પતિત દશા —

३११. धम्माउ भट्ठं सिरिओवहेयं,
जन्नग्गि विज्झायमिवप्पतेयं ।
हीलंति णं दुव्विहियं कुसीला,
दाढुद्धियं घोरविसं व नागं ॥

૩૧૧. જેની દાઢો ખેંચી લેવામાં આવી છે એવા ઝેરીલા સાપની સાધારણ લોકો પણ અવહેલના કરે છે. તે જ પ્રમાણે ધર્મથી ભ્રષ્ટ અને આધ્યાત્મિક સંપત્તિથી પતિત થયેલા, ઠરી ગયેલા યજ્ઞના અગ્નિ જેવા નિસ્તેજ દુર્વિહિત સાધુનો દુરાચારીઓ પણ તિરસ્કાર કરે છે.

इहेवधम्मो अयसो अकित्ती,
दुन्नामधेज्जं च पिहुज्जणम्मि ।
चुयस्स धम्माउ अहम्मसेविणो,
संभिन्नवित्तस्स य हेट्ठओ गई ॥

ધર્મથી દૂર થયેલ અધર્મસેવી અને ચારિત્રનો ભંગ કરનાર સાધુ આ જ મનુષ્યજીવનમાં અધર્મનું આચરણ કરે છે. તેની બદનામી થાય છે. સાધારણ લોકોમાં પણ તે બદનામ થાય છે અને તેની અધોગતિ થાય છે.

भुंजित्तु भोगाइं पसज्झ चेयसा,
तहाविहं कट्टु असंजमं बहुं ।
गइं च गच्छे अणभिज्झियं दुहं,
बोही य से नो सुलभा पुणो पुणो ॥
—दस. चू. १, गा. १२-१४

ધર્મથી પતિત થયેલા, અધર્મને સેવનારા અને પોતાના વ્રતનિયમોથી ભ્રષ્ટ થયેલા સાધુઓને આ લોકમાં અપયશ નિંદા આદિ જેવા ગેરલાભો થાય છે અને જીવનના અંતે પરલોકમાં પણ અધર્મના ફળસ્વરૂપ અધમ ગતિ પ્રાપ્ત થાય છે.

તે સંયમભ્રષ્ટ સાધુ દત્તચિત્તથી ભોગો ભોગવીને તથા તે પ્રકારનાં ઘણાં અસંયમનાં કાર્યો કરીને અનિષ્ટ દુઃખપૂર્ણ ગતિમાં જાય છે અને વારંવાર જન્મ-મરણ કરવા છતાં પણ તેને બોધિ સુલભ થતી નથી.

३१२. जया य चयई धम्मं, अणज्जो भोग कारणा ।
से तत्थ मुच्चिए बाले, आयइं नावबुज्झई ॥

૩૧૨. જ્યારે અનાર્ય સાધુ ભોગોના કારણથી ચારિત્ર-ધર્મને છોડે છે ત્યારે તે અજ્ઞાની કામભોગોમાં મૂર્ચ્છિત હોવાથી ભવિષ્ય કાળને સારી રીતે જાણતો નથી.

जया ओहाविओ होइ, इंदो वा पडिओ छमं ।
सव्वधम्मपरिब्भट्ठो, स पच्छा परितप्पई ॥

જ્યારે કોઈ સાધુ ચારિત્ર-ધર્મથી ભ્રષ્ટ થઈ જાય છે ત્યારે તે સર્વ-ધર્મથી સર્વ રીતે ભ્રષ્ટ થઈ પૃથ્વી પર પતિત થયેલા ઇન્દ્રની જેમ પાછળથી પરિતાપ કરે છે.

जया य वंदिमो होइ, पच्छा होइ अवंदिमो ।
देवया व चुया ठाणा, स पच्छा परितप्पई ॥

જ્યારે સાધુ સંયમમાં રહે છે ત્યારે વંદનીય બને છે અને સંયમ છોડયા પછી અવંદનીય બની જાય છે. તે સાધુ પોતાના સ્થાનથી ચ્યુત થયેલ દેવતાની માફક પાછળથી પરિતાપ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जया य पूइमो होइ, पच्छा होइ अपूइमो ।
राया व रज्जपब्भट्ठो, स पच्छा परितप्पई ॥

जया य माणिमो होइ, पच्छा होइ अमाणिमो ।
सेट्ठि व्व कब्बडे छूढो, स पच्छा परितप्पई ॥

जया य थेरओ होइ, समइक्कंतजोव्वणो ।
मच्छो व्व गलं गिलित्ता, स पच्छा परितप्पई ॥

जया य कुकुडंबस्स, कुतत्तीहिं विहम्मइ ।
हत्थी व बंधणे बद्धो, स पच्छा परितप्पई ॥

पुत्तदारपरिकिण्णो, मोहसंताणसंतओ ।
पंकोसन्नो जहा नागो, स पच्छा परितप्पई ॥

अज्ज अहं गणी होंतो, भावियप्पा बहुस्सुओ ।
जइ हं रमंते परियाए, सामण्णे जिणदेसिए ॥
—दस. चू. १, गा. १-९

જ્યારે સંયમી હોય છે ત્યારે પૂજ્ય હોય છે અને ચારિત્રથી પતિત થયા પછી અપૂજ્ય થઈ જાય છે ત્યારે રાજ્ય-ભ્રષ્ટ રાજાની જેમ તે સાધુ પશ્ચાત્તાપ કરે છે.

જ્યારે સાધુ માન્ય હોય છે અને શીલથી ભ્રષ્ટ થયા પછી અમાન્ય થઈ જાય છે, ત્યારે કાનકડા ગામમાં પરિત્યક્ત શ્રેષ્ઠીની માફક તે પાછળથી પરિતાપ કરે છે.

તે ભ્રષ્ટ સાધુ જ્યારે યુવા અવસ્થા વીતી જતાં સ્થવિર (-વૃદ્ધ) થઈ જાય છે, ત્યારે તે ગલ (કાંટો) ગળી જનાર મત્સ્ય-માછલીની જેમ પશ્ચાત્તાપ કરે છે.

જ્યારે સંયમત્યાગી સાધુ કુટુંબની દુષ્ટ ચિંતાઓથી પ્રતિહત થાય છે, ત્યારે વિષયની લાલચથી બંધનમાં બાંધેલા હાથીની જેમ પાછળથી પરિતાપ કરે છે.

પુત્ર અને સ્ત્રીથી ઘેરાયેલો, દર્શનમોહનીયાદિ કર્મોથી સંતપ્ત થયેલો તે સાધુ કીચડમાં ફસાયેલા હાથીની જેમ પાછળથી પરિતપ્ત થાય છે.

જો હું ભાવિતાત્મા અને બહુશ્રુત થઈને જિનોપદિષ્ટ સાધુ-સંબંધી ચારિત્રમાં રમણ કરતો હોત તો આજે હું આચાર્ય હોત.

३१३. जो पव्वइत्ताण महव्वयाइं, सम्मं नो फासयई पमाया ।
अनिग्गहप्पा य रसेसु गिद्धे, न मूलओ छिन्दइ बन्धणं से ॥

आउत्तया जस्स न अत्थि काइ, इरियाए भासाए तहेसणाए ।
आयाणनिक्खेवदुगुन्छणाए, न वीरजायं अणुजाइ मग्गं ॥

चिरं पि से मुण्डरुई भवित्ता, अथिरव्वए तवनियमेहीं भट्ठे ।
चिरं पि अप्पाण किलेसइत्ता, न पारए होइ, हु संपराए ॥

"पोल्ले व" मुट्ठी जह से असारे,
अयन्तिए कूडकहावणे वा ।
राढामणी वेरुलियप्पगासे,
अमहग्घए होइ य जाणएसु ॥

कुसीललिंगं इह धारइत्ता,
इसिज्झयं जीविय बूहइत्ता ।
असंजए संजयलप्पमाणे,
विणिघायमागच्छइ से चिरं पि ॥

૩૧૩. 'જે મહાવ્રતોને સ્વીકાર કરી તેમનું યથાયોગ્ય પાલન કરતો નથી, જે પોતાના આત્માનો નિગ્રહ કરતો નથી, જે રસોમાં મૂર્છિત હોય છે, તે બંધનનું મૂળ છેદી શકતો નથી.'

'ઈર્યા, ભાષા, એષણા, આદાન-નિક્ષેપ અને ઉચ્ચાર-પ્રસ્રવણની પરિસ્થાપનામાં જે સાવધાનીથી વર્તતો નથી, તે વીરપુરુષોના માર્ગનું અનુગમન કરી શકતો નથી.'

'જે વ્રતોમાં સ્થિર નથી, વ્રત અને નિયમોને આચરી શકતો નથી, તે લાંબા કાળથી મુંડનમાં રુચિ રાખવા છતાં પણ અને લાંબા કાળ સુધી આત્માને કષ્ટ દેવા છતાં પણ સંસાર પાર પામી શકતો નથી.'

'જે પોલી મુઠ્ઠીની જેમ અસાર છે, ખોટા સિક્કાની જેમ અપ્રમાણિત છે, કાચનો મણિ હોવા છતાં પણ જે વૈડૂર્યની જેમ ચમકે છે તે જાણકાર વ્યક્તિઓની દૃષ્ટિમાં મૂલ્યહીન બને છે.'

'જે કુશીલ વેષ અને ઋષિ-ધ્વજને (રજોહરણ આદિ મુનિ ચિહ્નને) ધારણ કરી તેના દ્વારા આજીવિકા ચલાવે છે, અસંયમી હોવા છતાં પોતાને સંયમી કહે છે તે ચિરકાળ સુધી વિનાશને પામે છે.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"विसं तु पीय" जह कालकूडं,
हणाइ सत्थं जह कुग्गहीयं ।
"एसे व" धम्मो विसओववन्नो,
हणाइ वेयाल इवाविवन्नो ॥

जे लक्खणं सुविण पउंजमाणे,
निमित्त-कोउहल-संपगाढे ।
कुहेडविज्जासवदारजीवी,
न गच्छई सरणं तम्मिकाले ॥

तमंतमेणेव उ से असीले,
सया दुही विप्परियासुवेइ ।
संधावई नरग-तिरिक्खजोणिं,
मोणं विराहेत्तु असाहुरूवे ॥

उद्देसियं कीयगडं नियागं,
न मुंचई किंचि अणेसणिज्जं ।
अग्गीविव सव्वभक्खी भवित्ता,
इओ चुओ गच्छइ कट्टु पावं ॥

न तं अरी कंठछेत्ता करेइ,
जं से करे अप्पणिया दुरप्पा ।
से नाहिई मच्चुमुहं तु पत्ते,
पच्छाणुतावेण दयाविहूणो ॥

निरट्ठिया नग्गरुई उ तस्स,
जे उत्तमट्ठं विवज्जासमेइ ।
इमे वि से नत्थि परे वि लोए,
दुहओ वि से झिज्जइ तत्थ लोए ॥

एमेवऽहाछन्द—कुसीलरूवे,
मग्गं विराहेत्तु जिणुत्तमाणं ।
कुररी विवा भोगरसाणुगिद्धा,
निरट्ठसोया परियावमेइ ॥

सोच्चाण मेहावि सुभासियं इमं,
अणुसासणं नाणगुणोववेयं ।
मग्गं कुसीलाण जहाय सव्वं,
महानियण्ठाण वए पहेणं ॥

चरित्तमायारगुणन्निए तओ,
अणुत्तरं य संजमपालियाणं ।
निरासवे संखविया णकम्मं,
उवेइ ठाणं विउलुत्तमं धुवं ॥
—उत्त.अ. २०, गा. ३९-५२

'પીધેલું હળાહળ વિષ, ખોટી રીતે પકડેલું શસ્ત્ર અને અનિયંત્રિત વેતાલ જેમ વિનાશકારી હોય છે. એ પ્રમાણે વિષય-વિકારવાળો ધર્મ પણ વિનાશકારી હોય છે.'

'જે લક્ષણશાસ્ત્ર અને સ્વપ્નશાસ્ત્રનો પ્રયોગ કરે છે. નિમિત્તશાસ્ત્ર અને કૌતુકકાર્યમાં અત્યંત આસક્ત છે, મિથ્યા આશ્ચર્ય ઉત્પન્ન કરનાર કુહેટક વિદ્યાઓ (મંત્ર-તંત્રાદિ)થી દ્વારરૂપ આજીવિકા ચલાવે છે, તે કર્મનું ફળ ભોગવતી વખતે કોઈના શરણને પામી શકતો નથી.'

તે શીલ રહિત દ્રવ્ય સાધુ પોતાના અજ્ઞાનથી નિરંતર દુઃખી થઈ વિપરીત દૃષ્ટિને પામે છે. પરિણામે અસાધુ મુનિ ધર્મની વિરાધના કરી નરક અને તિર્યંચ યોનિમાં સતત પરિભ્રમણ કરતો રહે છે.

જે ઔદ્દેશિક કીત-કૃત નિયાગ (નિત્યપિંડ) ઇત્યાદિ અલ્પ પણ અનેષણીય આહાર છોડતો નથી તે ભિક્ષુ અગ્નિની જેમ સર્વભક્ષી બની પાપકર્મ કરીને દુર્ગતિમાં જાય છે.

પોતે પોતાના દુષ્ટ પ્રવૃત્તિ-શીલ દુરાત્માથી જે અનર્થ કરે છે, એવો અનર્થ ગળું કાપવાવાળો શત્રુ પણ કરતો નથી. ઉક્ત તથ્યને નિર્દય-સંયમહીન મનુષ્ય મૃત્યુક્ષણોમાં પશ્ચાત્તાપ કરતો જાણી શકશે.

'જે (દ્રવ્ય સાધુ) ઉત્તમાર્થમાં (અંતિમ સમયની આરાધનામાં) વિષયમાં વિપરીત દૃષ્ટિ રાખે છે, તેની શ્રામણ્યમાં અભિરુચિ વ્યર્થ છે. તેના માટે ન તો આ લોક છે, ન તો પરલોક છે. બંને લોકનાં પ્રયોજનથી શૂન્ય હોવાના કારણે તે બંને લોકથી ભ્રષ્ટ ભિક્ષુ નિરંતર ચિંતિત રહે છે.'

'એ જ પ્રમાણે સ્વચ્છંદી સાધુ અને કુશીલ સાધુ પણ જિનોત્તમ ભગવાનના માર્ગની વિરાધના કરીને એવી રીતે પરિતાપને પ્રાપ્ત થાય છે જેવી રીતે ભોગરસોમાં આસક્ત બની નિરર્થક શોક કરનારી ગીધડી (પક્ષિણી) દુઃખી થાય છે.'

'બુદ્ધિશાળી સાધક આવા સુભાષિતથી અને જ્ઞાનગુણથી યુક્ત અનુશાસન (શિક્ષા)ને સાંભળી કુશીલ વ્યક્તિના સર્વ માર્ગોને છોડીને મહાન નિર્ગ્રન્થોના માર્ગે વળે છે.'

'ચારિત્રાચાર અને જ્ઞાનાદિ ગુણોથી સંપન્ન નિર્ગ્રન્થ નિરાશ્રવ હોય છે. અનુત્તર શુદ્ધ સંયમનું પાલન કરી તે નિરાશ્રવ (રાગદ્વેષ બંધન હેતુઓથી મુક્ત) સાધક કર્મોનો ક્ષય કરી વિપુલ શાશ્વત ઉત્તમ સ્થાન પ્રાપ્ત કરે છે.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

संजमरयाणं सुखं अरयाणं दुक्खं—

३१४. देवलोगसमाणो उ, परियाओ महेसिणं ।
रयाणं अरयाणं तु, महानिरयसारिसो ॥

अगरोवमं जाणिय सोक्खमुत्तमं
रयाण परियाए तहारयाणं ।
निरओवमं जाणिय दुक्खमुत्तमं,
रमेज्ज तम्हा परियाय पंडिए ॥
दस.चू.१, गा. १०-११

संयमभां रतने सुख अने अरतने दुःख—

३१४. संयमभां अनुरक्त महर्षिओ माटे मुनि-पर्याय देवलोक समान सुखरूप होय छे. अने जे संयमभां अनुरक्त नथी, तेना माटे ते ज (मुनि-पर्याय) महान नरक समान दुःखरूप होय छे.

संयमभां अनुरक्त मुनिओनुं सुख देवो समान उत्तम जाणी तथा संयमभां अनुरक्त न रहेनार मुनिओनुं दुःख नरक समान उत्कृष्ट जाणी पंडित मुनि संयमभां ज रमण करे.

अथिर समणस्स ठिइहेउ चिंतणं—

३१५. इमस्स ता नेरइयस्स जंतुणो,
दुहोवणीयस्स किलेसवत्तिणो ।
पलिओवमं झिज्जइ सागरोवमं,
किमंग ! पुण मज्झ इमं मणोदुहं ॥

न मे चिरं दुक्खमिणं भविस्सई,
असासया भोगपिवासा जंतुणो ।
न चे सरीरेण इमेणवेस्सई,
अविस्सई जीवियपज्जवेण मे ॥

जस्सेवमप्पा उ हवेज्ज निच्छिओ,
चएज्ज देहं न उ धम्मसासणं ।
तं तारिसं नो पयलेंति इंदिया,
उवेंतवाया व सुदंसणं गिरिं ॥

इच्चेव संपस्सिय बुद्धिमं नरो,
आयं उवायं विविहं वियाणिया ।
काएण वाया अदु माणसेणं,
तिगुत्तिगुत्तो जिणवयणमहिट्ठिज्जासि ॥
—इस. चू.१, गा. १५-१८

अस्थिर श्रमणनी स्थिरता माटे चिन्तन—

३१५. क्लेशमां रहेला अने दुःखमां सबडता नारक जीवोनुं पल्योपम अने सागरोपम सुधीनुं आयुष्य पण भोगवाई जाय छे अर्थात् समाप्त थई जाय छे. तो पछी मारुं आ क्षणिक मानसिक दुःख शा हिसाबमां ? [एवुं साधक विचारे.]

आ मारुं दुःख चिरकाळ सुधी रहेशे नहि. जीवोनी भोगपिपासा अशाश्वत छे. जो ते आ शरीरनी हयातीमां न मटे तो मारा जीवनना अंत सुधीमां तो अवश्य दूर थशे.

पूर्वोक्त विचारोथी जे साधुनो आत्मा दृढ थई जाय के ते "देहनो त्याग करवो पसंद करे, परंतु सद्धर्मना नियमने न छोडे" त्यारे तेने जेम सुदर्शन पर्वतने महावायु चलायमान करी शकतो नथी, तेम ते मेरु समान दृढ अडोल साधुने इन्द्रियो चलित करी शकती नथी.

बुद्धिमान मनुष्य आ प्रमाणे सम्यक् आलोचना करी तथा विविध प्रकारना लाभ अने तेनां साधनोने जाणी त्रण गुप्तिओने (काया-वाणी अने मनने) गोपवी जिनवाणीनो आश्रय ले.

३१६. इह खलु भो ! पव्वइएणं, उप्पन्नदुक्खेणं, संजमे अरइसमावन्नचित्तेणं, ओहाणुप्पेहिणा अणोहाइएणं चेव, हयरस्सि-गयंकुस-पोयपडागाभूयाइं इमाइं अट्ठारस ठाणाइं सम्मं संपडिलेहियव्वाइं भवंति । तं जहा—

१. हं भो ! दुस्समाए दुप्पजीवी ।
२. लहुस्सगा इत्तरिया गिहीणं कामभोगा ।

३१६. मुमुक्षुओ ! निर्ग्रंथ प्रवचनमां जे प्रव्रजित छे, छतां पण तेने मोहवश दुःख उत्पन्न थई जाय, संयमभां तेनुं चित्त अरतियुक्त थई जाय, ते संयमने छोडी गृहस्थाश्रममां चाल्यो जवा इच्छे तो तेणे संयम छोडया पूर्वे अढार स्थानोनी यथायोग्य आलोचना करवी जोईओ. अस्थित आत्मा माटे तेनुं (आलोचनानुं) ते स्थान छे जे अश्व माटे लगामनुं, हाथी माटे अंकुशनुं अने वहाण माटे शढनुं छे. अढार स्थान आ प्रमाणे छे. जेम के—

अहो !
१ – दुषम कालमां दुःखपूर्वक जीवन व्यतीत कराय छे.
२ – गृहस्थ लोकोनां कामभोग असार छे तेम ज अल्पकालीन छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३. भुज्जो य माइबहुला मणुस्सा।
४. इमे य मे दुक्खे न चिरकालोवट्ठाई भविस्सइ।
५. ओमज्जणपुरक्कारे।
६. वंतस्स य पडियाइयणं।
७. अहरगइवासोवसंपया।
८. दुल्लभे खलु भो! गिहीणं धम्मे गिहिवास-मज्झे वसंताणं।
९. आयंके से वहाय होइ।
१०. संकप्पे से वहाय होइ।
११. सोवक्केसे गिहवासे, निरुवक्केसे परियाए।
१२. बंधे गिहवासे, मोक्खे परियाए।
१३. सावज्जे गिहवासे, अणवज्जे परियाए।
१४. बहुसाहारणा गिहीणं कामभोगा।
१५. पत्तेयं पुण्णपावं।
१६. अणिच्चे खलु भो! मणुयाण जीविए कुसग्गजलबिंदुचंचले।
१७. बहुं च खलु पावं कम्मं पगडं॥
१८. पावाणं च खलु भो! कडाणं कम्माणं पुव्विं दुच्चिण्णाणं दुप्पडिक्कंताणं वेयइत्ता मोक्खो, नत्थि अवेयइत्ता, तवसा वा झोसइत्ता।

अट्ठारसमं पयं भवइ।

—दस चू. १, सु. १

३ – મનુષ્ય મોટા ભાગે માયાવી-છળકપટ કરનાર છે.
૪ – આ (પરિષહજનિત) દુઃખ મને લાંબો સમય સુધી ટકનાર નથી.
૫ – દુષમ કાળમાં નીચ પુરુષોનું સન્માન કરવું પડશે.
૬ – વમન કરેલ વિષયભોગોનું ફરી પાન કરવું પડશે.
૭ – નીચ ગતિને યોગ્ય કર્મબંધન કરવાં પડશે.
૮ – અહો! નિશ્ચયે ગૃહવાસમાં વસતા ગૃહસ્થોને ધર્મ દુર્લભ છે.
૯ – તુર્ત જ નાશ કરનાર વિશૂચિકાદિ રોગ ધર્મ-રહિત ગૃહસ્થને વધને માટે હોય છે.
૧૦ – પ્રિયના વિયોગ અને અપ્રિયના સંયોગથી જે સંકલ્પ ઉત્પન્ન થાય છે તે ગૃહસ્થના વિનાશ માટે હોય છે.
૧૧ – ગૃહવાસ કલેશસહિત હોવાથી કર્મબંધનનું સ્થાન છે. અને મુનિ પર્યાય કલેશ-રહિત છે.
૧૨ – ગૃહવાસ બંધન છે ત્યારે મુનિ-પર્યાય કર્મ-બંધનથી છોડાવનાર છે.
૧૩ – ગૃહવાસ સાવદ્ય (પાપ સ્થાન) છે. પરંતુ મુનિ-પર્યાય નિરવદ્ય (પાપથી રહિત) છે.
૧૪ – ગૃહસ્થોનાં કામભોગ ચોર, જાર આદિ હર કોઈ જનને માટે સાધારણ છે.
૧૫ – પુણ્ય અને પાપ સર્વજીવોનાં પૃથક્ પૃથક્ છે.
૧૬ – અહો! મનુષ્યોનું જીવન કુશના અગ્ર ભાગ ઉપર રહેલ જલ-બિન્દુની સમાન ચંચલ છે, માટે નિશ્ચય રૂપથી અનિત્ય છે.
૧૭ – મેં ઘણું જ પાપકર્મ કર્યું છે. જેથી મારી બુદ્ધિ વિપરીત થઈ રહી છે.
૧૮ – અહો! દુષ્ટ ભાવોથી આચરેલા મિથ્યાત્વ આદિ ભાવોથી ઉપાર્જન કરેલાં પૂર્વકૃત પાપ-કર્મોના ફળને ભોગવ્યા પછી જ મોક્ષ થાય છે, ભોગવ્યા વગર નહિ. અથવા પૂર્વકર્મોનો તપ વડે ક્ષય કરવાથી મોક્ષ થાય છે.

આ અઢારમું પદ છે.

मिच्छादंसणविजओ फलं—

३१७. प०—पेज्ज-दोस-मिच्छादंसणविजएणं भंते! जीवे किं जणयइ?

उ०—पेज्ज-दोस-मिच्छादंसणविजएणं दंसण-चरित्ताराहणयाए अब्भुट्ठेइ। "अट्ठविहस्स कम्मस्स कम्मगण्ठि विमोयणाए" तप्प-ढमयाए जहाणुपुव्विं अट्ठवीसइविहं मोह-णिज्जं कम्मं उग्घाएइ, पंचविहं नाणा-वरणिज्जं नवदंसणावरणिज्जं पंचविहं

મિથ્યા-દર્શન-વિજયનું ફળ-

૩૧૭. પ્ર. ભન્તે! પ્રેમ, દ્વેષ અને મિથ્યા દર્શનના વિજયથી જીવ શું પ્રાપ્ત કરે છે?

ઉ. પ્રેમ, દ્વેષ અને મિથ્યા દર્શનના વિજયથી તે જીવ જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધના માટે ઉદ્યત થાય છે. આઠ કર્મોની જે કર્મ-ગ્રંથિ (ઘાત્ય-કર્મ) છે તેને ખોલવા માટે તે ઉદ્યત થાય છે. માટે સર્વ પ્રથમ મોહ-નીય કર્મની ૨૮ પ્રકૃતિઓનો અનુક્રમે ક્ષય કરે છે. ત્યાર પછી જ્ઞાનાવરણીય કર્મની પાંચ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अन्तरायं एए तिन्नि वि कम्मंसे जुगवं खवेइ।

तओ पच्छा अणुत्तरं अणंतं कसिणं पडिपुण्णं निरावरणं वितिमिरं विसुद्धं लोगालोगप्पभावगं केवल-वरनाणदंसणं समुप्पाडेइ।

-जाव-सजोगी भवइ, ताव य इरियावहियं कम्मं बन्धइ सुहफरिसं दुसमयट्ठिइयं।

तं पढमसमए बद्धं, बिइयसमए वेइयं, तइयसमए निज्जिण्णं तं बद्धं पुट्ठं उदीरियं वेइयं निज्जिण्णं सेयाले य अकम्मं चावि भवइ॥

अहाउयं पालइत्ता अन्तोमुहुत्तद्धावसेसाउए जोगनिरोहं करेमाणे सुहुमकिरियं अप्पडिवाइ सुक्कज्झाणं झायमाणे तप्पढमयाए "मणजोगं निरुम्भइ निरुम्भित्ता, वइजोगं निरुम्भइ, निरुम्भित्ता, कायजोगं निरुम्भइ,निरुम्भित्ता आणापाणनिरोहं" करेइ, करित्ता ईसि पंचहस्सक्खरुच्चारणाद्धाए य णं अणगारे समुच्छिन्नकिरियं अनियट्टिसुक्कज्झाणं झियायमाणे वेयणिज्जं, आउयं, नामं, गोत्तं च एए चत्तारि वि कम्मंसे जुगवं खवेइ।

तओ ओरालियकम्माइं च सव्वाहिं विप्पजहणाहिं विप्पजहित्ता उज्जुसेढिपत्ते अफुसमाणगई उड्ढं एगसमएणं अविग्गहेणं तत्थ गन्ता सागारोवउत्ते सिज्झइ बुज्झइ मुच्चइ परिनिव्वाएइ सव्वदुक्खाणमन्तं करेइ।

—उत्त.अ. २९,सु.७३-७५

દર્શનાવરણીય કર્મની નવ અને અંતરાય કર્મની પાંચ – આ ત્રણે કર્મોની પ્રકૃતિઓનો એક સાથે ક્ષય કરે છે.

ત્યાર બાદ તે અનુત્તર, અનન્ત કૃત્સ્ન, પ્રતિપૂર્ણ, નિરાવરણ, અજ્ઞાન-તિમિર-રહિત, વિશુદ્ધ, લોક અને અલોકને પ્રકાશિત કરનાર કેવળજ્ઞાન અને કેવળદર્શનને પામે છે.

જ્યાં સુધી તે સયોગી રહે છે ત્યાં સુધી તેનો ઈર્યા-પથિક કર્મનો બન્ધ થાય છે. તે બન્ધ સુખસ્પર્શી (પુણ્યમય) હોય છે. તેની સ્થિતિ બે સમયની હોય છે.

પ્રથમ સમયમાં બંધ થાય છે, બીજા સમયમાં ઉદય થાય છે અને ત્રીજા સમયમાં તે નિર્જરી જાય છે. તે કર્મ ક્રમશઃ બદ્ધ થાય છે, સ્પૃષ્ટ થાય છે, ઉદયમાં આવે છે, ભોગવાય છે, નષ્ટ થાય છે અને અંતમાં અકર્મા બની જાય છે.

કેવળી થયા બાદ તે શેષ આયુષ્યનો નિર્વાહ કરે છે. જ્યારે અન્તર્મુહૂર્ત પરિમાણ આયુષ્ય શેષ રહે ત્યારે તે યોગ-નિરોધ કરવામાં પ્રવૃત્ત થાય છે. તે સમયે 'સૂક્ષ્મક્રિયા-અપ્રતિપાતિ' નામક શુક્લ ધ્યાનમાં લીન બની તે સર્વ પ્રથમ મનો-યોગનો નિરોધ કરે છે, ત્યાર બાદ વચન-યોગનો નિરોધ કરે છે. ત્યારબાદ આનાપાન (ઉચ્છ્વાસ-નિશ્વાસ)-નો નિરોધ કરે છે. ત્યારબાદ સ્વલ્પકાળ સુધી પાંચ હ્રસ્વાક્ષરો (અ ઇ ઉ ઋ લૃ) નાં ઉચ્ચારણ કાળ સુધી 'સમુચ્છિન્નક્રિયા – અનિવૃત્તિ' નામક શુક્લ ધ્યાનમાં લીન થયેલો અણગાર વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર – એ ચારે કર્મોનો એકીસાથે નાશ કરે છે.

ત્યાર બાદ તે ઔદારિક અને કાર્મણ શરીરનો સદા માટે સર્વથા પરિત્યાગ કરે છે. સંપૂર્ણ રૂપથી એ શરીરથી રહિત થઈ તે ઋજુ શ્રેણીને પામે છે અને એક સમયમાં અસ્પૃશદ્-ગતિરૂપ ઊર્ધ્વગતિથી એક પણ વળાંક વગર (અવિગ્રહ રૂપથી) સીધો ત્યાં લોકાગ્રમાં – જઈને સાકારોપયોગયુક્ત (જ્ઞાનોપયોગી અવસ્થામાં) સિદ્ધ બને છે, બુદ્ધ બને છે, મુક્ત બને છે, પરિનિર્વાણને પામે છે અને બધાં દુઃખોનો અંત કરે છે.

चउण्हं अण्ण उत्थियसद्दहण-णिरसणं—

चार अन्यतीर्थिकोनी श्रद्धानुं निरसन –

३१८. इह खलु पाईणं वा पडीणं वा उदीणं वा दाहिणं वा संति एगतिया मणुस्सा भवंति अणुपुव्वेण लोगं तं उववन्ना,

३१८. [श्रमण भगवान महावीर कहे छे] हे आयुष्मन् श्रमणो ! आ मनुष्योमां पूर्व, पश्चिम, उत्तर अने दक्षिण दिशाओमां केटलाक आर्य (क्षेत्रार्य आदि) होय छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तं जहा—आरिया वेगे, अणारिया वेगे, उच्चगोया वेगे णीयागोया वेगे, कायंता वेगे हस्समंता वेगे, सुवण्णा वेगे, दुव्वण्णा वेगे सुरूवा वेगे, कुरूवा वेगे।

અથવા કેટલાક અનાર્ય, (ધર્મથી વિમુખ, પાપી, નિર્દય, નિરનુકંપ, ક્રોધ-મૂર્તિ, અસંસ્કારી) હોય છે. કેટલાક ઉચ્ચગોત્રીય હોય છે, કેટલાક નીચગોત્રીય, કોઈ મોટી અવગાહનાવાળા (કદાવર શરીરવાળા) હોય છે, કોઈ ઓછી અવગાહનાવાળા (ઠિંગણા) હોય છે. કોઈ ઉત્તમ વર્ણવાળા હોય છે તો કોઈ કૃષ્ણવર્ણા, કોઈ સુંદર અંગોપાંગથી યુક્ત હોય છે, તો કોઈ બેડોળ-અપંગ હોય છે.

तेसिं च णं महं एगे राया भवति महाहिमवंतमलयमंदरमहिंदसारे अच्चंतविसुद्धरायकुलवंसप्पसूते निरंतररायलक्खणविरातियंगमंगे बहुजणबहुमाणपूजिते सव्वगुणसमिद्धे खत्ति मुदिए मुद्धाभिसित्ते,

એ મનુષ્યોમાં (વિલક્ષણ કર્મોદયથી) કોઈ રાજા બને છે. તે (રાજા) મહાન હિમવાન, મલયાચલ મન્દરાચલ તથા મહેન્દ્ર પર્વતની જેમ સામર્થ્યવાન અથવા વૈભવવાન હોય છે. તે અત્યંત વિશુદ્ધ રાજકુળમાં જન્મેલો હોય છે. તે સાંગોપાંગ રાજલક્ષણોથી સુશોભિત હોય છે. તેની ઘણા લોકો દ્વારા બહુમાન પૂર્વક પૂજા-પ્રતિષ્ઠા કરવામાં આવે છે. તે ગુણોથી સમૃદ્ધ હોય છે. તે ક્ષત્રિય (પીડિત પ્રાણીઓનો ત્રાતા – રક્ષક) હોય છે, તે સદા પ્રસન્ન રહે છે. તે રાજાનો રાજ્યાભિષેક કરેલો હોય છે.

माउं पिउं सुजाए दयपत्ते सीमंकरे सीमंधरे खेमंकरे खेमंधरे मणुस्सिंदे जणवदपिया जणवदपुरोहिते सेउकरे केउकरे

તે પોતાનાં માતાપિતાનો સુપુત્ર (આજ્ઞાંકિત) હોય છે. તે દયાપ્રિય હોય છે. તે જનતાની સુવ્યવસ્થા માટે સીમા – નૈતિક ધાર્મિક મર્યાદા – સ્થાપિત કરનાર હોય છે. તે જનતાનું પાલન કરનાર તથા યોગક્ષેમનું વહન – રક્ષણ કરનાર હોય છે. તે મનુષ્યોમાં ઇન્દ્ર સમાન, પ્રજાનો પિતા અને જનપદનો પુરોહિત (શાંતિ-રક્ષક) હોય છે. તે પોતાના રાજ્ય અથવા રાષ્ટ્રની સુખ-શાન્તિ માટે નદી, નહેર, પુલ, બાંધ ઇત્યાદિ નિર્માણ કરનાર અને ભૂમિ, ખેતર, બગીચા ઇત્યાદિની વ્યવસ્થા કરનાર હોય છે.

णरपवरे पुरिसवरे पुरिससीहे पुरिसआसीविसे पुरिसवरपोंडरीए पुरिसवरगंधहत्थी अड्ढे दित्ते वित्ते वित्थिण्णविउलभवण-सयणासण जाण-वाहणाइण्णे

તે માનવોમાં શ્રેષ્ઠ, પુરુષોમાં વરિષ્ઠ, પુરુષોમાં સિંહ સમાન, પુરુષોમાં આશીવિષ સર્પ સમાન, પુરુષોમાં શ્રેષ્ઠ પુંડરીક તુલ્ય, પુરુષોમાં શ્રેષ્ઠ ગન્ધહસ્તી સમાન હોય છે. તે અત્યંત ધનાઢ્ય, દેદીપ્યમાન (તેજસ્વી) અને પ્રસિદ્ધ પુરુષ હોય છે. તેની પાસે વિશાળ વિપુલ ભવન, શય્યા આસન, યાન (વિવિધ પાલખી આદિ) તથા વાહન (ઘોડા-ગાડી, રથ ઇત્યાદિ સવારીઓ તથા હાથી-ઘોડા આદિ) ની પ્રચુરતા રહે છે.

बहुधणबहुजातरूव-रयए आओगपओगसंपउत्ते विच्छड्डियपउरभत्त-पाणे बहुदासी-दास-गो-महिस-गवेलप्पभूते पडिपुण्णकोस-कोट्ठागाराउहधरे

તેનો કોષ (ખજાનો) પ્રચુર ધન, સોના, ચાંદી ઇત્યાદિથી ભરેલો રહે છે. તેને ત્યાં ઘણાં દ્રવ્યની આવક હોય છે અને જાવક પણ વધુ માત્રામાં હોય છે. તેને ત્યાંથી ઘણા લોકોને પર્યાપ્ત માત્રામાં ભોજન પાણી આપવામાં આવે છે. તેને ત્યાં અનેક દાસ-દાસી તથા ગાય, બળદ, ભેંસ, બકરી ઇત્યાદિ પશુઓ રહે છે. તેનો ધાન્યનો કોઠાર અન્નથી, ધનનો કોશ (ખજાનો) ઘણા દ્રવ્યથી અને શસ્ત્રશાલા અનેક શસ્ત્રોથી ભરેલાં રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

बलवं दुब्बलपच्चामित्ते
ओहयकंटकं निहयकंटकं मलियकंटकं उद्धिय-
कंटकं अकंटयं
ओहयसत्तू निहयसत्तू उद्धियसत्तू निज्जियसत्तू
पराइयसत्तू ववगयदुब्भिक्खमारिभयविमुक्कं,

તે શક્તિશાળી હોય છે. તે પોતાના શત્રુઓને દુર્બળ (પરાજિત) બનાવે છે. તેના રાજ્યમાં કંટક-ચોર, વ્યભિચારીઓ, લુટારુઓ તથા ઉપદ્રવ કરનારાનો અને દુષ્ટોનો નાશ કરવામાં આવે છે તેમનું અહમ્ ઓગાળવામાં આવે છે અથવા તેમના દાંતિયા ભાંગી નાખવામાં આવે છે. તેના રાજ્યમાં શત્રુઓને જીતી લેવામાં આવે છે. તેઓને પરાજિત કરવામાં આવે છે, તેનું રાજ્ય દુર્ભિક્ષ અને મહામારી ઇત્યાદિના ભયથી વિમુક્ત થાય છે.

रायवण्णओ जहा उववाइए-जाव-पसंतडिंबमरं
रज्जं पसासेमाणे विरहति ।

[અહીંથી લઈને] 'સ્વચક્ર-પરચક્રના ભયથી રહિત થઈ ગયો છે એવા રાજ્યનું પાલન કરતો તે રાજા વિચરણ કરે છે.' [અહીં સુધીનો પાઠ 'ઔપપાતિક સૂત્ર'માં વર્ણિત પાઠની જેમ સમજવો જોઈએ.]

तस्स णं रण्णो परिसा भवति—
उग्गा उग्गपुत्ता भोगा भोगपुत्ता इक्खागा
इक्खागपुत्ता नाया नायपुत्ता
कोरव्वा कोरव्वपुत्ता भडा भडपुत्ता माहणा
माहणपुत्ता लेच्छई लेच्छइपुत्ता पसत्थारो
पसत्थपुत्ता सेणावती सेणावतीपुत्ता ।
सूय. सु.२, अ.१, सु. ६४६-६४७ (क)

તે રાજાની પરિષદ (સભા) હોય છે. તેમાં આ જાતના સભાસદો હોય છે—ઉગ્રકુળમાં ઉત્પન્ન અને ઉગ્રપુત્ર, ભોગકુળમાં જન્મેલ અને ભોગપુત્ર, ઇક્ષ્વાકુ કુળમાં ઉત્પન્ન અને ઈક્ષ્વાકુપુત્ર, જ્ઞાતકુળમાં ઉત્પન્ન અને જ્ઞાતપુત્ર, કુરુકુળમાં ઉત્પન્ન અને કુરુ-પુત્ર, તથા કૌરવપુત્ર, સુભટકુળમાં ઉત્પન્ન અને સુભટપુત્ર, બ્રાહ્મણકુળમાં ઉત્પન્ન અને બ્રાહ્મણપુત્ર, લિચ્છવી નામક ક્ષત્રિયકુળમાં ઉત્પન્ન અને લિચ્છવી-પુત્ર, મંત્રી આદિ બુદ્ધિજીવી વર્ગ અને મંત્રી આદિના પુત્ર, સેનાપતિ અને સેનાપતિપુત્ર આદિ સર્વ તેની સભાના સભાસદો હોય છે.

पढमं तज्जीवतच्छरीरवाइए सद्दहण णिरसणं—

પ્રથમ તજ્જીવ તત્ શરીરવાદીની શ્રદ્ધાનું નિરસન-

३१९. तेसिं च णं एगतिए सड्ढी, कामं त समणा
य माहणा य पहारेंसु गमणाए,
तत्थऽन्नतरेणं धम्मेणं पण्णत्तारो वयमेतेणं
धम्मेणं पण्णवइस्सामो,

३१९. [એવા રાજાઓમાંથી] કોઈ [રાજા] ધર્મમાં શ્રદ્ધાળુ હોય છે. તે ધર્મ-શ્રદ્ધાળુની પાસે કોઈ શ્રમણ અથવા બ્રાહ્મણ (માહણ) ધર્મપ્રરૂપણાની ઇચ્છાથી જવાનો નિશ્ચય (નિર્ધાર) કરે છે. કોઈ એક ધર્મની શિક્ષા દેનાર તે શ્રમણ અને બ્રાહ્મણ એવો નિશ્ચય કરે છે કે અમે એ ધર્મશ્રદ્ધાળુ પુરુષ સમક્ષ અમારા આ (ઇચ્છિત) ધર્મની પ્રરૂપણા કરીશું.

से एवमायाणह भयंतारो जहा मे एस धम्मे
सुयक्खाते सुपण्णत्ते भवति ।

તેઓ એ ધર્મશ્રદ્ધાળુ પુરુષની પાસે જઈ કહે છે, 'હે સંસારભીરુ ! ધર્મપ્રેમી ! અથવા ભયથી ભયભીત બનેલી જનતાના રક્ષક મહારાજ ! હું જે પણ ઉત્તમ ધર્મનું સ્વરૂપ બતાવું છું, તેને જ આપ પૂર્વ પુરુષો દ્વારા સમ્યક્ પ્રકારથી કથિત અને સુપ્રજ્ઞપ્ત (સત્ય) સમજો.

तं जहा—उड्ढं पादतला अहे केसग्गमत्थया
तिरियं तयपरियंते जीवे,
एस आयपज्जवे कसिणे,
एस जीवे जीवति, एस मए णो जीवति,

તે ધર્મ આ પ્રમાણે છે—પગના તળિયેથી ઉપર અને માથાના વાળ પર્યન્ત તથા તિરછા-ચામડી સુધી જે શરીર છે તે જ જીવ છે. એ શરીર જ જીવનો સંપૂર્ણ પર્યાય (અવસ્થાવિશેષ અથવા પર્યાયવાચી શબ્દ) છે. [કારણ કે] આ શરીર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सरीरे चरमाणे चरति, विणट्ठम्मि य णो चरति, एतं तं जीवितं भवति,

જ્યાં સુધી જ આ જીવ જીવે છે. શરીર મરણ પામ્યા બાદ એ જીવતું નથી. શરીર સ્થિર રહે ત્યાં સુધી જ આ જીવ સ્થિત રહે અને શરીર નષ્ટ થવાથી જીવનો નાશ થાય છે. તેથી જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી આ જીવન (જીવ) છે.

आदहणाए परेहिं णिज्जति,
अगणिझामिते सरीरे कवोत-वण्णाणि अट्ठीणी भवंति,
आसंदीपंचमा पुरिसा गामं पच्चागच्छति ।
एवं असतोअसंविज्जमाणे ।[1]

શરીર સાથે જ જીવન પૂર્ણ થાય છે, ત્યારે બીજા લોકો એને બાળવા લઈ જાય છે. અગ્નિથી શરીર બળી જવાથી હાડકાં કપોત વર્ણનાં (રાખોડી રંગનાં) થઈ જાય છે. ત્યારબાદ મૃત દેહને શ્મશાન ભૂમિમાં પહોંચાડનાર જઘન્ય (ઓછામાં ઓછા) ચાર પુરુષ જે મૃતદેહને ઉપાડી ગયા હતા તે માંચી (ઠાઠડીને) લઈ પોતાના ગામમાં પાછા ફરે છે. એવી સ્થિતિમાં આ સ્પષ્ટ છે કે શરીરથી ભિન્ન કોઈ જીવ નામક દ્રવ્ય નથી કારણ કે તે શરીરથી ભિન્ન જીવ પ્રતીત થતો નથી. (તેથી જે લોકો શરીર અને જીવને જુદાજુદા માનતા નથી તેમનો આ પૂર્વોક્ત સિદ્ધાંત યુક્તિયુક્ત સમજવો.)

जेसिं तं सुयक्खायं भवति—"अन्नो भवति जीवो अन्नं सरीरं"
तम्हा ते एवं नो विप्पडिवेदेंति—

પરંતુ જે લોકો યુક્તિપૂર્વક એવું પ્રતિપાદન કરે છે કે જીવ પૃથક્ છે અને શરીર પૃથક્ છે તે આ પ્રમાણે (જીવ અને શરીરને) પૃથક્ પૃથક્ કરીને નથી બતાવી શકતા કે –

अयमाउसो ! आता दीहे ति वा हस्से ति वा परिमंडले ति वा वट्टे ति वा तंसे ति वा चउरंसे ति वा छलंसे ति वा अट्ठंसे ति वा आयते ति वा
कण्हे ति वा णीले ति वा लोहिते ति वा हालिद्दे ति वा सुब्भिगंधे ति वा दुब्भिगंधे ति वा तित्ते ति वा कडुए ति वा कसाए ति वा अंबिले ति वा महुरे ति वा कक्खडे ति वा मउए ति वा गरुए ति वा सिते ति वा उसिणे ति वा णिद्धे ति वा लुक्खे ति वा।
एवमसतेा असंविज्जमाणे ।

આ આત્મા દીર્ઘ (લાંબો) છે કે હ્રસ્વ (નાનો અને ઠીંગણો) છે. તે ચન્દ્રમાની જેમ ગોળાકાર છે અથવા દડાની જેમ ગોળ છે ? તે ત્રિકોણ છે કે ચતુષ્કોણ છે ? પહોળો છે કે સાંકડો છે ? તે ષટકોણ છે કે અષ્ટકોણ છે ? તે કાળો છે, લીલો છે, લાલ છે, પીળો છે, શ્વેત છે ? તે સુગંધિત છે કે દુર્ગન્ધિત ? તે તીખો છે કે કડવો, ખાટો કે મીઠો છે ? તે કર્કશ છે કે કોમળ છે ? ભારે (ગુરુ) છે કે હલકો(લઘુ) ? તે ઠંડો છે કે ગરમ છે ? સ્નિગ્ધ છે કે રુક્ષ છે ?

માટે જે લોકો જીવને શરીરથી ભિન્ન નથી માનતા એમનો મત જ યુક્તિસંગત છે.

जेसिं तं सुयक्खायं भवति "अन्नो जीवो अन्नं सरीरं", तम्हा ते णो एवं उवलभंति—

જે લોકોનું આમ કહેવું છે કે 'જીવ અન્ય છે અને શરીર અન્ય છે.' તે આ પ્રમાણે જીવને ઉપલબ્ધ (પ્રાપ્ત) કરી શકતા નથી.

से जहानामए केइ पुरिसे कोसीतो असिं अभिनिव्वट्टित्ताणं उवदंसेज्जा—
अयमाउसो ! असी अयं कोसीए,

જેમ કે કોઈ વ્યક્તિ મ્યાનમાંથી તલવાર બહાર કાઢીને બતાવતો કહે છે કે 'આયુષ્મન્, આ તલવાર છે અને આ મ્યાન છે.' એમ બંને જુદા બતાવી શકે છે. એ જ પ્રમાણે કોઈ પુરુષ એવો નથી જે

---

૧. पत्तेण कसिणे आया जे बाला जे य पंडिता, संति पेच्चा णं ते संति णत्थि सत्तोवपातिया ।
णत्थि पुण्णे व पावे वा णत्थि लोए इतो परे, सरीरस्स विणासेणं विणासो होति देहिणो ।।

સૂય.સુ.૧, અ.૧, ઉ.૧, ગા.૧૧-૧૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एवमेव णत्थि केइ अभिनिव्वट्टित्ताणं उवदंसेति —अयमाउसो ! आता अयं सरीरे ।

से जहाणामए केइ पुरिसे मुंजाओ इसीयं अभिनिव्वट्टित्ताणं उवदंसेज्जा—

अयमाउसो ! मुंजो, अयं इसीया,
एवामेव नत्थि केति उवदंसेत्तारो-अयमाउसो !
आता इदं सरीरे ।

से जहाणामए केति पुरिसे मंसाओ अट्ठिं अभिनिव्वट्टित्ताणं उवदंसेज्जा—

अयमाउसो ! मंसे, अयं अट्ठी,
एवामेव नत्थि केति उवदंसेत्तारो—अयमाउसो ! आया, इदं सरीरं ।

से जहानामए केति पुरिसे करतलाओ आमलकं अभिनिव्वट्टित्ताणं उवदंसेज्जा—
अयमाउसो ! करतले, अयं आमलए,
एवामेव णत्थि केति उवदंसेत्तारो—अयमाउसो ! आया इदं सरीरं ।

से जहाणामए केइ पुरिसे दहीओ णवणीयं अभिनिव्वट्टित्ताणं उवदंसेज्जा—
अयमाउसो ! णवणीयं, अयं दही,
एवामेव नत्थि केति उवदंसेत्तारो जाव सरीरं ।

से जहानामए केति पुरिसे तिलेहिंतो तेल्ले अभिनिव्वट्टित्ताणं अयमाउसो ! तेल्ले अयं पिण्णाए,
उवदंसेज्जा—
एवामेव-जाव-सरीरं ।

से जहानामए केइ पुरिसे उक्खूतो खोतरसं अभिनिव्वट्टेत्ताणं उवदंसेज्जा—अयमाउसो ! खोतरसे, अयं चोए, एवमेव-जाव-सरीरं ।

से जहानामए केइ पुरिसे अरणीतो अग्गिं अभिनिव्वट्टेत्ताणं
उवदंसेज्जा—
अयमाउसो ! अरणी, अयं अग्गी,
एवामेव-जाव-सरीरं ।

શરીરથી જીવને પૃથક્ કરી બતાવી શકે કે 'આયુષ્માન્ ! આ આત્મા છે અને (તેનાથી ભિન્ન) આ શરીર છે.'

જેમ કે કોઈ પુરુષ મુંજ નામક ઘાસમાંથી તણખલાની ઈષિકા (કોમળ સ્પર્શવાળી શલાકા-સળી) બહાર કાઢી અલગ-અલગ બતાવી શકે કે આયુષ્મન્ ! આ તો મુંજ છે અને આ તણખલાની ઈષિકા-સળી છે. આ પ્રમાણે એવો કોઈ ઉપદર્શક પુરુષ નથી કે જે એવું બતાવી શકે કે આયુષ્મન્ ! આ આત્મા છે અને આ (તેનાથી પૃથક્) શરીર છે.

જેમ કોઈ પુરુષ માંસમાંથી હાડકાંને અલગ-અલગ કરી બતાવે કે 'આયુષ્માન્ ! આ માંસ અને આ હાડકાં છે.' એ જ પ્રમાણે કોઈ એવો ઉપદર્શક પુરુષ નથી જે શરીરથી આત્માને અલગ કરી બતાવી દે કે 'આયુષ્મન્ ! આ તો આત્મા છે અને આ શરીર છે.'

જેમ કોઈ પુરુષ હથેળીમાંથી આંબળાને બહાર કાઢી બતાવી દે કે આયુષ્માન્ ! આ હથેળી છે અને આ આમળું છે. એ જ પ્રમાણે કોઈ એવો પુરુષ નથી જે શરીરથી આત્માને પૃથક કરી બતાવે કે આયુષ્માન્ ! આ આત્મા છે અને આ (તેનાથી પૃથક્) શરીર છે.

કોઈ પુરુષ દહીંથી નવનીત (માખણ) અલગ કરી બતાવી દે કે 'આયુષ્માન્ ! આ નવનીત છે અને આ દહીં છે.' આ પ્રમાણે કોઈ એવો પુરુષ નથી કે જે શરીરથી આત્માને પૃથક કરી બતાવે કે 'આયુષ્માન્ ! આ આત્મા છે અને આ શરીર છે.'

જેમ કોઈ પુરુષ તલમાંથી તેલ બહાર કાઢી પ્રત્યક્ષ બતાવી દે કે 'આયુષ્મન્ ! આ તેલ છે અને આ તલનો ખોળ છે.' એ જ પ્રમાણે કોઈ એવો પુરુષ નથી કે જે શરીરને આત્માથી પૃથક કરી બતાવે કે 'આયુષ્મન્ ! આ આત્મા છે અને આ આત્માથી પૃથક્ શરીર છે.'

જેમ કોઈ પુરુષ શેરડીમાંથી તેનો રસ અલગ કરી બતાવી દે કે 'આયુષ્મન્ ! આ શેરડીનો રસ છે અને આ તેનાં ફોતરાં છે.' એ જ પ્રમાણે એવો કોઈ પુરુષ નથી કે જે શરીર અને આત્માને અલગ-અલગ કરી બતાવે કે 'આયુષ્મન્ ! આ આત્મા છે અને આ અલગ તે શરીર છે.'

જેમ કોઈ પુરુષ અરણિના લાકડામાંથી અગ્નિ બહાર કાઢી પ્રત્યક્ષ બતાવી દે કે 'આયુષ્મન્ ! આ અરણિ છે. અને આ આગ છે' એ જ પ્રમાણે કોઈ વ્યક્તિ એવી નથી કે જે શરીર અને આત્માને પૃથક્ કરી બતાવી દે કે 'આયુષ્મન્ ! આ આત્મા છે અને આ તેથી ભિન્ન શરીર છે.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एवं असतेा असंविज्जमाणे ।
जेसिं तं सुयक्खातं भवति तं जहा—"अन्नो जीवो अन्नं सरीरं" तम्हा तं मिच्छा ।

માટે આત્મા શરીરથી પૃથક્ ઉપલબ્ધ થતેા નથી, એ જ વાત યુક્તિયુક્ત છે. આ પ્રમાણે (વિવિધ યુક્તિઓથી આત્માનેા અભાવ સિદ્ધ હેાવા છતાં પણ) જે પૃથગાત્મવાદી (સ્વદર્શનાનુરાગવશ) વારંવાર પ્રતિપાદન કરે છે, કે 'આત્મા અલગ છે, શરીર અલગ છે' પૂર્વોક્ત કારણેાથી એમનું એ કથન મિથ્યા છે.

से हंता

આ પ્રમાણે શરીરથી જુદેા આત્માને ન માનનારા તજ્જીવતચ્છરીરવાદી લેાકાયતિક આદિ સ્વયં જીવેાનું (નિઃસંકેાચ) હનન કરે છે, [તથા બીજાને પણ ઉપદેશ આપે છે-]

हणह खणह छणह दहह पयह आलुंपह विलुंपह सहसक्कारेह विपरामुसह,

આ જીવેાને મારેા, આ પૃથ્વી ખેાદી નાખેા, આ વનસ્પતિ કાપી નાખેા, આ બાળી નાખેા, આ પકાવેા, આને લૂંટી લેા અથવા આનું હરણ કરેા. આને કાપી નાખેા અથવા નષ્ટ કરી દેા. વગર વિચારે એકાએક વધ કરી નાખેા, આને પીડિત [હેરાન] કરેા ઇત્યાદિ.

एत्ताव ताव जीवे, णत्थि परलोए,

કારણ કે, શરીર માત્ર જ જીવ છે. તેથી ભિન્ન કેાઈ પરલેાક નથી. (માટે યેાગ્ય સુખનેા ઉપભેાગ કરેા.)

ते णो एवं विप्पडिवेदेंति, तं जहा—किरिया इ वा अकिरिया इ वा, सुक्कडे ति वा दुक्कडे ति वा, कल्लाणे ति वा पावए ति वा, साहू ति वा असाहू ति वा, सिद्धि ति वा असिद्धि ति वा, निरए ति वा अनिरए ति वा ।

એ શરીરાત્મવાદી આગળ કહેલ સક્રિયા અથવા અક્રિયા, સુકૃત અથવા દુષ્કૃત, કલ્યાણ (પુણ્ય) અથવા પાપ, સારું અથવા ખરાબ, સિદ્ધિ કે અસિદ્ધિ, નરક અથવા સ્વર્ગ ઇત્યાદિને માનતા નથી.

एवं ते विरूवरूवेहिं कम्मसमारंभेहिं विरूवरूवाइं कामभोगाइं समारंभंति भोयणाए ।

આ પ્રમાણે એ શરીરાત્મવાદી અનેક અનેક પ્રકારના કર્મસમારમ્ભ વડે વિવિધ પ્રકારના કામભેાગેાનું સેવન કરે છે અથવા વિષયેાનેા ઉપભેાગ કરવા માટે અનેક પ્રકારનાં દુષ્કૃત્યેા કરે છે.

एवं पेगे पागब्भिया निक्खम्म मामगं धम्मं पण्णवेति ।

આ પ્રમાણે શરીરથી ભિન્ન આત્મા નથી એવું માનવાની ધૃષ્ટતા કરનાર કેટલાક નાસ્તિકેા પેાતાના મતાનુસાર પ્રવજ્યા ધારણ કરી 'મારેા જ ધર્મ સત્ય છે' એવી પ્રરૂપણા કરે છે.

तं सद्दहमाणा तं पत्तियमाणा तं रोएमाणा

આ શરીરાત્મવાદમાં શ્રદ્ધા રાખતા, પ્રતીતિ કરતા, રુચિ રાખતા, કેાઈ રાજા આદિ તે શરીરાત્મવાદીને કહે છે....

साधु सुयक्खाते समणे ति वा माहणे ति वा, कामं खलु आउसो ! तुमं पूययामो, तं जहा—असणेण वा पाणेण वा खाइमेण वा साइमेण वा वत्थेण वा पडिग्गहेण वा कंबलेण वा पायपुंछणेण वा,

'હે શ્રમણ અથવા બ્રાહ્મણ! તમે મને આ તજ્જીવ-તચ્છરીરવાદ રૂપ ઉત્તમ ધર્મ સંભળાવ્યેા તે ખૂબ જ સારું કર્યું. હે આયુષ્મન્! હું આપની પૂજા (સત્કાર-સન્માન) કરું છું જેમ કે... હું અન્ન, પાન, ખાદ્ય, સ્વાદ્ય, વસ્ત્ર, પાત્ર, કમ્બલ, પાદ-પુંછન વિગેરે દ્વારા આપનું સન્માન કરું છું.'

तत्थेगे पूयणाए समाउट्ठिंसु तत्थेगे पूयणाए निगामइंसु ।

આમ કહેતાં કેટલાક રાજાઓ તેની પૂજામાં પ્રવૃત્ત બને છે. એ શરીરાત્મવાદી પેાતાની પૂજા-પ્રતિષ્ઠામાં પ્રવૃત્ત થઈ જાય છે. અને એ સ્વમત સ્વીકારનાર રાજા આદિને પેાતાની પૂજા-પ્રતિષ્ઠા માટે પેાતાના મત-સિદ્ધાન્તમાં દૃઢ (પાકા અથવા કટ્ટર) કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पुव्वामेव तेसिं णायं भवति—समणा भविस्सामो अणगारा अकिंचणा अपुत्ता अपसू परदत्तभोइणो भिक्खुणो पावं कम्मं णो करिस्सामो समुट्ठाए ते अप्पणा अप्पडिविरया भवंति, सयमाइयंति अन्ने वि आदियावेन्ति अन्नं पि आतियंतं समणुजाणंति,

એ શરીરાત્મવાદીઓએ પ્રથમ તો એ પ્રતિજ્ઞા કરી હોય છે કે 'અમે અણગાર (ઘરબારના ત્યાગી), અકિંચન (દ્રવ્યાદિ રહિત), પુત્ર રહિત (પુત્રાદિના ત્યાગી), પશુ રહિત (પશુ આદિના સ્વામિત્વથી રહિત), બીજાએ આપેલી ભિક્ષાથી નિર્વાહ કરનાર ભિક્ષુ બનીશું. અમે પાપ કર્મ (સાવદ્ય કાર્ય) કરીશું નહિ.' આ પ્રમાણે પ્રતિજ્ઞા સહિત તેઓ સ્વયં દીક્ષા ગ્રહણ કરીને પણ પાપકર્મોથી નિવૃત્ત થતા નથી. તેઓ સ્વયં પરિગ્રહનો સ્વીકાર કરે છે; બીજા પાસે સ્વીકાર કરાવે છે અને પરિગ્રહ સ્વીકારનારનું અનુમોદન કરે છે.

एवामेव ते इत्थिकामभोगेहिं मुच्छिया गिद्धा गढिता अज्झोववन्ना लुद्धा रागदोसत्ता, ते णो अप्पाणं समुच्छेदेंति, नो परं समुच्छेदेंति, नो अण्णाइं पाणाइं भूताइं जीवाइं सत्ताइं समुच्छेदेंति,

આ પ્રમાણે તેઓ સ્ત્રી તથા અન્ય કામભોગોમાં આસક્ત, મૂઢ, અત્યધિક ઇચ્છા અને લાલસાથી યુક્ત, લુબ્ધ (લોભી), રાગ-દ્વેષને વશીભૂત, અને આર્ત (ચિન્તાતુર) બની જાય છે. તેઓ પોતાના આત્માને સંસારથી અથવા કર્મપાશથી (બન્ધનથી) મુક્ત કરી શકતા નથી તેમ જ ઉપદેશાદિથી બીજાને મુક્ત કરાવી શકતા નથી અને અન્ય પ્રાણી, ભૂત, જીવ કે સત્વને મુક્ત કરી શકતા નથી,

पहीणा पुव्वसंजोगं, आयरियं मग्गं असंपत्ता इति ते णो हव्वाए णो पाराए, अंतरा कामभोगेसु विसण्णा।

તેઓ પોતાનાં સ્ત્રી-પુરુષ, ધન-ધાન્ય આદિથી દૂર થયેલા છે અને આર્ય માર્ગથી પણ દૂર થઈ જાય છે, તેથી તેઓ આ લોકના રહેતા નથી અને પરલોકના પણ રહેતા નથી અને વચ્ચે જ કામભોગ રૂપી કાદવમાં ફસાઈ જાય છે.

इति पढमे पुरिसजाते तज्जीव-तस्सरीरिए आहिते। —सूय.सु.२, अ.१, सु. ६४७-६५३

આમ પ્રથમ પુરુષ તજ્જીવ-તચ્છરીરવાદીનું કથન થયું.

बिइयं पंचमहब्भूयवाइए सद्दहणणिरसणं—

બીજા પંચમહાભૂતવાદીની શ્રદ્ધાનું નિરસન—

३२०. अहावरे दोच्चे पुरिसजाते पंचमहब्भूतिए ति आहिज्जति।

इह खलु पाईणं वा-जाव-संतेगतीया मणुस्सा भवंति अणुपुव्वेणं लोयं उववण्णा, तं जहा—आरिया वेगे-जाव-दुरूवा वेगे। तेसिं च णं महं एगे राया भवती महया एवं चेव णिरवसेसं-जाव-सेणावतिपुत्ता।

३२०. પૂર્વોક્ત પ્રથમ પુરુષથી ભિન્ન બીજો પુરુષ પંચમહાભૂતિક કહેવાય છે.

આ મનુષ્યલોકની પૂર્વ યાવત્ ઉત્તર દિશામાં મનુષ્ય રહે છે. તે ક્રમથી અનેક રૂપોમાં મનુષ્યલોકમાં ઉત્પન્ન થાય છે. જેમ કે... કોઈ આર્ય થાય છે, કોઈ અનાર્ય યાવત્ કોઈ કુરૂપ આદિ થાય છે. એ મનુષ્યોમાંથી કોઈ એક મહાન પુરુષ રાજા થાય છે. એ રાજા પૂર્વસૂત્રોક્ત વિશેષણો મહાન્ હિમવાન્-ઇત્યાદિથી સહિત હોય છે. અને તેની રાજપરિષદ્ યાવત્ સેનાપતિ ઇત્યાદિથી સહિત હોય છે.

तेसिं च णं एगतीए सद्धी भवति, कामं तं समणा य माहणा य पहारिंसु गमणाए। तत्थऽण्णतरेणं धम्मेणं पन्नत्तारो वयमिमेणं धम्मेणं पन्नइवस्सामो,

એ સભાસદોમાંથી કોઈ પુરુષ ધર્મશ્રદ્ધાળુ હોય છે. શ્રમણ અને માહણ (બ્રાહ્મણ) તેની પાસે જવાનો નિશ્ચય કરે છે. તે કોઈ એક ધર્મની શિક્ષા આપનાર અન્યતીર્થિક શ્રમણ અને માહણ રાજા આદિને કહે છે....
"અમે આપને ઉત્તમ ધર્મનું સ્વરૂપ બતાવીશું."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

से एवमायाणह भयंतारो ! जहा मे एस धम्मे सुअक्खाए सुपण्णत्ते भवति ।

ત્યાર બાદ તેઓ કહે છે 'હે ભય-ત્રાતા ! પ્રજાના ભયનો અંત કરનાર રાજન ! હું જે પણ આપને ઉત્તમ ધર્મનું સ્વરૂપ સમજાવીશ, તે જ પૂર્વપુરુષો દ્વારા સમ્યગ્ પ્રકારે કહેવાયેલ અને સુપ્રજ્ઞપ્ત (સત્ય) ધર્મ છે.'

इह खलु पंच महब्भूता जेहिं नो कज्जति किरिया ति वा अकिरिया ति वा, सुकडे ति वा दुकडे ति वा कल्लाणे ति वा पावए ति वा साहु ति वा असाहु ति वा, सिद्धी ति वा असिद्धी ति वा णिरए ति वा अणिरए ति वा अवि यंतसो तणमातमवि ।

આ જગતમાં પાંચ મહાભૂત જ સર્વેસર્વા છે. જેનાથી જ આપણી ક્રિયા, અક્રિયા, સુકૃત, દુષ્કૃત, પુણ્ય, પાપ, સારું, ખરાબ, સિદ્ધિ, અસિદ્ધિ, નરક-ગતિ, નરક સિવાય અન્ય ગતિ વ. થાય છે. વધારે શું કહેવું, તણખલાનું વળવું— જેવી ક્રિયા પણ આ પાંચ મહાભૂતોથી જ થાય છે.

तं च पदुद्देसेणं पुढोभूतसमवातं जाणेज्जा, तं जहा—

આ પાંચ મહાભૂતોનો સમૂહ જ પૃથક્ પૃથક્ નામથી ઓળખાય છે. જેમ કે...

पुढवी एगे महब्भूते, आउ दोच्चे महब्भूते, तेऊ तच्चे महब्भूते, वाउ चउत्थे महब्भूते, आगासे पंचमे महब्भूते ।

પૃથ્વી એક મહાભૂત છે, પાણી બીજો મહાભૂત છે, ત્રીજો મહાભૂત તેજ (અગ્નિ) છે, વાયુ ચોથો મહાભૂત છે, અને આકાશ પાંચમો મહાભૂત છે.

इच्चेते पंच महब्भूता अणिम्मिता अणिम्मेया अकडा णेा कित्तिमा णो कडगा अणादिया अणिधणा अवंझा अपुरोहिता सतंता सासता ।

એ પાંચ મહાભૂત કોઈ કર્તા દ્વારા નિર્મિત નથી. તથા અન્ય કોઈ કર્તા દ્વારા નિર્માણ કરાવેલ નથી. તે અકૃત છે, અકૃત્રિમ છે, અને અકૃર્તક છે. અનાદિ છે. શાશ્વત છે અને સમસ્ત કાર્યોના કરનાર છે. તેમને કાર્ય કરવાની પ્રેરણા આપનાર કોઈ નથી. તે સ્વતંત્ર અને શાશ્વત [નિત્ય] છે.

आयछट्ठा पुण एगे, एवमाहु—

કોઈ (સાંખ્યવાદી) પંચમહાભૂત અને છઠ્ઠા આત્માનો સ્વીકાર કરે છે. તેઓ આ પ્રમાણે કહે છે કે-

सतेा णत्थि विणासो, असतेा णत्थि संभवो। एताव ताव जीवकाए, एताव ताव अत्थिकाए, एताव ताव सव्वालोए, एतं मुहं लोगस्स कारणयाए, अवि यंतसो तणमा तमवि ।

સતનો વિનાશ થતો નથી અને અસતની ઉત્પત્તિ થતી નથી. (તે પંચમહાભૂતવાદી કહે છે. ... પંચમહાભૂત રૂપ જ જીવકાય છે. તે જ (પાંચ મહાભૂતોનું અસ્તિત્વ માત્ર) અસ્તિકાય છે, તે જ (પંચમહાભૂત રૂપ જ) સંપૂર્ણ જીવલોક છે. આ પંચમહાભૂત જ લોકનું મુખ્ય કારણ છે. એટલે સુધી કે તણખલાનું કંપન પણ આ પંચમહાભૂતોના કારણથી જ થાય છે.'

से किणं किणावेमाणे, हणं घातमाणे, पचं पयावेमाणे, अवि अंतसो पुरिसमवि चिक्किणित्ता घायइत्ता, एत्थ वि जाणाहि णत्थि एत्थ दोसेा ।[1]

(આ દૃષ્ટિથી આત્મા અસત્ કે અકિંચિત્ કર હોવાથી) "પોતે ખરીદે તથા બીજા પાસે ખરીદાવે, પ્રાણીઓનો સ્વયં ઘાત કરે તથા બીજા પાસે ઘાત કરાવે, સ્વયં પકાવે તથા બીજા પાસે પકાવરાવે (ઉપ-લક્ષણથી આ સર્વ અસદ્ અનુષ્ઠા-નોનું અનુમોદન કરતાં) ત્યાં સુધી કે સર્વ ક્રિયાઓ કરવા-કરાવવામાં પુરુષ દોષનો ભાગી બનતો નથી.

જે કોઈ પુરુષ ઉપર્યુક્ત ક્રિયાઓ કરે, તેને દોષી ન સમજો.

१, संति पंच महब्भूया इहमेगेसिमाहिया । पुढवी आऊ तेउ वाउ आगास पंचमा ।
एते पंच महब्भूया तेब्भो एगो त्ति आहिया, अह एसिं विणासे उ विणासो होइ देहिणो ॥
सूय. सु.१, अ. १, उ.१, गा. ७-८

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ते णो एतं विप्पडिवेदेंति, तं जहा—किरिया ति वा-जाव-अणिरए ति वा ।

एवामेव ते विरूवरूवेहिं कम्मसमारंभेहिं विरूवरूवाइं कामभोगाइं समारभंति भोयणाए। एवामेव ते अणारिया विप्पडिवण्णा तं सद्दहमाणा पत्तियमाणा-जाव-इति ते णो हव्वाए णो पाराए, अंतरा कामभोगेसु विसण्णा ।

તે (પંચમહાભૂતવાદીઓ) ક્રિયાથી લઈ નરકથી જુદી ગતિ સુધીના [પૂર્વોક્ત] પદાર્થોને માનતા નથી.

આ પ્રમાણે તેઓ અનેક પ્રકારનાં સાવદ્ય કાર્યો દ્વારા કામભોગોની પ્રાપ્તિ માટે હંમેશાં આરંભ સમારંભમાં પ્રવૃત્ત રહે છે. માટે તે અનાર્ય (આર્ય-ધર્મથી દૂર) વિપરીત વિચારવાળા છે. આ પંચમહાભૂતવાદીઓના ધર્મ (દર્શન)માં શ્રદ્ધા રાખનારા અને અનેક ધર્મને સત્ય માનનારા રાજા આદિ (પૂર્વોક્ત પ્રકારથી તેમની પૂજા-પ્રશંસા તથા આદર સત્કાર કરે છે, વિષયભોગ-સામગ્રી તેમને ભેટ કરે છે. આ પ્રમાણે સાવદ્ય અનુષ્ઠાનમાં પણ અધર્મ ન માનનારા તે પંચમહાભૂતવાદીઓ (સ્ત્રી સમ્બન્ધી કામભોગોમાં મૂર્ચ્છિત બની) નથી તો લોકના રહેતા અને નથી તો પરલોકના રહેતા. ઉભયભ્રષ્ટ થઈ પૂર્વવત્ વચ્ચમાં જ કામ-ભોગોમાં ફસાય છે અને અન્યને ફસાવે છે.

दोच्चे पुरिसज्जाए पंचमहब्भूतिए त्ति आहिते ।
—सूय. सु. २, अ. १, सु. ६५४-६५८

આ બીજો પુરુષ પંચમહાભૂતિક કહ્યો છે.

तइयं ईसरकारणीय वाइए सद्दहण-णिरसणं—

તૃતીય ઈશ્વરકારણિકવાદીની શ્રદ્ધાનું નિરસન –

३२१. अहावरे तच्चे पुरिसज्जाते ईसरकारणिए त्ति आहिज्जइ ।

३२१. બીજા પંચમહાભૂતિક પુરુષ પછી ત્રીજો પુરુષ 'ઈશ્વરકારણિક' કહેવાય છે.

इह खलु पाईणं वा-जाव-उदीणं वा संतेगतिया मणुस्सा भवंति अणुपुव्वेणं लोयं उववन्ना, तं जहा—आरिया वेगे-जाव-तेसिं च णं महंते एगे राया भवति-जाव-सेणावति-पुत्ता ।

આ માનવલોકમાં પૂર્વ યાવત્ ઉત્તર દિશા-ઓમાં ઘણા મનુષ્ય હોય છે, જે ક્રમશઃ આ લોકમાં ઉત્પન્ન છે. જેમ કે, તેમાંથી કોઈ આર્ય હોય છે, કોઈ અનાર્ય ઇત્યાદિ. પૂર્વસૂત્રોક્ત સંપૂર્ણ વર્ણન અહીં બધું લેવું જોઈએ. તેમાંથી કોઈ એક શ્રેષ્ઠ પુરુષ મહાન રાજા હોય છે-ત્યાંથી લઈને રાજાની સભાના સભાસદો (સેનાપતિ, પુત્ર) સુધીનું વર્ણન પણ પૂર્વોક્ત વર્ણન જેવું સમજી લેવું જોઈએ.

तेसिं च णं एगतीए सड्ढी भवति, कामं तं समणा य माहणा य पहारिंसु गमणाए-जाव-जहा मे एस धम्मे सुअक्खाए सुपण्णत्ते भवति ।

આ પુરુષોમાંથી કોઈ એક ધર્મશ્રદ્ધાળુ હોય છે. તે ધર્મશ્રદ્ધાળુની પાસે જવાનો તથાકથિત શ્રમણ અને બ્રાહ્મણ નિશ્ચય કરે છે. તેઓ તેની પાસે જઈને કહે છે – હે ભયત્રાતા મહારાજ ! હું આપને સત્ય ધર્મ સમજાવું છું, જે પૂર્વ પુરુષો દ્વારા કથિત તથા સુપ્રજ્ઞપ્ત છે. યાવત્ આપ તેને જ સત્ય સમજો.

इह खलु धम्मा पुरिसादीया पुरिसोत्तरिया पुरिसप्पणीया पुरिसपज्जोइता पुरिसअभिसमण्णागता पुरिसमेव अभिभूय चिट्ठन्ति ।

આ જગતમાં જેટલા પણ ચેતન-અચેતન ધર્મ (સ્વભાવ-પદાર્થ) છે, તે બધા પુરુષાદિક છે. ઈશ્વર અથવા આત્મા (તેનો) આદિનું કારણ છે. સર્વ પદાર્થ ઈશ્વરોત્તરિક છે—ઈશ્વર કે આત્મા જ સર્વ પદાર્થોનું કાર્ય છે. સર્વ પદાર્થ ઈશ્વર દ્વારા પ્રણીત (રચાત) છે, ઈશ્વરમાંથી જ ઉત્પન્ન (જન્મેલા) છે, સર્વ પદાર્થ ઈશ્વર દ્વારા પ્રકાશિત છે. સર્વ પદાર્થ ઈશ્વરના અનુગામી છે, ઈશ્વરનો આધાર લઈને રહેલા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. से जहानामए गंडे सिया सरीरे जाते सरीरे वुड्ढे सरीरे अभिसमण्णागते सरीरमेव अभिभूय चिट्ठति । एवामेव धम्मा वि पुरिसादीया -जाव-पुरिसमेव अभिभूय चिट्ठन्ति ।

(૧) જેમ કે કોઈ પ્રાણીના શરીરમાં થયેલું ગુમડું શરીરમાંથી જ ઉત્પન્ન થાય છે, શરીરમાં જ વધે છે, શરીરનું જ અનુગામી બને છે અને શરીરનો જ આધાર લઈ રહેલું છે. એ જ પ્રમાણે સર્વ ધર્મ (પદાર્થ) ઈશ્વરથી જ ઉત્પન્ન થાય છે, ઈશ્વરથી જ વૃદ્ધિગત થાય છે, ઈશ્વરના જ અનુગામી થાય છે, ઈશ્વરના આશ્રયમાં જ સ્થિત રહે છે.

२. से जहाणामए अरई सिया सरीरे जाया सरीरे अभिसंवुड्ढा सरीरे अभिसमण्णागता सरीरमेव अभिभूय चिट्ठति । एवामेव धम्मा पुरिसादीया-जाव पुरिसमेव अभिभूय चिट्ठन्ति।

(૨) જેમ અરતિ (મનનો ઉદ્વેગ) શરીરમાંથી જ ઉત્પન્ન થાય છે, શરીરમાં જ વધે છે, શરીરની અનુગામિની બને છે, અને શરીરને જ મુખ્ય આધાર બનાવી પીડિત કરે છે, એ જ પ્રમાણે સંપૂર્ણ પદાર્થ ઈશ્વરમાંથી જ ઉત્પન્ન થઈ યાવત્ તેનાથી જ વૃદ્ધિગત અને તેના જ આશ્રયથી સ્થિત છે.

३. से जहाणामए वम्मिए सिया पुढवीजाते पुढवीसंवुड्ढे पुढवी-अभिसमण्णागते पुढवीमेव अभिभूय चिट्ठति । एवामेव धम्मा वि पुरिसादीया-जाव-अभिभूय चिट्ठन्ति ।

(૩) જેમ વલ્મીક (રાફડો અથવા ઉધઈનું ઘર) પૃથ્વીમાંથી ઉત્પન્ન થાય છે, પૃથ્વીમાં જ વધે છે અને પૃથ્વીનો જ આશ્રય લઈ રહે છે, એ જ પ્રમાણે સર્વ ધર્મ પણ ઈશ્વરથી જ ઉત્પન્ન થઈ યાવત્ તેમાં જ લીન થઈ રહે છે.

४. से जहाणामए रुक्खे सिया पुढवीजाते पुढविसंवुड्ढे पुढवि-अभिसमण्णागते पुढविमेव अभिभूय चिट्ठति । एवामेव धम्मा वि पुरिसादीया-जाव-अभिभूय चिट्ठन्ति ।

(૪) જેમ કોઈ વૃક્ષ પૃથ્વીમાંથી જ ઉત્પન્ન થાય છે. પૃથ્વીથી જ તેનું સંવર્ધન થાય છે, પૃથ્વીનું જ અનુગામી બને છે અને પૃથ્વીમાં જ વ્યાપ્ત થઈ રહે છે. એ જ પ્રમાણે સર્વ પદાર્થ ઈશ્વરથી ઉત્પન્ન થઈ સંવર્દ્ધિત અને આનુગામિક થાય છે અને અંતમાં તેમાં જ વ્યાપ્ત થઈ રહે છે,

५. से जहानामए पुक्खरणी सिया पुढविजाता -जाव-पुढविमेव अभिभूय चिट्ठति । एवामेव धम्मा वि पुरिसादीया-जाव-पुरिसमेव अभिभूय चिट्ठन्ति ।

(૫) જેમ પુષ્કરિણી (વાવડી) પૃથ્વીથી ઉત્પન્ન (નિર્મિત) થાય છે અને ——— યાવત્ અંતમાં પૃથ્વીમાં જ લીન થઈ રહે છે એ જ પ્રમાણે સર્વ પદાર્થ ઈશ્વરથી ઉત્પન્ન થાય છે યાવત્ અંતમાં તેમાં જ લીન થઈ રહે છે.

६. से जहाणामए उदगपोक्खले सिया उदगजाए-जाव-उदगमेव अभिभूय चिट्ठति। एवामेव धम्मा वि-जाव-पुरिसमेव अभिभूय चिट्ठन्ति।

(૬) જેમ કોઈ પાણીનું પુષ્કર (પોયણ કે તળાવ) હોય તે પાણીથી જ ઉત્પન્ન (નિર્મિત) હોય છે, પાણીથી જ વધે છે, પાણીનું જ અનુગામી થઈ અન્તમાં પાણીને જ વ્યાપ્ત કરે છે. એ જ પ્રમાણે સર્વ પદાર્થ ઈશ્વરથી ઉત્પન્ન થઈ યાવત્ એમાં જ વિલીન થઈ જાય છે.

७. से जहाणामए उदगबुब्बुए सिया उदगजाए-जाव-उदगमेव अभिभूय चिट्ठति । एवामेव धम्मा वि पुरिसाईया-जाव-पुरिसमेव अभिभूय चिट्ठन्ति ।

(૭) જેમ કોઈ પાણીના પરપોટા પાણીમાં જ ઉત્પન્ન થાય છે, પાણીમાં જ વધે છે, પાણીનું જ અનુગમન કરે છે અને અંતમાં પાણીમાં જ વિલીન થઈ જાય છે. એ જ પ્રમાણે સર્વ પદાર્થ ઈશ્વરથી ઉત્પન્ન થાય છે અને અંતમાં તેમાં જ વ્યાપ્ત (લીન) થઈ જાય છે.

इच्चेवं पि य इमं समणाणं णिग्गंथाणं उद्दिट्ठं विणेयजियं दुवालसंगं गणिपिडगं, तं जहा—

આ જે શ્રમણ-નિર્ગ્રન્થ દ્વારા કહેલા, રચેલા અથવા પ્રગટ કરેલા, દ્વાદશાંગ ગણિપિટક (આચાર્યોના અથવા ગણધરોના જ્ઞાન-પટારા - જ્ઞાનભંડાર) છે. જેમ કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आयारेा-जाव-दिट्ठिवातेा, सव्वमेयं मिच्छा, णं एतं तहितं, ण एयं आहत्तहितं ।

આચારાંગ સૂત્રકૃતાંગથી લઈ દૃષ્ટિવાદ સુધી એ સર્વ મિથ્યા છે, એ તથ્ય રહિત છે અને યથાતથ (યથાર્થ વસ્તુ સ્વરૂપનાં બોધક) નથી (કારણ કે તે સર્વ ઈશ્વર પ્રણીત નથી.)

इमं सच्चं, इमं तहितं, इमं आहत्तहितं, ते एवं सण्णं कुव्वंति, ते एवं सण्णं संठवेंति, ते एवं सण्णं सोवट्ठयंति,

આ જે અમારો (ઈશ્વરકર્તૃત્વવાદ અથવા આત્માદ્વૈતવાદ) છે તે તથ્ય છે, સત્ય છે, યથાતથ છે. આવી રીતે તેઓ ઈશ્વરકારણવાદીઓ એવી સંજ્ઞા (માન્યતા અથવા વિચારધારા) રાખે છે અથવા નિશ્ચય કરે છે, તેઓ પોતાના શિષ્યોની સામે પણ આ જ માન્યતાની સ્થાપના કરે છે. તેઓ સભામાં પણ એ જ માન્યતા સંબંધી યુક્તિઓ મતાગ્રહપૂર્વક ઉપસ્થિત (પ્રસ્તુત) કરે છે.

तमेवं ते तज्जातियं दुक्खं णातिउट्टन्ति सउणी पंजरं जहा ।

જેમ પક્ષી પિંજરાને તોડી મુક્ત થઈ શકતું નથી, તેમ જ તે (પૂર્વોક્તવાદી) પોતાના ઈશ્વરકર્તૃત્વવાદ અથવા આત્માદ્વૈતવાદને ગાઢ આગ્રહના કારણે છોડી શકતા નથી. આ મતનો સ્વીકાર કરવાથી ઉત્પન્ન (તજ્જાતીય) દુઃખને (દુઃખના કારણભૂત કર્મસમૂહને) તોડી શકતા નથી.

ते णो (एतं) विप्पडिवेदेंति तं जहा—किरिया इ वा-जाव- अणिरए ति वा ।

તે (ઈશ્વરકારણવાદી અથવા આત્માદ્વૈતવાદી સ્વમતાગ્રહગ્રસ્ત હોવાથી આ (પહેલાં કહેલી) વાતોને માનતા નથી જેમ કે પૂર્વસૂત્રોક્ત ક્રિયાથી લઈને અનિરય (નરક સિવાયની ગતિ) સુધી છે.

एवामेव ते विरूवरूवेहिं कम्मसमारंभेहिं विरूवरूवाइं कामभोगाइं समारंभित्ता भोयणाए एवामेव ते अणारिया विप्पडिवण्णा, तं सद्दहमाणा-जाव-इति ते णो हव्वाए णो पाराए, अंतरा कामभोगेसु विसण्णा ।

તે અનેક પ્રકારનાં પાપકર્મો યુક્ત (સાવદ્ય) અનુષ્ઠાનો દ્વારા કામભોગોના ઉપભોગો માટે અનેક પ્રકારના કામભોગોનો આરંભ કરે છે. તે અનાર્ય (આર્ય ધર્મથી દૂર) છે. તેઓએ વિપરીત માર્ગનો સ્વીકાર કરેલો છે, અથવા ભ્રમમાં પડેલા છે. આ પ્રમાણે ઈશ્વરકર્તૃત્વવાદમાં શ્રદ્ધા-પ્રતીતિ રાખનાર તે ધર્મશ્રદ્ધાળુ રાજા આદિ તે મતપ્રરૂપક સાધકોની પૂજાભક્તિ કરે છે. ઇત્યાદિ પૂર્વોક્ત વર્ણનાનુસાર તે ઈશ્વરકારણવાદી નથી તો આ લોકના થતા કે નથી તો પરલોકના થતા. તે ઉભયભ્રષ્ટ લોકો વચ્ચે જ કામભોગોમાં ફસાઈને દુઃખ પામે છે.

तच्चे पुरिसज्जाते इस्सरकारणिए त्ति आहिते ।
—सूय-सु. २, अ. १, सु. ६५९-६६२

આ ત્રીજા ઈશ્વરકારણવાદીનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે.

चउत्थं णियइवाइय सद्दहण-णिरसणं—

ચોથા નિયતિવાદીની શ્રદ્ધાનું નિરસન –

३२२. अहावरे चउत्थे पुरिसजाते णियतिवातिए ति आहिज्जति ।

૩૨૨. ત્રણ પુરુષોનું વર્ણન કર્યા બાદ હવે નિયતિવાદી નામના ચોથા પુરુષનું વર્ણન કરવામાં આવે છે.

इह खलु पाईणं वा तहेव-जाव-सेणावतिपुत्ता वा, तेसिं च णं एगतिए सद्दही भवति, कामं तं समणा य माहणाय संपहारिंसु गमणाए-जाव

આ માનવલોકમાં પૂર્વાદિ દિશાઓના વર્ણનથી લઈ રાજા અને રાજસભાના સભાસદ સેનાપતિ-પુત્ર સુધીનું વર્ણન પ્રથમ પુરુષના પાઠની જેમ જાણવું જોઈએ. પૂર્વોક્ત રાજા અને તેની સભામાંથી કોઈ પુરુષ ધર્મશ્રદ્ધાળુ હોય છે. તેને ધર્મશ્રદ્ધાળુ જાણી (ધર્મોપદેશાર્થે) તેની પાસે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

-जहा मे एस धम्मे सुअक्खाते सुपण्णत्ते भवति ।

इह खलु दुवे पुरिसा भवंति — एगे पुरिसे किरियमाइक्खति, एगे पुरिसे णो किरियमाइक्खति ।

जे य पुरिसे किरियमाइक्खइ, जे य पुरिसे णोकिरियमाइक्खइ, दो वि ते पुरिसा तुल्ला एगट्ठा कारणमावन्ना ।

बाले पुण एवं विप्पडिवेदेति कारणमावन्ने, तं जहा—जो अहमंसी दुक्खामि वा सोयामि वा जूरामि वा तिप्पामि वा पिट्टडामि वा परितप्पामि वा अहं तामकासी,

परो वा जं दुक्खति वा सोयइ वा जूरइ वा तिप्पइ वा पिट्टडइ वा परितप्पइ वा परो एतामकासि,

एवं से बाले सकारणं वा परकारणं वा एवं विप्पडिवेदेति कारणमावन्ने ।

मेधावी पुण एवं विप्पडिवेदेति कारणमावन्ने–

अहमंसि दुक्खामि वा सोयामि वा जूरामि वा तिप्पामि वा पिट्टडामि वा परितप्पामि वा, णो अहमेतामकासि परो वा जं दुक्खति वा-जाव-परितप्पति वा नो परो एयमकासि।

एवं से मेहावी सकारणं वा परकारणं वा एवं विप्पडिवेदेति कारणमावन्ने।

से बेमि—पाईणं वा-जाव-उदीणं वा जे तस-थावरा पाणा ते संघायमावज्जंति,

જ્યાનો શ્રમણ અને બ્રાહ્મણ નિશ્ચય કરે છે. યાવત્ તે તેની પાસે જઈ કહે છે 'હું આપને પૂર્વ પુરુષ કથિત જે કહું છું તે જ ધર્મ સત્ય છે, સુપ્રજ્ઞપ્ત છે, સુઆખ્યાત છે. તે ધર્મ આ પ્રમાણે છે —

આ લોકમાં [દાર્શનિક જગતમાં] બે પ્રકારના પુરુષો હોય છે. એક પુરુષ ક્રિયાનું કથન કરે છે, ત્યારે બીજો ક્રિયાનું કથન કરતો નથી (ક્રિયાનો નિષેધ કરે છે).

જે પુરુષ ક્રિયાનું કથન કરે છે અને જે પુરુષ ક્રિયાનો નિષેધ કરે છે તે સમાનપણે કારણને(નિયતિ-વાદને) પ્રાપ્ત કરે છે.

એ બન્ને અજ્ઞાની છે. પોતાના સુખદુઃખના કારણભૂત કાળ, કર્મ તથા ઈશ્વર આદિને માન-વાથી એમ સમજે છે કે હું જે કંઈ પણ દુઃખ ભોગવું છું, શોક કરી રહ્યો છું, દુઃખથી આત્મનિંદા [પશ્ચાત્તાપ] કરી રહ્યો છું અથવા શારીરિક બળનો નાશ કરી રહ્યો છું, પીડા પામી રહ્યો છું, અથવા પરિતાપ ભોગવી રહ્યો છું, એ સર્વ મારા જ કરેલા કર્મનું ફળ છે.

તથા જે બીજા દુઃખ ભોગવે છે, શોક કરે છે, આત્મનિંદા કરે છે, શારીરિક બળનો નાશ કરે છે અથવા પીડિત થાય છે કે પરિતાપ ભોગવે છે તે સર્વ તેમના દ્વારા કરેલા કર્મનું ફળ છે.

એટલા માટે તે અજ્ઞાની જીવ (કાળ, કર્મ, ઈશ્વર ઇત્યાદિને સુખદુઃખનું કારણ માનતો) સ્વ-નિમિત્તક (સ્વકૃત) તથા પરનિમિત્તક (પરકૃત) સુખદુઃખાદિને પોતાના તથા બીજાના દ્વારા કૃત કર્મફળ સમજે છે.

પરન્તુ એક માત્ર નિયતિને જ સર્વ પદાર્થનું કારણ માનનાર પુરુષ તો એમ સમજે છે કે

હું જે કંઈ દુઃખ ભોગવું છું, શોક કરું છું કે આત્મનિંદા કરું છું, હું શારીરિક બળનો નાશ કરું છું, પીડા પામું છું, પરિતાપ પામું છું, એ સર્વ મારા કરેલા કર્મનું ફળ નથી તથા બીજા પુરુષો જે દુઃખ ભોગવે છે, શોક આદિથી સંતપ્ત પીડિત થાય છે એ પણ તેમનાથી થતાં કર્મોનું ફળ નથી (પરંતુ એ સર્વ નિયતિનો પ્રભાવ છે).

આ પ્રમાણે તે બુદ્ધિમાન પુરુષ પોતાના કે બીજાના નિમિત્તો થતાં દુઃખ આદિને વિશે એમ માને છે કે આ બધું નિયતિકૃત છે, કોઈ બીજા કારણથી નથી.

માટે હું (નિયતિવાદી) કહું છું કે પૂર્વ આદિ દિશાઓમાં નિવાસ કરતા જે ત્રસ અને સ્થાવર પ્રાણીઓ છે તે સર્વ નિયતિના પ્રભાવથી જ ઔદારિક આદિ શરીરરચનાને પ્રાપ્ત કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ते एवं परियायमावज्जंति, ते एवं विवेगमावज्जंति, ते एवं विहाणमागच्छंति, ते एवं संगइयंति।

ते નિયતિના કારણે જ બાળક-યુવાન-વૃદ્ધ અવસ્થા (પર્યાય) ને પ્રાપ્ત કરે છે, તે નિયતિવશાત્ જ શરીરથી પૃથક્ (મૃત) થાય છે, તે નિયતિના કારણે જ કાણા, કુબડા આદિ અનેક પ્રકારની અવસ્થાને પ્રાપ્ત કરે છે, નિયતિનો આશ્રય લઈને જ અનેક પ્રકારનાં સુખદુઃખોને પ્રાપ્ત કરે છે.

उवेहाए णो एयं विप्पडिवेदेंति, तं जहा— किरिया ति वा-जाव-णिरए ति वा अणिरए ति वा।

(શ્રી સુધર્માસ્વામી શ્રી જંબુસ્વામીને કહે છે) આ પ્રમાણે નિયતિને જ સંપૂર્ણ સારાં-માઠાં કાર્યોનું કારણ માનનારા નિયતિવાદીઓ આગળ કહેલી વાતોને માનતા નથી તથા ક્રિયા, અક્રિયા, સ્વર્ગ-નરકાદિને પણ માનતા નથી.

एवं ते विरूवरूवेहिं कम्मसमारंभेहिं विरूवरूवाइं कामभोगाइं समारभंति भोयणाए। एवामेव ते अणारिया विप्पडिवण्णा तं सद्दहमाणा-जाव-इति ते णो हव्वाए णो पाराए, अंतरा कामभोगेसु विसण्णा।

આ પ્રમાણે તે નિયતિવાદના ચક્રમાં પડેલા લોકો અનેક પ્રકારના સાવદ્યકર્મોનું અનુષ્ઠાન કરી કામભોગોનો ઉપભોગ કરે છે. આ પ્રમાણે નિયતિવાદમાં શ્રદ્ધા રાખનારા અનાર્ય છે, ભ્રમમાં પડેલા છે. તેઓ નથી તો આ લોકના રહેતા કે નથી તો પરલોકના, પરન્તુ કામ-ભોગોમાં ફસાઈને કષ્ટ ભોગવે છે, દુઃખ પામે છે.

चउत्थे पुरिसजाते णियएवाइए त्ति आहिए।

આ ચતુર્થ પુરુષ નિયતિવાદીનું કથન થયું.

इच्चेते चत्तारि पुरिसजाता णाणापन्ना णाणाछंदा णाणासीला णाणादिट्ठी णाणारुई णानारंभा णाणज्झवसाणसंजुत्ता पहीणपुव्वसंजोगा आरियं मग्गं असंपत्ता,

આ પ્રમાણે પૂર્વોક્ત ચાર પુરુષો જુદી જુદી બુદ્ધિવાળા, વિભિન્ન અભિપ્રાયવાળા, વિભિન્ન આચારવાળા, પૃથક્ પૃથક્ દર્શનવાળા, અનેક રુચિવાળા, જુદા જુદા આરંભ ધર્માનુષ્ઠાનવાળા તથા વિભિન્ન અધ્યવસાય (પુરુષાર્થ) વાળા છે. તેઓએ માતા-પિતા આદિ ગૃહસ્થાશ્રમીય પૂર્વ સંયોગોને તો છોડી દીધા, પરન્તુ આર્યમાર્ગને (મોક્ષપથને) હજુ સુધી પામ્યા નથી.

इति ते णो हव्वाए णो पाराए, अंतरा कामभोगेसु विसण्णा ![1]

—सूय.सु.२, अ.१, सु.६६३-६६६

માટે તેઓ નથી તો આ લોકના રહેતા, નથી તો પરલોકના રહેતા, પરંતુ વચ્ચે જ (સાંસારિક) કામભોગોમાં ફસાઈ જઈ કષ્ટ ભોગવે છે.

विविहा लोगरयण-परूवणा—

लोक रचनाना अनेक प्रकार—

३२३. इणमन्नं तु अण्णाणं इहमेगेसिमाहियं।
देवउत्ते अयं लोगे बंभउत्ते त्ति आवरे॥

૩૨૩. (પહેલાં બતાવેલાં અજ્ઞાનો સિવાય) બીજું અજ્ઞાન આ પણ છે...'આ લોકમાં [દાર્શનિક જગતમાં] કોઈએ કહ્યું છે કે આ લોક (કોઈ) દેવતા દ્વારા ઉત્પન્ન કરેલું છે અને કોઈ કહે છે કે બ્રહ્માએ બનાવેલું છે.'

---

१. आघायं पुण एगेसिं उववन्ना पुढो जिया। वेदयंति सुहं दुक्खं अदुवा लुप्पंति ठाणओ॥
न तं सयंकडं दुक्खं कओ अन्नकडं च णं। सुहं वा जइ वा दुक्खं सेहियं वा असेहियं॥
न सयं कडं णं अन्नेहिं वेदयन्ति पुढो जिया। संगतियं तं तहा तेसिं इहमेगेहिमाहियं॥
एवमेताइं जंपंता बाला पंडियमाणिणो। णियया-अणियये संतं अजाणंता अबुद्धिया॥
एवमेगे उ पासत्था ते भुज्जो विप्पगब्भिया। एवं उवट्ठिता संता ण ते दुक्खविमोक्खया॥

—सूय.सु.१, अ.१, उ.२, गा. १-५

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ईसरेण कडे लोए पहाणाति तहावरे ।
जीवा-जीवसमाउत्ते सुह-दुक्खसमन्निए ॥

જીવ અને અજીવથી યુક્ત તથા સુખદુઃખથી સમન્વિત આ લોક ઈશ્વર દ્વારા રચાયેલું છે. (એવું કોઈ કહે છે) તથા બીજા (સાંખ્ય) કહે છે (આ લોક) પ્રધાન (પ્રકૃતિ) આદિ દ્વારા બનેલું છે.

सयंभुणा कडे लोए इति वुत्तं महेसिणा ।
मारेण संथुता माया तेण लोए असासते ॥

સ્વયંભૂએ (વિષ્ણુ અથવા કોઈ અન્યે) આ લોકને બનાવ્યો છે, એવું અમારા મહર્ષિએ કહ્યું છે. યમરાજે આ માયા રચી છે માટે આ લોક અશાશ્વત, અનિત્ય (પરિવર્તનશીલ) છે.

माहणा समणा एगे आह अंडकडे जगे ।
असो तत्तमकासी य अयाणंता मुसं वदे ॥

કેટલાક બ્રાહ્મણ અને શ્રમણો જગતને ઈંડામાંથી બનેલું કહે છે તથા (તેઓ કહે છે)—
'બ્રહ્માએ તત્ત્વ (પદાર્થ સમૂહ) બનાવેલ છે.' પરંતુ તત્ત્વને ન જાણનારા એ (અજ્ઞાની) મિથ્યા જ આવું કહે છે.

सएहिं परियाएहिं लोयं बूया कडे ति य ।
तत्तं ते ण विजाणंती ण विणासि कयाइ वि ॥

(પૂર્વોક્ત અન્ય દર્શની) પોતપોતાની કલ્પના અનુસાર આ લોકને બનાવેલો કહે છે, પરંતુ તેઓ (સર્વ અન્ય દર્શની) વસ્તુતત્ત્વને જાણતા નથી, કારણકે આ લોકનો કયારે પણ નાશ નથી.

असण्णुण्णसमुप्पादं दुक्खमेव विजाणिया ।
समुप्पादमयाणंता किह नाहिंति संवरं ॥
—सूय.सु.१, अ.१, उ.३, गा.९-१०

દુઃખ અસનોજ્ઞ અનુષ્ઠાનથી ઉત્પન્ન થાય છે-એ જાણી લેવું જોઈએ. દુઃખની ઉત્પત્તિનું કારણ ન જાણનારા લોકો દુઃખ રોકવાનો ઉપાય (સંવર) કેમ જાણી શકે ?

अकारकवाई—

અકારકવાદ—

३२४. कुव्वं च कारवं चेव सव्वं कुव्वं ण विज्जति ।
एवं अकारओ अप्पा एवं ते उ पगब्भिया ॥

૩૨૪. આત્મા પોતે કોઈ ક્રિયા કરતો નથી, તેમ જ બીજા પાસે કરાવતો પણ નથી. આ બધી ક્રિયાનો કરનાર આત્મા નથી. આ પ્રમાણે આત્મા અકારક છે. આ પ્રમાણે તે (અકારકવાદી સાંખ્ય આદિ) (પોતાના મતની) પ્રરૂપણા કરે છે.

जे ते उ वाइणो एवं लोए तेसिं कुओ सिया ।
तमातो ते तमं जंति मंदा आरंभनिस्सिया ॥
—सूय.सु.१, अ.१, उ.१, गा.१३-१४

જો કે પૂર્વોક્તવાદી (તજ્જીવ-તચ્છરીરવાદી) તથા અકારકવાદી આ પ્રમાણે 'શરીરથી ભિન્ન આત્મા નથી' ઇત્યાદિ તથા 'આત્મા અકર્તા અને નિષ્ક્રિય છે' એમ કહે છે. તેમના મતમાં આ લોક (ચાતુર્ગતિક સંસાર કે પરલોક) કેવી રીતે ઘટી શકે ? વાસ્તવમાં તે મૂઢ અને આરંભમાં આસક્ત-વાદી એક (અજ્ઞાન) અંધકારથી નીકળી બીજા અંધકારમાં જાય છે.

एगप्पवाई—

એકાત્મવાદી—

३२५. जहा य पुढवीथूमे एगे नाणा हि दीसइ ।
एवं भो ! कसिणे लोए, विण्णू नाणा हि दीसए ॥

૩૨૫. જેમ એક જ પૃથ્વી સ્તૂપ (પૃથ્વીપિંડ) અનેક રૂપોમાં દેખાય છે, હે જીવ ! એ જ પ્રમાણે સંપૂર્ણ લોકમાં (વ્યાપ્ત) આત્મા અનેક રૂપમાં દેખાય છે, અથવા (એક) આત્મરૂપ (આ) સંપૂર્ણ લોક અનેક રૂપોમાં દેખાય છે.

एवमेगे त्ति जंपंति, मंदा आरम्भणिस्सिया ।
एवं किच्चा सयं पावं, तिव्वं दुक्खं नियच्छइ ॥
—सूय.सु.१, अ.१, उ.१, गा.९-१०

આ પ્રમાણે કેટલાક મંદમતિ (અજ્ઞાની) 'આત્મા એક જ છે' એવું કહે છે, (પરંતુ) આરંભમાં આસક્ત રહેનાર વ્યક્તિ પાપકર્મ કરી સ્વયં એકલો જ દુઃખ ભોગવે છે (બીજા નહિ).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आयछट्ठवाय—

३२६. संति पंच महब्भूता इहमेगेसि आहिता ।
आयछट्ठा पुणेगाऽऽहु आया लोगे य सासते ॥

दुहओ ते ण विणस्संति नो य उप्पज्जए असं ।
सव्वे वि सव्वहा भावा नियतीभावमागता ॥
—सुय. सु. १, अ. १, उ. १, गा. १५-१६

आत्मषष्ठवाद—

३२६. આ જગતમાં પંચમહાભૂત, અને છઠ્ઠો આત્મા છે. એવું કેટલાક વાદીઓએ પ્રરૂપ્યું કરી કહ્યું છે તથા 'આત્મા અને લોક શાશ્વત તથા નિત્ય છે.'

સહેતુક અને અહેતુક બન્ને પ્રકારથી પણ પૂર્વોક્ત છએ પદાર્થ નષ્ટ થતા નથી, તેમ જ અસત્-અવિદ્યમાન પદાર્થ કયારે પણ ઉત્પન્ન થતો નથી. બધા પદાર્થ સર્વથા નિયતભાવવાળા અર્થાત્ નિત્ય છે.

अवतारवायं—

३२७. सुद्धे अपावए आया इहमेगेसि आहितं ।
पुणो कीडा-पदोसेणं से तत्थ अवरज्झति ॥

इह संवुडे मुणी जाए पच्छा होति अपावए ।
वियडं व जहा भुज्जो नीरयं सरयं तहा ॥
—सुय. सु. १, अ. १, उ. ३, गा. ११-१२

अवतारवाद —

३२७. આ જગતમાં કેટલાકો (દાર્શનિકો કે અવતારવાદીઓ)નું મંતવ્ય છે કે આત્મા શુદ્ધ થઈને પાપરહિત થઈ જાય છે. ફરી તે રાગદ્વેષના કારણે ત્યાં જ [મોક્ષમાં જ] અંધાઈ જાય છે.

આ મનુષ્યભવમાં જે જીવ સંવૃત્ત-સંયમનિયમાદિમાં રત બની જાય છે અને પછી નિષ્પાપ બની જાય છે-જેમ રજરહિત નિર્મળ જળ ફરી સરજસ્ક મલિન થઈ જાય છે. તે જ પ્રમાણે તે [નિર્મળ નિષ્પાપ આત્મા પણ ફરી મલિન થઈ જાય છે.].

लोगवायसमिक्खा—

३२८. लोगावायं निसामेज्जा इहमेगेसि आहितं ।
विवरीतपण्णसंभूतं अण्णपण्णबुतिताणुयं ॥

अणंते णितिए लोए सासते ण विणस्सति ।
अंतवं णितिए लोए इति धीरोऽतिपासति ॥

अपरिमाणं विजाणाति इहमेगेसि आहितं ।
सव्वत्थ सपरिमाणं इति धीरोऽतिपासति ॥

जे केइ तसा पाणा चिट्ठन्ति अदु थावरा ।
परियाए अत्थि से अंजू तेण ते तस-थावरा ॥
—सूय. सु. १, अ. १, उ. ४, गा. ५-८

लोकवाद-समीक्षा

३२८. આ લોકમાં કેટલાક લોકોનું કહેવું છે કે લોકવાદ-પૌરાણિકવાદ અથવા લોકપ્રચલિત માન્યતાઓવાળી વાતો સાંભળવી જોઈએ. પરંતુ (વાસ્તવમાં) તે વિપરીત બુદ્ધિથી ઉત્પન્ન થયેલો છે, તત્ત્વ વિરોધી પ્રજ્ઞા દ્વારા રચેલો છે અને તેમાં બીજા અવિવેકીઓની વાતનું અનુસરણ છે. તે જ લોકવાદ છે.

આ લોક અનંત છે, નિત્ય છે અને શાશ્વત છે. તેનો કદી નાશ થતો નથી અથવા આ લોક અંતવાન છે, સીમારહિત અને નિત્ય છે એમ વ્યાસ આદિ ધીર પુરુષોએ કહ્યું છે.

આ લોકમાં કેટલાકનું કહેવું એમ કે છે - કોઈ પુરુષ અસીમ પદાર્થોને જાણે છે છતાં સર્વજ્ઞ તો નથી જ. દેશ-કાળની અપેક્ષાએ તે ધીર પુરુષ -પરિમાણ સહિત - એક સીમા સુધી જાણે છે.

આ લોકમાં જેટલાં ત્રસ અને સ્થાવર પ્રાણીઓ છે તેઓ અવશ્ય અન્યાન્ય પર્યાયમાં [પરિવર્તનમાં] જાય છે, [તેથી તે] ત્રસ જીવ મરીને સ્થાવર થાય છે અને સ્થાવર મરીને ત્રસ થાય છે.

पंचखंधवायं—

३२९. पंच खंधे वयंतेगे बाला उ खणजोइणो ।
अन्नो अणन्नो णेव हु हेउयं च अहेउयं ॥

पंच स्कंधवाद -

३२९. કેટલાક અજ્ઞાનીઓનું કહેવું એમ છે કે - આ સંસારમાં કેવળ પાંચ સ્કંધ જ છે અને તે સર્વે ક્ષણમાત્રસ્થિર રહેનારા છે. આ સ્કંધોથી ભિન્ન કે અભિન્ન ઉત્પન્ન થનાર આત્મા નામનો પૃથક્ પદાર્થ કોઈ છે જ નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पुढवी आऊ तेऊ य तहा वाउ य एकओ ।
चत्तारि धाउणो रूवं एवमाहंसु जाणगा ॥
—सूय. सु.१, अ.१, उ.१, गा.१७-१८

બીજા (બૌદ્ધો)નું કથન છે કે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ એ ચાર ધાતુઓથી સંસાર બનેલો છે. આ ચાર ધાતુઓથી ભિન્ન આત્મા જેવો કોઈ પદાર્થ નથી.

पत्तेयवाय पसंसा सिद्धिलाभो य—

સ્વ-સ્વ-પ્રવાદ-પ્રશંસા અને સિદ્ધિ-લાભના દાવા-

३३०. पयाणुवीति मेधावि बंभचेरे ण ते वसे ।
पुढो पावाउया सव्वे अक्खायारो सयं सयं ॥

૩૩૦. બુદ્ધિમાન પુરુષ [આ અન્યતીર્થિકોનો વિચાર જાણી] એવો નિર્ણય કરે કે તેઓ બ્રહ્મની ચર્યામાં સ્થિર નથી તથા તેઓ બધા પોતપોતાના સિદ્ધાન્તોને જ ઉત્તમ બતાવે છે, તેની જ પ્રશંસા કરે છે (માટે તત્ત્વજ્ઞ પુરુષોએ તેઓના કથન પર આસ્થા ન રાખવી જોઈએ.)

सए सए उवट्ठाणे सिद्धिमेव ण अन्नहा ।
अहो वि होति वसवत्ती सव्वकामसमप्पिए ॥

(વિભિન્ન મતવાદીઓને) પોતપોતાના અનુષ્ઠાનથી જ સિદ્ધિ મળે છે, બીજાથી નહીં એવું કહ્યું છે. મોક્ષપ્રાપ્તિ પૂર્વે મનુષ્યે જિતેન્દ્રિય બનીને રહેવું જોઈએ તેથી આ આ લોક સંબંધી ઇષ્ટ કામભોગો પ્રાપ્ત થાય છે અને પરભવમાં મોક્ષ પ્રાપ્ત થાય છે. અર્થાત્ જે અમારા મતના અધીન થઈ જાય તો તેની સર્વ કામનાઓ પૂર્ણ થઈ જાય.

सिद्धा य ते अरोगा य इहमेगेसि आहितं ।
सिद्धिमेव पराकाउं सासए गढिया नरा ॥

આ સંસારમાં કેટલાક અન્યદર્શનીઓનું કહેવું છે કે અમારા દર્શન અનુસાર અનુષ્ઠાન કરીને જે સિદ્ધિ (રસસિદ્ધિ કે અષ્ટસિદ્ધિ) પ્રાપ્ત કરે છે તે સર્વ પ્રકારથી શારીરિક તેમજ માનસિક રોગોથી રહિત થઈ જાય છે. તે અન્યદર્શનીઓ આ પ્રમાણે ડીંગ હાંકતા કેટલીક સિદ્ધિઓને આગળ કરીને પોતાના દર્શનમાં ગ્રથિત [આસક્ત-ગ્રસ્ત-બંધાયેલા] રહે છે.

असंवुडा अणादीयं भमिहिंति पुणो पुणो ।
कप्पकालमुवज्जंति ठाणा आसुर किब्विसिय ॥
—सूय. सु.१, अ.१, उ.३, गा.१३-१६

તે અન્યદર્શનીઓ ઇન્દ્રિયવિજયથી રહિત હોવાથી વારંવાર અનાદિ સંસારમાં ભ્રમણ કરતા રહેશે. તેઓ બાળતપના પ્રભાવથી દેવગતિ પામશે તોપણ ચિરકાળ સુધી અસુરો-ભવનપતિ દેવો તથા કિલ્બિષક (નીચી જાતના દેવો) આદિ પર્યાયમાં ઉત્પન્ન થશે.

विविह वाय-निरसणं—

વિવિધવાદ નિરસન —

३३१. आगारभावसंता वि आरण्णा वा वि पव्वया ।
इमं दरिसणमावन्ना सव्वदुक्खा विमुच्चती ॥

૩૩૧. પૂર્વોક્ત સર્વે મતાવલંબી પોતપોતાના દર્શનને મુક્તિનું કારણ કહે છે. ચાહે કોઈ ઘરમાં નિવાસ કરનાર ગૃહસ્થ હોય કે વનમાં રહેનાર તાપસ હોય કે પ્રવ્રજ્યા ધારણ કરેલ મુનિ અથવા પર્વતની ગુફામાં રહેનાર હોય, જે કોઈ અમારા આ દર્શનને અંગીકાર કરે છે તે સર્વે દુઃખોથી મુક્ત થઈ જાય છે.

ते णावि संधिं णच्चा णं न ते धम्मविऊ जणा ।
जे ते उ वाइणो एवं ण ते ओहंतराऽऽहिता ॥

તે પૂર્વોક્ત મતાવલંબી અન્ય દર્શનીઓ જ્ઞાનાવરણ આદિ કર્મોની સંધિને નહીં જાણતા, દુઃખોથી મુક્ત થવાનો પ્રયત્ન કરે છે. પરંતુ તે લોકો નથી તો ક્રિયામાં પ્રવૃત્ત રહેતા તથા નથી હોતા ધર્મવેત્તા. આ રીતે [એકાંતવાદનું સમર્થન કરનારા] તે અન્યદર્શનીઓ સંસારનો (જન્મ-મરણની પરમ્પરાનો) પાર પામતા નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ते णावि संधिं णच्चा णं न ते धम्मविऊ जणा।
जे ते उ वाइणो एवं ण ते संसारपारगा॥

ते णावि संधिं णच्चा णं न ते धम्मविऊ जणा।
जे ते उ वाइणो एवं ण ते गब्भस्स पारगा॥

ते णावि संधिं णच्चा णं न ते धम्मविऊ जणा।
जे ते उ वाइणो एवं ण ते जम्मस्स पारगा॥

ते णावि संधिं णच्चा णं न ते धम्मविऊ जणा।
जे ते उ वाइणो एवं ण ते दुक्खस्स पारगा॥

ते णावि संधिं णच्चा णं न ते धम्मविऊ जणा।
जे ते उ वादिणो एवं न ते मारस्स पारगा।

णाणाविहाइं दुक्खाइं अणुभवंति पुणो पुणो।
संसारचक्कवालम्मि वाहि-मच्चु-जराकुले॥

उच्चावयाणि गच्छंता गब्भमेस्संताऽणंतसो।
नायपुत्ते महावीरे एवमाह जिणोत्तमे॥
—सूय. सु.१. अ.१, उ.१, गा.१९-२७

ते પૂર્વોક્ત (અન્યતીર્થિકો) સન્ધિને જાણ્યા વિના જ (ક્રિયામાં પ્રવૃત્ત રહે છે.). તેમ જ તેઓ ધર્મને જાણતા નથી તેથી તે વાદીઓ સંસારનો પાર પામી શકતા નથી.

તે પૂર્વોક્ત (ચાર્વાક આદિ અન્યતીર્થિકો) સન્ધિને જાણ્યા વિના જ ક્રિયામાં પ્રવૃત્ત રહે છે. તેમ જ (મિથ્યાસિદ્ધાન્તને માનનારા) તેઓ ધર્મને જાણતા નથી તેથી તેઓ ગર્ભ (જન્મ)નો પાર પામી શકતા નથી.

તે (અન્યતીર્થિકો) સંધિને જાણ્યા વિના જ ક્રિયામાં પ્રવૃત્ત રહે છે, તેમજ ધર્મને જાણતા નથી માટે મિથ્યા પ્રરૂપણા કરે છે. તેથી તેઓ જન્મ-પરંપરાનો પાર પામી શકતા નથી.

તે અન્ય મતવાદીઓ સંધિને જાણ્યા વિના જ ક્રિયામાં પ્રવૃત્ત રહે છે, તેઓ ધર્મને જાણતા નથી અને મિથ્યા પ્રરૂપણા કરે છે તેથી તેઓ દુઃખોનો પાર પામતા નથી.

તે [અન્યતીર્થિકો] સંધિને જાણ્યા વિના જ ક્રિયામાં પ્રવૃત્ત રહે છે તેમજ તેઓ ધર્મને જાણતા નથી માટે તેઓ મિથ્યા પ્રરૂપણા કરે છે તેથી તેઓ મૃત્યુનો પાર પામી શકતા નથી.

તે [પૂર્વોક્ત મિથ્યા સિદ્ધાન્તની પ્રરૂપણા કરનાર વાદીઓ] મૃત્યુ, વ્યાધિ તથા જરાથી પરિપૂર્ણ આ સંસાર-ચક્રમાં વારંવાર વિવિધ પ્રકારનાં દુઃખો ભોગવ્યા કરે છે.

જ્ઞાતપુત્ર જિનોત્તમ ભગવાન્ મહાવીર સ્વામીએ કહ્યું છે, કે પૂર્વોક્ત નાસ્તિક આદિ (પોતાની મિથ્યા શ્રદ્ધા, મિથ્યા જ્ઞાન તથા મિથ્યા ચારિત્રના કારણે) ઊંચી નીચી ગતિઓમાં ભ્રમણ કરશે અને અનંત વાર (નિરંતર) ગર્ભવાસ પ્રાપ્ત કરશે.

मिच्छादंसणेहिं संसार परियट्टणं—

३३२. इच्चेयाहिं दिट्ठीहिं सातागारव-णिस्सिता।
सरणं ति मण्णमाणा सेवंती पावगं जणा॥

जहा आसाविणिं णावं जातिअंधो दुरूहिया।
इच्छेज्जा पारमागंतुं अंतरा य विसीयति॥

एवं तु समणा एगे मिच्छदिट्ठी अणारिया।
संसारपारकंखी ते संसारं अणुपरियट्टन्ति॥
—सूय. सु. १, अ. १, उ. २, गा. ३०-३२

મિથ્યાદર્શનોથી સંસારનું પરિભ્રમણ—

૩૩૨. પૂર્વોક્ત અન્યદર્શનીઓ પોતાના આ દર્શનને સ્વીકાર કરી સુખભોગ અને માન-મોટાઈમાં આસક્ત થઈ રહ્યા છે તથા પોતાના દર્શનને રક્ષણકર્તા માની પાપકર્મનું સેવન કરે છે.

જેમ કોઈ જન્માંધ પુરુષ છિદ્રવાળી નૌકા પર આરૂઢ થઈને પાર જવા ઇચ્છે છે, પરંતુ તે વચમાં જ ડૂબી જાય છે.

એ જ પ્રમાણે કેટલાક મિથ્યાદૃષ્ટિ અને અનાર્ય શ્રમણો સંસારને પાર કરવાની ઇચ્છા કરે છે, પરંતુ તે સંસારમાં જ પરિભ્રમણ કરે છે.

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मिथ्यात्व अज्ञान अनाचरण–२

मिच्छादंसणस्स भेयप्पभेया—

३३३. मिच्छादंसणे दुविहे पन्नत्ते, तं जहा—
अभिगहियमिच्छादंसणे चेव
अणभिगहियमिच्छादंसणे चेव।

अभिगहियमिच्छादंसणे दुविहे पन्नत्ते तं जहा—

सपज्जवसिते चेव अपज्जवसिते चेव।

एवमणभिगहितमिच्छादंसणे वि।

सपज्जवसिते, अपज्जवसिते।

—ठाणं. अ.२, उ.१. सु.५९(५-७)

मिच्छत्तस्स भेयप्पभेया—

३३४. तिविहे मिच्छत्ते पण्णत्ते, तं जहा—
अकिरिया, अविणए, अन्नाणे।
अकिरिया तिविहा पण्णत्ता, तं जहा—
पओगकिरिया[1], समुदाणकिरिया[2],
अन्नाणकिरिया।
पओगकिरिया तिविहा पण्णत्ता, तं जहा—
मणपओगकिरिया, वइपओगकिरिया,
कायपओगकिरिया।
समुदाणकिरिया तिविहा पण्णत्ता, तं जहा—
अणंतरसमुदाणकिरिया[3] परंपरसमुदाण-
किरिया[4], तदुभयसमुदाणकिरिया[5]।
अन्नाणकिरिया तिविहा पण्णत्ता, तं जहा—
मतिअन्नाणकिरिया, सुयअन्नाणकिरिया,
विभंगअन्नाणकिरिया।
अन्नाणे तिविहे पण्णत्ते, तं जहा—
देसऽण्णाणे[6], सव्वऽण्णाणे[7], भावऽण्णाणे[8]

—ठाणं.अ.३, उ.३, सु.१९३ (१–५, ७)

મિથ્યાત્વ અજ્ઞાન અનાચરણ–૨

મિથ્યા દર્શનના ભેદ-પ્રભેદ—

૩૩૩. મિથ્યા દર્શનના બે પ્રકાર કહ્યા છે. જેમ કે—
આભિગ્રહિક— (આ ભવમાં ગ્રહણ કરેલું મિથ્યાત્વ) અને અનાભિગ્રહિક (પૂર્વભવોથી આવેલું મિથ્યાત્વ).

આભિગ્રહિક મિથ્યાદર્શનના બે પ્રકાર કહ્યા છે. જેમ કે—
સપર્યવસિત (સાન્ત) અને અપર્યવસિત (અનંત).

અનાભિગ્રહિક મિથ્યા દર્શનના બે પ્રકાર કહ્યા છે. જેમ કે—
સપર્યવસિત અને અપર્યવસિત.

મિથ્યાત્વના ભેદ-પ્રભેદ—

૩૩૪. મિથ્યાત્વના ત્રણ પ્રકાર કહ્યા છે. જેમ કે—
૧. અક્રિયા, ૨. અવિનય, ૩. અજ્ઞાન.

અક્રિયા મિથ્યાત્વના ત્રણ પ્રકાર કહ્યા છે. જેમ કે—
૧. પ્રયોગક્રિયા ૨. સમુદાનક્રિયા. ૩. અજ્ઞાનક્રિયા

પ્રયોગ ક્રિયા ત્રણ પ્રકારની કહી છે. જેમ કે—

૧-મનપ્રયોગ ક્રિયા, ૨-વચનપ્રયોગ ક્રિયા, ૩-કાય-પ્રયોગ ક્રિયા.

સમુદાન ક્રિયા ત્રણ પ્રકારની કહી છે. જેમ કે-
૧-અનન્તર સમુદાન ક્રિયા, ૨-પરમ્પરા સમુદાન ક્રિયા, ૩-તદુભય સમુદાન ક્રિયા.

અજ્ઞાન ક્રિયા ત્રણ પ્રકારની કહી છે. જેમ કે—

૧-મતિ અજ્ઞાન ક્રિયા, ૨-શ્રુત અજ્ઞાન ક્રિયા, ૩-વિભંગ અજ્ઞાન ક્રિયા.

અજ્ઞાન ત્રણ પ્રકારનાં કહ્યાં છે. જેમ કે—
૧-દેશ અજ્ઞાન, ૨-સર્વ અજ્ઞાન, ૩-ભાવ અજ્ઞાન.

---

૧. પ્રયોગક્રિયા આત્માની વીર્ય-શક્તિના વ્યાપારને કહે છે. મિથ્યાત્વી જીવનો પ્રયોગ અસમ્યક્ હોવાથી અક્રિય કહ્યો છે. અને તેનાથી જીવને કર્મ-બંધ થાય છે. આત્માની વીર્ય-શક્તિનો વ્યાપાર મન-વચન અને કાયાથી વ્યક્ત થાય છે. માટે પ્રયોગક્રિયાના આ ત્રણ ભેદ છે.

૨. સમુદાનક્રિયા – મન, વચન અને કાયાના વ્યાપારથી સંચિત કર્મરજના પ્રકૃતિબંધ વ. રૂપથી અથવા દેશઘાતિ અને સર્વઘાતિ રૂપથી વ્યવસ્થિત હોવું તે સમુદાનક્રિયા છે.

૩. અનંતર સમુદાન ક્રિયા – પ્રથમ સમયે થનારી ક્રિયા.

૪. પરંપરા સમુદાન ક્રિયા – બીજા સમયમાં થનારી ક્રિયા.

૫. તદુભય સમુદાન ક્રિયા – પ્રથમાપ્રથમ સમયમાં થનારી ક્રિયા.

૬. વિવક્ષિત દ્રવ્યના એક દેશને ન જાણવું તે દેશ-અજ્ઞાન છે.

૭. વિવક્ષિત દ્રવ્યને સર્વથા ન જાણવું તે સર્વ-અજ્ઞાન છે.

૮. વિવક્ષિત દ્રવ્યના પર્યાયને ન જાણવાં તે 'ભાવ-અજ્ઞાન' છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३३५. दसविधे मिच्छत्ते पण्णत्ते तं जहा—
१. अधम्मे धम्मसण्णा,
२. धम्मे अधम्मसण्णा,
३. उम्मग्गे मग्गसण्णा,
४. मग्गे उमग्गसण्णा,
५. अजीवेसु जीवसण्णा,
६. जीवेसु अजीवसण्णा,
७. असाहूसु साहुसण्णा,
८. साहूसु असाहुसण्णा,
९. अमुत्तेसु मुत्तसण्णा,
१०. मुत्तेसु अमुत्तसण्णा ।
—ठाणं. अ. १०, सु. ७३४

३३५. મિથ્યાત્વના દસ પ્રકાર કહ્યા છે.
૧-અધર્મને ધર્મ માનવો.
૨-ધર્મને અધર્મ માનવો.
૩-ઉન્માર્ગને સુમાર્ગ માનવો.
૪-સુમાર્ગને ઉન્માર્ગ માનવો.
૫-અજીવોને જીવો માનવા.
૬-જીવોને અજીવ માનવા.
૭-અસાધુઓને સાધુ માનવા.
૮-સાધુઓને અસાધુ માનવા.
૯-અમુક્તોને મુક્ત માનવા.
૧૦-મુક્તોને અમુક્ત માનવા.

अण्णउत्थियाणं दंसणपण्णवणा—

३३६. इहमेगेसिं आयारगोयरे णो सुणिसंते भवति । ते इह आरंभट्ठी, अणुवयमाणा हणपाणे, घातमाणा, हणतो यावि समणुजाणमाणा, अदुवा अदिन्नमाइयंति ।
आ. सु. १, अ. ८. उ. १, सु. २०० (क)

अन्यतीर्थिकोनी दर्शनप्रज्ञापना—

३३६. આ મનુષ્યલોકમાં કેટલાક સાધકોને આચાર-ગોચરનો પરિચય હોતો નથી. માટે તેઓ આરંભ કરતા હોય છે. તેઓ આ પ્રમાણે કહે છે કે-'પ્રાણીઓનો વધ કરો.' અથવા સ્વયં વધ કરે છે અને પ્રાણીઓનો વધ કરનારની અનુમોદના કરે છે.
આ પ્રમાણે આચરણ કરનારા તેઓ અદત્તનું ગ્રહણ કરે છે.
(તેઓ આ પ્રમાણે કહે છે.)

३३७. सुकडे ति वा दुकडे ति वा
कल्लाणे ति वा पावए ति वा
साहू ति वा असाहू ति वा
सिद्धी ति वा असिद्धी ति वा
निरए ति वा अनिरए ति वा ।
जमिणं विप्पडिवण्णा मामग धम्मे पण्णवेमाणा । पत्थ वि जाणह अकम्हा ।
आ. सु. १, अ. ८. उ. १, सु. २०० (ग)

३३७. સુકૃત છે, દુષ્કૃત છે.
કલ્યાણ છે, પાપ છે.
સાધુ છે, અસાધુ છે.
સિદ્ધિ છે, સિદ્ધિ નથી.
નરક છે, નરક નથી.
આ પ્રમાણે પરસ્પર વિરુદ્ધ વાદોને પ્રરૂપતા તેઓ પોતપોતાના ધર્મની પ્રરૂપણા કરે છે. એમની પૂર્વોક્ત પ્રરૂપણામાં કોઈ પણ હેતુ હોતો નથી એમ જાણો.

३३८. एवं तेसिं णो सुअक्खाते णो सुपण्णत्ते धम्मे भवति ।
आ. सु. १, अ. ८, उ. १, सु. २०१ (क)

३३८. આ પ્રમાણે એમનો ધર્મ ન તો યુક્તિ-સંગત હોય છે ન તો સુપ્રરૂપિત હોય છે.

मोहमूढस्स बोहिप्पदाणं—

३३९. अदक्खुव दक्खुवाहितं, सद्दहसु अदक्खुदंसणा ।
हंदि हु सुनिरुद्धदंसणे, मोहणिज्जे कडेण कम्मुणा ॥
दुक्खी मोहे पुणो पुणो, निव्विंदेज्ज सिलोगपूयणं ।
एवं सहिते हि पासए, आयतुलं पाणेहिं संजते ॥
—सूय. सु. १, अ. २, उ. ३, गा. ११-१२

मोहमूढने बोधदान—

३३९. अदृष्टवत् [अंधतुल्य] पुरुष ! प्रत्यक्षदर्शी सर्वज्ञोक्त सिद्धान्तमां श्रद्धा करो. जेनी दृष्टि पोते करेलां मोहनीय कर्मना प्रभावथी अंध थई छे, ते ज सर्वज्ञोक्त आगम पर श्रद्धा राखतो नथी तेम जाणो.
दुःखी जीव वारंवार मोहने वश थने छे, माटे साधु पोतानी स्तुति अने पूजनो त्याग करे. आ प्रमाणे ज्ञान, दर्शन, चारित्र संपन्न संयमी साधु बधां प्राणीओने पोताना आत्मा समान जुओ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मोहमूढस्स दुद्दसा—

३४०. पासह एगेऽवसीयमाणे अणत्तपण्णे ।

से बेमि—से जहावि कुम्मे हरए विणिविट्ठ-चित्ते पच्छण्णपलासे, उम्ममुग्गं से णो लभति ।

भंजगा इव संनिवेसं नो चयंति ।

एवं पेगे अणेगरूवेहिं कुलेहिं जाता रूवेहिं सत्ता कलुणं थणंति, णिदाणतो ते ण लभंति मोक्खं ।

अह पास तेहिं णेलेहिं आयत्ताए जाया—

गंडी अदुवा कोढी रायंसी अवमारियं ।
काणियं झिमियं चेव कुणितं खुज्जितं तहा ॥

उदरिं च पास, मुइं च मूणियं च गिलासिणिं ।
वेवइं पीढसप्पिं च सिलिवयं मधुमेहाणिं ॥
सोलस एते रोगा अक्खाया अणुपुव्वसो ।

अह णं फुसंति आतंका फासा य असमंजसा ॥१७९ ।

मरणं तेसिं सपेहाए उववायं चयणं च णच्चा परिपागं च सपेहाए तं सुणेहि जहा तहा ।

संति पाणा अंधा तमंसि वियाहिता ।
तामेव सइं असइं अतियच्च उच्चावचे फासे पडिसंवेदेति ।

મોહમૂઢની દુર્દશા—

૩૪૦. કેટલાક આત્મપ્રજ્ઞાથી રહિત થઈ સંયમના પથથી પતિત થઈ જાય છે તેઓને જુઓ, કેટલું દુઃખ ભોગવી રહ્યા છે!

હું કહું છું કે-જેમ કોઈ કાચબો છે. તેનું ચિત્ત સરોવરમાં લાગેલું છે. તે સરોવર શેવાળ અને કમળનાં પત્રોથી આચ્છાદિત છે. તે કાચબો ઉન્મુક્ત આકાશને જોવા માટે તળાવમાં વૃદ્ધ હોવાથી બહાર નીકળવાનો માર્ગ મેળવી શકતો નથી.

જેમ વૃક્ષ (ઠંડી, તાપ, તોફાન તથા પ્રહારોને સહતા હોવા છતાં પણ) પોતાના સ્થાનને છોડતાં નથી એ જ પ્રમાણે કેટલાક લોકો (અનેક સાંસારિક કષ્ટ, યાતના, દુઃખ વારંવાર ભોગવવા છતાં પણ) ગૃહવાસને છોડતા નથી.

એ જ પ્રમાણે ઘણા લોકો અનેક પ્રકારનાં [દરિદ્ર, સંપન્ન, મધ્યમવર્ગના] કુળોમાં જન્મ લે છે પરંતુ રૂપાદિ વિષયોમાં આસક્ત બની, અંતમાં દુઃખી થઈ કરુણ વિલાપ કરે છે. (છતાં પણ દુઃખોને છોડી શકતા નથી) માટે દુઃખનાં હેતુભૂત કર્મોથી તેઓ મુક્ત થઈ શકતા નથી.

વળી જુઓ, જીવ પોતપોતાનાં કર્મોનાં ફળ ભોગવવાના કારણે નિમ્નોક્ત રોગોના શિકાર બને છે.

૧-કોઈને કંઠમાળનો રોગ થાય છે. ૨-કોઈને કોઢ થાય છે. ૩-કોઈને ક્ષય રોગ થાય છે. ૪-કોઈને અપસ્માર-વાઈ થાય છે. ૫-કોઈને આંખનો રોગ થાય છે. ૬-કોઈને શરીરની જડતા-લકવો થાય છે. ૭-કોઈને હાથ, પગ વિકલ થાય છે. ૮-કોઈને કુબડાપણું થાય છે. ૯-કોઈને મુંગાપણું થાય છે. ૧૦-કોઈને પેટનો રોગ થાય છે. ૧૧-કોઈને સોજા ચડે છે. ૧૨-કોઈને ભસ્મક રોગથી અતિશય ભૂખ ઉત્પન્ન થાય છે. ૧૩-કોઈને કંપવા થાય છે. ૧૪-કોઈને પીઠ વળી જાય છે. ૧૫-કોઈના હાથપગ કઠોર થઈ જાય છે. ૧૬-કોઈને મધુમેહ ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે સોળ મહારોગ કહ્યા છે.

આ સિવાય અન્ય [શૂળાદિ મારણાન્તિક] આતંક [દુઃસાધ્ય રોગ] અને અપ્રત્યાશિત [દુઃખોને] સ્પર્શે છે.

તેમજ જેમને રોગ નથી તેવા દેવને પણ જન્મ-મરણ થયા કરે છે. માટે કર્મવિપાકને જાણી કર્મોને દૂર કરવાં જોઈએ. એથી પણ વધુ કર્મના ફળને કહું છું તે સાંભળો.

(આ સંસારમાં) કર્મના વશથી જીવ અંધ-જ્ઞાનચક્ષુ રહિત બની ઘોર અંધકારમય સ્થાનોમાં વારંવાર જન્મ લે છે. તેને જ એક વાર અથવા અનેકવાર ભોગવે છે. તીવ્ર અને મંદ સ્પર્શોનું પ્રતિસંવેદન કરે છે, બુદ્ધોએ (તીર્થંકરોએ) આ તથ્યનું પ્રતિપાદન કર્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

बुद्धेहिं एवं पवेदितं ।
संति पाणा वासगा रसगा उदए उदयचरा आगासगामिणो

[બીજાં પણ અનેક પ્રકારનાં] પ્રાણી હોય છે. જેમ કે— [વર્ષજ-વર્ષાઋતુમાં ઉત્પન્ન થનારા દેડકાં આદિ], અથવા વાસક- [ભાષાલબ્ધિસંપન્ન દ્વીન્દ્રિયાદિ પ્રાણી.], રસજ-[રસમાં ઉત્પન્ન થનારા], રસગ [રસજ્ઞ સંજ્ઞી જીવ,], ઉદક - [એકેન્દ્રિય અપ્કાયિક જીવ,] અથવા પાણીમાં ઉત્પન્ન થનારા કૃમિ કે જલચર જીવ, આકાશગામી નભચર પક્ષી ઇત્યાદિ.

पाणा पाणे किलेसंति ।

આ પ્રાણીઓ પરસ્પર એકબીજાને પીડા આપે છે.

पाणा लोए महब्भयं ।

માટે લોકમાં મહાન્ ભય વર્તે છે તે તું જો !

बहुदुक्खा हु जंतवो ।

હે જીવ ! આમ સંસારમાં પ્રાણીઓના દુઃખની સીમા જ નથી.

सत्ता कामेहिं माणवा ।

મનુષ્ય કામભોગોમાં વિષયાસક્ત છે.

अबलेण वहं गच्छंति सरीरेण पभंगुरेण ।

આ નિર્બળ એવા શરીરના ક્ષણિક સુખ માટે અન્ય પ્રાણીના વધની ઇચ્છા કરે છે.

अट्टे से बहुदुक्खे इति बाले पकुव्वति ।

વેદનાથી પીડિત તે મનુષ્ય દુઃખ ભોગવે છે, માટે તે અજ્ઞાની પ્રાણીઓને કષ્ટ આપે છે.

एते रोगे बहू णच्चा आतुरा परितावए।

વિવેકહીનતાને કારણે ઘણાં દુઃખોને ભોગવનાર અજ્ઞાની જીવ શરીરમાં અનેક રોગને ઉત્પન્ન થયેલા જોઈને તેની ચિકિત્સામાં અનેક જીવોની હિંસા કરે છે.

णालं पास। अलं तवेतेहिं ।

પરંતુ એમ કરવાથી પણ રોગ મટતો નથી, માટે હે મુનિ ! તું એવી પ્રવૃત્તિ ન કર.

एतं पास मुणी ! महब्भया णातिवादेज्ज कंचणं ।

આ હિંસાને મહાભયરૂપ સમજીને કોઈ પણ પ્રાણીની હિંસા ન કર.

—आ. सु. १, अ. ६, उ. १. सु. १७८-१८०

छव्विहे विवादे—

વિવાદ-શાસ્ત્રાર્થના છ પ્રકાર—

३४१. छव्विहे विवादे पण्णत्ते, तं जहा—

३४१. વિવાદ-શાસ્ત્રાર્થના છ પ્રકાર કહ્યા છે જેમ કે-

१. ओसक्कइत्ता,

૧-ઓસક્કઇત્તા-વાદી જે તર્ક કરે એનો ઉત્તર ધ્યાનમાં ન આવવાથી સમય વ્યતીત કરવા માટે પ્રકૃત વિષયથી દૂર થવું (બીજા વિષય ઉપર ચડી જવું).

२. उस्सक्कइत्ता,

૨-ઉસ્સક્કઇત્તા-શાસ્ત્રાર્થની સંપૂર્ણ તૈયારી થતાં જ વાદીને પરાજિત કરવા માટે આગળ આવવું.

३. अणुलोमइत्ता,

૩ - અનુલોમઇત્તા - વિવાદાધ્યક્ષને પોતાને અનુકૂળ બનાવવો અથવા પ્રતિવાદીના પક્ષનું એકવાર સમર્થન કરી તેને પોતાને અનુકૂળ કરી લેવો.

४. पडिलोमइत्ता,

૪ - પડિલોમઇત્તા - શાસ્ત્રાર્થની સંપૂર્ણ તૈયારી હોવાથી વિવાદાધ્યક્ષ તથા પ્રતિપક્ષીની ઉપેક્ષા કરવી.

५. भइत्ता,

૫ - ભઇત્તા - વિવાદાધ્યક્ષની સેવા કરી તેને પોતાના પક્ષમાં કરવો.

६. भेलइत्ता ।

૬ - ભેલઇત્તા - નિર્ણાયકોમાં પોતાના સમર્થકોનું બહુમાન કરવું.

—ठाणं.अ.६, सु.५१२

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अण्णउत्थियाणं चउरो वाया—

३४२. चत्तारि समोसरणाणिमाणि, पावादुया जाइं पुढो वयंति ।
किरियं अकिरियं विणयंति तइयं,
अण्णाणमाहंसु चउत्थमेव ॥
—सूय.सु.१, अ.१२, गा.१

अन्यतीर्थिकोना चार वाद—

३४२. परतीर्थिक मतवादी जे जुदा जुदा बताववामां आव्या छे, ते चार समवसरण-वाद अथवा सिद्धान्त आ प्रमाणे छे. - क्रियावाद, अक्रियावाद, विनयवाद अने अज्ञानवाद.

किरियावाईणं सद्धा—

३४३. प०—से किं तं किरिया-वाई यावि भवति ?

उ०—किरिया-वाई, भवति ।

तं जहा—आहिय-वाई, आहिय-पण्णे, आहिय-दिट्ठी,
सम्मा-वाई, निया-वाई, संति परलोग-वादी,

अत्थि इहलोगे, अत्थि परलोगे,
अत्थि माया, अत्थि पिया, अत्थि अरिहंता,
अत्थि चक्कवट्टी, अत्थि बलदेवा, अत्थि वासुदेवा,
अत्थि सुकड-दुक्कडाणं कम्माणं फल-वित्ति-विसेसे,
सुचिण्णा कम्मा सुचिण्णा फला भवंति,
दुचिण्णा कम्मा दुचिण्णा फला भवंति,
सफले कल्लाण-पावए,
पच्चायंति जीवा,
अत्थि नेरइया-जाव-अत्थि देवा अत्थि सिद्धी ।

से एवं वादी एवं पन्ने एवं दिट्ठि-छंद-राग-मिनिवट्ठे यावि भवइ ।
से भवइ महिच्छे-जाव-उत्तरगामिणेरइए सुक्क-पक्खिए, आगमेस्साणं सुलभबोहिए यावि भवइ ।

से तं किरिया वादी । —दसा.द.६, सु. १५-१६

क्रियावादीओनी श्रद्धा—

३४३. प्र. भंते ! क्रियावादी कोण छे ?

उ. जे अक्रियावादीथी विपरीत आचरण करे छे. जेम के - जे आस्तिकवादी छे, जेनी आस्तिक बुद्धि छे तथा आस्तिक दृष्टि छे.

जे सम्यक्त्वादी छे, जे नित्य(मोक्ष)वादी छे तथा परलोकवादी छे.

जे एवुं माने छे के आ लोक छे, परलोक छे, माता छे, पिता छे, अरिहंत छे, चक्रवर्ती छे, बळदेव छे, वासुदेव छे.

सुकृत अने दुष्कृत कर्मोनी फळवृत्ति-विशेष होय छे. सुआचरित कर्म शुभ फळ आपे छे अने असद् आचरित कर्म अशुभ फळ आपे छे. कल्याण (पुण्य) अने पाप फळ-सहित छे अर्थात् पोते फळ आपे छे.

जीव परलोकमां जाय पण छे अने आवे पण छे.

नारकी छे, यावत् (तिर्यंच छे, मनुष्य छे), देव छे तथा सिद्धि (मुक्ति) छे. आ प्रमाणे मान्य करनाराओ आस्तिक-क्रियावादी कहेवाय छे.

आ प्रमाणे जे आस्तिकवादी छे, आस्तिक प्रज्ञ छे, अने आस्तिक दृष्टिथी (कदाच चारित्र मोहनीय कर्मना उदयथी) स्वच्छन्द छे. वळी ते राग एटले के प्रेम अने बुद्धिवाळा होवा छतां महान इच्छाओवाळा पण होय छे. अने आवी दशामां जो नारकायुनो बन्ध करे छे, तो ते उत्तर दिशावर्ती नरकमां उत्पन्न थाय छे. ते शुक्ल पाक्षिक थाय छे. अने आगामी काळमां सुलभबोधि थाय छे यावत् सुगतिने प्राप्त करता अंतमां मोक्षगामी थाय छे.

ते क्रियावादी छे.

एगंत किरियावाइ—

३४४. अहावरं पुरक्खायं किरियावाइदरिसणं ।
कम्मचिंतापणट्ठाणं संसारपरिवड्ढणं ॥

ऐकान्त क्रियावादी —

३४४. हवे बीजुं ऐकान्त क्रियावादीओनुं दर्शन छे. कर्मनी चिन्ताथी रहित ते ऐकान्त क्रियावादीओनुं दर्शन जन्म-मरणरूप संसार वधारनारुं छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जाणं काएण णाउट्टी अबुहो जं च हिंसती।
पुट्ठो संवेदेति परं अवियत्तं खु सावज्जं॥

જે વ્યક્તિ જાણવા છતાં મનથી હિંસા કરે છે, પરન્તુ શરીરથી છેદન-ભેદનાદિ ક્રિયારૂપ હિંસા કરતો નથી, તથા જે અજાણતાં (શરીરથી) હિંસા કરી લે છે, તે સ્પર્શ માત્રથી (અલ્પ-માત્રામાં) કર્મબંધનું ફળ ભોગવે છે. વાસ્તવમાં તે સાવદ્ય (પાપ) કર્મ અવ્યક્ત-અસ્પષ્ટ-અપ્રકટ હોય છે.

संतिमे तओ आयणा जेहिं कीरति पावगं।
अभिकम्माय पेसाय मणसा अणुजाणिया॥

ક્રિયાવાદીઓના મતાનુસાર કર્મબંધનાં ત્રણ કારણ છે, જેનાથી પાપકર્મોનો ઉપચય થાય છે - ૧ - કોઈ પ્રાણીને મારવા માટે તેના પર આક્રમણ કરવું. ૨-બીજાને આદેશ આપીને પ્રાણીનો ઘાત કરાવવો. ૩-પ્રાણીનો ઘાત કરનારની મનથી અનુમોદના કરવી,

एए उ तओ आयणा जेहिं कीरति पावगं।
एवं भावविसोहिए णिव्वाणमभिगच्छती॥

એ ત્રણ આદાન છે, જેના દ્વારા પાપકર્મ કરવામાં આવે છે. પરન્તુ જ્યાં ભાવની વિશુદ્ધિ છે અર્થાત્ (એ ત્રણ નથી) ત્યાં કર્મબંધ થતો નથી, અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

पुत्तं पिता समारंभ आहारट्ठमसंजए।
भुंजमाणो य मेधावी कम्मुणा नोवलिप्पति[1]॥

જેવી રીતે અસંયમી પિતા વિપત્તિ વેળાએ પુત્રને મારીને રાગ-દ્વેષ રહિત થઈ તેનું માંસ ખાય તો પણ તે કર્મથી લિપ્ત થતો નથી. તે પ્રમાણે રાગદ્વેષ રહિત સ્થિતપ્રજ્ઞ સાધુ [માંસ ખાવા છતાં] પણ કર્મથી લિપ્ત થતો નથી.

मणसा जे पउस्संति चित्तं तेसिं न विज्जती।
अणवज्जं अतहं तेसिं ण ते संवुडचारिणो॥
—सूय.सु.१, अ.१, उ.२, गा.२४-२९

[અન્યતીર્થિકોનું ઉપર્યુક્ત કથન યોગ્ય નથી, કારણ કે] જે લોકો મનથી (કોઈ પ્રાણી પર) રાગ-દ્વેષ કરે છે, તેનું મન શુદ્ધ હોતું નથી. અને અશુદ્ધ મનવાળા સંવરમાં પ્રવૃત્તિ કરનાર હોતા નથી. તેનું આ કથન મિથ્યા છે કે કેવળ મનથી પાપ કરનારને કર્મબંધ થતો નથી. વાસ્તવિક રીતે એ જ કર્મબંધનનું પ્રધાન કારણ છે.

एगंत किरियावायस्स सम्मं किरियावायस्स परूवगा—

એકાન્ત ક્રિયાવાદ અને સમ્યક્ ક્રિયાવાદ પ્રરૂપક-

३४५. ते एवमक्खंति समेच्च लोगं,
तहा तहा समणा माहणा य।
सयंकडं णण्णकडं च दुक्खं,
आहंसु विज्जाचरणं पमोक्खं॥

३४५. [અહીં ક્રિયાવાદીઓનો મત બતાવે છે. ક્રિયાવાદી જ્ઞાનનો નિષેધ કરીને ફક્ત ક્રિયાથી જ સ્વર્ગ-મોક્ષ માને છે, શાસ્ત્રકાર કહે છે]- કોઈ શાક્યાદિ શ્રમણ તથા બ્રાહ્મણ પોતપોતાના અભિપ્રાય પ્રમાણે લોકને જાણીને ક્રિયા પ્રમાણે ફળ મળવાનું કહે છે.

ते चक्खु लोगंसिह णायगा तु,
मग्गाऽणुसासंति हितं पयाणं।
तहा तहा सासयमाहु लोए,
जंसी पया माणव! संपगाढा॥

તથા (તેઓ એવું પણ કહે છે કે) દુઃખ પોતાની ક્રિયાથી થાય છે, બીજાની ક્રિયાથી થતું નથી. પરંતુ તીર્થંકર દેવોએ કહ્યું છે કે મોક્ષ, જ્ઞાન અને ક્રિયા બન્નેથી મળે છે, એકલી ક્રિયાથી નહિ.

આ લોકમાં તીર્થંકર ભગવાન ચક્ષુ સમાન છે. અને લોકના નાયક છે. તેઓ પ્રજાઓને હિતકર જ્ઞાનાદિરૂપ મોક્ષના માર્ગનો ઉપદેશ આપે છે

१. આ કથન એકાન્તક્રિયાવાદીઓ (મિથ્યાત્વીઓ)નું છે. એટલે જૈનાગમ એ કથન સાથે સંમત નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अने शिक्षा आपे छे. हे मानव ! जेमजेम मिथ्यात्व वधे छे, तेमतेम संसार वधतो जाय छे. जे संसारमां (नारक, तिर्यंच, मनुष्य अने देवता रूपे) प्राणीओ निवास करे छे.

जे रक्खसा वा जमलोइया वा,
जे वा सुरा गंधव्वा य काया ।
आगासगामी य पुढोसिया य,
पुणो पुणो विप्परियासुवेंति ॥

जे राक्षसो छे, जे यमलोकमां रहेनार (नारको) छे, तथा जे चारे निकायना देवो छे अथवा जे देव गांधर्व छे तथा पृथ्वीकाय आदि छ काय छे, जे आकाशगामी (विद्याधर) तथा पक्षी आदि छे अने भूमिचर (पृथ्वी पर रहेनारा) छे ते बधां प्राणीओ पोतपोताना कर्म प्रमाणे संसारमां परिभ्रमण करे छे.

जमाहु ओहं सलिलं अपारगं,
जाणाहि णं भवगहणं दुमोक्खं ।
जंसी विसन्ना विसयंगणाहिं
दुहतो वि लोयं अणुसंचरंति ॥

तीर्थंकरो, गणधरो आदिओ आ संसारने स्वयंभूरमणनी जेम अपार (दुस्तर) कह्यो छे. तेथी आ गहन संसारने दुर्मोक्ष (दुःखथी छुटकारो पामी शकाय एवो) समजो.

आ संसारमां विषय अने स्त्रीमां आसक्त जीव वारंवार स्थावर अने जंगम अथवा आकाशाश्रित अने पृथ्वी-आश्रित रूपथी अथवा वेशमात्रथी प्रव्रज्याधारी होवाथी अने अविरतिना कारणे आ लोकथी परलोकमां बन्ने भेदो द्वारा भ्रमण करे छे.

ण कम्मुणा कम्म खवेंति बाला,
अकम्मुणा उ कम्म खवेंति धीरा ।
मेधाविणो लोभमयावतीता,
संतोसिणो णो पकरेंति पावं ॥

अज्ञानी जीवो पापयुक्त कर्म करीने ओ पूर्वकृत कर्मोनो क्षय करी शकता नथी. अकर्म द्वारा (आश्रव कर्मने रोकीने अंते शैलेशी अवस्थामां) धीर (महासत्त्वशाळी) साधको कर्मनो क्षय करे छे. मेधावी साधको लोभमय (परिग्रह) कार्योथी दूर रहे छे. ते संतोषी बनी पापकर्म करता नथी.

ते तीत-उप्पण्णमणागताइं,
लोगस्स जाणंति तहागताइं ।
णेतारो अण्णेसि अणण्णणेया,
बुद्धा हु ते अंतकडा भवंति ॥

ते वीतराग महापुरुषो लोभना त्यागी, संतोषी अने पापकर्मथी निवृत्त होय छे, तेओ जीवोना भूत, वर्तमान अने भविष्यना भावोने यथार्थ रूपे जाणे छे, तेओ बीजा जीवोने संसार-सागर पार करवा माटे नेता बने छे, परंतु तेमनो कोई नेता होतो नथी. ते ज्ञानी पुरुषो संसारनो अंत करे छे.

तो णेव कुव्वंति न कारवेंति,
भूताभिसंकाए दुगुंछमाणा ।
सया जता विप्पणमंति धीरा,
विण्णत्तिवीरा य भवंति एगे ॥
—सूय.सु.१, अ.१२, गा.११-१७

ते (प्रत्यक्षज्ञानी अथवा परोक्षज्ञानी तत्त्वज्ञ पुरुषो) पूर्वे कहेला साधुओ जीवहिंसाना भयथी स्वयं पाप करता नथी अने बीजा पासे करावता नथी, परंतु कर्मनुं विदारण करवामां निपुण, ते सदा पापना अनुष्ठानथी निवृत्त रहीने संयमानुष्ठाननुं पालन करे छे. पण केटलाक अन्यदर्शनी मात्र ज्ञानथी ज (विज्ञप्तिथी ज) वीर बने छे, क्रियाथी नहि.

सम्मकिरियावायस्स पडिवायका पालगा य—

सम्यक् क्रियावादना प्रतिपादक अने अनुगामी—

३४६. डहरे य पाणे वुड्ढे य पाणे,
ते आतओ पासति सव्वलोए ।

३४६. आ संपूर्ण जगतमां नाना नाना शरीरवाळा (कंथवा आदि) प्राणीओ पण छे. मोटा मोटा

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उवेहति लोगमिणं महंतं,
बुद्धऽप्पमत्तेसु परिव्वएज्जा ॥

स्थूळ शरीरवाळा (हाथी आदि) प्राणीओ पण छे. सम्यक्रवादी सुसाधु ते बधाने पोताना आत्मानी जेम समजे छे, जुओ छे अने जाणे छे, एटलुं ज नहि पण आ लोकने महान अथवा अनंत जीवोथी व्याप्त समजे छे. एवुं समजीने ज्ञानी पुरुष संयमपरायण मुनि पासे दीक्षित थाय छे.

जे आततो परतो यावि णच्चा,
अलमप्पणो होति अलं परेसिं ।
तं जोतिभूतं च सताऽऽवसेज्जा,
जे पाउकुज्जा अणुवीयि धम्मं ॥

जे सम्यक् क्रियावादी साधक पोतानी मेळे के बीजा (तीर्थंकर, गणधर आदि) पासेथी जीवादि पदार्थोने जाणी अन्य जिज्ञासुओ के मुमुक्षुओने उपदेश आपे छे, ते पोतानी के बीजानी रक्षा के उद्धार करवामां समर्थ होय छे. जे जीवोनी कर्म परिणतिनो अथवा सद्धर्म (श्रुत चारित्र रूप धर्म के क्षमादि दसविध श्रमणधर्म तथा श्रावकधर्म)-नो विचार करी, चिन्तन करी धर्मतत्त्वने प्रकाशे छे एवा ज्योति स्वरूप मुनिना सान्निध्यमां हंमेशां निवास करवो जोईओ.

अत्ताण जो जाणति जो य लोगं,
आगइं च जो जाणइ णागइं च ।
जो सासयं जाणइ असासयं च,
जाती मरणं च जणोववातं ॥
अहो वि सत्ताण विउट्टणं च,
जो आसवं जाणति संवरं च,
दुक्खं च जो जाणति निज्जरं च ।
सो भासितुमरिहति किरियवादं ॥

जे पोताना आत्माने जाणे छे, जे लोकने तथा जीवोनी गति अने अनागति (सिद्धि)ने जाणे छे, ओ ज प्रमाणे जे शाश्वत (मोक्ष) अने अशाश्वत (संसार)ने तथा जन्म-मरण अने प्राणीओनी अनेक गतिओमां गमनने जाणे छे, तथा अधोलोक (नरक आदि) ना जीवने पण अनेक प्रकारनी पीडा थाय छे एवुं जे जाणे छे, अने जे आश्रव (कर्मोनुं आगमन) अने संवरने (कर्मोनो निरोध) जाणे छे तथा जे दुःख अने निर्जराने जाणे छे, ओ ज सम्यक् क्रियावादी साधके क्रियावादने सम्यक् प्रकारथी बतावी शके छे.

सद्देसु रूवेसु असज्जमाणे,
गंधेसु रसेसु अदुस्समाणे ।
णो जीवियं णो मरणाभिकंखी,
आदाणगुत्ते वलयाविमुक्के ॥
—सूय.सु.१, अ.१२, गा.१८-२२

सद्य मनोज्ञ शब्द अने रूपमां आसक्त न थाय, अमनोज्ञ गंध अने रसमां द्वेष न करे तथा तेओ जीवन जीववानी आकांक्षा न करे तथा न [परीषह अने उपसर्गोथी पीडित थवाथी] मृत्युनी ईच्छा करे, परंतु आदानगुप्त (संयमथी सुरक्षित)तथा मायाथी विमुक्त थईने रहे.

अकिरियावाइ सरूवं—

अक्रियावादीनुं स्वरूप —

३४७. अकिरियावाइ-वण्णणं, तं जहा—अकिरिया यावि भवइ नाहिय-वाई, नाहिय-पण्णे, नाहिय -दिट्ठी,
णो सम्मवाई, णो णितियवादी णं संति परलोगवाई,
णत्थि इह लोए, णत्थि पर लोए, णत्थि माया, णत्थि पिया, णत्थि अरिहंता, णत्थि चक्कवट्टी, णत्थि बलदेवा, णत्थि वासुदेवा, णत्थि णिरया, णत्थि णेरइया,
णत्थि सुकड-दुक्कडाणं फलवित्ति-विसेसो,
णो सुचिण्णा कम्मा सुचिण्णफला भवंति,

३४७. जे अक्रियावादी छे, अर्थात् जीवादि पदार्थोना अस्तित्वनो अपलाप करे छे, नास्तिकवादी छे, नास्तिक बुद्धिवाळो छे, नास्तिक दृष्टि राखे छे.

जे सम्यक्रवादी नथी, नित्यवादी नथी, जे क्षणिकवादी छे तथा परलोकवादी नथी.

जे एवुं कहे छे के आ लोक नथी, माता नथी, पिता नथी, अरिहंत नथी, चक्रवर्ती नथी, नरक नथी, नारकी नथी.

सुकृत अने दुष्कृत कर्मोनुं फळ-विशेष होतुं नथी.
के-सुचीर्ण[सम्यक् प्रकारना आचरण रूप] कर्म सुचीर्ण-(शुभ) फळ आपतुं नथी.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

णो दुच्चिण्णा कम्मा दुच्चिण्णाफला भवंति,

अफले कल्लाण-पावए, णो पच्चायंति जीवा,
णत्थि णिरयगई, तिरियगई, मणुस्सगई, देवगई,
णत्थि सिद्धि,

से एवं वादी, एवं पण्णे, एवं दिट्ठी,
एवं छंद-रागाभिनिविट्ठे यावि भवई ।

से भवति महिच्छे, महारंभे, महापरिग्गहे,
अहम्मिए, अहम्माणुए, अहम्मसेवी, अहम्मिट्ठे,
अहम्मक्खाइ, अहम्मरागी, अहम्मपलोई,
अहम्मजीवी, अहम्म-पलज्जणे, अहम्म-सील-
समुदायारे, अहम्मेणं चेव वित्तिं कप्पेमाणे
विहरइ ।
"हण, छिंद, भिंद" विकत्तए,

लोहियपाणी चंडे, रुद्दे, खुद्दे, असमिक्खियकारी,
साहस्सिए,

उक्कंचण-वंचण-माया-नियडि-कूड-कवड-साइ-
संपओग-बहुले,

दुस्सीले, दुप्परिचए, दुरच्चरिए, दुरणुणेए,
दुव्वए, दुप्पडियाणंदे,

निस्सीले, निव्वए, निग्गुणे, निम्मेरे, निप्पच्च-
क्खाण-पोसहोववासे असाहू ।

—दसा द.६, सु.३-५

દુચીર્ણ [કુત્સિત પ્રકારનું આચરણ કર્યું] કર્મ-દુચીર્ણ [અશુભ] ફળ આપતું નથી.

કલ્યાણ [શુભ] કર્મ અને પાપકર્મ ફળ-રહિત હોય છે. જીવો પરલોકમાં જઈ ઉત્પન્ન થતા નથી. નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ આ ચાર ગતિઓ નથી, સિદ્ધિ, મુક્તિ જેવું કશું જ નથી.

જે આ પ્રમાણે કહેનારા છે, આ પ્રમાણેની પ્રજ્ઞાવાળા છે, આ પ્રમાણેની દૃષ્ટિવાળા છે, જે આ પ્રકારની ઇચ્છા કે લોભ અને રાગથી તીવ્ર અભિનિવેશ કે કદાગ્રહ સંપન્ન છે તે મિથ્યાદૃષ્ટિ જીવ છે.

એવા મિથ્યાદૃષ્ટિ જીવ મહાઇચ્છાવાળા, મહારંભી, મહાપરિગ્રહી, અધાર્મિક, અધર્માનુગામી, અધર્મસેવી, અધર્મિષ્ઠ, અધર્મ ખ્યાતિવાળા, અધર્માનુરાગી, અધર્મદ્રષ્ટા, અધર્મજીવી, અધર્મમાં અનુરક્ત રહેનારા, અધાર્મિક શીલ-સ્વભાવવાળા, અધાર્મિક આચરણવાળા અને અધર્મમાં જ આજીવિકા ચલાવનારા હોય છે.

તે (મિથ્યાદૃષ્ટિ નાસ્તિક આજીવિકા માટે બીજાને) કહે છે-"જીવોને મારો, તેનાં અંગોનું છેદન કરો, મસ્તક, પેટ આદિનું ભેદન કરો, કાપો, (આનો અંત કરો." તે પોતે જ જીવોનો અંત કરે છે.)

તેના હાથ લોહીથી ખરડાયેલા રહે છે. તે ચંડ, રૌદ્ર અને ક્ષુદ્ર હોય છે. તે વિચાર્યા વિના કાર્ય કરે છે, સાહસી હોય છે.

લોકો પાસેથી લાંચ-રુશ્વત લે છે. છેતરપીંડી, માયા, નિકૃતિ, છળ, કુડ, કપટ અને સાતિ સંપ્રયોગમાં (માયા-જાળ-બીછાવવામાં) અત્યંત કુશળ હોય છે.

તે દુઃશીલ હોય છે, દુષ્ટજનોનો પરિચય રાખે છે, દુશ્ચરિત હોય છે, દારુણસ્વભાવી હોય છે, હિંસા-પ્રધાન મતોને ધારણ કરે છે, દુષ્કૃત્યો કરવા અને સાંભળવામાં તેને આનંદ થાય છે અથવા ઉપકારીની સાથે કૃતઘ્નતા કરી આનંદ માને છે.

તે શીલ રહિત હોય છે, વ્રત રહિત હોય છે, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસ કરતો નથી અર્થાત્ શ્રાવક-મતોથી રહિત અસાધુ હોય છે.

अकिरियावाइणं समिक्खा—

३४८. लवावसंकी य अणागतेहिं,
णो किरियामाहंसु अकिरियआया।

सम्मिस्सभावं सगिरा गिहीते,
से मुम्मुई होति अणाणुवादी ।

અક્રિયાવાદીઓની સમીક્ષા—

૩૪૮. (ઉત્તરાર્ધ) તે જ પ્રમાણે લવ એટલે કે કર્મબંધની આશંકા કરનારા અક્રિયાવાદી ભૂત અને ભવિષ્યકાળ વડે વર્તમાનને ઉડાવીને ક્રિયાનો નિષેધ કરે છે.

તે (પૂર્વોક્ત અક્રિયાવાદી) નાસ્તિક જે પદાર્થોનો નિષેધ કરે છે, તેનું અસ્તિત્વ સ્વીકારી લે છે તથા પદાર્થની સત્તા અને અસત્તા બન્નેથી મિશ્રિત (પદાર્થનું અસ્તિત્વ અને નાસ્તિત્વ બન્ને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मिश्रित विरुद्ध) पक्षनो पण स्वीकार करे छे. तेओ स्याद्वादीना वचननो अनुवाद करवामां (भेवडावववामां) पण असमर्थ होई मूक बनी जाय छे.

इमं दुपक्खं इममेगपक्खं
आहंसु, छलायतणं च कम्मं ॥

પ્રાતઃકાળે સ્નાનાદિથી મોક્ષ થતો નથી, અને ન તો ક્ષાર (ભીડું) ન ખાવાથી મોક્ષ થાય છે. તે (અન્યતીર્થિક મોક્ષવાદી) મદ્ય, માંસ અને લસણ ખાઈ મોક્ષથી અન્યત્ર (સંસારમાં) પોતાનો નિવાસ પ્રાપ્ત કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उदगेण जे सिद्धिमुदाहरंति,
सायं च पातं उदगं फुसंता।
उदगस्स फासेण सिय य सिद्धी,
सिज्झिंसु पाणा बहवे दगंसि॥

मच्छा य कुम्मा य सिरीसिवा य,
मग्गू य उट्टा दगरक्खसा य।
अट्ठाणमेयं कुसला वदंति,
उदगेण जे सिद्धिमुदाहरंति॥

उदगं जती कम्म मलं हरेज्जा,
एवं सुहं इच्छामेत्तता वा।
अंधव्व णेयारमणुस्सरित्ता,
पाणाणि चेव विणिहंति मंदा॥

पावाइं कम्माइं पकुव्वतो हि,
सिओदगं तु जइ तं हरेज्जा।
सिज्झिंसु एगे दगसत्तघाती,
मुसं वयंते जलसिद्धिमाहु॥

हुतेण जे सिद्धिमुदाहरंति,
सायं च पातं अगणिं फुसंता।
एवं सिया सिद्धि हवेज्ज तम्हा,
अगणिं फुसंताण कुकम्मिणं पि॥

अपरिक्ख दिट्ठ ण हु एव सिद्धी,
एहिंति ते घातमबुज्झमाणा।
भूतेहिं जाण पडिलेह सातं,
विज्जं गहाय तस-थावरेहिं॥

थणंति लुप्पंति तसंति कम्मी,
पुढो जगा परिसंखाय भिक्खू।
तम्हा विदू विरते आयगुत्ते,
दट्ठुं तसे य पडिसाहरेज्जा॥
—सूय. सु. १, अ. ७, गा. १२-२०

સવાર, સાંજ જલનો સ્પર્શ (સ્નાનાદિ ક્રિયા દ્વારા) કરે છે, તે સ્નાનથી જ સિદ્ધિ બતાવે છે, (તેઓ મિથ્યાવાદી છે.) જો જલના સ્પર્શથી જ મુક્તિ મળતી હોય તો પાણીમાં રહેનારાં અનેક જલચર પ્રાણીઓને મોક્ષ જ મળી જવો જોઈએ.

(જો જળસ્પર્શથી મોક્ષની પ્રાપ્તિ થતી હોત તો) મત્સ્ય, કાચબા, જલચર સર્પ, મદ્ગુ (જળમૃગ) તથા ઉષ્ટ્ર નામના જલચર ઊંટ અને જલરાક્ષસ ઇત્યાદિ જલજંતુઓ સર્વ પ્રથમ મોક્ષ પ્રાપ્ત કરત. પરંતુ એવું હોતું નથી. માટે જે જલસ્પર્શથી મોક્ષ પ્રાપ્તિ બતાવે છે, મોક્ષતત્ત્વ પારંગત પુરુષ તેના આ કથનને અયુક્ત કહે છે.

જો જળ કર્મ રૂપી મેલને ધોઈ નાંખે છે, તો તે પુણ્યને કેમ ન ધોઈ નાંખે? તેથી જળ સ્નાનથી મોક્ષ માનવો તે માત્ર કલ્પના છે. મંદબુદ્ધિ લોકો અજ્ઞાનાંધ અનુસરણ કરીને [જળસ્નાન વગેરે દ્વારા] પ્રાણીઓનો ઘાત કરે છે.

જો પાપકર્મ કરનાર વ્યક્તિના તે પાપોને શીતલ (સચિત્ત) જલ (જલસ્નાનાદિ) હરણ કરે તો કેટલાય જળજંતુઓનો ઘાત કરનાર (માછી-મારો) પણ મુક્તિ પ્રાપ્ત કરી શકશે. માટે જળથી (સ્નાનાદિ ક્રિયાથી) મુક્તિ થાય તેવી માન્યતાવાળા મિથ્યાવાદી છે.

સવાર સાંજ અગ્નિનો સ્પર્શ કરી જે લોકો અગ્નિમાં હોમ કરવાથી જ સિદ્ધિ પ્રાપ્ત થાય એવું માને છે તેઓ પણ મિથ્યાવાદી છે. જો આ પ્રમાણે સિદ્ધિ મળતી હોય તો અગ્નિનો સ્પર્શ કરનારા (કંદોઈ, રસોયા, કુંભાર, લુહાર, સોની ઇત્યાદિ) કુકર્મીઓને (આરંભ કરનારાઓને) પણ સિદ્ધિ પ્રાપ્ત થવી જોઈએ. (પણ તેમ બનતું નથી.)

જલસ્નાન અને અગ્નિહોત્ર આદિ ક્રિયાઓથી સિદ્ધિ માનના લોકોએ પરીક્ષા કર્યા વિના જ આ સિદ્ધાંતને સ્વીકારી લીધો છે. આ પ્રમાણે સિદ્ધિ મળતી નથી. વસ્તુ તત્ત્વનો બોધ ન હોવાના કારણે તે લોકો ઘાત (સંસાર ભ્રમણ રૂપ પોતાનો વિનાશ) પ્રાપ્ત કરશે. અધ્યાત્મ વિદ્યાવાન (સમ્યક્જ્ઞાની) યથાર્થ વસ્તુ સ્વરૂપને ગ્રહણ કરી એમ વિચારે કે ત્રસ અને સ્થાવર પ્રાણીઓના ઘાતથી તેને સુખ કેમ મળશે? એ યથાયોગ્ય સમજે.

પાપકર્મ કરનારાં પ્રાણી રડતાં હોય છે, તલવાર આદિ દ્વારા છેદાય છે, ત્રાસ ભોગવે છે. એવું જાણી, વિદ્વાન ભિક્ષુ પાપથી વિરક્ત થઈ આત્માનો રક્ષક (મન-વચન-કાયગુપ્તિથી યુક્ત) બને. તથા ત્રસ અને સ્થાવર પ્રાણીઓને યથાયોગ્ય જાણી તેમની હિંસા ન કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अण्णतित्थियाणं परूवणा परिहारो य—

३६६. तमेव अविजाणंता,
अबुद्धा बुद्धमाणिणो ।
बुद्धा मो त्ति य मण्णंता,
अंतए ते समाहिए ॥

ते य बीओदगं चेव,
तमुद्दिस्सा य जं कडं ।
भोच्चा झाणं झियायंति,
अखेतण्णा असमाहिता ॥

जहा ढंका य कंका य, कुलला मग्गुका सिही ।
मच्छेसणं झियायंति, झाणं ते कलुसाधमं ॥

एवं तु समणा एगे,
मिच्छदिट्ठी अणारिया ।
विसएसणं झियायंति,
कंका वा कलुसाहमा ॥
—सूय. सु. १, अ. ११, गा. २५-२८

मोक्ख विसारअस्स उवएसो—

३६७ अह ते परिभासेज्जा भिक्खू मोक्खविसारए ।
एवं तुब्भे पभासेंता दुपक्खं चेव सेवहा ॥

तुब्भे भुंजह पाएसु,
गिलाणा अभिहडं ति य ।
तं च बीओदगं भोच्चा,
तमुद्देसादि जं कडं ॥

लित्ता तिव्वाभितावेण,
उज्जया असमाहिया ।
नातिकंडइतं सेयं, अरुयस्सावरज्झती ॥

तत्तेण अणुसिट्ठा, ते अपडिण्णेण जाणया ।
ण एस णियए मग्गे, असमिक्खा वई किती ॥

અન્યતીર્થિકોની પ્રરૂપણા અને પરિહાર—

૩૬૬. તેને (પ્રતિપૂર્ણ અનુપમ નિર્વાણમાર્ગ રૂપ ધર્મને) ન જાણવાને કારણે (અબુધ) હોવા છતાં પણ સ્વયંને પંડિત માનનારા અન્યતીર્થિકો અમે જ ધર્મ તત્વનો પ્રતિબોધ પામેલા છીએ એવું માનવાથી સમ્યગ્દર્શન રૂપ ભાવ સમાધિથી દૂર છે.

તેઓ (અન્યતીર્થિકો) બી અને સચિત્ત જળનો તથા તેના ઉદ્દેશ્ય (નિમિત્ત) થી જે આહાર બનેલો છે તેનો ઉપભોગ કરી આર્તધ્યાન કરે છે. કારણ કે તે અખેદજ્ઞ, [પ્રાણીઓના ખેદ-પીડાથી અનભિજ્ઞ અથવા ધર્મજ્ઞાનમાં અનિપુણ] અને અસમાધિયુક્ત છે.

જેમ ઢંક, કંક, કુરર, જલમુર્ગા અને શિખી નામનાં જળચર પક્ષીઓ માછલીને પકડી ગળી જવાનો ખરાબ વિચાર (કુધ્યાન) કરે છે, તેમ તેનું ધ્યાન પાપરૂપ અને અધમ હોય છે.

તેવી રીતે કેટલાક મિથ્યાદૃષ્ટિ અને અનાર્ય શ્રમણો વિષયોની પ્રાપ્તિનું જ ધ્યાન કરે છે, માટે તેઓ પણ ઢંક, કંક, આદિ પ્રાણીઓની જેમ પાપ ભાવોથી યુક્ત અને અધમ છે.

મોક્ષ-વિશારદનો ઉપદેશ—

૩૬૭. મોક્ષ-વિશારદ (જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ મોક્ષની પ્રરૂપણા કરવામાં નિપુણ) સાધુ તેને (અન્યતીર્થિકોને) આ પ્રમાણે કહે કે આમ કહેવાથી (આક્ષેપ કરવાથી) તમે પોતે જ સદોષ આચારનું સેવન કરો છો. અથવા અસત્ પક્ષનું સેવન કરો છો.

આપ સંત લોકો [ગૃહસ્થના કાંસા તાંબા આદિ] ધાતુના પાત્રમાં ભોજન કરો છો. રોગી સંતો માટે ગૃહસ્થો દ્વારા [પોતાના સ્થાન પર] ભોજન મંગાવો છો. એટલું જ નહિ બીજા અને સચિત્ત જલનો ઉપયોગ કરો છો અને જે આહાર સંતના નિમિત્તે બન્યો છે તેવા ઔદ્દેશિક આદિ દોષયુક્ત આહારનું સેવન કરો છો.

આપ લોકો તીવ્ર કષાયો અથવા તીવ્ર બંધનવાળાં કર્મોથી લિપ્ત (સદ્વિવેકથી) રહિત તથા સમાધિથી રહિત છો. (માટે અમારા ખ્યાલ મુજબ) ઘાને વધારે ખંજવાળવો તે સારું નહિ, કારણ કે તેથી વિકાર ઉત્પન્ન થાય છે.

જે પ્રતિકૂળ જ્ઞાતા નથી અથવા જેને મિથ્યા અર્થ બતાવવાની પ્રતિજ્ઞા નથી, તથા જે હેય ઉપાદેયનો જ્ઞાતા સાધુ છે, તેના દ્વારા એવા [આક્ષેપકર્તા અન્યદર્શનીઓને] સત્ય (વાસ્તવિક તત્વ)ની શિક્ષા દેવામાં આવે છે કે, આ (આપ લોકો દ્વારા સ્વીકૃત) માર્ગ (નિર્દોષ માર્ગ) યુક્તિ સંગત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

परिसा जा वई एसा,
अग्गे वेणु व्व करिसिता ।
गिहिणो अभिहडं सेयं,
भुंजितुं न तु भिक्खुणो ॥

धम्मपण्णवणा जा सा,
सारंभाण विसोहिया ।
न तु एतारिसं दिट्ठीहिं,
पुव्वमासि पकप्पियं ॥

सव्वाहिं अणुजुत्तीहिं अचयंता जविउत्तए ।
ततो वायं णिराकिच्चा ते भुज्जो वि
पगब्भिता ॥

रागदोसाभिभूयप्पा ,
मिच्छत्तेण अभिदुतुता ।
अक्कोसे सरणं जंति,
टंकणा इव पव्वयं ॥

बहुगुणप्पगप्पाइं
कुज्जा अत्तसमाहिए ।
जेणऽण्णो ण विरुज्झेज्जा,
तेणं तं तं समायरे ॥

इमं च धम्ममादाय कासवेण पवेइयं ।
कुज्जा भिक्खू गिलाणस्स अगिलाए समाहिते ॥
—सूय.सु.१, अ.१, उ.३, गा.११-२०

નથી. આપે સુવિહિત સાધુઓ માટે જે આક્ષેપાત્મક વચન કહ્યાં છે, તે વિચાર કર્યા વગર કહ્યાં છે. તથા આપ લોકોનો આચાર પણ વિવેકશૂન્ય છે.

આપનું એવું જે કહેવું છે કે સાધુને ગૃહસ્થ દ્વારા લાવેલા આહારનો ઉપભોગ કરવો શ્રેયસ્કર છે, પરંતુ સાધુ દ્વારા લાવેલો નહિ. આ વાત પણ વાંસના અગ્ર ભાગની જેમ નકામી છે.

[સાધુઓને દાન આદિ દઈ ઉપકાર કરવો જોઈએ.] એવી જે ધર્મપ્રજ્ઞાપના (ધર્મદેશના) છે, તે આરંભ સમારંભયુક્ત ગૃહસ્થોને વિશુદ્ધિ કરનારી છે. સાધુઓને નહિ, આ કારણથી (સર્વજ્ઞોએ) પૂર્વકાળમાં આવી પ્રરૂપણા નહોતી કરી.

સમગ્ર યુક્તિઓથી (કથનોથી) પોતાના પક્ષની સિદ્ધિ કરવામાં અસમર્થ તે અન્યતીર્થિકો ત્યારે વાદને છોડી ફરી પોતાના પક્ષની સ્થાપના કરવાની ધૃષ્ટતા કરે છે.

રાગ અને દ્વેષથી જેનો આત્મા દબાયેલો છે, જે મિથ્યાત્વના પ્રવાહમાં વહી રહેલ છે એવા અન્યતીર્થિકો જેમ (પહાડી અનાર્યો) ટંકણ જાતિના ક્લેચ્છ (યુદ્ધમાં હારી જતાં) પહાડનો આશ્રય લે છે, તેમ શાસ્ત્રાર્થમાં હારી જાય છે ત્યારે અસભ્ય વચનો તથા મારપીટ આદિનો આશ્રય લે છે.

અન્યતીર્થિકો સાથે વાદ કરતી વખતે મુનિ પોતાની ચિત્તવૃત્તિને પ્રસન્ન રાખે તેમજ પોતાના પક્ષનું સમર્થન કરે અને બીજા મનુષ્યો તેઓના વિરોધી ન બને એવું આચરણ કરે.

કાશ્યપ-ગોત્રીય ભગવાન મહાવીર સ્વામીએ કહેલા આ ધર્મને સ્વીકાર કરી સમાધિયુક્ત ભિક્ષુ રુગ્ણ સાધુની સેવા ગ્લાનિરહિત થઈને કરે.

णिव्वाणमेव साहेज्जं—

३६८. णेव्वाणपरमा बुद्धा,
णक्खत्ताणं व चंदिमा ।
तम्हा सया जते दंते,
निव्वाणं संधते मुणी ॥
—सूय. सु.१, अ.११, गा.२२

નિર્વાણ જ સાધ્ય છે.—

૩૬૮. જેમ નક્ષત્રોમાં ચંદ્રમા પ્રધાન છે, તેમ નિર્વાણને જ પ્રધાન (પરમ) માનનારા (પરલોકાર્થી) તત્ત્વજ્ઞ સાધકો માટે (સ્વર્ગ, ચક્રવર્તીત્વ, ધન આદિ છોડીને) નિર્વાણ જ શ્રેષ્ઠ (પરમપદ) છે. માટે મુનિ સદા દાન્ત (મન અને ઇન્દ્રિયોને વિજેતા), યત્નશીલ તથા જિતેન્દ્રિય બની નિર્વાણની જ સાધના કરે.

मोक्खमग्गे अपमत्तगमणोवएसो—

३६९. न हु जिणे अज्ज दिस्सई, बहुमए दिस्सई,
मग्गदेसिए ।
संपइ नेयाउए पहे, समयं गोयम !
मा पमायए ॥

મોક્ષ માર્ગમાં અપ્રમત્ત ભાવથી ગમનનો ઉપદેશ-

૩૬૯. 'આજ જિનેશ્વર ભગવંત પ્રત્યક્ષ નથી. જે માર્ગદર્શક છે, તેઓનો મત એક નથી.'— આવતી પેઢીઓ માટે આ મુશ્કેલીઓ અનુભવાશે. પરંતુ અત્યારે મારી ઉપસ્થિતિમાં તને પાર લઈ જનારો (ન્યાયપૂર્ણ) પથ પ્રાપ્ત છે. માટે હે ગૌતમ ! તું ક્ષણ માત્રનો પણ પ્રમાદ ન કરીશ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अवसोहिय कण्टगापहं, ओइण्णो सि पहं
महालयं ।
गच्छसि मग्ग विसोहिया, समयं गोयम !
मा पमायए ॥

अबले जह भारवाहए, मा मग्गे
विसमेऽवगाहिया ।
पच्छा पच्छाणुतावए, समयं गोयम !
मा पमायए ॥

तिण्णो हु सि अण्णवं महं, किं पुण चिट्ठसि
तीरमागओ ।
अभितुर पारं गमित्तए, समयं गोयम !
मा पमायए ॥

—उत्त. अ.१०, गा.३१-३४

कांटाथी भरेला मार्गने छोडी तुं विशाळ पथ पर उतरी आव्यो छे. दृढ निश्चयनी साथे ओ ज मार्ग पर चालतो रहे. माटे हे गौतम ! तुं क्षण मात्रनो पण प्रमाद करीश नहि.

दुर्बळ भारवाहकनी जेम तुं विषम मार्गे चाल्यो न जईश. कारणके विषम मार्गे जनारा-ओने पश्चात्ताप थाय छे. माटे हे गौतम ! तुं क्षण मात्रनो पण प्रमाद करीश नहि.

तुं आ महान समुद्रने पार करी गयो अने हवे किनारानी नजीक पहोंचीने शा माटे अटकयो छे ? तेने पार करवा उतावळ कर. हे गौतम ! तुं क्षण मात्रनो पण प्रमाद करीश नहि.

णिव्वाणमूलं सम्मद्दंसणं—

३७०. नत्थि चरित्तं सम्मत्तविहूणं, दंसणे उ भइयव्वं ।
सम्मत्तचरित्ताइं, जुगवं पुव्वं व सम्मत्तं ॥

नादंसणिस्स नाणं, नाणेण विणा न हुन्ति
चरणगुणा ।
अगुणिस्स नत्थि मोक्खो, नत्थि अमोक्खस्स
निव्वाणं ॥

—उत्त,अ.२८, गा.२९-३०

निर्वाणनुं मूळ सम्यग्दर्शन—

३७०. सम्यक्त्व विना चारित्र थतुं नथी. दर्शनमां (सम्यक्त्व) चारित्रनी भजना (विकल्प) छे. सम्यक्त्व अने चारित्र ओछी साथे उत्पन्न थाय छे. अने ज्यां ते ओछी साथे उत्पन्न थतां नथी, त्यां पहेलां सम्यक्त्व थाय छे.

सम्यक्त्व विना ज्ञान नथी थतुं, ज्ञान विना चारित्र नथी थतुं, चारित्र गुण विना मोक्ष नथी थतो, अने मोक्ष विना निर्वाण नथी थतुं.

पहाणा मोक्खमग्गा—

३७१. अच्चन्तकालस्स समूलगस्स,
सव्वस्स दुक्खस्स उ जो पमोक्खो ।
तं भासओ मे पडिपुण्णचित्ता,
सुणेह एगग्गहियं हियत्थं ॥

नाणस्स सव्वस्स पगासणाए,
अन्नाणमोहस्स विवज्जणाए ।
रागस्स दोसस्स य संखएणं,
एगन्तसोक्खं समुवेइ मोक्खं ॥

तस्सेस मग्गो गुरुविद्धसेवा,
विवज्जणा बालजणस्स दूरा ।
"सज्झायएगन्तनिसेवणा य"
सुत्तत्थ-संचिन्तणया धिई य ॥

—उ. २८, अ. ३२, गा. १-३

प्रधान मोक्ष-मार्ग—

३७१. अनादिकालीन सर्व दुःखो अने तेनां कारणो (कषाय आदि) मांथी मोक्षनो जे उपाय छे ते हुं कहुं छुं. ते ऐकांतहित (ध्यान माटे हितकर) छे. माटे तमे ऐकाग्र चित्त थई हित (मोक्ष) माटे सांभळो.

संपूर्ण ज्ञानना प्रकाश अज्ञान अने मोहनो नाश तथा राग-द्वेषनो क्षय थवाथी आत्मा ऐकान्त सुखमय मोक्षने प्राप्त करे छे.

गुरु अने वृद्धोनी (स्थविर मुनिओनी) सेवा करवी, अज्ञानी जनोनुं दूरथी ज वर्जन करवुं, स्वाध्याय करवो, ऐकान्तवास करवो, सूत्र अने अर्थनुं चिंतन करवुं, अने धैर्य राखवुं ओ मोक्षनो मार्ग छे.

उम्मग्गपट्ठाणं निरयगमणं—

३७२. सुद्धं मग्गं विराहित्ता, इहमेगे उ दुम्मती ।

उन्मार्गे गमन करनारनी नरकगति—

३७२. आ जगतमां केटलीक कुबुद्धि व्यक्तिओ तो शुद्ध (निर्वाण३५) भावमार्गनी विराधना करी उन्मार्गमां

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उम्मग्गगता दुक्खं, घंतमेसंति ते तधा ॥

जहा आसाविणिं नावं, जातिअंधो दुरूहिया ।
इच्छती पारमागंतुं, अंतरा य विसीयती ॥

एवं तु समणा एगे, मिच्छदिट्ठी अणारिया ।
सोयं कसिणमावण्णा, आगंतारो महब्भयं ॥
सूय. सु.१, अ.११ गा. २९-३१

उन्मार्गगामी દુઃખ, ઘાતને પ્રાપ્ત થાય છે. તેઓ પોતાને માટે દુઃખ તથા અનેકવાર ઘાત (વિનાશ-મરણ) ઇચ્છે છે અથવા શોધે છે.

જેમ કોઈ જન્માંધ પુરુષ છિદ્રવાળી નાવ પર ચઢી નદી પાર કરવા ચાહે છે, પરંતુ તે વચમાં જ (મઝધારે) ડૂબી જાય છે.

એ જ પ્રમાણે કેટલાક મિથ્યાદર્શી અનાર્ય શ્રમણો કર્મોના આશ્રવરૂપ પૂર્ણ ભાવ સ્રોતમાં ડૂબેલા હોય છે. અંતમાં તેમને નરકાદિ દુઃખરૂપી મહાભય પ્રાપ્ત કરવો પડશે.

णिव्वाण साहणा—

३७३. इमं च धम्ममादाय,
कासवेण पवेदितं ।
तरे सोयं महाघोरं,
अत्तत्ताए परिव्वए ॥

विरते गामधम्मेहिं,
जे केइ जगती जगा ॥
तेसिं अत्तुवमायाए
थामं कुव्वं परिव्वए ॥

अतिमाणं च मायं च,
तं परिण्णाय पंडिते ।
सव्वमेयं निराकिच्चा,
निव्वाणं संधए मुणी ॥

संघते साहुधम्मं च,
पावं धम्मं णिराकरे ।
उवधाणवीरिए भिक्खू
कोहं माणं न पत्थए ॥

जे य बुद्धा अतिक्कंता,
जे य बुद्धा अणागता ।
संति तेसिं पतिट्ठाणं,
भूयाणं जगती जहा ॥

अहं णं वतमावण्णं,
फासा उच्चावया फुसे ।
ण तेसु विणिहण्णेज्जा,
वातेणेव महागिरी ॥

संवुडे से महापण्णे,
धीरे दत्तेसणं चरे ।
निव्वुडे कालमाकंखी,
एवं केवलिणो मतं ॥
—सूय. सु. १, अ. ११, गा. ३२-३८

નિર્વાણ માર્ગની સાધના—

૩૭૩. કાશ્યપ-ગોત્રીય ભગવાન મહાવીર દ્વારા પ્રરૂપિત આ ધર્મને ગ્રહણ (સ્વીકાર) કરી, શુદ્ધ માર્ગ સાધક સાધુ મહાઘોર (જન્મ મરણાદિ દીર્ઘકાલિક દુઃખ-પૂર્ણ) સંસારસાગરને પાર કરે તથા આત્મરક્ષા માટે સંયમમાં પરાક્રમ કરે.

સાધુ ગ્રામ ધર્મથી (શબ્દાદિ વિષયોથી) નિવૃત્ત (વિરત) થઈ જગતમાં જે કોઈ (જીવિતાર્થી) પ્રાણી છે, એ સુખપ્રિય પ્રાણીઓને આત્મવત્ સમજી તેમને દુઃખ ન પહોંચાડે, તેમની રક્ષા માટે પરાક્રમ કરી સંયમની સાધનામાં પ્રગતિ કરે.

પંડિત મુનિ અતિ માન અને માયા તથા (અતિ લોભ અને ક્રોધને) (સંસારવૃદ્ધિનું કારણ) જાણી સમસ્ત કષાયસમૂહનું નિવારણ કરી, નિર્વાણની (મોક્ષની) સાથે આત્માનું સંધાન કરે અથવા મોક્ષની શોધ કરે.

સાધુ ક્ષમા આદિ દસવિધ શ્રમણ-ધર્મમાં વૃદ્ધિ કરે તથા જે પાપધર્મ છે તેનું નિવારણ કરે. ભિક્ષુ તપશ્ચર્યામાં (ઉપધાનમાં) પૂર્ણ શક્તિ લગાવે તથા ક્રોધ અને અભિમાનને જરા પણ સફળ થવા ન દે.

જે બુદ્ધ (કેવળજ્ઞાની) ભૂતકાળમાં થયા છે અને ભવિષ્યમાં થશે, તે સર્વનો આધાર શાંતિ જ છે [કષાયનો ઉપશમ જ છે], જેવી રીતે પ્રાણીઓનો આધાર પૃથ્વી છે.

અણગાર ધર્મ સ્વીકાર કર્યા બાદ સાધુ અનેક પ્રકારનાં અનુકૂળ પ્રતિકૂળ પરિષહ અને ઉપસર્ગ રૂપ સ્પર્શ કરે, તો તેનાથી જરા પણ વિચલિત થાય નહીં. જેમ કે મહાવાતથી મહાગિરિવર મેરુ કયારે પણ વિચલિત થતો નથી.

આશ્રવ દ્વારનો નિરોધ (સંવર) કરવાથી તે મહાપ્રજ્ઞ ધીર સાધુ ગૃહસ્થ દ્વારા દીધેલા એષણીય-કલ્પનીય આહારને જ ગ્રહણ કરે તથા શાંત (ઉપશાંત-કષાય નિવૃત્ત) રહીને [જો કાળનો અવસર આવે તો] કાળ (પંડિત-મરણ અથવા સમાધિ-મરણ)ની આકાંક્ષા (પ્રતીક્ષા) કરે. એ જ કેવળી ભગવાનનો મત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सुमग्ग-उम्मग्ग सरूवं—

३७४. कुप्पहा बहवो लोए, जेहिं नासन्ति जंतवो ।
अद्धाणे कह वट्टन्ते, तं न नस्ससि गोयमा ॥

जे य मग्गेण गच्छन्ति, जे य उम्मग्गपट्ठिया ।
ते सव्वे विइया मज्झे, तेा न नस्सामहं मुणी ॥

मग्गे य इइ के वुत्ते? केसी गोयममब्बवी ।
केसिमेव बुवंतं तु, गोयमो इणमब्बवी ॥

कुप्पवयण-पासण्डी, सव्वे उम्मग्गपट्ठिया ।
सम्मग्गं तु जिणक्खायं, एस मग्गे हि उत्तमे ॥
उत्त.अ.२३, गा.६०-६३

सन्मार्ग-उन्मार्गनुं स्वरूप—

३७४. 'गौतम! लोकमां कुमार्ग घणा छे. जेमां लोको भटके छे. मार्ग पर चालता तमे शा माटे नथी भटकता ?,

'जे सन्मार्गथी चाले छे अने जे उन्मार्गथी चाले छे' ए बधाने हुं ओळखुं छुं. माटे हे मुनि! 'हुं भटकतो नथी.'

'मार्ग कोने कहेवाय?' केशीओ गौतमने कह्युं. केशीना पूछवाथी गौतमे आ प्रमाणे कह्युं—

'मिथ्या प्रवचनने माननारा बधा पाखंडी-मती लोको उन्मार्गे चाले छे. सन्मार्ग तो जिनोपदिष्ट छे. ते ज उत्तम मार्ग छे.'

मोक्खमग्ग जिण्णासा—

३७५. कयरे मग्गे अक्खाते, माहणेण मतीमता ।
जं मग्गं उज्जु पावित्ता, ओहं तरति दुत्तरं ॥

तं मग्गं अणुत्तरं बुद्धं, सव्वदुक्खविमोक्खणं ।
जाणासि णं जहा भिक्खू, तं णे बूहि महामुणी ॥

जइ णे केइ पुच्छिज्जा, देवा अदुव माणुसा ।
तेसिं तु कतरं मग्गं, आइक्खेज्ज कहाहि णे ॥

जइ वो केइ पुच्छिज्जा, देवा अदुव माणुसा ।
तेसिमं पडिसाहेज्जा, मग्गसारं सुणेह मे ॥

अणुपुव्वेण महाघोरं, कासवेण पवेदियं ।
जमादाय इओ पुव्वं, समुद्दं व ववहारिणो ॥

अतरिंसु तरंतेगे, तरिस्संति अणागता ।
तं सोच्चा पडिवक्खामि, जंतवो तं सुणेह मे ॥
—सूय.सु.१, अ.११, गा.१-६

मोक्षमार्ग जिज्ञासा—

३७५. अहिंसाना परम उपदेष्टा (महामाहण) केवळज्ञानी (विशुद्ध मतिमान) भगवान महावीरे कयो मोक्षमार्ग बताव्यो छे? जे सरळ मार्गने प्राप्त करी दुस्तर संसारने मनुष्य पार करे छे?

हे महामुनि! सर्व दुःखोथी मुक्त करनार शुद्ध अने अनुत्तर (सर्व श्रेष्ठ) ए मार्गने आप जेवी रीते जाणो छो, कृपा करी अमने बतावो.

जो कोई देव अथवा मनुष्य अमने पूछे तो अमे कयो मार्ग बतावीए? [कृपा करी] ए पण अमने बतावो.

जो कोई देव अथवा मनुष्य पूछे तो तेने [हवे जे कहेवाशे ते] मार्ग बतावयो जोईए. ए साररूप मार्ग तमे मारी पासेथी श्रवण करो.

काश्यप-गोत्रीय श्रमण भगवान महावीर द्वारा प्रतिपादित ते अति कठिन मार्गने हुं क्रमथी बतावुं छुं. जेम समुद्र मार्गथी विदेशमां व्यापार करनार समुद्रने पार करे छे. तेम आ मार्गनो आश्रय लई पूर्वे घणा जीवोए संसारसागरने पार कर्यो छे.

वर्तमानमां केटलाक जीवो पार करी रह्या छे, अने भविष्यमां पण घणा जीवो पार करशे. ए भावमार्ग तीर्थंकर महावीर पासेथी श्रवण करी [जेवो समज्यो छुं] ए रूपमां हुं आपने कहीश.

हे जिज्ञासु जीवो! ए [मार्ग संबंधी] वर्णन आप मारी पासेथी सांभळो.

निव्वाण-मग्गं—

३७६. उड्ढं अहे तिरियं च, जे केइ तस-थावरा ।
सव्वत्थ विरतिं कुज्जा, संति निव्वाणमाहियं ॥

निर्वाण मार्ग—

३७६. ऊपर, नीचे अने तीरछा [लोकमां] जे कोई त्रस अने स्थावर जीवो छे, सर्वत्र ते सर्वनी हिंसाथी विरति (निवृत्ति) करवी जोईए. तेनाथी जीवने शांतिमय निर्वाण - मोक्षनी प्राप्ति बतावी छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पभू दोसे निराकिच्चा, ण विरुज्झेज्ज केणइ ।
मणसा वयसा चेव, कायसा चेव अंतसो ॥
—सूय.सु.१, अ.११, गा.११-१२

इन्द्रिय-विजेता साधक दोषोनुं निवारण करी कोई पण प्राणीनी साथे जीवनपर्यंत मनथी, वचनथी अने कायाथी वैरविरोध करे नहि.

अणुत्तर णाण-दसणं—

३७७. जमतीतं पडुप्पण्णं, आगामिस्स च णायगो ।
सव्वं मण्णति तं ताती, दंसणावरणंतए ॥
अंतए वितिगिंछाए, से जाणति अणेलिसं ।
अणेलिसस्स अक्खाया, ण से होति तहिं तहिं ॥
सूय.सु.१, अ.१५, गा.१-२

अनुत्तर ज्ञान-दर्शन—

३७७. जे पदार्थ भूतकालमां थई गयुं छे, जे पदार्थ वर्तमानमां विद्यमान छे, जे पदार्थ भविष्यमां थशे – ओ सर्वने दर्शनावरणीय कर्मनो सर्वथा अंत करनार जीवोना रक्षक, धर्मनायक तीर्थंकर भगवान जाणे अने जुओ छे. जेणे विचिकित्सा [संशय]नो सर्वथा नाश कर्यो छे, एवा ते अतुल ज्ञानवान् छे, सौथी अधिक वस्तुतत्त्वनो निर्णय करनार छे. एवा त्यां [बौद्धादि दर्शनमां] होता नथी.

मेत्ति भावणा—

३७८. तहिं तहिं सुयक्खायं, से य सच्चे सुयाहिए ।
सदा सच्चेण संपण्णे, मेत्तिं भूतेहिं कप्पते ॥

भूतेहिं न विरुज्झेज्जा, एस धम्मे वुसीमओ ।
वुसीमं जगं परिण्णाय, अस्सिं जीवितभावणा ॥

भावणाजोगसुद्धप्पा, जले णावा व आहिया ।
नावा व तीरसंपत्ता, सव्वदुक्खा तिउट्टति ॥
सूय.सु.१, अ.१५, गा.३-५

मैत्री भावना—

३७८. [श्री तीर्थंकर देवे] आगमआदि स्थानोमां जे जीवादि पदार्थोनुं सारा प्रमाणमां कथन कर्युं छे ते ज सुभाषित छे. माटे सदा सत्यथी संपन्न थई प्राणीओ साथे मैत्री-भावना राखवी जोईओ.

प्राणीओनी साथे वैरविरोध करवो नहि – ओ ज तीर्थंकरोनो अथवा सुसंयमीओनो धर्म छे. सुसंयमी साधु जगतनुं स्वरूप सम्यक् प्रकारे जाणी आ वीतराग प्रतिभादित धर्ममां जीवित भावना राखे.

भावनायोगना योगथी जेनो अंतरात्मा शुद्ध थयो छे तेनी स्थिति जलमां नाव समान कही छे. किनारा पर पहोंचेली नाव विश्राम करे छे – ओ ज प्रमाणे भावना योग साधक पण संसारसमुद्रना किनारे पहोंची संपूर्ण दुःखोथी मुक्त थाय छे.

३७९. जं च मे पुच्छसी काले, सम्मं सुद्धेण चेयसा ।
ताइं पाउकरे बुद्धे, तं नाणं जिणसासणे, ॥

किरियं च रोयए धीरे, अकिरियं परिवज्जए ।
दिट्ठीए दिट्ठीसम्पन्ने, धम्मं चर सुदुच्चरं ॥

एयं पुण्णपयं सोच्चा, अत्थ-धम्मोवसोहियं ।
भरहो वि भारहं वासं, चेच्चा कामाइं पव्वए ॥

सगरो वि सागरन्तं, भरहवासं नराहिवो ।
इस्सरियं केवलं हिच्चा, दयाए परिनिव्वुडे ॥

चइत्ता भारहं वासं, चक्कवट्टी महिड्ढिओ ।
पव्वज्जमब्भुवगओ, मघवं नाम महाजसो ॥

३७९. 'जे तमे मने सम्यक् शुद्ध चित्तथी काळना विषयमां पूछी रह्या छो ते सर्वज्ञ भगवंते प्रगट करेल छे. माटे ते ज्ञान जिन शासनमां विद्यमान छे.'

'धीर पुरुष क्रियामां रुचि राखे अने अक्रियानो त्याग करे. सम्यक् दृष्टिथी संपन्न थई तमे दुश्चर धर्मनुं आचरण करो.'

'अर्थ अने धर्मथी उपशोभित आ पुन्यपदने (पवित्र उपदेश वचनने) श्रवण करी भरत चक्रवर्ती भारतवर्ष अने कामभोग इत्यादिनो परित्याग करी प्रव्रजित थया हता.

सगर नराधिप (चक्रवर्ती) पण संपूर्ण सागर पर्यन्त भारत वर्ष अने परिपूर्ण ऐश्वर्यनो त्याग करी संयम साधना द्वारा परिनिर्वाणने प्राप्त थया हता.

'महान ऋद्धिवान, महान यशस्वी मघवा नामना त्रीजा चक्रवर्तीए भारतवर्षना छ खंडना राज्यनो त्याग करी प्रव्रज्या स्वीकारी हती.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सणंकुमारो मणुस्सिन्दो, चक्कवट्टी महिड्ढिओ।
पुत्ते रज्जे ठवित्ताणं, सो वि राया तवं चरे ॥

चइत्ता भारहं वासं, चक्कवट्टी महिड्ढिओ।
सन्ती सन्तिकरे लोए, पत्तो गइमणुत्तरं ॥

इक्खागरायवसभो, कुन्थु नाम नराहिवो।
विक्खायकित्ती धिइमं, पत्तो गइमणुत्तरं ॥

सागरन्तं जहित्ताणं, भरहं नरवरीसरो।
अरो य अरयं पत्तो, पत्तो गइमणुत्तरं ॥

चइत्ता भारहं वासं, चक्कवट्टी नराहिओ।
चइत्ता उत्तमे भोए, महापउमे तवं चरे ॥

एगच्छत्तं पसाहित्ता, महिं माणनिसूरणो।
हरिसेणो मणुस्सिन्दो, पत्तो गइमणुत्तरं ॥

अन्निओ रायसहस्सेहिं सुपरिच्चाई दमं चरे।
जय नामो जिणक्खायं, पत्तो गइमणुत्तरं ॥

दसण्णरज्जं मुइयं, चइत्ताण मुणी चरे।
दसण्णभद्दो निक्खन्तो, सक्खं सक्केण चोइओ ॥

नमी नमेइ अप्पाणं, सक्खं सक्केण चोइओ।
चइऊण गेहं वइदेही, सामण्णे पज्जुवट्ठिओ ॥

करकण्डू कलिंगेसु, पंचालेसु य दुम्मुहो।
नमी राया विदेहेसु, गन्धारेसु य नग्गई ॥

एए नरिन्दवसभा, निक्खन्ता जिणसासणे।
पुत्ते रज्जे ठवित्ताणं, सामण्णे पज्जुवट्ठिया ॥

सोवीररायवसभो, चेच्चा रज्जं मुणी चरे।
उद्दायणो पव्वइओ, पत्तो गइमणुत्तरं ॥

तहेव कासीराया विसेओ-सच्चपरक्कमे।
कामभोगे परिच्चज्ज, पहणे कम्ममहावणं ॥

तहेव विजओ राया अणट्टाकित्ति पव्वए।
रज्जं तु गुणसमिद्धं, पयहित्तु महाजसो ॥

'महान ऋद्धिसंपन्न, मनुष्योमां इन्द्र એવા सनत्कुमार चक्रवर्तीએ पुत्रने राज्य पर स्थापित કरी तपनुं (चारित्रनुं) आचरण કर्युं हतुं.

'महान ऋद्धिसंपन्न, लोકमां शांति કरनार शांतिनाथ चक्रवर्तीએ भारतवर्षनो त्याग કरी अनुत्तर गतिने प्राप्त કरी हती.'

'ઇક્ષ્વાકु કुળना राजाओमां श्रेष्ठ नरेश्वर, विખ्यात કीर्ति-धृतिमान, કुंथुनाथे अनुत्तर गति प्राप्त કरी हती.

'सागर पर्यन्त भारत वर्षने छोडी, કर्म-रજने दूर કरी, नरेश्वरोमां श्रेष्ठ अरनाथ भगवाने अनुत्तर गति प्राप्त કरी हती.'

'भारतवर्षने छोडी, उत्तम भोगोनो त्याग કरी,महापद्म चक्रवर्तीએ तपनुं आचरण કर्युं हतुं.'

'शત्रुओनुं मानमर्दन કरनार हरिषेण चક્રवर्तीએ पृथ्वी पर એકछत्र शासन કर्या બाद अनुत्तर गति प्राप्त કरी हती.'

'श्रेष्ठ त्यागी, જय चक्रवर्तीએ हजार राजाओनी साथे राज्यनो परित्याग કरी, जिन-भाषित संयमनुं आचरण કर्युं हतुं अने अनुत्तर गति प्राप्त કरी हती.'

'साक्षात् देवेन्द्रथी प्रेरित थई, दशार्ण-भद्र राजाએ पोतानुं संपूर्ण प्रકारथी आनंदित दशार्ण-राज्य छोडी प्रव्रज्या लीधी हती अने मुनि धर्मनुं आचरण કर्युं हतुं.'

'साक्षात् देवेन्द्रथी प्रेरित होवा छतां पण विदेहना राजा नेमि श्रामण्य-धर्ममां यथायोग्य स्थिर थया अने पोताने अत्यंत नम्र બनाव्या हता.'

'કलिंगमां કरકंडु, पांचालमां द्विमुख, विदेहमां नमिराजा, अने गंधारमां नग्गतिએ पण એम જ કर्युं हतुं.'

'आ राजाओ वृषभ समान महान हता. तेओએ पोतपोताना पुत्रने राज्य सोंपी जिन-शासनमां प्रव्रજित थया, अने यथायोग्य श्रामण्य धर्मथी सिद्ध थया हता.'

– सौवीर राजाओमां वृषभनी जेम महान उद्दायन राजाએ राज्य छोडी प्रव्रज्या लीधी, मुनि-धर्मनुं आचरण કर्युं अने अनुत्तर गति प्राप्त કरी हती.'

– आ જ प्रमाणे श्रेय अने सत्यमां पराक्रम-शील કाशीराજे કामभोगोनो परित्याग કरी કर्म રूपी महावननो नाश કर्यो हतो.'

'आ જ प्रमाणे अमर-कीर्ति, महान यशस्वी विजय राजाએ गुण-समृद्ध राज्यनो परित्याग કरी प्रव्रज्या लीधी हती.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तहेवुग्गं तवं किच्चा, अव्वक्खित्तेण चेयसा।
महाबलो रायरिसी, अदाय सिरसा सिरं॥

'એ જ પ્રમાણે અનાકુલ ચિત્તથી ઉગ્ર તપસ્યા કરી રાજર્ષિ મહાબલે માથું આપી માથું પ્રાપ્ત કર્યું અર્થાત્ અહંકારનું વિસર્જન કરી સિદ્ધપદ પ્રાપ્ત કર્યું હતું.'

कहं धीरो अहेऊहिं, उम्मत्तो व महिं चरे?
एए विसेसमादाय, सूरा दढपरक्कमा॥

'આ ભરત આદિ શૂર અને દૃઢ પરાક્રમી રાજાઓએ જિનશાસનની વિશેષતા જોઈને જ તેનો સ્વીકાર કર્યો હતો. માટે સાધક અહેતુવાદોથી પ્રેરિત થઈ ઉન્મત્તની જેમ પૃથ્વી પર વિચરણ કેવી રીતે કરી શકે?!

अच्चन्तनियाणखमा, सच्चा मे भासिया वई।
अतरिंसु तरन्तेगे, तरिस्सन्ति अणागया॥

મેં આ અત્યંત યુક્તિ સંગત સત્યવાણી કહી છે. તેને સ્વીકાર કરી અનેક જીવો ભૂતકાળમાં સંસાર સમુદ્રથી તરી ગયા છે, વર્તમાનમાં તરી રહ્યા છે અને ભવિષ્યમાં તરશે.

कहं धीरे अहेऊहिं, अत्ताणं परियावसे?
सव्वसंगविनिम्मुक्के, सिद्धे हवइ नीरए॥
उत्त.अ.१८. गा.३२-५४

ધીર સાધક! એકાન્તવાદી અહેતુવાદોમાં તું કેવી રીતે ભળી શકે? જે સર્વ સંગતથી મુક્ત છે, તે જ નીરજ અર્થાત્ કર્મરજથી રહિત થઈ સિદ્ધ થાય છે.

सिद्धट्ठाण सरूवं—

सिद्ध-स्थानનું સ્વરૂપ—

३८०. इह आगतिं गतिं परिण्णाय अच्चेति जाति-मरणस्स वट्टमग्गं वक्खातरते।

૩૮૦. પરમાર્થનો વિચાર કરી અને સંસારના આવાગમનને જાણી, જન્મ-મરણના માર્ગને વ્યાખ્યાતરત મુનિ પાર કરી લે છે અર્થાત્ મોક્ષને પ્રાપ્ત કરે છે.

सव्वे सरा नियट्टन्ति,
तक्का जत्थ ण विज्जति,
मती तत्थ ण गाहिया।
ओए अप्पतिट्ठाणस्स खेत्तण्णे।

[સિદ્ધાત્માનું સ્વરૂપ અથવા અવસ્થા બતાવવા માટે] કોઈ શબ્દ સમર્થ નથી, કોઈ તર્ક ત્યાં ચાલતો નથી, ત્યાં બુદ્ધિ પ્રવેશી શકતી નથી. ત્યાં તે મુક્ત આત્મા કર્મ-મલથી રહિત ઓજરૂપ શરીર રૂપ પ્રતિષ્ઠાન આધાર રહિત અને ક્ષેત્રજ્ઞ જ છે.

से ण दीहे, ण हस्से, ण वट्टे, ण तंसे, ण चउरंसे, ण परिमंडले,
ण किण्हे, ण णीले, ण लोहिते, ण हालिद्दे, ण सुक्किले,
ण सुब्भिगंधे, ण दुब्भिगंधे,

તે મુક્તજીવ લાંબો નથી, ટૂંકો નથી, ત્રિકોણ નથી, ચોરસ નથી કે ગોળાકાર નથી.

તે કાળો નથી. લીલો નથી. પીળો નથી અને શ્વેત નથી.

તે સુગંધયુક્ત નથી. તે દુર્ગન્ધયુક્ત પણ નથી.

ण तित्ते, ण कडुए, ण कसाए, ण अंबिले, ण महुरे,
ण कक्खडे, ण मउए, ण गरुए, ण लहुए,
ण सीए, ण उण्हे, ण णिद्धे, ण लुक्खे,

તે તીખો નથી. કડવો નથી. તૂરો નથી. ખાટો નથી. મીઠો નથી.

તે કઠોર નથી, કોમળ નથી, ભારે નથી, હલકો નથી. તે ઠંડો નથી, ગરમ નથી, ચીકણો નથી, રુક્ષ નથી.

ण काऊ, ण रुहे, ण संगे, ण इत्थी, ण पुरिसे, ण अण्णहा।
परिण्णे सण्णे।
उवमा ण विज्जति।

તે (મુક્તાત્મા) શરીરધારી નથી, પુનર્જન્મધારી નથી. તે સંગરહિત છે. તે સ્ત્રી નથી, પુરુષ નથી, કે નપુંસક નથી.

તે (મુક્તાત્મા) જ્ઞાતા છે, પરિજ્ઞાતા છે. તેને જાણવા માટે કોઈ ઉપમા નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अरूवी सत्ता ।
अपदस्स पदं णत्थि ।
से ण सद्दे, ण रूवे, ण गंधे, ण रसे, ण फासे इच्चेतावंति ।

—आ.सु.१, अ.५, उ.६, सु. १७६

તે અરૂપી સત્તાવાળો છે. તે અવસ્થારહિત છે. માટે તેનું વર્ણન કરવા માટે કોઈ શબ્દ નથી.
તે શબ્દ નથી, રૂપ નથી, ગંધ નથી, રસ નથી અને સ્પર્શ નથી. બસ એટલું જ છે.

सच्चा असच्चा दंसणसच्चा दंसणअसच्चा—

३८१. चत्तारि पुरिसजाया पण्णत्ता, तं जहा—
सच्चे नाममेगे सच्चदिट्ठी,
सच्चे नाममेगे असच्चदिट्ठी,
असच्चे नाममेगे सच्चदिट्ठी,
असच्चे नाममेगे असच्चदिट्ठी,

—ठाणं.अ.४, उ.१, सु.२४१(७)

સત્યવક્તા, અસત્યવક્તા, દર્શનસત્યા, દર્શનઅસત્યા-

૩૮૧. ચાર પ્રકારના પુરુષ કહ્યા છે. જેમ કે—
એક પુરુષ સત્યવક્તા છે. અને તેની દૃષ્ટિ-દર્શન પણ સત્ય છે.
એક પુરુષ સત્યવક્તા છે, પરંતુ તેની દૃષ્ટિ-દર્શન અસત્ય છે.
એક પુરુષ અસત્યવક્તા છે, પરંતુ તેની દૃષ્ટિ-દર્શન સત્ય છે.
એક પુરુષ અસત્યવક્તા છે અને તેની દૃષ્ટિ-દર્શન પણ અસત્ય છે.

सुसीला दुस्सीला सुदंसणा कुदंसणा—

३८२. चत्तारि पुरिसजाया पण्णत्ता तं जहा—
सुई नाममेगे सुइदिट्ठी,
सुई नाममेगे असुइदिट्ठी,
असुई नाममेगे सुइदिट्ठी,
असुई नाममेगे असुइदिट्ठी ।

—ठाणं अ. ४, उ.१, सु.२४१(१७)

સુશીલ અને દુઃશીલ, સુદર્શન અને કુદર્શન—

૩૮૨. ચાર પ્રકારના પુરુષ કહ્યા છે. જેમ કે—
એક પુરુષ સારા સ્વભાવવાળો છે અને તેની દૃષ્ટિ-દર્શન પણ સારું છે.
એક પુરુષ સારા સ્વભાવવાળો છે પરંતુ તેની દૃષ્ટિ-દર્શન સારું નથી.
એક પુરુષ સારા સ્વભાવવાળો નથી, પરંતુ તેની દૃષ્ટિ-દર્શન સારું છે.
એક પુરુષ સારા સ્વભાવવાળો પણ નથી અને તેની દૃષ્ટિ-દર્શન પણ સારું નથી.

सुद्धा असुद्धा सुद्ध दंसणा असुद्ध दंसणा—

३८३. चत्तारि पुरिसजाया पण्णत्ता तं जहा—
सुद्धे नाममेगे सुद्धे,
सुद्धे नाममेगे असुद्धे,
असुद्धे नाममेगे सुद्धे,
असुद्धे नाममेगे असुद्धे ।

—ठाणं.अ.४, उ.१, सु.२३९(२)

શુદ્ધ અને અશુદ્ધ, શુદ્ધ દર્શનવાળા અને અશુદ્ધ દર્શનવાળા-

૩૮૩. ચાર પ્રકારના પુરુષ કહ્યા છે. જેમ કે—
એક પુરુષ શુદ્ધ છે. અને તેની દૃષ્ટિ-દર્શન પણ શુદ્ધ છે.
એક પુરુષ શુદ્ધ છે, પરંતુ તેની દૃષ્ટિ શુદ્ધ નથી.
એક પુરુષ અશુદ્ધ છે, પરંતુ તેની દૃષ્ટિ શુદ્ધ છે.
એક પુરુષ અશુદ્ધ છે અને તેની દૃષ્ટિ પણ અશુદ્ધ છે.

उन्नया अवनया उन्नयदंसणा अवनयदंसणा—

३८४. चत्तारि पुरिसजाया पण्णत्ता तं जहा—
उन्नए नाममेगे उन्नयदिट्ठी,
उन्नए नाममेगे पणयदिट्ठी,
पणए नाममेगे उन्नयदिट्ठी,
पणए नाममेगे पणयदिट्ठी ।

—ठाणं.अ.४, उ.१, सु.२३६(७)

ઉન્નત અને અવનત, ઉન્નત-દર્શની, અવનત-દર્શની—

૩૮૪. ચાર પ્રકારના પુરુષ કહ્યા છે. જેમ કે—
એક પુરુષ ઉન્નત છે અને ઉન્નત દૃષ્ટિ-દર્શનવાળો છે.
એક પુરુષ ઉન્નત છે, પરંતુ હીન દૃષ્ટિ-દર્શનવાળો છે.
એક પુરુષ હીન છે, પરંતુ ઉન્નત દૃષ્ટિ-દર્શનવાળો છે.
એક પુરુષ હીન છે અને હીન દૃષ્ટિ-દર્શનવાળો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सरला वंका उज्जुदंसणा-वंकदंसणा आइ—

३८५.(क) चत्तारि पुरिसजाया पण्णत्ता, तं जहा—
उज्जू नाममेगे उज्जूदिट्ठी,

उज्जू नाममेगे वंकदिट्ठी,

वंके नाममेगे उज्जूदिट्ठी,

वंके नाममेगे वंकदिट्ठी ।

—ठाणं.अ.४, उ.१, सु.२३६(१७)

३८६. चत्तारि पुरिसजाया पण्णत्ता तं जहा—
अज्जे नाममेगे अज्जदिट्ठी,
अज्जे नाममेगे अणज्जदिट्ठी,

अणज्जे नाममेगे अज्जदिट्ठी,

अणज्जे नाममेगे अणज्जदिट्ठी ।

—ठाणं.अ.४, उ.२, सु.२८०(७)

३८७. चत्तारि पुरिसजाया पण्णत्ता, तं जहा—
दीणे नाममेगे दीणदिट्ठी,

दीणे नाममेगे अदीणदिट्ठी,

अदीणे नाममेगे दीणदिट्ठी,

अदीणे नाममेगे अदीणदिट्ठी ।

—ठाणं.अ.४, उ.२, सु.२७९(७)

સરલ અને વક્ર, સરલદૃષ્ટિ અને વક્રદૃષ્ટિ—

૩૮૫. ચાર પ્રકારના પુરુષ કહ્યા છે. જેમ કે—

એક પુરુષ હૃદયથી સરળ છે, અને માયારહિત દૃષ્ટિ-દર્શનવાળો છે.

એક પુરુષ હૃદયથી સરળ છે, પરંતુ તે માયા-યુક્ત દૃષ્ટિ-દર્શનવાળો છે.

એક પુરુષ હૃદયથી વક્ર છે, પરંતુ માયારહિત દૃષ્ટિ-દર્શનવાળો છે.

એક પુરુષ હૃદયથી વક્ર છે, અને માયાયુક્ત દૃષ્ટિ-દર્શનવાળો છે.

ચાર પ્રકારના પુરુષ કહ્યા છે. જેમ કે—

૩૮૬. એક પુરુષ આર્ય છે. અને આર્ય દૃષ્ટિ-દર્શનવાળો છે.

એક પુરુષ આર્ય છે. પરંતુ અનાર્ય દૃષ્ટિ-દર્શનવાળો છે.

એક પુરુષ અનાર્ય છે, પરંતુ આર્ય દૃષ્ટિ-દર્શનવાળો છે.

એક પુરુષ અનાર્ય છે અને અનાર્ય દૃષ્ટિ-દર્શનવાળો છે.

ચાર પ્રકારના પુરુષ કહ્યા છે. જેમ કે—

૩૮૭. એક પુરુષ ગ્લાન મુખવાળો છે, અને તેની દૃષ્ટિ-દર્શન પણ સ્પષ્ટ નથી.

એક પુરુષ ગ્લાન મુખવાળો છે, પરંતુ તેની દૃષ્ટિ-દર્શન સ્પષ્ટ છે.

એક પુરુષ ગ્લાન મુખવાળો નથી, પરંતુ તેની દૃષ્ટિ-દર્શન સ્પષ્ટ છે.

એક પુરુષ ગ્લાન મુખવાળો નથી અને તેની દૃષ્ટિ-દર્શન પણ સ્પષ્ટ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दर्शनाचार परिशिष्ट

પુંડરીક સંબંધી દૃષ્ટાંત-દાર્ષ્ટાન્તિકની યોજના—

પ્રસ્તુત બે સૂત્રોમાંથી પ્રથમ સૂત્રમાં શ્રમણ ભગવાન્ મહાવીરે શ્રમણ-શ્રમણીઓની જિજ્ઞાસા જોઈ તેઓને દૃષ્ટાંતોનું અર્થઘટન કરી બતાવવાનું આશ્વાસન આપ્યું છે. દ્વિતીય સૂત્રમાં મહાવીર પ્રભુએ પોતાની કેવળજ્ઞાન રૂપી પ્રજ્ઞા દ્વારા નિશ્ચિત કરી પુષ્કરિણી આદિ દૃષ્ટાંતોના વિવિધ પદાર્થોની ઉપમા દઈ આ પ્રમાણે અર્થઘટન કર્યું છે.

(૧) પુષ્કરિણી ચૌદ રજ્જુ-પરિમાણવાળો વિશાળ લોક છે. જેમ પુષ્કરિણીમાં અગણિત કમળો ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે, એ જ પ્રમાણે લોકમાં અગણિત પ્રકારના જીવો પોતપોતાના કર્માનુસાર ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. પુષ્કરિણી અનેક કમળોનો આધાર છે. એ જ પ્રમાણે મનુષ્યલોક પણ અનેક માનવોનો આધાર છે.

(૨) પુષ્કરિણીનું પાણી કર્મ છે. જેમ પુષ્કરિણીમાં પાણીના કારણે કમળની ઉત્પત્તિ થાય છે, એ જ પ્રમાણે આઠ પ્રકારનાં સ્વકૃત કર્મોના કારણે મનુષ્યોની ઉત્પત્તિ થાય છે.

(૩) કામ-ભોગ પુષ્કરિણીનો કાદવ છે. જેમ કાદવમાં ફસાયેલો માનવ પોતાનો ઉદ્ધાર કરવામાં અસમર્થ થઈ જાય છે, એ જ પ્રમાણે કામ-ભોગોમાં ફસાયેલો માનવ પણ પોતાનો ઉદ્ધાર કરી શકતો નથી. એ બન્ને સમાન રૂપે બંધનનું કારણ છે. એક બાહ્ય બંધન છે. બીજું આંતરિક બંધન છે.

(૪) આર્યજન અને જનપદ બહુસંખ્યક શ્વેતકમળ છે. પુષ્કરિણીમાં અનેક પ્રકારનાં કમળો હોય છે, એ જ પ્રમાણે મનુષ્યલોકમાં અનેક પ્રકારનાં માનવ રહે છે. અથવા પુષ્કરિણી કમળોથી સુશોભિત હોય છે. એ જ પ્રમાણે મનુષ્યો અને એના દેશોથી માનવલોક સુશોભિત હોય છે.

(૫) જેમ પુષ્કરિણીનાં સંપૂર્ણ કમળોમાં મુખ્ય એક ઉત્તમ અને વિશાળ શ્વેત કમળ છે, એ જ પ્રમાણે મનુષ્યલોકના સર્વ મનુષ્યોમાં શ્રેષ્ઠ અને સર્વ પર શાસનકર્તા નરેન્દ્ર હોય છે, તે શીર્ષસ્થ અને સ્વ-પર-અનુશાસ્તા હોય છે, જેમ કે પુષ્કરિણીમાં કમળોનું શીર્ષસ્થ, શ્રેષ્ઠ પુંડરીક છે.

(૬) અવિવેકના કારણે પુષ્કરિણીના કાદવમાં ફસાઈ જનાર જેમ એ ચાર પુરુષો હતા, એ જ પ્રમાણે સંસાર રૂપી પુષ્કરિણીના કામ-ભોગ-રૂપી કીચડ અથવા મિથ્યા માન્યતાઓનાં દળ-દળામાં ફસાઈ જનાર ચારઅન્ય તીર્થિકો છે, જે પુષ્કરિણી-પંક મગ્ન પુરુષોની જેમ નથી તો પોતાનો ઉદ્ધાર કરી શકતા કે નથી મુખ્ય શ્વેતકમળરૂપ શાસકનો ઉદ્ધાર કરી શકતા.

(૭) અન્ય તીર્થિકો ગૃહત્યાગ કરવા છતાં પણ સત્યસંયમનું પાલન નથી કરતા માટે તેઓ નથી તો ગૃહસ્થમાં રહેતા, અને નથી સાધુપદ-મોક્ષપદ પ્રાપ્ત કરી શકતા. તેઓ વચમાં જ ફસાયેલા પુરુષોની જેમ ન તો અહીંના રહે છે, ન તો ત્યાંના, ઉભયભ્રષ્ટ જ રહી જાય છે.

(૮) જેમ બુદ્ધિમાન પુરુષ પુષ્કરિણીમાં પ્રવેશ્યા વગર, તેના કિનારા પરથી અવાજ દઈ ઉત્તમ શ્વેત કમળને બહાર કાઢે છે, એ જ પ્રમાણે રાગ-દ્વેષ રહિત સાધુ ભોગ રૂપી દળથી યુક્ત સંસાર પુષ્કરિણીમાં ન પેસતાં, સંસાર અથવા ધર્મતીર્થ રૂપ કિનારા પર ઊભો રહી (તટસ્થ-નિર્લિપ્ત) ધર્મકથા રૂપી સાદ કરી શ્વેત કમળ રૂપી રાજા-મહારાજા ઇત્યાદિને સંસાર રૂપી પુષ્કરિણીથી બહાર કાઢે છે.

(૯) જેમ પાણી અને કાદવનો ત્યાગ કરી કમળ બહાર (તેનાથી ઉપર ઊઠી) આવે છે, એ જ પ્રકારે ઉત્તમ પુરુષ પોતાના અષ્ટવિધ કર્મરૂપી પાણી અને કામભોગરૂપી કાદવનો ત્યાગ કરી નિર્વાણને પામે છે. શ્વેત કમળનું ઉપર ઊઠીને બહાર આવવું એ જ નિર્વાણપ્રાપ્તિ છે.

ક્રિયાવાદ—

નિર્યુક્તિકારે ક્રિયાવાદના ૧૮૦ ભેદ બતાવ્યા છે. તે આ પ્રમાણે છે - સર્વ પ્રથમ જીવ, અજીવ, પુન્ય **પાપ**, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ - એ નવ પદાર્થને ક્રમશઃ સ્થાપિત કરી તેની નીચે સ્વતઃ અને પરતઃ એ બે ભેદ રાખવા જોઈએ. એ જ પ્રમાણે તેની નીચે નિત્ય અને અનિત્ય એ બે ભેદોની સ્થાપના કરવી જોઈએ. તેની નીચે ક્રમશઃ કાળ, સ્વભાવ, નિયતિ, ઈશ્વર અને આત્મા એ પાંચ ભેદોની સ્થાપના કરવી જોઈએ. જેમ કે ૧. જીવ પોતે વિદ્યમાન છે. ૨. જીવ પરતઃ(બીજાથી) ઉત્પન્ન થાય છે. ૩. જીવ નિત્ય છે ૪. જીવ અનિત્ય છે. આ ચારે ભેદોને ક્રમશઃ કાળ આદિ પાંચેયની સાથે ગુણતાં વીસ ભેદ (૪×૫=૨૦) થાય છે, એ જ પ્રકારે અજીવ આદિ શેષ આઠના પ્રત્યેક વીસ વીસ ભેદ જાણવા જોઈએ. આ પ્રમાણે નવે પદાર્થોના ૨૦ × ૯=૧૮૦ ભેદ ક્રિયાવાદીઓના થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અક્રિયાવાદ—

અક્રિયાવાદના ૮૪ ભેદ થાય છે. તે આ પ્રમાણે છેઃ જીવ આદિ સાત પદાર્થોને ક્રમશઃ લખી તેની નીચે ૧. સ્વતઃ ૨. પરતઃ એ બે ભેદ સ્થાપિત કરવા જોઈએ. ત્યારબાદ ૭ X ૨=૧૪ પદાર્થોની નીચે ૧. કાળ, ૨. યદૃચ્છા, ૩. નિયતિ, ૪. સ્વભાવ, ૫ ઈશ્વર, ૬. આત્મા એ ૭ પદોને રાખવા જોઈએ. જેમ ૧. જીવ સ્વતઃ યદૃચ્છા નથી. ૨. જીવ પરતઃ કાળથી નથી. ૧. જીવ સ્વતઃ યદૃચ્છાથી નથી, ૨. જીવ પરતઃ યદૃચ્છાથી નથી. એ જ પ્રમાણે નિયતિ, સ્વભાવ, ઈશ્વર અને આત્માની સાથે પણ પ્રત્યેકના બે બે ભેદ થાય છે. એ પ્રમાણે જીવ આદિ સાતે પદાર્થોના સાત સ્વતઃ-પરતઃના પ્રત્યેકના બે અને કાળ આદિના ૭ ભેદ મેળવી કુલ ૭ X ૨=૧૪ X ૬=૮૪ ભેદ થયા.

અજ્ઞાનવાદ—

અજ્ઞાનવાદીઓના ૬૭ ભેદ આ પ્રમાણે છે – જીવ આદિ નવ તત્ત્વને ક્રમશઃ લખી તેની નીચે સાત ભાંગા રાખવા જોઈએ. ૧. સત્. ૨. અસત્, ૩. સદસત્, ૪. અવક્તવ્ય, ૫. સદવક્તવ્ય, ૬. અસદવક્તવ્ય, ૭. સત્-અસત્-અવક્તવ્ય. જેમ કે જીવસત્ છે. એવું કોણ જાણે છે? અને આ જાણવાથી પણ પ્રયોજન શું? એ પ્રમાણે ક્રમશઃ અસત્ આદિ શેષ ૬ એ ભાંગા સમજવા જોઈએ. જીવાદિ નવ તત્ત્વોમાં પ્રત્યેકની સાથે સાત સાત ભાંગા થવાથી કુલ ત્રેસઠ ભાંગા થયા. ત્યારબાદ ચાર ભાંગા બીજા મેળવવાથી ૬૩+૪=૬૭ ભેદ થાય. ચાર ભાંગા આ પ્રમાણે છે. ૧. સત્ (વિદ્યમાન) પદાર્થની ઉત્પત્તિ થાય છે એવું કોણ જાણે છે? અને એવું જાણવાથી લાભ શો? એ જ પ્રમાણે અસત્ (અવિદ્યમાન,) સદસત્ (કંઈ વિદ્યમાન કંઈ અવિદ્યમાન) અને અવક્તવ્યભાવની સાથે પણ વાક્ય જોડવાથી ચાર વિકલ્પ થાય છે. ૬૩+૪=૬૭ ભેદ થયા.

વિનયવાદ—

નિર્યુક્તિકારે વિનયવાદના ૩૨ ભેદ બતાવ્યા છે. ૧. દેવતા, ૨. રાજા, ૩. યતિ, ૪. જ્ઞાતિ, ૫. વૃદ્ધ, ૬. અધમ, ૭. માતા, ૮. પિતા, એ આઠનો મનથી, વચનથી, કાયાથી અને દાનથી વિનય કરવો જોઈએ. આ પ્રમાણે ૮ X ૪=૩૨ ભેદ વિનયવાદના થયા.

આ પ્રમાણે અન્ય તીર્થિક માન્ય

ક્રિયાવાદના	૧૮૦ ભેદ
અક્રિયાવાદના	૮૪ ભેદ
અજ્ઞાનવાદના	૬૭ ભેદ
વિનયવાદના	૩૨ ભેદ
ખરાબર કુલ	૩૬૩ ભેદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ चरित्तायारो ॥

पणिधाण - जोगजुत्तो,
पंचहिं समितीहिं तिहिं य गुत्तीहिं ।
एस चरित्तायारो,
अट्ठविहो होति णायव्वो ॥

- निशीथभाष्य, भाग-१, गा० ३५



ચરણાનુયોગ

(ચારિત્રાચાર)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમ્યક્‌દર્શન કોષ્ટક

૧. નિસર્ગ સમ્યગ્‌દર્શન
૨. અભિગમ સમ્યગ્‌દર્શન

પાંચ લક્ષણ
૧. ઉપશમ
૨. સંવેગ
૩. નિર્વેદ
૪. અનુકંપા
૫. આસ્તિક્ય

પાંચ અતિચાર
૧. શંકા
૨. કાંક્ષા
૩. વિચિકિત્સા
૪. પર–પાષંડ–પ્રશંસા
૫. પર–પાષંડ–સંસ્તવ

પાંચ ભૂષણ
૧. જિનશાસન કુશળતા
૨. પ્રભાવના
૩. તીર્થસેવના
૪. ધર્મસ્થિરતા
૫. ગુણ–ભક્તિ

દશપ્રકાર રુચિ
૧. નિસર્ગરુચિ
૨. ઉપદેશરુચિ
૩. આજ્ઞારુચિ
૪. સૂત્રરુચિ
૫. બીજરુચિ
૬. અભિગમરુચિ
૭. વિસ્તારરુચિ
૮. ક્રિયારુચિ
૯. સંક્ષેપરુચિ
૧૦. ધર્મરુચિ

આઠ અંગ
૧. નિઃશંકા
૨. નિષ્કાંક્ષા
૩. નિર્વિચિકિત્સા
૪. અમૂઢદૃષ્ટિ
૫. ઉપબૃંહણ
૬. સ્થિરીકરણ
૭. વાત્સલ્ય
૮. પ્રભાવના

શ્રદ્ધાના ચાર પ્રકાર
૧. પરમાર્થ સંસ્તવ
૨. સુદૃષ્ટ પરમાર્થ સેવન
૩. સમ્યક્‌ત્વ ભ્રષ્ટનો સંગત્યાગ
૪. કુદર્શનીનો સંગત્યાગ

આઠ પ્રભાવક
૧. પ્રાવચનિક
૨. ધર્મકથિક
૩. વાદી
૪. નૈમિત્તિક
૫. તપસ્વી
૬. વિદ્યાસિદ્ધ
૭. કવિ
૮. પ્રભાવક

મિથ્યાદર્શન

- ૧. અક્રિયા
  - ૧. પ્રયોગ ક્રિયા
    - ૧. મનઃપ્રયોગ ક્રિયા
    - ૨. વચનપ્રયોગ ક્રિયા
    - ૩. કાયપ્રયોગ ક્રિયા
  - ૨. સમુદાન ક્રિયા
    - ૧. અનન્તર સમુદાનક્રિયા
    - ૨. પરંપર સમુદાનક્રિયા
    - ૩. તદુભય સમુદાનક્રિયા
  - ૩. અજ્ઞાન ક્રિયા
    - ૧. મતિઅજ્ઞાન ક્રિયા
    - ૨. શ્રુતઅજ્ઞાન ક્રિયા
    - ૩. વિભંગઅજ્ઞાન ક્રિયા
- ૨. અવિનય
- ૩ અજ્ઞાન
  - ૩ પ્રકાર
    - ૧. દેશઅજ્ઞાન
    - ૨. સર્વઅજ્ઞાન
    - ૩. ભાવઅજ્ઞાન
  - દસ પ્રકાર
    - ૧. ધર્મમાં અધર્મ શ્રદ્ધા
    - ૨. અધર્મમાં ધર્મ શ્રદ્ધા
    - (આદિ)

Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org

चरणविहिमहत्तं—

३८८. चरणविहिं पवक्खामि, जीवस्स उ सुहावहं।
जं चरित्ता बहू जीवा, तिण्णा संसारसागरं॥
—उत्त. अ. ३१, गा. १

ચરણવિધિનું મહત્ત્વ—

૩૮૮. હવે હું જીવને સુખ આપનારી તે ચરણ-વિધિનું કથન કરીશ, જેનું આચરણ કરી ઘણા જીવ સંસાર-સાગરથી તરી ગયા.

३८९. दोहिं ठाणेहिं संपन्ने अणगारे अणादीयं अणवयग्गं दीहमद्धं चाउरंतसंसारकंतारं वीतिवतेज्जा, तं जहा—विज्जाए चेव चरणेण चेव।[1]
—ठाणं. अ. २, उ. १, सु. ५३

૩૮૯. વિદ્યા અને ચરણ (ચારિત્ર) એ બન્ને સ્થાનોથી સંપન્ન અણગાર જ અનાદિ અનંત લાંબાપથવાળા આ ચતુર્ગતિરૂપ સંસારથી મુક્ત થાય છે.

३९०. णत्थि आसवे संवरे वा, णेव सण्णं निवेसए।
अत्थि आसवे संवरे वा, एवं सण्णं निवेसए॥
—सूय. सु. २, अ. ५, गा. १७

૩૯૦. આશ્રવ અને સંવર નથી એવી શ્રદ્ધા ન રાખવી જોઈએ. પરંતુ આશ્રવ પણ છે અને સંવર પણ છે એવી શ્રદ્ધા રાખવી જોઈએ.

संवरस्स उप्पत्ति अणुप्पत्ति य—

સંવરની ઉત્પત્તિ અને અનુત્પત્તિ—

३९१. तओ जामा पण्णत्ता,
तं जहा—पढमे जामे, मज्झिमे जामे,
पच्छिमे जामे।
तिहिं जामेहिं आया केवलेणं संवरेणं संवरेज्जा,
तं जहा—पढमे जामे, मज्झिमे जामे,
पच्छिमे जामे।
—ठाणं. अ. ३, उ. २, सु. १६३

૩૯૧. ત્રણ યામ (પ્રહર) કહેવામાં આવ્યા છે. જેમ કે—
પ્રથમ યામ, મધ્યમ યામ, અને અંતિમ યામ.

ત્રણેય યામોમાં આત્મા વિશુદ્ધ સંવરથી સંવૃત્ત થાય છે.
જેમ-પ્રથમ યામમાં, મધ્યમ યામમાં, અને અંતિમ યામમાં.

३९२. तओ वया पण्णत्ता, तं जहा—
पढमे वए, मज्झिमे वए, पच्छिमे वए

तिहिं वएहिं आया केवलेणं संवरेणं संवरेज्जा
तं जहा—
पढमे वए, मज्झिमे वए, पच्छिमे वए।
—ठाणं. अ. ३, उ. २, सु. १६३

૩૯૨. ત્રણ પ્રકારની અવસ્થા કહી છે. યથા—
પ્રથમ અવસ્થા, મધ્યમ અવસ્થા અને અંતિમ અવસ્થા.

ત્રણે અવસ્થામાં આત્મા સંપૂર્ણ સંવરથી સંવૃત્ત થાય છે. યથા—
પ્રથમ અવસ્થા, મધ્યમ અવસ્થા અને અંતિમ અવસ્થા.

३९३. दो ठाणाइं अपरियाणेत्ता आया णो केवलेणं संवरेणं संवरेज्जा, तं जहा-आरंभे चेव, परिग्गहे चेव।
दो ठाणाइं परियाणेत्ता आया केवलेणं संवरेणं संवरेज्जा, तं जहा—
आरंभे चेव, परिग्गहे चेव।
—ठाणं. अ. २, उ. १, सु. ५४-५५

૩૯૩. આરંભ અને પરિગ્રહ એ બે સ્થાનોને જાણ્યા અને છોડ્યા વગર આત્મા સંપૂર્ણ સંવરથી સંવૃત્ત થતો નથી.

આરંભ અને પરિગ્રહ એ બે સ્થાનોને જાણી અને છોડી આત્મા સંપૂર્ણ સંવરથી સંવૃત્ત થાય છે.

---

१ ठाण. अ. २, उ० १, सु. ६१

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३९४. प०—असोच्चा णं भंते ! केवलिस्स वा-जाव-तप्पक्खियउवासियाए वा केवलेणं संवरेणं संवरेज्जा ?

उ०—गोयमा ! असोच्चा णं केवलिस्स वा-जाव-तप्पक्खियउवासियाए वा अत्थेगत्तिए केवलेणं संवरेणं सवरेज्जा, अत्थेगत्तिए केवलेणं संवरेणं नो संवरेज्जा।

प०—से केणट्ठेण भंते ! एवं वुच्चइ—
असोच्चा णं केवलिस्स वा-जाव-तप्पक्खियउवासियाए वा अत्थेगत्तिए केवलेणं संवरेणं संवरेज्जा, अत्थेगत्तिए केवलेणं संवरेणं नो संवरेज्जा ?

उ०—गोयमा ! जस्स णं अज्झवसाणावरणिज्जाणं कम्माणं खओवसमे कडे भवइ, से णं असोच्चा केवलिस्स वा-जाव-तप्पक्खियउवासियाए वा केवलेणं संवरेणं संवरेज्जा।

जस्स णं अज्झवसाणावरणिज्जाणं कम्माणं खओवसमे नो कडे भवइ, से णं असोच्चा केवलिस्स वा-जाव-तप्पक्खियउवासियाए वा केवलेणं संवरेणं नो संवरेज्जा।

से तेणट्ठेणं गोयमा एव वुच्चइ—
जस्स णं अज्झवसाणावरणिज्जाणं कम्माणं खओवसमे कडे भवइ, से णं असोच्चा केवलिस्स वा-जाव-तप्पक्खियउवासियाए वा केवलेणं संवरेणं संवरेज्जा।
जस्स णं अज्झवसाणावरणिज्जाणं कम्माणं खओवसमे नो कडे भवइ, से णं असोच्चा केवलिस्स वा-जाव-तप्पक्खियउवासियाए वा केवलेणं संवरेणं नो संवरेज्जा।[1]

—वि. स. ९, उ. ३१, सु. ७

३९५. प०—सोच्चा णं भंते ! केवलिस्स वा-जाव-तप्पक्खियउवासियाए वा केवलेणं संवरेणं संवरेज्जा ?

उ०—गोयमा ! सोच्चा णं केवलिस्स वा-जाव-तप्पक्खियउवासियाए वा अत्थेगत्तिए केवलेणं संवरेणं संवरेज्जा, अत्थेगत्तिए केवलेणं संवरेणं नो संवरेज्जा।

३९४. प्र. ભંતે ! કેવલી પાસેથી યાવત્ કેવલી પાક્ષિક ઉપાસિકા પાસેથી સાંભળ્યા વિના કોઈ જીવ સંવર આરાધના કરી શકે ખરો ?

ઉ. ગૌતમ ! કેવલી પાસેથી યાવત્ કેવલી પાક્ષિક ઉપાસિકા પાસેથી સાંભળ્યા વિના કોઈ જીવ સંવર આરાધન કરી શકે છે અને કોઈ જીવ સંવર આરાધન કરી શકતા નથી.

પ્ર. ભંતે ! કયા પ્રયોજનથી એવું કહેવામાં આવે છે ? કેવલી પાસેથી યાવત્ કેવલી પાક્ષિક ઉપાસિકા પાસેથી સાંભળ્યા વિના કોઈ જીવ સંવર આરાધન કરી શકે છે. અને કોઈ જીવ સંવર આરાધન કરી શકતા નથી ?

ઉ. જેનાં અધ્યવસાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ થયો છે, તે કેવલી પાસેથી યાવત્ કેવલીપાક્ષિક ઉપાસિકા પાસેથી સાંભળ્યા વિના સંવર આરાધન કરી શકે છે.

જેનાં અધ્યવસાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ થયો નથી, તે કેવલી પાસેથી યાવત્ કેવલી-પાક્ષિક ઉપાસિકા પાસેથી સાંભળ્યા વિના સંવર આરાધન કરી શકતા નથી.

ગૌતમ ! આ કારણથી એવું કહેવામાં આવે છે કે—

જેનાં અધ્યાવસાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ થયો છે - યાવત્ - કેવલિ પાક્ષિક ઉપાસિકા પાસેથી સાંભળીને સંવર આરાધન કરી શકે છે.

જેનાં અધ્યાવસાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ નથી થયો - યાવત્ - કેવલિપાક્ષિક ઉપાસિકા પાસેથી સાંભળીને સંવર આરાધન નથી કરી શકતા.

३९५. प्र. ભંતે ! કેવલી પાસેથી યાવત્ કેવલી ઉપાસિકા-પાસેથી સાંભળીને કોઈ જીવ સંવર આરાધન કરી શકે છે ?

ઉ. ગૌતમ ! કેવલી પાસેથી યાવત્ કેવલી પાક્ષિક ઉપાસિકા પાસેથી સાંભળીને કોઈ જીવ સંવર આરાધન કરી શકે છે અને કોઈ જીવ સંવર આરાધન કરી શકતા નથી.

---

१. वि. स. ९, उ. ३१ सु. १३

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प०—से केणट्ठेणं भंते ! एवं वुच्चइ—
सोच्चा णं केवलिस्स वा-जाव-तप्पक्खियउवासियाए वा अत्थेगतिए केवलेणं संवरेणं संवरेज्जा, अत्थेगतिए केवलेणं संवरेणं नो संवरेज्जा ?

उ०—गोयमा ! जस्स णं अज्झवसाणावरणिज्जाणं कम्माणं खओवसमे कडे भवइ से णं सोच्चा केवलिस्स वा-जाव-तप्पक्खियउवासियाए वा केवलेणं संवरेणं संवरेज्जा। जस्स णं अज्झवसाणावरणिज्जाणं कम्माणं खओवसमे नो कडे भवइ से णं सोच्चा केवलिस्स वा-जाव-तप्पक्खियउवासियाए वा केवलेणं संवरेणं नो संवरेज्जा।
से तेणट्ठेणं गोयमा एवं वुच्चइ—

जस्स णं अज्झवसाणावरणिज्जाणं कम्माणं खओवसमे कडे भवइ, से णं सोच्चा केवलिस्स वा-जाव-तप्पक्खियउवासियाए वा केवलेणं संवरेणं संवरेज्जा।
जस्स णं अज्झवसाणावरणिज्जाणं कम्माणं खओवसमे नो कडे भवइ, से णं सोच्चा केवलिस्स वा-जाव-तप्पक्खियउवासियाए वा केवलेणं संवरेणं नो संवरेज्जा।

—वि. स. ९, उ. ३१, सु. ३२

પ્ર. ભંતે ! કયા પ્રયોજનથી એવું કહેવામાં આવ્યું છે ?
કે કેવલી પાસેથી યાવત્ કેવલી પાક્ષિક ઉપાસિકા પાસેથી સાંભળીને કોઈ જીવ સંવર આરાધન કરી શકે છે. અને કોઈ જીવ સંવર આરાધન કરી શકતા નથી ?

ઉ. ગૌતમ ! જેનાં અધ્યવસાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ થયો છે તે કેવલી પાસેથી યાવત્ કેવલી પાક્ષિક ઉપાસિકા પાસેથી સાંભળી સંવર આરાધન કરી શકે છે.
જેનાં અધ્યવસાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ થયો નથી. તે કેવલી પાસેથી યાવત્ કેવલી પાક્ષિક ઉપાસિકા પાસેથી સાંભળી સંવર આરાધન કરી શકતા નથી.

ગૌતમ ! આ પ્રયોજનથી આવું કહેવામાં આવ્યું છે.
જેનાં અધ્યવસાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ થયો છે, તે કેવલી પાસેથી યાવત્ કેવલી પાક્ષિક ઉપાસિકા પાસેથી સાંભળી સંવર આરાધન કરી શકે છે.

જેનાં અધ્યવસાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ થયો નથી, તે કેવલી પાસેથી યાવત્ કેવલી પાક્ષિક ઉપાસિકા પાસેથી સાંભળી સંવર આરાધન કરી શકતા નથી.

आसवस्स संवरस्स य विवेगो—

३९६. अहो वि सत्ताण विउट्टणं च,
जो आसवं जाणति संवरं च।
दुक्खं च जो जाणति निज्जरं च,
सो भासितुमरिहति किरियवादं॥

—सूय. सु. १, अ. १२, गा- २१

આશ્રવ અને સંવરનો વિવેક—

૩૯૬. જે અધોલોકમાં પ્રાણીઓ વિવર્ત (જન્મ-મરણ)ને જાણે છે, જે આશ્રવ અને સંવરને જાણે છે, જે દુઃખ અને નિર્જરાને જાણે છે, તે ક્રિયાવાદનું પ્રતિપાદન કરી શકે છે.

३९७. जे आसवा ते परिस्सवा,
जे परिस्सवा ते आसवा।

जे अणासवा ते अपरिस्सवा,
जे अपरिस्सवा ते अणासवा।

૩૯૭. જે આશ્રવ [કર્મબંધનાં] કારણો છે, તે જ પરિશ્રવ (સંવર) કર્મનિર્જરાનાં કારણો થઈ જાય છે. આ પ્રમાણે જે પરિશ્રવો (સંવર) છે તે આશ્રવો થઈ જાય છે.

જે અનાશ્રવ વ્રત-વિશેષો છે, તે પણ (અશુભ અધ્યવસાયવાળા માટે અપરિશ્રવ-કર્મનાં કારણો બની જાય છે.) આ પ્રમાણે જે અપરિશ્રવ-પાપનાં કારણો છે, તે પણ (કદાચ) અનાશ્રવ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एते य पए संबुज्झमाणे लोगं च आणाए अभिसमेच्चा पुढो पवेदितं।

चिट्ठं कूरेहिं कम्मेहिं चिट्ठं परिविचिट्ठति।
अचिट्ठं कूरेहिं कम्मेहिं णो चिट्ठं परिविचिट्ठति।

पगे वदंति अदुवा वि णाणी,
णाणी वदंति अदुवा वि पगे।[1]

—आ. सु. १, अ. ४, उ. २, सु. १३४-१३५

આ પદોને સમ્યક્ પ્રકારે જાણી તીર્થંકરો દ્વારા પ્રતિપાદિત લોકને આજ્ઞાનુસાર સમ્યક્ પ્રકારે જાણી આશ્રવોનું સેવન ન કરે.

જે વ્યક્તિ અત્યંત ગાઢ અધ્યવસાયવશ ક્રૂર કર્મોમાં પ્રવૃત્ત થાય છે, તે અત્યંત પ્રગાઢ વેદનાવાળા સ્થાનમાં પેદા થાય છે. જે ગાઢ અધ્યવસાયવાળા હોવા છતાં ક્રૂર કર્મોમાં પ્રવૃત્ત થતા નથી, તે પ્રગાઢ વેદનાવાળા સ્થાનમાં ઉત્પન્ન થતા નથી.

એવી વાત ચૌદ પૂર્વનાં ધારક શ્રુત-કેવલી આદિ કહે છે અથવા કેવલજ્ઞાની પણ કહે છે. આ જે વાત કેવલજ્ઞાની કહે છે, તે શ્રુત કેવલી પણ કહે છે.

३९८. प०—जीवे णं भंते ! सया समियं एयति वेयति चलति फंदइ घट्टइ खुब्भइ उदीरति तं तं भावं परिणमति ?

उ०—हंता, मंडियपुत्ता ! जीवे णं सया समितं एयति-जाव-तं तं भावं परिणमति।

प०—जाव च णं भंते ! से जीवे सया समितं-जाव-परिणमति तावं च णं तस्स जीवस्स अंते अंतकिरिया भवति ?

उ०—णो इणट्ठे समट्ठे।

प०—से केणट्ठेणं भंते ! एवं वुच्चइ—जावं च णं से जीवे सया समितं एयति-जाव-अंते तावं च णं तस्स जीवस्स अंतकिरिया न भवति ?

उ०—मंडियपुत्ता ! जावं च णं से जीवे सया समितं-जाव-परिणमति तावं च णं से जीवे आरंभति सारंभति समारंभति,

आरम्भे वट्टति, सारम्भे वट्टति, समारम्भे वट्टति,

३९८. प्र. ભંતે ! શું જીવ હંમેશાં મર્યાદિત રૂપમાં કંપે છે, વિવિધ રીતે કંપે છે, એક સ્થાનમાંથી બીજા સ્થાનમાં જાય છે, સ્પંદન ક્રિયા કરે છે, [થોડું અથવા ધીમું ચાલે છે], સર્વ દિશાઓમાં જાય છે, ક્ષોભ પામે છે, ઉદીરે છે [પ્રબલ રૂપથી પ્રેરિત થાય છે] અને તે તે ભાવોમાં પરિણત થાય છે ?

ઉ. હા મંડિતપુત્ર ! જીવ હંમેશાં પરિમિત રૂપથી કંપે છે, યાવત્ તત્ સંબંધી ભાવોમાં પરિણત થાય છે.

પ્ર. ભંતે ! જ્યાં સુધી જીવ સમિત-પરિમિત રૂપથી કંપે છે યાવત્ તત્ સંબંધી ભાવમાં પરિણત થાય છે ત્યાં સુધી શું એ જીવની અંતિમ સમયમાં અંતક્રિયા (મુક્તિ) થાય છે ?

ઉ. મંડિતપુત્ર ! એ અર્થ (વાત) સમર્થ (શક્ય) નથી કારણ કે જીવ જ્યાં સુધી ક્રિયાયુક્ત છે, ત્યાં સુધી અંતક્રિયા-રૂપ અર્થાત્ મુક્ત નથી થતો.

પ્ર. ભંતે ! એવું કહેવાનું કારણ શું કે જ્યાં સુધી જીવ સમિત રૂપથી હંમેશા કંપે છે યાવત્ તત્ સંબંધી ભાવોમાં પરિણત થાય છે, ત્યાં સુધી તેની અંતિમ-સમયમાં અંતક્રિયા (મુક્તિ) નથી થઈ શકતી ?

ઉ. હે મંડિતપુત્ર ! જીવ જ્યાં સુધી હંમેશાં સમિત-રૂપે કંપે છે યાવત્ તત્ સંબંધી ભાવમાં પરિણત થાય છે, ત્યાં સુધી તે (જીવ) આરંભ કરે છે, સંરંભ કરે છે, સમારંભ કરે છે.

આરંભમાં વર્તે છે, સંરંભમાં વર્તે છે અને સમારમ્ભમાં વર્તે છે.

१-(१) सु. १३४ अने १३५नी वच्चमां सूत्रांश तपाचारमां स्वाध्याय तपना पांच भेद धर्मकथामां जुओ.
(२) संवर तथा सामायिकनां विशेष प्रसंग हेतु भग. श. १, उ. ९, सु. २१-२४ धर्मकथानुयोग भा. १, खं. २, पृ. ३१९-३२१ मां जुओ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आरम्भमाणे, सारम्भमाणे, समारम्भमाणे आरम्भे वट्टमाणे, सारम्भे वट्टमाणे, समारम्भे वट्टमाणे, बहूणं पाणाणं-जाव-सत्ताणं दुक्खावणताए सोयावणताए जुरावणताए तिप्पावणताए पिट्टावणताए परितावणताए वट्टति,

से तेणट्ठेणं मंडियपुत्ता ! एवं वुच्चति-जावं च णं से जीवे सया समितं एयति-जाव-परिणमति तावं च णं तस्स जीवस्स अंते अंतकिरिया न भवति।

प०—जीवे णं भंते ! सया समियं नो एयति-जाव-नो तं तं भावं परिणमति ?

उ०—हंता, मंडियपुत्ता ! जीवे णं सया समियं-जाव-नो परिणमति।

प०—जाव च णं भंते ! से जीवे नो एयति-जाव-नो तं तं भावं परिणमति तावं च णं तस्स जीवस्स अंते अंतकिरिया भवति ?

उ०—हंता,-जाव-भवति।

प०—से केणट्ठेणं भंते !-जाव-भवति ?

उ०—मंडियपुत्ता ! जावं च णं से जीवे सया समियं णो एयति-जाव-णो परिणमइ तावं च णं से जीवे नो आरंभति, नो सारंभति, नो समारभति, नो आरम्भे वट्टइ, णो सारम्भे वट्टइ णो समारम्भे वट्टइ, अणारम्भमाणे, असारम्ममाणे, असमारम्ममाणे,
आरम्भे अवट्टमाणे, सारम्भे अवट्टमाणे, समारम्भे अवट्टमाणे बहूणं पाणाणं-जाव-सत्ताणं अदुक्खावणयाए-जाव-अपरियावणयाए वट्टइ।
से जहानामए केइ पुरिसे सुक्कं तणहत्थयं जाततेयंसि पक्खिवेज्जा, से नूणं मंडियपुत्ता। से सुक्के तणहत्थए जायतेयंसि पक्खित्ते समाणे खिप्पामेव मसमसाविज्जइ ?

આરંભ, સંરમ્ભ અને સમારમ્ભ કરતો જીવ તથા આરંભમાં, સંરમ્ભમાં અને સમારમ્ભમાં પ્રવર્તમાન જીવ—

ઘણા પ્રાણો, યાવત્ સત્ત્વોને દુઃખ પહોંચાડવામાં, શોક કરાવવામાં, ઝૂરાવવામાં (વિલાપ કરાવવામાં), રડાવવામાં અથવા આંસુ સરાવવામાં, મારવામાં અને પરિતાપ દેવામાં, સંતપ્ત કરવામાં પ્રવૃત્ત થાય છે.

હે મંડિતપુત્ર ! એટલા માટે એવું કહેવામાં આવે છે કે જ્યાં સુધી જીવ સમિતરૂપથી કંપે છે યાવત્ તત્ સંબંધી ભાવોમાં પરિણત થાય છે ત્યાં સુધી તે જીવ અંતિમ સમય (મરણ કાળમાં) અંતક્રિયા કરી શકતો નથી.

પ્ર. ભન્તે ! જીવ હંમેશાં (શાશ્વત રૂપે) સમિત રૂપે જ કંપિત થતો નથી યાવત્ તત્ સંબંધી ભાવોમાં પરિણત થતો નથી ?

ઉ. હા, મંડિતપુત્ર ! જીવ હંમેશાંના માટે સમિત રૂપમાં જ કંપિત થતો નથી યાવત્ તત્ સંબંધી ભાવોમાં પરિણત થતો નથી. (અર્થાત્ જીવ એક દિવસ ક્રિયા રહિત થઈ શકે છે.)

પ્ર. ભંતે ! જો તે જીવ હંમેશાના માટે સમિત રૂપથી કંપિત થતો નથી યાવત્ તત્ સંબંધી ભાવોમાં પરિણત થતો નથી, તો શું તે જીવની અંતિમ સમયમાં અંતક્રિયા (મુક્તિ) નથી થતી ?

ઉ. હા મંડિતપુત્ર ! એમ યાવત્ જીવની અંતિમ સમયમાં અંતક્રિયા થાય છે.

પ્ર. ભગવન્ ! એવું શા કારણથી કહેવાવાં આવે છે કે જીવની યાવત્ અંતક્રિયા (મુક્તિ) થાય છે ?

ઉ. મંડિતપુત્ર ! જ્યારે તે જીવ હંમેશાં (ને માટે) સમિત રૂપથી (પણ) કંપિત થતો નથી યાવત્ તત્ સંબંધી ભાવોમાં પરિણત થતો નથી ત્યાં સુધી તે જીવ આરંભ કરતો નથી, સંરંભ કરતો નથી અને સમારમ્ભ પણ કરતો નથી, અને તે જીવ આરંભમાં, સંરમ્ભમાં, સમારમ્ભમાં પ્રવૃત્ત થતો નથી.

આરંભ સંરંભ અને સમારમ્ભ ન કરવાથી તથા આરંભ, સંરંભ અને સમારંભમાં પ્રવૃત્ત ન થવાથી જીવ ઘણાં પ્રાણી, ભૂતો, જીવો અને સત્ત્વોને દુઃખ પહોંચાડવામાં યાવત્ પરિતાપ ઉત્પન્ન કરવાની પ્રવૃત્તિમાં નિમિત્ત થતો નથી.

[ભગવાન—] જેમ કે (ધારો કે) કોઈ પુરુષ સૂકા ઘાસના પૂળાને અગ્નિમાં નાખે તો શું મંડિત-પુત્ર ! તે સૂકા ઘાસનો પૂળો અગ્નિમાં નાખતાં તરત જ બળી જાય છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ०—हंता, मसमसाविज्जइ।

प०—से जहानामए केइ पुरिसे तत्तंसि अयकवल्लंसि उदयबिंदुं पक्खिवेज्जा, से नूणं मंडियपुत्ता! से उदयबिंदु तत्तंसि अयकवल्लंसि पक्खित्ते समाणे खिप्पामेव विद्धंसमागच्छइ?

उ०—हंता, विद्धंसमागच्छइ।

प०—से जहानामए हरए सिया पुण्णे पुण्णप्पमाणे वोलट्टमाणे वोसट्टमाणे समभरघडत्ताए चिट्ठति?

उ०—हंता, चिट्ठति।

प०—अहे णं केइ पुरिसे तंसि हरयंसि एगं महं नावं सतासवं सयच्छिद्दं ओगाहेज्जा, से नूणं मंडियपुत्ता! सा नावा तेहिं आसवदारेहिं आपूरेमाणी आपूरेमाणीत्ता पुण्णा पुण्णप्पमाणा वोलट्टमाणा वोसट्टमाणा समभरघडत्ताए चिट्ठति?

उ०—हंता, चिट्ठति।

प०—अहे णं केइ पुरिसे तीसे नावाए सव्वतो समंता आसवदाराइं पिहेइ पिहित्ता नावाउस्सिंचणएणं उदयं उस्सिंचिज्जा, से नूणं मंडियपुत्ता! सा नावा तंसि उदयंसि उस्सित्तंसि समाणंसि खिप्पामेव उड्ढं उद्दाति?

उ०—हंता, उद्दाति।[1]

ઉ. હા ભંતે! તે તરત જ બળી જાય છે.

પ્ર. [ભગવાન—]! (ધારો કે) જેમ કોઈ પુરુષ તપેલા લોઢાની કડાઈ પર પાણીનું ટીપું નાખે તો શું મંડિતપુત્ર! એ તપેલા લોઢાની કડાઈ પર નાખેલું તે પાણીનું બિન્દુ અવશ્ય તરત જ નાશ પામે છે? એ ખરું કે નહિ?

ઉ. મંડિતપુત્ર — હા ભન્તે! તે જલબિન્દુ જલ્દીથી નાશ પામે છે.

પ્ર. [ભગવાન—] માનો કે કોઈ એક ઘરો હોય, જે પાણીથી ભરેલો હોય, પાણીથી છલોછલ ભરેલો હોય, પાણીથી છલકાતો હોય, પાણીથી વધતો હોય તો શું એ ઘરો પાણીથી ભરેલા ઘડાની પેઠે બધા ઠેકાણે પાણીથી વ્યાપ્ત હોય?

ઉ. ભંતે! બધે ઠેકાણે પાણીથી વ્યાપ્ત હોય.

પ્ર. હવે તે ઘરમાં કોઈ પુરુષ, સેંકડો નાનાં કાણાંવાળી તથા સેંકડો મોટાં કાણાંવાળી એક મોટી નાવને ઉતારે, તો શું મંડિતપુત્ર! તે નાવ તે કાણાંઓ દ્વારા પાણીથી ભરાતી ભરાતી જ્યારે પાણીથી સંપૂર્ણ ભરાઈ જાય અને તેમાં પાણી છલોછલ થઈ જાય તથા તે નાવ પાણીથી વધ્યે જ જાય અને અંતમાં તે (નૌકા) પાણીથી ભરેલા ઘડાની પેઠે બધે ઠેકાણે પાણીથી વ્યાપ્ત થઈ જાય?

ઉ.—હા ભંતે! તે પૂર્વોક્ત પ્રકારથી જલથી વ્યાપ્ત થાય.

પ્ર.—કદાચ કોઈ પુરુષ તે નાવનાં બધાં કાણાં ચારે તરફથી બૂરી દે અને એવું કરી નૌકાની ઉલેચણી વતી પાણીને ઉલેચી લે તો હે મંડિતપુત્ર! તે નૌકાના પાણીને ઉલેચી ખાલી કરતાં જ શું તે શીઘ્ર પાણીની ઉપર આવી જાય છે?

ઉ.—હા ભંતે! તે પાણીની ઉપર આવી જાય.

---

१ (क) प०—अत्थि णं भंते! जीवा य पोग्गला य अन्नमन्नबद्धा अन्नमन्नपुट्ठा अन्नमन्नमोगाढा अन्नमन्नसिणेहपडिबद्धा अन्नमन्नघडत्ताए चिट्ठन्ति?

उ०—हंता, अत्थि।

प०—से केणट्ठेणं भंते!-जाव-चिट्ठन्ति?

उ०—गोयमा! से जहानामए हरदे सिया पुण्णे पुण्णप्पमाणे वोलट्टमाणे वोसट्टमाणे समभरघडत्ताए चिट्ठति।

प०—अहे णं केइ पुरिसे तंसि हरदंसि एगं महं नावं सदासवं सतछिद्दं ओगाहेज्जा। से नूणं गोयमा! सा णावा तेहिं आसवद्वारेहिं आपूरमाणी आपूरमाणी पुण्णा पुण्णप्पमाणा वोलट्टमाणा वोसट्टमाणा समभरघडत्ताए चिट्ठति?

उ०—हंता चिट्ठति।

से तेणट्ठेणं गोयमा! अत्थि णं जीवा य पोग्गलोय-जाव-अन्नमन्नघडत्ताए चिट्ठन्ति।—वि. स. १, उ. ६, सु. २६

(ख) सूय. सु. १, अ. १, उ. २, गा. ३१। (ग) उत्त. अ. २३, गा. ७०-७३।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एवामेव मंडियपुत्ता ! अतत्तासंवुडस्स अणगारस्स इरियासमियस्स-जाय-गुत्त-बंभयारिस्स,

आउत्तं गच्छमाणस्स चिट्ठमाणस्स निसीयमाणस्स तुयट्टमाणस्स,
आउत्तं वत्थ-पडिग्गह-कंबल-पादपुंछणं गेण्हमाणस्स निक्खिवमाणस्स-जाव-चक्खुपम्हनिवायमवि वेमाया सुहुमा इरियावहिया किरिया-कज्जइ।

सा पढमसमयबद्धपुट्ठा बितियसमय-वेतिया ततियसमय-निज्जरिया, सा बद्धापुट्ठा उदीरिया वेदिया निज्जिण्णा सेयकाले अकम्मं चावि भवति।

से तेणट्ठेणं मंडियपुत्ता ! एवं वुच्चति—जावं च णं से जीवे सया समितं नो एयति-जाव-तावं च णं तस्स जीवस्स अंते अंतकिरिया भवति।

—वि. स. ३, उ. ३, सु. ११-१४

હે મંડિતપુત્ર ! એ જ પ્રમાણે પોતાના આત્મા દ્વારા આત્મામાં સંવૃત્ત થયેલ ઈર્યાસમિતિ આદિ પાંચ સમિતિઓથી સમિત તથા મનો-ગુપ્તિ આદિ ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત બ્રહ્મ-ચર્યની નવ ગુપ્તિઓથી ગુપ્ત,
ઉપયોગપૂર્વક ગમન કરનાર, સ્થિતિ કરનાર, બેસનાર, સુનાર તથા
ઉપયોગપૂર્વક વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછન (રજોહરણ) ઇત્યાદિ ધર્મોપકરણોને સાવધાની (ઉપયોગ) સાથે ગ્રહણ કરનાર અને મૂકનાર અણગારને યાવત્ આંખને પટપટાવતાં પણ વિમાત્રાપૂર્વક સૂક્ષ્મ ઈર્યાપથિકી ક્રિયા થાય છે. તે પ્રથમ સમયમાં બદ્ધ-સ્પૃષ્ટ, બીજા સમયમાં વેદાયેલી અને ત્રીજા સમયમાં નિર્જરાને પામેલી અર્થાત્ બદ્ધ-સ્પૃષ્ટ, વેદાયેલી નિર્જરાને પામેલી ક્રિયા ભવિષ્યકાળમાં અકર્મ રૂપ પણ થઈ જાય છે,

એટલા માટે હે મંડિત પુત્ર ! એવું કહેવામાં આવે છે કે જ્યારે તે જીવ હંમેશાં સમિત રૂપથી પણ કંપિત થતો નથી, યાવત્ તત્ સંબંધી ભાવોમાં પરિણત થતો નથી, ત્યારે અંતિમ સમયમાં તેની અંતક્રિયા (મુક્તિ) થઈ જાય છે.

पंच संवरदार परूवणं—

३९९. जैबू !

पत्तो य संवरदाराइं, पंच वोच्छामि आणुपुव्विए।
जह भणियाणि भगवया, सव्वदुक्ख-विमोक्खणट्ठाए॥
पढमं होइ अहिंसा, बिइयं सच्चवयणं चि पण्णत्तं।
दत्तमणुण्णाय संवरो य, बंभचेरम-परिग्गहत्तं च च॥[1]

પાંચ સંવર દ્વારોનું પ્રરૂપણ—

૩૯૯. શ્રી સુધર્માસ્વામી કહે છે-હે જંબૂ !

હવે હું પાંચ સંવર દ્વારોને અનુક્રમથી કહીશ, જેની ભગવાને સમસ્ત પ્રાણીઓનાં દુઃખો દૂર કરવાને માટે પ્રરૂપણા કરી છે.

(આ પાંચ સંવર દ્વારોમાં) સૌથી પહેલું અહિંસા છે, બીજું સત્યવચન છે, ત્રીજું દત્તાનુ-ગ્રહણ છે, ચોથું બ્રહ્મચર્ય અને પાંચમું અપરિ-ગ્રહત્વ છે.

---

१ (क) पंच महव्वया पण्णत्ता, तं जहा—१. सव्वाओ पाणातिवायाओ वेरमणं, २. सव्वाओ मुसावायाओ वेरमणं, ३ सव्वाओ अदिण्णादाणाओ वेरमणं, ४. सव्वाओ मेहुणाओ वेरमणं, ५. सव्वाओ परिग्गहाओ वेरमणं।
—ठाणं. अ. ५, उ. १, सु. ३८९

(ख) पंच णिज्जरट्ठाणा पन्नत्ता, तं जहा —१. पाणाइवायाओ वेरमणं, २. मुसावायाओ वेरमणं, ३. अदिन्नादाणाओ वेरमणं ४. मेहुणाओ वेरमणं, ५. परिग्गहाओ वेरमणं।
—सम. ५, सु. १

(ग) तहेव हिंसं अलियं, चोज्जं अबम्भसेवणं। इच्छाकामं च लोभं च, संजओ परिवज्जए।—उत्त. अ. ३५, गा. ३

(घ) उत्त. अ. २३, गा. ८७ (ङ) सूय. सु. १, अ. १६, गा. ४ (च) आव. अ. ४, सु. २४

(छ) सूय. सु. २, अ. ६, गा. ६ (ज) दस. अ. ६, गा. ८-२१

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ताणि उ इमाणि सुव्वय !
महव्वयाई लोयहियसव्वसाइं

श्री सुधर्मास्वामीએ પોતાના અંતેવાસી જમ્બૂસ્વામીને કહ્યું, હે સુવ્રત! અર્થાત્ ઉત્તમ વ્રતોના ધારક અને પાલક જમ્બૂ! જેનું વર્ણન ઉપર કરવામાં આવ્યું છે એવાં તે મહાવ્રતો સમસ્ત જીવોનું કલ્યાણ કરનારાં છે. લોકનું સર્વહિત કરનારાં છે.

सुयसागर-देसियाइं, तवसंजममहव्वयाइं
सीलगुणवरव्वयाइं, सच्चज्जवयाइं

શ્રુત (આગમ) રૂપી સાગરમાં તેનો ઉપદેશ કરવામાં આવ્યો છે. એ તપ અને સંયમ રૂપ મહાવ્રત છે.

આ વ્રતોમાં શીલનો, ઉત્તમ ગુણનો સમૂહ સન્નિહિત છે. સત્ય અને આર્જવ-ઋજુતા-સરલતા નિષ્કપટતા એમાં પ્રધાન છે.

णरय-तिरिय-मणुय-देवगइ-विवज्जगाइं
सव्वजिणसासणगाइं, कम्मरयविदारगाइं,

આ મહાવ્રત નરકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ અને દેવગતિથી બચાવનાર છે. (મુક્તિ પ્રદાતા છે.) સમસ્ત જિનો-તીર્થંકરો દ્વારા આ સંવરદ્વાર ઉપદિષ્ટ છે. આ સંવરદ્વાર કર્મરૂપી રજનાં વિદારણ કરનાર અર્થાત્ ક્ષય કરનાર છે.

भवसयविणासगाइं, दुहसयविमोयणगाइं
सुहसयपवत्तणगाइं,
कापुरिसदुरुत्तराइं सप्पुरिसणीसेवियाइं,

તે સંવરદ્વાર ભવશત-વિનાશક છે અર્થાત્ જન્મ મરણનો અંત કરનાર છે. સેંકડો દુઃખોથી બચાવનાર છે. સેંકડો સુખોમાં પ્રવૃત્ત કરનાર છે. આ મહાવ્રત કાયર પુરુષો માટે દુસ્તર છે, સત્પુરુષો દ્વારા સેવિત છે.

णिव्वाणगमणसग्गप्पयाणगाइं,
संवरदाराइं पंच कहियाणि उ भगवया।
—पण्ह. सु. २, अ. १, सु. १

આ મોક્ષમાં જવા માટેનો માર્ગ છે, સ્વર્ગમાં પહોંચાડનારાં છે.

આ પ્રકારે આ મહાવ્રત રૂપ પાંચ સંવરદ્વાર ભગવાન મહાવીરે કહ્યાં છે.

४००. एयाइं वयाइं पंच वि सुव्वय-महव्वयाइं
हेउसय विवित्तपुक्खलाइं कहियाइं,
अरहंतसासणे समासेण पंच संवरा,
वित्थरेण उ पणवीसंति,

समिय-समिय संवुडे, सयाजयण-घडण-सुविसुद्धदंसणे एए अणुचरियसंजते चरमसरीरधरे भविस्सतीति।
—पण्ह सु. २, अ. ५, सु. १८

४००. હે સુવ્રત! એ પાંચ સંવરરૂપ મહાવ્રતો સેંકડો હેતુઓથી પુષ્કળ વિસ્તીર્ણ છે.

અરિહંત શાસનમાં એ સંવરદ્વાર સંક્ષેપમાં પાંચ કહેવામાં આવ્યાં છે.

વિસ્તારથી(પ્રત્યેકની પાંચ ભાવનાઓ હોવાથી) એના પચ્ચીસ પ્રકાર છે.

જે સાધુ ઈર્યાસમિતિ આદિ (પૂર્વોક્ત પચ્ચીસ ભાવનાઓ) સહિત હોય છે, અથવા જ્ઞાન અને દર્શનથી સહિત હોય છે, તથા કષાય-સંવર અને ઇન્દ્રિય-સંવરથી સંવૃત્ત હોય છે, જે પ્રાપ્ત સંયમ યોગનું યત્નપૂર્વક પાલન કરે છે, અને અપ્રાપ્ત સંયમયોગની પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ રહે છે. સર્વથા વિશુદ્ધ શ્રદ્ધાવાન હોય છે, તે આ સંવરોની આરાધના કરી અશરીરી (મુક્ત) થશે.

(पृ. २१२ नुं टीप्पण चालु)

(अ) स्था. अ. ५. उ, २, सु. ४१८ तथा सम. ५मां पांच संवरनां नाम छे. परंतु ते सम्यक्त्व विरति, अकषाय, अप्रमाद अने अयोग छे. पांच निर्जरा स्थान, पांच महाव्रत अथवा पांच संवरयुक्त, पांच अन्तर्गत 'विरति'मां समाविष्ट थई जाय छे. संवर अने निर्जरानी परिभाषा प्रमाणे प्राणातिपातविरमण आदि पांच संवर पण छे. अने निर्जरास्थान पण छे. पण्ह. सु. २, अ-१, सु. १ ना प्रारंभमां अहिंसा आदि पांच संवरोनां केटलांक विशेषण छे. तेमां नरक आदि चार गतिओनां विवर्जन अने निर्वाण तेमज देवगतिनी प्राप्ति पांच संवरोनी आराधनानुं फळ कहेवाय छे. ज्यां देवगति विवर्जन छे, त्यां अशुभ देवगतिनुं विवर्जन छे. निर्वाणगतिनी अपेक्षाओ पांच निर्जरास्थान छे. अशुभनी निर्जरा थवाथी शुभ मनुष्यगति अथवा शुभ देवगति दाता छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पाप ठाणेहिं जीवाणं गरुयत्तं—

४०१. प०—कहण्णं भंते ! जीवा गरुयत्तं हव्वमागच्छंति ?

उ०—गोयमा ! पाणाइवाएणं, मुसावाएणं, अदिन्नादाणेणं, मेहुणेणं, परिग्गहेणं, कोह-माण-माया-लोभ-पेज्ज-दोस-कलह-अब्भक्खाण-पिसुन्न-रइअरइ-परपरिवाय-माया-मोस-मिच्छादंसणसल्लेणं एवं खलु गोयमा ! जीवा गरुयत्तं हव्वमागच्छंति।

—वि. स. १, उ. ९, सु. १

પાપસ્થાનોથી જીવોની ગુરુતા—

૪૦૧. પ્ર. ભંતે ! જીવ શા કારણે શીઘ્ર ગુરુત્વ (ભારેપણાને) પામે છે ?

ઉ. ગૌતમ ! પ્રાણાતિપાતથી, મૃષાવાદથી, અદત્તાદાનથી, મૈથુનથી, પરિગ્રહથી, ક્રોધથી, માનથી, માયાથી, લોભથી, પ્રેય (રાગ)થી, દ્વેષથી, કલહથી, અભ્યાખ્યાનથી, પૈશુન્યથી, રતિ-અરતિથી, પરપરિવાદ (પરનિન્દા)થી, માયા-મૃષાથી અને મિથ્યાદર્શનશલ્યથી. આ પ્રમાણે ગૌતમ ! એ રીતે જીવો શીઘ્ર ગુરુત્વને પામે છે.

विरइ ठाणेहिं जीवाणं लहुयत्तं—

४०२. प०—कहण्णं भंते ! जीवा लहुयत्तं हव्वमागच्छंति ?

उ०—गोयमा ! पाणाइवायवेरमणेणं-जाव-मिच्छादंसणसल्ल वेरमणेणं एवं खलु गोयमा ! जीवा लहुयत्तं हव्वमागच्छंति, एवं संसारं आउलीकरेंति, परित्तिं करेंति एवं संसारं दीहीं करेंति, हस्सीं करेंति, एवं संसारं अणुपरियट्टन्ति, वीइवयंति पसत्था चत्तारि, अप्पसत्था चत्तारि।[1]

—वि. स. १, उ. ९, सु २-३

વિરતિસ્થાનોથી જીવોની લઘુતા—

૪૦૨. પ્ર. ભંતે ! જીવ શા કારણે શીઘ્ર લઘુત્વ (લઘુતા-હળવાપણું) પામે છે ?

ઉ. હે ગૌતમ ! પ્રાણાતિપાતથી વિરત હોવાના કારણે યાવત્ મિથ્યાદર્શનશલ્યથી વિરત હોવાના કારણે જીવ શીઘ્ર લઘુત્વને પામે છે.

આ પ્રમાણે જીવ સંસારને વધારે છે અને પરિમિત કરે છે. લાંબો કરે છે. અને ટૂંકો કરે છે. તેમજ સંસારમાં વારંવાર ભ્રમણ કરે છે. [તથા પ્રાણાતિપાત આદિથી નિવૃત્ત થઈને જીવો સંસારને ઘટાડે છે. ટૂંકો કરે છે.] અને સંસારને ઓળંગી જાય છે.

તેમાંથી ચાર (હળવાપણું, સંસારને ઘટાડવો, સંસારને ટૂંકો કરવો અને સંસારને ઓળંગવો.] પ્રશસ્ત છે. અને ચાર [ભારેપણું, સંસારને વધારવો, સંસારને લાંબો કરવો અને સંસારમાં ભમવું એ] અપ્રશસ્ત છે.

दसविहे असंवरे—

४०३. दसविधे असंवरे पण्णत्ते, तं जहा—

१. सोतिंदियअसंवरे, २. चक्खिंदियअसंवरे,

३. घाणिंदियअसंवरे, ४. जिब्भिंदियअसंवरे,

५. फासिंदियअसंवरे,[2] ६. मणअसंवरे,[3]

७. वयअसंवरे, ८. कायअसंवरे,

९. उवकरणअसंवरे,

१०. सूचीकुसग्गअसंवरे

—ठाणं. अ. १०, सु. ७०९ (४)

દસ પ્રકારનો અસંવર—

૪૦૩. દશ પ્રકારના અસંવર કહ્યા છે, યથા—

૧ - શ્રોત્રેન્દ્રિય અસંવર, ૨ - ચક્ષુઇન્દ્રિય - અસંવર,

૩ - ઘ્રાણેન્દ્રિય-અસંવર ૪ - રસના-ઇન્દ્રિય-અસંવર,

૫ - સ્પર્શનેન્દ્રિય અસંવર, ૬ - મન-અસંવર,

૭ - વચન-અસંવર, ૮ - કાય-અસંવર

૯ - ઉપકરણ-અસંવર ૧૦ - સૂચીકુશાગ્ર-અસંવર

---

१ वि. स. १२, उ. २, सु. १४।

२ ठाणं. अ. ५, उ. २, सु. ४२७ (४)

३ ठाणं. अ. ६, सु. ४८७ (२)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पंच संवर दारा—

४०४. पंच संवर दारा पन्नता, तं जहा—
१. सम्मतं, २. विरई,
३. अप्पमत्तया, ४. अकसाया,
५. अजोगया। —सम. ५, सु. १

महाजण्णं—

४०५. सुसंवुडा पंचहिं संवरेहिं,
इह जीवियं अणवकंखमाणा॥
वोसट्ठकाया सुइचत्तदेहा,
महाजयं जयइ जन्नसिट्ठं॥
—उत्त. अ. १२, गा. ४२

दसविहे संवरे—

४०६. दसविधे संवरे पण्णत्ते, तं जहा—
१. सोतिंदियसंवरे, २. चक्खिंदियसंवरे,
३. घाणिंदियसंवरे, ४. जिब्भिंदियसंवरे,
५. फासिंदियसंवरे,[1] ६. मणसंवरे,[2]
७. वयसंवरे, ८. कायसंवरे.
९. उवकरणसंवरे, १८. सूचीकुसग्गसंवरे।
—ठाणं. अ. १०, सु. ७०९ (३)

दसविहा असमाही—

४०७. दसविधा असमाधी पण्णत्ता, तं जहा—
१. पाणातिवाते, २. मुसावाए,
३. अदिण्णादाणे- ४. मेहुणे,
५. परिग्गहे, ६. इरियाऽसमिती
७. भासाऽसमिती, ८. एसणाऽसमिती,
९. आयाण-भंड-मत्त-णिक्खेवणाऽसमिती।
१०. उच्चार-पासवण-खेल-सिंघाणग-जल्ल-
परिट्ठावणियाऽसमिती।
—ठाणं, अ. १०, सु. ७११(९) असमिति

दसविहा समाही—

४०८. दसविधा समाधी पण्णत्ता, तं सहा—
१. पाणातिवायवेरमणे, २. मुसावायवेरमणे,
३. अदिण्णादाणवेरमणे, ४. मेहुणवेरमणे,
५. परिग्गहवेरमणे, ६. इरियासमिती,

પાંચ સંવર દ્વારો—

૪૦૪. સંવર દ્વાર પાંચ પ્રકારના છે,-યથા—
૧ - સમ્યક્ત્વ, ૨ - વિરતિ,
૩ - અપ્રમાદ, ૪ - અકષાય,
૫ - અયોગ અથવા યોગોની પ્રવૃત્તિનો નિરોધ.

મહાયજ્ઞ—

૪૦૫. જેઓ પાંચ સંવરોથી પૂર્ણ સંવૃત્ત હોય છે,જેઓ જીવનની આકાંક્ષા નથી રાખતા. જેઓ શરીરનો અર્થાત્ શરીરની આસક્તિનો ત્યાગ કરે છે. જેઓ પવિત્ર છે. વિદેહ છે, દેહભાવ નથી રાખતા, તેઓ વાસના પર વિજય મેળવનાર મહાવિજયી શ્રેષ્ઠ યજ્ઞ કરે છે.

દશ પ્રકારના સંવર—

૪૦૬. સંવર દશ પ્રકારના કહ્યા છે. જેમ કે—
૧ - શ્રોત્રેન્દ્રિય-સંવર, ૨ - ચક્ષુરિન્દ્રિયસંવર,
૩ - ઘ્રાણેન્દ્રિય-સંવર, ૪ - રસનેન્દ્રિય-સંવર,
૫ - સ્પર્શનેન્દ્રિય-સંવર, ૬ - મન-સંવર,
૭ - વચન - સંવર, ૮ - કાય-સંવર,
૯ - ઉપકરણ - સંવર, ૧૦ - સૂચીકુશાગ્રસંવર,

દસ પ્રકારની અસમાધિ—

૪૦૭. અસમાધિ દસ પ્રકારની કહી છે. જેમ કે—
૧ - પ્રાણાતિપાત - અવિરમણ
૨ - મૃષાવાદ - અવિરમણ
૩ - અદત્તાદાન - અવિરમણ
૪ - મૈથુન - અવિરમણ
૫ - પરિગ્રહ - અવિરમણ
૬ - ઇર્યા - અસમિતિ
૭ - ભાષા - અસમિતિ
૮ - એષણા - અસમિતિ
૯ - આદાન - ભાંડ - (પાત્ર)-નિક્ષેપ અસમિતિ
૧૦ - ઉચ્ચાર - પ્રસ્રવણ - શ્લેષ્મ - સિંઘાણ - જલ-પરિષ્ઠાપનાની અસમિતિ

દસ પ્રકારની સમાધિ—

૪૦૮. સમાધિ દસ પ્રકારની કહી છે. જેમ કે—
૧ - પ્રાણાતિપાત - વિરમણ
૨ - મૃષાવાદ - વિરમણ
૩ - અદત્તાદાન - વિરમણ
૪ - મૈથુન - વિરમણ
૫ - પરિગ્રહ - વિરમણ
૬ - ઇર્યા સમિતિ

---

१ ठाणं. अ. ५, उ. २, सु. ४२७ (३)

२ ठाणं. अ. ६, सु. ४८७ (१)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

७. भासासमिती, ८. एसणासमिती,
९. आयाण-भंड-मत्त-णिक्खेवणासमिती,
१०. उच्चार-पासवण-खेल-सिंघाणग-जल्ल-परिट्ठावणिया समिती।
-ठाणं. अ. १०, सु. ७११ (२) समिति।

७ - ભાષા સમિતિ
८ - એષણા સમિતિ
૯ - આદાન - ભાંડ - માત્ર (પાત્ર) - નિક્ષેપણની સમિતિ
૧૦ - ઉચ્ચાર - પ્રસ્રવણ - શ્લેષ્મ - સિંઘાણ - જલ્લ - પરિષ્ઠાપના સમિતિ

असंवुडअणगारस्स संसार परिभमणं—

असंवृत अणुगारनुं संसार परिभ्रमण—

४०९. प० —असंवुडे णं भंते ! अणगारे किं सिज्झति? बुज्झति? मुच्चति? परिनिव्वाति? सव्वदुक्खाणमंतं करेति?

उ०—गोयमा ! नो इणट्ठे समट्ठे !

प०—से केणट्ठे णं भंते ! एवं वुच्चइ नो सिज्झइ-जाव-नो अंतं करेइ?

उ०—गोयमा ! असंवुडे अणगारे आउय-वज्जाओ सत्तकम्म-पगडीओ,
सिढिलबंधणबद्धाओ धणियबंधणबद्धाओ पकरेति,
हस्सकालट्ठितीयाओ, दीहकालट्ठितीयाओ पकरेति,
मंदाणुभागाओ, तिव्वाणुभागाओ पकरेति,
अप्पपदेसग्गाओ बहुप्पदेसग्गाओ पकरेति,
आउगं च णं कम्मं सिय बंधति, सिय नो बंधति,
असातावेदणिज्जं च णं कम्मं भुज्जो-भुज्जो उवचिणाति, अणादीयं च णं अणवदग्गं दीहमद्धं चाउरंतं संसार-कंतारं आणुपरियट्टइ।
से तेणट्ठे णं गोयमा ! असंवुडे अणगारे नो सिज्झति-जाव-नो सव्वदुक्खाणमंतं करेइ।
—वि. स. १, उ. १, सु. ११ (१)

४०९. प्र. भंते ! असंवृत्त अनगार शुं सिद्ध थाय छे ? बोध पामे छे ? मुक्त थाय छे ? निर्वाण पामे छे ? तथा समस्त दुःखोनो अंत करे छे ?

उ. हे गौतम ! ओ अर्थ समर्थ (वात संभवित) नथी.

प्र. भंते ! ते शा कारणे सिद्ध नथी थता यावत् दुःखोनो अंत नथी करता ?

उ. गौतम ! असंवृत्त अनगार आयुष्यकर्मने छोडी शेष सात कर्म प्रकृतिओने
शिथिल बंधनथी बद्धने गाढ बंधनथी बद्ध करे छे,
अल्पकाळनी स्थिति जेनी छे तेनी दीर्घकाळनी स्थिति करे छे.
मंद अनुभागवाळीने तीव्र अनुभागवाळी करे छे.
अल्पप्रदेशवाळीने घणा प्रदेशवाळी करे छे
तथा आयुष्यकर्मने कयारेक बांधे छे तथा कयारेक नथी बांधता.
असातावेदनीय कर्मने वारंवार उपार्जित करे छे.
तथा अनादि अनन्त दीर्घ मार्गवाळा चतुर्गतिसंसार रूपी अरण्यमां वारंवार पर्यटन-परिभ्रमण करे छे.
हे गौतम ! आ कारणे असंवृत्त अणुगार सिद्ध थता नथी.
यावत् समस्त दुःखोनो अंत करता नथी.

संवुडअणगारस्स संसारपारगमणं—

संवृत्त अणुगारनुं संसार-पारगमन—

४१०. प.—संवुडे णं भंते ! अणगारे सिज्झति-जाव-अंतं करेति?

उ०—हंता, सिज्झति-जाव-अंतं करेति।

प०—से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-सिज्झइ-जाव-अंतं करेति?

४१०. प्र. भंते ! शुं संवृत्त अनगार सिद्ध थाय छे यावत् सर्व दुःखोनो अंत करे छे ?

उ. हा गौतम ! ते सिद्ध थाय छे यावत् सर्व दुःखोनो अंत करे छे.

प्र. भंते ! ते शा कारणे सिद्ध थाय छे यावत् सर्व दुःखोनो अंत करे छे ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ०—गोयमा ! संवुडे अणगारे आउय-वज्जाओ सत्तकम्म-पगडीओ, घणियबंधणबद्धाओ सिढिलबंधण-बद्धाओ पकरेति,
दीहकालट्ठितीयाओ हस्सकालट्ठितीयाओ पकरेति,
तिव्वाणुभागाओ मंदाणुभागाओ पकरेति,
बहुपएसग्गाओ अप्पपएससग्गाओ पकरेति,
आउयं च णं कम्मं न बंधति,
असायावेयणिज्जं च णं कम्मं नो भुज्जो भुज्जो उवचिणाति,
अणाईयं च णं अणवदग्गं दीहमद्धं चाउरंतं संसार-कंतारं वीतीवयति ।
से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ—
"संवुडे अणगारे सिज्झति-जाव-अंतं करेति ।"
—वि. सं. १, उ. १, सु. ११ (२)

ઉ.—ગૌતમ ! સંવૃત્ત અણગાર આયુષ્ય કર્મને છોડી શેષ સાત કર્મ પ્રકૃતિઓને ગાઢ બંધનથી બદ્ધમાંથી શિથિલ બંધનથી બદ્ધ કરે છે.

દીર્ઘકાલિક સ્થિતિવાળીને હ્રસ્વ (થોડા) કાળની સ્થિતિવાળી કરે છે.

તીવ્રરસ (અનુભાવ) વાળીને મંદ રસવાળી કરે છે.

ઘણા પ્રદેશવાળીને અલ્પ પ્રદેશવાળી કરે છે. અને આયુષ્ય કર્મ બાંધતા નથી. તે અસાત વેદનીયકર્મનો વારંવાર ઉપચય કરતા નથી (માટે તે)

અનાદિ-અનંત દીર્ઘ માર્ગવાળા ચતુર્ગતિ રૂપ સંસાર-અરણ્યનું ઉલ્લંઘન કરે છે.

આ કારણથી હે ગૌતમ ! એવું કહેવામાં આવ્યું છે કે સંવૃત્ત અણગાર સિદ્ધ થાય છે યાવત્ સર્વ દુઃખોનો અંત કરે છે.

चरित्तसंपन्नयाए फलं—

चारित्र-संपन्नतानुं फळ—

४११. प्र०—चरित्तसंपन्नाए णं भंते ! जीवे किं जणयइ ?
उ०—चरित्तसंपन्नाए णं सेलेसीभावं जणयइ । सेलेसिं पडिवन्ने य अणगारे चत्तारि केवलिकम्मंसे खवेइ । तओ पच्छा सिज्झइ बुज्झइ मुच्चइ परिनिव्वाएइ सव्वदुक्खाणमंतं करेइ ।"
— उत्त. अ. २९, सु. ६३

४११. प्र.—ભંતે ! ચારિત્ર-સંપન્નતાથી જીવ શું પ્રાપ્ત કરે છે ?
ઉ.—ચારિત્ર-સંપન્નતાથી તે શૈલેશી-ભાવને પ્રાપ્ત કરે છે. શૈલેશી દશાને પ્રાપ્ત કરનાર અણગાર ચાર કેવલી સત્કર્મોનો (કેવલીનાં વિદ્યમાન કર્મોનો) ક્ષય કરે છે. ત્યારબાદ તેઓ સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે, મુક્ત થાય છે, પરિનિર્વાણને પ્રાપ્ત કરે છે અને સર્વ દુઃખોનો અંત કરે છે.

एगे चरणविण्णाणेण एव मोक्खं मण्णंति—

કેટલાક લોકો ચારિત્રને જાણવા માત્રથી જ મોક્ષ માને છે—

४१२. इहमेगे उ मन्नन्ति, अप्पच्चक्खायपावगं ।
आयरियं विदित्ताणं, सव्वदुक्खा विमुच्चई ॥
—उत्त. अ. ६, गा, ८

૪૧૨. સંસારમાં કેટલાક લોકોનું એવું માનવું છે કે ચારિત્ર ગ્રહણ કર્યા વગર કે હિંસાના ત્યાગ વગર માત્ર તત્ત્વજ્ઞાનને જાણવાથી બધા દુઃખોમાંથી મુક્તિ મેળવી શકાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રથમ મહાવ્રત

અહિંસા મહાવ્રત : સ્વરૂપ અને આરાધના–૧

सव्वेहिं तित्थयरेहिं सव्व-पाण-भूय-जीव-सत्ताणं रक्खणं कायव्वं इति परूवियं—

સર્વ તીર્થંકરોએ સર્વ પ્રાણ-ભૂત-જીવ સત્ત્વોની રક્ષા કરવી જોઈએ–એવી પ્રરૂપણા કરી છે.

४१३. से बेमि—जे य अतीता जे य पडुप्पण्णा जे य आगमेस्सा अरहंता भगवंता सव्वे ते एवमाइक्खंति, एवं भासेंति, एवं पण्णवेंति, एवं परूवेंति—

૪૧૩. હું (સુધર્માસ્વામી) કહું છું-ભૂતકાળમાં (ઋષભદેવ આદિ) જે પણ અરિહંત (તીર્થંકર) થઈ ગયા છે, વર્તમાનમાં જે પણ (સીમંધરસ્વામી આદિ) તીર્થંકર છે તથા ભવિષ્યમાં જે પણ (પદ્મનાભ આદિ) થશે, એ સર્વ અરિહંત ભગવાનોએ (પરિષદમાં) આ પ્રમાણે ઉપદેશ આપ્યો છે, આ પ્રમાણે જ ભાષણ કરે છે, આ પ્રમાણે જ (હેતુ, દૃષ્ટાંત, યુક્તિ આદિ દ્વારા) માર્ગદર્શન (પ્રજ્ઞાપન) કરે છે, તથા આ પ્રમાણે જ પ્રરૂપણા કરે છે કે—

सव्वे पाणा-जाव-सव्वे सत्ता ण हंतव्वा ण अज्जावेयव्वा, ण परिघेतव्वा, ण परितावेयव्वा, ण उद्दवेयव्वा,

કોઈ પણ પ્રાણી યાવત્ સત્ત્વની હિંસા કરવી ન જોઈએ, ન તો બલાત્ એનાથી આજ્ઞા-પાલન કરાવવું જોઈએ, ન તો તેને બલાત્ દાસ-દાસી આદિના રૂપમાં પકડીને અથવા ખરીદીને રાખવા જોઈએ, ન તેને પીડા આપવી જોઈએ, અને ન ઉદ્વિગ્ન કરવા જોઈએ.

एस धम्मे धुवे णितिए सासते, समेच्च लोगं खेतन्नेहिं पवेदिते ।[1]

—सूय. सु. २, अ. १, सु ६८०

આ જ ધર્મ ધ્રુવ છે, નિત્ય છે, શાશ્વત છે, સંપૂર્ણ લોકને જાણીને ક્ષેત્રજ્ઞ શ્રી તીર્થંકરોએ આ ધર્મનું પ્રતિપાદન કર્યું છે.

४१४ से भिक्खू जे इमे तस-थावरा पाणा भवंति
ते णो सयं समारभति,
णो वऽण्णेहिं समारभावेंति,
अण्णे समारभंते वि न समणुजाणइ,

इति से महता आदाणातो उवसंते उवट्ठिते पडिविरते ।

—सूय. सु. २, अ. १, सु. ६८४

૪૧૪. જે ત્રસ અને સ્થાવર પ્રાણીઓ છે તેમનો તે ભિક્ષુ સ્વયં સમારંભ કરતો નથી.

બીજા દ્વારા સમારંભ કરાવતો નથી.

અને સમારંભ કરનારનું અનુમોદન કરતો નથી.

માટે તે સાધુ મહાન કર્મોના બંધનથી મુક્ત થઈ ગયેલ છે, શુદ્ધ સંયમમાં સ્થિત રહે છે, તથા પાપકર્મોથી નિવૃત્ત રહે છે.

४१५. उरालं जगओ जोयं, विपरीयासं पलेंति य ।
सव्वे अक्कंतदुक्खा य, अतो सव्वे अहिंसिया॥

૪૧૫. ઔદારિક (ત્રસ-સ્થાવર જીવ રૂપ) જગતનાં (બાલ્ય, યૌવન, વૃદ્ધત્વ આદિ) સંયોગ, અવસ્થા વિશેષ અથવા યોગ-મન, વચન, કાયાની પ્રવૃત્તિ ઇન્દ્રિય પ્રત્યક્ષ છે. અને તે (જીવ) વિપર્યય (બીજા પર્યાય) ને પણ પ્રાપ્ત થાય છે. તથા બધાં પ્રાણી દુઃખથી આક્રાન્ત છે. માટે બધાં પ્રાણી અહિંસ્ય-હિંસા કરવા યોગ્ય નથી.

---

१ आ. सु. १, अ. ४, उ. ५, सु. १३२ (क)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एतं खु णाणिणो सारं, जं न हिंसति किंचण ं।
अहिंसा समयं चेव, एतावंतं वियाणिया ॥[1]
—सूत्र. सु. १, अ. १, उ. ४, गा. ९-१०

ज्ञानी पुरुषो माटे आ न्याययुक्त छे के कोई पण प्राणीनी हिंसा न करे, तेमज अहिंसा द्वारा समताने समजे अर्थात् एम जाणे के मने जेम मृत्यु अने दुःख अप्रिय छे, तेम सर्व प्राणीओने मृत्यु अने दुःख अप्रिय छे. माटे कोई पण जीवनी हिंसा न करवी जोईओ.

पढम महव्वय आराहणा पइण्णा—

प्रथम महाव्रत आराधन प्रतिज्ञा—

४१६. पढमे भंते ! महव्वए पाणाइवायाओ वेरमणं।
सव्वं भंते ! पाणाइवायं पच्चक्खामि—
से सुहुमं वा बायरं वा, तसं वा, थावरं वा,
से य पाणाइवाए चउव्विहे पण्णत्ते, तं जहा—

१. दव्वओ, २. खेत्तओ, ३. कालओ,
४. भावओ ।

१. दव्वओ छसु जीवनिकाएसु,
२. खेत्तओ सव्वलोगे,
३. कालओ दिया वा, राओ वा,
४. भावओ रागेण वा दोसेण वा ।

नेव सयं पाणे अइवाएज्जा, नेवन्नेहिं पाणे अइवायावेज्जा, पाणे अइवायंते वि अन्ने न समणुजाणेज्जा,
जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि, न कारवेमि, करंतं पि अन्नं न समणुजाणामि।

तस्स भन्ते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ।[2]

पढमे भन्ते ! महव्वए उवट्ठिओमि सव्वाओ पाणाइवायाओ वेरमणं ।[3]
—दस. अ. ४, सु, ११

४१६. भंते ! पहेलुं महाव्रत प्राणातिपातथी निवृत्त थवानुं छे.

भंते ! हुं सर्व प्रकारे प्राणातिपातनुं प्रत्याख्यान करुं छुं. सूक्ष्म के बादर, त्रस के स्थावर.
ते प्राणातिपातना चार प्रकार कह्या छे—
१-द्रव्यथी. २-क्षेत्रथी, ३-कालथी, ४-भावथी.

१-द्रव्यथी-छ जीवनिकायमां
२-क्षेत्रथी-सर्व लोकमां
३-कालथी-दिवस अथवा रातमां
४-भावथी-राग अथवा द्वेषथी

आ प्राणीओना प्राणोनो हुं स्वयं अतिपात (घात) करीश नहीं, बीजा द्वारा करावीश नहीं तथा अतिपात करनारनुं अनुमोदन करीश नहीं.

यावज्जीवन (जीवन सुधी) हुं त्रण करण अने त्रण योगथी अथवा मन, वचन कायाथी हिंसा करीश नहीं, करावीश नहीं के हिंसानुं करनारनुं अनुमोदन करीश नहीं.
भंते ! तेनाथी हुं निवृत्त थाउं छुं. मारा आत्मानी साक्षीओ ते पापने निंदु छुं. आपनी पासे तेनी गर्हा करुं छुं. अने (कषाय) आत्मानो व्युत्सर्ग करुं छुं.

भंते! ए प्रमाणे पहेला महाव्रत-प्राणातिपात वेरमण व्रतमां हुं उपस्थित थयो छुं. जेमा सर्व प्राणातिपातनी विरति थाय छे.

पढम महव्वय पंच भावणाओ—

प्रथम महाव्रत अने तेनी पांच भावना—

४१७. पढमं भंते ! महव्वयं पच्चक्खामि सव्वं पाणातिवातं ।
से सुहुमं वा, बायरं वा, तसं वा, थावरं वा, णेव सयं पाणातिवातं करेज्जा; नेवऽण्णं पाणातिवातं कारवेज्जा, अण्णं पि पाणातिवातं करंतं ण समणुजाणेज्जा ।

४१७. भंते ! हुं प्रथम महाव्रतमां सर्व प्राणातिपात (हिंसा) प्रत्याख्याननो त्याग करुं छुं.

हुं सूक्ष्म-स्थूल तथा त्रस-स्थावर कोई पण प्राणीनी स्वयं हिंसा करीश नहीं, बीजा पासे करावीश नहीं अने हिंसा करनारनी अनुमोदना करीश नहीं.
आ प्रमाणे हुं जीवनपर्यंत त्रण करण अने त्रण योगथी हिंसाथी निवृत्त थाउं छुं.

---

१ सूय. सु. १, अ ११, गा. १० ।

२ समता सव्वभूएसु. सत्त-मित्तेसु वा जगे। पाणाइवायविरई, जावज्जीवाए दुक्करे । उत्त. अ. १९, गा. २६

३ दस. अ. ६, गा. ९-१०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जावज्जीवाए तिविहं तिविहेणं मणसा, वयसा, कायसा। तस्स भंते ! पडिक्कमामि, निंदामि, गरहामि, अप्पाणं वोसिरामि ।

હે ભંતે ! હું તે પૂર્વોક્ત પાપનું પ્રતિક્રમણ કરું છું. આત્મસાક્ષીથી તેની નિંદા કરું છું તથા ગુરુસાક્ષીથી ગર્હા કરું છું. મારા આત્માથી પાપનો વ્યુત્સર્ગ કરું છું.

तस्सिमाओ पंच भावणाओ भवंति ।

તે પ્રથમ મહાવ્રતની પાંચ ભાવના હોય છે—

१. तत्थिमा पढमा भावणा—रियासमिते से णिग्गंथे, णोअणरियासमिते त्ति। केवली बूया—"इरियाअसमिते से णिग्गंथे पाणाइं भूयाइं जीवाइं सत्ताइं अभिहणेज्ज वा, वत्तेज्ज वा, परियावेज्ज वा, लेसेज्ज वा, उद्दवेज्ज वा। इरियासमिते से णिग्गंथे, णो इरियाअसमिते त्ति पढमा भावणा।

(૧) તેમાંથી પહેલી ભાવના આ પ્રમાણે છે,- નિર્ગ્રન્થ ઈર્યાસમિતિથી યુક્ત હોય છે. ઈર્યા-સમિતિથી રહિત નહીં.

કેવલી ભગવાને કહ્યું છે કે-ઈર્યાસમિતિથી રહિત નિર્ગ્રન્થ પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વનું હનન કરે છે, ધૂળ આદિથી ઢાંકે છે, દબાવી દે છે, પીડા પહોંચાડે છે. એટલા માટે નિર્ગ્રન્થ ઈર્યાસમિતિથી યુક્ત રહે છે. ઈર્યાસમિતિથી રહિત નહીં. 'આ પહેલી ભાવના છે.'

२. अहावरा दोच्चा भावणा—मणं परिजाणति से णिग्गंथे,
जे य मणे पावए सावज्जे सकिरिए अण्हयकरे छेदकरे भेदकरे अधिकरणिए पादोसिए पारितावणिए पाणातिवाइए भूतोवघातिए तहप्पगारं मणं णो पधारेज्जा। मणं परिजाणति से णिग्गंथे, जे य मणे अपावए त्ति दोच्चा भावणा।

(૨) તે પછી બીજી ભાવના આ છે-જે મનને સારી રીતે જાણી પાપોથી પાછા ફરે છે, તે નિર્ગ્રન્થ છે.

જે મન પાપકર્તા, સાવદ્ય (પાપથી યુક્ત) છે, ક્રિયાઓથી યુક્ત છે, કર્મોનું આશ્રવકારક છે. છેદન-ભેદનકારી છે, ક્લેશ-દ્વેષકારી છે, પરિતાપકારક છે, પ્રાણીઓના પ્રાણોનો અતિપાત કરનાર અને જીવોનું ઉપઘાતક છે. આ આ પ્રકારનું મન (મનોવૃત્તિઓ) ધારણ ન કરે. જે મનને ભલીભાંતિ જાણીને પાપમય વિચારોથી દૂર રાખે છે, જેનું મન પાપોથી રહિત છે, તે નિર્ગ્રન્થ છે. આ બીજી ભાવના છે.

३. अहावरा तच्चा भावणा—वइं परिजाणति से णिग्गंथे,
जा य वई पाविया सावज्जा सकिरिया-जाव-भूतोवघातिया तहप्पगारं वइं णो उच्चारेज्जा।
जे वइं परिजाणति से णिग्गंथे जा य वइ अपाविया त्ति तच्चा भावणा।

(૩) આની અંદર ત્રીજી ભાવના આ છે.-જે સાધક વચનના સ્વરૂપને યોગ્ય રૂપે જાણીને સદોષ વચનોનો પરિત્યાગ કરે છે, તે નિર્ગ્રન્થ છે.

જે વચન પાપકારી સાવદ્ય ક્રિયાઓથી યુક્ત યાવત્ જીવોનું ઉપઘાતક છે, સાધુ આવાં વચનોનો ઉચ્ચાર ન કરે.

જે વાણી અને દોષોને ભલીભાંતિ જાણીને સદોષ વાણીનો પરિત્યાગ કરે છે, તે નિર્ગ્રન્થ છે. તેની વાણી પાપદોષ રહિત હોય. આ ત્રીજી ભાવના છે.

४. अहावरा चउत्था भावणा—आयाणभंडमत्तणिक्खेवणासमिते से णिग्गंथे, णो अणादाणभंडनिक्खेवणाऽसमिते।
केवली बूया—"आदाणभंडनिक्खेवणाअसमिते से णिग्गंथे पाणाइं भूताइं जीवाइं सत्ताइं अभिहणेज्ज वा-जाव-उद्दवेज्ज वा। तम्हा आयाणभंडणिक्खेवणासमिते से णिग्गंथे, णो अणादाणभंडणिक्खेवणाऽसमिते त्ति चउत्था भावणा।

(૪) ત્યાર પછી ચોથી ભાવના આ છે.-જે આદાન-ભાંડ-માત્ર-નિક્ષેપણા સમિતિથી યુક્ત છે, તે નિર્ગ્રન્થ છે. આદાનભાંડ - માત્ર - નિક્ષેપણા સમિતિથી રહિત હોય તે નિર્ગ્રન્થ નથી.

કેવલી ભગવાન કહે છે કે-જે નિર્ગ્રન્થ-આદાનભાંડ-માત્ર-નિક્ષેપણા સમિતિથી રહિત છે, તે પ્રાણીઓ, ભૂતો, જીવો અને સત્ત્વોને અભિઘાત કરે છે યાવત્ પીડા પહોંચાડે છે. માટે જે આદાનભાંડ-નિક્ષેપણા સમિતિથી યુક્ત છે તે નિર્ગ્રન્થ છે. જે આદાનભાંડ-નિક્ષેપણા-સમિતિથી રહિત છે, તે નિર્ગ્રન્થ નથી. આ ચોથી ભાવના છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

५. अहावरा पंचमा भावणा—आलोइयपाण-भोयणभोई से णिग्गंथे णो अणालोइयपाण-भोयणभोई ।

केवली बूया—"अणालोइयपाण-भोयणभोइ से णिग्गंथे पाणाणि वा, भूताणि वा, जीवाणि वा, सत्ताणि वा अभिहणेज्ज वा-जाव-उद्दवेज्ज वा । तम्हा आलोइयपाण-भोयण-भोई से णिग्गंथे णो अणालोइयपाण-भोई त्ति पंचमा भावणा ।[1]

(५) આના પછી પાંચમી ભાવના આ છે.-જે સાધક આહાર-પાણી જોઈને વાપરે છે. તે નિર્ગ્રન્થ હોય છે. જોયા વિના વાપરે તે નહિ.

કેવલી ભગવાન કહે છે-જે જોયા વગર જ આહાર-પાણી વાપરે છે તે નિર્ગ્રન્થ પ્રાણો, ભૂતો, જીવો અને સત્ત્વોનો ઘાત કરે છે. યાવત્ પીડા પહોંચાડે છે. માટે જે જોઈને આહાર-પાણી વાપરે છે, તે જ નિર્ગ્રન્થ છે, જોયા વિના આહાર-પાણી વાપરનાર નહિ. આ પાંચમી ભાવના છે.

पत्ताव ताव महव्वयं सम्मं काएणं फासिते पालिते तीरिए किट्टिते अवट्ठिते आणाए आराहिते यावि भवति ।

આ પ્રકારે પાંચ ભાવનાઓ સહિત તથા સાધક દ્વારા સ્વીકૃત પ્રાણાતિપાત વિરમણ રૂપ પહેલા મહાવ્રતના સમ્યક્ પ્રકારથી કાયાએ સ્પર્શિત, પાલિત, ગૃહીત મહાવ્રતને યથાયોગ્ય પાર લગાડવાથી, તેનું કીર્તન કરવાથી, તેમાં અવસ્થિત રહેવાથી, ભગવંત આજ્ઞાની અનુરૂપ આરાધના થાય છે.

पढमे भंते ! महव्वए पाणाइवाताओ वेरमणं ।
—आ. सु. २, अ. १५, सु. ७७७-७७९

ભન્તે ! આ પ્રાણાતિપાત વિરમણરૂપ પ્રથમ મહાવ્રત છે.

अहिंसाए सट्ठी नामाइं—

અહિંસાનાં સાઠ નામ—

४१८. तत्थ पढमं अहिंसा, तस-थावर-सव्वभूय खेमंकरी ।

४१८. આ સંવરદ્વારોમાં પહેલું જે અહિંસા છે, તે ત્રસ અને સ્થાવર - સમસ્ત જીવોનું ક્ષેમ-કુશળ કરનાર છે.

तीसे सभावणाओ, किंचि वोच्छं गुणुद्देसं ॥

હું પાંચ ભાવનાઓ સહિત અહિંસાના ગુણોનું થોડું વર્ણન કરીશ.

तत्थ पढमं अहिंसा ।
जा सा सदेव मणुयासुरस्स लोगस्स भवइ दीवो

તે (પૂર્વોક્ત) પાંચ સંવરદ્વારોમાં પહેલું સંવર-દ્વાર અહિંસા છે. તે અહિંસા દેવો, મનુષ્યો અને અસુરો સહિત સંપૂર્ણ લોકના માટે દ્વીપ સમાન છે.

ताणं सरणं गइ पइट्ठा ।

ત્રાણ છે-વિવિધ પ્રકારનાં ભાવૃત દુઃખોથી પીડિત જનોનું રક્ષણ કરનારી છે. તેથી તે ત્રાણ રૂપ છે-શરણદાત્રી છે-શરણ દેનારી છે. કલ્યાણકામી જનો માટે ગતિ-ગમ્ય છે, તથા સમસ્ત ગુણો અને અને સુખોનો આધાર છે.

[અહિંસાનાં નીચે પ્રમાણે નામ છે]—

१. निव्वाणं,

૧. નિર્વાણ - મોક્ષનું કારણ છે.

२. निव्वुई,

૨. નિવૃત્તિ - માનસિક સ્વસ્થતારૂપ છે.

३. समाही,

૩. સમાધિ - સમતાનું કારણ છે.

---

१ (क) —सम. सम. २५, सु. १

२ (ख) —पण्ह. सु. २, अ. १, सु. ७-११

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४. सत्ती,	४. शक्ति – आध्यात्मिक शक्ति કે शक्तिનું કારણ (ઘણાં સ્થાને 'सत्ती' ના સ્થાન પર 'सन्ती', જેનો અર્થ शांति) થાય.
५. कित्ती,	५. કીર્તિ – યશનું કારણ છે.
६. कंती,	६. કાંતિ–અહિંસાના આધારભૂત કાંતિ-તેજસ્વિતા ઉત્પન્ન થાય છે. માટે તે કાંતિ છે.
७. रती य,	७. રતિ – આત્મીયતાને ઉત્પન્ન કરવાને કારણે તેનું નામ રતિ છે.
८. विरती य,	८. વિરતિ – પાપોથી વિરક્તિ.
९. सुयंग,	९. શ્રુતાંગ – સત્ શાસ્ત્રોનાં અધ્યયન-મનનથી અહિંસા ઉત્પન્ન થાય છે. તેથી તેનું નામ શ્રુતાંગ છે.
१०. तित्ती,	१०. તૃપ્તિ – સંતોષવૃત્તિ પણ અહિંસાનું એક અંગ છે.
११. दया,	११. દયા – દુઃખ પામતાં, મરતાં કે દુઃખી પ્રાણીઓની કરુણા પ્રેરિત ભાવથી રક્ષા કરતાં યથાશક્તિ બીજાનાં દુઃખનું નિવારણ કરવું.
१२. विमुत्ती,	१२. વિમુક્તિ – પ્રાણીઓને બન્ધનોથી મુક્ત કરાવનાર.
१३. खंती,	१३. ક્ષાન્તિ – ક્ષમા, તે પણ અહિંસાનું રૂપ છે.
१४. समत्ताराहणा,	१४. સમ્યક્ત્વારાધના–જિનશાસનની આરાધનાના કારણરૂપ.
१५. महती,	१५. મહતી – બધાં જ વ્રતોમાં શ્રેષ્ઠ છે.
१६. बोही,	१६. બોધિ – ધર્મપ્રાપ્તિનું કારણ.
१७. बुद्धी,	१७. બુદ્ધિ – પારકાનાં દુઃખો બતાવનારી હોવાથી.
१८. धिइ,	१८. ધૃતિ – ચિત્તની દૃઢતા.
१९. समिद्धी,	१९. સમૃદ્ધિ – સર્વ પ્રકારથી સમ્પન્નતાથી યુક્ત-જીવનને આનંદિત કરનાર,
२०. रिद्धी,	२०. ઋદ્ધિ – લક્ષ્મીપ્રાપ્તિનું કારણ.
२१. विद्धी,	२१. વૃદ્ધિ – પુણ્યથી ધર્મની વૃદ્ધિનું કારણ.
२२. ठिती,	२२. સ્થિતિ – મોક્ષમાર્ગમાં પ્રતિષ્ઠિત કરનારી.
२३. पुट्ठी,	२३. પુષ્ટિ – પુન્યવૃદ્ધિથી જીવનને પુષ્ટ બનાવનારી.
२४. नंदा,	२४. નન્દા – સ્વ અને પરનો આનંદ–પ્રમોદ કરનારી.
२५. भद्दा,	२५. ભદ્રા – સ્વ અને પરનું ભદ્ર–કલ્યાણ કરનારી.
२६. विसुद्धी,	२६. વિશુદ્ધિ – આત્માને વિશિષ્ટ શુદ્ધ બનાવનારી.
२७. लद्धी,	२७. લબ્ધિ – કેવળજ્ઞાન આદિ લબ્ધિઓનું કારણ–
२८. विसिट्ठदिट्ठी,	२८. વિશિષ્ટ-દૃષ્ટિ – વિચાર અને આચારમાં અનેકાન્તરૂપી અહિંસા જ પ્રધાન દર્શન છે.
२९. कल्लाणं,	२९. કલ્યાણ – મોક્ષ પ્રાપ્ત કરાવનાર હોવાથી.
३०. मंगलं,	३०. મંગલ – પાપ-વિનાશિની,
३१. पमोओ,	३१. પ્રમોદ – સ્વ-પરને હર્ષ ઉત્પન્ન કરનારી.
३२. विभूती,	३२. વિભૂતિ – ઐશ્વર્યનું કારણ.
३३. रक्खा,	३३. રક્ષા – પ્રાણીઓને દુઃખથી બચાવનારી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३४. सिद्धावासो,

३५. अणासवो,
३६. केवलीणंठाणं,
३७. सिवं,
३८. समिई,
३९. सील,
४०. संजमो त्ति य,

४१. सीलपरिघरो,
४२. संवरो य,
४३. गुत्ती,

४४. ववसाओ,
४५. उस्सओ,
४६. जन्नो,

४७. आयतणं,
४८. जयणं,
४९. अप्पमाओ,
५०. अस्साओ,
५१. विसासो,
५२. अभओ,

५३. सव्वस्स वि अमाघाओ,

५४. चोक्ख,
५५. पवित्ता,

५६. सूई,
५७. पूजा,
५८. विमल,

५९. पभासा य,
६०. निम्मलयर त्ति,
एवमादीणि नियगुणनिम्मियाइं पज्जवनामाणि होंति, अहिंसाए भगवतीए ।

—पण्ह० सु० २, अ० १, सु० २

३४. सिद्धावास – सिद्धिगति नामना स्थानमां निवास कराववनारी.
३५. अनाश्रव – आवता कर्मोनो निरोध करनारी.
३६. केवली – स्थान – केवलीओना माटे स्थानरूप.
३७. शिव – सुख स्वरूप, उपद्रव-रहित.
३८. समिति – सम्यक् प्रवृत्ति.
३९. शील – सदाचार स्वरूप.
४०. संयम – मन अने इन्द्रियोना विरोध तथा जीवरक्षारूप.
४१. शील परिगृह – सदाचार अथवा ब्रह्मचर्यनुं घर.
४२. संवर – आश्रवनो निरोध करनारी.
४३. गुप्ति – मन, वचन, कायानी असत् प्रवृत्तिने रोकवी.
४४. व्यवसाय – विशिष्ट-उत्कृष्ट निश्चयरूप.
४५. उच्छ्रय – प्रशस्त भावोनी उन्नति करनारी.
४६. यज्ञ – भाव, देवपूजा अथवा यत्न जीवरक्षामां सावधानता स्वरूप.
४७. आयतन – सर्व गुणोनुं स्थान.
४८. यतना – निरवद्य अनुष्ठान रूप.
४९. अप्रमाद – पांच प्रमादोनो त्याग.
५०. आश्वासन – प्राणीओ माटे आश्वासन.
५१. विश्वास – सर्व जीवोना विश्वासनुं कारण.
५२. अभय – प्राणीओने निर्भयता प्रदान करनारी, स्वयं आराधकने पण निर्भय बनावनारी.
५३. सर्वस्व अमाघात – प्राणी मात्रनी हिंसानो निषेध अथवा अमारी घोषणा स्वरूप
५४. चोक्ष – पवित्र वस्तुओ करतां वधारे पवित्र.
५५ पवित्रा – आत्मानी निर्मळता माटे कारणभूत होवाथी.
५६. शुचि – भाव शुचिताना कारणरूप.
५७. पूजा – पूजारूप.
५८. विमला – स्वयं निर्मळ तेम ज निर्मलतानुं कारण.
५९. प्रभासा – आत्माने प्रकाशमय करनारी.
६०. निर्मलतरा – अत्यंत निर्मळ अथवा आत्माने अतीव निर्मळ बनावनारी.

अहिंसा भगवतीनां आ स्वगुण निष्पन्न पर्यायवाची नाम छे.

जहिंसा भगवईए अट्ठोवमा—

४१९. एसा सा भगवइ अहिंसा,
१. जा सा भीयाण विव सरणं,
२. पक्खीणं विव गगणं,

भगवती अहिंसानी आठ उपमाओ—

४१९. आ अहिंसा भगवती जे छे ते–
१. भयभीत प्राणीओने माटे शरणभूत छे.
२. पक्षीओने गमन करवामां आकाश-आधारभूत छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३. तिसियाणं विव सलिलं,

४. खुहियाणं विव असणं,
५. समुद्दमज्झे व पोयवहणं,

६. चउप्पयाणं व आसमपयं,

७. दुहट्टियाणं व ओसहिबलं,

८. अडवीमज्झे व सत्थगमणं,

एतो विसिट्ठतरिया अहिंसा जा सा पुढवी-जल अगणि-मारुय-वणस्सइ-बीय-हरिय-जलयर थलयर-खहयर-तस-थावर-सव्वभूय-खेमंकरी ।

—पण्ह. सु. २, अ, १, सु. ३

३. આ અહિંસા તરસ્યાઓની પ્રાણરક્ષા માટે જલ સમાન છે.

૪. ભૂખ્યા માટે અન્ન સમાન છે.

૫. સમુદ્રની મધ્યે ડૂબતા જીવોને માટે જહાજ સમાન છે.

૬. ચાર પગવાળા પશુઓને માટે આશ્રય [સ્થાન] સમાન છે.

૭. દુઃખોથી પીડિત - રોગી જનોને માટે ઔષધ - બળ સમાન છે.

૮. ભયાનક જંગલમાં સાર્થ - સંઘની સાથે ગમન કરવા સમાન છે.

(શું ભગવતી અહિંસા વાસ્તવમાં જલ, અન્ન, ઔષધ, યાત્રામાં સાર્થ (સમૂહ) આદિનાં સમાન જ છે ? ના,) ભગવતી અહિંસા આનાથી પણ અત્યંત વિશિષ્ટ છે. જે પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, વનસ્પતિ, બીજ, હરિત, જલચર, સ્થલચર, ખેચર, ત્રસ અને સ્થાવર સર્વ જીવોનું મંગલ કરનારી છે.

अहिंसा सरूवपरूवगा पालगा य—

४२०. एसा भगवई अहिंसा जा सा अपरिमियणाणदंसणधरेहिं सील-गुण-विणय-तव-संयम-णायगेहिं, तित्थकरेहिं, सव्वजग-जीववच्छलेहिं तिलोयमहिएहिं जिणवरेहिं सुट्ठुदिट्ठा,

ओहिजिणेहिं विण्णाया,

उज्जुमईहिं विदिट्ठा,

विउलमईहिं विदिआ,

पुव्वधरेहिं अहीया,

वेउव्वीहिं पतिण्णा,

१. आभिणिबोहियणाणीहिं, २. सुयणाणीहिं,
३. ओहिनाणीहिं, ४. मणपज्जवणाणीहिं,
५. केवलणाणीहिं,
१. आमोसहिपत्तेहिं, २. खेलोसहिपत्तेहिं ।

३. विप्पोसहिपत्तेहिं, ४. जल्लोसहिपत्तेहिं,

५. सव्वोसहिपत्तेहिं ।

અહિંસા સ્વરૂપના પ્રરૂપક અને પાલક—

૪૨૦. આ જિન સિદ્ધાંતોકત જે અહિંસા છે તે અપરિમિત - અનંત કેવળજ્ઞાન-દર્શનને ધારણ કરનારી, શીલરૂપ ગુણ, વિનય, તપ અને સંયમના નાયક-ને ચરમ સીમા સુધી પહોંચાડનારી, તીર્થની સંસ્થાપના કરનારા અવર્તક, જગતના સર્વ જીવો પ્રતિ વાત્સલ્ય ભાવ રાખનારી, ત્રણે લોક દ્વારા પૂજનારા એવા જિન ચંદ્રોએ પોતાના કેવળજ્ઞાન -દર્શન દ્વારા સમ્યકરૂપમાં સ્વરૂપ, કારણ અને કાર્યના દૃષ્ટિકોણથી નિશ્ચિત કરવામાં આવેલી છે.

વિશિષ્ટ અવધિજ્ઞાનીઓ દ્વારા વિજ્ઞાત કરવામાં આવી છે.

ઋજુમતિ - મનઃપર્યવજ્ઞાનીઓ દ્વારા એનું નિરીક્ષણ-પરીક્ષણ કરવામાં આવ્યું છે તેવી છે,

વિપુલમતિ-મનઃપર્યવજ્ઞાનીઓ દ્વારા જેની જાણ કરવામાં આવી છે તેવી છે.

ચૌદ પૂર્વના ધારક મુનિઓએ આનું અધ્યયન કરેલ છે.

વૈક્રિય લબ્ધિના ધારક મુનિઓએ આનું જીવન-પર્યન્ત પાલન કરેલ છે.

૧. આભિનિબોધિક મતિજ્ઞાનીઓએ,
૨. શ્રુતજ્ઞાનીઓએ, ૪. મનઃપર્યવજ્ઞાનીઓએ.
૩. અવધિજ્ઞાનીઓએ ૫. કેવલજ્ઞાનીઓએ,
૧. આમૌષધિ લબ્ધિના ધારકોએ,
૨. શ્લેષ્મૌષધિ લબ્ધિના ધારકોએ,
૩. વિપ્રૌષધિ લબ્ધિધારકોએ
૪. જલૌષધિ લબ્ધિધારકોએ
૫. સર્વૌષધિ લબ્ધિ પ્રાપ્ત કરનારાઓએ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. बीयबुद्धीहिं, २. कुट्ठबुद्धीहिं,
३. पयाणुसारीहिं, ४. संभिण्णसोयहिं
५. सुयधरेहिं ।

१. मणबलिएहिं, २. वयबलिएहिं,
३. कायबलिएहिं ।

१. णाणबलिएहिं २. दंसणबलिएहिं,
३. चरित्तबलिएहिं,

१. खीरासवेहिं, २. महुआसवेहिं,
३. सप्पियासवेहिं, ४. अक्खीणमहाणसिएहिं,
१. चारणेहिं, विज्जाहरेहिं ।

चउत्थभत्तिएहिं एवं-जाव-छम्मासभत्तिएहिं,

१. उक्खित्तचरएहिं, २. णिक्खित्तचरएहिं
३. अन्तचरएहिं, ४. पन्तचरएहिं,
५. लूहचरएहिं, ६. अण्णइलाएहिं,
७. समुयाणचरएहिं, ८. मोणचरएहिं,
९. संसट्ठकप्पिएहिं, १०. तज्जायसंसट्ठकप्पिएहिं,
११. उवणिहिएहिं, १२. सुद्धेसणिएहिं,
१३. संखादत्तिएहिं, १४. दिट्ठलाभिएहिं,
१५. अदिट्ठलाभिएहिं १६. पुट्ठलाभिएहिं,
१७. आयंबिलिएहिं, १८, पुरिमड्ढिएहिं,
१९. एक्कासणिएहिं, २०. णिव्विइएहिं,
२१. भिण्णपिंडवाइएहिं, २२. परिमियपिंडवाइएहिं
२३. अंताहारेहिं, २४. पंताहारेहिं,
२५. अरसाहारेहिं, २६. विरसाहारेहिं,
२७. लूहाहारेहिं, २८. तुच्छाहारेहिं,
२९. अन्तजीवीहिं, ३०. पन्तजीवीहिं,
३१. लूहजीवीहिं, ३२. तुच्छजीवीहिं,
३३. उवसन्तजीवीहिं. ३४. पसन्तजीवीहिं,
३५. विवित्तजीवीहिं,
३६. अखीरमहुसप्पिएहिं,

३७. अमज्जमंसासिएहिं,
१. ठाणाइएहिं,

२. पडिमंठाइएहिं, ३. ठाणुक्कडिएहिं,

१. બીજબુદ્ધિ લબ્ધિધારકોએ
२. કોષ્ઠબુદ્ધિ લબ્ધિધારકોએ
३. પદાનુસારિબુદ્ધિ લબ્ધિના ધારકોએ
४. સંભિન્નશ્રોતસ્ લબ્ધિના ધારકોએ,
५. શ્રુતધરોએ,
१. મનોબલીઓએ,
२. વચનબલીઓએ,
३. કાયબલી મુનિઓએ,
१. જ્ઞાનબલીઓએ
२. દર્શનબલી તથા
३. ચારિત્રબલી મહાપુરુષોએ
१. ક્ષીરાશ્રવ લબ્ધિધારીઓએ,
२. મધ્વાશ્રવ લબ્ધિધારીઓએ,
३. સર્પિરાશ્રવ લબ્ધિધારીઓએ
४. અક્ષીણ મહાનસ લબ્ધિના ધારકોએ,
१. ચારણો અને વિદ્યાધરોએ,

ચતુર્થ ભક્ત અર્થાત્ એક ઉપવાસ કરનારાથી લઇને યાવત્ છ માસ ભક્તિક તપસ્વીઓએ આ પ્રકારે.....

१. ઉત્ક્ષિપ્ત ચરક, २. નિક્ષિપ્ત ચરક,
३. અંત ચરક, ४. પ્રાન્ત ચરક,
५. રુક્ષ ચરક, ६. અન્તગ્લાયક,
७. સમુદાન ચરક, ८. મૌન ચરક,
९. સંસૃષ્ટકલ્પિક १०. તજ્જાતસંસૃષ્ટકલ્પિક,
११. ઉપનિધિક १२. શુદ્ધૈષણિક,
१३. સંખ્યાદત્તિક, १४. દૃષ્ટલાભિક,
१५. અદૃષ્ટલાભિક, १६. પૃષ્ઠલાભિક,
१७. આચામ્લક, १८. પૂરિમાર્ધિક,
१९. એકાશનિક, २०. નિર્વિકૃતિક
२१. ભિન્નપિંડપાતિક, २२. પરિમિતપિંડપાતિક,
२३. અંતાહારી, २४. પ્રાન્તઆહારી,
२५. અરસ-આહારી, २६. વિરસાહારી,
२७. રુક્ષાહારી, २८. તુચ્છાહારી,
२९. અન્તજીવી, ३०. પ્રાન્તજીવી,
३१. રુક્ષજીવી, ३२. તુચ્છજીવી,
३३. ઉપશાંતજીવી, ३४. પ્રશાન્તજીવી,
३५. વિવિક્તજીવી, ३६. દૂધ, મધ અને ઘીનો આજીવન ત્યાગ કરનારઓએ,
३७. મદ્ય અને માંસથી રહિત આહાર કરનારાઓએ.
१. કાયોત્સર્ગ કરીને એક સ્થાન પર સ્થિર રહેવાનો અભિગ્રહ કરનારાઓએ,
२. પ્રતિમા સ્થાયિકોએ ३. સ્થાનોત્કટિકોએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४. वीरासणिएहि, ५. णेसज्जिएहि,
६. डंडाइएहि, ७. लगंडसाईएहि,
८. एगपासगेहिं, ९. आयावएहिं,
१०. अप्पावएहिं, ११. अणिट्ठुभएहिं,
१२. अकंडूयएहिं, १३. धुयकेसमंसुलोमणखेहिं,

४. वीरासनिकोએ ५. नैषधिकोએ
६. दंडायतिकोએ ७. लगन्डशायिकोએ
८. એકપાર્શ્વકોએ ९ આતાપકોએ
१०. અપ્રાવૃતોએ ११ અનિષ્ઠીવકોએ
१२. અકંડૂયકોએ १३. ધૂતકેશોએ—

શ્મશ્રુ-લોમ-નખવાળા અર્થાત્ માથાનાં વાળ, દાઢી, મૂછ અને નખોના સંસ્કારનો ત્યાગ કરનારા-ઓએ,

१४. सव्वगायपडिकम्मविप्पमुक्केहिं,
समणुचिण्णा,
सुयहरविइयत्थकायबुद्धीहिं धीरमइबुद्धिणो य। जे ते आसीविसउग्गतेयकप्पा, णिच्छयववसायपज्जत्तकयमईया, णिच्चं सज्झायज्झाणअणुबद्धधम्मझाणा, पंचमहव्वयचरित्तजुत्ता, समिया समिइसु समियपावा छव्विहजगवच्छला णिच्चमप्पमत्ता एएहिं अण्णेहिं य जा सा अणुपालिया भगवई।
—पण्ह. सु. २, अ. १, सु. ४

१४. સંપૂર્ણ શરીરનું પ્રક્ષાલન આદિ સંસ્કારના ત્યાગીઓએ,

શ્રુતધરો દ્વારા તત્ત્વાર્થને અવગત કરનારી બુદ્ધિના ધારક મહાપુરુષોએ (અહિંસા ભગવતીનું) સમ્યક્ પ્રકારે આચરણ કર્યું છે.

(આનાથી અતિરિક્ત) આશીવિષ સર્પ સમાન, ઉગ્ર તેજથી સંપન્ન મહાપુરુષોએ, વસ્તુતત્ત્વનો નિશ્ચય અને પુરુષાર્થ - બન્નેમાં પૂર્ણ કાર્ય કરનારી બુદ્ધિથી સંપન્ન મહાપુરુષોએ, નિત્ય સ્વાધ્યાય અને ચિત્તવૃત્તિ નિરોધ રૂપ ધ્યાન કરનારા તથા ધર્મધ્યાનમાં નિરંતર ચિત્તને લગાડી રાખનારા પુરુષોએ, પાંચ મહાવ્રત-સ્વરૂપ ચારિત્રથી યુક્ત તથા પાંચ સમિતિઓથી સંપન્ન, પાપોનું શમન કરનારા, છ જીવનિકાય રૂપ જગતના વત્સલ, નિરંતર અપ્રમાદી રહીને વિચરણ કરનારા મહાત્માઓએ તથા અન્ય વિવેક-વિભૂષિત સત્પુરુષોએ અહિંસા ભગવતીની આરાધના કરી છે.

अप्पसमदिट्ठी—
४२१. तुमं सि णाम तं चेव जं हंतव्वं ति मण्णसि,
तुमं सि णाम तं चेव जं अज्जावेतव्वं ति मण्णसि,
तुमं सि णाम तं चेव जं परितावेतव्वं ति मण्णसि,
तुमं सि णाम तं चेव जं परिघेतव्वं ति मण्णसि,

एवं तं चेव जं उद्दवेतव्वं ति मण्णसि।
अंजू चेयं पडिबुद्धजीवी। तम्हा ण हंता, ण वि घातए।

अणुसंवेयणमप्पाणेणं जं हंतव्वं णाभिपत्थए।
—आ. सु. १, अ. ५, उ. ५, सु. १७०

४२१. (क) इणमेव णावकंखंति, जे जणा धुवचारिणो।
जाती-मरणं परिण्णाय, चरे संकमणे दढे॥

આત્મસમદૃષ્ટિ—
४२१. જેને તું મારવાનો વિચાર કરી રહ્યો છે, તે તું સ્વયં છે.

જેના પર તું હુકમ ચલાવવાનો વિચાર કરે છે, તે તું સ્વયં છે.

જેને તું દુઃખી કરવા ઇચ્છે છે, તે સ્વયં તું છે.

જેને તું દાસ બનાવવાના હેતુથી ગ્રહણ કરવા ઇચ્છે છે, તે સ્વયં તું છે.

જેને તું મારી નાખવા ઇચ્છે છે, તે સ્વયં તું છે.

જ્ઞાની પુરુષ ઋજુ-સરળ હોય છે, તે પ્રતિબોધ પ્રાપ્ત કરી જીવનારા હોય છે, જેથી કરીને તે સ્વયં હનન કરતા નથી તથા બીજા દ્વારા હનન કરાવતા નથી.

કૃતકર્મનાં અનુરૂપ પોતે જ તેનું ફળ ભોગવે છે, માટે કોઈનું હનન કરવાની ઇચ્છા કરશો નહિ.

४२१. (ક) જે પુરુષો મોક્ષ તરફ ગતિશીલ છે, તે અસંયમી જીવનની ઇચ્છા કરતા નથી, પરંતુ તેઓ જન્મ-મરણને જાણીને મોક્ષના સેતુ પર દૃઢતાપૂર્વક ચાલે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

णत्थि कालस्स णागमो

—आ. सु. १, अ. २, उ. ३, सु. ७८ (क)

મૃત્યુ માટે કોઈ પણ ક્ષણ અનવસર નથી.

४२१. (ख) पभू एजस्स दुगुन्छणाए। आतंकदंसी अहियं ति णच्चा।

४२१. (ખ) સાધનાશીલ પુરુષ હિંસાના પીડાઓને સારી રીતે જાણે છે અને આરંભ-હિંસાને અહિતકર સમજે છે. તે વાયુ કાયના સમારંભથી નિવૃત્ત થવામાં સમર્થ છે.

जे अज्झत्थं जाणति से बहिया जाणति।

जे बहिया जाणति से अज्झत्थं जाणति।

एयं तुलमण्णेसिं।

इह संतिगता दविया णावकंखंति जीविउं।

—आ. सु. १, अ. १, उ. ७, सु. ५६

જે અધ્યાત્મને જાણે છે, તે બાહ્ય સંસારને પણ જાણે છે. જે બાહ્ય સંસારને જાણે છે, તે અધ્યાત્મને પણ જાણે છે.

પોતાને તથા બીજાને એક જ ત્રાજવા પર તોલવા જોઈએ. (આ પ્રમાણે સ્વ-પરનું અન્વેષણ -ચિન્તન કરવું જોઈએ.)

જૈન શાસનના શરણમાં આવેલ, શાન્તિને પ્રાપ્ત થયેલ સંયમી સાધક મુનિ વાયુકાયની હિંસા કરી જીવવાની ઇચ્છા ન કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

षड्जीवनिकाय-स्वरूप : हिंसानिषेध-२

भगवया छ जीवनिकाया परूविया—

४२२. सुयं मे आउसं ! तेणं भगवया एवमक्खायं—
इह खलु छज्जीवणिया नामज्झयणं समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइया सुयक्खाया सुपन्नत्ता।
सेयं मे अहिज्जिउं अज्झयणं धम्मपन्नत्ती।

प०—कयरा खलु सा छज्जीवणिया नामज्झयणं समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइया सुयक्खाया सुपन्नत्ता।
सेयं मे अहिज्जिउं अज्झयणं धम्मपन्नत्ती।

उ०—इमा खलु सा छज्जीवणिया नामज्झयणं समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइया सुयक्खाया सुपन्नत्ता।
सेयं मे अहिज्जिउं अज्झयणं धम्मपन्नत्ती

तं जहा—
१. पुढविकाइया, २. आउकाइया,
३. तेउकाइया, ४. वाउकाइया,
५. वणस्सइकाइया। ६. तसकाइया।

—दस. अ. ४, सु. १-३

४२३. ततो णं समणे भगवं महावीरे उप्पन्ननाण-दंसणधरे गोतमादीणं समणाणं णिग्गंथाणं पंच महव्वयाइं सभावणाइं छज्जीवणिकायाइं आइक्खति भासति परूवेति, तं जहा पुढवीकाए जाव तसकाए।

—आ. सु. २, अ. १५, सु. ७७६

छण्हं जीवणिकायाणं अणारंभपइण्णा—

४२४. इच्चेसिं छण्हं जीवनिकायाणं नेव सयं दंडं समारंभेज्जा, नेवन्नेहिं दंडं समारंभावेज्जा, दंडं समारंभंते वि अन्ने न समणुजाणेज्जा।
जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि।
तस्स भंते ! पडिक्कामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि।

—दस. अ. ४, सु. १०

४२५. उवेहेणं बहिया य लोकं।
से सव्वलोकंसि जे केइ विण्णू।

ભગવાને છ જીવનિકાયની પ્રરૂપણા કરી છે—

૪૨૨. હે આયુષ્મન્ ! મેં સાંભળ્યું છે કે ષડ્જીવનિકાય નામનું અધ્યયન કાશ્યપ ગોત્રીય શ્રમણ ભગવાન મહાવીરે અલૌકિક રીતે જાણીને તેના વાસ્તવિક સ્વરૂપનું કથન કર્યું છે.

તે ધર્મપ્રજ્ઞપ્ત અધ્યયનનું પઠન, મનન, ચિંતન કરવામાં મારું શ્રેય છે.

પ્ર. હે ભંતે ! ષડ્જીવનિકાય નામનું કયું અધ્યયન કાશ્યપ ગોત્રીય શ્રમણ ભગવાન મહાવીરે જ્ઞાનથી જાણીને પરિષદમાં વર્ણન કર્યું છે કે જેમાં ધર્મની પ્રજ્ઞાપ્તિ છે અને જે ધર્મપ્રજ્ઞપ્તિ અધ્યયન જાણવું મારે માટે શ્રેયસ્કર છે ?

ઉ. આ ષડ્જીવનિકાય નામનું અધ્યયન કાશ્યપ ગોત્રીય શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ સ્વયં જ્ઞાનથી જાણીને પ્રરૂપેલું છે, સારી રીતે પ્રજ્ઞપ્ત કરેલું છે. તે અધ્યયનનું પઠન કરવું મારા માટે શ્રેયસ્કર છે. તે આ પ્રમાણે છે. જેમ કે...

૧-પૃથ્વીકાય	૨-અપ્કાય
૩-તેજસ્કાય	૪-વાયુકાય
૫-વનસ્પતિકાય	૬-ત્રસકાય

૪૨૩. ત્યારબાદ કેવળજ્ઞાન-કેવળદર્શનના ધારક શ્રમણ ભગવાન મહાવીરે ગૌતમ આદિ શ્રમણનિર્ગ્રન્થોને (લક્ષ કરીને) ભાવના સહિત પાંચ મહાવ્રતો અને પૃથ્વીકાયથી લઈને ત્રસકાય સુધી-ષડ્જીવનિકાયના સ્વરૂપનું વ્યાખ્યાન કર્યું છે. સામાન્ય-વિશેષ રૂપથી પ્રરૂપણા કરી છે.

છ જીવનિકાયોનો આરંભ ન કરવાની પ્રતિજ્ઞા :-

૪૨૪. આ છ જીવનિકાયોનો સ્વયં દંડ સમારંભ કરવો ન જોઈએ, બીજા દ્વારા દંડ સમારંભ કરાવવો ન જોઈએ અને દંડ સમારંભ કરનારનું અનુમોદન કરવું ન જોઈએ. જીવનપર્યન્ત સુધી હું ત્રણ કરણ, ત્રણ યોગથી - મનથી, વચનથી, કાયાથી - કરીશ નહિ, કરાવીશ નહિ અને કરનારનું અનુમોદન પણ કરીશ નહિ.

ભંતે ! હું પૂર્વ કાળમાં થયેલા પાપથી નિવૃત્ત થાઉં છું. આત્મ સાક્ષીએ તે પાપને નિંદું છું. આપની સાક્ષીએ તે પાપની ગર્હા કરું છું. અને કષાય - આત્માનો વ્યુત્સર્ગ કરું છું

૪૨૫ [ધર્મથી] વિમુખ જે લોકો છે તેની ઉપેક્ષા કર ! આમ કહેનાર સંપૂર્ણ લોકમાં જે કોઈ વિદ્વાનો છે તેમાં સર્વશ્રેષ્ઠ વિદ્વાન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अणुवियि पास ! णिक्खित्तदंडा जे केइ सत्ता पलियं चयंति ।
णरा मुतच्चा धम्मविदु त्ति अंजू,

आरंभजं दुक्खमिणं ति णच्चा । एवमाहु सम्मत्तदंसिणो ।
से सव्वे पावादिया दुक्खस्स कुसला परिण्ण-मुदाहरंति इति कम्मं परिण्णाय सव्वसो ।
—आ. सु. १, अ. ४, उ. ३, सु. १४०

તું વિચાર કર અને જો - જેમણે આરંભનો ત્યાગ કર્યો છે (તેઓ સર્વ શ્રેષ્ઠ વિદ્વાન્ છે.)

જે સત્ત્વશીલ મનુષ્ય ધર્મના સમ્યક્ વિશેષજ્ઞ હોય છે, તેઓ જ કર્મનો ક્ષય કરે છે. એવા મનુષ્યો ધર્મચેત્તા હોય છે. અથવા શરીર પ્રત્યે અનાસક્ત હોય છે.

આ દુઃખને આરંભથી ઉત્પન્ન થયેલું જાણી (સંપૂર્ણ હિંસાનો ત્યાગ કરવો જોઈએ.) એવું સમ્યક્દર્શી સર્વજ્ઞાએ કહ્યું છે.

તે બધા [સર્વજ્ઞ] દુઃખોને જાણવામાં કુશળ હોય છે. માટે કર્મોને સંપૂર્ણપણે જાણી તેનો ત્યાગ કરવાનો ઉપદેશ આપે છે.

छ जीवणिकायाणं हिंसा न कायव्वा—

छ જીવનિકાયની હિંસા ન કરવી જોઈએ.

४२६. इच्चेयं छज्जीवणियं, सम्मद्दिट्ठी सया जए ।
दुलहं लभित्तु सामण्णं, कम्मुणा न विराहेज्जासि ॥
—दस. अ. ४, गा. ५१

४२६. દુર્લભ એવા શ્રમણભાવને પામી યતનાવાન સમ્યક્દર્શી સાધુ સતત સાવધાન શ્રમણની સાધુતા પામી પૂર્વોક્ત ષડ્જીવનિકાયની કર્મણા - મન વચન અને કાયાથી વિરોધના ન કરે.

४२७. पुढवी-आऊ-अगणि-वाऊ-तण-रुक्ख-सबीयगा ।
अंडया पोय-जराऊ-रस-संसेय-उब्भिया ॥

एतेहिं छहिं कायेहिं, तं विज्जं परिजाणिया ।
मणसा कायवक्केणं, णारंभी ण परिग्गही ॥
सूय. सु. १, अ. ९, गा. ८-९

४२७. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ તથા હરિત, તૃણ, વૃક્ષ અને બીજ આદિ વનસ્પતિ તેમજ અંડજ, પોતજ, જરાયુજ, રસજ, સ્વેદજ અને ઉદ્ભિજ્જ ઇત્યાદિ ત્રસકાય, તે સર્વે ષટ્કાયિક જીવ છે.

વિવેકવાન્ સાધક આ છકાયોને સજીવ સમજે અને મન, વચન તેમજ કાયાથી તેનો આરંભ ન કરે. તથા પરિગ્રહ પણ ન કરે.

४२८. पुढवीजीवा पुढो सत्ता, आउजीवा तहाऽगणी ।
वाउजीवा पुढो सत्ता, तण रुक्ख सबीयगा ॥

अहावरा तसा पाणा, एवं छक्काय आहिया ।
इत्ताव ताव जीवकाए, नावरे विज्जती काए ॥

सव्वाहिं अणुजुत्तीहिं, मतिमं पडिलेहिया ।
सव्वे अकंतदुक्खा य, अतो सव्वे न हिंसया ॥
—सूय. सु. १, अ. ११, सु. ७-९

४२८. પૃથ્વી જીવ છે. તથા પૃથ્વીને આશ્રિત પણ જીવ છે તે પૃથક પૃથક રહેલા છે તથા પાણી અને અગ્નિ પણ જીવ છે. વાયુકાયના જીવ પણ ભિન્ન ભિન્ન છે. તેમ જ તૃણ, વૃક્ષ અને બીજ (વનસ્પતિ) પણ જીવ છે.

ઉપરોક્ત પાંચ સિવાય [છટ્ઠા] ત્રસકાયના જીવો પણ છે. આ પ્રમાણે તીર્થંકર દેવોએ જીવના છ [ભેદ] બતાવ્યા છે. તે સિવાય સંસારમાં બીજા કોઈ જીવનિકાય નથી. અર્થાત્ સંસારના સમસ્ત જીવોનો આ છ નિકાયમાં સમાવેશ થઈ જાય છે.

જ્ઞાની સાધક બધી અનુકૂળ યુક્તિઓ વડે આ જીવોનું જીવપણું જાણીને તથા આ બધા જીવોને દુઃખ અણગમતું છે એવું વિચારીને કોઈ પણ પ્રાણીની હિંસા ન કરે.

४२९. पुढवि दगअगणिमारुय, तण-रुक्ख-सबीयगा ।
तसा य पाणा जीव त्ति, इह वुत्त महेसिणा ॥

तेसिं अच्छणजोएण, निच्चं होयव्वयं सिया ।
मणसा काय वक्केण, एवं भवइ संजए ॥
दस. अ. ८, गा. २-३

४२९. પૃથ્વીકાય, અપ્કાય, વાયુકાય તથા વનસ્પતિકાય તૃણ વૃક્ષ - બીજ સુધી સ્થાવરકાય તથા ત્રસપ્રાણી તે બધા જીવ છે. એમ મહર્ષિ મહાવીરે કહ્યું છે.

મુનિએ મન, વચન અને કાયાથી તે જીવો પ્રત્યે નિત્ય અહિંસક વૃત્તિથી રહેવું જોઈએ. અહિંસક રહેનાર સાધક જ [આદર્શ] સંયમી બને છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४३०. एत्थं पि जाण उवादीयमाणा, जे आयारे ण रमंति,

आरम्भमाणा विणयं वयंति,

छंदोवणीया अज्झोववण्णा,

आरम्भसत्ता पकरेंति संगं ।

से वसुमं सव्व-समण्णागत-पण्णाणेण अकरणिज्जं पावं कम्मं तं णो अण्णेसिं ।

तं परिण्णाय मेहावी णेव सयं छज्जीवणिकाय-सत्थं समारंभेज्जा,
णेवऽण्णेहिं छज्जीवणिकयसत्थं समारंभावेज्जा,
णेवऽण्णे छज्जीवणिकायसत्थं समारंभंते समणुजाणेज्जा ।
जस्सेते छज्जीवणिकायसत्थ-समारम्भा परिण्णाया भवंति से हु मुणी परिण्णायकम्मे.
त्ति बेमि ।

—आ. सु. १, अ. १, उ. ७, सु. ६२

४३०. તમે એ જાણો કે જે આચાર [અહિંસા સ્વભાવ]માં રમણ કરતા નથી. તે વિષયોની આસક્તિમાં બંધાયેલા છે.

તેઓ આરંભ કરતા થકા પણ પોતાને સંયમી બતાવે છે. અથવા બીજાને સંયમનો ઉપદેશ આપે છે.

તેઓ સ્વચ્છંદાચારી અને વિષયોમાં આસક્ત હોય છે.

તેઓ (સ્વચ્છંદાચારી) આરંભમાં અસક્ત રહેતા થકા વારંવાર કર્મબંધન બાંધતા રહે છે.

તે વસુમાન (જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ ધનથી યુક્ત) સર્વ પ્રકારના વિષયોના સંબંધમાં સાવધાન રહેનાર અંતઃકરણથી પાપકર્મને અયોગ્ય જાણે તથા એ વિષયમાં અન્વેષણ (મનથી પણ ચિંતન) ન કરે.

આનું જાણી બુદ્ધિમાન સાધક સ્વયં પટ્કાયના જીવોનો સમારંભ કરે નહિ,

બીજા દ્વારા તેમનો સમારંભ કરાવે નહિ.

સમારંભ કરનારની અનુમોદના પણ કરે નહિ.

જેણે ષટ્જીવનિકાય શસ્ત્ર સમારંભને પરિજ્ઞાથી જાણેલ છે અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી ત્યાગ કરી દીધો છે, તે પરિજ્ઞાતકર્મા (વિવેકી) મુનિ કહેવાય છે.

—એમ હું કહું છું.

४३१ उड्ढं अहे य तिरियं दिसासु,
तसा य जे थावरा जे य पाणा ।
सया जते तेसु परिव्वएज्जा,
मणप्पदोसं अविकंपमाणे ॥

—सूय. सु. १, अ. १४, गा. १४

४३१. ઊંચીનીચી અને તિર્છી દિશાઓમાં જે ત્રસ અને સ્થાવર પ્રાણીઓ નિવાસ કરે છે, તેમની હિંસા કોઈ પણ પ્રકારથી ન થાય તેવો પ્રયત્ન કરે તથા હંમેશાં યતનાપૂર્વક સંયમનું પાલન કરે અને તેમના ઉપર મનથી જરા પણ દ્વેષ ન કરતાં દૃઢ થઈને વિચરે.

४३२. से मेधावी जे अणुग्घायणस्स खेत्तण्णे जे य बंधप्पमोक्खमण्णेसी ।

कुसले पुण णो बद्धे णो मुक्के ।

से जं च आरम्भे, जं च णारंभे, अणारद्धं च ण आरम्भे ।

छणं छणं परिण्णाय लोगसण्णं च सव्वसो ।

—आ. सु. १, अ. २, उ. ६, सु. १०४

४३२. જે અનુદ્ઘાત-અહિંસાના સમગ્ર સ્વરૂપને જાણે છે તથા જે કર્મોના બંધનથી મુક્ત થવાના ઉપાયને શોધનાર છે તે પંડિત છે.

કુશળ પુરુષ મુક્ત પણ નથી અને બંધનમાં પણ નથી.

કુશળ સાધક જે માર્ગ પર ચાલ્યા છે તે પર દરેકે ચાલવું જોઈએ અને જે માર્ગ પર તેઓ નથી ચાલ્યા તે પર ન ચાલવું જોઈએ. તેઓ અનાચરિત પ્રવૃત્તિનું આચરણ ન કરે.

અહિંસા અને હિંસાનાં કારણોને તથા લોકસંજ્ઞાને જાણીને સર્વથા ત્યાગ કરવો જોઈએ.

पुढविकाय अणारंभकरण पइण्णा—

४३३. पुढवी चित्तमंतमक्खाया अणेगजीवा पुढोसत्ता अन्नत्थ सत्थ परिणएणं ।

—दस. अ. ४, सु. ४

પૃથ્વીકાયનો આરંભ ન કરવાની પ્રતિજ્ઞા :-

४३३. શસ્ત્ર-પરિણતિથી પૂર્વે પૃથ્વી ચિત્તવતી - સજીવ કહેવાય છે, એમાં અનેક જીવો છે, [તથા પ્રત્યેક જીવ] સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४३४. से भिक्खू वा भिक्खूणी वा संजय-विरय-पडिहय-पच्चक्खाय-पावकम्मे दिया वा राओ वा एगओ वा परिसागओ वा सुत्ते वा जागरमाणे वा—से पुढविं वा भित्तिं वा सिलं वा लेलुं वा ससरक्खं वा कायं ससरक्खं वा वत्थं हत्थेण वा पाएण वा कट्ठेण वा किलिंचेण वा अंगुलियाए वा सलागाए वा सलागहत्थेण वा, न आलिहेज्जा न विलिहेज्जा न घट्टेज्जा न भिंदेज्जा,

अन्नं न आलिहावेज्जा न विलिहावेज्जा न घट्टावेज्जा न भिंदावेज्जा,

अन्नं आलिहंतं वा विलिहंतं वा घट्टन्तं वा भिंदंतं वा न समणुजाणेज्जा जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए कायणं न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि ।[1]

तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसरामि ।

—दस. अ. ४, सु. १८

४३४. સંયમી, પાપથી વિરત અને નવાં પાપકર્મ બાંધવાનાં પ્રત્યાખ્યાન લેનાર ભિક્ષુ હોય કે ભિક્ષુણી હોય, તે દિવસે કે રાત્રિએ, એકાકી હોય કે સમૂહમાં હોય, સૂતો હોય કે જાગતો હોય, પૃથ્વી, ભીંત (નદી પર્વત આદિની તિરાડ), શિલા, ઢેકું, સચિત્ત રજયુક્ત શરીર અથવા સચિત્ત રજયુક્ત વસ્ત્રને હાથથી, પગથી, કાષ્ઠના ખંડથી, લોખંડની સળીથી અથવા લોખંડની સળીના સમૂહથી ખોતરે, ખોદે, હલાવે (પરસ્પર અફળાવે) અથવા છેદન, ભેદન કરે નહીં.

બીજા પાસે ખોતરાવે, ખોદાવે, હલાવે કે છેદન ભેદન કરાવે નહીં.

ખોતરનારા, ખોદનારા, હલાવનારા, છેદનભેદન કરનારાનું અનુમોદન પણ કરે નહિ.

ભંતે ! જીવનપર્યન્ત ત્રણ કરણ અને ત્રણ યોગથી, મનથી, વચનથી, કાયાથી હું આમ કરીશ કરાવીશ નહિ અને કરનારનું અનુમોદન પણ કરીશ નહિ.

ભંતે ! હું પૂર્વ કાળે કરેલા પૃથ્વી-સમારંભથી નિવૃત્ત થાઉં છું. તેની નિંદા કરું છું, ગર્હા કરું છું અને આત્મસાક્ષીએ વ્યુત્સર્ગ કરું છું.

सचित्त पुढवीए णिसिज्जा निसेहो—
अचित्त पुढवीए णिसेज्जा विहाणो—

सचित्त પૃથ્વી પર નિષદ્યા (બેસવાનો) નિષેધ - અચિત્ત પૃથ્વી પર બેસવાનું વિધાન :-

४३५. सुद्धपुढवीए न निसिए, ससरक्खम्मि य आसणे ।
पमज्जित्तु निसीएज्जा, जाइत्ता जस्स ओग्गहं ॥

—दस. अ. ८, गा. ५

४३५. મુનિ શુદ્ધ પૃથ્વી અને સચિત્ત-રજથી સંસૃષ્ટ આસન પર ન બેસે, અચિત્ત પૃથ્વી પર પ્રમાર્જન કરીને અને તે જેની હોય તેની અનુમતિ લઈને બેસે.

पुढवीकाइयाणं वेयणा विण्णायतेसिं आरम्भणिसेहो कओ—

પૃથ્વીકાયના જીવોની વેદના જાણીને તેમના આરંભનો નિષેધ—

४३६. अट्टे लोए परिजुण्णे दुस्संबोधे अविजाणए ।

अस्सिं लोए पव्वहिए तत्थ तत्थ पुढो पास आतुरा परितावेंति ।

संति पाणा पुढो सिता ।

लज्जमाणा पुढो पास ।

४३६. જે મનુષ્ય વિષય કષાયથી પીડાયેલ છે, જ્ઞાન, દર્શનાદિ પ્રશસ્ત ભાવોથી હીન બનેલા છે, એવો અજ્ઞાની ઘણી મુશ્કેલીથી બોધને પ્રાપ્ત કરી શકે છે. અજ્ઞાની જીવો કામ-ભોગ તથા સુખ માટે આતુર બની સ્થાન સ્થાન પર પૃથ્વીકાય આદિ પ્રાણીઓને સંતાપ આપે છે, તેઓને જો ! સમજ !

પૃથ્વીકાયના જીવો પૃથક-પૃથક શરીરમાં આશ્રિત રહે છે અર્થાત્ તેઓ પ્રત્યેક-શરીરી છે. તેથી જ સંયમી તે જીવોની હિંસા કરતાં શરમાય છે. અર્થાત્ પ્રાણીઓને પીડા આપ્યા વિના જીવનનિર્વાહ કરે છે. તેઓને જો.

જુઓ ! સાચા સાધકો પૃથ્વીકાયની હિંસા કરવામાં શરમ અનુભવે છે.

---

१ पुढविं भित्तिं सिलं लेलुं नेव भिंदे न संलिहे । तिविहेण करणजोएण संजए सुसमाहिए ॥ —दस. अ. ८. गा. ४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'अणगारा मो' त्ति एगे पवयमाणा। जमिणं विरूवरूवेहिं सत्थेहिं पुढविकम्मसमारंभेणं पुढविसत्थं समारंभमाणो अणेगरूवे पाणे विहिंसति।

કેટલાક વેષધારી સાધુઓ કહે છે કે "અમે અણગાર છીએ" છતાં પણ તેઓ અનેક પ્રકારનાં શસ્ત્રોના પ્રયોગો વડે પૃથ્વીકાય સંબંધી આરંભ સમારંભ કરી જીવોની હિંસા કરે છે તથા પૃથ્વીકાયના જીવોની હિંસાની સાથે તેના આશ્રિત અન્ય અનેક પ્રકારના જીવોની પણ હિંસા કરે છે.

तत्थ खलु भगवता परिण्णा पवेदिता—

इमस्स चेव जीवियस्स, परिवंदण माणण-पुयणाए जाती-मरण-मोयणाए दुक्खपडिघात-हेउं,
से सयमेव पुढविसत्थं समारंभति, अण्णेहिं वा पुढविसत्थं समारंभावेति, अण्णे वा पुढविसत्थंते समारंभं समणुजाणति, तं से अहिताए, तं से अबोहीए।

से तं संबुज्झमाणे आयाणीयं समुट्ठाए।
सोच्चा भगवतो अणगाराणं इहमेगेसिं णातं भवति—एस खलु गंथे, एस खलु मोहे, एस खलु मारे, एस खलु निरए।

इच्चत्थं गढिए लोए, जमिणं विरूवरूवेहिं सत्थेहिं पुढविकम्मसमारंभेणं पुढविसत्थं समारंभमाणे अण्णे अणेगरूवे पाणे विहिंसति।

પૃથ્વીકાયના સમારંભના વિષયમાં ભગવાને પરિજ્ઞા-વિવેક સમજાવ્યો છે—

છતાં પણ પ્રાણી જીવનનિર્વાહ માટે, પ્રશંસા માટે, માન પૂજા માટે જન્મ-મરણથી મુક્ત થવા માટે, દુઃખોના નિવારણ માટે

પોતે પૃથ્વીકાયની હિંસા કરે છે, બીજા પાસે કરાવે છે અને પૃથ્વીકાયની હિંસા કરનારની અનુમોદના કરે છે,

એવી હિંસા તેના અહિત માટે હોય છે, તે અબોધિ અર્થાત્ અજ્ઞાનનું કારણ બને છે.

સાધક એવું જાણી સાધનામાં સંલગ્ન બને.

તીર્થંકર અથવા શ્રમણજનો પાસેથી સાંભળી સદ્બોધ પ્રાપ્ત કરી કેટલાંક પ્રાણીઓને પરિજ્ઞાન થાય છે કે, હિંસા એ કર્મબંધનું કારણ છે, મોહનું કારણ છે, મરણનું કારણ છે, નરકનું કારણ છે.

(છતાં પણ) જીવ પોતાના કાર્યોમાં આસક્ત થઈ અનેક શસ્ત્રો દ્વારા પૃથ્વીકાય કર્મસમારંભથી, પૃથ્વીકાયના જીવોની હિંસા કરે છે. અને સાથે અન્ય અનેક પ્રકારનાં પ્રાણીઓની પણ હિંસા કરે છે.

से बेमि—
अप्पेगे अंधमब्भे, अप्पेगे अंधमच्छे,

હું કહું છું કે—

જેમ કોઈ જન્માંધ વ્યક્તિ ઇન્દ્રિયવિકલ-લંગડાં મૂંગાં, બહેરાં, અવયવહીનને ભેદે, સાંબેલા આદિથી છૂંદે (કે તલવાર આદિથી છેદન કરે તેને વેદનાનો જે અનુભવ થાય છે, એ જ વેદનાનો અનુભવ પૃથ્વીકાય જીવોને થાય છે.)

अप्पेगे पादमब्भे, अप्पेगे पादमच्छे,
अप्पेगे गुप्फमब्भे, अप्पेगे गुप्फमच्छे,
अप्पेगे जंघमब्भे, अप्पेगे जंघमच्छे,
अप्पेगे जाणुमब्भे, अप्पेगे जाणुमच्छे,
अप्पेगे उरूमब्भे, अप्पेगे उरूमच्छे,
अप्पेगे कडिमब्भे, अप्पेगे कडिमच्छे,
अप्पेगे णाभिमब्भे, अप्पेगे णाभिमच्छे,
अप्पेगे उदरमब्भे, अप्पेगे उदरमच्छे,
अप्पेगे पासमब्भे, अप्पेगे पासमच्छे,
अप्पेगे पिट्ठिमब्भे, अप्पेगे पिट्ठिमच्छे,
अप्पेगे उरमब्भे, अप्पेगे उरमच्छे,
अप्पेगे हिययमब्भे, अप्पेगे हिययमच्छे,

જેમ કોઈ કોઈના પગને ભેદે, છેદે.
જેમ કોઈ કોઈના પિંડીને ભેદે, છેદે,
જેમ કોઈ કોઈની જંઘાને ભેદે, છેદે,
જેમ કોઈ કોઈના ઘૂંટણને ભેદે, છેદે,
જેમ કોઈ કોઈના સાથળને ભેદે, છેદે,
જેમ કોઈ કોઈની કમરને ભેદે, છેદે,
જેમ કોઈ કોઈની નાભિને ભેદે, છેદે,
જેમ કોઈ કોઈના પેટને ભેદે, છેદે,
જેમ કોઈ કોઈની પાંસળીને ભેદે, છેદે,
જેમ કોઈ કોઈની પીઠને ભેદે, છેદે,
જેમ કોઈ કોઈની છાતીને ભેદે, છેદે,
જેમ કોઈ કોઈના હૃદયને ભેદે, છેદે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अप्पेगे थणमब्भे, अप्पेगे थणमच्छे,
अप्पेगे खंधमब्भे, अप्पेगे खंधमच्छे,
૫૩૮. ભંતે ! હવે હું બીજું મહાવ્રત સ્વીકારું છું. આજે હું સર્વ પ્રકારના મૃષાવાદ (અસત્ય) અને સદોષ-વચનનું પ્રત્યાખ્યાન કરું છું (આ સત્ય મહાવ્રતનાં પાલનને માટે) હું ક્રોધથી, લોભથી, ભયથી અથવા હાસ્યથી સ્વયં જુઠું બોલીશ નહિ, અન્ય વ્યક્તિ પાસે જુઠું બોલાવીશ નહિ. અને જે વ્યક્તિ જુઠું બોલે છે તેનું અનુમોદન પણ કરીશ નહિ. આ પ્રમાણે જીવન-પર્યન્ત ત્રણ કરણોથી તથા મન, વચન અને કાયા આ ત્રણ યોગોથી મૃષાવાદનો હું સર્વથા ત્યાગ કરું છું.
આ પ્રમાણે મૃષાવાદ વિરમણરૂપ બીજા મહાવ્રતનો સ્વીકાર કરી હે ભંતે ! હું પૂર્વભાવિત મૃષાવાદરૂપ પાપનું પ્રતિક્રમણ કરું છું યાવત્ પોતાના આત્માથી મૃષાવાદનો સર્વથા વ્યુત્સર્ગ (ત્યાગ) કરું છું.

---

૧ मुसावाओ य लोगम्मि सव्वसाहूहिं गरहिओ । अविस्सासो य भूयाणं तम्हा मोसं विवज्जए ॥ —दस. अ. ६, गा. १२
૨. મનથી અસત્ય ચિંતન ન કરવું, ૩. વચનથી અસત્ય ન બોલવું. ૪. કાયાથી અસત્ય આચરણ ન કરવું.
૫ निच्चकालऽप्पमत्तेणं, मुसावायविवज्जणं । भासियव्वं हियं सच्चं, निच्चाउत्तेण दुक्करं ॥ उत्त. अ. १९. गा २७

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तत्थिमाओ पंच भावणाओ भवंति।
१. तत्थिमा पढमा भावणा अणुवीयि भासी से णिग्गंथे, णो अणणुवीयि भासी।
केवली बूया—अणणुवीयि भासी से णिग्गंथे समावज्जेज्जा मोसं वयणाए। अणुवीयि भासी से निग्गंथे, णो अणणुवीयि भासी त्ति पढमा भावणा।
२. अहावरा दोच्चा भावणा कोधं परिजाणति से निग्गंथे, णो कोधणे सिया।

केवली बूया—कोधपत्ते कोही समावदेज्जा मोसं वयणाए। अणुवीयि भासी से निग्गंथे णो य कोहणाए सि (य) त्ति दोच्चा भावणा।

३. अहावरा तच्चा भावणा—लोभं परिजाणति से णिग्गंथे णो य लोभणाए सिया।

केवली बूया—लोभपत्ते लोभी समावदेज्जा मोसं वयणाए। लोभं परिजाणति से णिग्गंथे णो य लोभणाए सि (य) त्ति तच्चा भावणा।

४. अहावरा चउत्था भावणा—भयं परिजाणति से निग्गंथे णो य भयभीरुए सिया।
केवली बूया—भयपत्ते भीरू समावदेज्जा मोसं वयणाए। भयं परिजाणति से निग्गंथे, णो य भयभीरुए सिया, चउत्था भावणा।

५. अहावरा पंचमा भावणा—हासं परिजाणति से निग्गंथे णो य हासणाए सिया।

केवली बूया—हासपत्ते हासी समावदेज्जा मोसं वयणाए।
हासं परिजाणति से निग्गंथे णो य हासणाए सिय त्ति पंचमा भावणा।

एत्ताव ताव (दोच्चं) महव्वयं सम्मं काएण फासिते पालिते तीरिए किट्टिते आराहिते यावि भवति।

दोच्चे भंते महव्वए मुसावायाओ वेरमणं।
—आ. सु. २, अ. १५, सु. ७८०-७८२

આ બીજાવ્રતની પાંચ ભાવનાઓ હોય છે-
(૧) પહેલી ભાવના:- વક્તવ્ય પ્રમાણે વિચાર કરીને બોલે તે નિર્ગ્રન્થ છે. વગર વિચાર્યે બોલે તે નિર્ગ્રન્થ નથી.

કેવળી ભગવાને કહ્યું છે-વગર વિચાર્યે બોલનાર સાધુ, વચનથી અસત્યને પ્રાપ્ત કરે છે અર્થાત્ મૃષાવાદી થાય છે. તેથી નિર્ગ્રન્થ વિચારીને બોલે, વિચાર્યા વિના ન બોલે એ પહેલી ભાવના.
(૨) ત્યારબાદ બીજી ભાવના આ પ્રમાણે છે:-ક્રોધનું કટુક ફળ જાણીને તેનો પરિત્યાગ કરે છે તે નિર્ગ્રન્થ છે. માટે સાધુએ ક્રોધી ન થવું જોઈએ.

કેવલી ભગવાને કહ્યું છે-ક્રોધ આવવાથી ક્રોધી વ્યક્તિ આવેશવશ અસત્ય વચનનો પ્રયોગ કરે છે. માટે જે સાધક ક્રોધનું અનિષ્ટ સ્વરૂપ જાણી તેનો પરિત્યાગ કરે છે, તે જ નિર્ગ્રન્થ કહેવાય છે ક્રોધી નહીં. તે બીજી ભાવના છે.
(૩) ત્યારપછી ત્રીજી ભાવના આ છે:- જે સાધક લોભનાં દુષ્પરિણામને જાણી તેનો પરિત્યાગ કરે છે તે નિર્ગ્રન્થ છે. માટે સાધુ લોભગ્રસ્ત ન થાય.

કેવલી ભગવાને કહ્યું છે કે, લોભી વ્યક્તિ લોભના આવેશથી અસત્ય બોલી દે છે. માટે જે સાધક લોભનું અનિષ્ટ સ્વરૂપ જાણી તેનો પરિત્યાગ કરે છે, તે જ નિર્ગ્રન્થ છે, લોભી નહીં. એ ત્રીજી ભાવના છે.
(૪) ત્યારબાદ ચોથી ભાવના આ છે:- જે સાધક ભયનાં દુષ્પરિણામને જાણી તેનો પરિત્યાગ કરી દે છે તે નિર્ગ્રન્થ છે. માટે સાધકે ભયભીત ન થવું જોઈએ.

કેવલી ભગવાનનું કહેવું છે- ભય પ્રાપ્ત-કરનાર વ્યક્તિ ભયભીત થઈ અસત્ય બોલે છે, માટે જે સાધક ભયનું યથાર્થ અનિષ્ટ સ્વરૂપ જાણી તેનો પરિત્યાગ કરે છે, તે જ નિર્ગ્રન્થ છે, ન કે ભયભીત. આ ચોથી ભાવના છે.
(૫) પાંચમી ભાવના આ છે:- જે સાધક હાસ્યનાં અનિષ્ટ પરિણામને જાણી તેનો પરિત્યાગ કરે છે તે નિર્ગ્રન્થ કહેવાય છે. એટલા માટે નિર્ગ્રન્થે મશ્કરી ન કરવી જોઈએ.

કેવલી ભગવાને કહ્યું છે-હાસ્યવશ મશ્કરી કરનાર વ્યક્તિ અસત્ય પણ બોલી દે છે. માટે જે મુનિ હાસ્યના અનિષ્ટ સ્વરૂપને જાણી તેનો ત્યાગ કરે, તે નિર્ગ્રન્થ છે, ન કે કહેકા-મજાક કરનાર. આ પાંચમી ભાવના છે.

આ પાંચ ભાવનાઓથી ભાવિત સાધક બીજું મૃષાવાદ વિરમણ મહાવ્રત સમ્યક્ પ્રકારે કાયસ્પર્શનાથી આચરણ કરીને, પાલન કરીને, પાર ઉતારીને, કીર્તન કરીને, તથા અંત સુધી એમાં જ અવસ્થિત રહીને ભગવાનની આજ્ઞાનુસાર આરાધિત થાય છે,
ભંતે! આ મૃષાવાદ વિરમણરૂપ બીજું મહાવ્રત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सच्चवयणस्स पण्णवगा आराहगा य—

५३९. तं सच्चं भगवं तित्थयरसुभासियं दसविहं, चोद्दसपुव्वीहिं पाहुडत्थविइयं, महरिसीण य समयप्पइण्णं,

देविंद-णरिंद-भासियत्थं, वेमाणियसाहियं, महत्थं, मंतोसहिविज्जा-साहणत्थं, चारणगण-समण-सिद्धविज्जं, मणुयगणाणं वंदणिज्जं, अमरगणाणं अच्चणिज्जं, असुरगणाणं पूयणिज्जं, अणेगपासंडिपरिग्गहियं जं तं लोगम्मि सारभूयं ।

—पण्ह. सु. २, अ. २, सु ४

सच्चवयणस्स माहप्प—

५४०. जंबू ! बिइयं य सच्चवयणं सुद्धं सुचियं सिवं सुजायं सुभासियं सुव्वयं सुकहियं सुदिट्ठं सुपइट्ठियं सुपइट्ठियजसं सुसंजमिय-वयण-बुइयं सुरवर-णरवसभ-पवरबलवग-सुविहिय जण-बहुमयं, परमसाहु-धम्मचरणं, तव-णियम-परिग्गहियं सुगइपहदेसगं य लोगुत्तमं वयमिणं ।

विज्जाहर-गगणगमण-विज्जाण साहकं सग्ग-मग्ग-सिद्धिपहदेसगं अवितहं,

तं सच्चं उज्जुयं अकुडिलं भूयत्थं अत्थओ विसुद्धं उज्जोयकरं पभासगं भवइ सव्व-भावाणं जीवलोए, अविसंवाइ ।
जहत्थमहुरं पच्चक्खं दयिबयं व जं तं अच्छेर-कारगं

१. अवत्थंतरेसु बहुएसु मणुसाणं, सच्चेण-महासमुद्दमज्झे वि मूढाणिया वि पोया ।
२. सच्चेण य उदगसंभमम्मि वि ण बुज्झइ ण य मरंति थाहं ते लहंति ।

३. सच्चेण य अगणिसंभमम्मि वि ण डज्झंति उज्जुगा मणुस्सा ।
४. सच्चेण य तत्ततेल्ल-तउ-लोह-सीससगाइं छिवंति धरेंति ण य डज्झंति मणुस्सा ।

५. सच्चेण य मणुस्सा पव्वयकडकाहिं मुच्चंते ण य मरंति ।

સત્ય સંવરના પ્રરૂપક અને આરાધક :—

૫૩૯. ૧. સત્યના તીર્થંકર ભગવંતોએ દસ પ્રકાર કહ્યાં છે.
૨. ચૌદ પૂર્વધરોએ પ્રાભૃતોમાં પ્રતિપાદિત સત્યના અંશને જાણ્યો છે. તેમ જ,
૩. મહર્ષિઓએ સત્યને સિદ્ધાંતના રૂપમાં પ્રતિપાદિત કર્યું છે.

દેવેન્દ્રો અને નરેન્દ્રોએ સત્યને પુરુષાર્થ સાધ્ય કહ્યું છે. વૈમાનિક દેવોએ સત્યનું મહાન પ્રયોજન સાધ્યું છે. સત્ય, ઔષધિ તથા વિદ્યાઓની સાધના કરાવનાર છે. વિદ્યાધરો, ચારણો તથા શ્રમણોની વિદ્યા સત્યથી જ સિદ્ધ થાય છે. મનુષ્યોને માટે સત્ય વંદનીય છે, દેવો માટે પૂજનીય છે, અસુરો માટે પ્રશંસનીય છે. અને સંપ્રદાયોએ પણ સત્યને ગ્રહણ કરેલ છે. તથા સત્યવત લોકમાં સારભૂત છે.

સત્ય વચનનો મહિમા :-

૫૪૦. હે જંબૂ ! બીજું સંવર દ્વાર સત્ય છે.

આ સત્ય વચન શુદ્ધ છે, પવિત્ર છે, શિવ છે, સુજાત છે, સુભાષિત છે, સુવત છે, સુકથિત છે, સુદૃષ્ટ છે, સુપ્રતિષ્ઠિત છે, સુપ્રતિષ્ઠિત યશવાળું છે, અત્યંત સંયત વચનોથી કથિત છે, ઉત્તમ દેવો, ઉત્તમ પુરુષો, બળવાનો તથા સુવિહિત જનો દ્વારા માન્ય છે, શ્રેષ્ઠ સાધુજનોનું ધર્માનુષ્ઠાન છે, તપ અને નિયમોથી પરિગૃહિત છે, સદ્ગતિનું પથ-પ્રદર્શક છે, તેમ જ આ વ્રત લોકમાં ઉત્તમ છે.

આ સત્ય વચન વિદ્યાધરોની આકાશગામિની વિદ્યાની સિદ્ધિનું સાધન છે, સ્વર્ગ માર્ગ અને સિદ્ધિ માર્ગનું પ્રદર્શક છે, અસત્યથી રહિત છે,

આ સત્ય સંવર દ્વાર સરળ છે, અકુટિલ છે, વાસ્તવિક અર્થનું પ્રતિપાદન કરનાર છે, પરમાર્થ દૃષ્ટિથી શુદ્ધ છે, ઉદ્યોત કરનારું છે, જીવલોકમાં સંપૂર્ણ ભાવોને પ્રકાશિત કરનારું છે, અવિસંવાદી છે, વાસ્તવમાં મધુર છે, સાક્ષાત્ દેવતા જેવું છે, આશ્ચર્યજનક કાર્યોનું સાધક છે.

૧. અનેક અવસ્થાઓમાં મનુષ્ય, સત્યના પ્રભાવથી મહાસમુદ્રની મધ્યમાં રહેવા છતાં ડૂબતો નથી.
૨. સત્યના પ્રભાવથી સમુદ્રમાં ઓવાયેલી હોડી અને તેનો ચલાવનાર નાવિક પાણીના વમળમાં ડૂબતો નથી, મરતો નથી તેમ જ કિનારે પહોંચે છે, ત્યાં તેને રક્ષણ મળી જાય છે.
૩. સત્યના પ્રભાવથી મનુષ્ય અગ્નિનો ભોગ થવા છતાં બળતો નથી.
૪. સત્યના પ્રભાવથી સરળ મનુષ્ય તપેલા તેલ, તાંબુ, લોઢાં કે સીસાને અડે અથવા હથેળી પર રાખે તો પણ બળતો નથી.
૫. સત્યના પ્રભાવથી પર્વત પરથી પડવા છતાં મનુષ્ય મરતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

६. सच्चेण य परिग्गहिया असिपंजरगया समराओ वि णिइंति अण्णहा य सच्चवाई ।

७. वहबंधभियोगवेर-घोरेहिं पमुच्चंति य ।

८. अमित्तमज्झाहिं णिइंति अण्णहा य सच्चवाई ।

९. देवाणि य देवयाओ करेंति सहायं सच्चवयणे रत्ताणं ।

—पण्ह. सु. २, अ, सु. १-३

१. સત્યના પ્રભાવથી યુદ્ધ ભૂમિમાં શત્રુઓની મધ્યમાં ફસાયેલો મનુષ્ય પણ ઘા લાગ્યા વગર રણમૈદાનમાંથી સુરક્ષિત બહાર આવે છે.

૭. સત્યવાદી પુરુષ પ્રબળ શત્રુઓ દ્વારા થતા વધબંધન, લડાઈ, ઝગડા, બળાત્કાર અને ઘોર શત્રુતાથી બચી જાય છે.

૮. સત્યવાદી પુરુષ શત્રુઓ વચ્ચે ફસાયેલો હોવા છતાં પણ નિર્દોષ નીકળી જાય છે.

૯. સત્યવાદીઓને દેવો પણ સહાયતા કરે છે.

सच्चवयणस्स छ उवमाओ—

५४१. १. गंभीरयरं महासमुद्दाओ,
२. थिरयरगं मेरुपव्वयाओ,
३. सोमयरगं चंदमंडलाओ,
४. दित्तयरं सूरमंडलाओ,
५. विमलयरं सरयणहयलाओ,
६. सुरभियरं गंधमादणाओ ।

जे वि य लोगम्मि अपरिसेसा मंतजोगा जवा य विज्जा य जंभगा य अत्थावि य सत्थाणि य सिक्खाओ य आगमा य सव्वाइं पि ताइं सच्चे पइट्ठियाइं। —प. सु. २, अ. २,सु. ५-६

સત્ય વચનની છ ઉપમાઓ —

૫૪૧. ૧. સત્ય મહાસાગરથી પણ અધિક ગંભીર છે.
૨. સત્ય સુમેરુથી પણ અધિક સ્થિર છે.
૩. સત્ય ચંદ્રમંડળથી પણ અધિક સૌમ્ય છે.
૪. સત્ય સૂર્યમંડળથી પણ અધિક પ્રકાશિત છે.
૫. સત્ય શરદ ઋતુના આકાશ મંડળથી પણ અધિક નિર્મળ છે.
૬. સત્ય ગંધમાદન નામના પર્વતથી પણ અધિક સુગંધમય છે.

લોકમાં જેટલા પણ મંત્ર, યોગ, જપ, વિદ્યા, જૃંભક દેવ, અસ્ત્ર-શસ્ત્ર, શિક્ષા, કલા અને આગમ છે, તે સર્વ સત્યમાં પ્રતિષ્ઠિત છે.

अवत्तव्वं सच्चे—

५४२. सच्चं वि य संजमस्स उवरोधकारगं किंचि न वत्तव्वं हिंसा सावज्जसंपउत्तं भेय-विकहकारगं अणत्थ-घाय-कलहकारगं अणज्जं अववाय विवायसंपउत्तं वेलंबं ओजघेज्ज बहुलं णिल्लज्जं लोयगरहणिज्जं दुद्दिट्ठं दुस्सुयं अमुणियं । अप्पणो थवणा, परेसु णिंदा,

ण तंसि मेहावी, णं तेसि धण्णो, ण तंसि पियधम्मो, ण तंसि कुलीणो, ण तंसि दाणयई, ण तंसि सूरो, ण तंसि पडिरूवो, ण तंसि लट्ठो, ण पंडिओ, ण बहुस्सुओ, ण वि य तंसि तवस्सी, ण यावि परलोयणिच्छयमई असि, सव्वकालं ।

जाइ-कुल-रूव वाहि-रोगेण वाधि जं होई वज्जणिज्जं दुहओ उवयारमइक्कंतं एवं विहं सच्चं वि ण वत्तव्वं ।

—प. सु. २, अ. २, सु. ७-८

અવક્તવ્ય સત્ય :-

૫૪૨. ૧. સંયમમાં બાધક બને એવું સત્ય કદાપિ ન બોલવું જોઈએ. હિંસા અને સાવદ્યથી યુક્ત, ચારિત્રનો ભેદ કરનાર, વિકથારૂપ, વૃથા, કલહકારી, અનાર્ય કે અન્યાય યુક્ત, અને વિવાદ ઉત્પન્ન કરનાર, વિડમ્બના-જનક, બ્રેશ અને ધૃષ્ટતાથી યુક્ત, લજ્જાહીન, લોકનિન્દનીય, સારી રીતે ન જોયેલું, સારી રીતે ન સાંભળેલું, સારી રીતે ન જાણેલું, આત્મ-પ્રશંસા તથા પરનિન્દારૂપ એવું સત્ય વચન પણ ન બોલવું જોઈએ.

૨. "તારામાં બુદ્ધિ નથી, તને ધનનું લેણું નથી, તું ધર્મપ્રિય નથી, તું કુલીન નથી, તું દાની નથી, તું શુરવીર નથી, તું રૂપવાન નથી, તું પંડિત નથી, તું બહુશ્રુત નથી, તું તપસ્વી નથી, તારામાં પરલોકની દૃઢ શ્રદ્ધા નથી" એવાં વચન કદાપિ કહેવાં યોગ્ય નથી.

૩. જાતિ, કુલ, રૂપ, વ્યાધિ, રોગ ઇત્યાદિનાં કથનથી જો બીજાને પીડા પહોંચતી હોય, તથા શિષ્ટાચાર કે ઉપકારનું ઉલ્લંઘન થતું હોય તો તે વચન વર્જનીય છે. એવું સત્ય પણ બોલવા યોગ્ય નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वत्तव्वं सच्चं—

५४३. प०—अहं केरिसगं पुणाइ सच्चं तु भासियव्वं?
उ०—जं तं दव्वेहिं पज्जवेहिं य गुणेहिं कम्मेहिं बहुविहेहिं सिप्पेहिं आगमेहि य णाम-क्खाय-णिवाय-उवसग्ग-तद्धिय-समास-संधि-पद-हेउ-जोगिय-उणाइ-किरिया-विहाण-धाउ-सर-विभत्ति-वण्णजुत्त-तिकाल दसविहं पि सच्चं[1] जह भणियं तह य कम्मुणा होइ। दुवालसविहा होइ भासा,[2] वयणं वि य होइ सोलसविहं।[3]

एवं अरहंतमणुण्णायं समिक्खियं संजएणं कालम्मि य वत्तव्वं।

—प. सु. २, अ. २, सु. ९

वक्तव्य सत्य :-

५४३. प्र. तो पछी केवा प्रकारनुं सत्य बोलवुं जोईओ?
उ. जे वचन द्रव्य, पर्याय, गुण, कर्म, अनेक प्रकारना शिल्प अने आगमथी युक्त होय, तेम ज नाम, आख्यात, निपात, उपसर्ग तद्धित, समास, संधि, पद, हेतु, यौगिक, उणादि (प्रत्यय-विशेष), क्रिया-विधान, धातु, स्वर, विभक्ति, वर्णथी युक्त होय, अर्थात् जे वचन अर्थनी दृष्टिथी तथा शब्दशास्त्रनी दृष्टिथी युक्त होय, एनो ज प्रयोग करवो जोईओ. दश प्रकारनां सत्य गैडालिक छे. ए सत्य जे प्रमाणे कह्यां छे ते ज प्रमाणे होय छे. बार प्रकारनी भाषा अने सोळ प्रकारनां वचन होय छे.

आ प्रमाणे अर्हन्त भगवान् द्वारा अनुज्ञात तेमज सम्मीक्षित वचन यथा समये संयमीओओ बोलवां जोईओ.

सच्चवयण फलं—

५४४. इमं च अलिय पिसुण-फरुस कडुय-चवलय-वयण-परिरक्खणट्ठयाए पावयणं भगवया सुकहियं,
अत्तहियं पेच्चाभाविय आगमेसिभद्दं सुद्धं णेयाउयं अकुडिलं अणुत्तरं सव्वदुक्ख-पावाणं विउसमणं। —प.सु. २, अ. २, सु. १०

सत्य वचनतुं फळ :-

५४४. आवुं प्रवचन भगवाने असत्य, पिशुन कठोर कडवां तथा विवेकहीन वचनोनां निषेध माटे सम्यक् प्रकारे कह्युं छे.

आ प्रवचन आत्म हितकर छे, परभवमां शुभ फळ आपनारुं छे, भविष्यमां कल्याणकारी छे, शुद्ध छे, न्याययुक्त छे, कुटिलताथी रहित छे, सर्वोत्तम छे, संपूर्ण दुःख तथा पापोनुं उपशम करनारुं छे.

अप्पमुसावायस्स पायच्छित्तसुत्तं—

५४५. जे भिक्खू लहुसगं मुसं वयइ वयंतं वा साइज्जइ।
तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं अणुग्घाइयं। —नि. उ. २, सु. १९

अल्प मृषावादनुं प्रायश्चित सूत्र :-

५४५. जे भिक्षु अल्प मृषावाद बोले छे, बोलावे छे, बोलनारनुं अनुमोदन करे छे—

तेने मासिक अनुद्घातिक परिहारस्थान (प्रायश्चित्त) आवे छे.

बसुराइयं अवसुराइयं वयमाणस्स पायच्छित्तसुत्ताइं-

५४६. जे भिक्खू बुसिराइयं अबुसिराइयं वयइ वयंतं वा साइज्जइ।
जे भिक्खू अबुसिराइयं बुसिराइयं वयइ वयंतं वा साइज्जइ।
तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहार-ट्ठाणं उग्घाइयं। नि. उ. १६, सु. १३-१४

वसुरातिक-अवसुरातिक कथननुं प्रायश्चित्त सूत्र :

५४६. जे भिक्षु धनवानने निर्धन कहे छे, कहेवडावे छे, कहेनारनुं अनुमोदन करे छे—

तेने चातुर्मासिक उद्घातिक परिहारस्थान (प्रायश्चित्त) आवे छे.

विवरीय वयमाणस्स पायच्छित्त सुत्तं—

५४७. जे भिक्खू णत्थि संभोगवत्तिया[2] किरिय त्ति वयइ वयंतं वा साइज्जइ।
तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं। नि. उ. ५, सु. ६३

विपरीत कथननुं प्रायश्चित्त सूत्र :-

५४७. जे भिक्षु 'संभोगवत्तिया क्रिया नथी', एवुं कहे छे, कहेवडावे छे, कहेनारनुं अनुमोदन करे छे.

तेने मासिक उद्घातिक परिहारस्थान (प्रायश्चित्त) आवे छे.

१. (क) ठाणं, अ.१०,सु. ७४१ (ख) पण्ण. पद ११,सु. ८६२, २. पण्ण. प. ११,सु. ८६६ ३. पण्ण, प.११,सु. ८९६
२. संभोग विसंभोग विधान माटे जुओ आज अनुयोगना "संघ व्यवस्था" मां "गण व्यवस्थामां" "संभोग विधान" विषयमां.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

विपरीय पायच्छित्तं वदमाणस्स पायच्छित्त-सुत्ताइं—

५४८. जे भिक्खू उग्घाइयं अणुग्घाइयं वयइ वयंतं वा साइज्जइ ।

जे भिक्खू अणुग्घाइयं उग्घाइयं वयइ वयंतं वा साइज्जइ ।

जे भिक्खू उग्घाइयं अणुग्घाइयं देइ देंतं वा साइज्जइ ।

जे भिक्खू अणुग्घाइयं उग्घाइयं देइ देंतं वा साइज्जइ ।

जे भिक्खू उग्घाइयं सोच्चा णच्चा संभुंजइ संभुंजंतं वा साइज्जइ ।

जे भिक्खू उग्घाइय-हेउं सोच्चा णच्चा संभुंजइ संभुंजंतं वा साइज्जइ ।

जे भिक्खू उग्घाइय-संकप्पं सोच्चा संभुंजइ संभुंजंतं वा साइज्जइ ।

जे भिक्खू उग्घाइयं वा उग्घाइय-हेउं वा उग्घाइय-संकप्पं वा सोच्चा णच्चा संभुंजइ संभुंजंतं वा साइज्जइ ।

जे भिक्खू अणुग्घाइयं सोच्चा णच्चा संभुंजइ संभुंजंतं वा साइज्जइ ।

जे भिक्खू अणुग्घाइय-हेउं सोच्चा णच्चा संभुंजइ संभुंजंतं वा साइज्जइ ।

जे भिक्खू अणुग्घाइय-संकप्पं सोच्चा णच्चा संभुंजइ संभुंजंतं वा साइज्जइ ।

जे भिक्खू उग्घाइयं वा अणुग्घाइय-हेउं वा अणुग्घाइय-संकप्पं वा सोच्चा णच्चा संभुंजइ संभुंजंतं वा साइज्जइ ।

વિપરીત પ્રાયશ્ચિત્ત કહેવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :-

૫૪૮. જે ભિક્ષુ ઉદ્ઘાતિકને અનુદ્ઘાતિક કહે છે, કહેવરાવે છે, કહેનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ અનુદ્ઘાતિકને ઉદ્ઘાતિક કહે છે, કહેવડાવે છે, કહેનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ ઉદ્ઘાતિક પ્રાયશ્ચિત્તવાળાને અનુદ્ઘાતિક પ્રાયશ્ચિત્ત આપે છે, અપાવે છે, આપનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ અનુદ્ઘાતિક પ્રાયશ્ચિત્તવાળાને ઉદ્ઘાતિક પ્રાયશ્ચિત્ત આપે છે, અપાવે છે, આપનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ (કોઈ અન્ય ભિક્ષુને) ઉદ્ઘાતિક પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થયું છે, એવું સાંભળી અથવા જાણી (તેની સાથે) આહાર કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ (કોઈ અન્ય ભિક્ષુને) ઉદ્ઘાતિક પ્રાયશ્ચિત્તનો હેતુ સાંભળી અથવા જાણી (તેની સાથે) આહાર કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ (કોઈ અન્ય ભિક્ષુને) ઉદ્ઘાતિક પ્રાયશ્ચિત્તનો સંકલ્પ સાંભળી અથવા જાણી (તેની સાથે) આહાર કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ (કોઈ અન્ય ભિક્ષુના) ઉદ્ઘાતિક પ્રાયશ્ચિત્તનો સંકલ્પ સાંભળી અથવા જાણી (તેની સાથે) આહાર કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ (કોઈ અન્ય ભિક્ષુને) અનુદ્ઘાતિક પ્રાયશ્ચિત્ત થયું છે, એવું સાંભળી અથવા જાણી (તેની સાથે) આહાર કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ (કોઈ અન્ય ભિક્ષુના) અનુદ્ઘાતિક પ્રાયશ્ચિત્તનો હેતુ સાંભળી અથવા જાણી (તેની સાથે) આહાર કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ (કોઈ અન્ય ભિક્ષુના) અનુદ્ઘાતિક પ્રાયશ્ચિત્તનો સંકલ્પ સાંભળી અથવા જાણી (તેની સાથે) આહાર કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ (કોઈ અન્ય ભિક્ષુના) અનુદ્ઘાતિક પ્રાયશ્ચિત્ત, અનુદ્ઘાતિક પ્રાયશ્ચિત્તનો હેતુ અથવા અનુદ્ઘાતિક પ્રાયશ્ચિત્તનો સંકલ્પ સાંભળી અથવા જાણી (તેની સાથે) આહાર કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जे भिक्खू उग्घाइयं वा अणुग्घाइयं वा सोच्चा णच्चा संभुंजइ संभुंजंतं वा साइज्जइ ।

जे भिक्खू उग्घाइय-हेउं वा अणुग्घाइय-हेउं वा सोच्चा णच्चा संभुंजइ संभुंजंतं वा साइज्जइ ।

जे भिक्खू उग्घाइय-संकप्पं वा अणुग्घाइय-संकप्पं वा सोच्चा णच्चा संभुंजइ संभुंजंतं वा साइज्जइ ।

जे भिक्खू उग्घाइयं वा अणुग्घाइयं वा उग्घाइय-हेउं वा अणुग्घाइय-हेउं वा उग्घाइय-संकप्पं वा अणुग्घाइय-संकप्पं वा सोच्चा णच्चा संभुंजइ संभुंजंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

—नि. उ. १०, सु. १५-३०

જે ભિક્ષુ (કોઈ અન્ય ભિક્ષુને) ઉદ્ઘાતિક પ્રાયશ્ચિત્ત અને અનુદ્ઘાતિક પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થયું છે, એવું જાણી અથવા સાંભળી (તેની સાથે) આહાર કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે,

જે ભિક્ષુ (કોઈ અન્ય ભિક્ષુને) ઉદ્ઘાતિક પ્રાયશ્ચિત્ત અથવા અનુદ્ઘાતિક પ્રાયશ્ચિત્તનો હેતુ સાંભળી અથવા જાણી (તેની સાથે) આહાર કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે,

જે ભિક્ષુ (કોઈ અન્ય ભિક્ષુને) ઉદ્ઘાતિક પ્રાયશ્ચિત્ત અથવા અનુદ્ઘાતિક પ્રાયશ્ચિત્તનો સંકલ્પ સાંભળી અથવા જાણી (તેની સાથે) આહાર કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ (કોઈ અન્ય ભિક્ષુને) ઉદ્ઘાતિક પ્રાયશ્ચિત્ત અથવા અનુદ્ઘાતિક પ્રાયશ્ચિત્તનો હેતુ, અનુદ્ઘાતિક પ્રાયશ્ચિત્તનો હેતુ, ઉદ્ઘાતિક પ્રાયશ્ચિત્તનો સંકલ્પ, અનુદ્ઘાતિક પ્રાયશ્ચિત્તનો સંકલ્પ સાંભળી અથવા જાણી (તેની સાથે) આહાર કરે છે, કરાવે છે, કરવાનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક અનુદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

બીજું મહાવ્રતઃ પરિશિષ્ટ—૧

बिइय मुसावाय विरमण महव्वयस्स पंच भावणा—

५४९. १. अणुवीतिभासणया,
२. कोहविवेगे,
३. लोभविवेगे,
४. भयविवेगे,
५. हासविवेगे, —सम. २५, सु. १६५

५५०. तस्स इमा पंच भावणाओ बितियस्स अलियवयणस्स वेरमण-परिरक्खणट्ठयाए ।

पढमं—सोऊण संवरट्ठं परमट्ठं सुट्ठु जाणिऊणं ण वेगियं ण तुरियं ण चवलं ण कडुयं ण फरुसं ण साहसं ण य परस्स पीलाकरं सावज्जं, सच्चं च हियं च मियं च गाहगं च सुद्धं संगयमकाहलं च समिक्खियं संजएण कालम्मि य वत्तव्वं ।

મૃષાવાદ-વિરમણ અથવા સત્ય મહાવ્રતની પાંચ ભાવના :-

५४९: ૧. અનુવિચિ ભાષણ : ચિંતન કરીને બોલવું,
૨. ક્રોધ-વિવેક : ક્રોધનો ત્યાગ કરીને બોલવું,
૩. લોભ-વિવેક : લોભનો ત્યાગ કરીને બોલવું,
૪. ભય-વિવેક : ભયનો ત્યાગ કરીને બોલવું,
૫. હાસ્ય-વિવેક : હાસ્યનો ત્યાગ કરીને બોલવું;

૫૫૦. અલીક (અસત્ય) વચન વિરમણ વ્રતની રક્ષા માટે આ પાંચ ભાવનાઓ કહી છે—
પ્રથમ ભાવના :-

ગુરુ સમીપે સત્ય વચનરૂપ સંવરનો અર્થ અને તેનો પરમાર્થ સમ્યક્ પ્રકારે જાણીને, વેગ, ત્વરા અને ચપળતાપૂર્વક અનિષ્ટ, કઠોર, સાહસિક, પરપીડાકારી અને સાવદ્ય વચન બોલવાં ન જોઈએ.

સંયમીજનોએ સત્ય, હિતકારી, પરિમિત, ગ્રાહક (પ્રતીતિજનક), શુદ્ધ, સુસંગત, સ્પષ્ટ વિચારયુક્ત વચનો યથા સમયે બોલવાં જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एवं अणुवीइसमिइजोगेण भाविओ भवइ अंतरप्पा संजय-करचरण णयण-वयणो सूरो सच्चवज्जवसंपण्णो ।

આ પ્રમાણે જેનો અંતરાત્મા અનુવિચિંત્ય સમિતિના યોગથી યુકત થાય છે; તેનો અંતરાત્મા હાથ, પગ, નેત્ર તથા મુખની પ્રવૃતિ યતનાપૂર્વક સંયમિત કરનાર થઈ જાય છે. તેથી શૌર્ય તથા સરલ સત્યથી પરિપૂર્ણ થઈ જાય છે.

बिइयं—कोहो ण सेवियव्वो, कुद्धो चंडिक्किओ मणूसो-

બીજી ભાવના-

ક્રોધ કરવો ન જોઈએ. ક્રોધી તેમજ રૌદ્ર સ્વભાવી મનુષ્ય—

१. अलियं भणेज्ज, पिसुणं भणेज्ज, फरुसं भणेज्ज, अलियं पिसुणं-फरुसं भणेज्ज ।

૧. અસત્ય ભાષણ કરે છે, પૈશુન્ય-નિંદા કરે છે, કઠોર વચન બોલે છે અને અસત્ય પિશુન તથા કઠોર વચનોનો પ્રયોગ કરે છે.

२. कलहं करेज्जा, वेरं करेज्जा, विकहं करेज्जा, कलहं वेरं विकहं करेज्जा,

૨. કલહ કરે છે, વેર કરે છે, વિકથા કરે છે અને કલહ, વેર તથા વિકથા કરે છે.

३. सच्चं हणेज्ज, सीलं हणेज्ज, विणयं हणेज्ज, सच्चं सीलं विणयं हणेज्ज ।

૩. સત્યનો ઘાત કરે છે, શીલનો ઘાત કરે છે, વિનયનો ઘાત કરે છે. અને સત્ય, શીલ તથા વિનયનો ઘાત કરે છે.

४. वेसो भवेज्ज, वत्थुं भवेज्ज, गम्मो भवेज्ज, वेसो वत्थुं गम्मो भवेज्ज ।
एयं अण्णं च एवमाइयं भणेज्ज कोहग्गि-संपलित्तो तम्हा कोहो ण सेवियव्वो ।

૪. દ્વેષને પાત્ર બને છે, દોષને પાત્ર બને છે, નિંદાને પાત્ર બને છે અને દ્વેષ, દોષ, તથા નિંદાને પાત્ર બને છે.
ક્રોધાગ્નિથી પ્રજ્વલિત બને છે. તે આ પ્રકારે કે અન્ય પ્રકારે મૃષાવચન બોલે છે. માટે ક્રોધ કરવો ન જોઇએ.

एवं खंतीइ भाविओ भवइ अंतरप्पा संजयकर-चरण-णयण-वयणो सूरो सच्चवज्जवसंपण्णो ।

આ પ્રમાણે જેનો અંતરાત્મા ક્ષમાથી ભાવિત હોય છે, તેનાં હાથ, પગ, નેત્ર તથા મુખની પ્રવૃત્તિ યતનાપૂર્વક સંયમિત થઈ જાય છે. તેથી તે શૌર્ય અને સરલ સત્યથી પરિપૂર્ણ થઈ જાય છે.

ततियं—लोहो न सेवियव्वो—

ત્રીજી ભાવના :-

લોભ કરવો ન જોઈએ. લોભી-લાલચુ મનુષ્ય-

१. लुद्धो लोलो भणेज्ज अलियं, खेत्तस्स व वत्थुस्स व कएण ।

૧. ક્ષેત્ર અને વાસ્તુ (ખેતર-મકાન આદિ) માટે મિથ્યા ભાષણ કરે છે.

२. लुद्धो लोलो भणेज्ज अलियं, कित्तीए व लोभस्स व कएण ।

૨. કીર્તિ અને લોભ માટે મિથ્યા ભાષણ કરે છે.

३. लुद्धो लोलो भणेज्ज अलियं, रिद्धीए व सोक्खस्स व कएण ।

૩. ઋદ્ધિ અને સુખ માટે મિથ્યા ભાષણ કરે છે.

४. लुद्धो लोलो भणेज्ज अलियं, भत्तस्स व पाणस्स व कएण ।

૪. આહાર અને પાણી માટે મિથ્યા ભાષણ કરે છે.

५. लुद्धो लोलो भणेज्ज अलियं, पीढस्स व फलगस्स व कएण ।

૫. પાટ અને ફલક માટે મિથ્યા ભાષણ કરે છે.

६. लुद्धो लोलो भणेज्ज अलियं, सेज्जाए व संथारगस्स व कएण ।

૬. શય્યા અને સંસ્તારક માટે મિથ્યા ભાષણ કરે છે.

७. लुद्धो लोलो भणेज्ज अलियं, वत्थस्स व पत्तस्स व कएण ।

૭. વસ્ત્ર અને પાત્ર માટે મિથ્યા ભાષણ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

८. लुद्धो लोलो भणेज्ज अलियं, कंबलस्स व पायपुंछस्स व कएण ।
९. लुद्धो लोलो भणेज्ज अलियं, सीसस्स व सिस्सीणीए व कएण ।
लुद्धो लोलो भणेज्ज अलियं, अन्नेसु य एवमादिसु बहुसु कारण-सएसु, तम्हा लोभो न सेवियव्वो ।
एवं मुत्तीए भाविओ भवइ अन्तरप्पा । संजय-कर-चरण-नयण-वयण-सूरो सच्चवज्जवसंपन्नो ।

८. કંબલ અને પગલૂછણિયા માટે મિથ્યા ભાષણ કરે છે.
૯. શિષ્ય અને શિષ્યા માટે મિથ્યા ભાષણ કરે છે.

ઈત્યાદિ અનેક કારણોથી લોભી મિથ્યા ભાષણ કરે છે.
માટે લોભ કરવો ન જોઈએ.

આ પ્રમાણે જેનો અંતરાત્મા મુક્તિ (નિર્લોભતા) થી ભાવિત થાય છે, તેનાં હાથ, પગ, નેત્ર તથા મુખની પ્રવૃત્તિઓ યતનાપૂર્વક સંયમિત થઈ જાય છે. તથા શૌર્ય અને સરલ સત્યથી પરિપૂર્ણ થઈ જાય છે.

चउत्थं—न भाइयव्वं—

१. भीतं खु भया अइंति लहुयं ।
२. भीतो अविचिंतिज्जओ मणूसो ।
३. भीतो भूतेहिं घिप्पइ ।
४. भीतो अन्नं पि हु भेसेज्जा ।
५. भीतो तव-संजमं पि हु मुएज्जा ।
६. भीतो य भरं न नित्थरेज्जा ।
७. सप्पुरिस-निसेवियं च मग्गं भीतो न समत्थो अणुचरिउं ।
तम्हा न भाइयव्वं भयस्स वा, वाहिस्स वा, रोगस्स वा, जराए वा, मच्चुस्स वा अन्नस्स वा एवमाइयस्स ।
एवं धेज्जेण भाविओ भवइ अन्तरप्पा ।
संजय-कर-चरण-नयण वयण-सूरो सच्चवज्जवसंपन्नो ।

ચોથી ભાવના :-
ભયભીત થવું ન જોઇએ.
૧. ભયભીતને શીઘ્ર અનેક ભય ઉપસ્થિત થાય છે.
૨. ભયભીતની કોઈ સહાયતા કરતું નથી.
૩. ભયભીતને ભૂત પ્રેત વળગી જાય છે.
૪. ભયભીત મનુષ્ય બીજાને પણ ભયભીત કરે છે.
૫. ભયભીત મનુષ્ય તપ-સંયમને પણ ત્યજી દે છે.
૬. ભયભીત મનુષ્ય ભાર વહન કરી શકતો નથી.
૭. ભયભીત મનુષ્ય સત્પુરુષો દ્વારા સેવિત માર્ગ પર ચાલી શકતો નથી.

માટે ભયથી, વ્યાધીથી, રોગથી, જરાથી, મૃત્યુથી તથા અન્ય કોઈ ભયના હેતુથી ભયભીત થવું ન જોઈએ.

આ પ્રમાણે જેનો અંતરાત્મા ધૈર્યથી ભાવિત થાય છે, તેના હાથ પગ, નેત્ર તથા મુખની પ્રવૃત્તિ યતનાપૂર્વક સંયમિત બને છે. અને તે શૌર્ય તથા સરલ સત્યથી પરિપૂર્ણ બની જાય છે.

पंचमगं—हासं न सेवियव्वं ।
अलियाइं असंतकाइं जंपति हासइत्ता ।
१. परपरिभवकारणं च हासं ।
२. परपरिवायप्पियं च हासं ।
३. परपीलाकारगं च हासं ।
४. भेदविमुत्तिकारगं च हासं ।
५. अन्नोऽन्नजणियं च होज्ज हासं ।
६. अन्नोऽन्नगमणं च होज्ज मम्मं ।
७. अन्नोऽन्नगमणं च होज्ज कम्मं ।
८. कंदप्पाभियोगगमणं च होज्ज हासं ।

પાંચમી ભાવના :-
કોઈની મશ્કરી ન કરવી જોઈએ, ઠઠ્ઠા-મશ્કરી કરનારો જ અસત્ય વચન અને અશોભન બોલે છે.
૧. હાસ્ય (મશ્કરી) બીજા માટે પરાભવનું કારણ છે.
૨. હાસ્ય પર-નિંદા પ્રધાન હોય છે.
૩. હાસ્ય પર-પીડા જનક હોય છે.
૪. હાસ્યથી ચારિત્રનો ભંગ અને વિકૃત મુખ થઈ જાય છે.
૫. હાસ્ય પરસ્પર (એક બીજાની સાથે) થાય છે.
૬. હાસ્યમાં એકબીજાના મર્મ પ્રગટ થાય છે.
૭. હાસ્યથી લોકનિંદા થાય છે.
૮. હાસ્યથી (સાધુ) કાંદર્પિક અને આભિયોગિક દેવોમાં ઉત્પન્ન થાય છે. માટે કોઈની હાંસી કરવી ન જોઇએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

९. आसुरियं किब्बिसत्तणं जणेज्ज च हासं।
तम्हा हासं न सेवियव्वं।
एवं मोणेण भाविओ भवइ अंतरप्पा।
संजम-कर-चरण-नयण-वयण सूरो सच्चज्जव-संपन्नो।
—प्र. सु. २, अ. २, सु. ११-१५

उवसंहारो—

५५१. पंचमिणं संवरस्स दारं सम्मं संवरियं होइ सुपणिहियं।
इमेहिं पंचहिं वि कारणेहिं मण-वयण-काय-परिरक्खिएहिं निच्चं आमरणंतं च एस जोगो णेयव्वो धितिमया मतिमया अणासवो अकलुसो अच्छिद्दो अपरिस्सावी असंकिलिट्ठो सव्व-जिणमणुण्णाओ।

एवं बितियं संवरदारं फासियं पालियं सोहियं तीरियं किट्टियं अणुपालियं आणाए आराहियं भवइ।

एवं नायमुणिणा भगवया पन्नवियं परूवियं पसिद्धं सिद्धवरसासणमिणं आघवियं सुदेसियं पसत्थं।
—प्र. सु. २, अ. २, सु. १६-१८

छण्हं अवयणाइणं निसेहो—

५५२. नो कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा इमाइं छ अवयणाइं वइत्तए, तं जहा—
१. अलियवयणे, २. हीलियवयणे,
३. खिंसियवयणे ४. फरुसवयणे
५. गारत्थियवयणे,
६. विओसवियं वा पुणो उदीरित्तए।[1]
—कप्प. उ. ६, सु. १

अट्ठ ठाणाइणं निसेहो—

५५३. कोहे माणे य मायाए लोभे य उवउत्तया।
हासे भए मोहरिए विगहीसु तहेव च॥

एयाइं अट्ठ ठाणाइं परिवज्जित्तु संजए।
असावज्जं मियं काले भासं भासेज्ज पन्नवं॥
—उत्त. अ. २४, गा. ९-१०

१. ठाणं. अ. ६, सु. ५२७।

આ પ્રમાણે જેનો અંતરાત્મા મૌનથી ભાવિત થાય છે, તેનાં હાથ, પગ, નેત્ર તથા મુખની પ્રવૃત્તિ યતનાપૂર્વક સંયમિત બની જાય છે, તથા તે શૌર્ય અને સરલ સત્યથી પરિપૂર્ણ થાય છે.

૫૫૧. ઉપસંહાર :-

આ પ્રમાણે મન, વચન અને કાયાથી સુરક્ષિત આ પાંચ ભાવનાઓવાળું સંવર દ્વાર-સત્ય મહાવ્રત-સમ્યક્ પ્રકારે આચરવું તથા સુપ્રણિહિત-સ્થાપિત કરવું જોઈએ. ધૈર્યવાન તથા બુદ્ધિમાન સાધકે સમજવું જોઈએ કે આશ્રવનો નિરોધ કરનાર, નિર્મળ, અછિદ્રરૂપ - કર્મરૂપ - જલ જેમાં પ્રવેશી શકતું નથી તેવું, કર્મબંધના પ્રવાહથી રહિત, સંક્લેશનો અભાવ કરનાર તેમ જ સમસ્ત તીર્થંકરો દ્વારા અનુજ્ઞાત છે, એવા આ યોગને નિરંતર જીવન પર્યંત આચરણમાં ઉતારવો જોઇએ.

આ પ્રમાણે (પૂર્વોક્ત) સત્ય નામક સંવર દ્વારને જે યથા સમયે અંગીકૃત કરી તેનું પાલન કરે છે, શોધિત કરી તેનું આચરણ કરે છે, તીરિત - અંત સુધી પાર પહોંચાડે છે, કીર્તિત-બીજાની સમક્ષ આદરપૂર્વક કહે છે, અનુપાલિત-નિરંતર પાલન કરે છે, તે ભગવાનની આજ્ઞા અનુસાર આરાધક બને છે.

આ પ્રમાણે જ્ઞાતમુનિ ભગવાન મહાવીર સ્વામીએ આ સિદ્ધવર શાસનનું કથન કર્યું છે, વિશેષ પ્રકારથી વિવેચન કર્યું છે, તર્ક અને પ્રમાણથી સિદ્ધ કર્યું છે, સુપ્રતિષ્ઠિત કર્યું છે, ભવ્ય જીવો માટે તેનો ઉપદેશ આપ્યો છે, તે પ્રશસ્ત-કલ્યાણકારી-મંગલમય છે.

૫૫૨. ન બોલવા યોગ્ય છ વચનોનો નિષેધ :-

નિર્ગ્રન્થો અને નિર્ગ્રન્થિઓએ આ છ કુવચન બોલવાં કલ્પતાં નથી. જેમ કે—
૧. અલીક (અસત્ય) વચન,
૨. અવહેલના (અપમાન) જનક વચન,
૩. ખિંસિત (નિંદા) વચન,
૪. પરુષ (કઠોર) વચન,
૫. ગાર્હસ્થ્ય (ગૃહસ્થ-સંસારીને યોગ્ય) વચન,
૬. શાંત કલહને ફરીથી પ્રજ્વલિત કરનાર વચન.

૫૫૩. ભાષા સંબંધી આઠ સ્થાનોનો નિષેધ :-

૧. ક્રોધ, ૨. માન, ૩. માયા, ૪. લોભ, ૫. હાસ્ય ૬. ભય, ૭. વાચાળતા, ૮. વિકથા [એ આઠ]

પ્રત્યેક સંયતમુનિ સાવધાન રહે. તેનો પ્રયોગ ન કરે.

પ્રજ્ઞાવાન મુનિ આ આઠ સ્થાનોનું વર્જન કરી યથાસમય નિરવદ્ય અને પરિમિત વચન બોલે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तृतीय महाव्रत

तृतीय महाव्रतः स्वरूप अने आराधना-१

तइयमहव्वयस्स आराहणा पइण्णा—

५५४. अहावरे तच्चे भंते ! महव्वए अदिन्नादाणाओ वेरमणं ।

सव्वं भंते ! अदिन्नादाणं पच्चक्खामि ।[1]
से गामे वा, नगरे वा, रन्ने वा अप्पं वा, बहुं वा, अणुं वा, थूलं वा, चित्तमंतं वा, अचित्तमंतं वा ।

से य अदिण्णादाणे चउव्विहे पण्णत्ते, तं जहा-
१. दव्वओ, २. खेत्तओ,
३. कालओ, ४. भावओ ।
१. दव्वओ अप्पं वा बहुं वा अणुं वा थूलं वा चित्तमंतं वा, अचित्तमंतं वा,
२. खेत्तओ गामे वा, नयरे वा, अरण्णे वा,
३. कालओ दिया वा राओ वा
४. भावओ अप्पग्घे वा महग्घे वा ।
नेव सयं अदिन्नं गेण्हेज्जा, नेवन्नेहिं अदिन्नं गेण्हावेज्जा, अदिन्नं गेण्हंते वि अन्ने न समणुजाणेज्जा, जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि ।

तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ।[2]

तच्चे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाओ अदिन्नादाणाओ वेरमणं ।

—दस. अ. ४, सु. १३

५५५. "समणे भविस्सामि अणगारे अकिंचणे अपुत्ते अपसू परदत्तभोई पावं कम्मं णो करिस्सामि" त्ति समुट्ठाए "सव्वं भंते ! अदिण्णादाणं पच्चक्खामि ।"

ત્રીજા મહાવ્રતની આરાધનાની પ્રતિજ્ઞા :-

૫૫૪. ભંતે ! ત્યારબાદ ત્રીજા મહાવ્રતમાં અદત્તાદાનથી વિરતિ (નિવૃત્ત થવાનું) હોય છે.

ભંતે ! હું સર્વ અદત્તાદાનનું પ્રત્યાખ્યાન કરું છું. જેમ કે-
ગામમાં, નગરમાં અથવા અરણ્યમાં (કોઈ પણ) અલ્પ અથવા વધારે, સૂક્ષ્મ અથવા સ્થૂલ સચિત્ત (સજીવ) હોય અથવા અચિત્ત (નિર્જીવ).
તે અદત્તાદાન ચાર પ્રકારનાં છે, જેમ કે
૧ દ્રવ્યથી, ૨-ક્ષેત્રથી, ૩-કાળથી, ૪-ભાવથી,

૧. દ્રવ્યથી -અલ્પ અથવા વધારે, સૂક્ષ્મ અથવા સ્થૂળ, સચિત્ત અથવા અચિત્ત.
૨. ક્ષેત્રથી-ગામમાં, નગરમાં અથવા અરણ્યમાં.
૩. કાળથી-દિવસમાં અથવા રાત્રિમાં.
૪. ભાવથી અલ્પ મૂલ્યવાળી અથવા બહુ-મૂલ્યવાળી.

કોઈ પણ અદત્ત વસ્તુને હું સ્વયં ગ્રહણ કરીશ નહીં, બીજાથી અદત્ત વસ્તુને ગ્રહણ કરાવીશ નહિ અને અદત્ત વસ્તુ ગ્રહણ કરનારનું અનુમોદન પણ કરીશ નહિ-યાવત્જીવન મણકરણ મણ યોગથી-મનથી, વચનથી, કાયાથી કરીશ નહિ, કરાવીશ નહિ અને કરનારનું અનુમોદન પણ કરીશ નહિ.

ભંતે ! હું પૂર્વે કરેલાં અદત્તાદાનથી નિવૃત્ત થાઉં છું, તેની નિંદા કરું છું, ગર્હા કરું છું, અને આત્મા (કષાય)નો વ્યુત્સર્ગ કરું છું.

ભંતે ! હું ત્રીજા મહાવ્રતમાં સ્થિત થાઉં છું. આમાં સર્વ અદત્તાદાનની વિરતિ હોય છે.

૫૫૫. (મુનિ દીક્ષા લેતાં સમયે એવી પ્રતિજ્ઞા કરે છે) ..."હવે હું શ્રમણ બની જઈશ. અણગાર, અકિંચન (અપરિગ્રહી), અપુત્ર (પુત્રાદિ સંબંધોથી મુક્ત), અપશુ (દ્વિપદ-ચતુષ્પદાદિ પશુઓના સ્વામિત્વથી મુક્ત) તેમ જ પરદત્તભોજી (બીજા ગૃહસ્થ દ્વારા અદત્ત ભિક્ષામાં પ્રાપ્ત આહારાદિનું સેવન કરનાર) થઈ હવે હું કોઈ પણ હિંસાદિ પાપકર્મ કરીશ નહિ." આ પ્રમાણે સંયમ પાલન માટે ઉત્થિત-સમુદ્યત થઈ કહે છે..."ભંતે ! હું આજ સમસ્ત પ્રકારના અદત્તાદાનનું પ્રત્યાખ્યાન કરું છું."

---

१. दंत सोहणमाइस्स, अदत्तस्स विवज्जणं अणवेसणिज्जस्स, गेण्हणा अवि दुक्करं ॥ —उत्त. अ. १९, गा. २८

२. चित्तमंतमचित्तं वा अप्पं वा जइ वा बहुं । दंतसोहणमेत्तं पि ओग्गहं से अजाइया —दस. अ. ६, गा १३

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

से अणुपविसित्ता गामं वा जाव-रायहाणिं वा णेव सयं अदिण्णं गेण्हेज्जा, णेवऽण्णेणं अदिण्णं गेण्हावेज्जा, णेवऽण्णं अदिण्णं गेण्हंतं पि समणुजाणेज्जा ।
—आ. सु. २, अ. ७, उ. १, सु. ६०७(क-ख)

સાધુ ગ્રામ યાવત્ રાજધાનીમાં પ્રવેશ કરી પોતે વગર રજાએ (કોઈ પણ) પદાર્થને ગ્રહણ કરે નહિ, બીજા પાસે ગ્રહણ કરાવે નહિ તથા અદત્ત ગ્રહણ કરનારનું અનુમોદન કરે નહિ.

अदिन्नादाण महव्वयस्स पंच भावणाओ—

तृतीय महाव्रतअने तेनी पांच भावना :-

५५६. अहावरं तच्चं भंते ! महव्वयं पच्चक्खामि सव्वं अदिण्णादाणं ।

५५६. भंते ! त्यारબાद हवे हुं त्रीજા महाव्रतनो स्वीકार કરું છું. तेना संदर्भमां हुं सर्व प्रકारे अदत्तादाननुं प्रत्याખ्यान (त्याग) કરું છું. ते आ प्रમाणे छे—

से गामे वा नगरे वा अरण्णे वा अप्पं वा बहुं वा अणुं वा थूलं वा चित्तमंतं वा अचित्तमंतं वा णेव सयं अदिण्णं गेण्हेज्जा, णेवऽण्णं अदिण्णं गेण्हावेज्जा अण्णं पि अदिण्णं गेण्हंतं ण समणुजाणेज्जा जावज्जीवाए तिविहं तिविहेणं मणसा वयसा कायसा तस्स भंते ! पडिक्कमामि-जाव-वोसिरामि ।

ते (ग्राह्य पदार्थ) गामમાં होय, नगरમાં होय, अरण्यમાં होय, अल्प होय, अधिक होय सूक्ष्म होय, स्थूળ होय (नानुं होय के मोटुं होय), सचित्त होय के अचित्त होय, तेने तेना स्वामीओ आप्या विना हुं स्वयं ग्रहण કरीश नहि, બીજા द्वारा (पदार्थ आप्या विना) ग्रहण કरावीश नहि, तथा अदत्तादान ग्रहण કरनारनुं अनुमोदन કरीश नहि, જીवनपर्यंत त्रण કरण तथा मन-वचन-કाया એ त्रण योगथी हुं आ प्रतिज्ञा કरुं छुं. साथे જ हुं पूर्वकृत अदत्तादान રूप पापनुं प्रतिકमण કरुं छुं. यावत् पोतानी साક्षीએ अदत्तादान पापनो व्युत्सर्ग (त्याग) કरुं छुं.

तस्सिमाओ पंच भावणाओ भवंति ।

त्रीજा महाव्रतनी पांच भावनाओ :-

१. तत्थिमा पढमा भावणा—अणुवीयि मितोग्गहजाई से निग्गंथे ।
केवली बूया—अणणुवीयि मितोग्गहजाई से णिग्गंथे अदिण्णं गेण्हेज्जा । अणुवीयि मितोग्गहजाई से निग्गंथे, णो अणणुवीयि मितोग्गहजाई त्ति पढमा भावणा ।

१. એ पांचमांथी प्रथम भावना आ प्रमाणे छे- જे साधક पहेलां विचार કरी परिमित अवग्रहनी याचना કरे छे ते निर्ग्रंथ छे, પરંतु विचार કर्या वगर परिमित अवग्रहनी याचना કरनार (निर्ग्रन्थ) नथी. केवળी भगवाने કहुं छे के, જे वगर विचार्ये परिमित अवग्रहनी याचना કरे छे, ते निर्ग्रन्थ अदत्त ग्रहण કरे छे, माटे तदनुरूप चिंतन કरी परिमित अवग्रहनी याचना કरनार साधु निर्ग्रन्थ કहेवाय छे, न के वगर विचार्ये मर्यादित अवग्रहनी याचना કरनार. आ प्रमाणे प्रथम भावना थई.

२. अहावरा दोच्चा भावणा—अणुण्णविय पाण-भोयणं भोई से णिग्गंथे, णो अणणुण्णविय पाण-भोयणभोई ।

२. त्यारબाद બીજી भावना आ छे- गुरुજनोनी आज्ञा लई, आहार पाणी ईत्यादिनुं सेवन કरनार निर्ग्रन्थ होय छे. आज्ञा वगर आहार-पाणी आदिनो उपयोग કरनार नहि.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

केवली बूया—अणणुण्णवीयि पाण-भोयणभोई से णिग्गंथे अदिण्णं भुंजेज्जा। तम्हा अणुण्णवीयि पाण-भोयणभोई से णिग्गंथे, णो अणणुण्णविय पाण-भोयणभोई त्ति दोच्चा भावणा।

કેવળી ભગવાને કહ્યું છે કે જે નિર્ગ્રન્થ ગુરુ આદિની આજ્ઞા વગર આહારપાણીનો ઉપભોગ કરે છે તે અદત્તાદાનનું સેવન કરે છે. માટે જે સાધક ગુરુ આદિની આજ્ઞા પ્રાપ્ત કરી આહારપાણી આદિનો ઉપભોગ કરે છે, તે નિર્ગ્રન્થ કહેવાય છે. આજ્ઞા ગ્રહણ કર્યાવગર આહારપાણી આદિનું સેવન કરનાર નિર્ગ્રન્થ નથી. આ બીજી ભાવના છે.

३. अहावरा तच्चा भावणा—णिग्गंथे णं उग्गहंसि, उग्गहियंसि एत्ताव ताव उग्गहणसीलए सिया।

३. ત્રીજી ભાવનાનું સ્વરૂપ આ પ્રમાણે છે- નિર્ગ્રન્થ સાધુઓએ ક્ષેત્ર તથા કાળની મર્યાદાપૂર્વક અવગ્રહ (સ્થાન)ની યાચના કરવી જોઈએ.

केवली बूया—निग्गंथे णं उग्गहंसि उग्गहियंसि एत्ताव ताव अणोग्गहणसीलो अदिण्णं ओगिण्हेज्जा, निग्गंथे णं उग्गहंसि उग्गहियंसि एत्ताव ताव उग्गहणसीलए सिय त्ति तच्चा भावणा।

કેવળી ભગવાને કહ્યું છે કે, જે નિર્ગ્રન્થ મર્યાદાપૂર્વક અવગ્રહની અનુજ્ઞા (યાચના) ગ્રહણ કરતા નથી, તે અદત્તનું ગ્રહણ કરે છે. માટે નિર્ગ્રન્થ સાધુએ ક્ષેત્ર-કાળની મર્યાદા સ્પષ્ટ કરી અવગ્રહની અનુજ્ઞા ગ્રહણ કરવી જોઇએ, અન્યથા નહીં. આ તૃતીય ભાવના છે.

४. अहावरा चउत्था भावणा—निग्गंथे णं उग्गहंसि उग्गहियंसि अभिक्खणं अभिक्खणं उग्गहणसीलए सिया।

४. ત્યારબાદ ચોથી ભાવના આ છે- નિર્ગ્રન્થે અવગ્રહની અનુજ્ઞા ગ્રહણ કર્યા બાદ વારંવાર અવગ્રહ-અનુજ્ઞા-ગ્રહણશીલ થવું જોઇએ. (ફરી ફરી સ્થાન ગ્રહણ કરવા માટે રજા લેવી જોઈએ.)

केवली बूया—निग्गंथे णं उग्गहंसि उग्गहियंसि अभिक्खणं अभिक्खणं अणोग्गहणसीले अदिण्णं गिण्हेज्जा, निग्गंथे णं उग्गहंसि उग्गहियंसि अभिक्खणं अभिक्खणं उग्गहणसीलए सिय त्ति चउत्था भावणा।

કારણકે કેવળી ભગવાને કહ્યું છે કે, જે નિર્ગ્રન્થ અવગ્રહની અનુજ્ઞા ગ્રહણ કરવા છતાં વારંવાર અવગ્રહની અનુજ્ઞા લેતો નથી, તે અદત્તાદાન-દોષનો ભાગી બને છે. માટે નિર્ગ્રન્થ એક વાર અવગ્રહની અનુજ્ઞા કરી લીધા પછી પણ વારંવાર અવગ્રહઅનુજ્ઞા ગ્રહણ કરવી જોઈએ. આ ચોથી ભાવના છે.

५. अहावरा पंचमा भावणा—अणुवीयि मितोग्गहजाई से निग्गंथे साहम्मिएसु णो अणणुवीयि मित्तोग्गहजाई।

५. ત્યારબાદ પાંચમી ભાવના આ પ્રમાણે છે- જે સાધક સાધર્મિકોનો પણ વિચાર કરી મર્યાદિત અવગ્રહની યાચના કરે છે, તે નિર્ગ્રન્થ છે. વગર વિચાર્યે પરિમિત અવગ્રહની યાચના કરનાર નિર્ગ્રન્થ નથી.

केवली बूया—अणणुवीयि मितोग्गहजाई से निग्गंथे साहम्मिएसु अदिण्णं ओगिण्हेज्जा। से अणुवीयि मितोग्गहजाई से निग्गंथे साहम्मिएसु णो अणणुवीयि मितोग्गहजाई त्ति पंचमा भावणा।[1]

કેવળી ભગવાને કહ્યું છે, વગર વિચાર્યે જે સાધર્મિકો પાસે પરિમિત અવગ્રહની યાચના કરે છે, તેને સાધર્મિકો પાસેથી અદત્ત ગ્રહણ કરવાનો દોષ લાગે છે. માટે જે સાધક સાધર્મિકો પાસેથી પણ વિચારપૂર્વક મર્યાદિત અવગ્રહની યાચના કરે છે, તે નિર્ગ્રન્થ કહેવાય છે. વગર વિચાર્યે સાધર્મિકો પાસેથી મર્યાદિત અવગ્રહની યાચના કરે તે (નિર્ગ્રન્થ) નથી, આ પાંચમી ભાવના છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पत्ताव ताव (तच्चे) महव्वयं सम्मं काएणं फासिते पालिते तीरिए किट्टिते अवट्ठिते आणाए आराहिते यावि भवति ।

तच्चं भंते ! महव्वयं अदिण्णादाणाओ वेरमणं ।

—आ. सु. २, अ. १५, सु. ७८३-७८५

આ પ્રમાણે પાંચ ભાવનાઓથી વિશેષ તથા સ્વીકૃત અદત્તાદાન-વિરમણ (ત્રીજા) મહાવ્રતનું સમ્યક્ પ્રકારે કાયાથી સ્પર્શ કરી, તેનું પાલન કરી, ગૃહીત મહાવ્રતને યથાયોગ્ય રીતે પૂર્ણ કરે, તેનું કીર્તન કરે તેમ જ તેમાં અંત સુધી અવસ્થિત રહે તે ભગવદાજ્ઞાનો સમ્યક્ આરાધક થાય છે. ભંતે ! આ અદત્તાદાન-વિરમણરૂપ ત્રીજું મહાવ્રત છે.

दत्तमणुण्णाय संवरस्स सरूवं—

५५७. आयाणं नरयं दिस्स नायएज्ज तणामवि ।
"दोगुंछी अप्पणो पाए" दिन्नं भुंजेज्ज भोयणं ॥

उत्त. अ. ६, गा. ७

दत्त अनुज्ञात-संवरनुं स्वरूप :-

५५७. 'અદત્તનું આદાન નરક છે.' એમ જાણી, આપ્યા વગર એક તણખલું પણ ન લે; અસંયમની જુગુપ્સા કરનાર મુનિ પોતાના પાત્રમાં ગૃહસ્થ દ્વારા અદત્ત આહાર ગ્રહણ કરે.

५५८. जंबू ! दत्तमणुण्णायसंवरो नाम होइ तितियं सुव्वता ।
महव्वयं गुणव्वयं परदव्व-हरण पडिविरइ-करणजुत्तं । अपरिमियमणंत तण्हाणुगयम-हिच्छ-मणवयण-कलुस-आयाण-सुनिग्गहियं, सुसंजमिय - मण- हत्थ- पायनिहुयं निग्गंथं णेट्ठिकं निरुत्तं, निरासवं, निब्भयं, विमुत्तं, उत्तमनर-वसभ-पवर-बलवग-सुविहितजणसंमतं परमसाहुधम्मचरणं ।

—प. सु. २, अ. ३, सु. १

५५८. 'શ્રેષ્ઠ વ્રતવાળા હે જમ્બૂ !' ત્રીજું સંવર દ્વાર દત્તાનુજ્ઞાત નામક છે. આ મહાવ્રત અને ગુણવ્રત પણ છે. આ લોક અને પરલોક બન્નેને સુધારવા માટે નિમિત્તભૂત છે. પરદ્રવ્યનું હરણ કરવામાં વિરક્તિ યુક્ત, અપરિમિત તથા અનંત તૃષ્ણારૂપ અને અનુગત (વસ્તુઓની અપેક્ષાએ) મહેચ્છારૂપ જે મન, વચન દ્વારા થતાં પાપરૂપી ગ્રહણ (આદાન)નું યોગ્ય પ્રકારે નિગ્રહ-યુક્ત સારી રીતે સંયમિત મન-હાથ-પગ ઇત્યાદિ સંવરણ યુક્ત, (બાહ્ય તથા આભ્યંતર) ગ્રંથિને તોડનારા, નિષ્ઠાયુક્ત (ઉત્કૃષ્ટ), નિરૂકત (તીર્થંકરો દ્વારા, પૂર્ણતાથી કહેલું), આશ્રવરહિત, નિર્ભય, વિમુકત (લોભ અથવા દોષ રહિત), ઉત્તમ, નરવૃષભ દ્વારા, પ્રધાન બળવાન મનુષ્યો તથા સુવિહિત (સાધુ) જનોથી માન્ય કરેલ તથા પરમ સાધુઓનાં ધર્માનુષ્ઠાનરૂપ આ (ત્રીજું) વ્રત છે.

अदिन्नादाणविरमणमहव्वयाराहगस्स अकरणिज्ज किच्चाइं-

अदत्तादान विरमण महाव्रत आराधक वडे अकरणीय कृत्य :-

५५९. जत्थ य गामागार-नगर-निगम-खेड-कव्वड-मडंब-दोणमुह-संवाह-पट्टणासमगयं च किंचि दव्वं मणि-मुत्त-सिलप्पवाल-कंस-दूस-रयणवर-कणग-रयणमादिं पडियं पम्हुट्ठं विप्पणट्ठं न कप्पति कस्सइ कहेउं वा, गेण्हउं वा ।

अहिरन्न - सुवन्निकेणं, समलेट्ठुकंचणे णं अपरिग्गहसंवुडे णं लोगम्मि विहरियव्वं ।

५५९. ગ્રામ-નગર, આકર, નિગમ, ખેટ, કર્બટ, મડમ્બ, દ્રોણમુખ, સંવાહ, પટ્ટન, આશ્રમ ઇત્યાદિમાંથી કોઈ પણ દ્રવ્ય જેમ કે-મણિ-મુક્તા (મોતી), શિલા-પ્રવાલ, કાંસુ (ધાતુ), વસ્ત્ર-સોના-ચાંદી-રત્ન ઇત્યાદિ કાંઈ પણ પડેલું હોય અથવા કોઈનું ખોવાઈ ગયું હોય અને એ ભુલાયું હોય (અથવા તેનો માલિક શોધી રહ્યો હોય) તે વિષયમાં કોઈને કહેવું અથવા પોતે ઉઠાવી લેવું-એ સાધુને કલ્પતું નથી.

હિરણ્ય-સુવર્ણ રહિત, પત્થર તથા કાંચનને સમાન જાણનાર, (એવી ઉપેક્ષાવૃત્તિથી) ભાવ અપરિગ્રહ અને સંવૃત્ત (ઇન્દ્રિયોના સંવરયુક્ત) ભાવથી સાધુએ લોકોમાં રહેવું જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जं पि य होज्जाइ दव्वजातं खलगतं खेत्तगतं रन्नमंतरगतं वा किंचि पुप्फ-फल-तयप्पवाल-कंद-मूल-तण-कट्ठ सक्करादि अप्पं च बहुं च अणुं च थूलगं वा न कप्पति उग्गहंमि अदिण्णंमि गिण्हउं ।

કોઈ પણ દ્રવ્યાદિ પદાર્થ ખળામાં, ખેતરમાં કે જંગલોમાં હોય, જેમ કે-ફૂલ, ફળ, છાલરૂપે હોય, પ્રવાળ, કંદ-મૂળ, ઘાસ, લાકડી, કાંકરા ઈત્યાદિ વસ્તુઓ મૂલ્યવાન અથવા વિશેષ મૂલ્યવાન હોય, થોડી હોય કે ઘણી હોય, છતાં પણ સાધુ તે વસ્તુઓને તેના માલિકની આજ્ઞા વગર લે નહીં.

जे हणि हणि उग्गहं अणुन्नविय गेण्हियव्वं ।

પ્રતિદિન અવગ્રહ પ્રાપ્ત કરી (માલિકની આજ્ઞા લઈ) સાધુએ તે કલ્પ્ય વસ્તુઓ જ લેવી યોગ્ય કહેવાય.

वज्जेयव्वो सव्वकालं अचियत्त-घरपवेसो, अचियत्त-भत्तपाणं, अचियत्त-पीढ-फलग-सेज्जा-संथारग-वत्थ-पत्त-कंबल-दंडग-रयहरण-निसेज्ज-चोलपट्टग-मुहपोत्तियं-पायपुंछणाइ-भायण-भंडोवहि-उवकरणं ।

અપ્રીતિકર (સાધુ પ્રત્યે અભાવ દર્શાવનાર) ઘરમાં પ્રવેશ કરવો અથવા અપ્રીતિકર ઘરના આહારપાણી લેવા સાધુઓ માટે અયોગ્ય ગણાય. માટે અપ્રીતિકરને ત્યાંથી પીઠ, ફલક, શય્યા-સંસ્તારક, વસ્ત્ર, પાત્ર, કંબલ, દંડક રજોહરણ, નિષદ્યા, ચોળપટ્ટક, મોઢે બાંધવાની મુખ-વસ્ત્રિકા, પગ લૂંછવાનું વસ્ત્ર-ભાજન, વસ્ત્રાદિ ઉપકરણ પણ ન લે.

परपरिवाओ परस्स दोसो, परववएसेणं जं च गेण्हइ, परस्स नासेइ जं च सुकयं दाणस्स य अंतराइयं, दाणविप्पणासो, पेसुन्नं चेव मच्छरित्तं च ।

બીજાનો અપવાદ (બીજાના દોષો બતાવી) બતાવી અથવા બીજાના નામે કોઈ પણ વસ્તુ ન લે. આ પ્રકારના દોષ સાધુ માટે ત્યાજ્ય છે. બીજાના સુકૃત આદિ પુન્યકર્મોનો નાશ થાય તેવા વચન ન બોલે, દાનમાં અંતરાય (વિઘ્નો) ઊભા થાય એવાં વચનો ન બોલવાં. દાનનો વિનાશ થાય તેવા વચનો ન બોલવાં. બીજાની ખરી-ખોટી, ચુગલી-ચાડી તથા ઈર્ષ્યાભાવનો પણ પરિત્યાગ કરવો જોઈએ.

जे वि य पीढ-फलग-सेज्जा-संथारग-वत्थ-पाय-कंबल-मुहपोत्तिय-पायपुंछणादि भायण-भंडोवहि-उवकरणं-असंविभागी, असंगहरूई ।

જે સાધુ પીઠ, ફલક, શય્યા, સંસ્તારક, વસ્ત્ર, પાત્ર, કંબલ, દંડ, રજોહરણ, નિષદ્યા, ચોળ-પટ્ટા, મુખ પર બાંધવાની મુખવસ્ત્રિકા, પગ લૂછવાનું વસ્ત્ર ઈત્યાદિ તથા ભાજન-ભાંડ ઇત્યાદિ, જે ઉપકરણનો સંવિભાગ ન થતો હોય, સૂઝતા મળતાં હોય, તો તેને પણ સંગ્રહવાની રુચિ ન કરે

तवतेणे य, वयतेणे य, रूवतेणे य, आयारे चेव भावतेणे य ।

જે તપનો ચોર છે, વાણીનો ચોર છે, રૂપનો ચોર છે, આચાર ધર્મનો ચોર છે, ભાવનો ચોર છે.

सद्दकरे झंझकरे कलहकरे वेरकरे विकहकरे असमाहिकरे, सया अप्पमाणभोई, सततं अणुबद्धवेरे य, निच्चरोसी, से तारिसए नाराहए वयमिणं ।

—प. सु. २, अ. ३, सु. २-७

(રાત્રે) મોટા-ઊંચે સ્વરે બોલતો હોય, ગચ્છમાં ફૂટ પાડતો હોય, કલહ કરતો હોય, વેર વધારતો હોય, વિકથા-બકવાદ કરતો હોય, ચિત્તમાં અસમાધિ ઉપજાવતો હોય, હંમેશ પ્રમાણરહિત ભોજન કરતો હોય, હંમેશા વેર-વિરોધ ટકાવીને રાખતો હોય, હંમેશા નિત્યનવા રોષ કે અપ્રસન્નતા રાખતો હોય, એવી પ્રકૃતિનો સાધુ ત્રીજા મતની આરાધના કરી શકતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दत्तमणुण्णाय संवरस्स आराहगा—

५६०. प०—अह केरिसए पुणाइं आराहए वयमिणं ?

उ०—जे से उवहि-भत्त-पाण-संगहण-दाण-कुसले ।

अच्चंत-बाल-दुब्बल-गिलाण-बुड्ढ-खवग-पवत्तय-आयरिय-उवज्झाए, सेहे साहम्मिए, तवस्सी, कुलगण-संघ-चेइयट्ठे ।

निज्जरट्ठी वेयावच्चं अणिस्सियं बहुविहं दसविहं करेइ ।

१. न य अचियत्तस्स गिहं पविसइ ।

२. न य अचियत्तस्स गेण्हइ भत्त-पाणं ।

३. न य अचियत्तस्स सेवइ पीढ-फलग-सेज्जा-संथारग-वत्थ- पाय-कंबल-डंडग-रयहरण-निसेज्ज-चोलपट्टय-मुहपोत्तिय-पायपुंछणाइ-भायण-भंडोवहि-उवगरणं ।

४. न य परिवायं परस्स जंपति ।

५. न यावि दोसे परस्स गेण्हति ।

६. परववएसेण वि न किंचि गेण्हति ।

७. न य विपरिणामेति किंचि जणं ।

८. न यावि णासेइ दिन्न-सुकयं ।

९. दाऊणं य न होइ पच्छातावि ए ।

१०. संविभागसीले ।

११. संगहोवग्गहकुसले,
से तारिसए आराहेइ वयमिणं ।

—पण्ह. सु. २, अ. ३, सु. ८ (क)

५६०. दत्त अनुज्ञात संवरना आराधक :-

प्र. (जे उपर्युक्त प्रकारनो मनुष्य आ व्रतनी आराधना करी शकतो नथी), तो केवा प्रकारनो मनुष्य आ व्रतनी आराधना करी शके ?

उ. आ दत्त-व्रतनो आराधक એ જ પુરુષ થઇ શકે છે, જે વસ્ત્ર-પાત્ર આદિ ધર્મોપકરણ, આહાર-પાણી ઇત્યાદિનો સંગ્રહ અને સંવિભાગ કરવામાં કુશળ છે.

જે અત્યંત બાળ, દુર્બળ, ગ્લાન, વૃદ્ધ અને માસખમણ આદિ તપસ્યા કરનાર સાધુની, પ્રવર્તક, આચાર્ય, ઉપાધ્યાય, નવદીક્ષિત સાધુની તથા સાધર્મિક...લિંગ અને પ્રવચનથી સમાનધર્મા સાધુની, તપસ્વી, કુળ, ગણ, સંઘના ચિત્તની પ્રસન્નતા માટે સેવા કરનારો હોય.

જે નિર્જરાનો અભિલાષી છે તેવો મુનિ આલોક પરલોક સંબંધી આકાંક્ષા રહિત થઇને દસ પ્રકારની (આહાર-પાણી આદિ વિવિધ પ્રકારે) વૈયાવૃત્ય કરે છે.

૧. તે અપ્રીતિકારક ગૃહસ્થના કુળમાં પ્રવેશ કરતો નથી

૨. અપ્રીતિકારક ઘરના આહાર-પાણી ગ્રહણ કરતો નથી.

૩. અપ્રીતિકારક પાસેથી પીઠ, ફલક, શય્યા સંસ્તારક, વસ્ત્ર, કંબલ, દંડ, રજોહરણ, ચોલપટ્ટક, મુખવસ્ત્રિકા તથા પગલૂંછણિયું કે ભાજન-પાત્રો પણ લેતો નથી.

૪. તે બીજાની નિંદા (પર-પરિવાદ) કરતો નથી.

૫. બીજાના દોષોને ગ્રહણ કરતો નથી.

૬. જે બીજાના નામે (ગ્લાન બાળ આદિને માટે લાવેલ) કંઈ પણ ગ્રહણ કરતો નથી.

૭. કોઇને ધર્મથી વિમુખ કરતો નથી.

૮. બીજાના દાન આદિના સુકૃત અથવા ધર્માચરણનો નાશ કરતો નથી.

૯. જે દાનાદિ આપ્યા બાદ, વૈયાવૃત્ય આદિ કર્યા બાદ પશ્ચાત્તાપ કરતો નથી.

૧૦. આચાર્ય, ઉપાધ્યાય આદિને માટે સંવિભાગકારી હોય.

૧૧. સંગ્રહ તથા ઉપકાર કરવામાં કુશળ હોય.
આવો સાધક જ અદત્તાદાન વ્રતનો આરાધક હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દત્તમણુણ્ણાય સંવરસ્સ ફલં—

૫૬૧. ઇમં ચ પરદ્દવ્વહરણ-વેરમણ-પરિરક્ખણટ્ઠયાએ પાવયણં ભગવયા સુકહિયં અત્તહિયં પેચ્ચા ભાવિયં આગમેસિભદ્દં સુદ્ધં નેયાઉયં અકુડિલં અણુત્તરં સવ્વદુક્ખપાવાણં-વિઓવસમણં ।

—પણ્હ. સુ. ૨, અ. ૩, સુ. ૯

દત્ત અનુજ્ઞાત સંવરનું ફળ :-

૫૬૧. પરાયા દ્રવ્યના હરણથી વિરમણ (નિવૃત્તિ)રૂપ અસ્તેય વ્રતની પરિરક્ષા માટે ભગવાન તીર્થંકર દેવે પ્રવચનમાં યોગ્ય જ કહ્યું છે. આવું પ્રવચન આત્મા માટે હિતકારી છે, જન્માંતરમાં શુભ ફળ પ્રદાન કરનારું છે, તથા ભવિષ્યમાં કલ્યાણકારી છે. આ પ્રવચન શુદ્ધ છે, ન્યાય-યુક્તિ-તર્ક સહિત છે, અકુટિલ-યુક્તિના સરળ માર્ગરૂપ છે, સર્વોત્તમ છે તથા સર્વ દુઃખ અને પાપને સર્વથા શાંત કરનાર છે.

અણ્ણ સમણોવગરણસ્સ ઓગ્ગહ વિહિ—

૫૬૨. જેહિં વિ સદ્ધિં સંપવ્વઇએ તેસિંડપિ યાઇં છત્તયં વા દંડગં વા મત્તયં વા-જાવ-ચમ્મચ્છેદણગં વા તેસિં પુવ્વામેવ ઉગ્ગહં અણણુણ્ણવિય પડિલેહિય પમજ્જિય તઓ સંજયામેવ ઓગિણ્હેજ્જ વા પગિણ્હેજ્જ વા ।

—આ. સુ. ૨, અ. ૭, ઉ. ૧, સુ. ૬૦૭ (ગ)

અન્ય સાધુના ઉપકરણ-ઉપયોગ હેતુ અવગ્રહ-ગ્રહણ વિધાન :-

૫૬૨. જે સાધુઓની સાથે પોતે પ્રવ્રજિત થયો છે તેમનાં પણ છત્ર, દંડ, માત્રક (ભાજન) યાવત્ ચર્મ છેદનક ઈત્યાદિ ઉપકરણો, પહેલાં તેમની અવગ્રહ-અનુજ્ઞા લીધા વિના તથા પ્રતિલેખન પ્રમાર્જન કર્યા વિના એક અથવા અનેક વાર ગ્રહણ કરે નહિં. પરંતુ પહેલાં જ અવગ્રહ-અનુજ્ઞા (ગ્રહણ કરવાની આજ્ઞા) લઈ ત્યારબાદ તેનું પ્રતિલેખન-પ્રમાર્જન કરી સંયમી સાધુ તે વસ્તુને એક કે અનેક વાર ગ્રહણ કરે.

રજ્જ પરિયટ્ટિએ ઓગ્ગહ વિહિ—

૫૬૩. સે રજ્જપરિયટ્ટેસુ સંથડેસુ અવ્વોગડેસુ અવ્વોચ્છિન્નેસુ અપર-પરિગ્ગહિએસુ સચ્ચે વ ઓગ્ગહસ્સ પુવ્વાણુન્નવણા ચિટ્ઠઇ અહાલંદમવિ ઓગ્ગહે ।

સે રજ્જપરિયટ્ટેસુ અસંથડેસુ વોગડેસુ વોચ્છિન્નેસુ પરપરિગ્ગહિએસુ ભિક્ખુભાવસ્સ અટ્ઠાએ દોચ્ચંપિ ઓગ્ગહે અણુન્નવેયવ્વે સિયા ।

—વવ. ઉ. ૭, સુ. ૨૬-૨૭

રાજ્ય પરિવર્તનમાં અવગ્રહ અનુજ્ઞાપન :-

૫૬૩. રાજાના મૃત્યુ બાદ જ્યાં સુધી નવા રાજાનો અભિષેક ન થાય, રાજ્ય અવિભક્ત તથા શત્રુઓ દ્વારા અનાક્રાન્ત રહે, રાજ્ય અવિચ્છિન્ન રહે તથા રાજ્ય વ્યવસ્થા પૂર્વવત્ રહે ત્યાં સુધી સાધુ સાધ્વીઓ માટે પૂર્વગ્રહિત આજ્ઞા જ અવસ્થિત રહે છે,

રાજાના મૃત્યુ પછી રાજ્ય વિભક્ત થઈ જાય અથવા શત્રુઓ દ્વારા આક્રમણ થઈ જાય, રાજવંશ વિચ્છેદ થઈ જાય અથવા રાજ્ય વ્યવસ્થા પૂર્વવત્ ન રહે તો સાધુ-સાધ્વીઓએ ભિક્ષુભાવની રક્ષા માટે બીજીવાર આજ્ઞા લેવી જોઈએ.

અપ્પઅદિણ્ણાદાણસ્સ પાયચ્છિત્ત સુત્તં—

૫૬૪. જે ભિક્ખૂ લહુસગં અદત્તં આઇયઇ આઇયન્તં વા સાઇજ્જઇ ।

તં સેવમાણે આવજ્જઇ માસિયં પરિહારટ્ઠાણં અણુગ્ઘાઇયં ।

—નિ. ઉ. ૨, સુ. ૨૦

અલ્પ અદત્તાદાનનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :-

૫૬૪. જે ભિક્ષુ અલ્પ અદત્તાદાન લે છે; લેવડાવે છે, લેનારનું અનુમોદન કરે છે.

તેને માસિકપરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

સેહ-અવહરણ-વિપ્પરિણામણ પાયચ્છિત્ત સુત્તં—

૫૬૫. જે ભિક્ખૂ સેહં અવહરઇ અવહરંતં વા સાઇજ્જઇ ।

શિષ્ય અપહરણનું પ્રાયશ્ચિત સૂત્ર :-

૫૬૫. જે ભિક્ષુ શિષ્યનું અપહરણ કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जे भिक्खू सेहं विप्परिणामेइ विप्परिणामंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणग्घाइयं ।

—नि. उ. १०, सु. ९-१०

જે ભિક્ષુ શિષ્યના પૂર્વગુરુ પ્રત્યે અશ્રદ્ધા ઉત્પન્ન કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક અનુદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

आयरियस्स अवहरण-विप्परिणामण-पायच्छित्त सुत्तं—

आचार्यनुं अपहरण अथवा परिवर्तनकरणनुं प्रायश्चित्त सूत्र :-

५६६. जे भिक्खू दिसं अवहरइ अवहरंतं वा साइज्जइ ।

जे भिक्खू दिसं विप्परिणामेइ विप्परिणामंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

—नि. उ. १०, सु. ११-१२

५६६. જે ભિક્ષુ આચાર્યનું અપહરણ કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ આચાર્યનું પરિવર્તન કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે,

તેને ચાતુર્માસિક અનુદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તૃતીય મહાવ્રત પરિશિષ્ટ

અદિણ્णાદાण મહવ્વયસ્સ પંચ भावणाओ—

૫૬૭. ૧. उग्गहमणुण्णवणया,
૨. उग्गहसीमजाणणया,
૩. सयमेव उग्गहं अणुगिण्हणया,
૪. साहम्मिय उग्गहं अणुण्णविय परिभुंजणया,
૫. साहारणभत्तपाणं अणुण्णविय परिभुंजणया ।

—सम. २५, सु. १

તૃતીય અદત્તાદાન મહાવ્રતની પાંચ ભાવના :-

૫૬૭. ૧. અવગ્રહ - અનુજ્ઞાપનતા
૨. અવગ્રહ સીમા - જ્ઞાપનતા
૩. સ્વયમેવ અવગ્રહ - અનુગ્રહણતા
૪. સાધર્મિક અવગ્રહ - અનુજ્ઞાપનતા
૫. સાધારણ ભક્તપાન અનુજ્ઞાપ્ય પરિભુંજનતા

૫૬૮. तस्स इमा पंच भावणाओ होंति परदव्व हरणवेरमणपरिरक्खणट्ठयाए ।

પઢમં—देवकुल-सभप्पवा-आवसह रुक्खमूल-आराम-कंदरागर-गिरिगुहा-कम्म-उज्जाण-जाणसाला -कुवियसाला - सुन्नघर - सुसाण लेण-आवणे, अन्नंमि य एवमादियंमि दग-मट्टिय-बीज-हरित-तस-पाण-असंसत्ते अहाकडे फासुए विवित्ते पसत्थे उवस्सए होइ विहरियव्वं ।

आहाकम्मबहुले य जे से आसित्त-संमज्जिओवलित्त-सोहिय-छायण-दूमण-लिंपण-अणुलिंपण-जलण-भंडचालणं, अंतो वहिं च असंजमो जत्थ वड्ढई, संजयाण अट्ठा वज्जेयव्वो हु उवस्सओ से तारिसए सुत्त पडिकुट्ठे ।

एवं विवित्तवास-वसहि-समितिजोगेण भाविओ भवई अंतरप्पा । निच्चं अहिकरण-करण-कारावण-पावकम्मविरओ दत्तमणुन्नाय-ओग्गहरुई ।

૫૬૮. પરદ્રવ્યહરણ-વિરમણ (અદત્તાદાન ત્યાગ) વ્રતની સંપૂર્ણ રક્ષા કરવા માટે પાંચ ભાવનાઓ છે.

પ્રથમ ભાવના :-

દેવકુળ (મંદિર) સભા-મહાજન સ્થાન, પ્રપા (પાણીની પરબ), પરિવ્રાજક નિવાસ, વૃક્ષ મૂળમાં, ઉદ્યાનમાં, ગુફા, ખાણ, પર્વતની ગુફા, ચૂના આદિની ભઠ્ઠી,યાનશાળા,ગૃહ-સામગ્રી ભરવાનું સ્થાન (કોઠાર રૂમ), મંડપ, શૂન્ય ગૃહ સ્મશાન, લયન-પર્વતની તળેટીમાં રહેલા પાષાણ ઘરમાં, હાટમાં ઇત્યાદિ અન્ય એવાં જ સ્થાનો જે સચિત્ત પાણી માટી, બીજ, હરિતકાય, ત્રસ પ્રાણીઓથી રહિત હોય તથા ગૃહસ્થે પોતાના ઉપયોગ માટે બનાવ્યું હોય, પ્રાસુક હોય તથા સ્ત્રી, પુરુષ, પંડકથી રહિત અને પ્રશસ્ત હોય, એવા ઉપાશ્રયમાં સાધુએ રહેવું જોઈએ.

જે સ્થાન આધાકર્મ સહિત હોય અર્થાત્ જ્યાં સાધુના નિમિત્તે પાણી છાંટવાની ક્રિયા થતી હોય, ઝાડુથી સાફ કર્યું હોય, પાણીથી લિંપ્યું હોય, ચંદનમાળા આદિથી સુશોભિત કર્યું હોય, ચટાઈ આદિ બીછાવી હોય, કલાઈથી શ્વેત કર્યું હોય, છાણ આદિથી લીપ્યું હોય ગરમ કરવા માટે અથવા પ્રકાશ માટે આગ જલાવી હોય, વાસણ અહીં તહીં કર્યા હોય, આ પ્રમાણે સાધુઓ માટે જે ઉપાશ્રયની અંદર અથવા બહાર જીવોની હિંસા અધિક થતી હોય, એવો આગમ-નિષિદ્ધ ઉપાશ્રય સાધુ માટે વર્જિત છે,

આ પ્રમાણે જેનો અંતરાત્મા વિવિક્તવાસ સમિતિથી ભાવિત થાય છે, તે દુર્ગતિમાં લઈ જનારા દોષથી નિવૃત્ત થતો દત્ત અનુજ્ઞાત અવગ્રહની રુચિવાળો બને છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

बितियं—आरामुज्जाण-काणण-वणप्पदेसभागे जं किंचि इक्कडं च, कठिणगं च जंतुगं च परेर-कुरुव-कुस-डब्भ-पलाल-मूयग-वल्लय-पुप्फ, फल-तयप्पवाल-कंद-मूल-तण-कट्ठ-सक्करादी गेण्हइ, सेज्जोवहिस्स अट्ठा न कप्पए ओग्गहे अदिन्नंमि गिण्हेउं ।

जे हणि हणि उग्गहं अणुन्नवियं गेण्हियव्वं ।
एवं उग्गहसमितिजोगेण भाविओ भवइ अंतरप्पा ।
निच्चं अहिकरण-करण-कारावण-पावकम्म-विरते दत्तमणुन्नाय-ओग्गहरुई ।

द्वितीय भावना :-

आराम-उद्यान, कानन तथा वन प्रदेशमां जे कोइ ईक्षण (तृण) कठिनग (पांदडां) जंतु (पाणीमां थतुं घास) परा, मुंज, कुश, दर्भ पराल, मूचक, वल्वज, पुष्प, फळ, छाल, अंकुर कंदमूळ, तृण, काष्ठ, कांकरी आदि संस्तारक बनावबा माटे आवश्यक होय तो आज्ञा मांगीने लेवुं कल्पे छे. आज्ञा वगर लेवुं कल्पतुं नथी हंमेशा आज्ञा लइने लेवुं कल्पे छे.

आ प्रमाणे जेनो अंतरात्मा अवग्रह-समितिथी भावित होय छे, ते दुर्गतिमां लई जनारा पापकर्मो करवाना दोषथी नित्य विरक्त थइ दत्त अनुज्ञात अवग्रहनी रुचिवाळो बने छे.

ततियं— १. पीढ-फलग-सेज्जा-संथारगट्ठयाए रुक्खा न छिंदियव्वा ।

२. न छेदणेण भेदणेण सेज्जा कारेयव्वा ।

३. जस्सेव उवस्सए वसेज्ज, सेज्जं तत्थेव गवेसेज्जा ।

४. न य विसमं समं करेज्जा ।

५. न निवाय-पवाय उस्सुगुत्तं ।

६. न डंस-मसगेसु खुभियव्वं ।

७. अग्गी धूमो य न कायव्वो ।

एवं संजम-बहुले, संवर-बहुले, संवुड-बहुले, समाहि-बहुले, धीरे काएण फासयंतो सययं अज्झप्पज्झाणजुत्ते समिए एगे चरेज्ज धम्मं ।

तृतीय भावना :-

१. पीठ, फलक, शय्या के संसारक माटे वृक्ष कापवां न जोईओ.

२. छेदन-भेदन क्रिया करीने शय्या न बनाववी जोईओ.

३. जेना उपाश्रयमां निवास कर्यो होय त्यां ज शय्यानी गवेषणा करवी जोईओ.

४. ऊंची-नीची जमीनने सम न करवी जोईओ,

५. हवानो अभाव होय के अधिक हवा आवती होय तो जरा पण प्रतिकार न करवो जोईओ.

६. डांस के मच्छरनो उपद्रव होय तो पण क्षोभ न करवो जोईओ.

७. अग्नि के धुमाडो न करवो जोईओ.

आ प्रमाणे जे पृथ्वीकाय आदि छकाय जीवोना रक्षणमां तत्पर, आश्रव रोकवामां तत्पर, कषाय अने इन्द्रियोना निग्रहमां तत्पर चित्त-समाधिमां तत्पर, धैर्यवान, कायाथी सर्वदा (न मात्र मनोरथथी) चारित्रनुं पालन करनार अध्यात्म ध्यानथी युक्त होय छे, ते रागादिथी रहित बनी धर्मनुं आचरण करे छे.

एवं सेज्जासमितिजोगेण भाविओ भवइ अंतरप्पा ।
निच्चं अहिकरण-कारावण-पावकम्मविरते दत्तमणुन्नाय-ओग्गहरुई ।

आ प्रमाणे जेनो अंतरात्मा शय्या समितना योगथी भावित होय छे ते दुर्गतिमां लई जनारा पापकर्मोने करवा, करावबाथी निवृत्त थइ दत्त अनुज्ञात अवग्रहनी रुचिवाळो बने छे.

चउत्थं—साहारण-पिंडपातलाभे भोत्तव्वं सज्जणवण समियं ।

चोथी भावना :-

समान साधर्मिकोनो प्राप्त आहार आदि पण आज्ञा प्राप्त करी उपयोगमां लेवो जोइओ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

न साय-सूणाहिकं, न खद्धं, न वेगियं, न चवलं, न साहसं, न य परस्स पीलाकारं सावज्जं ।

साधर्मिकोना आहारमांथी शाक, दाळ, इत्यादि वधारे न लेवां जोईओ. भोजननो पण वधारे भाग न लेवो जोईओ. (अन्यथा साधुओने अप्रीति थाय छे). कोळीया जल्दी न गळवा जोईओ, कोळीया मोढामां जल्दी जल्दी न मूकवा जोईओ. आहार करती वेळाओ कायिक चपळता न राखवी जोईओ. ओकडम (हित-मित-पथ्यनो विवेक कर्या वगर) आहार न करवो जोईओ. बीजाने पीडा थाय ओवी रीते आहार न करवो जोईओ. सावद्य (सदोष) आहार न करवो जोईओ.

तह भोतव्वं जह से ततियवयं न सीदति ।

आहार ओ प्रमाणे लेवो जोईये जेथी त्रीजुं व्रत खंडित न थाय.

साहारण-पिंडपायलाभे सुहुमं अदिन्नादाणवय-नियम-वेरमणं ।

समान साधर्मिकोथी प्राप्त आहार आदि (आज्ञा लई) लेवामां निश्चित्त रूपथी सूक्ष्म अदत्तादान विरमण व्रतनुं पालन थाय छे.

एवं साहारण-पिंडपायलाभे समिति-जोगेण भाविओ भवइ अंतरप्पा ।
निच्चं अहिकरण-करण-कारावण-पावकम्म-विरते दत्तमणुन्नाय ओग्गहरुई ।

आ प्रमाणे जेनो आंतरात्मा सम्यक् प्रवृत्तिना योगथी भावित थाय छे, ते दुर्गतिमां लई जनारा पाप कर्मो करवा-कराववाना दोषोथी निवृत्त थतो दत्त-अनुज्ञात-अवग्रह रुचिवाळो बने छे.

पंचमगं—

१. साहम्मिएसु विणओ पउंजियव्वो ।

२. उवगरण-पारणासु विणओ पउंजियव्वो ।

३. वायण-परियट्टणासु विणओ पउंजियव्वो । दाण-गहण-पुच्छणासु विणओ पउंजियव्वो ।

४. दाण-गहण-पुच्छणासु विणओ पउंजियव्वो ।

५. निक्खमण-पवेसणासु विणओ पउंजियव्वो ।

६. गुरुसु साहुसु तवस्सीसु य विणओ पउंजियव्वो ।

अन्नेसु य एवमादिसु बहुसु कारणसएसु विणओ पउंजियव्वो ।
विणओ वि तवो, तवो वि धम्मो, तम्हा विणओ पउंजियव्वो ।
एवं विणएण भाविओ भवइ अंतरप्पा ।
निच्चं अहिगरणं करण-कारावण-पावकम्म विरए, दत्तमणुण्णाय ओग्गहरुई ।
—प्र. सु. २, अ. ३, सु. १०-१५

पांचमी भावना :-

१. साधर्मिक प्रत्ये विनयनो प्रयोग करवो जोईओ

२. रोगी आदिनी सेवा माटे, पारणा (तपश्चर्यानी समाप्ति)मां विनयनो प्रयोग करवो जोईओ.

३. वाचना-नवा ग्रंथना अध्ययन तथा परिवर्तना-सूत्रार्थना पारायणमां विनयनो प्रयोग करवो जोईओ.

४. साधर्मिकोने आहारादि देवामां अथवा तेओ पासेथी आहारादि ग्रहण करवामां अथवा सूत्रार्थनी पृच्छामां विनयनो प्रयोग करवो जोईओ.

५. उपाश्रयथी नीकळती वेळाओ अथवा उपाश्रयमां प्रवेश करती वखते विनयनो प्रयोग करवो जोईओ.

६. गुरु, साधु तथा तपस्वीओनो विनय करवो जोईओ. इत्यादि आवा अनेक प्रसंगोमां विनयनो प्रयोग करवो जोईओ.

विनय तप छे, तप धर्म छे, माटे विनय करवो जोईओ.

आ प्रमाणे जेनो आंतरात्मा विनयथी भावित थाय छे ते दुर्गतिमां लई जनारा पापकर्मोने करवा तथा कराववाना दोषथी निवृत्त थई दत्त अनुज्ञातना अवग्रहनी रुचिवाळो बने छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उवसंहारो—

५६९. एवमिणं संवरस्स दारं सम्मं संवरियं होइ सुप्पणिहियं, एवं पंचहिं वि कारणेहिं मण-वय-काय-परिरक्खिएहिं णिच्चं आमरणंतं च एस जोगो णेयव्वो धिइमया मइमया अणासवो अकलुसो अछिद्दो अपरिस्सावी असंकिलिट्ठो सुद्धो सव्वजिणमणुण्णाओ ।

एवं तइयं संवरदारं फासियं पालियं सोहियं,

तीरियं,
किट्टियं,
आराहियं आणाए अणुपालियं भवइ ।

एवं णायमुणिणा भगवया पण्णवियं परूवियं पसिद्धं सिद्धं सिद्धवर-सासणमिणं आघवियं सुदेसियं पसत्थं ।

—प. सु. २, अ. ३, सु. १६

उपसंहार :-

५६९. આ પ્રમાણે મન, વચન, અને કાયાથી પૂર્ણ-રૂપે સુરક્ષિત-આ પાંચ ભાવનાઓવાળું સંવર દ્વાર-અસ્તેય મહાવ્રત સમ્યક્ પ્રકારે પાલન કરવા યોગ્ય છે. માટે ધૈર્યવાન તથા મતિમાન સાધક આશ્રવનો નિરોધ કરનારા નિર્ગ્રંથ, અકલુષ, અછિદ્ર-કર્મરૂપ જલબિંદુ પણ જેમાં પ્રવેશી શકતું નથી તેવા, અપરિ-શ્રાવી, સંક્લેશનો અભાવ કરનારા, કર્મફળથી રહિત હોવાના કારણે શુદ્ધ તથા સર્વ તીર્થંકરો દ્વારા અનુજ્ઞાત આ યોગને નિરંતર જીવન પર્યંત આચરણમાં ઉતારે.

આ પ્રમાણે (પૂર્વોક્ત રીતથી) દત્તાનુજ્ઞાત નામક સંવર દ્વાર યથાસમયે અંગીકૃત કરી પાલિત શોધિત કરી નિરતિચાર આચરે,

તીરિત-અંત સુધી પાર પહોંચાડે-કીર્તિત,

બીજા સમક્ષ આદરપૂર્વક કહે,

અનુપાલિત-હમેશા પાલન કરે, ત્યારે ભગવાનની આજ્ઞાનુસાર આરાધિત બને છે.

આ પ્રમાણે જ્ઞાતમુનિ ભગવાન મહાવીર સ્વામીએ સિદ્ધવર શાસનનું કથન કર્યું છે, વિશેષ પ્રકારે પ્રવચન કર્યું છે, તર્ક અને પ્રમા-ણથી સિદ્ધ કર્યું છે સુપ્રતિષ્ઠિત કર્યું છે, ભવ્ય જીવો માટે તેનો ઉપદેશ આપ્યો છે. તે પ્રશસ્ત-કલ્યાણકારી મંગલમય છે.

अन्नउत्थिएहिं अदत्तादाणाक्खेवो—थेरेहिं तप्प-रिहारो य—

अन्य तीर्थिको द्वारा अदत्तादानतो आक्षेप-स्थविरो द्वारा तेनो परिहार :-

५७०. तेणं कालेणं तेणं समएणं रायगिहे नयरे । वण्णओ । गुणसिलए चेइए वण्णओ-जाव पुढवि-सिलापट्टओ वण्णओ । तस्स णं गुणसिलयस्स चेइयस्स अदूरसामंते बहवे अन्नउत्थिया परिवसंति ।

५७०. તે કાળે અને તે સમયે રાજગૃહ નામે નગર હતું. વર્ણન (ઔપપાતિક સૂત્રમાં વર્ણિત ચંપાનગરવત્ જાણવું). ગુણશિલક ચૈત્ય હતું, યાવત્ પૃથ્વીશિલાપટ્ટક હતું. (આ વર્ણન ઔપપાતિક સૂત્રના પૂર્ણભદ્ર ચૈત્યની જેમ સમજવું. શિલાપટ્ટક સુધીનું વર્ણન જાણવું.) તે ગુણશિલ ચૈત્યની આસપાસ થોડે દૂર ઘણા અન્યતીર્થિકો વસતા હતા.

तेणं कालेणं तेणं समएणं समणे भगवं महावीरे आदिगरे-जाव-समोसढे-जाव- परिसा पडिगया ।

તે કાળે તે સમયે શ્રમણ ભગવાન્ મહાવીર, તીર્થની આદિના કરનારા યાવત્ સમોસર્યા યાવત્ પરિષદ વિસર્જિત થઈ.

तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स बहवे अंतेवासी थेरा भगवंतो जातिसम्पन्ना कुलसम्पन्ना-जाव- जीवियासा-मरणभयविप्पमुक्का समणस्स भगवओ महावीरस्स अदूरसामंते उड्ढं जाणू अहोसिरा झाणकोट्ठोवगया संजमेणं तवसा अप्पाणं भावेमाणा-जाव-विहरंति ।

તે કાળે તે સમયે શ્રમણ ભગવાન્ મહા-વીરના ઘણા શિષ્યો, સ્થવિર ભગવંતો, જાતિ સંપન્ન-ઇત્યાદિ વર્ણવ્યા છે તેવા, યાવત્ જીવિતની આશા અને મરણના ભયથી રહિત હતા, અને શ્રમણ ભગવંત મહાવીરની આસપાસ ઢીંચણ ઊંચા કરી, મસ્તક નીચે નમાવી, ધ્યાનરૂપ કોષ્ટને પ્રાપ્ત થયેલા, સંયમ અને તપ વડે આત્માને ભાવિત કરતા યાવત્ વિહરતા હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तए णं ते अन्नउत्थिया जेणेव थेरा भगवन्तो तेणेव उवागच्छंति, उवागच्छित्ता ते थेरे भगवन्ते एवं वयासी—"तुब्भे णं अज्जो तिविहं तिविहेणं असंजय-अविरय-अप्पडिहय अपच्चक्खाय पावकम्मा सकिरिया असंवुडा, एगंतदंडा, एगंतबाला यावि भवह।

तए णं ते थेरा भगवन्तो ते अन्नउत्थिए एवं वयासी—

"केण कारणेणं अज्जो! तिविहं तिविहेणं असंजय-अविरय-अप्पडिहय - अप्पच्चक्खाय-पावकम्मा-जाव-एगंतबाला यावि भवामो?"

तए णं ते अन्नउत्थिया ते थेरे भगवन्ते एवं वयासी—

"तुब्भे णं अज्जो! अदिन्नं गेण्हह, अदिन्नं भुंजह, अदिन्नं सातिज्जह। तए णं तुब्भे अदिन्नं गेण्हमाणा, अदिन्नं भुंजमाणा, अदिन्नं सातिज्जमाणा तिविहं तिविहेणं असंजय-अविरय-अप्पडिहय-अपच्चक्खाय - पावकम्मा -जाव-एगंतबाला यावि भवह।"

तए णं ते थेरा भगवन्तो ते अन्नउत्थिए एवं वयासी—

"केण कारणेणं अज्जो! अम्हे अदिन्नं गेण्हामो, अदिन्नं भुंजामो, अदिन्नं सातिज्जामो?"

तए णं अम्हे अदिन्नं गेण्हमाणा, अदिन्नं भुंजमाणा, अदिन्नं सातिज्जमाणा तिविहं तिविहेणं असंजय-अविरय-अप्पडिहय-पच्चक्खाय-पावकम्मा-जाव-एगंतबाला यावि भवामो?

तए णं ते अन्नउत्थिया ते थेरे भगवन्ते एवं वयासी—

"तुम्हाणं अज्जो! दिज्जमाणे अदिन्ने, पडिगहेज्जमाणे अपडिग्गहिए निसिरिज्जमाणे अणिसट्ठे,

तुब्भे णं अज्जो! दिज्जमाणं पडिग्गहगं असंपत्तं एत्थ णं अंतरा केइ अवहरिज्जा, गाहावइस्स ण तं, नो खलु तं तुब्भे, तइ णं तुब्भे अदिन्नं गेण्हह, अदिन्नं भुंजह, अदिन्नं सातिज्जह, "तए णं तुब्भे अदिन्तं गेण्हमाणा अदिन्नं भुंजमाणा अदिन्नं सातिज्जमाणा -जाव एगंतबाला यावि भवह।"

ત્યારે તે અન્યતીર્થિકો જ્યાં સ્થવિર ભગવંતો હતા ત્યાં આવ્યા અને ત્યાં આવીને તેઓએ તે સ્થવિર ભગવંતોને એમ કહ્યું કે, 'હે આર્યો! તમે ત્રિવિધ ત્રિવિધે અસંયત, અવિરત અને અપ્રતિહત પાપકર્મવાળા છો, ક્રિયાસહિત છો, અસંવૃત છો, એકાન્ત હિંસા કારક તથા એકાન્ત અજ્ઞાની છો.'

ત્યારે તે સ્થવિર ભગવંતોએ અન્યતીર્થિકોને એમ કહ્યું કે,

હે આર્યો! અમે કયા કારણથી ત્રિવિધે અસંયત અવિરત અપ્રતિહત અને અપ્રત્યાખ્યાન પાપકર્મવાળા યાવત્ એકાંત બાલ-અજ્ઞાની છીએ?

ત્યારબાદ તે અન્યતીર્થિકોએ તે સ્થવિર ભગવંતોને એમ કહ્યું કે,

હે આર્યો! તમે અદત્ત (કોઈએ નહીં આપેલ) પદાર્થનું ગ્રહણ કરો છો. અદત્ત પદાર્થને ખાઓ છો અને અદત્તનો સ્વાદ લો છો. અર્થાત્ (ગ્રહણાદિકની) અનુમતિ આપો છો. તેથી અદત્તનું ગ્રહણ કરતા, અદત્તને જમતા અને અદત્તની અનુમતિ આપતા તમે ત્રિવિધ ત્રિવિધેથી અસંયત અવિરત અપ્રતિહત અને અપ્રત્યાખ્યાન પાપકર્મવાળા યાવત્ એકાંત બાળ પણ છો.

ત્યારબાદ તે સ્થવિર ભગવંતોએ તે અન્યતીર્થિકોને એમ કહ્યું કે,

હે આર્યો! કેવી રીતે અમે અદત્તનું ગ્રહણ કરીએ છીએ, અદત્તનું ભોજન કરીએ છીએ અને અદત્તની અનુમતિ આપીએ છીએ?

કે જેથી અદત્તને ગ્રહણ કરતાં, અદત્તનું ભોજન કરતાં, અદત્તની અનુમતિ આપતાં અમે ત્રિવિધ ત્રિવિધેથી અસંયત અવિરત અને અપ્રત્યાખ્યાન પાપકર્મવાળા યાવત્ એકાંત બાલ છીએ?

ત્યારબાદ તે અન્યતીર્થિકોએ તે સ્થવિર ભગવંતોને એમ કહ્યું કે,

હે આર્યો! તમારા મતમાં અપાતું હોય તે આપેલું નથી, ગ્રહણ કરાતું હોય તે ગ્રહણ કરાયેલું નથી, (પાત્રમાં) નંખાતું હોય તે નંખાયેલું નથી. એવું કથન છે. હે આર્યો! તમને આપવામાં આવતો પદાર્થ જ્યાં સુધી પાત્રમાં પડયો નથી, તેવામાં વચમાંથી જ તે પદાર્થને કોઈ અપહરણ કરે તો તે ગૃહપતિના પદાર્થનું અપહરણ થયું એમ કહેવાય, પણ તમારા પદાર્થનું અપહરણ થયું એમ ન કહેવાય. "તેથી તમે અદત્તનું ગ્રહણ કરો છો, અદત્તનું ભોજન કરો છો, અદત્તની અનુમતિ આપો છો. માટે અદત્તનું ગ્રહણ કરતા, અદત્તનું ભોજન કરતા અદત્તની અનુમતિ યાવત્ દેતા તમે એકાંત બાળ-અજ્ઞાન છો."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तए णं ते थेरा भगवन्तो ते अन्नउत्थिए एवं वयासी—
"नो खलु अज्जो ! अम्हे अदिन्नं गिण्हामो, अदिन्नं भुंजामो, अदिन्नं सातिज्जामो, अम्हे णं अज्जो ! दिन्नं गेण्हामो, दिन्नं भुंजामो, दिन्नं सातिज्जामो।"

तए णं अम्हे दिन्नं गेण्हमाणा, दिन्नं भुंजमाणा, दिन्नं सातिज्जमाणा तिविहं तिविहेणं संजय-विरय-पडिहय-पच्चक्खाय - पावकम्मा, अकिरिया, संवुडा, एगंत अदंडा, एगंतपंडिया यावि भवामो।

तए णं ते अन्नउत्थिया ते थेरे भगवंते एवं वयासी—
"केण कारणेणं अज्जो ! तुम्हे दिन्नं गेण्हह दिन्नं भुंजह, दिन्नं सातिज्जह," तए णं तुम्हे दिन्नं गेण्हमाणा-जाव-एगंत-पंडिया यावि भवह।
तए णं ते थेरा भगवन्तो ते अन्नउत्थिए एवं वयासी—
"अम्हे णं अज्जो ! दिज्जमाणे दिन्ने, पडिगहेज्जमाणे पडिग्गहिए निसिरिज्जमाणे निसट्ठे। अम्हे णं तं णो खलु तं गाहावइस्स।

तए णं अम्हे दिन्नं गेण्हामो, दिन्नं भुंजामो, दिन्नं सातिज्जामो, तए णं अम्हे दिन्नं गेण्हमाणा, दिन्न भुंजमाणा, दिन्नं सातिज्जमाणा तिविहं तिविहेणं संजय-विरय-पडिहय-पच्चक्खाय पावकम्मा-जाव-एगंतपंडिया यावि भवामो।

तुम्हे णं अज्जो ! अप्पणा चेव तिविहं तिविहेणं असंजय-अविरय-अपडिहय-अपच्चक्खाय-पावकम्मा-जाव-एगंतबाला यावि भवह।
तए णं ते अन्नउत्थिया ते थेरे भगवंते एवं वयासी—

ત્યાર પછી તે સ્થવિર ભગવંતોએ તે અન્યતીર્થિકોને એમ કહ્યું કે,

હે આર્યો ! અમે અદત્તનું ગ્રહણ કરતા નથી, અદત્તનું ભોજન કરતા નથી અને અદત્તની અનુમતિ પણ આપતા નથી. હે આર્યો ! અમે દત્તનું-આપેલ પદાર્થનું ગ્રહણ કરીએ છીએ, દત્તનું ભોજન કરીએ છીએ અને દત્તની અનુમતિ આપીએ છીએ.

માટે દત્તનું ગ્રહણ કરતા, દત્તનું ભોજન કરતા અને દત્તની અનુમતિ આપતા અમે ત્રિવિધે ત્રિવિધેથી સંયત, વિરત અને પાપકર્મનો નાશ કરનારા, પાપકર્મોનું પ્રત્યાખ્યાન કરનારા, ક્રિયારહિત સંવૃત્ત એકાન્ત અહિંસક યાવત્ એકાંત પંડિત છીએ."

ત્યારબાદ તે અન્યતીર્થિકોએ તે સ્થવિર ભગવંતોને એમ કહ્યું કે,

હે આર્યો ! તમે કેવી રીતે દત્તનું ગ્રહણ કરો છો, દત્તનું ભોજન કરો છો, દત્તની અનુમતિ આપો છો, જેથી દત્તનું ગ્રહણ કરતા તમે યાવત્ એકાંત પંડિત છો ?

ત્યાર પછી તે સ્થવિર ભગવંતોએ તે અન્યતીર્થિકોને એ પ્રમાણે કહ્યું કે,

હે આર્યો ! અમારા મતમાં અપાતું તે "અપાયેલું", ગ્રહણ કરાતું તે "ગ્રહણ કરાયેલું" "પાત્રમાં નંખાતું" તે "નંખાયેલું છે." એવું કથન છે.

જેથી અમને અપાતો પદાર્થ જ્યાં સુધી પાત્રમાં નથી પડયો ત્યાં સુધીમાં વચમાં કોઈ તે પદાર્થનો અપહાર કરે તો તે અમારા પદાર્થનો અપહાર થયો એમ કહેવાય, પણ તે ગૃહપતિના પદાર્થનો અપહાર થયો એમ ન કહેવાય.

માટે અમે દત્તનું ગ્રહણ કરીએ છીએ, દત્તનું ભોજન કરીએ છીએ, અને દત્તની અનુમતિ આપીએ છીએ. તેથી દત્તનું ગ્રહણ કરતાં, દત્તનું ભોજન કરતા, દત્તની અનુમતિ આપતા અમે ત્રિવિધ ત્રિવિધેથી સંયત, વિરત, પાપકર્મના નિરોધક, પાપકર્મનું પ્રત્યાખ્યાન કરનાર, ક્રિયારહિત, સંવૃત્ત, એકાન્ત અહિંસક, એકાંત પંડિત છીએ.

હે આર્યો ! તમે પોતે જ ત્રિવિધ ત્રિવિધેથી અસંયત અવિરત પાપકર્મોના અનિરોધક, પાપકર્મોનું પ્રત્યાખ્યાન ન કરનાર યાવત્ એકાંત બાળ છો.'

ત્યારબાદ તે અન્યતીર્થિકોએ તે સ્થવિર ભગવંતોને એમ કહ્યું કે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"केण कारणेणं अज्जो अम्हे तिविहं तिविहेणं असंजय-अविरय-अपडिहय-अपच्चक्खाय पावकम्मा सकिरिया—असंवुडा एगंतदंडा एगंतबाला यावि भवामो ?

तए णं ते थेरा भगवंतो ते अन्नउत्थिए एवं वयासी—

"तुब्भे णं अज्जो ! अदिन्नं गेण्हह, अदिन्नं भुंजह, अदिन्नं साइज्जह, तए णं अज्जो। तुब्भे अदिन्नं गेण्हमाणा अदिन्नं भुंजमाणा, अदिन्नं साइज्जमाणा तिविहं तिविहेणं असंजय-अविरय-अपडिहय-अपच्चक्खाय पावकम्मा-जाव-एगंतबाला यावि भवह।"

तए णं ते अन्नउत्थिया ते थेरे भगवंते एवं वयासी—

"केण कारणेणं अज्जो ! अम्हे अदिन्नं गेण्हामो अदिन्नं भुंजामो, अदिन्नं साइज्जामो, तए णं अम्हे अदिन्नं गेण्हमाणा, अदिन्नं भुंजमाणा, अदिन्नं साइज्जमाणा तिविहं तिविहेणं असंजय-अविरय-अपडिहय-अपच्चक्खाय-पावकम्मा-जाव-एगंतबाला यावि भवामो।"

तए णं थेरा भगवन्तो ते अन्नउत्थिए एवं वयासी—

तुब्भे णं अज्जो दिज्जमाणे—अदिन्ने पडिगहेज्जमाणे अपडिग्गहिए, निसिरिज्जमाणे अनिसट्ठे।

तुब्भे णं अज्जो ! दिज्जमाणं पडिग्गहगं असंपत्तं एत्थ णं अंतरा केइ अवहरिज्जा गाहावइस्स णं तं, नो खलु तं तुब्भं, तए णं तुब्भे अदिन्नं गेण्हह, अदिन्नं भुंजह, अदिन्नं सातिज्जह, तए णं तुब्भे अदिन्नं गेण्हमाणा, अदिन्नं भुंजमाणा, अदिन्नं साइज्जमाणा तिविहं तिविहेणं असंजय-अविरय-अपडिहय-अपच्चक्खाय-पावकम्मा जाव-एगंतबाला यावि भवह।"

—वि.स. ८, उ.७, सु. १-१५

હે આર્યો ! કયા કારણથી અમે ત્રિવિધ ત્રિવિધે અસંયત, અવિરત, પાપકર્મોના અનિરોધક, પાપકર્મોનું પ્રત્યાખ્યાન ન કરનાર યાવત્ એકાંત બાળ છીએ ?

ત્યારબાદ તે સ્થવિર ભગવંતોએ અન્યતીર્થિકોને આ પ્રમાણે કહ્યું—

હે આર્યો ! તમે અદત્ત ગ્રહણ કરો છો; અદત્ત ભોજન કરો છો, અદત્તની અનુમતિ આપો છો, માટે હે આર્યો ! તમે અદત્ત ગ્રહણ કરતા, અદત્ત ભોજન કરતા, અદત્તની અનુમતિ આપતા ત્રિવિધ ત્રિવિધથી અસંયત, અવિરત, પાપકર્મોના અનિરોધક, પાપકર્મોનું પ્રત્યાખ્યાન ન કરનારા યાવત્ એકાંત અજ્ઞાની છો.

ત્યારબાદ તે અન્યતીર્થિકોએ સ્થવિર ભગવંતોને આ પ્રમાણે કહ્યું.—

હે આર્યો ! શી રીતે અમે અદત્ત ગ્રહણ કરીએ છીએ, અદત્ત ભોજન કરીએ છીએ, અદત્તની અનુમતિ આપીએ છીએ ? જેથી આ પ્રમાણે અદત્ત ગ્રહણ કરતાં, અદત્ત ભોજન કરતાં, અદત્તની અનુમતિ દેતા ત્રિવિધ ત્રિવિધથી અસંયત, અવિરત કે અનિરોધક પાપકર્મોના પ્રત્યાખ્યાન ન કરનારા યાવત્ એકાંત અજ્ઞાની છીએ ?

ત્યારબાદ એ સ્થવિર ભગવંતોએ અન્યતીર્થિકોને આ પ્રમાણે કહ્યું—

હે આર્યો ! તમે અપાતું તે 'ન અપાયેલું' ગ્રહણ કરાતું 'ન ગ્રહણ કરાયેલું' અને પાત્રમાં નંખાતું તે 'ન નંખાયેલું' માનો છો.

હે આર્યો ! અપાતો પદાર્થ જ્યાંસુધી પાત્રમાં ન આવે અને વચમાં જ કોઈ તેનું અપહરણ કરે, તો તે ગૃહસ્થનો છે, અમારો નહિ. (એમ તમે માનો છો.) માટે તમે અદત્ત ગ્રહણ કરો છો, અદત્ત ભોજન કરો છો અને અદત્તની અનુમતિ આપો છો.

આ પ્રમાણે તમે અદત્તને ગ્રહણ કરતા, અદત્તનું ભોજન કરતાં, અદત્તની અનુમતિ આપતા ત્રિવિધ ત્રિવિધથી અસંયત, અવિરત, પાપકર્મના અનિરોધક, પાપકર્મનું પ્રત્યાખ્યાન ન કરનારા યાવત્ એકાંત અજ્ઞાની છો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चतुर्थ महाव्रतः ब्रह्मचर्य स्वरूप—१

चउत्थ बंभचेर महव्वयस्स आराहण-पइण्णा—

५७१. अहावरे चउत्थे भंते ! महव्वए मेहुणाओ वेरमणं ।

सव्वं भन्ते ! मेहुणं पच्चक्खामि; से दिव्वं वा माणुसं वा, तिरिक्ख-जोणियं वा ।

[से य मेहुणे चउव्विहे पण्णत्ते, तं जहा—

१. दव्वओ २. खेत्तओ, ३. कालओ ४. भावओ।

१. दव्वओ रूवेसु वा रूवसहगतेसु वा दव्वेसु,

२. खेत्तओ उड्ढलोए वा, अहोलोए वा, तिरियलोए वा ।

३. कालओ दिया वा राओ वा,

४. भावओ रागेण वा दोसेण वा]

नेव सयं मेहुणं सेवेज्जा, नेवऽन्नेहिं मेहुणं सेवावेज्जा, मेहुणं सेवंते वि अन्ने न समणुजाणेज्जा, जावज्जीवाए-तिविहं तिविहेणं मणेणं वायाए काएणं, न करेमि, न कारवेमि, करंतं वि अन्नं न समणुजाणामि ।

तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ।[1]

चउत्थे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाओ मेहुणाओ वेरमणं । दस. अ.४, सु.१४

चतुर्थ ब्रह्मचर्य महाव्रतना आराधनની प्रतिज्ञाः-

५७१. ભંતે ! ત્યારબાદ ચોથા મહાવ્રતમાં મૈથુનની વિરતિ થાય છે.

ભંતે ! હું સર્વ પ્રકારના મૈથુનનું પ્રત્યાખ્યાન કરું છું—દેવ સંબંધી, મનુષ્ય સંબંધી અથવા તિર્યંચ સંબંધી.

[તે મૈથુનના ચાર પ્રકાર છે. જેમ કે-

૧. દ્રવ્યથી, ૨. ક્ષેત્રથી, ૩. કાળથી, ૪. ભાવથી

૧. દ્રવ્યથી રૂપમાં અથવા રૂપ યુક્ત દ્રવ્યમાં,

૨ ક્ષેત્રથી ઉર્ધ્વલોક અથવા અધોલોક અથવા તિર્યક્‌લોકમાં,

૩. કાળથી દિવસમાં અથવા રાત્રિમાં,

૪. ભાવથી રાગ કે દ્વેષથી]

મૈથુનનું હું પોતે સેવન કરીશ નહિ, બીજા દ્વારા મૈથુન સેવન કરાવીશ નહિ તથા મૈથુન સેવન કરનારનું અનુમોદન પણ કરીશ નહિ. જીવનપર્યંત ત્રણ કરણ, ત્રણ યોગથી, મનથી, વચનથી, કાયાથી-કરીશ નહિ, કરાવીશ નહિ, કરનારનું અનુમોદન પણ કરીશ નહિ.

ભંતે ! હું ભૂતકાળના મૈથુન-સેવનથી નિવૃત્ત થાઉં છું, તેની નિંદા કરું છું, ગર્હા કરું છું તથા આત્માનો વ્યુત્સર્ગ કરું છું.

ભંતે ! હું ચોથા મહાવ્રતમાં ઉપસ્થિત થાઉં છું, જેમાં સર્વ મૈથુનની વિરતિ થાય છે.

मेहुण विरमण वयस्स पंच भावणाओः—

५७२. अहावरं चउत्थं भंते ! महव्वयं पच्चक्खामि सव्वं मेहुणं ।

से दिव्वं वा, माणुसं वा, तिरिक्खजोणियं वा, णेव सयं मेहुणं गच्छेज्जा । णेवऽण्णं मेहुणं गच्छाविज्जा, अण्णं पि मेहुणं गच्छंतं ण समणुजाणेज्जा,

जावज्जीवाए तिविहं तिविहेणं-जाव-वोसिरामि ।

मैथुन विरमण व्रतनी पांच भावनाओ :-

५७२. ત્યારબાદ ભંતે ! હું ચતુર્થ મહાવ્રત સ્વીકાર કરું છું. તેના સંદર્ભમાં સર્વ પ્રકારના મૈથુન વિષય -સેવનનું પ્રત્યાખ્યાન કરું છું.

દેવ સંબંધી, મનુષ્ય સંબંધી તથા તિર્યંચ યોનિ સંબંધી મૈથુનનું હું સ્વયં સેવન કરીશ નહિ, બીજા દ્વારા તત્ સંબંધી મૈથુન સેવન કરાવીશ નહિ તથા મૈથુન સેવન કરનારનું અનુમોદન કરીશ નહિ.

યાવત્‌જીવન ત્રણ કરણ-ત્રણ યોગથી એ પ્રતિજ્ઞા કરું છું. યાવત્ મારા આત્માથી મૈથુન સેવન-પાપનો વ્યુત્સર્ગ કરું છું.

मैथुन-विरमण व्रतनी पांच भावनाओ—

५७३. तस्सिमाओ पंच भावणाओ भवंति ।

१. तत्थिमा पढमा भावणा—

णो णिग्गंथे अभिक्खणं अभिक्खणं इत्थीणं कहं कहइत्तए सिया ।

केवली बूया—निग्गंथे णं अभिक्खणं अभिक्खणं इत्थीणं कहं कहेमाणे संतिभेदा, संतिविभंगा, संति केवलिपण्णत्ताओ धम्माओ भंसेज्जा ।

५७३. તેની પાંચ ભાવનાઓ છે—

૧. તે પાંચ ભાવનાઓમાં પ્રથમ ભાવના આ પ્રમાણે છેઃ

સાધુ વારંવાર સ્ત્રીઓની કામ-જનક કથા (વાતચીત) કહે નહિ.

કેવળી ભગવાને કહ્યું છે—વારંવાર સ્ત્રીઓની કથા કહેનારા સાધુ શાંતિરૂપ ચારિત્રનો તથા શાંતિરૂપ બ્રહ્મચર્યનો ભંગ કરનારા હોય છે. તથા શાંતિરૂપ કેવળી પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થાય છે.

१. विरई अबंभचेरस्स, कामभोगरसन्नुणा । उग्गं महव्वयं बंभं धारेयव्वं सुदुक्करं ॥ -उत्तरा. अ. १९, गा. २९

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

णो णिग्गंथे अभिक्खणं अभिक्खणं इत्थीणं कहं कहेइत्तए सिय त्ति पढमा भावणा।

२. अहावरा दोच्चा भावणा—
णो णिग्गंथे इत्थीणं मणोहराइं मणोरमाइं इंदियाइ आलोइत्तए णिज्झाइत्तए सिया।

केवली बूया—णिग्गंथे णं इत्थीणं मणोहराइं मणोरमाइं इंदियाइं आलोएमाणे, णिज्झाएमाणे संतिभेदा, संतिविभंगा संति केवलिपण्णत्ताओ धम्माओ भंसेज्जा,

णो णिग्गंथे इत्थीणं मणोहराइं मणोरमाइं इंदियाइं आलोइत्तए णिज्झाइत्तए सिय त्ति दोच्चा भावणा।

३. अहावरा तच्चा भावणा—
णो णिग्गंथे इत्थीणं पुव्वरयाइं पुव्वकीलियाइं सुमरित्तए सिया।

केवली बूया—णिग्गंथे णं इत्थीणं पुव्वरयाइं पुव्वकीलियाइं सरमाणे संतिभेदा संतिविभंगा संति केवलिपण्णत्ताओ धम्माओ भंसेज्जा।

णो णिग्गंथे इत्थीणं पुव्वरयाइं पुव्वकीलियाइं सुमरित्तए सिय त्ति तच्चा भावणा।

४. अहावरा चउत्था भावणा—
णातिमत्तपाण-भोयणभोई से निग्गंथे, णो पणीयरसभोयणभोई।

केवली बूया—अतिमत्तपाण-भोयणभोई से णिग्गंथे पणीयरस-भोयणभोई त्ति संतिभेदा संतिविभंगा संति केवलिपण्णत्ताओ धम्माओ भंसेज्जा।
णातिमत्तपाण-भोयणभोई से निग्गंथे, णो पणीतरसभोयणभोई ति चउत्था भावणा।

५. अहावरा पंचमा भावणा—
णो णिग्गंथे इत्थी-पसु-पंडगसंसत्ताइं सयणासणाइं सेवित्तए सिया।

માટે સાધુએ સ્ત્રીઓની કથા વારંવાર કહેવી ન જોઇએ. એ પ્રથમ ભાવના છે.

૨. બીજી ભાવના –

સાધુ કામ-રાગથી સ્ત્રીઓની મનોહર તથા મનોરમ ઇન્દ્રિયોને સામાન્ય રૂપથી અથવા વિશેષ-રૂપથી જુએ નહિ.

કેવળી ભગવાને કહ્યું છે—સ્ત્રીઓની મનોહર તથા મનોરમ ઇન્દ્રિયોને કામ-રાગપૂર્વક સામાન્ય અથવા વિશેષ રૂપથી અવલોકન કરનારા સાધુ શાંતિરૂપ ચારિત્રનો નાશ તથા શાંતિરૂપ બ્રહ્મચર્યનો ભંગ કરે છે તથા શાંતિરૂપ કેવળી પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થાય છે.

માટે સાધુએ સ્ત્રીઓની મનોહર તથા મનોરમ ઇન્દ્રિયોનું કામ-રાગ પૂર્વક સામાન્ય તથા વિશેષ રૂપથી અવલોકન કરવું ન જોઈએ. આ બીજી ભાવના છે.

૩. ત્રીજી ભાવના-

સાધુ સ્ત્રીઓની સાથે કરેલી પૂર્વરતિ (પૂર્વાશ્રમમાં કરેલ સુખભોગ) તથા પૂર્વ કામક્રીડાનું સ્મરણ કરે નહિ.

કેવળી ભગવાને કહ્યું છે—સ્ત્રીઓની સાથે કરેલી પૂર્વ રતિ તથા પૂર્વ કામક્રીડાનું સ્મરણ કરનાર સાધુ શાંતિરૂપ ચારિત્રનો નાશ તથા શાંતિરૂપ બ્રહ્મચર્યનો ભંગ કરનારા હોય છે તથા શાંતિરૂપ કેવળી પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થાય છે.

માટે સાધુ સ્ત્રીઓની સાથે કરેલી પૂર્વરતિ તથા પૂર્વ કામક્રીડાનું સ્મરણ કરે નહિ. આ ત્રીજી ભાવના છે.

૪. ચોથી ભાવના-

સાધુ અતિ માત્રામાં આહાર પાણીનો ઉપયોગ કરે નહિ તથા સરસ, સ્નિગ્ધ, સ્વાદિષ્ટ ભોજનનો ઉપભોગ પણ કરે નહિ.

કેવળી ભગવાને કહ્યું છે—જે સાધુ પ્રમાણથી અધિક (અતિ માત્રામાં) આહાર પાણીનો ઉપભોગ કરે છે તથા સ્નિગ્ધ સરસ-સ્વાદિષ્ટ ભોજન કરે છે તે શાંતિરૂપ કેવલી પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થાય છે.

માટે સાધુએ અતિ માત્રામાં આહારપાણીનો ઉપભોગ અથવા સરસ સ્નિગ્ધ ભોજનનો ઉપભોગ કરવો ન જોઈએ. આ ચોથી ભાવના છે.

૫. પાંચમી ભાવના –

ત્યારબાદ પાંચમી ભાવનાનું સ્વરૂપ આ પ્રમાણે છે–

સાધુ, સ્ત્રી, પશુ, અને નપુંસક સંસક્ત (સંસર્ગવાળી) શય્યા (વસતિ) તથા આસન ઇત્યાદિનું સેવન ન કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

केवली बूया-निग्गंथे णं इत्थी-पसु-पंडग-संसत्ताई सयणासणाइं सेवेमाणे संतिभेदा संतविभंगा, संति केवलिपण्णत्ताओ धम्माओ भंसेज्जा ।

णो णिग्गंथे इत्थी-पसु-पंडगसंसत्ताइं सयणासणाइं सेवित्तए सिय त्ति पंचमा भावणा ।

एत्ताव ताव महव्वए सम्मं काएण फासिते पालिते सोहिते तीरिए किट्टिते अवट्ठिते आणाए आराहिते यावि भवति ।
चउत्थं भंते ! महव्वयं मेहुणाओ वेरमणं ।
—आ. सु. २, अ. १५, सु. ७८६-७८८

केवळी भगवान કહે છે—જે સાધુ સ્ત્રી, પશુ અને નપુંસક સંસક્ત (સ્પર્શવાળી) શય્યા તથા આસન ઈત્યાદિનું સેવન કરે છે તે શાંતિરૂપ ચારિત્રનો નાશ કરે છે, શાંતિરૂપ બ્રહ્મચર્યનો ભંગ કરે છે તથા શાંતિરૂપ કેવળી પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થાય છે.

માટે સાધુએ સ્ત્રી, પશુ, નપુંસક-સંસક્ત શય્યા તથા આસન ઈત્યાદિનું સેવન ન કરવું જોઈએ. આ પાંચમી ભાવના છે.

આ પ્રમાણે પાંચ ભાવનાઓથી વિશિષ્ટ તથા સ્વીકૃત મૈથુન વિરમણરૂપ ચતુર્થ મહાવ્રતને સમ્યક્ પ્રકારે કાયાથી સ્પર્શ કરી, તેનું પાલન કરી, શોધન કરી, કીર્તન કરી તથા અવસ્થિત રહેવાથી ભગવદાજ્ઞા અનુરૂપ સમ્યક્ આરાધન થાય છે.

ભંતે! આ મૈથુન વિરમણરૂપ ચતુર્થ મહાવ્રત છે.

बंभचेर महिमा—

५७३. जंबू ! एत्तो य बंभचेरं उत्तम-तव-नियम-णाण-दंसण-चरित्त-समत्त-विणयमूलं ।

यम-नियम-गुणप्पहाणजुत्तं,
हिमवंत-महंत-तेयमंत-पसत्थ-गंभीर-थिमित-मज्झं,

अज्जवसाहुजणाचरितं
मोक्खमग्गं, विसुद्ध-सिद्धिगति-निलयं,

सासयमव्वाबाहमपुणब्भवं पसत्थं, सोमं, सुभं, सिवमयलमक्खयकरं,

जतिवर-सारक्खितं, सुचरियं, सुसाहियं,
णवरं-मुणिवरेहिं महापुरिस-धीर-सूर-धम्मिय-धितिमंताण य सया विसुद्धं,

सव्वभव्वजणाणुचिण्णं निस्संकियं निब्भयं नित्तुसं, निरायासं, निरुवलेवं,

निव्वुतिघरं, नियमं, निप्पकंपं तव-संजम-मूल-दलिय-णेम्मं,

બ્રહ્મચર્ય મહિમા-

૫૭૩. હે જમ્બૂ ! અદત્તાદાન વિરમણ નામના સંવર દ્વારની સમાપ્તિ બાદ બ્રહ્મચર્ય વ્રત છે. આ બ્રહ્મચર્ય ઉત્તમ તપ, નિયમ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, સમ્યક્ત્વ તથા વિનયનું મૂળ કારણ છે.

યમ અને નિયમરૂપ ગુણોમાં શ્રેષ્ઠ મનાય છે.

જેવી રીતે પર્વતોમાં હિમાલય મહાન તેમ જ તેજસ્વી છે, તે જ પ્રમાણે સર્વ વ્રતોમાં બ્રહ્મચર્ય વ્રત મહાન તથા તેજસ્વી છે. બ્રહ્મચર્યના અનુષ્ઠાનથી હૃદય પ્રશસ્ત, ગંભીર, અગાધ અને સ્થિર થાય છે.

આ બ્રહ્મચર્ય સરળ સાધુજનો દ્વારા આચરિત છે.

આ બ્રહ્મચર્ય મોક્ષમાર્ગ છે. વિશુદ્ધ સિદ્ધગતિનું સ્થાન છે.

આ બ્રહ્મચર્ય શાશ્વત છે, અવ્યાબાધ છે, તથા પુનઃભવને રોકનારું છે, પ્રશસ્ત છે, સૌમ્ય છે, સુખરૂપ છે, શિવ છે, અચળ છે, અક્ષયકારી છે.

આ બ્રહ્મચર્યનું યતિવરોએ સમ્યક્ પ્રકારે રક્ષણ કર્યું છે, સમ્યક્ પ્રકારે આચરણ કર્યું છે, સમ્યક્ પ્રકારે કથન કર્યું છે.

વિશેષ :- મુનિવરોએ, મહાપુરુષોએ, ધીર, વીર, શૂરવીરોએ, ધાર્મિક પુરુષોએ, ધૈર્યવાનોએ આ બ્રહ્મચર્યનું સદા-યાવત્જીવન પાલન કર્યું છે.

આ વ્રત નિર્દોષ છે, કલ્યાણકારી છે, ભવ્યજનોએ તેનું આચરણ કર્યું છે. તે શંકા રહિત છે, ભયરહિત છે, તુષ રહિત-સ્વચ્છ-તન્દુલ સમાન, ખેદનાં કારણોથી રહિત છે, પાપના લેપથી રહિત છે.

નિવૃત્તિ-મનનું મુક્તિગૃહ છે, નિયમોથી નિશ્ચલ છે, તપ-સંયમનું મૂળ છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पंच महव्वय-सुरक्खियं, समिति-गुत्तिगुत्तं,
झाणवरकवाडसुकयं, अज्झप्पदिन्नफलिहं
संनद्धोच्छइय-दुग्गइपहं, सुगइपहदेसगं च,
लोगुत्तमं च ।

—प्र.सु. २, अ ४, सु.१

પાંચ મહાવ્રતોથી સુરક્ષિત છે, સમિતિ, ગુપ્તિથી યુક્ત છે.

ઉત્તમ ધ્યાનરૂપી આરણાઓની પાછળ મધ્ય ભાગમાં લગાવેલા આગળાની માફક, અધ્યાત્મના રક્ષક આગળા સમાન છે.

આ વ્રત દુર્ગતિના માર્ગને સદંતર રોકી દે તથા સુગતિનું પથદર્શક છે. આ વ્રત ત્રણે લોકમાં ઉત્તમ છે.

५७४. देवदाणवगन्धव्वा जक्ख-रक्खस-किन्नरा ।
बम्भयारिं नमंसन्ति, दुक्करं जे करन्ति तं ॥

—उत्त.अ.१६, गा.१८

५७४. જે દુષ્કર બ્રહ્મચર્ય પાળે છે, તેને દેવ, દાનવ, ગંધર્વ, યક્ષ, રાક્ષસ, કિન્નર બધા નમસ્કાર કરે છે.

बंभचेरस्स सत्ततीसं उवमाओ—

બ્રહ્મચર્યની સાડત્રીસ ઉપમાઓ :-

५७५. १. वयमिणं पउमसर-तलाग-पालिभूयं,

૫૭૫. ૧. આ વ્રત કમળોથી સુશોભિત સરોવર અને તળાવ સમાન, મનોહર ધર્મની પાળ સમાન છે. અર્થાત્ ધર્મની રક્ષા કરનારું છે.

२. महासगड-अरगतुंबभूयं,

૨. કોઈ મહાશકટ (મોટું વાહન)ના પૈડાના આરા માટે નાભી સમાન છે. અર્થાત્ ધર્મ ચારિત્રનો આધાર છે.

३. महाविडिम-रुक्ख-खंधभूयं,

૩. આ વ્રત કોઈ વિશાળ વૃક્ષનાં સ્કંધ (થડ) સમાન છે. અર્થાત્ જેમ વિશાળ વૃક્ષની શાખાઓ, પ્રશાખાઓ, ડાળીઓ, પાંદડા, પુષ્પ, ફળ ઇત્યાદિનો આધાર સ્કંધ હોય છે, તે જ પ્રમાણે ધર્મનો આધાર બ્રહ્મચર્ય છે.

४. महानगर-पागार-कवाड-फलिहभूयं,

૪. આ વ્રત મહાનગરનાં પ્રાકારનાં બારણાની સાંકળ સમાન છે.

५. रज्जु-पिणिद्धो व इंदकेतू विसुद्धऽणेग-गुण-संपणिद्धं ।

૫. ગુણ (દોરી)થી બાંધેલા ઈન્દ્રધ્વજની માફક અનેક ગુણોથી સમૃદ્ધ છે.

६. गहगण-णक्खत्त-तारगाणं च जहा उडुवई ।

૬. જેમ ગ્રહગણ, નક્ષત્ર તથા તારાગણમાં ચંદ્રમા સર્વશ્રેષ્ઠ મનાય છે, તે જ પ્રમાણે સર્વ વ્રતોમાં બ્રહ્મચર્ય શ્રેષ્ઠ છે.

७. मणि-मुत्त-सिल-पव्वाल-रत्त-रयणागराणं च जहा समुद्दो ।

૭. મણિ, મુક્તા, શિલા, પ્રવાળ તથા લાલ રત્નનાં ઉત્પત્તિ સ્થાનોમાં જેમ સમુદ્ર શ્રેષ્ઠ છે, તે જ પ્રમાણે બ્રહ્મચર્ય સર્વ વ્રતોમાં શ્રેષ્ઠ છે.

८. वेरुलिओ चेव जहा मणीणं ।

૮. એ જ પ્રમાણે મણિઓમાં વૈડૂર્ય મણિ, તેમ વ્રતોમાં બ્રહ્મચર્ય ઉત્તમ છે.

९. जहा मउडो चेव भूसणाणं ।

૯. આભૂષણોમાં મુગટ શ્રેષ્ઠ છે તેમ વ્રતોમાં બ્રહ્મચય શ્રેષ્ઠ છે.

१०. वत्थाणं चेव खोमजुयलं ।

૧૦. સર્વ પ્રકારના વસ્ત્રોમાં ક્ષૌમયુગલ શ્રેષ્ઠ મનાય છે, તેમ વ્રતોમાં બ્રહ્મચર્ય શ્રેષ્ઠ છે.

११. अरविन्दं चेव पुप्फजेट्ठं ।

૧૧. પુષ્પોમાં શ્રેષ્ઠ અરવિંદ-કમલ પુષ્પ, છે, તેમ વ્રતોમાં બ્રહ્મચર્ય શ્રેષ્ઠ છે.

१२. गोसीसं चेव चंदणाणं ।

૧૨. ચંદનોમાં હરિચંદન શ્રેષ્ઠ ગણાય છે, તેમ વ્રતોમાં બ્રહ્મચર્ય શ્રેષ્ઠ છે.

१३. हिमवन्तो चेव ओसहीणं ।

૧૩. જેમ ઔષધીઓ (-ચમત્કારિક વનસ્પતિઓ)નું ઉત્પત્તિ સ્થાન હિમવાન્ પર્વત છે, તેમ આમર્શૌષધિ (આદિ લબ્ધીઓ)નો ઉત્પત્તિનું સ્થાન છે.

. Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१४. सीतोदा चेव निन्नगाणं ।

१४. જેમ નદીઓમાં શીતોદા નદી શ્રેષ્ઠ છે તેમ પ્રમાણે સર્વ વ્રતોમાં બ્રહ્મચર્ય વ્રત ઉત્તમ છે.

१५. उदहीसु जहा सयंभुरमणो ।

१૫ જેમ સમુદ્રોમાં સ્વયંભૂરમણ સમુદ્ર મહાન છે. તેમ પ્રમાણે વ્રતોમાં બ્રહ્મચર્ય મહત્વશાળી છે.

१६. रुयगवरे चेव मंडलिक-पव्वयाणं ।

१६. જેમ માંડલિક અર્થાત્ ગોળાકાર પર્વતોમાં રુચકવર (તેરમા દ્વીપમાં સ્થિત) પર્વત શ્રેષ્ઠ છે, તે જ પ્રમાણે સર્વ વ્રતોમાં બ્રહ્મચર્ય વ્રત પ્રધાન છે.

१७. पवरो एरावण इव कुंजराणं ।

१७. હાથીઓમાં જેમ ઐરાવત હાથી શ્રેષ્ઠ હોય છે, તેમ સર્વવ્રતોમાં બ્રહ્મચર્ય મુખ્ય છે.

१८. सिहो व्व जहा मिगाणं ।

१८. મૃગોની વચ્ચે-જંગલી જાનવરોની વચ્ચે જેમ સિંહ શ્રેષ્ઠ હોય છે, તેમ વ્રતોમાં બ્રહ્મચર્ય શ્રેષ્ઠ છે.

१९. पवरो सुपन्नगाणं च वेणुदेवे ।

१૯. સુપર્ણ દેવકુમારોમાં જેમ વેણુદેવ શ્રેષ્ઠ છે, તેમ વ્રતોમાં બ્રહ્મચર્ય શ્રેષ્ઠ છે.

२०. धरणे जहा पण्णग-इंदराया ।

२०. નાગકુમાર દેવોમાં ધરણેન્દ્ર શ્રેષ્ઠ છે, તે જ પ્રમાણે સર્વ વ્રતોમાં બ્રહ્મચર્ય પ્રધાન છે.

२१. कप्पाणं चेव बंभलोए ।

२१. કલ્પોમાં બ્રહ્મલોક ઉત્તમ છે તેમ બ્રહ્મચર્ય વ્રતોમાં ઉત્તમ છે.

२२. सभासु य जहा भवे सोहम्मा ।

२२. જેમ ઉત્પાત સભા, અભિષેક સભા, અલંકાર સભા, વ્યસાય સભા તથા સુધર્મા સભા, એ પાંચેયમાં સુધર્મા સભા શ્રેષ્ઠ છે. તે જ પ્રમાણે વ્રતોમાં બ્રહ્મચર્ય શ્રેષ્ઠ છે.

२३. ठितिसु लवसत्तम व्व पवरा ।

२३. જેમ સ્થિતિઓમાં લવસત્તમા-અનુત્તર વિમાનવાસી દેવોની સ્થિતિ શ્રેષ્ઠ છે, તે જ પ્રમાણે વ્રતોમાં બ્રહ્મચર્ય પ્રધાન છે.

२४. दाणाणं चेव अभयदाणं ।

२४. સર્વ દાનોમાં અભયદાન શ્રેષ્ઠ છે, તે જ પ્રમાણે બ્રહ્મચર્ય સર્વ વ્રતોમા શ્રેષ્ઠ છે.

२५. किमिराओ चेव कम्बलाणं ।

२५. કામળામાં જેમ કૃમિરાગ રક્ત કામળો શ્રેષ્ઠ છે, તેમ વ્રતોમાં બ્રહ્મચર્ય શ્રેષ્ઠ છે.

२६. संघयणे चेव वज्जरिसभे ।

२६. સંહનનોમાં વજ્રઋષભનારાચ સંહનન ઉત્તમ છે, તેમ બ્રહ્મચર્ય સર્વવ્રતોમાં શ્રેષ્ઠ છે.

२७. संठाणे चेव समचउरंसे ।

२७. સંસ્થાનોમાં સમચતુરસ્ર શ્રેષ્ઠ છે, તેમ સર્વ વ્રતોમાં બ્રહ્મચર્ય ઉત્તમ છે.

२८. झाणेसु य परमसुक्कझाणं ।

२८. ચારેય ધ્યાનોમાં શુક્લધ્યાન શ્રેષ્ઠ છે, તેમ વ્રતોમાં બ્રહ્મચર્ય વ્રત શ્રેષ્ઠ છે.

२९. णाणेसु य परमकेवलं सुपसिद्धं ।

२૯. સમસ્ત જ્ઞાનોમાં જેમ કેવળજ્ઞાન શ્રેષ્ઠ છે, તે જ પ્રમાણે સર્વ વ્રતોમાં બ્રહ્મચર્ય વ્રત શ્રેષ્ઠ છે.

३०. लेसासु य परम सुक्कलेसा ।

३०. જેમ લેશ્યાઓમાં પરમશુક્લલેશ્યા સર્વોત્તમ છે, તે જ પ્રમાણે સર્વ વ્રતોમાં બ્રહ્મચર્ય વ્રત પ્રધાન છે.

३१. तित्थंकरे जहा चेव मुणीणं ।

३१ જેમ સર્વ મુનિઓ વચ્ચે તીર્થંકર ઉત્તમ છે. તે જ પ્રમાણે સર્વ વ્રતોમાં બ્રહ્મચર્ય વ્રત શ્રેષ્ઠ છે.

३२. वासेसु जहा महाविदेहे ।

३२. જેમ સર્વ ક્ષેત્રોમાં મહાવિદેહ ક્ષેત્ર સર્વોત્તમ છે, તેમ બ્રહ્મચર્ય સર્વ વ્રતોમાં શ્રેષ્ઠ છે.

३३. गिरिराया चेव मंदरवरे ।

३३. પર્વતોમાં ગિરિરાજ સુમેરુ જેમ સર્વોત્તમ છે, તે જ પ્રમાણે બ્રહ્મચર્ય સર્વોત્તમ વ્રત છે.

३४. वणेसु जह नंदणवणं पवरं ।

३४. જેમ સમસ્ત વનોમાં નંદનવન શ્રેષ્ઠ છે. તે જ પ્રમાણે બ્રહ્મચર્ય વ્રત પ્રધાન છે.

३५. दुमेसु जहा जंबू सुदंसणा विस्सुयजसा,
जीए नामेण य अयं दीवो ।

३५. જેમ વૃક્ષોમાં સુદર્શન જંબુ વૃક્ષ વિખ્યાત છે, જેના નામથી આ દ્વીપ વિખ્યાત છે, એ જ પ્રમાણે વ્રતોમાં બ્રહ્મચર્ય વ્રત શ્રેષ્ઠ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३६. तुरगवती, गयवती, रहवती, नरवती, जह विसुए चेव राया ।

३७. रहिय चेव जहा महारहगए ।
एवमणेगा गुणा अहीणा भवंति एक्कंमि बंभचेरे ॥
—प.सु.२, अ.४, सु.२

३६. જેમ હયદળવાળો, રથદળવાળો અને પાયદળવાળો રાજા વિખ્યાત હોય છે, તે જ પ્રમાણે બ્રહ્મચર્યાધિપતિ વિખ્યાત છે.

३७. જેમ રથિકોમાં મહારથી શ્રેષ્ઠ હોય છે, તે જ પ્રમાણે સર્વ વ્રતોમાં બ્રહ્મચર્ય વ્રત સર્વશ્રેષ્ઠ છે.

આ પ્રમાણે તે (બ્રહ્મચર્ય) અનેક ગુણોથી વ્યાપ્ત છે-

बंभचेरभग्गे सव्वे महव्वया भग्गा—

બ્રહ્મચર્ય ખંડિત થવાથી સર્વ મહાવ્રત ખંડિત થાય છે-

५७६. जंमि य भग्गंमि होइ सहसा सव्वं संभग्ग-मद्दिय-मथिय-चुण्णिय-कुसल्लिय-पव्वयपडिय-खडिय-परिसडिय-विणासियं, विणय-सील तव-नियमगुणसमूहं ।
—प. सु.२, अ.४, सु.२

५७६. બ્રહ્મચર્યની વિરાધના થતાં સહસા, સમસ્ત વિનય, શીલ, તપ, નિયમ તથા ગુણોનો સમૂહ ફૂટેલા ઘડાની જેમ સંભગ્ન યાવત્ નષ્ટ થાય છે. દહીંની જેમ મથિત (મંથન) થાય છે, લોટની જેમ ચૂર્ણ-ભૂકો ભૂકો થાય છે, કાંટા લાગેલા શરીરની જેમ શલ્યયુક્ત થાય છે, પર્વતથી ઢળતી શિલા સમાન ઢળી પડે છે, ચીરાયેલી અથવા તોડેલી લાકડીની જેમ ખંડિત થાય છે તથા દુરવસ્થાને પ્રાપ્ત અને અગ્નિ દ્વારા બળેલા-વિખરાયેલા લાકડાની જેમ વિનષ્ટ થાય છે

बंभचेरे आराहिए सव्वे महव्वया आराहिया—

બ્રહ્મચર્યની આરાધના કરવાથી સર્વ મહાવ્રતોની આરાધના થાય છે—

५७७. तं बंभं भगवंतं जंमि य आराहियंमि वयमिणं सव्वं-
"सीलं तवो य, विणओ य, संजमो य, खंती, गुत्ती, मुत्ती, तहेव इहलोइय-पारलोइय जसे य, कित्ती य, पच्चओ य।" तम्हा निहुएण बंभचेर चरियव्वं, सव्वओ विसुद्धं जावज्जीवाए-जाव-सेयट्ठी संजउ त्ति ॥

५७७. તે બ્રહ્મચર્ય ભગવાન્ છે - અતિશય-સંપન્ન છે,

આ પ્રમાણે એક બ્રહ્મચર્યની આરાધના કરવાથી અનેક ગુણ સ્વયમેવ આધીન-પ્રાપ્ત થાય છે. બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવાથી નિર્ગ્રન્થ-પ્રવ્રજ્યા સંબંધી સંપૂર્ણ વ્રત જેવાં કે સત્ય, શીલ, સમાધાન, તપ, વિનય અને સંયમ, ક્ષમા, ગુપ્તિ, મુક્તિ, નિર્લોભતાનું અખંડ રૂપે પાલન થાય છે. બ્રહ્મચર્ય વ્રતનાં પ્રભાવથી આલોક તથા પરલોક સંબંધી યશ અને કીર્તિ પ્રાપ્ત થાય છે. તે વિશ્વાસનું કારણ છે, અર્થાત્ બ્રહ્મચારી પર સર્વનો વિશ્વાસ હોય છે. માટે શ્રેયાર્થીઓએ એકાગ્ર ચિત્તથી (ત્રણ કરણ અને ત્રણ યોગથી) વિશુદ્ધ (સર્વથા નિર્દોષ) બ્રહ્મચર્યનું યાવત્જીવન પાલન કરવું જોઈએ.

एवं भणियं वयं भगवया, तं च इमं—
गाहाओ—

આ પ્રમાણે ભગવાન મહાવીરે બ્રહ્મચર્ય વ્રતનું કથન કર્યું છે.

ભગવાનનું તે કથન આ પ્રમાણે છે—
[ગાથાર્થ :-]

पंचमहव्वयसुव्वयमूलं, समणमणाइल साहुसुचिन्नं ।
वेर-विरमणं पज्जवसाणं, सव्वसमुद्दमहोदधितित्थं ॥

આ બ્રહ્મચર્ય વ્રત પાંચમહાવ્રત રૂપ સુંદર વ્રતોનું મૂળ છે. શુદ્ધ આચાર અથવા સ્વભાવવાળા મુનિઓ દ્વારા જેનું ભાવપૂર્વક સમ્યક્ પ્રકારે સેવન કરવામાં આવ્યું છે. આ વૈરભાવની નિવૃત્તિ અને તેનો અંત કરનારું છે તથા સમસ્ત સમુદ્રોમાં સ્વયંભૂરમણ સમુદ્ર સમાન દુસ્તર પણ તરવાનો ઉપાય હોવાના કારણે તીર્થ સ્વરૂપ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तित्थकरेहि सुदेसियमग्गं, नरय-तिरिच्छ-
विवज्जियमग्गं ।
सव्वपवित्तिसुनिम्मियसारं,
सिद्धिविमाणअवंगुयदारं ॥

देव-नरिंद-नमंसियपूयं, सव्वजगुत्तम-मंगलमग्गं ।
दुद्धरिसं गुणनायकमेक्कं, मोक्खपहस्सऽवडिंसगभूयं ॥

प.सु.२, अ.४, सु.३-४

તીર્થંકર ભગવંતોએ બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવાના માર્ગ-ઉપાયો ગુપ્તિ આદિ યથાયોગ્ય બતાવ્યાં છે. તેના પ્રભાવથી નરક ગતિ અને તિર્યંચગતિનો માર્ગ અટકી જાય છે. અર્થાત્ બ્રહ્મચર્ય આરાધકને નરક-તિર્યંચ ગતિથી બચાવે તે સર્વ પવિત્ર અનુષ્ઠાનોને સારયુક્ત બનાવનાર તથા મુક્તિ અને વૈમાનિક દેવગતિના દ્વારને ઉઘાડનાર છે.

દેવેન્દ્ર અને નરેન્દ્ર જેને નમસ્કાર કરે છે, તે મહાપુરુષો માટે પણ બ્રહ્મચર્ય પૂજનીય છે. તે જગતનાં સર્વ મંગલોનો માર્ગ છે. દેવો અને દાનવો પણ તેને પરાજિત કરી શકતા નથી. તે ગુણોનો અદ્વિતીય નાયક છે. અર્થાત્ બ્રહ્મચર્ય એવું સાધન છે જે સર્વ સદ્ગુણો તરફ આરાધકોને પ્રેરિત કરે છે. અને તે મોક્ષમાર્ગનાં શિરોભૂષણ રૂપ છે.

बंभचेर विघातका—

५७८. जेण सुद्धचरिएण भवइ सुबंभणो सुसमणो सुसाहू सुइसी सुमुणी संजए एवं भिक्खू जो सुद्धं चरति बंभचेरं ।

इमं च रति-राग-दोस-मोह-पवड्ढणकरं, किं मज्ज-पमाय-दोस-पसत्थं—सीलकरणं, अब्भंगणाणि य, तेल्ल-मज्जणाणि य, अभिक्खणं अभिक्खणं कक्ख-सीस-कर-चरण-वदण-धोवण-संवाहण-गाय-कम्म-परिमद्दणाणुलेवण-चुन्नवास-धूवण-सरीर-परिमंडण-बाउसिक-हसिय-भणिय-नट्ट-गीय-वाइय-नड-नट्टक- जल्ल-मल्ल-पेच्छण-वेलंबक जाणि य सिंगारागाराणि य ।

अन्नाणि य एवमादियाणि तव-संजम-बंभचेर-घातोवघातियाइं अणुचरमाणेणं बंभचेरं वज्जेयव्वाइं सव्वकालं ।

—प.सु.२, अ.४, सु.५

બ્રહ્મચર્યનાં વિઘાતક :-

૫૭૮. બ્રહ્મચર્ય મહાવ્રતનું નિર્દોષ પરિપાલન કરવાથી મનુષ્ય સુબ્રાહ્મણ યથાર્થ નામવાળો, સુશ્રમણ – સાચો તપસ્વી અને સુસાધુ – નિર્વાણસાધક-વાસ્તવિક સાધુ કહેવાય છે. તે જ સંયત-સંયમવાન છે. તે જ સાચો ભિક્ષુ – નિર્દોષ ભિક્ષાજીવી છે, જે આ બ્રહ્મચર્યને શુદ્ધ રીતે પાળે છે.

બ્રહ્મચર્યનું અનુપાલન કરનારા પુરુષોએ હવે પછી કહેવામાં આવે છે તે વ્યવહારોનો ત્યાગ કરવો જોઈએ-રતિ-ઇન્દ્રિયોના વિષયો પ્રત્યે રાગ, -પરિજનો પ્રત્યે સ્નેહ, દ્વેષ, શત્રુતા અને મોહ – અજ્ઞાનની વૃદ્ધિ કરનારા અસાર, પ્રમાદ દોષ તથા પાર્શ્વસ્થ શિથિલાચારી સાધુઓનું શીલ - આચાર જેમ કે ઘી આદિનું માલિશ કરવું, તેલ લગાવવું, સ્નાન કરવું, વારંવાર બગલ, માથું, હાથ, પગ અને મોઢું ધોવાં, મર્દન કરવું, પગ આદિ દબાવવા, પગચંપી કરવી, પરિમર્દન કરવું, સમગ્ર શરીરનું મર્દન કરવું, વિલેપન કરવું, ચૂર્ણ વાસ-સુગંધિત -પાવડરથી સુવાસિત કરવું, ધૂપ દેવો, શરીરને મંડિત કરવું-સુશોભિત કરવું, બાકુશિક કર્મ કરવું-નખ, કેશ, વસ્ત્રોને સંવારવા ઇત્યાદિ, હાસ્ય-મશ્કરી કરવી, વિકારયુક્ત ભાષણ કરવાં, નાટક, ગીત, વાદિત્ર, નટ, નૃત્યકાર તથા જલ્લો-(રસ્સી પર ખેલ બતાવનાર) અને મલ્લો-(કુશ્તી-બાજો)નો તમાશો જોવો, જે શૃંગારનું આગાર-ઘર છે

તેમ જ આ પ્રકારની અન્ય વાતો જેનાથી તપશ્ચર્યા, સંયમ અને બ્રહ્મચર્યનો વિનાશ કે ઘાત-પૂર્ણતઃ વિનાશ થાય છે તેનો બ્રહ્મચર્યનું આચરણ કરનારે હંમેશ માટે ત્યાગ કરવો જોઇએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

बंभचोर सहायगा—

५७९. भवियव्वो भवइ अंतरप्पा, इमेहिं तव-नियम-सील-जोगेहिं निच्चकालं ।

प०—किं ते ?

उ०—अण्हाणक-अदंतधावण-सेय-मल-जल्ल-धारणं, मूणवय-केसलोए य, खम-दम-अचेलग-खुप्पिवास, लाघव-सितोसिण-कट्ठसेज्जा, भूमि-निसेज्जा, परघरपवेस-लुद्धावलद्ध-माणावमाण-निंदण-दंस-मसग-फास-नियम-तव गुण-विणयमादिएहिं जहा से थिरतरकं होइ बंभचेरं ।

—प. सु. २, अ. ४, सु. ६

બ્રહ્મચર્યના સહાયક :-

૫૭૯. ત્યાજ્ય વ્યવહારોના વર્જનની સાથે આગળ કહેવારો એવા વ્યાપારોથી અંતરાત્માને ભાવિત-વાસિત કરવો જોઈએ.

પ્ર. તે વ્યાપાર કયા છે ?

ઉ. (તે આ છે:) સ્નાન ન કરવું, દન્તધાવન ન કરવું, સ્વેદ-પરસેવો સૂકવવો જોઈએ નહિ, જામેલો કે જુદા પ્રકારનો મેલ દૂર કરવો નહિ, મૌન વ્રત કરવું, કેશોનું લુંચન કરવું, ક્ષમા, દમ-ઇન્દ્રિય-નિગ્રહ, અચેલકતા-વસ્ત્રરહિત થવું અથવા અલ્પ વસ્ત્ર ધારણ કરવાં, ભૂખ-તરસ સહન કરવાં, લાઘવ -અલ્પ ઉપધિ રાખવી, ઠંડી, ગરમી સહન કરવાં, કાષ્ઠની શય્યા, ભૂમિ નિષદ્યા-જમીન પર બેસવું જોઈએ, પરગૃહ પ્રવેશ, શય્યા તથા ભિક્ષાદિ માટે ગૃહસ્થના ઘરમાં જવું પડે ત્યારે પ્રાપ્તિ તથા અપ્રાપ્તિને સમભાવથી સહન કરવાં, માન-અપમાન, નિંદા તથા દંશ-મસકના કલેશ સહન કરવા, નિયમ અર્થાત્ દ્રવ્યાદિ સબંધી અભિગ્રહ કરવા, તપ તથા મૂળગુણ આદિ તથા વિનયાદિથી આત્માને વિશુદ્ધ કરવો- જેથી બ્રહ્મચર્ય વ્રત અત્યંત દૃઢ થાય છે.

बंभचेर आराहणा फलं—

५८०. इमं च अबंभचेरविरमणं-परिरक्खणट्ठयाए पावयणं भगवया सुकहियं, अत्तहियं पेच्चा भाविकं, आगमेसि भद्दं, सुद्धं, नेआउयं, अकुडिलं, अणुत्तरं, सव्वदुक्ख-पावाण विउसवणं ।

प. सु. २, अ. ४, सु. ७

બ્રહ્મચર્યની આરાધનાનું ફળ :-

૫૮૦. અબ્રહ્મનિવૃત્તિ [બ્રહ્મચર્ય] વ્રતની રક્ષા માટે ભગવાન મહાવીરે આ પ્રવચન કહ્યું છે. આ પ્રવચન પરલોક માટે ફળપ્રદાયક છે, ભવિષ્ય માટે કલ્યાણનું કારણ છે, શુદ્ધ છે, ન્યાય યુક્ત છે, કુટિલતા રહિત છે, સર્વોત્તમ છે અને દુઃખ તથા પાપોને ઉપશાંત કરનાર છે.

बंभचेराअणणुकूला ठाणा—

५८१. दो ठाणाइं अपरियाणेत्ता आया णो केवलं बंभचेरवासमावसेज्जा तं जहा—
आरंभे चेव, परिग्गहे चेव ।
दो ठाणाइं परिणायेत्ता आया केवलं बंभचेरवासमावसेज्जा, तं जहा—
आरंभे चेव, परिग्गहे चेव ।

—ठाणं अ.२, उ १, सु.५४-५५

બ્રહ્મચર્યનાં અનનુકૂળ સ્થાનો :-

૫૮૧. આરંભ અને પરિગ્રહ એ બે સ્થાનોને જાણ્યા અને ત્યાગ્યા વગર આત્મા સંપૂર્ણ બ્રહ્મચર્યને પ્રાપ્ત કરી શકતો નથી.

આરંભ અને પરિગ્રહ એ બે સ્થાનોને જાણી અને ત્યાગી આત્મા સંપૂર્ણ બ્રહ્મચર્યને પ્રાપ્ત કરી શકે છે.

बंभचेराणकूला वय—

५८२. तओ वया पण्णत्ता,
तं जहा—पढमे वए, मज्झिमे वए, पच्छिमे वए । तिहिं वएहिं केवलं बंभचेरवासमावसेज्जा, तं जहा—पढमे वए, मज्झिमे वए, पच्छिमे वए ।

ठाणं अ.३, उ.२, सु.१६३

બ્રહ્મચર્યને અનુકૂળ અવસ્થા :-

૫૮૨. અવસ્થાના ત્રણ પ્રકાર કહ્યાં છે. યથા-

જેમ-પ્રથમ અવસ્થા, મધ્યમ અવસ્થા અને અંતિમ અવસ્થા.

ત્રણેય અવસ્થાઓમાં આત્મા વિશુદ્ધ બ્રહ્મ-ચર્યમાં નિવાસ કરે છે.

જેવી કે-પ્રથમ અવસ્થામાં, મધ્યમ અવસ્થામાં અને અંતિમ અવસ્થામાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

बंभचेराणुकूला यामा—

५८३. तओ जामा पण्णत्ता,
तं जहा—पढमे जामे, मज्झिमे जामे, पच्छिमे जामे। तिहिं जामेहिं आया केवलं बंभचेरवासमावसेज्जा,
तं जहा—पढमे जामे, मज्झिमे जामे, पच्छिमे जामे। ठाणं अ.३, उ.२, सु. १६३

बंभचेरस्स उप्पत्ति अणुप्पत्ति य—

५८४. प०—असोच्चा णं भंते! केवलिस्स वा-जाव-तप्पक्खियउवासियाए वा केवलं बंभचेरवासं आवसेज्जा?

उ०—गोयमा! असोच्चा णं केवलिस्स वा-जाव-तप्पक्खियउवासियाए वा अत्थेगतिए केवलं बंभचेरवासं आवसेज्जा, अत्थेगतिए केवलं बंभचेरवासं नो आवसेज्जा।

प०—से केणट्ठेणं भंते! एवं वुच्चइ—असोच्चा णं भंते! केवलिस्स वा-जाव-तप्पक्खियउवासियाए वा अत्थेगतिए बंभचेरवासं आवसेज्जा, अत्थेगतिए केवल बंभचेरवासं नो आवसेज्जा?

उ०—गोयमा! जस्स णं चरित्तावरणिज्जाणं कम्माणं खओवसमे कडे भवइ, से णं असोच्चा केवलिस्स वा-जाव-तप्पक्खियउवासियाए वा केवलं बंभचेरवासं आवसेज्जा। जस्स णं चरित्तावरणिज्जाणं कम्माणं खओवसमे नो कडे, भवइ, से णं असोच्चा केवलिस्स वा-जाव-तप्पक्खियउवासियाए वा केवलं बंभचेरवासं आवसेज्जा।

से तेणट्ठेणं गोयमा एवं वुच्चइ—जस्स णं चरित्तावरणिज्जाणं कम्माणं खओवसमे नो कडे भवइ, से णं असोच्चा केवलिस्स वा-जाव-तप्पक्खियउवासियाए वा केवलं बंभचेरवासं नो आवसेज्जा।[1]
—वि. स. ६, उ.३१, सु. ५

ब्रह्मचर्यना अनुकूळ प्रहर :-

५८३. त्रण याम कह्यां छे.
जेम-प्रथम याम, मध्यम याम अने पश्चिम याम.
त्रणेय यामोमां आत्मा विशुद्ध ब्रह्मचर्यवासमां निवास करे छे.
जेम के- प्रथम याममां, मध्यम याममां अने अंतिम याममां.

ब्रह्मचर्यनी उत्पत्ति अने अनुत्पत्ति :-

५८४. प्र. भंते! केवली यावत् केवली पाक्षिक उपासिका पासेथी सांभळ्या विना कोई जीव ब्रह्मचर्य पालन करी शके खरो?

उ. गौतम! केवली पासेथी यावत् केवली पाक्षिक उपासिका पासेथी सांभळ्या विना कोई जीवो ब्रह्मचर्य पालन करी शके छे अने कोई जीवो ब्रह्मचर्य पालन करी शकता नथी.

प्र. भंते! एम शा हेतुथी कहेवामां आवे छे के केवलीथी यावत् केवली पाक्षिक उपासिका पासेथी श्रवण कर्या विना कोई जीव ब्रह्मचर्य पालन करी शके छे अने कोई जीव ब्रह्मचर्य पालन करी शकता नथी?

उ. गौतम! जेणे चारित्रावरणीय कर्मोनो क्षयोपशम कर्यो छे ते केवली पासेथी यावत् केवली पाक्षिक उपासिका पासेथी श्रमण कर्या विना ब्रह्मचर्य पालन करी शके छे.

जे जीवे चारित्रावरणीय कर्मोनो क्षयोपशम कर्यो नथी ते केवली पासेथी यावत् केवली पाक्षिक उपासिका पासेथी श्रवण करवाथी पण ब्रह्मचर्य पालन करी शकतो नथी.

गौतम! माटे ए हेतुथी एम कहेवामां आव्युं छे के-

जे जीवे चारित्रावरणीय कर्मोनो क्षयोपशम कर्यो छे ते केवळी पासेथी यावत् केवळी पाक्षिक उपासिका पासेथी श्रवण कर्या विना ब्रह्मचर्यनुं पालन करी शके छे.

जे जीवे चारित्रावरणीय कर्मोनो क्षयोपशम कर्यो नथी ते केवळी पासेथी यावत् केवळी पाक्षिक उपासिका पासेथी श्रवण करीने पण ब्रह्मचर्य पालन करी शकतो नथी.

१. वि.स.ए, . उ३१, सु. १३

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

५८५. प०—सोच्चा णं भंते ! केवलिस्स वा-जाव-तप्पक्खियउवासियाए वा केवलं बंभचेरवासं आवसेज्जा ?

उ०—गोयमा ! सोच्चा णं केवलिस्स वा-जाव-तप्पक्खियउवासियाए वा अत्थेगतिए केवलं बंभचेरवासं आवसेज्जा, अत्थेगतिए केवलं बंभचेरवासं नो आवसेज्जा।

प०—से केणट्ठेणं भंते ! एवं वुच्चइ—
सोच्चा णं केवलिस्स वा-जाव-तप्पक्खियउवासियाए वा अत्थेगतिए केवलं बंभचेरवासं आवसेज्जा अत्थेगतिए केवलं बंभचेरवासं नो आवसेज्जा ?

उ०—गोयमा ! जस्स णं चरित्तावरणिज्जाणं कम्माणं खओवसमे कडे भवइ, से णं सोच्चा केवलिस्स-जाव-तप्पक्खियउवासियाए वा केवलं बंभचेरवासं आवसेज्जा।
जस्स णं चरित्तावरणिज्जाणं कम्माणं खओवसमे नो कडे भवइ से णं सोच्चा केवलिस्स वा-जाव-तप्पक्खियउवासियाए वा केवलं बंभचेरवासं नो आवसेज्जा।
से तेणट्ठेणं गोयमा एवं वुच्चइ—
जस्स णं चरित्तावरणिज्जाणं कम्माणं खओवसमे कडे भवइ से णं सोच्चा केवलिस्स वा-जाव-तप्पक्खियउवासियाए वा केवलं बंभचेरवासं आवसेज्जा।
जस्स णं चरित्तावरणिज्जाणं कम्माणं खओवसमे नो कडे भवइ, से णं सोच्चा केवलिस्स वा-जाव-तप्पक्खियउवासियाए वा केवलं बंभचेरवासं नो आवसेज्जा।

—वि.स. ६, उ. ३१, सु.३२

૫૮૫. પ્ર. ભંતે ! કેવળી પાસેથી યાવત્ કેવળી પાક્ષિક ઉપાસિકા પાસેથી શ્રવણ કરી કોઈ જીવ બ્રહ્મચર્યનું પાલન કરી શકે ખરો ?

ઉ. ગૌતમ ! કેવળી પાસેથી યાવત્ કેવળી પાક્ષિક ઉપાસિકા પાસેથી શ્રવણ કરી કોઈ જીવ બ્રહ્મચર્ય પાલન કરી શકે છે અને કોઈ જીવ બ્રહ્મચર્યનું પાલન કરી શકતો નથી.

પ્ર. ભંતે ! એમ શા હેતુથી કહેવામાં આવે છે ?
કેવળી પાસેથી યાવત્ કેવળી પાક્ષિક ઉપાસિકા પાસેથી શ્રવણ કરી કોઈ બ્રહ્મચર્ય પાલન કરી શકે છે અને કોઈ જીવ બ્રહ્મચર્ય પાલન કરી શકતો નથી ?

ઉ. ગૌતમ ! જેનો ચારિત્રાવરણીય કર્મોનો ક્ષયોપક્ષમ થયો છે તે કેવલી પાસેથી યાવત્ કેવલી પાક્ષિક ઉપાસિકા પાસેથી શ્રવણ કરી બ્રહ્મચર્યનું પાલન કરી શકે છે.

જે જીવે ચારિત્રાવરણીય કર્મોનો ક્ષયોપક્ષમ કર્યો નથી, તે કેવલી પાસેથી યાવત્ કેવલી પાક્ષિક ઉપાસિકા પાસેથી શ્રવણ કરીને પણ બ્રહ્મચર્ય પાલન કરી શકતો નથી.
ગૌતમ ! માટે એ હેતુથી એમ કહેવામાં આવે છે કે-
જેનો ચારિત્રાવરણીય કર્મોનો ક્ષયોપક્ષમ થયો છે તે કેવલી પાસેથી યાવત્ કેવલી પાક્ષિક ઉપાસિકા પાસેથી શ્રવણ કરી બ્રહ્મચર્યનું પાલન કરી શકે છે.

જેણે ચારિત્રાવરણીય કર્મોનો ક્ષયોપક્ષમ કર્યો નથી તે કેવલી પાસેથી યાવત્ કેવલી પાક્ષિક ઉપાસિકા પાસેથી શ્રવણ કરીને પણ બ્રહ્મચર્ય પાલન કરી શકતો નથી.

ब्रह्मचर्यपालननां उपायो—२

धम्मरहसारही धम्मारामविहारी बंभयारी—

५८६. धम्मारामे चरे भिक्खू, धिइमं धम्मसारही।
धम्मारामरए दन्ते, बम्भचेरसमाहिए ॥

बंभचेरसमाहिठाणा—

५८७. सुयं मे आउसं ! तेणं भगवया एवमक्खायं—
इह खलु थेरेहिं भगवन्तेहिं दस बंभचेरसमाहिठाणा पन्नत्ता,

ધર્મરથ-સારથી ધર્મારામ-વિહારી બ્રહ્મચારી :-

૫૮૬. ધૈર્યવાન, ધર્મ રથના સારથી, ધર્મમાં રત, દાન્ત તથા બ્રહ્મચર્યમાં ચિત્તનું સમાધાન પ્રાપ્ત કરનારા ભિક્ષુ ધર્મ-ઉદ્યાનમાં વિચરણ કરે.

બ્રહ્મચર્ય સમાધિ સ્થાન :-

૫૮૭. હે આયુષ્યન્ ! મેં સાંભળ્યું છે, ભગવાને આ પ્રમાણે કહ્યું છે—
નિર્ગ્રન્થ પ્રવચનમાં જે સ્થવિર (ગણધર) ભગવંતો થયા છે તેઓએ બ્રહ્મચર્ય સમાધિનાં દસ સ્થાન કહ્યાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जे भिक्खू सोच्चा, नच्चा,
निसम्म, संजमबहुले, संवरबहुले, समाहिबहुले,
गुत्ते, गुत्तिन्दिए, गुत्तबम्भयारी सया अप्पमत्ते विहरेज्जा ।

प०—कयरे खलु ते थेरेहिं भगवन्तेहिं दस बम्भचेरसमाहिठाणा पन्नत्ता, जे भिक्खू सोच्चा, नच्चा, निसम्म, संजमबहुले, संवरबहुले, समाहिबहुले, गुत्ते, गुत्तिन्दिए, गुत्तबम्भयारी सया अप्पमत्ते विहरेज्जा ?

उ०—इमे खलु ते थेरेहिं भगवन्तेहिं दस बम्भचेरसमाहिठाणा पन्नत्ता, जे भिक्खू सोच्चा, नच्चा, निसम्म, संजमबहुले, संवरबहुले, समाहिबहुले, गुत्ते, गुत्तिन्दिए, गुत्तबम्भयारी सया अप्पमत्ते विहरेज्ज त्ति ।

—उत्त. अ. १६, सु. १.

જેને શ્રવણ કરી, જેના અર્થનો નિશ્ચય કરી, ભિક્ષુ સંયમ, સંવર, તથા સમાધિનો વારંવાર અભ્યાસ કરે, મન, વાણી અને શરીરનું ગોપન કરે, ઇન્દ્રિયોને તેના વિષયોથી બચાવે, બ્રહ્મચર્યને સુરક્ષાઓથી સુરક્ષિત રાખે તથા હંમેશા અપ્રમત્ત બની વિચરણ (વિહાર) કરે.

પ્ર. સ્થવિર ભગવાને તે બ્રહ્મચર્ય સમાધિના ક્યાં દસ સ્થાન કહ્યાં છે, જેને શ્રવણ કરી, જેના અર્થનો નિશ્ચય કરી, ભિક્ષુ સંયમ, સંવર તથા સમાધિનો વારંવાર અભ્યાસ કરે, મન, વાણી અને શરીરનું ગોપન કરે, ઇન્દ્રિયોને તેના વિષયોથી બચાવે, બ્રહ્મચર્યને સુરક્ષાઓથી સુરક્ષિત રાખે, તથા હંમેશા અપ્રમત્ત થઈ વિહાર કરે ?

ઉ. સ્થવિર ભગવાનોએ બ્રહ્મચર્ય સમાધિના દસ સ્થાન કહ્યાં છે, જેને સાંભળી, અર્થનો નિશ્ચય કરી, ભિક્ષુ સંયમ, સંવર તથા સમાધિનો વારંવાર અભ્યાસ કરે, મન, વાણી અને શરીરનું ગોપન કરે, ઇન્દ્રિયોને તેમના વિષયોથી બચાવે, બ્રહ્મચર્યને સુરક્ષાઓથી સુરક્ષિત રાખે, તથા હંમેશા અપ્રમત્ત થઈ વિહાર કરે. તે આ પ્રમાણે છે-

दस बम्भचेरसमाहिठाणाणं णामाइं—

५८८. १. आलओ थीजणाइण्णो,
२. थीकहा य मणोरमा ।
३. संथवो चेव नारीणं
४ तासिं इन्दियदरिसणं ॥
५. कुइयं, रुइयं गीयं,
६. सहभुत्तासियाणि य ।
७. पणीयं भत्तपाणं च,
८. अइमायं पाण-भोयणं ॥
९. गतभूसणमिट्ठं च,
१०. कामभोगा य दुज्जया । नरस्सऽत्तगवेसिस्स, विसं तालउडं जहा ॥

—उत्त.अ. १६, गा. १३-१५

દસ બ્રહ્મચર્ય સમાધિ સ્થાનોનાં નામ :-

૫૮૮. ૧-સ્ત્રીઓથી આકીર્ણ (ભરેલ) આલય,
૨-મનોરમ સ્ત્રી કથા,
૩-સ્ત્રીઓનો પરિચય,
૪-તેમની ઇન્દ્રિયોને જોવી,
૫-તેઓના કૂંજન, રુદન, ગીત તથા હાસ્યયુક્ત શબ્દો સાંભળવા,
૬-તેઓના ભોગવેલા ભોગોને યાદ કરવા
૭-પ્રણીત પાન ભોજન,
૮-માત્રાથી અધિક પાન ભોજન,
૯-શરીરને શણગારવાની ઇચ્છા તથા
૧૦-દુર્જય કામ-ભોગ એ દસ આત્મ-ગવેષી મનુષ્ય માટે તાલપુટ વિષ સમાન છે.

विवित्तसयणासणसेवणं—

५८९. "विवित्ताइं सयणासणाइं सेवेज्जा, से निग्गंथे" नो इत्थीपसु-पण्डगसंसत्ताइं सयणासणाइं सेवित्ता हवइ से निग्गंथे ।

प०—तं कहमिति चे ?

उ०—आयरियाह-निग्गंथस्स खलु इत्थी-पसु-पण्डगसंसत्ताइं, सयणासणाइं सेवमाणस्स बंभयारिस्स बम्भचेरे संका वा कंखा वा वितिगिच्छा वा समुप्पज्जिज्जा,

૧-વિવિક્ત-શયનાસન સેવન :-

૫૮૯. જે એકાન્ત શયન તથા આસન સેવન (ઉપયોગ) કરે છે તે નિર્ગ્રન્થ છે. સ્ત્રી, પશુ તથા નપુંસકથી આકીર્ણ (વ્યાપ્ત) શયન કે આસનનું જે સેવન ન કરે તે નિર્ગ્રન્થ છે.

પ્ર. એવું શા માટે ?

ઉ. એવું પૂછવાથી આચાર્ય કહે છે :- નિર્ગ્રન્થ, સ્ત્રી, પશુ તથા નપુંસકથી આકીર્ણ (વ્યાપ્ત) શયન તથા આસનનું સેવન કરનારા બ્રહ્મચારીઓને બ્રહ્મચર્યના વિષયમાં શંકા, કાંક્ષ કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भेयं वा लभेज्जा, उम्मायं वा पाउणिज्जा, दीहकालियं वा रोगायंकं हवेज्जा, केवलिपन्नत्ताओ वा धम्माओ भंसेज्जा। तम्हा नो इत्थी-पसु-पण्डगसंसत्ताइं सयणासणाइं सेवित्ता हवइ से निग्गंथे।
—उत्त. अ.१६. सु.२

વિચિકિત્સા ઉત્પન્ન થાય છે.
અથવા બ્રહ્મચર્યનો વિનાશ થાય છે
અથવા ઉન્માદ પેદા થાય છે.
અથવા દીર્ઘકાલિક રોગ તથા આતંક થાય છે.
અથવા તેઓ કેવલી પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થઈ જાય છે.
માટે જેઓ સ્ત્રી, પશુ અને નપુંસકથી આકીર્ણ શયન કે આસનનું સેવન કરતા નથી તે નિર્ગ્રન્થ છે.

૫૯૦ जं विवित्तमणाइण्णं, रहियं इत्थिजणेण य। बम्भचेरस्स रक्खट्ठा, आलयं तु निसेवए॥
—उत्त. अ. १६, गा. ३

૫૯૦. બ્રહ્મચર્યની રક્ષા માટે મુનિ એવા આવાસમાં રહે જે એકાંત, અનાકીર્ણ કે સ્ત્રીઓથી રહિત હોય,

૫૯૧. अन्नट्ठं पगडं लयणं, भएज्ज सयणाऽऽसणं। उच्चारभूमिसम्पन्नं, इत्थी-पसु-विवज्जियं॥
—दस. अ. ८, गा. ५१

૫૯૧. મુનિ બીજા માટે બનાવેલા ગૃહ, શયન કે આસનનું સેવન કરે, તે ગૃહ મળ-મૂત્ર વિસર્જનની ભૂમિથી યુક્ત તથા સ્ત્રી અને પશુથી રહિત સ્થાન હોવું જોઈએ.

૫૯૨. विवित्तसेज्जासणजन्तियाणं, ओमासणाणं दमिइन्दियाणं।
न रागसत्तू धरिसेइ चित्तं, पराइओ वाहिरिवोसहेहिं॥
जहा बिरालावसहस्स मूले, न मूसगाणं वसही पसत्था।
एमेव इत्थीनिलयस्स मज्झे, न बम्भयारिस्स खमो निवासो॥
—उत्त. अ. ३२, गा. १२-१३

૫૯૨. જે વિવિક્ત શય્યા અને આસનથી નિયન્ત્રિત હોય છે, જે અલ્પ ખાય છે અને જીતેન્દ્રિય હોય છે, તેના ચિત્તને રાગ-દ્વેષ પરાજીત કરતા નથી.
જેમ ઔષધિથી નાશ પામેલો રોગ ફરી શરીરને ઘેરતો નથી તેમ.
જેમ બિલાડીની વસ્તી પાસે ઉંદરોનું રહેવું યોગ્ય નથી, તે પ્રમાણે સ્ત્રીઓની વસ્તીમાં બ્રહ્મચારીએ રહેવું યોગ્ય નથી.

૫૯૩. मणोहरं चित्तहरं, मल्लधूवेण वासियं। सकवाडं पण्डरुल्लोयं, मणसा वि न पत्थए॥[1]
इन्दियाणि उ भिक्खुस्स, तारिसम्मि उवस्सए। दुक्कराइं निवारेउं, कामरागविवड्ढणे॥
—उत्त. अ. ३५, गा. ४-५

૫૯૩. જે સ્થાન મનોહર ચિત્રોથી આકીર્ણ, માળા તથા ધૂપથી સુવાસિત, દરવાજા સહિત, શ્વેત ચંદરવાથી યુક્ત હોય એવા સ્થાનની બ્રહ્મચારી મનથી પણ અભિલાષા ન કરે.
કામ-રાગનું સંવર્ધન કરનારા ઉપાશ્રયમાં ઈન્દ્રિયોનો નિગ્રહ કરવો (તેના પર નિયંત્રણ પ્રાપ્ત કરવું) ભિક્ષુ માટે દુષ્કર હોય છે.

૫૯૪. कामं तु देवीहिं वि भूसियाइं न चाइया खोभइउं तिगुत्ता।
तहा वि एगंतहियं ति नच्चा, विवित्तवासो मुणिणं पसत्थो॥
मोक्खाभिकंखिस्स वि माणवस्स संसारभीरुस्स ठियस्स धम्मे।
नेयारिसं दुत्तरमत्थि लोए, जहित्थिओ बालमणोहराओ॥ —उत्त.अ.३२,गा. १६-१७

૫૯૪. એમ તો ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત મુનિઓને વિભૂષિત દેવીઓ પણ વિચલિત કરી શકતી નથી, છતાં પણ ભગવાને એકાંત હિતની દૃષ્ટિએ મુનિનો વિવિક્ત વાસ જ યોગ્ય કહ્યો છે.
મોક્ષ ચાહનારા, સંસારભીરુ તથા ધર્મમાં સ્થિત મનુષ્ય માટે લોકમાં કોઈ પણ વસ્તુ એવી દુસ્તર નથી, જેવી દુસ્તર મનનું હરણ કરનારી સુકુમાર સુંદરીઓ હોય છે.

૨. थीकहाणिसेहो—

૨. સ્ત્રીકથા નિષેધ :-

૫૯૫. नो इत्थीणं कहं कहित्ता हवइ, से निग्गंथे।
प.—तं कहमिति चे?
उ.—आयरियाह—निग्गंथस्स खलु

૫૯૫. જે સ્ત્રીઓની વાતો નથી કરતો તે નિર્ગ્રન્થ છે.
પ્ર. એમ શા માટે?
ઉ. એમ પૂછવાથી આચાર્ય કહે છે - જે સ્ત્રી-

१ चित्तभित्तिं न निज्झाए, नारिं वा सुअलंकियं। भक्खरं पिव दट्ठूणं, दिट्ठिं पडिसमाहरे॥ दस. अ. ८, गा. ५४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इत्थीणं कहं कहेमाणस्स, बम्भयारिस्स बम्भयेरे संका वा, कंखा वा, वितिगिच्छा वा समुप्पज्जिज्जा,
भेयं वा लभेज्जा,
उम्मायं वा पाउणिज्जा,
दीहकालियं वा रोगायंकं हवेज्जा,
केवलिपन्नत्ताओ वा धम्माओ भंसेज्जा।
तम्हा नो इत्थीणं कहं कहेज्जा।
—उत्त अ. १६, सु. ३

ઓની વાતો કરે છે તે બ્રહ્મચારી નિર્ગ્રન્થને બ્રહ્મચર્યમાં શંકા, કાંક્ષા અથવા વિચિકિત્સા ઉત્પન્ન થાય છે.
અથવા બ્રહ્મચર્યનો વિનાશ થાય છે.
અથવા ઉન્માદ પેદા થાય છે.
અથવા દીર્ઘકાલિક રોગ અથવા આતંક થાય છે.
અથવા તે કેવલી પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થાય છે.
તેથી સ્ત્રીઓની વાત ન કરે.

५९६. मणपल्हायजणणिं, कामरागविवड्ढणिं।
बम्भचेररओ भिक्खू थीकहं तु विवज्जए॥
सयं च संथवं थीहिं, संकहं च अभिक्खणं।
बम्भचेररओ भिक्खू, निच्चसो परिवज्जए॥
—उत्त. अ. १६, गा. ४-५

५९६. બ્રહ્મચર્યમાં રત ભિક્ષુ મનમાં આનંદ ઉત્પન્ન કરનારી તેમ જ કામ-વાસના ઉત્પન્ન થાય તેવી સ્ત્રી-કથાથી દૂર રહે.
બ્રહ્મચર્યમાં રત ભિક્ષુ સ્ત્રીઓની સાથે પરિચય અને વારંવાર વાર્તાલાપથી હરહંમેશ દૂર રહે.

३. इत्थीहिं सद्धिं निसेज्जाणिसेहो—

३. સ્ત્રીના આસન પર બેસવાનો નિષેધ :-

५९७. नो इत्थीहिं सद्धिं सन्निसेज्जागए विहरित्ता हवइ से निग्गंथे।
प०—तं कहमिति चे?
उ०—आयरियाह—निग्गंथस्स खलु इत्थीहिं सद्धिं सन्निसेज्जागयस्स, विहरमाणस्स बम्भचेरे संका वा, कंखा वा, वितिगिच्छा वा, समुप्पज्जिज्जा,
भेयं वा लभेज्जा,
उम्मायं वा पाउणिज्जा,
दीहकालियं वा रोगायंकं हवेज्जा,
केवलिपन्नत्ताओ वा धम्माओ भंसेज्जा।
तम्हा खलु नो निग्गंथे इत्थीहिं सद्धिं सन्निसेज्जागए विहरेज्जा। —उत्त.अ.१६,सु.४

५९७. સ્ત્રીઓ સાથે જે એક આસન પર બેસતો નથી તે નિર્ગ્રન્થ છે.
પ્ર. એમ શા માટે?
ઉ. એવું પૂછવાથી આચાર્ય કહે છે—સ્ત્રીઓ સાથે એક આસન પર બેસનારા બ્રહ્મચારી-ઓને બ્રહ્મચર્યના વિષયમાં શંકા, કાંક્ષા, વિચિકિત્સા ઉત્પન્ન થાય છે.
અથવા બ્રહ્મચર્યનો વિનાશ થાય છે.
અથવા ઉન્માદ પેદા થાય છે.
અથવા દીર્ઘકાલિક રોગ અથવા આતંક પેદા થાય છે.
અથવા કેવલી-પ્રરૂપિત ધર્મથી તે ભ્રષ્ટ થાય છે.
માટે નિર્ગ્રન્થે સ્ત્રીઓ સાથે એક આસન પર ન બેસવું જોઈએ.

५९८. जहा कुक्कुडपोयस्स, निच्चं कुललओ भयं।
एवं खु बंभयारिस्स, इत्थीविग्गहओ भयं॥
—दस. अ. ८, गा. ५३

५९८. જે પ્રમાણે કૂકડાના બચ્ચાને હંમેશા બિલાડીથી ભય હોય છે, તે જ પ્રમાણે બ્રહ્મચારી પુરુષને સ્ત્રીના શરીરથી ભય હોય છે.

५९९. जतुकुम्भे जोतिमुवगूढे, आसुऽभितत्ते णासमुपयाति।
एवित्थियाहिं अणगारा, संवासेण णासमुवयंति॥
—सूय. सु १, अ. ४, उ. १, गा. २७

५९९. જેમ અગ્નિના સ્પર્શથી લાખનો ઘડો તરત જ નાશ પામે છે. તે જ પ્રમાણે સ્ત્રી-સંસર્ગથી - વાત-ચીતથી અણગાર પુરુષ [પણ] શીઘ્રતાથી નષ્ટ (સંયમ-ભ્રષ્ટ) થાય છે.

६००. हत्थपायपडिच्छिन्नं, कण्णनासविगप्पियं।
अवि वाससइं नारिं, बंभयारी विवज्जए॥
—दस अ. ८, गा. ५५

६००. જેના હાથ પગ કપાયેલા હોય, જેના કાન, નાક છેદાયેલા હોય એવી સો વર્ષની વૃદ્ધ નારીથી પણ બ્રહ્મચારી દૂર રહે.

६०१. समरेसु अगारेसु, सन्धीसु य महापहे।
एगो एगत्थिए सद्धिं, नेव चिट्ठे न संलवे॥
—उत्त. अ. १, गा. २६

६०१. લુહારની શાળામાં, ઘરોમાં, બે ઘર વચ્ચેના સંધિ-સ્થાનમાં તથા રાજમાર્ગમાં એકલો મુનિ, એકલી સ્ત્રી સાથે ઊભો ન રહે તથા સંલાપ કરે નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪- इत्थी इंदियाणं आलोयणणिसेहो—

૬૦૨. नो इत्थीणं इन्दियाइं मणोहराइं मणोरमाइं आलोइत्ता निज्झाइत्ता, हवइ, से निग्गंथे।

प०—तं कहमिति चे ?

उ०—आयरियाह—निग्गंथस्स खलु इत्थीणं इन्दियाइं मणोहराइं, मणोरमाइं आलोएमाणस्स, निज्झायमाणस्स बम्भयारिस्स बम्भचेरे संका वा, कंखा वा, वितिगिच्छा वा समुप्पज्जिज्जा,
भेयं वा लभेज्जा,
उम्मायं वा पाउणिज्जा,
दीहकालियं वा रोगायंकं हवेज्जा,
केवलिपन्नत्ताओ वा धम्माओ भंसेज्जा।
तम्हा खलु निग्गंथे नो इत्थीणं इन्दियाइं मणोहराइं, मणोरमाइं आलोएज्जा, निज्झाएज्जा।

—उत्त. अ. १६, सु. ५

૬૦૩. अंगपच्चंगसंठाणं, चारुल्लवियपेहियं।
बम्भचेररओ थीणं, चक्खुगेज्झं विवज्जए ॥[1]

उत्त. अ. १६, गा. ६

૬૦૪. न रूव-लावण्ण-विलास-हासं,
न जंपियं इंदियपेहियं वा।
इत्थीण चित्तंसि निवेसइत्ता,
दट्ठुं ववस्से समणे तवस्सी ॥
अदंसणं चेव अपत्थणं च,
अचिन्तणं चेव अकित्तणं च।
इत्थीजणस्सारियझाणजोग्गं,
हियं सया बम्भवए रयाणं ॥

—उत्त. अ. ३२, गा. १४-१५

૫. इत्थीणं कूइयाइ सद्दसवणणिसेहो—

૬૦૫. नो इत्थीणं कुड्डुन्तरंसि वा, दूसन्तरंसि वा, भित्तिअन्तरंसि वा, कुइयसद्दं वा, रुइयसद्दं वा, गीयसद्दं वा, हसियसद्दं वा, थणियसद्दं वा, कन्दियसद्दं वा, विलवियसद्दं वा, सुणेत्ता हवइ से निग्गंथे।

प०—तं कहमिति चे ?

उ०—आयरियाह—निग्गंथस्स खलु इत्थीणं कुड्डुन्तरंसि वा, दूसन्तरंसि वा, भित्तिअंतरंसि वा, कुइयसद्दं वा, रुइयसद्दं वा, गीयसद्दं वा, हसियसद्दं वा, थणियसद्दं वा, कन्दियसद्दं वा, विलवियसद्दं वा, सुणमाणस्स बम्भयारिस्स बम्भचेरे संका

૪. સ્ત્રીની ઇન્દ્રિયોના અવલોકનનો નિષેધ :-

૬૦૨. જે સ્ત્રીઓની મનોહર અને મનોરમ ઇન્દ્રિયોને અનિમેષ દૃષ્ટિથી જોતો નથી, તેના વિષયમાં ચિંતન કરતો નથી, તે નિર્ગ્રન્થ છે.

પ્ર. એમ શા માટે ?

ઉ. એવું પૂછવાથી આચાર્ય કહે છે- સ્ત્રીઓની મનોહર અને મનોરમ ઇન્દ્રિયોને અનિમેષ દૃષ્ટિથી જોનારા તથા તેના વિષયમાં ચિંતન કરનારા બ્રહ્મચારીને બ્રહ્મચર્યના વિષયમાં શંકા, કાંક્ષા અથવા વિચિકિત્સા ઉત્પન્ન થાય છે.
અથવા બ્રહ્મચર્યનો વિનાશ થાય છે.
અથવા ઉન્માદ પેદા થાય છે.
અથવા દીર્ઘકાલિક રોગ અને આતંક થાય છે.
અથવા તે કેવલી-પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થઈ જાય છે.

માટે સ્ત્રીઓની મનોહર અને મનોરમ ઇન્દ્રિયોને અનિમેષ દૃષ્ટિથી ન જુએ, તેના વિષયમાં ચિંતન ન કરે.

૬૦૩. બ્રહ્મચર્યમાં રત રહેનારા ભિક્ષુ સ્ત્રીઓના ચક્ષુ-ગ્રાહ્ય, અંગ-પ્રત્યંગ, આકાર, બોલવાની મનોહર છટા તેમજ કટાક્ષ વગેરેને જુવે નહિ તથા જોવાનો પ્રયત્ન કરે નહિ.

૬૦૪. તપસ્વી સાધુ સ્ત્રીઓના રૂપ, લાવણ્ય, વિલાસ, હાસ્ય, મધુર આલાપ, ઇંગિત અને કટાક્ષને મનમાં રાખીને તેને જોવાનો સંકલ્પ કરે નહિ.

જે સદા બ્રહ્મચર્યમાં લીન રહે છે તેણે સ્ત્રીઓને જોવી નહિ, ચાહવી નહિ, તેમનું ચિંતન કરવું નહિ અને તેમનું વર્ણન કરવું હિતકર નથી. એ ધર્મધ્યાન માટે ઉપયુક્ત છે.

૫. સ્ત્રીઓના વાસનાજન્ય શબ્દ શ્રવણનો નિષેધ :-

८०३. एवमिणं संवरस्स दारंसम्मं संवरियं होइ सुपणिहियं । इमेहिं पंचहिं वि कारणेहिं मण–वयण–काय–परिरक्खिएहिं । णिच्चं आमरणंतं च एसो जोगो णेयव्वो धितिमया मतिमया ।

अणासवो अकलुसो अच्छिद्दो अपरिस्सावी असंकिलिट्ठो सुद्धो सव्वजिणमणुन्नाओ ।

एवं चउत्थं संवरदारं फासियं पालियं सोहियं तीरियं किट्टियं आणाए अणुपालियं भवइ।

एवं नायमुणिणाभगवया पन्नवियं परूवियं पसिद्धं सिद्धवर–सासणमिणं आघवियं सुदेसियं पसत्थं । त्ति बेमि ।

– प.सु.२, अ.४, सु. १२(ख)

ઉપસંહાર :

૮૦૩.આ પ્રમાણે બ્રહ્મચર્ય વ્રતરૂપ આ સંવરદ્વાર સમ્યક્ પ્રકારે સંવૃત તથા સુરક્ષિત હોય છે. મન, વચન અને કાયાના ત્રણેય યોગથી પરિરક્ષિત હોય છે. આ પૂર્વોક્ત પાંચ ભાવનાઓથી હંમેશા જીવન પર્યંત આ યોગનું ધૈર્યવાન અને કુશળ મુનિએ પાલન કરવું જોઈએ.

આ સંવર દ્વાર આશ્રવ તથા ભાવછિદ્રોથી રહિત છે, જેથી કર્મનો આશ્રવ થતો નથી. તે અકલુશ, અછિદ્ર, અપરિશ્રાવી તથા શુદ્ધ છે. તેમજ સર્વ તીર્થંકરો દ્વારા અનુજ્ઞાત છે.

આ પ્રમાણે આ ચોથું સંવર દ્વાર વિધિપૂર્વક અંગીકૃત કરી, પાલન કરી, શોધિત કરી, અતિચાર રહિત, ત્યાગ સહિત, નિર્દોષરૂપે પાર કરી, કિનારા સુધી પહોંચાડી, બીજાને ઉપદેશ આપી, આરાધિત કરી તીર્થંકર ભગવાનની આજ્ઞાનુસાર અનુપાલિત કરાય છે.

એવું જ્ઞાત ભગવાન મહાવીરે કહ્યું છે, યથાયોગ્ય સમજાવ્યું છે. તે પ્રસિદ્ધ-જગવિખ્યાત છે, પ્રમાણસિદ્ધ છે. આ ભવસ્થિત સિદ્ધો-અરિહંત ભગવંતોનું શાસન છે. દેવો, માનવી તથા અસુરોથી યુક્ત પરિષદ્માં આ ઉપદેશ અપાયેલ છે તથા મંગલકારી છે. એવું હું કહું છું.

बंभचेरस्स णव अगुत्तिओ –

८०४. णव बंभचेर अगुत्तीओ पंण्णत्ताओ, तं जहा–

णो विवित्ताइं सयणासणाइं सेवित्ता भवति–

१. इत्थीसंसत्ताइं पसुसंसत्ताइं पंडगसंसत्ताइं ।

२. इत्थीणं कहं कहेत्ता भवति ।

३. इत्थिठाणाइं सेवित्ता भवति ।

४. इत्थीणं इंदियाइं मणोहराइं मणोरमाइं आलोइत्ता णिज्झाइत्ता भवति ।

५. पणीयरसभोई भवति ।

६. पाणभोयणस्स अइमायमाहारए सया भवति ।

બ્રહ્મચર્યની નવ અગુપ્તિઓ :

૮૦૪.બ્રહ્મચર્યની નવ અગુપ્તિઓ અથવા વિરાધનાઓ કહેવામાં આવી છે. જેમ કે - જે બ્રહ્મચારી એકાંતમાં શયન-આસનનું સેવન કરતો નથી.

૧. છતાં પણ સ્ત્રી સંયોગ, પશુ સંયોગ, નપુસંક સંયોગવાળા સ્થાન સેવન કરે છે.

૨. જે બ્રહ્મચારી સ્ત્રીઓની કથા કરે છે કે સ્ત્રીઓમાં કથા કરે છે.

૩. જે બ્રહ્મચારી સ્ત્રીઓના ઉઠવા બેસવાના સ્થાનનું સેવન કરે છે.

૪. જે બ્રહ્મચારી સ્ત્રીઓની મનોહર અને મનોરમ ઈન્દ્રિયોનું રાગભાવપૂર્વક નિરીક્ષણ કરે છે અને તેનું ચિંતન કરે છે.

૫. જે બ્રહ્મચારી પ્રણીત રસવાળું ભોજન કરે છે.

૬. જે બ્રહ્મચારી હંમેશા અધિક માત્રામાં આહારપાણી કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

७. पुव्वरय पुव्वकीलियं सरित्ता भवति ।

८. सद्दाणुवाई रूवाणुवाई सिलोगाणुवाई भवति ।

९. सायासोक्खपडिबद्धे या वि भवति ।[1]

– ठाणं. अ.९, सु. ६६३ (१).

७- જે બ્રહ્મચારી પૂર્વના ભોગ અને ક્રીડાઓનું સ્મરણ કરે છે.

८- જે બ્રહ્મચારી મનોજ્ઞ શબ્દોને સાંભળવાનો, સુંદર રૂપને જોવાનો અને યશ પ્રતિષ્ઠાનો અભિલાષી હોય છે.

९- જે બ્રહ્મચારી સાતાવેદનીય સુખમાં આસક્ત હોય છે.

बंभचेरस्स णव गुत्तिओ –

८०५. णव बंभचेरगुत्तीओ पण्णत्ताओ, तं जहा –
विवित्ताइं सयणासणाइं सेवित्ता भवति –

१. णो इत्थीसंसत्ताइं णो पसुसंसत्ताइं णो पंडगसंसत्ताइं ।

२. णो इत्थीणं कहं कहेत्ता भवति ।

३. णो इत्थिठाणाइं सेवित्ता भवति ।

४. णो इत्थीणं इंदियाइं मणोहराइं मणोरमाइं आलोइत्ता णिज्झाइत्ता भवति ।

५. णो पणीयरसभोई भवति ।

६. णो पाणभोयणस्स अइमायमाहारए सया भवति ।

७. णो पुव्वरतं पुव्वकीलियं सरेत्ता भवति ।

८. णो सद्दाणुवाई णो रूवाणुवाई, णो सिलोगाणुवाई भवति ।

९. णो साया सोक्खपडिबद्धे या वि भवति ।[2]

– ठाणं. अ. ९, सु. ६६३(२)

બ્રહ્મચર્યની નવ ગુપ્તિઓ :

८०५. બ્રહ્મચર્યની નવ ગુપ્તિઓ (વાડ) કહેવામાં આવી છે. જેમ કે બ્રહ્મચારી એકાંતમાં શયન અને આસન કરે છે.

१. પરંતુ સ્ત્રી પશુ કે નપુંસક યુક્ત સ્થાનનું સેવન કરતો નથી.

२. બ્રહ્મચારી સ્ત્રીઓની કથા કરતો નથી તેમજ સ્ત્રીઓમાં કથા કરતો નથી.

३. બ્રહ્મચારી સ્ત્રીઓના ઉઠવા બેસવાના સ્થાનોનું સેવન કરતો નથી.

४. બ્રહ્મચારી સ્ત્રીઓની મનોહર અને મનોરમ ઈન્દ્રિયોનું નિરીક્ષણ કરતો નથી અને તેનું ચિંતન કરતો નથી.

५. બ્રહ્મચારી પ્રણીત રસ-ઘી, તેલ ઈત્યાદિયુક્ત ભોજન કરતો નથી.

६. બ્રહ્મચારી કદી અધિક માત્રામાં આહારપાણી કરતો નથી.

७. બ્રહ્મચારી પૂર્વના ભોગ અને ક્રીડાઓનું સ્મરણ કરતો નથી.

८. બ્રહ્મચારી મનોજ્ઞ શબ્દોને સાંભળવાનો, સુંદર રૂપને જોવાનો અને યશ-પ્રતિષ્ઠાનો અભિલાષી હોતો નથી.

९. બ્રહ્મચારી સાતાવેદનીય સુખમાં આસકત થતો નથી.

पांचमुं अपरिग्रह महाव्रत
અપરિગ્રહ મહાવ્રતની આરાધના-૧

अपरिग्गहमहव्वय आराहण–पइण्णा–

८०६. अहावरे पंचमे भंते । महव्वए परिग्गहाओ वेरमणं । सव्वं भंते ! परिग्गहं पच्चक्खामि–से गामे वा, णगरे वा, अरण्णे वा, अप्पं वा, बहुं वा, अणुं वा, थूलं वा, चित्तमंतं वा, अचित्तमंतं वा।

અપરિગ્રહ મહાવ્રતની આરાધનાની પ્રતિજ્ઞા :

८०६. ભંતે ! પાંચમા મહાવ્રતમાં પરિગ્રહથી નિવૃત્ત થવાનું છે. ભંતે ! હું સર્વ પ્રકારના પરિગ્રહનું પ્રત્યાખ્યાન કરું છું. જેમ કે-ગામમાં, નગરમાં કે અટવીમાં, અલ્પ મૂલ્યવાન કે બહુમૂલ્યવાન, સૂક્ષ્મ કે સ્થૂળ, સચિત્ત કે અચિત્ત કોઈ પણ પદાર્થનો પરિગ્રહ કરીશ નહિ.

१-२ सम. ९, सु. १

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(से य परिग्गहे चउव्विहे पण्णत्ते, तं जहा–

१. दव्वओ २. खेत्तओ, ३. कालओ, ४. भावओ ।

१. दव्वओ सव्वदव्वेहिं,
२. खेत्तओ सव्वलोएहिं,
३. कालओ दिया वा राओ वा,
४. भावओ अप्पेग्घे वा महग्घे वा।)

नेव सयं परिग्गहं परिगेण्हेज्जा, नेवऽन्नेहिं परिग्गहं परिगेण्हावेज्जा, परिग्गहं परिगेण्हंते वि अन्ने न समणुजाणेज्जो[1] जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि ।

तस्स भन्ते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि।[2]
पंचमे भन्ते ! महव्वए उवट्ठिओमि सव्वाओ परिग्गहाओ वेरमणं ।

दस. अ. ४, सु. १५

પરિગ્રહના ચાર પ્રકાર કયા છે. જેવા કે -

૧- દ્રવ્યથી, ૨- ક્ષેત્રથી, ૩- કાળથી, ૪- ભાવથી.

૧- દ્રવ્યથી સર્વ દ્રવ્ય સંબંધી,
૨- ક્ષેત્રથી સર્વ લોકમાં,
૩- કાળથી દિવસે અથવા રાત્રે,
૪- ભાવથી અલ્પ મૂલ્યવાળી કે બહુમૂલ્યવાળી વસ્તુ હોય.)

કોઈપણ પરિગ્રહનું ગ્રહણ હું કરીશ નહિ, બીજા દ્વારા પરિગ્રહનું ગ્રહણ કરાવીશ નહિ અને પરિગ્રહ ગ્રહણ કરનારની અનુમોદના પણ કરીશ નહિ. જીવન પર્યંત ત્રણ કરણ, ત્રણ યોગથી-મનથી, વચનથી, કાયાથી- કરીશ નહિ, કરાવીશ નહિ અને કરનારનું અનુમોદન પણ કરીશ નહિ.

ભંતે ! હું તેનું પ્રતિક્રમણ કરું છું, નિંદા કરું છું, ગર્હા કરું છું અને સ્વ આત્મા દ્વારા વ્યુત્સર્ગ કરું છું.

ભંતે ! પાંચમા મહાવ્રતમાં ઉપસ્થિત થાઉ છું, જેમાં સર્વ પરિગ્રહની વિરતિ હોય છે.

अपरिग्गहमहव्वयस्स पंच भावणाओ –

८०७. अहावरं पंचमं भन्ते ! महव्वयं सव्वं परिग्गहं पच्चाइक्खामि । से अप्पं वा, बहुं वा, अणुं वा, थूलं वा चित्तमंतं वा, अचित्तमंतं वा, णेव सयं परिग्गहं गेण्हेज्जा, णेवऽण्णेणं परिग्गहं गेण्हावेज्जा, अण्णं वि परिग्गहं गेण्हंतं न समणुजाणेज्जा जावज्जीवाए तिविहं तिविहेणं मणसा वयसा कायसा तस्स भन्ते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ।[3]

અપરિગ્રહ મહાવ્રતની પાંચ ભાવનાઓ :

૮૦૭. ભંતે ! હું પાંચમાં મહાવ્રતમાં સર્વપ્રકારના પરિગ્રહનો ત્યાગ કરું છું. જે અલ્પ કે બહુ હોય, સૂક્ષ્મ હોય કે સ્થૂલ હોય, સચિત્ત કે અચિત્ત હોય- કોઈપણ પ્રકારના પરિગ્રહને સ્વયં ગ્રહણ કરીશ નહિ, બીજા દ્વારા કરાવીશ નહિ અને પરિગ્રહ ગ્રહણ કરનારની અનુમોદના કરીશ નહિ. આ પ્રમાણે હું જીવન પર્યંત ત્રણ કરણ, ત્રણ યોગથી-મનથી, વચનથી, કાયાથી- પરિગ્રહથી નિવૃત્ત થાઉં છું. હે ભંતે ! તેનું પ્રતિક્રમણ કરું છું, ગર્હા કરું છું, આત્મ સાક્ષીએ પરિગ્રહનો વ્યુત્સર્ગ કરું છું.

तस्सिमाओ पंच भावणाओ भवंति–

पढमा भावणा–सोइंदियसंजमो –

१. तत्थिमा पढमा भावणा–सोततो णं जीवे मुणुण्णामणुण्णाइं सद्दाइं सुणेति, मणुण्णामणुण्णेहिं सद्देहिं णो सज्जेज्जा, णो रज्जेज्जा, णो गिज्झेज्जा, णो बुज्झेज्जा णो अज्झोववज्जेज्जा, णो विणिघायमावज्जेज्जा ।

તે પાંચમા મહાવ્રતની પાંચ ભાવનાઓ આ છે-

પહેલી ભાવના- શ્રોત્રેન્દ્રિય સંયમ :

તેમાં પ્રથમ ભાવના શ્રોત્ર (કાન)થી આ જીવ, મનોજ્ઞ અને અમનોજ્ઞ શબ્દ સાંભળે છે, પરંતુ તે મનોજ્ઞ અને અમનોજ્ઞ શબ્દમાં આસક્ત ન થાય, રાગભાવ ન કરે, ગૃદ્ધ ન બને, મોહિત ન થાય, તલ્લીન ન રહે તથા રાગદ્વેષ કરી પોતાના આત્મભાવને નષ્ટ ન કરે.

---

१. सूय. सु. २, अ. १, सु. ६८५
२. धण–धन्न–पेसवग्गेसु, परिग्गह–विवज्जणा । सव्वारंभ–परिच्चाओ, निम्ममत्तं सुदुक्करं ।। – उत्त. अ.११, गा. ३०
३. दस–अ. ४, सु. १२ (५)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

केवली बूया–निग्गंथे णं मणुण्णामणुण्णेहिं सद्देहिं सज्जमाणे–**जाव**–विणिघायमावज्जमाणे संतिभेदा संतिविभंगा संतिकेवलीपण्णत्ताओ धम्माओ भंसेज्जा ।

केवळी भगवाने कह्युं छे- जे साधु मनोज्ञ-अमनोज्ञ शब्दोमां आसक्त रहे छे **यावत्** रागद्वेष करे छे ते शांतिरूप चारित्रनो भंग करे छे, शांतिरूप अपरिग्रह महाव्रतनो भंग करे छे अने शांतिरूप केवळी प्रज्ञप्त धर्मथी भ्रष्ट थाय छे.

गाहा–ण सक्का ण सोउं, सद्दा सोत्तविसयमागया ।
राग–दोसा उ जे तत्थ, ते भिक्खू परिवज्जए ।।

गाथार्थ : कर्णपटमां पडता शब्दो संभळाय नहि ते संभव नथी- ते तो संभळाया विना रहे नहि. परंतु मुनि संभळायेला शब्दो प्रत्ये रागद्वेष न करे.

सोततो जीवो मणुण्णामणुण्णाइं सद्दाइं सुणेति पढमा भावणा ।

माटे जीव कान द्वारा मनोज्ञ-अमनोज्ञ शब्द सांभळे, तेमां रागद्वेष न करे ते पहेली भावना.

बितिया भावणा–चक्खुरिंदियसंजमो –

बीजी भावना - चक्षुरिन्द्रिय संयम :

२. अहावरा दोच्चा भावणा–चक्खूतो जीवो मणुण्णामणुण्णाइं रूवाइं पासति, मणुण्णामणुण्णाइं रूवेहिं णो सज्जेज्जा–**जाव**–णो विणिघायमावज्जेज्जा ।

चक्षु द्वारा जीव मनोज्ञ-अमनोज्ञ सर्व प्रकारना रूपोने जुओ छे, परंतु साधके ते रूपोमां आसक्त थवुं न जोईओ **यावत्** रागद्वेष करी पोताना आत्मभावनो नाश न करवो जोईओ.

केवली बूया–निग्गंथे णं मणुण्णामणुण्णाइं रूवेहिं सज्जमाणे–**जाव**–संति केवलीपण्णत्ताओ धम्माओ भंसेज्जा ।

केवळी भगवाने कह्युं छे - जे निर्ग्रन्थ मनोज्ञ-अमनोज्ञ रूपोने जोई आसक्त बने छे **यावत्** शांतिरूप केवळी प्ररूपित धर्मथी भ्रष्ट थाय छे.

गाहा–ण सक्का रूवमदट्ठुं, चक्खूविसयमागतं ।
राग–दोसा उ जे तत्थ, ते भिक्खू परिवज्जए ।।

गाथार्थ : चक्षु समक्ष आवेलुं रूप न जोवुं ते शक्य नथी, ते तो देखाय ज छे. परंतु देखाता रूपमां साधु रागद्वेषनो परित्याग करे.

चक्खूतो जीवो मणुण्णामणुण्णाइं रूवाइं पासति त्ति दोच्चा भावणा ।

माटे नेत्रथी जीव मनोज्ञ-अमनोज्ञ रूपोने रागद्वेष रहितपणे जुओ छे ते बीजी भावना छे.

तितिया भावणा–घाणिंदिय संजमो–

त्रीजी भावना - घ्राणेन्द्रिय संयम :

३. अहावरा तच्चा भावणा–घाणतो जीवो मणुण्णा–मणुण्णाइं गंधाइं अग्घायंति मणुण्णामणुण्णेहिं गंधेहिं णो सज्जेज्जा–**जाव**–णो विणिघायमावज्जेज्जा ।

हवे त्रीजी भावनामां जीव नासिका द्वारा मनोज्ञ-अमनोज्ञ गंध ग्रहण करे छे, परंतु भिक्षु मनोज्ञ-अमनोज्ञ गंधमां आसक्त न थाय **यावत्** रागद्वेष करीने पोताना आत्मभावनो नाश न करे.

केवली बूया–मणुण्णामणुण्णेहिं गंधेहिं सज्जमाणे –**जाव**–संति केवलीपण्णत्ताओ धम्माओ भंसेज्जा ।

केवली भगवाने कह्युं छे - जे निर्ग्रन्थ मनोज्ञ के अमनोज्ञ गंधमां आसक्त थाय छे **यावत्** ते शांतिरूप केवली प्ररूपित धर्मथी भ्रष्ट थई जाय छे.

गाहा–ण सक्का ण गंधमग्घाउं, णासाविसयमागयं ।
राग–दोसा उ जे तत्थ, ते भिक्खू परिवज्जए ।।

गाथार्थ : घ्राणेन्द्रियनो विषय थयेल गंध न सूंघाय एवो संभव नथी, परंतु ते गंधमां जे रागद्वेष उत्पन्न थाय छे भिक्षु तेनो परित्याग करे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

घाणतो जीवो मणुण्णामणुण्णाइं गंधाइं अग्घायति त्ति तच्चा भावणा ।

માટે ઘ્રાણેન્દ્રિયથી જીવ ગંધ ગ્રહણ કરે છે તેમાં રાગદ્વેષ ન કરે- આ ત્રીજી ભાવના છે.

चउत्था भावणा–जिब्भिंदिय–संजमो–

४. अहावरा चउत्था भावणा–जिब्भाओ जीवो मणुण्णा–मणुण्णाइं रसाइं अस्सादेति मणुण्णामणुण्णेहिं रसेहिं णो सज्जेज्जा–**जाव**–णो विणिघायमावज्जेज्जा ।

केवली बूया–निग्गंथे णं मणुण्णामणुण्णेहिं रसेहिं सज्जमाणे–**जाव**–संति केवलीपण्णत्ताओ धम्माओ भंसेज्जा ।

गाहा –ण सक्का रसमणासातुं, जीहाविसयमागतं ।
राग–दोसा उ जे तत्थ, ते भिक्खू परिवज्जए ।।

जीहातो जीवो मणुण्णामणुण्णाइं रसाइं अस्सादेति त्ति चउथा भावणा ।

ચોથી ભાવના - જિહ્વેન્દ્રિય સંયમ :

જિહ્વા દ્વારા જીવ મનોજ્ઞ અમનોજ્ઞ રસનું આસ્વાદન કરે છે, પરંતુ ભિક્ષુ મનોજ્ઞ અમનોજ્ઞ રસોમાં આસક્ત ન થાય **યાવત્** રાગદ્વેષ કરી પોતાના આત્મભાવનો નાશ ન કરે.

કેવલી ભગવાને કહ્યું છે - કે નિર્ગ્રન્થ મનોજ્ઞ અમનોજ્ઞ રસોમાં આસક્ત થાય છે. **યાવત્** તે શાંતિરૂપ કેવલી પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થઈ જાય છે.

ગાથાર્થ : જિહ્વા પર આવેલ રસનું આસ્વાદન ન થાય તે શક્ય નથી. પરંતુ તે રસોના પ્રત્યે જે રાગદ્વેષ ઉત્પન્ન થાય છે ભિક્ષુ તેનો પરિત્યાગ કરે.

માટે જિહ્વા વડે જીવ મનોજ્ઞ અમનોજ્ઞ સર્વ પ્રકારના રસોનું આસ્વાદન ન કરે તે ચોથી ભાવના છે.

पंचमा भावणा–फासिंदिय संजमो–

५. अहावरा पंचमा भावणा–फासातो जीवो मणुण्णा – मणुण्णेहिं फासेहिं णो सज्जेज्जा–**जाव**–णो विणिघायमावज्जेज्जा।

केवली बूया–निग्गंथेण मणुण्णामणुण्णेहिं फासेहिं सज्जमाणे–**जाव**–संति केवलिपण्णत्ताओ धम्माओ भंसेज्जा ।

गाहा – ण सक्का ण संवेदेंतुं फासं विसयमागतं ।
राग–दोसा उ जे तत्थ, ते भिक्खू परिवज्जए ।।

फासातो जीवो मणुण्णामणुण्णाइं फासाइं पडिसंवेदेति त्ति पंचमा भावणा ।[1]

एताव ताव महव्वए सम्मं काएण फासिते पालिते तीरिए किट्टिते अवट्ठिते आणाए आराहिते या वि भवति ।

पंचमं भंते ! महव्वयं परिग्गहाओ वेरमणं ।

आ. सु. २, अ. १५, सु. ७८९–७९१

પાંચમી ભાવના- સ્પર્શેન્દ્રિય સંયમ :

સ્પર્શનેન્દ્રિય દ્વારા જીવ મનોજ્ઞ અમનોજ્ઞ સ્પર્શનો અનુભવ કરે છે. પરંતુ ભિક્ષુ મનોજ્ઞ અમનોજ્ઞ સ્પર્શોમાં આસક્ત ન થાય **યાવત્** રાગદ્વેષ કરી પોતાના આત્મભાવનો નાશ ન કરે.

કેવલી ભગવાને કહ્યું છે- જે નિર્ગ્રન્થ મનોજ્ઞ અમનોજ્ઞ સ્પર્શમાં આસક્ત થાય છે **યાવત્** શાંતિરૂપ કેવલી પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થઈ જાય છે.

ગાથાર્થ : સ્પર્શેન્દ્રિયનો વિષય થયેલ સ્પર્શનો અનુભવ ન થાય તે શક્ય નથી. માટે ભિક્ષુ મનોજ્ઞ અમનોજ્ઞ સ્પર્શ દ્વારા ઉત્પન્ન થનારા રાગદ્વેષનો પરિત્યાગ કરે.

સ્પર્શેન્દ્રિય દ્વારા જીવ મનોજ્ઞ અમનોજ્ઞ સ્પર્શનો અનુભવ કરે છે, પરંતુ તેમાં આસક્ત ન થાય તે પાંચમી ભાવના છે.

આ પ્રમાણે પાંચ ભાવનાઓથી સંપન્ન સાધક પરિગ્રહ-વિરમણ રૂપ પાંચમા મહાવ્રતનો કાયાથી સમ્યક્ સ્પર્શ કરી તેનું પાલન કરે, ભગવાનની આજ્ઞાનુસાર આરાધિત મહાવ્રતને પાર પહોંચાડે, તેનું કીર્તન કરે, અંત સુધી તેમાં સ્થિર રહે જેથી ભગવાનની આજ્ઞાનુસાર આરાધક થઈ જાય છે.

ભંતે ! આ પરિગ્રહ-વિરમણરૂપ પાંચમું મહાવ્રત છે.

---

१. (क) सम. स. २५, सु. १
(ख) पण्ह. सु.२, अ. ५, सु. १३–१६

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

८०८. इच्चेएहिं पंचहिं महव्वएहिं पणवीसाहिं य भावणाहिं संपन्ने अणगारे अहासुत्तं अहाकप्पं अहामग्गं अहातच्चं सम्मं काएण फासित्ता पालित्ता सोहित्ता तीरित्ता किट्टित्ता आराहित्ता आणाए अणुपालित्ता यावि भवइ ।

आ. सु. २, अ. १५, सु. ७९२

८०८. આ રીતે પાંચ મહાવ્રત અને પચ્ચીસ ભાવનાઓથી સંપન્ન મુનિ યથાશ્રુત, યથાકલ્પ અને યથામાર્ગ યથાર્થપણે તેમને કાયાથી સમ્યક્ સ્પર્શ કરી, પાળી, સંશોધન કરી, પાર પહોંચાડી, કીર્તિત કરી, આરાધન કરવાથી ભગવાનની આજ્ઞા અનુસાર આરાધક થાય છે.

अपरिग्गहमहव्वयस्स पादपोवमा-

८०९. जो सो वीरवर-वयण-विरति-पवित्थर-बहुविहप्पकारो सम्मत्त विसुद्धो मूलो ।

धिति कन्दो ।
विणय वेइओ ।
निग्गत-तिल्लोक-विपुल-जस-निविड-पीण-पवर-सुजात खंधो ।

पंचमहव्वय-विसाल सालो ।
भावण तयंत ।

ज्झाण-सुभोग-नाण पल्लववरंकुरधरो ।

बहुगुण कुसुमसमिद्धो ।
सील सुगंधो ।
अणण्हव फलो ।

पुणो य मोक्खवर बीजसारो ।
मंदरगिरिसिहर-चूलिका इव मोक्खवर-मुत्तिमग्गस्स सिहरभूओ संवरवर-पादपो ।

पण्ह. सु. २, अ. ५, सु. २

अपरिग्रह महाव्रतने वृक्षनी उपमा :

८०९. श्री वीरवर-भगवान महावीरना आदेशानुसार जे परिग्रह निवृत्तिनो विस्तार छे ते आ अपरिग्रह नामनुं छेल्लुं संवर द्वाररूपी विशाळ वृक्ष छे. सम्यक् दर्शन ते वृक्षनुं विशुद्ध मूळ छे.
(चित्तनी स्थिरता रूप) धैर्य तेनुं कंद छे,
विनय तेनी वेदिका- (चारे तरफनो कोट) छे.
त्रण लोकमां फेलायेलो विपुल यश तेनुं सघन, सुंदर थड छे.

पांच महाव्रत तेनी विशाळ शाखाओ छे.
(अनित्यता, अशरणता ईत्यादि) भावनाओ आ संवर वृक्षनी छाल छे.

धर्मध्यान, शुभयोग तथा ज्ञानरूपी पल्लवोना अंकुरोने कुंपळोने ए धारण करनार छे.
उत्तरगुणरूपी संख्याबंध फूलोथी ए समृद्ध छे.
शीलनी सौरभथी संपन्न छे.
आ संवर वृक्ष अनाश्रव-कर्माश्रवना निरोधरूप फळो वाळुं छे.
मोक्ष ते वृक्षना बीजनो सार छे.
मेरु पर्वतना शिखर पर चूलिकानी जेम मोक्ष-कर्मक्षयनी निर्लोभता स्वरूप मार्गनुं ते शिखर छे.
(आ प्रमाणे अपरिग्रह रूपी उत्तम संवर रूपी जे वृक्ष छे ते अंतिम संवरद्वार छे.)

अपरिग्गह महव्वय-आराहगस्स अकप्पणिज्जाइं दव्वाइं-

८१०. जत्थ न कप्पइ गामागर-नगर-खेड-कब्बड-मडंब-दोणमुह-पट्टणाऽऽसमगयं च । किंचि अप्पं वा, बहुं वा, अणुं वा, थूलं वा, तस-थावरकायदव्वजायं मणसा वि परिघेत्तुं ।

अपरिग्रह महाव्रत आराधकने अकल्पनीय द्रव्य :

८१०. गाम, आकर, नगर, खेट, कर्बट, मडंब, द्रोणमुख, पट्टन अथवा आश्रममां रहेला कोईपण पदार्थ होय, चाहे ते अल्प मूल्यवाळा होय के बहु मूल्यवाळा होय, प्रमाणमां नाना होय के मोटा होय, त्रसकाय-शंखादि होय के स्थावर काय रत्नादि होय ते द्रव्य समूहने मनथी पण ग्रहण करवुं कल्पतुं नथी. अर्थात् तेने ग्रहण करवानी ईच्छा पण योग्य नथी.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

न हिरण्ण–सुवण्ण–खेत्त–वत्थुं ।

ચાંદી, સોનું, જમીન, વાસ્તુ (મકાન, દુકાન) પણ ગ્રહણ કરવા કલ્પતાં નથી.

न दासी–दास–भयक–पेस–हय–गय–गवेलगं च ।

દાસી, દાસ, ભૃત્ય-સેવક, પ્રેષ્ય-સંદેશવાહક, ઘોડા, હાથી, બળદ ઈત્યાદિ પણ ગ્રહણ કરવા કલ્પતાં નથી.

न जाण–जुग्ग–सयणाइं, न छत्तकं, न कुंडिया, न उवाणहा ।

રથ, ગાડી તથા પાલખી આદિ તેમ જ છત્રી કે કમંડળ, જોડાં પણ લેવા કલ્પતાં નથી.

न पेहुण–वीयण–तालियंटका ।

મોરપિંછ, પંખા તેમજ તાડના પંખા પણ ગ્રહણ કરવા કલ્પતાં નથી.

न यावि अय–तउय–तंब–सीसक–कंस–रयत–जातरूव–मणि–मुत्ताधार–पुडक–संख–दंत–मणि–सिंग–सेल–काय–वरचेल–चम्म–पत्ताइं महरिहाइं, परस्स अज्झोववायलोभ–जणणाइं परियड्ढेउं गुणवओ ।

લોઢું, કથીર, તાંબુ, સીસું, કાંસુ, ચાંદી, સોનું, મણિ અને મોતીનો હાર, સીપસંપુટ, શંખ,(ઉત્તમ) દાંત, શિંગડા, શૈલપાષાણ, કાચ, ઉત્તમ વસ્ત્ર, ચર્મ, પાત્ર, એ સર્વને ગ્રહણ કરવું કલ્પતું નથી. કારણ કે એ મૂલ્યવાન પદાર્થો બીજાને ગ્રહણ કરવાની તીવ્ર આકાંક્ષા ઉત્પન્ન કરાવે છે.

न यावि पुप्फ–फल–कंद–मूलादियाइं, सण–सत्तरसाइं, सव्वधन्नाइं तिहि वि जोगेहिं परिघेत्तुं ओसह– भेसज्ज–भोयणट्ठयाए संजएणं ।

એ જ પ્રમાણે પુષ્પ, ફળ, કંદ, મૂળ આદિ તથા શણ આદિ સત્તર પ્રકારના ધાન્ય એ બધાં ધાન્યનાં પરિગ્રહોનો ત્યાગી સાધુ ઔષધ ભેષજ્ય કે ભોજન માટે ત્રિયોગ-મનથી, વચનથી, કાયાથી ગ્રહણ ન કરે.

प.– किं कारणं ?

પ્ર. ગ્રહણ ન કરવાનું કારણ શું ?

उ.– अपरिमित–णाण–दंसणधरेहिं सीलगुण–विणय–तव–संजम–नायकेहिं तित्थयरेहिं सव्वजगज्जीव–वच्छलेहिं तिलोयमहिएहिं जिणवरिंदेहिं एस जोणी जंगमाणं दिट्ठा ।

ઉ. અપરિમિત-અનંત જ્ઞાન અને દર્શનના ધારક, શીલ-ચિત્તની શાંતિ, ગુણ-અહિંસા આદિ, વિનય તપ અને સંયમના નાયક, જગતના બધાં પ્રાણીઓ પર વાત્સલ્ય ધારણ કરનારા, ત્રિલોક-પૂજનીય તીર્થંકર જિનેન્દ્રોએ પોતાના કેવળ જ્ઞાનથી જોયું છે કે આ પુષ્પ, ફળ આદિ ત્રસ જીવોની યોનિ-ઉત્પત્તિ સ્થાન છે.

न कप्पइ जोणी–समुच्छेदो तेण वज्जंति समणसीहा ।

યોનિનો ઉચ્છેદ-વિનાશ કરવો યોગ્ય નથી માટે શ્રમણસિંહ-ઉત્તમ મુનિ પુષ્પ ફળ ઇત્યાદિનું પરિવર્જન કરે.

जं पि य आदेण–कुम्मास–गंज–तप्पण–मंथु–भुज्जिय–पलल–सूप–सक्कुलि–वेढिम–वरसरक–चुन्न–कोसग– पिंड–सिहरिणि–वट्ट–मोयग–खीर–दहि–सप्पि–नवनीत–तेल्ल–गुल–खंड–मच्छंडिय–मधु–मज्ज–मंस–खज्जक–वंजण–विधि मादिकं पणीयं उवस्सए परघरे व रन्ने न कप्पति, तं पि सन्निहिं काउं सुविहियाणं ।

पण्ह. सु. २, अ. ५, सु. ३–४

બીજાં પણ ઓદન-કૂર (ભાત), કુલ્માષ-બાફેલા અડદ આદિ, ગંજ એક પ્રકારનો ભોજ્ય પદાર્થ, તર્પણ-સાથવો, મંથુ-બોર આદિનું ચૂર્ણ, શેકેલી ધાણી, પલલ-તલના ફૂલોનું ચૂર્ણ, સૂપ-દાળ, શષ્કુલી-તલપાપડી, વેષ્ટિમ-વેઢમી, વરસરક નામનો ભોજ્ય પદાર્થ, ચૂર્ણ કોશ-ખાદ્ય વિશેષ, ગોળ આદિનો પિંડ, શિખરિણિ-શ્રીખંડ, વડાં, લાડવા, દૂધ, દહીં, ઘી, માખણ, તેલ, ગોળ, ખાંડ, બૂરુ, મધ, મદ્ય, માંસ આદિ ખાદ્ય પદાર્થો અને અનેક પ્રકારના વ્યંજન-શાક, છાસ ઇત્યાદિ વસ્તુઓનો ઉપાશ્રયમાં કે અન્ય કોઈના ઘરમાં અથવા અટવીમાં પરિગ્રહત્યાગી સાધુએ સંચય કરવો કલ્પતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अपरिग्रह महाव्रतना आराधको - २

अपरिग्गही –

८११. आवंती के आवंती लोयंसि अपरिग्गहावंती एएसु चेव अपरिग्गहावंति ।

– आ. सु. १, अ. ५, उ. ३, सु. १५७ (क)

अपरिग्गही समणस्स पउमोवमा –

८१२. वोछिन्द सिणेहमप्पणो कुमुयं सारइयं व पाणियं ।
से सव्वसिणेहवज्जिए, समयं गोयम ! मा पमायए।।

– उत्त. अ. १०, गा. २८

सव्वे एगंतपंडिया सव्वत्थ समभावसाहगा –

८१३. जहा अंतो तहा बाहिं, जहा बाहिं तहा अंतो ।

अंतो अंतो पूतिदेहंतराणि पासति पुढो वि सवंताइं ।
पंडिते पडिलेहाए ।

से मतिमं परिण्णाय मा य हु लालं पच्चासी ।
मा तेसु तिरिच्छमप्पाणमावातए ।

– आ. सु. १, अ. २, उ. ५, सु. ९२

सव्वे बाला आसत्ता सव्वे पंडिया अणासत्ता –

८१४. आहाकडं चेव निकाममोणे,
निकामसारी य विसण्णमेसी ।
इत्थीसु सत्ते य पुढो य बाले,
परिग्गहं चेव पकुव्वमाणे ।।

वेराणुगिद्धे णिचयं करेति,
इतो चुते से दुहमट्ठदुग्गं ।
तम्हा तु मेधावि समिक्ख धम्मं,
चरे मुणी सव्वओ विप्पमुक्के ।।

आयं न कुज्जा इह जीवितट्ठी,
असज्जमाणो य परिव्वएज्जा ।
णिसम्मभासी य विणीय गिद्धिं,
हिंसण्णितं वा ण कहं करेज्जा ।।

–सूय. सु. १, अ. १०, गा. ८–१०

अपरिग्रही -

८११.આ જગતમાં જે કોઈ અપરિગ્રહી થાય છે તે સર્વ (તીર્થંકરની વાણી સાંભળી વિવેકી બને છે અને) સર્વ પ્રકારના પદાર્થોનો ત્યાગ કરીને જ અપરિગ્રહી બને છે.

અપરિગ્રહી શ્રમણને પદ્મની ઉપમા -

૮૧૨.જેમ શરદ ઋતુનું કમળ પાણીમાં લિપ્ત નથી થઈ જતું તેમ તું પણ બધા પ્રકારની લોલુપતાનો ત્યાગ કરીને નિર્લેપ થઈ જા. અને એ માટે હે ગૌતમ ! એક સમય (ક્ષણ) નો પણ પ્રમાદ ન કર.

બધા એકાંત પંડિતો સર્વત્ર સમભાવના સાધક હોય છે. -

૮૧૩. (શરીર) જે અંદરથી અસાર છે તેવી જ રીતે બહારથી પણ અસાર છે, અને જેવું બહારથી અસાર છે તેવું અંદરથી અસાર છે.

સાધક આ શરીરમાં રહેલા દુર્ગન્ધી પદાર્થોને તથા અંદરની અવસ્થાઓને જુએ. બુદ્ધિમાન સાધક (ભોગ અને દેહના સ્વરૂપને) સારી રીતે સમજી,

બાળકની જેમ તે લાળને ચૂસનાર એટલે કે ત્યાગેલા ભોગોને ફરી ઈચ્છનાર ન થાય. તેમજ તિર્યક્ માર્ગે (જ્ઞાનાદિથી વિમુખ માર્ગે) ન જાય.

સર્વ બાળજીવો આસક્ત છે, સર્વ પંડિતો અનાસક્ત છે -

૮૧૪.જે સાધક પ્રવ્રજ્યા લઈ આધાકર્મી આહારની ઈચ્છા કરે છે અને તેને માટે તપાસ કરે છે તે કુશીલ છે. તથા જે સ્ત્રીમાં આસક્ત બનીને તેના વિલાસોમાં અજ્ઞાનીની પેઠે મુગ્ધ રહે છે અને સ્ત્રીની પ્રાપ્તિ માટે પરિગ્રહ રાખે છે તે પાપની વૃદ્ધિ કરે છે.

જે સાધક પ્રાણીઓની હિંસા કરી તેમની સાથે વેર બાંધે છે તે પાપની વૃદ્ધિ કરે છે. તેથી તે મરીને નરક વગેરે દુઃખદાયી સ્થાનોમાં જન્મ લે છે. માટે મેધાવી મુનિ ધર્મનો વિચાર કરી સર્વ દુરાચારોથી દૂર રહી સંયમનું પાલન કરે.

સાધુ આ સંસારમાં ભોગમય જીવનની ઈચ્છા કરીને ધનનો સંચય ન કરે, તથા (પુત્ર સ્ત્રી વગેરેમાં) આસક્તિ-ભાવ ન રાખે, પૂર્વાપર વિચાર કરીને ભાષા બોલે, શબ્દાદિ વિષયોમાં રત ન રહે, તેમજ હિંસાયુક્ત કથા ન કહે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अणासत्तो एव मरणा मुच्चइ–

८१५. पासिय आतुरे पाणे अप्पमत्तो परिव्वए ।

मंता एयं मतिमं पास,
आरंभजं दुक्खमिणं ति णच्चा,

मायी पमायी पुणरेति गब्भं ।

उवेहमाणो सद्द–रूवेसु अंजू माराभिसंकी मरणा पमुच्चति ।

– आ. सु. १, अ. ३, उ. १, सु. १०८ (ख)

अनासक्त જ મરણથી મુક્ત થાય છે :-

८१५. પ્રાણીઓને મોહથી વિહ્વળ જોઈ સાધક સાવધાન થઈ સંયમમાં અપ્રમત્ત બની વિચરણ કરે.

હે બુદ્ધિમાન સાધક, તું મનનપૂર્વક આ પ્રાણીઓને જો. હિંસાદિથી જ દુઃખો ઉત્પન્ન થાય છે, (એવું જાણી સદા જાગૃત રહેવું જોઈએ.)

માયાવી તથા પ્રમાદી પ્રાણી વારંવાર જન્મ ધારણ કરે છે.

પરંતુ જે શબ્દાદિ વિષયોમાં રાગદ્વેષ ન કરતાં સમભાવથી પ્રવૃત્તિ કરે છે તે સરળ જીવ મૃત્યુના ભયથી મુક્ત થઈ જાય છે.

अणासत्तो एव सव्वहा अहिंसओ भवइ–

८१६. आसेवित्ता एयमट्ठं इच्चेवेगे समुट्ठिता ।

तम्हा तं बिइयं नासेवते णिस्सारं पासिय णाणी ।
उववायं चयणं णच्चा, अणण्णं चर माहणे ।

से ण छणे, न छणावए, छणंतं णाणुजाणति ।

णिव्विंद णंदिं अरते पयासु ।

अणोमदंसी णिसण्णे पावेहिं कम्मेहिं ।

– आ. सु. १, अ. ३, उ. २. सु. ११९

अनासक्त જ સર્વથા અહિંસક હોય છે :-

८१६. કેટલાક સાધકો અસંયમનું આચરણ કરી અંતમાં સંયમ-સાધનામાં સંલગ્ન બની જાય છે. ત્યારબાદ તે ફરી ક્યારેય પણ એનું સેવન કરતાં નથી.

તેથી જ્ઞાની સાધક જે પ્રાપ્ત કામભોગોને સાર રહિત સમજી છોડ્યાં છે તેમને ફરી સેવતો નથી. દેવોના ઉપપાત અને ચ્યવન (પણ નિશ્ચિત છે,) જાણી તું અનન્ય (સંયમ કે મોક્ષ માર્ગ) નું આચરણ કર.

તે (સંયમી મુનિ) કોઈ પણ જીવની હિંસા કરે નહિ, બીજા પાસે હિંસા કરાવે નહિ કે હિંસા કરનારનું અનુમોદન કરે નહિ.

તું (સાંસારિક આનંદ પ્રમોદનો તિરસ્કાર કરી,) સ્ત્રીઓમાં આસક્તિ ન રાખ.

(જ્ઞાનાદિ) ઉત્તમ ગુણોને જોનાર સાધક પાપકર્મોમાં ઉદાસીન રહે છે.

कामेसु अगिद्धो णियंठो–

८१७. अण्णातपिंडेणऽधियासएज्जा,
नो पूयणं तवसा आवहेज्जा ।
सद्देहिं रूवेहिं असज्जमाणे,
सव्वेहिं कामेहिं विणीय गेहिं ।।

सव्वाइं संगाइं अइच्च धीरे,
सव्वाइं दुक्खाइं तितिक्खमाणे ।
अखिले अगिद्धे अणिएयचारी,
अभयंकरे भिक्खू अणाविलप्पा ।।

– सूय. सु. १, अ. ७, गा. २७–२८

કામમાં અનાસક્ત નિર્ગ્રન્થ :-

८१७. સંયમી સાધુ અજ્ઞાત કુળોમાંથી આહાર ગ્રહણ કરી પોતાનો નિર્વાહ કરે. તપ દ્વારા પોતાની પૂજા પ્રતિષ્ઠા આદિની ઇચ્છા ન કરે, શબ્દો અને રૂપોમાં આસક્ત ન બને તથા સર્વ પ્રકારના ભોગોને છોડીને સંયમનું પાલન કરે.

ધૈર્યવાન સાધુ સર્વ સંબંધોને છોડીને, બધા દુઃખોને સહન કરીને, જ્ઞાન, દર્શન અને ચારિત્રથી યુક્ત થાય છે. તથા કોઈ પણ વિષયમાં આસક્ત ન બની અપ્રતિબદ્ધ વિહારી બને છે. એવો સાધક પ્રાણીઓને અભય આપીને વિષય અને કષાયોથી પર નિર્મળ ચિત્તવાળો હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अपरिग्गही णियंठो –

८१८. ते अणवकंखमाणा, अणतिवातेमाणा, अपरिग्गहेमाणा, णो परिग्गहावंति सव्वावंति च णं लोगंसि,

णिहाय दंडं पाणेहिं पावं कम्मं अकुव्वमाणे, एस महं अगंथे वियाहिते ।

ओए जुइमस्स खेतण्णे, उववायं चयणं च णच्चा ।

– आ. सु. १, अ. ८, उ. ३, सु. २०९ (ख)

અપરિગ્રહી નિર્ગ્રન્થ :-

८१८.સમભાવી સાધુ કામભોગોની ઈચ્છાથી નિવૃત્ત થઈ કોઈપણ પ્રાણીની હિંસા કરતો નથી, તેમજ પરિગ્રહ પણ રાખતો નથી. પરિગ્રહ નહિં રાખવાના કારણે તે સમસ્ત લોકમાં અપરિગ્રહી કહેવાય છે.

જે પ્રાણીઓની હિંસાનો ત્યાગ કરી પાપકર્મ કરતો નથી તે મહાન નિર્ગ્રન્થ કહેવાય છે.

એવો સાધુ સંયમનો જ્ઞાતા હોય છે, જેથી રાગદ્વેષ રહીત બની જ્યોતિર્મય થઈ જાય છે. જેથી દેવોના પણ જન્મ મરણને જાણી શરીરની અનિત્યતાનું અનુચિંતન કરે.

परिच्चाई समणाणं पमाय–णिसेहो–

८१९. चिच्चाण धणं च भारियं, पव्वइओ हि सि–अणगारियं ।

मा वन्तं पुणो वि आइए, समयं गोयम !

मा पमायए ।।

अवउज्झियं मित्तबन्धवं, विउलं धणोहसंचयं ।

मा तं बिइयं गवेसए, समयं गोयम ! मा पमायए ।।

– उत्त. अ. १०, गा. २९–३०

ત્યાગી શ્રમણોને પ્રમાદનો નિષેધ :-

८१९.ધન અને સ્ત્રીનો ત્યાગ કરીને તું અણગાર થયો છે, તેથી એકવાર વમન કરી નાખેલા ભોગોનો ફરીથી સ્વીકાર ન કર. હે ગૌતમ ! સમય(ક્ષણ) માત્રનો પ્રમાદ ન કર.

મિત્ર, બંધુ તથા વિપુલ ખજાનાને છોડીને ફરી તેની તપાસ ન કર. હે ગૌતમ ! સમય માત્રનો પ્રમાદ ન કર.

सल्लुद्धरो समणो–

८२०. महयं पलिगोव जाणिया, जा वि य वंदण–पूयणा इहं ।

सुहुमे सल्ले दुरुद्धरे, विदुमं ता पयहेज्ज संथवं ।।

– सूय. सु. १, अ. २, उ. २, गा. ११

શલ્યને સમાપ્ત કરનારો જ શ્રમણ હોય છે:-

८२०.સાંસારિક જીવો દ્વારા વંદન કે માનસન્માન તે મહાન કીચડ છે. એવું જાણીને મુનિ ગર્વ ન કરે. કારણ કે ગર્વ સૂક્ષ્મમાં સૂક્ષ્મ શલ્ય છે જે નીકળવું મુશ્કેલ છે. માટે વિદ્વાન મુનિએ પ્રશંસાનો ત્યાગ કરવો જોઈએ.

चाईणं देवगई–

८२१. गवासं मणिकुंडलं, पसवो दासपोरुसं ।

सव्वमेयं चइत्ताणं, कामरूवी भविस्ससि ।।

– उत्त. अ. ६, गा. ५

ત્યાગીઓની દેવગતિ :

८२१.ગાય,ઘોડા, મણિ, કુંડળ, પશુ, દાસ તથા પુરુષ-સમૂહ એ બધાનો પરિત્યાગી સાધક પરલોકમાં કામરૂપી (ઈચ્છા મુજબ રૂપ બનાવવામાં સમર્થ) દેવ થાય છે.

धीरा धम्मं जाणंति–

८२२. आसं च छंदं च विगिंच धीरे ।

तुमं चेव तं सल्लमाहट्टु ।

जेण सिया तेण णो सिया ।

इणमेव णावबुज्झंति जे जणा मोहपाउडा ।

– आ. सु. १, अ. २, उ. ४, सु. ८३

ધીર પુરુષ ધર્મને જાણે છે :-

८२२.ધીર પુરુષ ! તારે વિષયોની આશા અને સંકલ્પોથી દૂર રહેવું જોઈએ.

એ ભોગેચ્છારૂપ શલ્યનું સર્જન તે પોતે જ કર્યું છે.

જે ધનાદિ સામગ્રીથી સુખ મળે છે, તે જ ધનાદિ સામગ્રીથી સુખ ન પણ થાય.

જે મોહથી આવૃત છે, તે વાસ્તવિક તથ્યને જાણી શકતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

धुवचारिणो कम्मरयं धुणंति–

८२३. आयाण भो ! सुस्सूस भो ! धूतवादं पवेदयिस्सामि । इह खलु अत्तताए तेहिं तेहिं कुलेहिं अभिसेएण अभिसंभूता अभिसंजाता अभिणिव्वट्टा अभिसंवुड्ढा अभिसंबुद्धा अभिणिक्खंता अणुपुव्वेण महामुणी ।

तं परक्कमंतं परिदेवमाणा 'मा णे चयाहि' इति ते वदंति ।
छंदोवणीता अज्झोववण्णा अक्कंदकारी जणगा रुदंति ।।

अतारिसे मुणी ओहं तरए जणगा जेण विप्पजढा ।

सरणं तत्थ णो समेति । किह णाम से तत्थ रमति ।

एतं णाणं सया समणुवासेज्जासि ।

– आ. सु. १, अ. ६, उ. १, सु. १८१-१८२

ધ્રુવચારી કર્મરજને ખંખેરે છે :-

૮૨૩. હે મુનિ ! સાંભળો અને સમજો ! હું તમને કર્મક્ષયનો ઉપાય બતાવું છું. આ સંસારમાં કેટલાક જીવ પોતાના કરેલા કર્મોથી ભિન્ન ભિન્ન કુળોમાં માતાની રજ અને પિતાના શુક્રથી ગર્ભમાં ઉત્પન્ન થાય છે. ત્યાં એ પોતાનું સંવર્ધન કરે છે. ત્યારબાદ જન્મ ધારણ કરે છે. ક્રમશઃ આગળ વધતાં પ્રતિબોધ પામી ત્યાગ માર્ગ અંગીકાર કરે છે અને એ ક્રમથી મહામુનિ બને છે.

સંયમ અંગીકાર કરતી વખતે માતાપિતાદિ સ્વજન વિલાપ કરતાં તેને કહે છે, 'અમે તારી ઇચ્છાનુસાર ચાલનારા, તારી સાથે આટલો પ્રેમ રાખનારા છીએ. તું અમને છોડ નહીં.' તેઓ આ રીતે આક્રંદ કરતાં રડે છે.

(કરુણ વિલાપ કરતાં મમત્વ ભાવે કરી કહે છે કે,) 'જે માતાપિતાને છોડી દે છે, તે આદર્શ મુનિ કહેવાતો નથી. અને તેવો મુનિ સંસારને તરી શકતો નથી.'

(સ્વજનોનો વિલાપ સાંભળીને પણ) મુનિ તેમના શરણમાં જતો નથી. તે (તત્ત્વજ્ઞ પુરુષ) સંસારમાં કેવી રીતે રમણ કરે ?

મુનિ માટે આવું જ્ઞાન હંમેશા ધ્યાનમાં રાખવા જેવું છે.

सामण्ण–रहिया समणा–

८२४. जे धम्मलद्धं विणिहाय भुंजे,
वियडेण साहट्टु य जो सिणाति ।
जो धोवति लूसयती व वत्थं,
अहाऽऽहु से णागणियस्स दूरे ।।

कम्मं परिण्णाय दगंसि धीरे,
वियडेण जीवेज्ज य आदिमोक्खं ।
से बीय–कंदाति अभुंजमाणे,
विरते सिणाणादिसु इत्थियासु ।।

जे मायरं पियरं च हेच्चा
ऽगारं तहा पुत्त पसुं धणं च ।
कुलाइं जे धावति सादुगाइं,
अहाऽऽहु से सामणियस्स दूरे ।।

– सूय. सु. १, अ. ७, गा. २१-२३

શ્રામણ્ય-રહિત શ્રમણ :

૮૨૪. જે સાધુ ઉદ્દિષ્ટ વગેરે દોષોથી રહિત આહારનો પણ સંચય કરી ઉપભોગ કરે છે, અચિત્તજળથી પણ શરીરના અંગોને સંકોચીને સ્નાન કરે છે, વસ્ત્ર ધોવે છે, વસ્ત્રને નાનાં મોટાં કરે છે, તે શ્રામણ્યથી દૂર છે એમ કહ્યું છે.

જળના સમારંભથી કર્મબંધ થાય છે એવું જાણી ધીર મુનિ જીવન પર્યંત પ્રાસુક જળ વડે જીવન ધારણ કરે. તથા બીજ, કંદ વગેરેનું ભોજન ન કરે. તેમ જ સ્નાન તથા સ્ત્રીઓ આદિથી વિરત રહે.

જે પુરુષ માતા, પિતા, પુત્ર, ઘર, પશુ અને ધનને છોડી દીક્ષા ગ્રહણ કરે છે તે જો પછી સ્વાદિષ્ટ ભોજન બનાવનાર ઘરોમાં લોલુપતાથી દોડે છે તો તે શ્રમણત્વથી દૂર છે એમ કહ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पंच आसवदारा–

८२५. पंच आसवदारा पण्णत्ता, तं जहा–
१. मिच्छत्तं, २. अविरइ, ३. पमाया, ४. कसाया, ५. जोगा ।

– सम. ५, सु. १

પાંચ આશ્રવદ્વારો :-

૮૨૫.પાંચ પ્રકારના આશ્રવ દ્વાર બતાવવામાં આવ્યાં છે. યથા- ૧-મિથ્યાત્વ, ૨-અવિરતિ, ૩-પ્રમાદ, ૪-કષાય, ૫-યોગ.

परिग्रहनुं स्वरूप - उ

परिग्गह–सरूवं–

८२६. आवंती के आवंती लोगंसि परिग्गहावंती, से अप्पं वा बहुं वा अणुं वा थूलं वा, चित्तमंतं वा, अचित्तमंतं वा एतेसु चेव परिग्गहावंती ।

एतदेवेगेसिं महब्भयं भवति ।

लोगवित्तं च णं उवेहाए ।

एते संगे अविजाणतो ।

– आ. सु. १, अ. ५, सु. १५४

परिग्गहपावस्स फलं दुक्खं–

८२७. तं परिगिज्झं दुपयं चउप्पयं अभिजुंजियाणं संसिचियाणं तिविधेण जा वि से तत्थ मत्ता भवति अप्पा वा, बहुगा वा।

से तत्थ गढिते चिट्ठति भोयणाए ।

ततो से एगदा विप्परिसिट्ठं संभूतं महोवकरणं भवति ।

तं पि से एगदा दायदा विभयंति, अदत्तहारो वा सेऽवहरति, रायाणो वा से विलुंपंति णस्सति वा से, विणस्सति वा से, अगारदाहेण वा से डज्झति ।

इति से परस्सऽट्ठाए कूराइं कम्माइं बाले पकुव्वमाणे तेण दुक्खेण मूढे विप्परियासमुवेति ।

मुणिणा हु एतं पवेदितं ।

પરિગ્રહનું સ્વરૂપ :-

૮૨૬.આ લોકમાં જેટલા પ્રાણી પરિગ્રહવાળા છે, તે પરિગ્રહ થોડો હોય કે ઘણો હોય, સૂક્ષ્મ હોય કે સ્થૂળ હોય, સચિત્ત હોય કે અચિત્ત હોય- તેઓ તેમાં આસકત હોવાના કારણે જ પરિગ્રહધારી છે.

આ પરિગ્રહ જ પરિગ્રહધારીઓ માટે મહાભયનું કારણ છે.

સાધકો ! પરિગ્રહી લોકોના ધન કે સંજ્ઞાઓને જુઓ.

જે આસક્તિઓને જાણતાં નથી તે મહાભયને પામે છે.

પરિગ્રહ-પાપનું ફળ દુઃખ :-

૮૨૭.પરિગ્રહમાં આસકત પ્રાણી દ્વિપદ, ચતુષ્પદનો પરિગ્રહ કરી તેને કામમાં જોડીને તેમની દ્વારા ધન એકત્રિત કરે છે. આ પ્રમાણે ભોગોપભોગ માટે ધન એકઠું કરી સંચય કરે છે. પોતાના, બીજાના કે બન્નેના પ્રયત્નથી તેની પાસે થોડી કે ઘણી માત્રામાં ધનસંગ્રહ થઈ જાય છે, તેમાં તે આસક્ત થઈ જાય છે અને ભોગ માટે તેની સુરક્ષા કરે છે.

વિવિધ પ્રકારના ભોગોપભોગ પછી તેની પાસે બચેલ ઘણી સંપત્તિ એકત્રિત થઈ જાય છે અને તે ધનાઢય બની જાય છે.

તે પણ કોઈ વખત (જમાઈ, પુત્ર કે પૌત્ર આદિ) વારસદારો, પરસ્પર વહેંચી લે છે, ચોર ચોરી લે છે, રાજા લૂંટી લે છે, (વ્યાપાર આદિમાં હાનિ થવાથી) નષ્ટ થઈ જાય છે અથવા ઘરમાં આગ લાગવાથી બળી જાય છે.

આ પ્રમાણે અર્થલુબ્ધ અજ્ઞાની પ્રાણી બીજાઓને માટે ક્રૂર કર્મો કરતો, તે કર્મોથી ઉત્પન્ન થયેલ દુઃખને ભોગવતો વિપર્યાસ (દુઃખ) પામે છે.

સર્વજ્ઞાનીએ આ પ્રમાણે પ્રરૂપેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अणोहंतरा एते, णो य ओहं तरित्तए ।

अतीरंगमा एते णो य तीरं गमित्तए।
अपारंगमा एते, णो य पारं गमित्तए ।

आयाणिज्जं च आदाय तम्मि ठाणे ण चिट्ठति ।
वितहं पप्प खेत्तण्णे तम्मि ठाणंमि चिट्ठति ।।

आ. सु. १, अ. २, उ. ३, सु. ७९

એ મૂઢ અનોઘંતર અર્થાત્ સંસાર પ્રવાહને તરવામાં સમર્થ હોતા નથી, એટલે કે એ પ્રવ્રજ્યા લેવામાં અસમર્થ રહે છે.

તેઓ અતીરંગમ છે-તીર-કિનારા સુધી પહોંચવામાં સમર્થ હોતા નથી. તેઓ અપારંગમ છે - પાર પહોંચવામાં સમર્થ હોતા નથી.

તે (મૂઢ) આદાણીય -સત્યમાર્ગને પામવા છતાં પણ તે સ્થાનમાં સ્થિર રહી શકતો નથી. પોતાની અજ્ઞાનતાના કારણે અસત્ માર્ગને પામી તેમાં જ રચ્યો પચ્યો રહે છે.

८२८. आउक्खयं चेव अबुज्झमाणे
ममाति से साहसकारि मंदे ।
अहो य रातो परितप्पमाणे,
अट्ठे सुमूढे अजरामरव्व ।।

जहाहि वित्तं पसवो य सव्वे,
जे बांधवा जे य पिता य मित्ता ।
लालप्पती सो वि य एइ मोहं,
अन्ने जणा तं सि हरंति वित्तं ।।

–सूय. सु. १, अ. १०, गा. १८–१९

८२८.પાપથી નહિ ડરનાર અજ્ઞાની જીવ પોતાના આયુષ્યનો અંત જાણતો નથી. તે પૌદ્ગલિક પદાર્થો પર મમત્વ રાખીને રાત દિવસ પાપમાં આસક્ત રહે છે અને પોતાને અજર અમર માનતો ધનમાં જ મુગ્ધ રહે છે.

સમાધિના ઈચ્છુક માનવ, તું ધન અને પશુ વગેરે દરેક સચિત્ત-અચિત્ત પદાર્થોને છોડી દે. માતા, પિતા, બંધુ, ભગિની, મિત્રજન વગેરે કોઈપણ તારો કયાંય ઉપકાર કરતાં નથી છતાં તું તેમના માટે રડે છે, અને મોહ પામે છે. પરંતુ તું મરી જઈશ ત્યારે બીજા લોકો તેં ઉપાર્જન કરેલા દ્રવ્યનો ઉપભોગ કરશે. અથવા તારા ધનનું હરણ કરી જશે.

परिग्गहे आसत्ति–णिसेहो–

८२९. परिग्गहाओ अप्पाणं अवसक्केज्जा ।
अण्णहा णं पासए परिगहेज्जा ।

एस मग्गे आरिएहिं पवेदिते, जहेत्थ कुसले
णोवलिंपिज्जासि त्ति बेमि ।

– आ. सु. १, अ. २, उ. ५, सु. ८९(घ)

પરિગ્રહમાં આસક્તિનો નિષેધ :-

८२९.પોતાના આત્માને પરિગ્રહથી બચાવો.

જેવી રીતે ગૃહસ્થ પરિગ્રહને મમત્વ-ભાવથી જુએ છે તેવી રીતે ધર્મોપકરણને પરિગ્રહરૂપે ન જોતાં કેવળ સાધન સમજી તેના પર મમત્વ ન રાખે.

આ માર્ગ તીર્થંકરોએ બતાવ્યો છે. તે માર્ગમાં પ્રવૃત્તિ કરનાર કુશળ સાધક પરિગ્રહમાં લેપાતો નથી. એમ હું કહું છું.

परिग्गहं महाभयं–

८३०. से सुपडिबुद्धं सुविणियंति णच्चा पुरिसा परमचक्खू ।
विपरिक्कम एतेसु चेव बंभचेरं त्ति बेमि ।

– *आ. सु. १, अ. ५, उ. २, सु. १५५ (क)*

પરિગ્રહ મહાભય :-

८३०. (પરિગ્રહ મહાભયનો હેતુ છે.) એવું (પ્રત્યક્ષજ્ઞાની દ્વારા) સમ્યક્ પ્રકારે દૃષ્ટ અને ઉપદેશિત છે. (માટે) પરમ ચક્ષુષ્માન પુરુષ સંયમમાં પરાક્રમ કરે. અપરિગ્રહી સાધક જ બ્રહ્મચારી હોય છે. એમ હું કહું છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

परिग्गहमुत्ति एव मुत्ति–

८३१. (थावरं जंगमं चेव, धणं धण्णं उवक्खरं ।
पच्चमाणस्स कम्मेहिं, नालं दुक्खाउ मोयणे ।)
(–उत्त. अ. ६, गा. ५)

परिग्गहेण दुहं अपरिग्गहेण सुहं–

८३२. धम्मस्स य पारए मुणी, आरम्भस्स य अंतए ठिए ।
सोयति य ण ममाइणो, नो य लभंति णियं परिग्गहं ।।

इह लोगे दुहावहं विऊ, परलोगे य दुहं दुहावहं ।
विद्धंसणधम्ममेव तं, इइ विज्जं को गारमावसे ? ।।
– सूय. सु. १, अ. २, उ. २, गा. ९–१०

सुहोवाय–परूवणं–

८३३. आयावयाही चय सोगमल्लं,
कामे कमाही कमियं खु दुक्खं ।
छिंदाही दोसं विणएज्ज रागं,
एवं सुही होहिसि संपराए ।।
– दस. अ. २, गा. ५

तण्हाए लयोवमा–

८३४. **प.**– अन्तोहियय–संभूया, लया चिट्ठइ गोयमा ।
फलेइ विसभक्खीणि सा उ उद्धरिया कहं? ।।

उ.– तं लयं सव्वसो छित्ता, उद्धरित्ता समूलियं ।
विहरामि जहानायं, मुक्का मि विसभक्खणं ।।

प.– लया य इइ का वुत्ता, केसी गोयममब्बवी ।
केसिमेवं बुवंतं तु, गोयमो इणमब्बवी ।।

उ.– भवतण्हा लया वुत्ता, भीमा भीमफलोदया ।
तमुद्धरित्तु जहानायं, विहरामि महामुणी ।।
– उत्त. अ.२३, गा. ४५–४८

अट्ठलोलुपा दंडं समारभंति–

८३५. अहो य राओ य परितप्पमाणे कालाकालसमुट्ठायी
संजोगट्ठी अट्ठालोभी आलुंपे सहसक्कारे
विणिविट्ठचित्ते एत्थ सत्थे पुणो–पुणो ।

परिग्रह विरक्ति જ મુક્તિ છે :-

८३१.(ધન ધાન્ય કે ઘરવખરી આદિ સ્થાવર જંગમ સંપત્તિ દુષ્કર્મોથી પીડાતા જીવને મુક્તિ આપવામાં સમર્થ નથી.)

પરિગ્રહથી દુઃખ અને અપરિગ્રહથી સુખ :-

८३२.શ્રુતચારિત્રરૂપ ધર્મના પારગામીને તથા આરંભના અભાવમાં સ્થિત રહેનારને મુનિ કહેવાય છે. તેથી વિપરિત મમતા રાખનાર પ્રાણી પરિગ્રહ માટે ચિંતા કરે છે. છતાં પણ તે પરિગ્રહને પ્રાપ્ત કરી શકતાં નથી.

પરિગ્રહ આ લોકમાં તેમજ પરલોકમાં દુઃખદાયી છે તથા નશ્વર છે, એવું જાણીને કોણ જ્ઞાની પુરુષ ગૃહવાસમાં રહેવાનું પસંદ કરે ?

સુખી થવાના ઉપાયનું પ્રરૂપણ :-

८३३.હે શિષ્ય ! આતાપના લે, સુકુમારતાને છોડ, વિષયવાસનાનું અતિક્રમણ કર. આ રીતે છોડવાથી દુઃખ પોતાની મેળે અતિક્રાન્ત- દૂર થઈ જશે. દ્વેષભાવનું છેદન કર. રાગભાવને દૂર કર. આ પ્રમાણે કરવાથી સંસારમાં તું સુખી થઈશ.

તૃષ્ણાને લતાની ઉપમા :-

८३४.**પ્ર.** "હે ગૌતમ ! હૃદયમાં એક લતા ઉત્પન્ન થયેલ છે. તેને વિષ જેવાં ફળ લાગેલાં છે. તેને તમે કેવી રીતે ઉખેડી નાખ્યા ?"

ઉ. " તે લતા તદ્દન જડમૂળથી ઉખેડીને સર્વથા કાપીને નીતિપૂર્વક હું વિચરણ કરું છું, માટે હું વિષફળ ખાતો નથી."

પ્ર. કેશીકુમારે ગૌતમ સ્વામીને કહ્યું, " તે લતા કઈ છે ? " કેશીએ પુછતાં ગૌતમે આમ કહ્યું -

ઉ. "ભવતૃષ્ણા જ ભયંકર લતા છે તેને ભયંકર પરિપાકવાળા ફળ લાગે છે. હે મહામુનિ ! તેને જડથી ઉખાડીને હું નીતિ અનુસાર વિહાર કરું છું."

અર્થલોલુપો હિંસા કરે છે :-

८३५. (અજ્ઞાની જીવ સ્વજન, ધન આદિમાં આસકત હોવાના કારણે) રાતદિવસ પરિતપ્ત રહે છે, કાળ-કાળનો વિચાર કર્યા વિના કુટુંબ અને ધનાદિમાં લુબ્ધ બને છે, વિષયોમાં ચિત્ત જોડી તે ધનનો લોભી બને છે, કર્તવ્ય અકર્તવ્યનો વિચાર કર્યા વિના નિર્ભયતાથી લૂંટફાટ મચાવે છે, તેમ જ અનેકવાર પ્રાણીઓની હિંસા કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

से आतबले, से णातबले, से मित्तबले, से पेच्चबले, से देवबले, से रायबले, से चोरबले, से अतिथिबले, से किवणबले, से समणबले,

શરીરબળ, જાતિબળ, મિત્રબળ, પરલોકબળ, દેવબળ, રાજબળ, ચોરબળ, અતિથિબળ, ભિક્ષુકબળ તથા શ્રમણબળાદિ વિવિધ બળોની પ્રાપ્તિ માટે (અજ્ઞાની પ્રાણી વિવિધ પ્રકારની હિંસક પ્રવૃત્તિમાં પડી જીવ-હિંસા કરે છે.)

इच्चेतेहिं विरूवरूवेहिं कज्जेहिं दंडसमादाणं, संपेहाए भया कज्जति, पावमोक्खो त्ति मण्णमाणे अदुवा आसंसाए।

કોઈ વ્યક્તિ કામનાની પૂર્તિ માટે, તો કોઈ ભયના કારણે હિંસા આદિ કરે છે. કોઈ પાપથી છૂટવા માટે, તો કોઈ અપ્રાપ્તને પ્રાપ્ત કરવાની આશાએ હિંસા પ્રયોગ કરે છે.

तं परिण्णाय मेहावी णेवसयं एतेहिं कज्जेहिं दंडं समारंभेज्जा, णेवऽण्णं एतेहिं कज्जेहिं दंडं समारंभावेज्जा, णेवऽण्णे एतेहिं कज्जेहिं दंडं समारंभंते समणुजाणेज्जा ।
एस मग्गे आरिएहिं पवेदिते जहेत्थ कुसले णोवलिंपेजास्सि त्ति बेमि ।

– आ. सु. १, अ. २, उ. २, सु. ७२–७४

(ઉપર બતાવેલી) હિંસા અહિતરૂપ છે. એવું જાણી જ્ઞાની સાધક પોતે હિંસા કરે નહિ, બીજા પાસે કરાવે નહિ કે કરનારનું અનુમોદન કરે નહિ.

આ (અહિંસાનો) માર્ગ તીર્થંકરોએ બતાવ્યો છે, તેથી કુશળ સાધક પોતાના આત્માને હિંસાદિક વૃત્તિથી લિપ્ત ન કરે એમ હું કહું છું.

लोभ–णिसेहो–

લોભનો નિષેધ :-

८३६. कसिणं पि जो इमं लोयं, पडिपुण्णं दलेज्ज इक्कस्स ।
तेणावि से न संतुस्से, इइ दुप्पूरए इमे आया ।।

८૩૬. ધન-ધાન્યથી પરિપૂર્ણ સમગ્ર લોક પણ કોઈ તેને આપી દે તો પણ તેને સંતોષ થતો નથી, એવી તૃષ્ણાની લોલુપતા ભરેલો આ આત્મા છે.

जहा लाभो तहा लोभो, लाभा लोभो पवड्ढई ।
दोमासकयं कज्जं, कोडीए वि न निट्ठियं ।।

– उत्त. अ. ८, गा. १६–१७

જેમ જેમ લાભ થતો જાય છે, તેમ તેમ લોભ વધતો જાય છે. બે માસા સોનાથી થતું કાર્ય કરોડો સુવર્ણ મુદ્રિકાથી પણ સર્યું નહીં.

जीवियंतकरणे वि रोगायंके वि समुप्पन्ने ओसहाईणं संगहणिसेहो–

જીવન-વિનાશી રોગ હોવા છતાં પણ ઔષધ આદિના સંગ્રહનો નિષેધ :-

८३७. जं पि य समणस्स सुविहियस्स उ रोगायंके बहुप्पगारंमि समुप्पन्ने ।

૮૩૭. આગમાનુસાર ચારિત્રનું પરિપાલન કરનારા જ્ઞાની સાધકને જો અનેક પ્રકારના રોગ કે વ્યાધિ ઉત્પન્ન થાય તો

वाताहिक–पित्त–सिंभ–अइरित्त–कुविय–तह–सन्निवात जाते व उदयपत्ते ।
उज्जल–बल–विउल–कक्खड–पगाढदुक्खे ।

વાત-પિત્ત કે કફનો અતિશય પ્રકોપ થાય કે સન્નિપાત થાય, તેથી કરીને ઉજ્વલ અર્થાત્ જ્યાં લેશમાત્ર પણ સુખ નથી. એવું પ્રબળ, વિપુલ, દીર્ઘકાળ સુધી અનિષ્ટ તથા પ્રગાઢ, અત્યંત તીવ્ર દુઃખ ઉત્પન્ન થાય છે.

असुह–कडुय–फरुसे ।

એ દુઃખ અશુભ કે કડવા દ્રવ્યની જેમ અનિષ્ટ અને કઠોર હોય છે.

चण्ड–फलविवागे ।

એટલું જ નહિ પણ એ દુઃખ દારુણ ફળવાળું હોય છે.

महब्भए जीवियंतकरणे ।

જેથી મહાન ભય ઉત્પન્ન થાય છે, અને જીવનનો અંત પણ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सव्वसरीर-परितावणकरे न कप्पइ तारिसे वि तह अप्पणो परस्स वा ओसह-भेसज्जं भत्त-पाणं च तं पि संनिहिकयं ।

– प. सु. २, अ. ५, सु. ७

સમગ્ર શરીરમાં પરિતાપ ઉત્પન્ન કરે છે. એવી દુઃખમય પરિસ્થિતિમાં પણ પોતાના માટે કે બીજા સાધુ માટે ઔષધ, દવાદારુ, આહારપાણીનો સંગ્રહ કરવો કલ્પતો નથી.

असणाईणं संगह-निसेहो –

અશન આદિના સંગ્રહનો નિષેધ -

८३८. तहेव असणं पाणगं वा,
विविहं खाइमं साइमं लभित्ता ।
होही अट्ठो सुए परे वा,
तं न निहे न निहावए जे स भिक्खू ।

– दस. अ. १०, गा. ८

८३८.પૂર્વોકત વિધિથી વિવિધ પ્રકારના આહારપાણી ખાદ્ય કે સ્વાદ્ય વગેરેની સુંદર ભિક્ષા મેળવીને કાલ કે પરમદિવસે ઉપયોગમાં આવશે, એમ માનીને જે સાધક સંચય કરે નહિ, કરાવે નહિ તેજ આદર્શ ભિક્ષુ છે.

८३९. सन्निहिं च न कुवेज्जा, लेवमायाए संजए ।
पक्खी पत्तं समादाय, निरवेक्खो परिव्वए ।।

– उत्त. अ. ६, गा. १५

८३૯.સંયમી મુનિ લેપ લાગે એટલી પણ ચીજનો સંગ્રહ ન કરે. પક્ષીની જેમ કાલની અપેક્ષા રાખ્યા વગર નિરપેક્ષ ભાવે તે પાત્ર લઈને ભિક્ષા માટે પર્યટન કરે.

बाला कूरकम्माइं कुव्वंति–

બાલજીવ ક્રૂર કર્મ કરે છે -

८४०. ततो से एगया रोगसमुप्पाया समुप्पज्जंति ।

८४०.ઘણી વાર તો તે અર્થસંગ્રહી ભોગીઓના શરીરમાં અનેક રોગો ઉત્પન્ન થાય છે.

जेहिं वा सद्धिं संवसति ते व णं एगया णिगया पुव्विं परिवयंति, सो वा ते णियए पच्छा परिवएज्जा ।

તે જેની સાથે રહે છે તે કુટુંબીજનો જ્યારે તે રોગગ્રસ્ત થાય છે ત્યારે તેનો તિરસ્કાર અને નિંદા કરવા લાગે છે. ત્યારબાદ તે પણ તેમનો તિરસ્કાર કરવા લાગે છે.

णालं ते तव ताणाए वा सरणाए वा ।

હે પ્રાણી ! કુટુંબીઓ તારી રક્ષા કરવામાં, તને શરણ દેવામાં સમર્થ નથી.

तुमं पि तेसिं णालं ताणाए वा सरणाए वा ।

અને તુ પણ તેઓનું રક્ષણ કરવા કે તેઓને શરણ આપવા સમર્થ નથી.

जाणित्तु दुक्खं पत्तेयं सायं ।

પ્રત્યેક પ્રાણી પોતે કરેલા સુખ અને દુઃખને ભોગવે છે. એવું જાણી (ઇન્દ્રિયો પર વિજય પ્રાપ્ત કરે.)

भोगामेव अणुसोयंति,

કેટલાક લોકો જે ઇન્દ્રિયો પર વિજય પ્રાપ્ત કરી શકતા નથી તે વારંવાર કામભોગનો જ વિચાર કરતા રહે છે.

इहमेगेसिं माणवाणं तिविहेण जावि से तत्थ मत्ता भवति अप्पा वा बहुया वा । से तत्थ गढिते चिट्ठति भोयणाए ।

આ સંસારમાં કેટલાક લોકો એવા છે કે કામભોગોની અભિલાષા વડે પોતાના, બીજાના કે બન્નેના મિશ્રિત પ્રયત્નથી અલ્પ કે અધિક ધન અથવા સાધનો પ્રાપ્ત થતાં તેમનો ઉપભોગ કરવા માટે તેમાં મન વચન અને કાયાથી અત્યંત આસકત થઈ જાય છે. ભોગ માટે તેમની રક્ષા પણ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ततो से एगया विप्परिसिट्ठं संभूतं महोवकरणं भवति तं पि से एगया दायादा विभयंति, अदत्तहारो वा सेऽवहरंति, रायाणो वा से विलुंपंति, णस्सति वा से, विणस्सति वा से, अगारदाहेणं वा से डज्झति।

વિવિધ પ્રકારના ભોગપભોગ પછી વધેલી ઘણી સંપત્તિ એકઠી થાય છે. તેના કારણે તે મહાન વૈભવશાળી બની જાય છે. જીવનમાં કોઈવાર એવો પણ સમય આવી જાય છે કે સ્વજનો પરસ્પર તે સંપત્તિ વહેચી લે છે. અથવા ચોર ચોરી લે છે, રાજા લૂંટી લે છે, (વ્યાપાર આદિમાં હાનિ થવાથી) નષ્ટ થઈ જાય છે, અથવા ઘરમાં આગ લાગવાથી બળી જાય છે. આમ અનેક માર્ગોથી તે સંપત્તિનો નાશ થઈ જાય છે.

इति से परस्स अट्ठाए कूराइं कम्माइं बाले पकुव्वमाणे तेण दुक्खेण मूढे विप्परियासमुवेति ।

આ પ્રમાણે તે અજ્ઞાની જીવ બીજાને માટે ક્રૂર કર્મો કરે છે તથા દુઃખથી મૂઢ બની વિપરીત પ્રવૃત્તિ કરે છે.

– आ. सु. १, अ. २, उ. ४, सू. ८१-८२

मूढा धम्मं न जाणंति –

મૂર્ખ ધર્મને જાણતા નથી -

८४१. थीभि लोए पव्वहिते ।

८४१.સંસારી જીવો સ્ત્રીઓથી પરાજિત છે.

ते भो ! वदंति एयाइं आयतणाइं ।

હે પુરુષો ! ' આ સ્ત્રીઓ ભોગોપભોગનું સાધન છે.' એમ તેઓ કહે છે.

से दुक्खाए मोहाए माराए णरगाए नरगतिरिक्खाए ।

આ પ્રકારે કહેવું, દુઃખનું, મોહનું, મૃત્યુનું, નરકનું અને તિર્યંચ ગતિનું કારણ છે.

सततं मूढे धम्मं णाभिजाणति ।

નિરંતર મૂઢ બનેલ જીવ ધર્મને જાણતો નથી.

उदाहु वीरे–अप्पमादो महामोहे, अलं कुसलस्स पमादेणं, संतिमरणं सपेहाए, भेउरधम्मं सपेहाए। णालं पासं ।

ભગવાન મહાવીરે કહ્યું છે કે, મોહના પ્રધાન કારણોમાં પ્રમાદ ન કરવો જોઈએ. અને બુદ્ધિમાન પુરુષે પ્રમાદથી બચવું જોઈએ. શાંતિ (મોક્ષ) અને મરણ (સંસાર) ને જોનારો અને જાણનારો (પ્રમાદ ન કરે) આ શરીર નાશવંત છે એવું જાણી સાધકે પ્રમાદ ન કરવો જોઈએ.

अलं ते एतेहिं। एतं पास मुणि ! महब्भयं ! णातिवातेज्ज कंचणं ।

હે મુનિ ! વિષયભોગોથી કયારેય પણ તૃપ્તિ થતી નથી માટે એવા ભોગોમાં આસક્તિ ન રાખ. આ ભોગોને મહાભયરૂપ જાણ. ભોગોના માટે કોઈ પણ પ્રાણીની હિંસા ન કર.

– आ. सु. १, अ. २, उ. ४, सु. ८४-८५

आसक्ति-निषेध-४

सव्वण्णु एव सव्वासवं जाणइ–

સર્વજ્ઞ જ સર્વ આશ્રવોને જાણે છે -

८४२. उड्ढं सोता, अहे सोता, तिरियं सोता वियाहिता ।
एते सोता वियक्खाता, जेहिं संगं ति पासहा ।।

८४२.ઊંચી, નીચી, તીર્છી, સર્વ દિશામાં (આસક્તિના) સ્ત્રોત છે. તે સ્ત્રોત કર્મ બંધનનાં આશ્રવ દ્વાર છે. જ્યાં જ્યાં જીવની આસક્તિ હોય છે. ત્યાં ત્યાં કર્મનું બંધન છે. તે તમે જુઓ.

आवट्टमेयं तु पेहाए एत्थ विरमेज्ज वेदवी ।

(રાગદ્વેષ-કષાય-વિષયાસક્તિ રૂપ) ભાવાવર્તનું નીરિક્ષણ કરી બુદ્ધિમાન સંસારના વિષયોથી વિરક્ત બને છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

विणएत्तु सोतं निक्खम्म एस महं अकम्मा जाणति, पासति, पडिलेहाए णावकंखति। इह आगतिं गतिं परिण्णाय।

– आ. सु. १, अ. ५, उ. ६, सु. १७४–१७६(क)

જે કોઈ વિષયભોગ અથવા આશ્રવના સ્ત્રોતને ક્ષીણ કરવા માટે ત્યાગ માર્ગને સ્વીકાર કરે છે, તેમજ ઘાતી કર્મનો ક્ષય કરીને સર્વજ્ઞ અને સર્વદૃષ્ટા બને છે, તે સંસારના આવાગમનને જાણી કોઈ પણ પ્રકારની આકાંક્ષા કરતો નથી.

रइ–णिसेहो –

८४३. विसएसु मणुन्नेसु, पेमं नाभिनिवेसए।
अणिच्चं तेसिं विन्नाय, परिणामं पोग्गलाण उ ।।

पोग्गलाण परिणामं, तेसिं नच्चा जहा तहा ।
विगयतण्हो विहरे, सीईभूएण अप्पणा ।।

– दस. अ. ८, गा. ५८–५९

રતિનો નિષેધ -

८४३.સર્વ પુદ્ગલ-જડ વસ્તુઓના પરિણામને અનિત્ય સ્વભાવવાળા જાણી સાધક મનોજ્ઞ વિષયોમાં આસક્ત ન બને (અને અમનોજ્ઞ પદાર્થ પર દ્વેષભાવ ન લાવે.)

મુનિ સદા પૌદ્ગલિક પદાર્થોના પરિણામો યથાર્થ રૂપે જાણીને આત્માને ઉપશાંત કરી તૃષ્ણા-રહિત થઈ સંયમ-ધર્મમાં વિચરે.

अरइ–णिसेहो –

८४४. विरयं भिक्खू रीयंतं चिररातोसियं अरती तत्थ किं विधारए?

संधेमाणे समुट्ठिते ।

जहा से दीवे असंदीणे एवं से धम्मे आरियपदेसिए ।

ते अणवकंखमाणा अणतिवातेमाणा दइता मेधाविणो पंडिता ।

एवं तेसिं भगवंतो अणुट्ठाणे जहा से दियापोते। एवं ते सिस्सा दिया य अणुपुव्वेण वायित।

– आ. सु. १, अ. ६, उ.३, सु. १८९

અરતિનો નિષેધ -

८४४.અપ્રશસ્ત ભાવોમાંથી નીકળી પ્રશસ્તભાવોમાં ઘણાં લાંબા સમયથી રમણ કરતાં સંયમી-ભિક્ષુને અરતિ વિચલિત કરી શકે ખરી ?

(પ્રતિક્ષણ આત્માની સાથે) સંધાન કરનારા તથા સમ્યક્ પ્રકારે સાવધાન મુનિ શુભ પરિણામની શ્રેણી પર ચઢતો જાય છે.

તેથી તે મુનિ અસંદીન-પાણીથી કયારેય નહિ ઢંકાતા એવા દ્વીપની સમાન છે. આર્ય (તીર્થંકર) ભાષિત ધર્મ પણ આવા દ્વીપ સમાન છે.

ભોગોની ઈચ્છા તથા જીવહિંસા ન કરવાના કારણે સર્વ લોકના પ્રિયપાત્ર તેઓ મેધાવી તથા પંડિતપદને પ્રાપ્ત કરે છે.

જેમ પક્ષી પોતાના બચ્ચાનું પાલન પોષણ કરી તેને સમર્થ બનાવે છે, તેવી જ રીતે ધર્મમાં જે શિષ્યો હતોત્સાહ હોય તેમને મહાન આચાર્ય આદિ દિવસ રાત સાવધાનીપૂર્વક શિક્ષા આપી ધર્મમાં કુશળ બનાવે છે.

८४५. अरतिं आउट्टे से मेधावी खणंसि मुक्के ।

– आ. सु. १, अ. २, उ. २, सु. ६९

८४५.જે અરતિનું નિવર્તન કરે છે, તે મેધાવી સાધક હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

रइ-अरइ णिसेहो –

८४६. जे ममाइयमतिं जहाति से जहाति ममाइयं ।

से हु दिट्ठपहे मुणी जस्स णत्थि ममाइतं ।

तं परिण्णाय मेहावी विदित्ता लोगं, वंता लोगसण्णं
से मतिमं परक्कमेज्जासि त्ति बेमि ।

णारतिं सहति वीरे, वीरे णो सहति रतिं।
जम्हा अविमणे वीरे, तम्हा वीरे ण रज्जति ।

सद्दे फासे अधियासमाणे णिव्विंद णंदिं इह
जीवियस्स ।

– आ. सु. १, अ. २, उ. ६, सु. ९७(ख)–९९(क)

रति-अरतिनो निषेध -

८४६. જે મમત્વ બુદ્ધિને ત્યાગી શકે છે, તે મમત્વને ત્યાગી શકે છે.
જેને મમત્વ નથી, તે મોક્ષના માર્ગને જાણનાર મુનિ છે.

એવું જાણી બુદ્ધિમાન મુનિ લોકના સ્વરૂપને જાણીને લોકસંજ્ઞાનો ત્યાગ કરે તથા વિવેકપૂર્વક સંયમમાં પુરુષાર્થ કરે. વાસ્તવમાં તેને જ બુદ્ધિમાન પુરુષ કહે છે. એમ હું કહું છું.

પરાક્રમી સાધક અરતિ (સંયમમાં ઉત્પન્ન થયેલ અરુચિ) ને સહન કરતો નથી. તેમજ રતિ (બાહ્ય પદાર્થોમાં થતી રુચિ) ને પણ સહન કરતો નથી. માટે વીર સાધુ અવિમનસ્ક અર્થાત્ શાંત હોય છે. તે કોઈપણ પદાર્થ પર આસક્તિ ઉત્પન્ન થવા દેતો નથી.

મુનિએ શબ્દ, સ્પર્શાદિ વિષયો જો ઉપસ્થિત થાય તો તેને સહન કરી લેવા જોઈએ. પરંતુ તેમાં પ્રસન્ન થવું જોઈએ નહિ. (તે અસંયમી જીવનના આમોદ-પ્રમોદનો ત્યાગ કરે. અથવા તેના પ્રત્યે ઉદાસીન રહે.)

भिक्खुणा न रइ कायव्वा, न अरइ कायव्वा–

८४७. अरतिं रतिं च अभिभूय भिक्खू,
बहूजणे वा तह एगचारी ।
एगंतमोणेण वियागरेज्जा,
एगस्स जंतो गतिरागती य ।।
सयं समेच्चा अदुवा वि सोच्चा,
भासेज्ज धम्मं हितदं पयाणं ।
जे गरहिया सणियाणप्पओगा,
ण ताणि सेवंति सुधीरधम्मा ।।

– सूय. सु. १, अ. १३, गा. १८–१९

साधुએ રતિ કે અરતિ કરવી ન જોઈએ :

८४७. સાધુ અસંયમમાં રતિ અને સંયમમાં અરતિ ન કરે. તે ઘણા સાધુ સાથે રહેતો હોય અથવા એકલો રહેતો હોય, પરંતુ સંયમમાં બાધા ન પહોંચે એવાં વચન બોલે. વળી તે ધ્યાનમાં રાખે કે, જીવાત્મા એકલો જ જાય છે અને એકલો જ આવે છે.
સંયમી સાધક ધર્મના સ્વરૂપને સમ્યક્ પ્રકારે સ્વયં જાણીને અથવા (ગુરુ, આચાર્ય આદિથી) શ્રવણ કરીને જીવોનું હિત થાય એવો ઉપદેશ આપે. ઉત્તમ ધૈર્ય ધર્મવાળા સાધક નિંદિત કાર્ય અથવા ફળની પ્રાપ્તિ માટે કાર્ય ન કરે.

रागणिग्गहोवायं–

८४८. समाए पेहाए परिव्वयंतो,
सिया मणो निस्सरई बहिद्धा ।
न सा महं नोवि अहं पि तीसे,
इच्चेव ताओ विणएज्ज रागं ।।

– दस. अ. २, गा. ४

રાગ-શમનનો ઉપાય :

८४८. સમભાવની દૃષ્ટિથી વિચરતા સાધુનું મન કદાચ (સંયમીરૂપી ગૃહમાંથી) બહાર નીકળી જાય તો સાધુ 'તે સ્ત્રી આદિ મારાં નથી અને હું તેઓનો નથી.' આ પ્રકારના ચિંતનથી તે સ્ત્રી આદિ પરના રાગને દૂર કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अब्भिंतर–पास–परिग्गह–पासबद्धा पाणिणो –

८४९. **प.** दीसन्ती बहवे लोए, पासबद्धा सरीरिणो ।
मुक्कपासो लहुब्भूओ, कहं तं विहरसी मुणी ।।

उ. ते पासे सव्वसो छित्ता, निहन्तूण उवायओ ।
मुक्कपासो लहुब्भूओ, विहरामि अहं मुणी ।।

प. पासा य इइ के वुत्ता, केसी गोयमब्बवी ।
केसिमेव बुवंतं तु, गोयमो इणमब्बवी ।।

उ. रागद्दोसादओ तिव्वा, नेहपासा भयंकरा ।
ते छिन्दित्तु जहानायं, विहरामि जहक्कमं ।।

– उत्त. अ. २३, गा. ४०–४३

आभ्यंतर परिग्रहना पाश वडे बंधायेला प्राणी -

८४९. **प्र.** "આ સંસારમાં અનેક જીવ પાશ-બધ્ધ છે. છતાં પણ હે મુનિ ! તમે બંધનમુક્ત અને લઘુભૂત-પ્રતિબંધહીન હળવા થઈને કેવી રીતે વિચરો છો ?"

ઉ. "મુનિ! તે બધાં બંધનોને સર્વ રીતે કાપીને, ઉપાયો વડે નષ્ટ કરી ને, હું બંધનમુક્ત અને હળવો થઈને વિચરું છું"

પ્ર. "ગૌતમ ! તે બંધન કયાં ?" કેશીએ ગૌતમને પૂછયું. કેશીના પૂછવાથી ગૌતમે આમ કહ્યું !

ઉ. "તીવ્ર રાગ દ્વેષ અને સ્નેહ ભયંકર બંધન છે. તેમને છેદીને ધર્મ નીતિ તેમજ આચાર પ્રમાણે હું વિચરું છું."

अब्भिंतर–परिग्गहविरओ पंडिओ–

८५०. से असइं उच्चागोए, असइं णीयागोए। णो हीणे, णो अतिरित्ते। णो पीहए।

इति संखाए के गोतावादी ? के माणावादी ? कंसि वा एगे गिज्झे ?

तम्हा पंडिते णो हरिसे, णो कुज्झे।

भूतेहिं जाण पडिलेह सातं । समिते एयाणुपस्सी तं जहा–

अंधत्तं बहिरत्तं मूकत्तं काणत्तं कुट्टतं खुज्जत्तं वडभत्तं सामत्तं सबलत्तं ।

सह पमादेणं अणेगरूवाओ जोणीओ संधेति, विरूवरूवे फासे पडिसंवेदयति ।

से अबुज्झमाणे हतोवहते जाती–मरणं अणुपरियट्टमाणे ।

– आ. सु. १, अ. २, उ. ३, सु. ७५–७७ (क)

आभ्यंतर परिग्रहथी विरत पंडित :

८५०. આ જીવ અનેક વાર ઉચ્ચ ગોત્રમાં તથા અનેક વાર નીચ ગોત્રમાં ઉત્પન્ન થયો છે. માટે અહીં કોઈ હીન નથી કે કોઈ વિશેષ ઉચ્ચ નથી. (એવું જાણી કોઈ પણ જાતનો) ઉચ્ચ ગોત્રનો ગર્વ ન કરે.

પ્રભુનું આવું ફરમાન જાણી કોણ પોતાના ગોત્રનો ગર્વ કરે? કોણ અભિમાન કરે? તથા કોણ કોના ગોત્રમાં આસક્ત બને?

તેથી વિવેકશીલ સાધક ઉચ્ચ ગોત્ર પ્રાપ્ત થવાથી હર્ષ ન કરે તથા નીચ ગોત્ર પ્રાપ્ત થવાથી દુઃખ ન કરે.

દરેક પ્રાણીને સુખ પ્રિય છે, એમ જાણી પાંચ પ્રકારની સમિતિ સહિત સૌની સાથે વિવેકપૂર્ણ વ્યવહાર કરે.

જીવ પોતાના જ પ્રમાદથી આંધળો, બહેરો, મૂંગો, કાણો, ઠૂંઠો, કૂબડો, વાંકો, કાળો, કાબરો થાય છે.

પોતાના પ્રમાદના કારણે અનેક યોનિઓમાં જન્મ ધારણ કરે છે તેમજ વિવિધ પ્રકારના આઘાતો-વેદનાઓનો અનુભવ કરે છે.

(પ્રમાદી જીવ કર્મ સિદ્ધાંતને) ન સમજવાથી (શારીરિક દુઃખોથી) હત (માનસિક વેદનાથી) ઉપહત થઈ જન્મમરણનાં ચક્રમાં વારંવાર પરિભ્રમણ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

परिग्गहविरओ पावकम्मविरओ होइ-

८५१. से भिक्खू जे इमे कामभोगा सचित्ता वा अचित्ता वा ते णो सयं परिगिण्हति, नेवऽण्णेणं परिगिण्हावेति, अण्णं परिगिण्हंतं पि ण समणुजाणइ, इति से महया आदाणातो उवसंते उवट्ठित्ते पडिविरते ।

– सूय. सु. २, अ. १, सु. ६८५

परिग्रह-विरत पापकर्म-विरत बने छे :

८५१. જે સાધુ સચિત્ત અને અચિત્ત બંને પ્રકારના કામ ભોગોને સ્વયં ગ્રહણ કરતો નથી, અન્યની પાસે ગ્રહણ કરાવતો નથી તથા ગ્રહણ કરનારનું અનુમોદન કરતો નથી, એથી જે મહાન કર્મ બંધનથી નિવૃત્ત થયેલ છે, શુદ્ધ સંયમમાં સ્થિત અને પાપ કર્મથી નિવૃત્ત થઈ ચૂક્યો છે તે જ સાધુ કહેવાય છે.

गोला रूवगं –

८५२. उल्लो सुक्को य दो छूढा, गोलया मट्टियामया ।
दो वि आवडिया कुड्डे, जो उल्लो सोऽत्थ लग्गई ।।

एवं लग्गन्ति दुम्मेहा, जे नरा कामलालसा ।
विरत्ता उ न लग्गन्ति, जहा सुक्को उ गोलए ।।

– उत्त. अ. २५, गा. ४०-४१

ગોળાનું રૂપક -

८५२. જેમ એક ભીનો અને એક સૂકો એમ બે માટીના ગોળા ફેંક્યા. તે બન્ને ભીંત ઉપર અથડાયા. જે ભીનો હતો તે ત્યાં જ ચોંટી ગયો.

એ દૃષ્ટાંત અનુસાર જે મનુષ્ય દુર્બુદ્ધિ અને કામભોગોમાં આસક્ત છે તે વિષયોમાં ચોંટી જાય છે. વિરક્ત સાધક સૂકા ગોળાની જેમ ચોંટતો નથી.

भोगनियट्टी कुज्जा –

८५३. अधुवं जीवियं नच्चा, सिद्धिमग्गं वियाणिया ।
विणियट्टेज्ज भोगेसु, आउं परिमियमप्पणो ।।

– दस. अ. ८, गा. ३४

ભોગોથી નિવૃત્ત બનો -

८५३. હે સાધુઓ ! આ તમારું જીવન અસ્થિર છે, (આયુષ્ય અલ્પ છે,) અને (રત્નત્રયરૂપી) મોક્ષમાર્ગ નિત્ય છે, એમ જાણી તેની આરાધના માટે કામભોગોથી નિવૃત્ત થવું જોઈએ.

मणुण्णामणुण्णेसु काम-भोगेसु राग-दोस-णिग्गहो कायव्वो –

८५४. जे विण्णवणाहिऽज्झोसिया,
संतिण्णेहि समं वियाहिया ।
तम्हा उड्ढं ति पासहा,
अदक्खू कामाइं रोगवं ।।

अग्गं वणिएहिं आहियं,
धारेंती राईणिया इहं ।
एवं परमा महव्वया,
अक्खाया उ सराइभोयणा ।।

जे इह सायाणुगा णरा,
अज्झोववन्ना कामेसु मुच्छिया ।
किवणेण समं पगब्भिया,
न वि जाणंति समाहिमाहियं ।।

મનોજ્ઞ-અમનોજ્ઞ કામભોગોમાં રાગદ્વેષનો નિગ્રહ કરવો જોઈએ -

८५४. જે પુરુષો સ્ત્રીઓમાં આસક્ત નથી તેઓ મુક્ત પુરુષ જેવા છે. તેથી કામભોગોને રોગ સમાન જાણીને ઉપર મોક્ષ તરફ જ જુઓ.

જેમ વેપારી દૂર દેશથી ઉત્તમ રત્નો અને વસ્ત્રો વગેરે લાવે છે તેને રાજા મહારાજાદિ ધારણ કરે છે, તે જ પ્રમાણે આચાર્ય દ્વારા ઉપદિષ્ટ રાત્રિભોજનવિરમણ સહિત પાંચ મહાવ્રતો સાધુ પુરુષો જ ધારણ કરે છે. (અન્ય લોકો ધારણ કરી શકતા નથી.)

આ લોકોમાં જે પુરુષો સુખની પાછળ ભમે છે, તથા સમૃદ્ધિ, રસ અને સાતાગૌરવમાં મૂર્છિત છે, તેઓ ઈન્દ્રિયોથી પરાજિત દીન પુરુષ સમાન ધૃષ્ટતાપૂર્વક કામસેવન કરે છે. એવા માણસો ભગવાન દ્વારા ઉપદિષ્ટ સમાધિને સમજતા નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वाहेण जहा व विच्छते,
अबले होइ गवं पचोइए।
से यंतसो अप्पथामए,
नातिवहति अबले विसीयति ।।

જેમ ગાડીવાન ચાબૂક મારીમારીને બળદને દુર્બળ કરે છે તેથી તે વિષમ માર્ગ કાપી શકતો નથી, અર્થાત્ કીચડ આદિમાં ફસાઈ કલેશ પામે છે. અને પરાક્રમહીન અને બળહીન હોવાના કારણે વિષમ માર્ગમાં કષ્ટ પામે છે, પરંતુ ભાર વહન કરવામાં સમર્થ થતો નથી.

एवं कामेसणविद्,
अज्ज सुए पयहेज्ज संथवं ।
कामी कामे ण कामए,
लद्धे वा वि अलद्ध कन्हुई ।।

તે પ્રમાણે કામભોગના અન્વેષણમાં નિપુણ પુરુષ આજ કાલમાં કામભોગ છોડી દઈશ એવો માત્ર વિચાર કરે છે, પરંતુ તે છોડી શકતો નથી. માટે કામભોગની ઈચ્છા જ કરવી નહિ, અને મળેલા કામભોગને ન મળ્યા બરાબર જાણી તેઓથી નિઃસ્પૃહી બની જવું જોઈએ.

मा पच्छ असाहुया भवे,
अच्चेही अणुसास अप्पगं ।
अहियं च असाहु सोयती,
से थणती परिदेवती बहुं ।।

પાછળથી અસાધુતા (શોક-સંતાપ) ન થાય એવો વિચાર કરી (વિષય-સેવનથી પોતાના આત્માને દૂર કરો અને) શિક્ષા આપો કે હે આત્મન્ ! અસાધુ પુરુષ કર્મ કરી દુર્ગતિમાં ગયા બાદ શોક કરે છે, બહુ વિલાપ કરે છે.

इह जीवियमेव पासहा,
तरुणए वाससयाउ तुट्टती ।
इत्तरवासे व बुज्झहा,
गिद्धनरा कामेसु मुच्छिया ।।
– सूय. सु. १, अ. २, उ. ३, गा. २-८

(હે મનુષ્યો !) આ મૃત્યુ લોકમાં પહેલાં તો પોતાનું જીવન જુઓ. સો વર્ષના આયુવાળા પુરુષનું જીવન પણ યુવાવસ્થામાં જ નષ્ટ થઈ જાય છે. આ જીવનને થોડા દિવસના નિવાસ જેવું સમજો. (આવી સ્થિતિમાં) ક્ષુદ્ર મનુષ્ય જ કામભોગોમાં મૂર્છિત બને છે.

सव्वे कामभोगा दुहावहा –

સર્વ કામભોગો દુઃખદાયી છે -

८५५. सव्वं विलवियं गीयं, सव्वं नट्टं विडम्बियं ।
सव्वे आभरणा भारा, सव्वे कामा दुहावहा ।।

८५५. બધાં ગીત-ગાન કેવળ વિલાપ છે, બધાં જ નાટ્ય વગેરે વિડંબના છે. બધાં જ આભૂષણ ભારરૂપ છે અને બધાં કામભોગો દુઃખપ્રદ છે.

बालाभिरामेसु दुहावहेसु, न तं सुहं कामगुणेसु रायं ।
विरत्तकामाण तवोधणाणं, जं भिक्खुणं सीलगुणे रयाणं ।।
– उत्त. अ. १३, गा. १६-१७

કામનાઓથી વિરક્ત શીલગુણી, તપસ્વી ભિક્ષુઓને જે સુખ છે, તે (સુખ) અજ્ઞાનીઓને પ્રિય લાગતા દુઃખજનક કામભોગોમાં નથી.

कामभोगाभिकंखी परितप्पइ–

કામભોગાભિલાષી દુઃખી થાય છે -

८५६. कामा दुरतिकम्मा । जीवियं दुप्पडिबूहगं ।
कामकामी खलु अयं पुरिसे से सोयति जूरति तिप्पति पिड्डति परितप्पति ।
आयतचक्खू लोगविपस्सी लोगस्स अहे भागं जाणति, उड्ढं भागं जाणति, तिरियं भागं जाणति ।

८५६. કામભોગોનો ત્યાગ કરવો ઘણો જ દુષ્કર છે. જીવનની એક ક્ષણ પણ વધારી શકાતી નથી.
વિષયાભિલાષી પુરુષ (વિષયોના અભાવમાં) અત્યંત શોક કરે છે, ખેદ પામે છે, સંતાપ કરે છે અને અત્યંત પીડાને અનુભવે છે.
દીર્ઘદર્શી અને સંસારની વિચિત્રતાને જાણનાર પુરુષ લોકના અધોભાગને, ઉર્ધ્વભાગને તથા તીર્છાભાગને જાણે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गढिए अणुपरियट्टमाणे ।
संधिं विदित्ता इह मच्चिएहिं ।

एस वीरे पसंसिते जे बद्धे पडिमोयए ।
– आ. सु. १, अ. २, उ. ५, सु. ९०–९१

કામભોગોમાં આસક્ત પુરુષ સંસારમાં પરિભ્રમ કર્યા કરે છે. આ સંધિ (મરણધર્મા શરીર) ને જાણી વિરક્ત બને.

તે શૂરવીર પ્રસંશનીય છે, તે જ વ્યક્તિ સંસારના બંધનમાં બંધાયેલ પ્રાણીઓને મુક્ત કરે છે.

कामभोगेसु आसत्ति–णिसेहो –

८५७. लद्धे कामे ण पत्थेज्जा, विवेगे एसमाहिए ।
आरियाइं सिक्खेज्जा, बुद्धाणं अंतिए सया ।।
– सूय. सु. १, अ. ९, गा. ३२

८५८. अगिद्धे सद्द–फासेसु, आरंभेसु अणिस्सिते ।
सव्वेतं समयातीतं, जमेतं लवितं बहुं ।।
– सूय. सु. १, अ. ९, गा. ३५

८५९. लद्धा हुरत्था पडिलेहाए आगमेत्ता आणवेज्जा अणासेवणयाए ।
– आ. सु. १, अ. ५, उ. १, सु. १४९(ग)

કામભોગોમાં આસક્તિનો નિષેધ -

૮૫૭. સાધુ પ્રાપ્ત થયેલ કામભોગોની ઈચ્છા ન કરે, તેને જ વિવેક કહ્યો છે. સાધુ આચાર્ય આદિ જ્ઞાનીજનો પાસેથી હંમેશા આચારની શિક્ષા પ્રાપ્ત કરે.

૮૫૮. શબ્દ યાવત્ સ્પર્શમાં અનાસક્ત રહે, તેમ જ સાવદ્ય અનુષ્ઠાન ન કરે. અહીં સાધુ માટે જે સ્વરૂપ કહેવામાં આવ્યું છે તે સંપૂર્ણ-ત્રૈકાલિક છે.

૮૫૯. દીર્ઘદૃષ્ટિથી વિચાર કરીને જુએ કે પ્રાપ્ત થયેલા કામભોગો સેવન કરવા યોગ્ય નથી. તેથી બીજાને સેવન ન કરવાનો ઉપદેશ આપે, અને તેના કટુ પરિણામોનું શિષ્યને જ્ઞાન કરાવે.

कामगुणेसु मुच्छा–णिसेहो –

८६०. जे गुणे से आवट्टे जे आवट्टे से गुणे ।

उड्ढं अहं तिरियं पाईणं पासमाणे रूवाइं पासति, सुणमाणे सद्दाइं सुणेति ।
उड्ढं अहं तिरियं पाईणं मुच्छमाणे रूवेसु मुच्छति, सद्देसु यावि ।

एस लोगे वियाहिए ।
एत्थ अगुत्ते अणाणाए ।

पुणो पुणो गुणासाए वंकसमायारे पमत्ते गारमावसे ।
– आ. सु. १, अ. १, उ. ५, सु. ४१

કામગુણોમાં મૂર્છાનો નિષેધ -

૮૬૦. જે ગુણ (શબ્દાદિ ઈન્દ્રિયોના વિષયો) છે તે આવર્ત અર્થાત્ સંસારના કારણો છે, અને જે આવર્ત છે તે ઈન્દ્રિયોના વિષયો છે.

આ જીવ ઉર્ધ્વ, અધો, તિર્છી અને પૂર્વાદિ દિશાઓમાં વિવિધ રૂપોને જુએ છે. તેમ જ શબ્દોને સાંભળે છે.
ઉર્ધ્વદિશામાં, અધોદિશામાં, તિર્છી દિશામાં અને પૂર્વાદિ દિશાઓમાં, મનોજ્ઞ વસ્તુઓમાં અને મનોજ્ઞ શબ્દોમાં આસક્ત બને છે.
આ આસક્તિ સંસાર કહેવાય છે.
જે શબ્દાદિ વિષયોમાં પોતાના ચિત્તની વૃત્તિનું ગોપન કરતા નથી, તે ભગવાનની આજ્ઞાની બહાર છે.
જે વારંવાર શબ્દાદિ વિષયોમાં આસક્ત બની કુટિલતા-અસંયમનું આચરણ કરે છે તે પ્રમાદી છે. પોતાને ત્યાગી સાધુ કહેવડાવે છે, પણ વાસ્તવમાં તે ગૃહસ્થાવાસમાં જ છે.

सद्दसवणासत्ति–णिसेहो–

८६१. से भिक्खू वा भिक्खुणी वा मुइंगसद्दाणि वा नंदीसद्दाणि वा झल्लरीसद्दाणि वा अण्णतराणि वा तहप्पगाराइं विरूवरूवाइं विततताइं सद्दाइं कण्णसोयपडियाए णो अभिसंधारेज्जा गमणाए ।

શબ્દશ્રવણમાં આસક્તિનો નિષેધ :

૮૬૧. સાધુ કે સાધ્વીએ કોઈ સ્થાને મૃદંગના શબ્દ, તબલાના શબ્દ, ઝાલરના શબ્દ અથવા આ પ્રકારના કોઈપણ વિતતવાદ્યોના શબ્દો સાંભળવાની ઈચ્છાથી તે સ્થાન પર જવું ન જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

से भिक्खू वा भिक्खुणी वा अहावेगतियाइं सद्दाइं सुणेति, तं जहा-वीणासद्दाणि वा, विवंचिसद्दाणि वा, बद्धीसगसद्दाणि वा, तुणयसद्दाणि वा, पवणसद्दाणि वा, तुंबवीणियसद्दाणि वा, ढंकुणसद्दाणि वा, अण्णतराइं वा, तहप्पगाराइं विरूवरूवाणि सद्दाणि ताइं कण्णसोयपडियाए णो अभिसंधारेज्जा गमणाए ।

સાધુ કે સાધ્વીએ કોઈ સ્થાન પર વીણાના શબ્દ, સિતારના શબ્દ, શરણાઈના શબ્દ, તુનક, પણવ-ઢોલ, તંબુરા, ઢંકુણ-(વાદ્ય વિશેષ) વગેરેના શબ્દો તથા તેવા પ્રકારના વિવિધ તત (તન્તુ) પ્રકારના વાદ્યોના શબ્દોને સાંભળવાની ઈચ્છાથી તે સ્થાન પર જવું ન જોઈએ.

से भिक्खू वा, भिक्खुणी वा, अहावेगतियाइं सद्दाइं सुणेति, तं जहा-तालसद्दाणि वा, कंसतालसद्दाणि वा, लत्तियसद्दाणि वा, गोहियसद्दाणि वा,
किरिकिरिसद्दाणि वा, अण्णतराणि वा, तहप्पगाराइं विरूवरूवाइं तालसद्दाइं कण्णसोयपडियाए णो अभिसंधारेज्जा गमणाए ।

સાધુ કે સાધ્વી કોઈ સમયે કોઈ શબ્દ સાંભળવામાં આવે જેમ કે, તાલ, કંસતાલ, મંજીરા, ગોધિકા-ભાંડોના વાદ્યો, કિરકિરિયા-વાંસની ખપાટોથી નિર્મિત વાજિંત્રના શબ્દો તથા તેવા પ્રકારના બીજા કોઈપણ ઘનવાદ્યોના શબ્દો સાંભળવાની ઈચ્છાથી તે સ્થાન પર ન જાય.

से भिक्खू वा भिक्खुणी वा अहावेगतियाइं सद्दाइं सुणेति, तं जहा-संखसद्दाणि वा वेणुसद्दाणि वा वंससद्दाणि वा खरमुहिसद्दाणि वा पिरिपिरियसद्दाणि वा अण्णयराइं तहप्पगाराइं विरूवरूवाइं सद्दाइं झुसिराइं कण्णसोयपडियाए णो अभिसंधारेज्जा गमणाए ।

સાધુ કે સાધ્વી જ્યાં શંખ, વેણુ, વાંસળી, ખરમુખી, પિરિપિરિકાના શબ્દો તથા તેવા પ્રકારના બીજા શુષિર વાદ્યોના શબ્દો થતા હોય ત્યાં સાંભળવાની ઈચ્છાથી તે સ્થાન પર ન જાય.

से भिक्खू वा भिक्खुणी वा अहावेगतियाइं सद्दाइं सुणेति, तं जहा-वप्पाणि वा, फलिहाणि वा-**जाव**-सराणि वा, सरपंतियाणि वा, सरसरपंतियाणि वा, अण्णतराइं वा, तहप्पगाराइं विरूवरूवाइं सद्दाइं कण्णसोयपडियाए णो अभिसंधारेज्जा गमणाए ।

સાધુ કે સાધ્વી કેટલાક પ્રકારના શબ્દો સાંભળે છે જેમકે પાણી ભરેલ જમીન, ખાઈ **યાવત્** સરોવર, સરોવરની પંક્તિ તથા સરોવરની અનેક પંક્તિ તેમ જ તેવી જ બીજી જગ્યા પર થતી કલકલ આદિ શબ્દોની ધ્વનિ વગેરે સાંભળવાની ઈચ્છાથી તે સ્થાન પર ન જાય.

से भिक्खू वा भिक्खुणी वा अहावेगतियाइं सद्दाइं सुणेति, तं जहा-कच्छाणि वा, णूमाणि वा, गहणाणि वा, वणाणि वा, वणदुग्गाणि वा, पव्वयाणि वा, पव्वयदुग्गाणि वा, अण्णतराइं वा, तहप्पगाराइं विरूवरूवाइं सद्दाइं कण्णसोयपडियाए णो अभिसंधारेज्जा गमणाए ।

સાધુ કે સાધ્વી કેટલાક પ્રકારના શબ્દો સાંભળે છે જેમકે જલાશય, ગુફા, ગહન ઝાડી, વન, વનદુર્ગ, પર્વત, પર્વતદુર્ગ ઈત્યાદિ સ્થળોમાં થતા શબ્દોને સાંભળવાની ઈચ્છાથી તે સ્થાન પર ન જાય.

से भिक्खू वा भिक्खुणी वा अहावेगतियाइं सद्दाइं सुणेति, तं जहा-गामाणि वा, नगराणि वा निगमाणी वा, रायहाणाणि वा, आसम-पट्टण-सण्णिवेसाणि वा अण्णतराइं वा तहप्पगाराइं विरूवरूवाइं सद्दाइं णो अभिसंधारेज्जा गमणाए ।

સાધુ કે સાધ્વી કેટલાક પ્રકારના શબ્દો સાંભળે છે જેમકે ગામ, નગર, નિગમ, રાજધાની, આશ્રમ, પટ્ટણ, સન્નિવેશ આદિ સ્થાનોમાં તથા તે પ્રકારના બીજા વિવિધ સ્થળોમાં થતા શબ્દોને સાંભળવાની ઈચ્છાથી તે સ્થાન પર ન જાય.

से भिक्खू वा भिक्खुणी वा अहावेगतियाइं सद्दाइं सुणेति, तं जहा-आरामाणि वा, उज्जाणाणि वा, वणाणि वा, वणसंडाणि वा, देवकुलाणि वा, सभाणि वा, पवाणि वा अण्णतराइं वा तहप्पगाराइं सद्दाइं णो अभिसंधारेज्जा गमणाए ।

સાધુ કે સાધ્વી કેટલાક પ્રકારના શબ્દો સાંભળે છે જેમકે આરામગૃહ, ઉદ્યાન, વન, વનખંડ, દેવકુલ, સભા તથા પરબ અથવા એવા જ કોઈ બીજા સ્થાન પર થતા શબ્દોને સાંભળવાની ઈચ્છાથી તે સ્થાન પર ન જાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

से भिक्खू वा भिक्खुणी वा अहावेगतियाइं सद्दाइं सुणेति, तं जहा-अट्टाणि वा, अट्टालयाणि वा, चरियाणि वा, दाराणि वा, गोपुराणि वा अण्णतराणि वा तहप्पगाराइं सद्दाइं णो अभिसंधारेज्जा गमणाए ।

साधु કે સાધ્વી જ્યારે કેટલાક શબ્દો સાંભળે છે જેમકે અગાસી અથવા અટ્ટાલકમાં, ફરવાના માર્ગોમાં, દરવાજાઓમાં, મુખ્ય દરવાજાઓમાં કે એવા પ્રકારના વિવિધ સ્થાનોમાં થતા શબ્દોને સાંભળવાની ઈચ્છાથી તે સ્થાન પર ન જાય.

से भिक्खू वा भिक्खुणी वा अहावेगतियाइं सद्दाइं सुणेति, तं जहा-तियाणि वा, चउक्काणि वा, चच्चराणि वा चउमुहाणि वा अण्णतराइं वा तहप्पगाराइं सद्दाइं णो अभिसंधारेज्जा गमणाए ।

સાધુ કે સાધ્વી કેટલાક પ્રકારના શબ્દો સાંભળે છે જેમકે ત્રિક (ત્રિભેટા), ચોક, ચોરા તથા ચૌટા આદિ સ્થાનોમાં તેમ જ એવા પ્રકારના અન્ય સ્થાનોમાં થતા શબ્દોને સાંભળવાની ઈચ્છાથી તે સ્થાન પર ન જાય.

से भिक्खू वा भिक्खुणी वा अहावेगतियाइं सद्दाइं सुणेति, तं जहा-महिसकरणट्ठाणाणि वा, वसभकरणट्ठाणाणि वा, अस्सकरणट्ठाणाणि वा, हत्थिकरणट्ठाणाणि वा-**जाव**-कविंजल-करणट्ठाणाणि वा अण्णतराइं वा तहप्पगाराइं विरूवरूवाइं सद्दाइं णो अभिसंधारेज्जा गमणाए।

સાધુ કે સાધ્વી કેટલાક શબ્દો સાંભળે છે જેમકે ભેંસનું સ્થાન, બળદશાળા, અશ્વશાળા, હાથીશાળા **યાવત્** કપિંજલ-પક્ષી આદિનાં રહેવાના સ્થાનો તેમ જ તેવા પ્રકારના અન્ય સ્થાનોમાં થતા શબ્દોને સાંભળવાની ઈચ્છાથી તે સ્થાન પર ન જાય.

से भिक्खू वा भिक्खुणी वा अहावेगतियाइं सद्दाइं सुणेति, तं जहा-महिसजुद्धाणि वा, वसभजुद्धाणि वा, अस्सजुद्धाणि वा, हत्थिजुद्धाणि वा-**जाव**-कविंजलजुद्धाणि वा अण्णतराइं वा तहप्पगाराइं विरूवरूवाइं सद्दाइं णो अभिसंधारेज्जा गमणाए।

સાધુ કે સાધ્વી કેટલાક પ્રકારના શબ્દો સાંભળે છે જેમકે પાડાઓનું યુદ્ધ, સાંઢનું યુદ્ધ તથા બળદો, અશ્વો, હાથી **યાવત્** કપિંજલ વગેરેના યુદ્ધથી થતા શબ્દો અથવા તેવા પ્રકારના (બીજા પશુ પક્ષીઓના લડવાથી કે લડવાના સ્થાનોથી થતા) શબ્દો સાંભળવાની ઈચ્છાથી તે સ્થાન પર ન જાય.

से भिक्खू वा भिक्खुणी वा अहावेगतियाइं सद्दाइं सुणेति, तं जहा-जूहियट्ठाणाणि वा, हयजूहियट्ठाणाणि वा, गयजूहियट्ठाणाणि वा अण्णतराइं वा तहप्पगाराइं विरूवरूवाइं सद्दाइं णो अभिसंधारेज्जा गमणाए।

સાધુ કે સાધ્વી કેટલાક પ્રકારના શબ્દો સાંભળે છે, જેમકે યુથિક સ્થાનોમાં, અશ્વયુથિકસ્થાનોમાં, હાથીયુથિકસ્થાનોમાં અથવા એ જ પ્રકારે અન્ય સ્થાનોમાં થતા શબ્દોને સાંભળવાની ઈચ્છાથી તે સ્થાન પર ન જાય.

से भिक्खू वा भिक्खुणी वा अहावेगतियाइं सद्दाइं सुणेति, तं जहा-अक्खाइयट्ठाणाणि वा, माणुम्माणियट्ठाणाणि वा, महयाहतनट्ट-गीत-वाइत-तंति-तलताल-तुडिय-पडुप्पवाउयट्ठाणाणि वा अण्णतराइं वा तहप्पगाराइं सद्दाइं णो अभिसंधारेज्जा गमणाए।

સાધુ કે સાધ્વી કેટલાક પ્રકારના શબ્દો સાંભળે છે, જેમકે જ્યાં કથા-કહાણી કહેવાતી હોય, માપ-તોલ થતો હોય, જ્યાં મહાન નૃત્ય, ગીત, વાજિંત્ર, વીણા, તાલ, ઢોલ, નગારાં આદિ વાજિંત્રોના શબ્દો થઈ રહ્યા હોય અથવા એવા જ કોઈ બીજા સ્થાનો પર સાંભળવાની ઈચ્છાથી તે સ્થાન પર ન જાય.

से भिक्खु वा भिक्खुणी वा अहावेगतियाइं सद्दाइं सुणेति, तं जहा-कलहाणि वा, डिंबाणि वा, डमराणि वा, दोरज्जाणि वा, वेररज्जाणि वा, विरुद्धरज्जाणि वा अण्णतराइं वा तहप्पगाराइं सद्दाइं णो अभिसंधारेज्जा गमणाए।

સાધુ કે સાધ્વી કેટલાક પ્રકારના શબ્દો સાંભળે છે, જેમકે ઝગડાનાં સ્થાનમાં થતાં શબ્દો, કલહના શબ્દો, શત્રુ સૈન્યના શબ્દ બળવાના શબ્દો, બે રાજયોના વિરોધથી થતાં શબ્દો, વેરના શબ્દો, બે રાજ્ય વિરોધનાં સ્થળ પર થતા શબ્દો તથા તેવા પ્રકારના અન્ય સ્થળો પર થતા શબ્દોને સાંભળવાની ઈચ્છાથી તે સ્થાન પર ન જાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

से भिक्खू वा भिक्खुणी वा अहावेगतियाइं सद्दाइं सुणेति, तं जहा-खुड्डियं दारियं परिवुडं मंडितालंकितं निब्बुज्झमाणिं पेहाए, एगपुरिसं वा वहाए णीणिज्झमाणं पेहाए, अण्णतराइं वा तहप्पगाराइं णो अभिसंधारेज्जा गमणाए।

સાધુ કે સાધ્વી કેટલાક પ્રકારના શબ્દો સાંભળે છે, જેમકે વસ્ત્ર તથા અલંકારોથી વિભૂષિત કરી નાની બાલિકાઓને કે કુમારિકાને (લગ્નાદિ પ્રસંગોના પ્રયોજનથી) ઘણા મનુષ્યોના પરિવાર સાથે (ઘોડા કે હાથી આદિ પર આરૂઢ કરી) લઈ જવાતી દેખી, અથવા કોઈ પુરુષને વધ માટે લઈ જવાતો દેખી, ત્યાં થતા શબ્દો તેમ જ તેવા પ્રકારના કોઈ પણ અન્ય સ્થળોમાં થતા શબ્દોને સાંભળવાની ઈચ્છાથી તે સ્થાન પર ન જાય.

से भिक्खू वा भिक्खुणी वा अण्णतराइं विरूवरूवाइं महुस्सवाइं एवं जाणेज्जा, तं जहा-बहुसगडाणि वा बहुरहाणि वा, बहुमिलक्खुणि वा, बहुपच्चंताणि वा अण्णतराइं वा तहप्पगाराइं विरूवरूवाइं महुस्सवाइं कण्णसोयपडियाए णो अभिसंधारेज्जा गमणाए।

સાધુ કે સાધ્વી વિવિધ પ્રકારના મહોત્સવના સ્થાનોને પણ જાણે, જ્યાં ઘણી ગાડીઓ, ઘણા રથો, ઘણા મલેચ્છો અથવા ઘણા અનાર્ય લોક એકત્રિત થયેલ હોય, તથા તેવા પ્રકારના બીજા વિવિધ ઉત્સવ સ્થાનોમાં શબ્દો સાંભળવાની ઈચ્છાથી તે સ્થાન પર ન જાય.

से भिक्खू वा भिक्खुणी वा अण्णतराइं विरूवरूवाइं महुस्सवाइं एवं जाणेज्जा, तं जहा-इत्थीणि वा पुरिसाणि वा, थेराणि वा, डहराणि वा, मज्झिमाणी वा, आभरणविभूसियाणि वा, गायंताणि वा, वायंताणि वा, णच्चंताणि वा, हसंताणि वा, रमंताणि वा, मोहंताणि वा, विपुलं असणं-**जाव**-साइमं परिभुंजंताणि वा, परिभायंताणि वा विछड्डयमाणाणि वा, विग्गोवयमाणाणि वा, अण्णयराइं वा तहप्पगाराइं विरूवरूवाइं महुस्सवाइं कण्णसोयपडियाए णो अभिसंधारेज्जा गमणाए।

સાધુ કે સાધ્વી વિવિધ પ્રકારોના મહોત્સવોને પણ જાણે, જેમ કે સ્ત્રીઓ પુરુષો, વૃદ્ધો, બાળકો અથવા તરુણો આભૂષણોથી વિભુષિત થઈને ગાતાં બજાવતાં, નાચતાં, હસતાં, રમતાં, ક્રીડા કરતાં, વિપુલ અશન **યાવત્** સ્વાદિમનો ઉપભોગ કરતાં, આપ-લે કરતાં, છાંડતાં, પરસ્પરને વગોવતાં હોય કે એવા પ્રકારના કોઈ પણ મહોત્સવો હોય તો ત્યાં સાંભળવા માટે ન જાય.

से भिक्खू वा, भिक्खुणी वा णो इहलोइएहिं सद्दहिं, णो परलोएहिं सद्देहिं, णो सुतेहिं सद्देहिं, णो असुतेहिं सद्देहिं, णो दिट्ठेहिं सद्देहिं, णो अदिट्ठेहिं सद्देहिं, णो इट्ठेहिं सद्देहिं, णो कंतेहिं सद्देहिं सज्जेज्जा, णो रज्जेज्जा, णो गिज्जेज्जा, णो मुज्झेज्जा, णो अज्झोववज्जेज्जा ।

– आ. सु. २, अ. ११, सु. ६६९-६८७

સાધુ કે સાધ્વી આ લોક સંબંધી શબ્દોમાં, પરલોક સંબંધી શબ્દોમાં દેખીતા શબ્દોમાં કે અણદેખેલા શબ્દોમાં, સાંભળેલા શબ્દોમાં ન સાંભળેલા શબ્દોમાં, ઈષ્ટ અથવા મનગમતા શબ્દોમાં આસક્ત ન થાય, રાગ ન કરે, ગૃદ્ધ ન થાય, મુગ્ધ ન થાય તથા લોલુપ ન થાય.

रुवावलोयणासत्ति णिसेहो –

८६२. से भिक्खू वा भिक्खुणी वा अहावेगइयाइं रूवाइं पासति, तं जहा-गंथिमाणि वा, वेढिमाणी वा, पूरिमाणि वा, संघातिमाणि वा, कट्ठकम्माणि वा, पोत्थकम्माणि वा, चित्तकम्माणि वा, मणिकम्माणि वा, दंतकम्माणि वा, पत्तच्छेज्जकम्माणि वा,

રૂપદર્શનની આસક્તિનો નિષેધ :

८६२. સાધુ કે સાધ્વી અનેક પ્રકારના રૂપને જુએ, જેમ કે, ગ્રંથિત રૂપ ફૂલ આદિને ગૂંથીને બનાવેલ સ્વસ્તિકાદિ, વેષ્ઠિમ રૂપ-વસ્ત્રાદિને વણાવટમાં વણીને બનાવેલ પૂતળી આદિની આકૃતિઓ, પૂરિમ રૂપ-અંદર પૂરીને પુરુષાદિની બનાવેલ આકૃતિ વગેરે, સંઘાતિમ રૂપ-અનેક વસ્તુઓને મેળવીને બનાવેલા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

विविहाणि वा वेढिमाइं अण्णतराइं वा तहप्पगाराइं विरूवरूवाइं चक्खुदंसणवडियाए णो अभिसंधारेज्जा गमणाए।

રૂપો, કાષ્ઠ કર્મ-સુંદર રથ આદિ, પુસ્ત કર્મ-વસ્ત્ર અથવા તાડપત્રના પુસ્તક પર બનાવેલા ચિત્રો વગેરે, મણિકર્મ-વિવિધ વર્ણોના મણિઓથી બનાવેલ સ્વસ્તિકાદિ, દંતકર્મ-હાથીદાંતઆદિથી બનાવેલ સુંદર કલાકૃતિઓ પત્રછેદ્ય કર્મ-પત્રોનું છેદન કરી બનાવેલ રૂપો તથા તેવા પ્રકારના અન્ય રૂપોને જોવા માટે સાધક ન જાય.

एव नेयव्यं जहा सद्दपडिमा सव्वा वाइत्तवज्जा रूवपडिमावि।

– आ. सु. २, अ. १२, सु. ६८९

આ પ્રમાણે જે શબ્દ સંબંધી પ્રતિમામાં ઉપર વર્ણન કરવામાં આવ્યું છે, તે જ પ્રમાણે અહીં ચતુર્વિધ આતોદ્ય-વાદ્યોને છોડી રુપ પ્રતિમાના વિષયમાં પણ જાણવું જોઈએ.

८६३. पासह एगे रूवेसु गिद्धे परिणिज्जमाणे। एत्थ फासे पुणो पुणो।

– आ. सु. १, अ. ५, उ. १, सु. १४९ (घ)

८६३. જેઓ રૂપમાં આસક્ત છે, તેઓ નરકાદિ યોનિમાં વારંવાર ઉત્પન્ન થાય છે. તેને જુઓ.

बालाणं दुक्खाणुभवण-हेउणो –

અજ્ઞાની જીવોના દુઃખાનુભવના હેતુઓ -

८६४. बाले पुण णिहे कामसमणुण्णे असमितदुक्खे दुक्खी दुक्खाणमेव आवट्टं अणुपरियट्टति।

– आ. सु. १, अ. २, उ. ६, सु. १०५ (ख)

८६४. જે અજ્ઞાની છે, કામભોગોમાં આસક્ત છે, ભોગેચ્છા શાંત નહિ થવાના કારણે તે દુઃખી થઈ દુઃખોના ચક્રમાં ભ્રમણ કર્યા કરે છે.

सव्वे एगंत बाला ममत्तजुत्ता–

સર્વ એકાંત બાલ જીવ મમત્વયુક્ત હોય છે :

८६५. जीवियं पुढो पियं इहमेगेसिं माणवाणं खेत्त-वत्थु-ममायमाणाणं। आरत्तं विरत्तं मणिकुंडलं सह हिरण्णेण इत्थियाओ परिगिज्झ तत्थेव रत्ता।

८६५. જે મનુષ્ય, ક્ષેત્ર-જમીન તથા વાસ્તુ-મકાન વગેરેમાં મમત્વ રાખે છે, તે પ્રત્યેક પ્રાણીને પોતાનું જીવન બહુ જ પ્રિય લાગે છે. અજ્ઞાની પ્રાણી રંગબેરંગી વસ્ત્ર, મણિરત્ન, કુંડલ, સોનાચાંદી તથા સ્ત્રીઓના પરિગ્રહમાં આસક્ત બને છે.

ण एत्थ तवो वा दमो वा णियमो वा दिस्सति।

પરિગ્રહી પુરુષમાં તપ, દમ-ઈન્દ્રિયનિગ્રહ કે કોઈ વ્રત નિયમ હોતાં નથી.

संपुण्णं बाले जीविउकामे लालप्पमाणे मूढे विप्परियासमुवेति।

– आ. सु. १, अ. २, उ. ३, सु. ७७ (ख)

તે મૂઢ પ્રાણી અસંયમી જીવનની ઈચ્છા કરે છે, વારંવાર સુખની અભિલાષા કરતા રહે છે. તે ભોગની લાલસાથી વિપરીત પ્રવૃત્તિ કરવાથી સુખીને બદલે દુઃખી જ થાય છે.

आतुराणं परीसहा दुरहियासा–

આતુર વ્યક્તિઓને માટે પરીષહ અસહ્ય હોય છે :

८६६. आतुरं लोगमायाए चइत्ता पुव्वसंजोगं हेच्चा उवसमं वसित्ता बंभचेरंसि वसु वा अणुवसु वा जाणित्तु धम्मं अहा तहा अहेगे तमचाइ कुसीला।

८६६. કામરાગાદિ રૂપ સંસારને યોગ્ય રીતે જાણી સ્નેહીજનોનાં પૂર્વ સંયોગને છોડી, ઉપશમ ધારણ કરી, બ્રહ્મચર્યમાં રત રહી, વસુ (સાધુ) અથવા અનુવસુ (શ્રાવક) ધર્મના વાસ્તવિક સ્વરૂપને જાણવા છતાં પણ કેટલાક કુશીલ વ્યક્તિઓ તે ધર્મનું પાલન કરવા સમર્થ હોતા નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वत्थं पडिग्गहं कंबलं पायपुंछणं विउसिज्ज
अणुपुव्वेण अणधियासेमाणा परीसहे दुरहियासए।

तेओ वस्त्र, पात्र, कंबल, पादप्रोंछ ने छोडी એકપછી એક આવનાર ભારે પરીષહ સહન ન થવાના કારણે મુનિધર્મનો ત્યાગ કરે છે.

कामे ममायमाणस्स इदाणिं वा मुहुत्ते वा अपरिमाणाए भेदे।

વિવિધ કામભોગો પર ગાઢ મમત્વ રાખનાર અસંયમી અંતર્મુહૂર્તમાં અથવા અપરિમિત સમયમાં ક્ષણભંગુર દેહથી વિલીન થઈ શકે છે.

एवं से अंतराइएहिं कामेहिं आकेवलिएहिं अवितिण्णा चेते।

– आ. सु. १, अ. ६, उ. २, सु. १८३

આ રીતે અનેક વિઘ્નોથી પરિપૂર્ણ અને અતૃપ્ત કામભોગોનાં કારણે એ સંસારમાં પરિભ્રમણ કરે છે અને અનંતકાળ સુધી એવી સામગ્રી મેળવવા મથામણ કરતો રહે છે.

कसायकलुसिया कसायं वड्ढंति –

કષાયથી કલુષિત ભાવોનું સંવર્ધન થાય છે -

८६७. कासंकसे खलु अयं पुरिसे, बहुमायी, कडेण मूढे,

८६७. કામભોગોમાં આસક્ત પુરુષ-'મેં આ કાર્ય કર્યું, આ કરીશ.' આ પ્રકારના વિચારથી તે અત્યંત માયા-કપટ કરી બીજાને ઠગે છે.

पुणो तं करेति लोभं, वेरं वड्ढेति अप्पणो ।

તે પોતાના કાર્યોથી જ મૂઢ બની ફરી લોભ કરે છે. જેથી અનેક પ્રાણીઓ સાથે તેની શત્રુતા વધે છે. જે એમ કહુ છું કે માયા તથા લોભનું આચરણ કરનાર વેર વધારે છે. તે શરીરને પુષ્ટ કરવા માટે એમ કરે છે.

जमिणं परिकहिज्जइ इमस्स चेव पडिबूहणताए।

अमराइयइ महासड्ढी । अट्टमेतं तु पेहाए।
अपरिण्णाए कंदति।

– आ. सु. १, अ. २, उ. ५, सु. ९३

કામભોગોમાં અત્યંત આસક્તિ રાખતો હોવાના કારણે પોતાને અમર જાણે છે. તેને તું જો ! તે કેવો આર્ત્ત તથા દુઃખી છે. આમ પરિગ્રહનો ત્યાગ ન કરનાર કંદન કરતો રહે છે.

सयणा न सरणदाया –

સ્વજનો શરણદાતા થતાં નથી -

८६८. माया पिया ण्हुसा भाया, भज्जा पुत्ता य ओरसा ।
नालं ते मम ताणाय, लुप्पन्तस्स सकम्मुणा ।।

८६८. જ્યારે હું પોતાનાં જ અપકર્મોથી પીડિત થાઉં છું, ત્યારે માતા, પિતા, બહેન, ભાઈ, પત્ની કે સગા પુત્રો પણ મદદગાર થતા નથી.

एयमट्ठं सपेहाए, पासे समियदंसणे ।
छिन्दं गेहिं सिणेहं च, न कंखे पुव्वसंथवं ।।

– उत्त. अ. ६, गा. ३–४

સમ્યક્ દર્શનવાળો સાધક પોતાની સ્વતંત્ર બુદ્ધિથી આ હકીકત જાણીને, આસક્તિ તથા સ્નેહનાં બંધનનું છેદન કરે. તેમ જ પોતાના પૂર્વ પરિચિતોની પણ કશી અભિલાષા ન રાખે.

८६९. जे गुणे से मूलट्ठाणे, जे मूलट्ठाणे से गुणे।

८६९. જે ગુણો (શબ્દાદિ વિષયો) છે, તે (કષાયરૂપ સંસારનાં) મૂળ કારણો છે અને જે મૂળ કારણો છે, તે ગુણો છે.

इति से गुणट्ठी महता परितावेणं वसे पमत्ते।

તે વિષયાભિલાષી પ્રાણી પરિતાપથી પ્રમત્ત થઈ (શારીરિક અને માનસિક ઘોર દુઃખોમાં) જીવન વીતાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तं जहा–माता मे, पिता मे, भाया मे, भगिणी मे, भज्जा मे, पुत्ता मे, धूया मे, सुण्हा मे, सुहि–सयण–संगंथ–संथुता मे, विवित्तोवकरण–परियट्टण–भोयण–अच्छायणं मे।

તે હંમેશા એવું વિચારે છે કે "આ મારી માતા, મારા પિતા, મારા ભાઈ, મારી બહેન, મારી પત્ની, મારા પુત્રો, મારી પુત્રી, મારી પુત્રવધૂ, મારા મિત્રો, મારાં સ્વજન, મારા સંબંધી, મારા પરિચિત, મારા વિવિધ ઉપકરણો, મારી ધનસંપત્તિ, મારી ભોજનસામગ્રી, મારાં વસ્ત્ર છે."

इच्चत्थं गढिए लोए वसे पमत्ते।

આ પ્રકારનાં મમત્વના અનેક પ્રપંચોમાં ફસાયેલ પ્રાણી જીવનના અંત સુધી પ્રમાદી બની કર્મથી બંધાય છે.

अहो य राओ य परितप्पमाणे कालाकालसमुट्ठायी संजोगट्ठी अट्ठालोभी आलुंपे सहसक्कारे विणिविट्ठचित्ते एत्थ सत्थे पुणो पुणो।

(એવો પ્રમત્ત અને આસક્ત પ્રાણી) રાત-દિવસ ચિંતા તથા તૃષ્ણાથી વ્યાકુળ રહે છે. કાળ-અકાળ વિચાર કર્યા વિના (કુટુંબ અને ધનાદિમાં) લુબ્ધ બની, (વિષય અને કષાયમાં) ચિત્ત જોડી, કર્તવ્યાકર્તવ્યનું ભાન ભૂલી, દુઃસાહસી બની લૂંટફાટ મચાવે છે તથા વારંવાર અનેક પ્રાણીઓની હિંસા કરે છે.

अप्पं च खलु आउं इहमेगेसिं माणवाणं, तं जहा–सोतपण्णाणेहिं परिहायमाणेहिं, चक्खुपण्णाणेहिं परिहायमाणेहिं, घाणपण्णाणेहिं परिहायमाणेहिं, रसपण्णाणेहिं परिहायमाणेहिं, फासपण्णाणेहिं परिहायमाणेहिं ।

આ સંસારમાં કેટલાક મનુષ્યોનું આયુષ્ય ઘણું થોડું હોય જેમકે-કાનની શક્તિ ક્ષીણ થવાથી, આંખની શક્તિ ક્ષીણ થવાથી, નાકની શક્તિ ક્ષીણ થવાથી, જીભની શક્તિ ક્ષીણ થવાથી, સ્પર્શેન્દ્રિયની શક્તિ ક્ષીણ થવાથી, અલ્પ આયુષ્યમાં તે મરણને શરણ થાય છે.

अभिकंतं च खलु वयं संपेहाए तओ से एगया मूढभावं जणयंति ।

(યુવાન) અવસ્થા જલ્દી પસાર થતી જોઈ તે ચિંતાગ્રસ્ત બને છે અને પછી (વૃદ્ધાવસ્થા આવાથી) તે મૂઢ ભાવને પામે છે.

जेहिं वा सद्धिं संवसति ते व णं एगया णियगापुव्विं परिवदंति, सो वा ते णियगे पच्छा परिवदेज्जा ।

વૃદ્ધની સાથે વસનાર વ્યક્તિઓ તેની નિંદા કરે છે, પછી તે વૃદ્ધ બીજા કુટુંબીજનોની નિંદા કરે છે.

णालं ते तव ताणाए वा सरणाए वा, तुमं पि तेसिं णालं ताणाए वा सरणाए वा।

હે જીવ! આ કુટુંબ તને દુઃખથી બચાવવામાં અને શરણ આપવામાં સમર્થ નથી. એ જ રીતે હે જીવ ! તું પણ તેઓને બચાવવા અને શરણ આપવામાં સમર્થ નથી.

से ण हासाए, ण किड्डाए, ण रतीए, ण विभूसाए।

– आ. सु. १, अ. २, उ. १, सु. ६३–६४

વૃદ્ધાવસ્થામાં આ જીવ હાસ્ય, ક્રીડા, આનંદ ભોગવવાને યોગ્ય અને શૃંગાર-શણગારને લાયક રહેતો નથી.

८७०. जेहिं वा सद्धिं संवसति ते व णं एगया णियगा पुव्विं पोसेंति, सो वा ते णियगे पच्छा पोसेज्जा ।

८७०. જે સ્વજન આદિની સાથે તે રહે છે, તે પહેલાં ક્યારેક તેનુ પોષણ કરે છે, અને તે પણ ત્યારબાદ તે સ્વજનોનું પાલન પોષણ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

णालं ते तव ताणाए वा सरणाए वा, तुमं पि तेसिं णालं ताणाए वा सरणाए वा।

(આવો સ્નેહ સંબંધ હોવા છતાં પણ) તે સ્વજન તમારી રક્ષા કે શરણ માટે સમર્થ નથી. તેમ જ તમે પણ તેની રક્ષા કરવા કે શરણ દેવામાં સમર્થ નથી.

उवादीतसेसेण वा संणिहिसंणिचयो कज्जति इहमेगेसिं माणवाणं भोयणाए।

કેટલાક અસંયતીઓ ઉપભોગ પછી બચેલ વસ્તુઓ અથવા ભોગવ્યા વિનાની વસ્તુઓ બીજાના ઉપભોગ માટે ઉપયોગી થશે તેમ માની રાખી મૂકે છે. તેમાંથી તે કેટલાંક ગૃહસ્થો માટે ભોગભોજન આદિના ઉપયોગમાં લે છે.

ततो से एगया रोगसमुप्पाया समुप्पज्जंति।

(ભોગપભોગનાં કારણે) પાપનાં ઉદયથી તેના શરીરમાં રોગ કે ઉપદ્રવ ઉત્પન્ન થઈ જાય છે.

जेहिं वा सद्धिं संवसति ते व णं एगया णियगा पुव्विं परिहरंति, सो वा ते णियए पच्छा परिहरेज्जा ।

જેની સાથે વસે છે તે કુટુંબીજનો (કોઢના રોગાદિથી પીડિત) થયેલ વ્યક્તિને પહેલાં છોડી દે છે. ત્યારબાદ તે રોગી સ્વયં તે સ્વજનોને છોડી દે છે.

णालं ते तव ताणाए वा सरणाए वा, तुमं पि तेसिं णालं ताणाए वा सरणाए वा।

– आ. सु. १, अ. २, उ. १, सु. ६६ (ख)–६७

હે પુરુષ ! તે સ્વજન તારી રક્ષા કે શરણ માટે સમર્થ નથી. તેમજ તું પણ તેની રક્ષા કરવા કે શરણ દેવા સમર્થ નથી.

८७१. एते जिता भो ! न सरणं,
बाला पंडितमाणिणो ।
हेच्चा णं पुव्वसंजोगं,
सिया किच्चोवदेसगा ।।

८७१. હે શિષ્યો ! આ(અસંવૃત્ત) સાધુ (પરિષહ ઉપસર્ગ રૂપ શત્રુઓથી) પરાજિત છે, (માટે) તે શરણ લેવા યોગ્ય નથી, અથવા શરણ દેવામાં સમર્થ નથી. પોતે અજ્ઞાની હોવા છતાં પણ પોતાને પંડિત માને છે, પૂર્વ સંયોગ (ધનસંપત્તિ) આદિનો ત્યાગ કરીને પણ (બીજા આરંભ પરિગ્રહમાં) આસક્ત છે. વળી ગૃહસ્થોને સાવદ્ય કાર્યો માટે ઉપદેશ આપે છે.

तं च भिक्खू परिण्णाय,
विज्जं तेसु ण मुच्छए।
अणुक्कसे अप्पलीणे,
मज्झेण मुणि जावए।।

વિદ્વાન સંયમી સાધુ તેને (આરંભ પરિગ્રહમાં આસક્ત સાધુને) સારી રીતે જાણીને તેની સાથે પરિચય ન કરે. વસ્તુ-સ્વભાવનું મનન કરનાર મુનિને કદાચ તેનો સંસર્ગ થઈ જાય તો કોઈ પણ પ્રકારનું અભિમાન ન કરતાં, કોઈના પ્રતિ આસક્તિ ન રાખતાં રાગદ્વેષથી રહિત થઈને મધ્યસ્થભાવથી વિચરે.

सपरिग्गहा य सारंभा इहमेगेसि आहियं ।
अपरिग्गहे अणारंभे भिक्खू ताणं परिव्वए।।

– सूय. सु. १, अ. १, उ. ४, गा. १–३

મોક્ષનાં સંબંધમાં કેટલાક મતવાદીઓનું કહેવું છે કે પરિગ્રહ રાખનાર અને આરંભ-હિંસા કરનાર પણ મોક્ષ પામે છે. પરંતુ નિગ્રન્થ ભિક્ષુ અપરિગ્રહી અને અનારંભીના શરણે જાય.

कम्मवेयणकाले न को वि सरणं–

८७२. जे पावकम्मेहिं धणं मणुसा
समाययन्ती अमइं गहाय ।
पहाय ते "पास पयट्ठिए" नरे
वेराणुबद्धा नरयं उवेन्ति ।।

કર્મ વેદતી વેળાએ કોઈ શરણ થતું નથી :

८७२. જે મનુષ્ય અજ્ઞાનને વશ થઈ પાપમય પ્રવૃત્તિઓ કરીને ધન ઉપાર્જન કરે છે- તે જીવ વાસનાની જાળમાં ફસાઈને અનેક કર્મોથી બંધાઈ નરકમાં જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तेणे जहा सन्धि-मुहे गहीए,
सकम्मुणा किच्चइ पावकारी ।
एवं पया पेच्च इहं च लोए,
"कडाण कम्माण न मोक्ख अत्थि"।।

ઘરફોડુ ચોર જેમ છીંડુ પાડવાની જગ્યાએ જ પોતાના દુષ્કર્મોથી પકડાઈ જતાં શિક્ષાને પામે છે, તેમ દરેક જીવ પોતાના કરેલા કૃત્યોનું વળતર આ લોકમાં તેમ જ પરલોકમાં ભોગવે છે, તે ભોગવ્યા વિના છૂટકો જ નથી.

संसारमावन्न परस्स अट्ठा,
साहारणं जं च करेइ कम्मं।
कम्मस्स ते तस्स उ वेय-कांले,
न बन्धवा बन्धुवयं उवेन्ति ।।

જીવ સંસારમાં આવીને પારકા માટે જે સાધારણ કર્મ કરે છે તે કર્મોને ભોગવતી વખતે સ્વજન-બંધુઓ સ્વજનપણું દેખાડતાં નથી અર્થાત્ ફળમાં ભાગ પડાવતા નથી.

वित्तेण ताणं न लभे पमत्ते,
इमंमि लोए अदुवा परत्था ।
दीव-प्पणट्ठे व अणन्त-मोहे
नेयाउयं दट्ठुमदट्ठुमेव ।।

પ્રમત્ત જીવ આ લોક કે પરલોકમાં ધનના આધારે રક્ષણ મેળવી શકતો નથી. દ્વીપ પરથી છૂટો પડી ગયેલ તે મોહરૂપી સમુદ્રમાં ડૂબતો જીવ પાર કરાવનારમાર્ગને જોવાં છતાં જોઈ શકતો નથી.

– उत्त. अ. ४, गा. २-५

अपरिग्रह महाव्रत आराधनानुं फळ-५

अपरिग्गह आराहणफलं –

८७३. इमं च परिग्गह-वेरमण-परिरक्खणट्ठयाए पावयणं भगवया सुकहियं, अत्तहियं, पेच्चाभावियं, आगमेसिभद्दं, सद्धं, नेयाउयं, अकुडिलं, अणुत्तरं, सव्व दुक्ख-पावाणं विओसमणं।

प. सु. २, अ. ५, सु. १२

अपरिग्रह आराधनानुं फळ -

८७३. परिग्रह विरमण व्रतनां परिरक्षण माटे भगवाने आ प्रवचन (उपदेश) करेल छे, जे प्रवचन आत्मा माटे हितकारी छे, आगामी भवोमां उत्तम फळ देनारुं छे, अने भविष्यमां कल्याणकारी छे, शुद्ध छे, न्याययुक्त छे, सरळ छे, उत्कृष्ट छे तथा सर्व दुःख अने पापनो सर्वथा नाश करनार छे.

सुहसायाफलं –

८७४. **प.** सुहसाएणं भंते ! जीवे किं जणयइ?

उ. सुहसाएणं अणुस्सयत्तं जणयइ। अणुस्सुयत्ताए णं जीवे अणुकम्पए अणुब्भडे विगयसोगे चरित्तमोहणिज्जं कम्मं खवेइ।

– उत्त. अ. २९ सु. ३१

सुख-स्पृहा निवारणनुं फळ -

८७४. **प्र.** भंते ! सुख-शाता अर्थात् वैषयिक सुखोनी ईच्छाना निवारणथी जीवने शुं मळे छे?

उ. सुख-शातानुं निवारण करवाथी विषयो तरफ अनासक्त भाव रहे छे. अनुत्सुकतार्थी जीव अनुकंपावाळो, प्रशान्त, शोकरहित बनीने चारित्र-मोहनीय कर्मनो क्षय करे छे.

विणियट्टणाफलं –

८७५. **प.** विणियट्टणयाए णं भंते। जीवे किं जणयइ ?

उ. विणियट्टणयाए णं पावकम्माणं अकरणयाए अब्भुट्ठेइ। पुव्वबद्धाण य निज्जरणयाए तं नियत्तेइ तओ पच्छा चाउरंतं संसारकंतारं वीइवयइ।

– उत्त. अ. २९, सु. ३४

विनिवर्तनानुं फळ -

८७५. **प्र.** भंते ! विनिवर्तनाथी जीवने शुं मळे छे?

उ. विनिवर्तनाथी - मन अने ईन्द्रियोने विषयोथी दूर राखवानी साधनाथी - जीव पापकर्म न करवा तत्पर रहे छे, पूर्वबद्ध कर्मोनी निर्जराथी कर्मने निवृत्त करे छे. त्यारपछी चार अंत(गति) वाळी संसार-अटवीने जल्दी पार करे छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आसक्तिनां प्रायश्चित्त-६

सद्द सवणासत्तिए पायच्छित्त-सुत्ताइं –

८७६. जे भिक्खू १. भेरि-सद्दाणि वा, २. पडह-सद्दाणि वा, ३. मुरव-सद्दाणि वा, ४. मुइंग-सद्दाणि वा, ५. णंदि-सद्दाणि वा, ६. झल्लरी-सद्दाणि वा, ७. वल्लरि-सद्दाणि वा, ८. डमरुय-सद्दाणि वा, ९. मड्डुय-सद्दाणि वा, १०. सद्दुय-सद्दाणि वा, ११. पएस-सद्दाणि वा, १२. गोलुकि-सद्दाणि वा अन्नयराणि वा तहप्पगाराणि विततताणि सद्दाणि कण्णसोय-पडियाए अभिसंधारेइ अभिसंधारेंतं वा साइज्जइ ।

जे भिक्खू १. वीणा-सद्दाणि वा, २. विपंचि-सद्दाणि वा, ३. तुण-सद्दाणि वा, ४. बव्वीसग-सद्दाणि वा, ५. वीणाइय-सद्दाणि वा, ६. तुंबवीणा-सद्दाणि वा, ७. झोडय-सद्दाणि वा, ८. ढंकुण-सद्दाणि वा, अण्णयराणि वा तहप्पगाराणि तताणि सद्दाणि कण्णसोय-पडियाए अभिसंधारेइ अभिसंधारेंतं वा साइज्जइ ।

जे भिक्खू १. ताल-सद्दाणि वा, २. कंसताल-सद्दाणि वा, ३. लित्तिय-सद्दाणि वा, ४. गोहिय-सद्दाणि वा, ५. मकरिय-सद्दाणि वा, ६. कच्छभि-सद्दाणि वा, ७. महति-सद्दाणि वा, ८. सणालिया सद्दाणि वा, ९. वलिया-सद्दाणि वा, अण्णयराणि वा तहप्पगाराणि घणाणि सद्दाणि कण्णसोय-पडियाए अभिसंधारेइ अभिसंधारेंतं वा साइज्जइ ।

जे भिक्खू १. संख-सद्दाणि वा, २. वंस-सद्दाणि वा, ३. वेणु-सद्दाणि वा, ४. खरमुही-सद्दाणि वा, ५. परिलिस-सद्दाणि वा, ६. वेवा-सद्दाणि वा अण्णयराणि वा तहप्पगाराणि झुसिराणि सद्दाणि कण्णसोय-पडियाए अभिसंधारेइ अभिसंधारेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

शब्द श्रवण आसक्तिनां प्रायश्चित्त सूत्रो -

८७६. જે ભિક્ષુ (૧) ભેરીના શબ્દ, (૨) પડઘમના શબ્દ, (૩) ઢોલકનાં શબ્દ, (૪) મૃદંગના શબ્દ, (૫) નંદિ વાજિંત્રના શબ્દ, (૬) ઝાલરના શબ્દ, (૭) વલ્લરીના શબ્દ (૮) ડમરુના શબ્દ, (૯) મડ્ડયના શબ્દ, (૧૦) સદ્દુયના શબ્દ, (૧૧) પ્રદેશના શબ્દ, (૧૨) ગોલુકીના શબ્દ, અનેક એવા અન્ય વિતત વાજિંત્રોના શબ્દ સાંભળવાની ઈચ્છાથી જાય છે, (જવા માટે કહે છે,) જનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ (૧) વીણાના શબ્દ, (૨) વિપંચિના શબ્દ, (૩) તુણકના શબ્દ, (૪) બબ્વીશગના શબ્દ, (૫) વિચિત્ર-વીણાના શબ્દ, (૬) તંબુરાના શબ્દ, (૭) ઝોટકનાં શબ્દ, (૮) ઢંકુણ વાદ્યના શબ્દ- એવા વિવિધ પ્રકારના તત(તંતુ) વાજિંત્રોના શબ્દ સાંભળવાની ઈચ્છાથી જાય છે, (જવા માટે કહે છે,) જનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ (૧) તાલના શબ્દ, (૨) કંસતાલના શબ્દ, (૩) મંજિરાના શબ્દ, (૪) ગોધિકા-ભાંડોના શબ્દ, (૫) મકરિકાના શબ્દ, (૬) કચ્છભિના શબ્દ, (૭) મહતી(વાદ્યવિશેષ)ના શબ્દ, (૮) સનાલિકાના શબ્દ, (૯) વલિકાના શબ્દ-એવા ઘન વાજિંત્રોના શબ્દ સાંભળવાની ઈચ્છાથી જાય છે, (જવા માટે કહે છે,) જનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ (૧) તાલના શબ્દ, (૨) કંસતાલના શબ્દ, (૩) વેણુના શબ્દ, (૪) ખરમુખીના શબ્દ, (૫) પરિલિસના શબ્દ, (૬) વેવાના શબ્દ-એવા શુષિર વાદ્યોના શબ્દ સાંભળવાની ઈચ્છાથી જાય છે, (જવા માટે કહે છે,) જનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

– नि. उ. १७, सु. १३५–१३८

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वप्पाइसु-सद्दसवणासत्तिए पायच्छित्त-सुत्ताइं-

८७७. जे भिक्खू १. वप्पाणि वा, २. फलिहाणि वा, ३. उप्पलाणि वा, ४. पल्ललाणि वा, ५. उज्झराणि वा, ६. णिज्झराणि वा, ७. वावीणि वा, ८. पोक्खराणि वा, ९. दीहियाणी वा, (१०. गुंजालियाणी वा,) ११. सराणि वा, १२. सर-पंतियाणि वा, १३. सर-सर-पंतियाणि वा कण्णसोय-पडियाए अभिसंधारेइ अभिसंधारेंतं वा साइज्जइ ।

जे भिक्खू १. कच्छाणि वा, २. गहणाणि वा, ३. णूमाणि वा, ४. वणाणि वा, ५. वण-विदुग्गाणि वा, ६. पव्वयाणि वा, ७. पव्वय-विदुग्गाणि वा, कण्णसोय-पडियाए अभिसंधारेइ अभिसंधारेंतं वा साइज्जइ ।

जे भिक्खू १. गामाणि वा, २. णगराणि वा, ३. खेडाणि वा, ४. कब्बडाणि वा, ५. मडंबाणि वा, ६. दोणमुहाणि वा, ७. पट्टणाणि वा, ८. आगराणि वा, ९. संवाहाणि वा, १०. सण्णिवेसाणि वा कण्णसोय पडियाए अभिसंधारेइ अभिसंधारेंतं वा साइज्जइ ।

जे भिक्खू १. गाम-महाणि वा, २. णगर-महाणि वा, ३. खेड-महाणि वा, ४. कब्बड-महाणि वा, ५. मडंब-महाणि वा, ६. दोणमुह-महाणि वा, ७. पट्टण-महाणि वा, ८. आगार-महाणि वा, ९. संवाह-महाणि वा, १०. सण्णिवेस-महाणि वा कण्णसोय-पडियाए अभिसंधारेइ अभिसंधारेंतं वा साइज्जइ ।

जे भिक्खू गाम-वहाणि वा-**जाव**-सण्णिवेस-वहाणि वा कण्णसोय-पडियाए अभिसंधारेइ अभिसंधारेंतं वा साइज्जइ।

(जे भिक्खू गाम-दहाणि वा-**जाव**-सण्णिवेस-दहाणि वा कण्णसोय-पडियाए अभिसंधारेइ अभिसंधारेंतं वा साइज्जइ।)

વપ્રાદિ (જળાશય-વિશેષ)ના શબ્દ સાંભળવાનાં પ્રાયશ્ચિત્ત સૂત્રો :

૮૭૭.જે ભિક્ષુ ૧. વપ્ર, ૨. ખાઈ, ૩. કમળ વાવ, ૪. પલ્લવ, ૫. ધોધ, ૬. ઝરણું, ૭. વાવ, ૮. નીલકમળવાવ, ૯. લાંબી વાવ, (૧૦. ગંભીર અને આડી અવળી પાણીની વાવ,) ૧૧. સરોવર, ૧૨. સરોવરની પંક્તિ કે ૧૩. સરોવરપંક્તિઓ તરફથી આવતા શબ્દોને સાંભળવાના સંકલ્પથી જાય છે, (જવા માટે કહે છે,) જનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ ૧. કચ્છ, ૨. ઝાડી, ૩. ગહન ઝાડી, ૪. ઘોર વન, ૫. વનશ્રેણીઓ, ૬. પર્વત, ૭. પર્વત શ્રેણીથી આવતા શબ્દોને સાંભળવાની ઈચ્છાથી જાય છે, (જવા માટે કહે છે,) જનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ ૧. ગ્રામ, ૨. નગર, ૩. ખેડા, ૪. કર્બટ, ૫. મડંબ, ૬. દ્રોણમુખ, ૭. પાટણ, ૮. આકર (ખાણ) ૯. સંવાહ, ૧૦. સન્નિવેશથી આવતા શબ્દોને સાંભળવાના સંકલ્પથી જાય છે, (જવા માટે કહે છે,) જનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ ૧. ગ્રામ ઉત્સવ, ૨. નગર ઉત્સવ, ૩. ખેડા ઉત્સવ, ૪. કર્બટ ઉત્સવ, ૫. મડંબ ઉત્સવ, ૬. દ્રોણમુખ ઉત્સવ, ૭. પાટણ ઉત્સવ, ૮. આકર ઉત્સવ, ૯. સંવાહ ઉત્સવ, ૧૦. સન્નિવેશ ઉત્સવથી આવતા શબ્દોને સાંભળવાના સંકલ્પથી જાય છે, (જવા માટે કહે છે,) જનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ ગ્રામવધ **યાવત્** સન્નિવેશવધથી આવતા શબ્દોને સાંભળવાના સંકલ્પથી જાય છે, (જવા માટે કહે છે,) જનારનું અનુમોદન કર છે.

(જે ભિક્ષુ ગ્રામદાહ **યાવત્** સન્નિવેશદાહથી આવતા શબ્દોને સાંભળવાના સંકલ્પથી જાય છે (જવા માટે કહે છે,) જનારનું અનુમોદન કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जे भिक्खू गाम-पहाणि वा -**जाव**- सण्णिवेस-पहाणि वा कण्णसोय-पडियाए अभिसंधारेइ अभिसंधारेंतं वा साइज्जइ।

જે ભિક્ષુ ગ્રામ-માર્ગ **યાવત્** સન્નિવેશ-માર્ગથી આવતા શબ્દોને સાંભળવાના સંકલ્પથી જાય છે, (જવા માટે કહે છે,) જનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू १. आस-करणाणि वा, २. हत्थि-करणाणि वा, ३. उट्ट-करणाणि वा, ४. गोण-करणाणि वा, ५. महिस-करणाणि वा, ६. सूकर-करणाणि वा, कण्णसोय-पडियाए अभिसंधारेइ अभिसंधारेंतं वा साइज्जइ।

જે ભિક્ષુ ૧. ઘોડા, ૨. હાથી, ૩. ઉંટ, ૪. બળદ, ૫. ભેંસ, ૬. ભૂંડના શબ્દોને સાંભળવાના સંકલ્પથી જાય છે, (જવા માટે કહે છે,) જનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू १. हय-जुद्धाणि वा, २. गय-जुद्धाणि वा, ३. उट्ट-जुद्धाणि वा, ४. गोण-जुद्धाणि वा, ५. महिस-जुद्धाणि वा, (मेंढ-जुद्धाणि वा, कुक्कुड-जुद्धाणि वा, तित्तिर-जुद्धाणि वा, वट्ट-जुद्धाणि वा, लावग-जुद्धाणि वा, अहि-जुद्धाणि वा,) ६. सूकर जुद्धाणि वा कण्णसोय-पडियाए अभिसंधारेइ अभिसंधारेंतं वा साइज्जइ।

જે ભિક્ષુ ૧. ઘોડાના યુદ્ધ, ૨. હાથીઓના યુદ્ધ, ૩. ઊંટોના યુદ્ધ, ૪. બળદોના યુદ્ધ, ૫. પાડાના યુદ્ધ (ઘેટા-યુદ્ધ, કૂકડા-યુદ્ધ, તેતર-યુદ્ધ, બતક-યુદ્ધ, લાવક (પક્ષીવિશેષ) યુદ્ધ, સર્પ-યુદ્ધ), ૬. ભૂંડ-યુદ્ધના શબ્દોને સાંભળવાના સંકલ્પથી જાય છે, (જવા માટે કહે છે,) જનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू १. उज्जूहिया-ठाणाणिवा, (णिज्जूहिया-ठाणाणि वा) २. हयजूहिया-ठाणाणि वा, ३. गयजूहिया ठाणाणि वा, कण्णसोय-पडियाए अभिसंधारेइ अभिसंधारेंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ ૧. માર્ગથી આવતા ગાયોના ગોળા (માર્ગથી જતાં ગાયોના ટોળા) ૨. ઘોડાના ટાળા, ૩. હાથીઓના ટોળાના આવતા શબ્દોને સાંભળવાના સંકલ્પથી જાય છે. (જવા માટે કહે છે) જનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू १. अभिसेय-ठाणाणि वा, २. अक्खाइय-ठाणाणि वा ३. माणुम्माणिय-ठाणाणि वा, ४. महयाहय, ५. णट्ट, ६. गीय, ७. वादिय, ८. तंती, ९. तल, १०. ताल, ११. तुडिय, १२. पडुप्पवाइय-ठाणाणि वा कण्णसोय-पडियाए अभिसंधारेइ अभिसंधारेंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ ૧. અભિષેક સ્થાન, ૨. જુગાર રમવાનું સ્થાન, ૩. માપતોલનું સ્થાન, ૪. જ્યાં જોર જોરથી વાજાં વાગી રહ્યાં હોય એવું સ્થાન, ૫. નૃત્ય, ૬. ગીત, ૭. વાદ્ય, ૮. તંત્રી, ૯. તલ, ૧૦. તાલ, ૧૧. ત્રુટિત, ૧૨. ઘન-મૃદંગ ઈત્યાદિના સ્થાનથી આવતા શબ્દોને સાંભળવાના સંકલ્પથી જાય છે, (જવા માટે કહે છે,) જનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू १. डिंबराणि वा, २. डमराणि वा, ३. खाराणि वा, ४. वेराणि वा, ५. महाजुद्धाणि वा, ६. महासंगामाणि वा, ७. कलहाणि वा, ८. बोलाणि वा कण्णसोय-पडियाए अभिसंधारेइ अभिसंधारेंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ ૧. શત્રુના સૈન્યના, ૨. વિદ્રોહ કરનારના, ૩. કલેશ કરનારના, ૪. વેરભાવ રાખનારના, ૫. મહાયુદ્ધના, ૬. મહાસંગ્રામના, ૭. કલહ..., ૮. ગાળો દેનારના શબ્દોને સાંભળવાના સંકલ્પથી જાય છે, (જવા માટે કહે છે,) જનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू विरूव-रूवेसु महुस्सवेसु इत्थीणि वा, पुरिसाणि वा, थेराणि वा, मज्झिमाणि वा, डहराणि वा, अणलंकियाणि वा, सुअलंकियाणि वा, गायंताणि वा, वायंताणि वा, णच्चंताणि वा, हसंताणि वा, वाएमंताणि वा, मोहंताणि वा विपुलं असणं वा-**जाव**-साइमं वा परिभाएंताणि वा, परिभुंजंताणि वा, कण्णसोय-पडियाए अभिसंधारेइ अभिसंधारेंतं वा साइज्जइ।

જે ભિક્ષુ અનેક પ્રકારના મહોત્સવોમાં સ્ત્રીઓ, પુરુષો, વૃદ્ધો, મધ્યમવયવાળા, બાળકો, અનલંકૃતો, સુઅલંકૃતો, ગાતા, વગાડતા, નાચતા, હસતા, રમતા, મોહ પમાડતા અનેક પ્રકારના અશન **યાવત્** સ્વાદ્ય ખાતા હોય અથવા પરિભોગ કરતા હોય તેવા સ્થાનેથી આવતા શબ્દોને સાંભળવાના સંકલ્પથી જાય છે, (જવા માટે કહે છે,) જનારનું અનુમોદન કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

તેને ચાતુર્માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવ છે.

नि. उ. १७, सु. १३९-१५०

इहलोइयाइ-सद्देसु आसत्तीए पायच्छित्त-सूत्तं -

ઈહલૌકિક આદિ શબ્દોમાં આસક્તિ રાખવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર -

८७८. जे भिक्खू १. इहलोइएसु वा सद्देसु[1] २. परलोइएसु वा सद्देसु, ३. दिट्ठेसु वा सद्देसु, ४. अदिट्ठेसु वा सद्देसु, ५. सुएसु वा सद्देसु, ६. असुएसु वा सद्देसु, ७. विण्णाएसु वा सद्देसु ८. अविण्णाएसु वा सद्देसु सज्जइ, रज्जइ, गिज्झइ, अज्झोववज्जइ, सज्जमाणं वा रज्जमाणं वा गिज्झमाणं वा अज्झोववज्जमाणं वा साइज्जइ।

८७८.જે ભિક્ષુ ૧. ઈહલૌકિક શબ્દોમાં, ૨. પારલૌકિક શબ્દોમાં, ૩. દૃષ્ટ શબ્દોમાં, ૪. અદૃષ્ટ શબ્દોમાં, ૫. શ્રુત શબ્દોમાં, ૬. અશ્રુત શબ્દોમાં, ૭. જ્ઞાત શબ્દોમાં, ૮. અજ્ઞાત શબ્દોમાં આસક્ત, અનુરાગી, ગૃદ્ધ અને અતિગૃદ્ધ થાય છે, (થવા માટે કહે છે,) થનારનું અનુમોદન કરે છે.

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं।

તેને ચાતુર્માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

नि. उ. १७, सु. १५१

गायणाइ करणस्स पायच्छित्त-सुत्तं-

ગાયન આદિ કરવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર -

८७९. भिक्खू १. गाएज्ज वा, २. हसेज्ज वा, ३. वाएज्ज वा, ४. णच्चेज्जंवा, ५. अभिणएज्ज वा, ६. हय-हेसियं वा, ७. हत्थिगुलगुलाइयं वा, ८. उक्किट्ठ-सीहणायं वा करेइ करेंतं वा साइज्जइ।

८७९.જે ભિક્ષુ ૧. ગાયે, ૨. હસે, ૩. વગાડે, ૪. નાચે, ૫. અભિનય કરે, ૬. ઘોડાનો અવાજ, ૭. હાથીની ગર્જના અને ૮. સિંહનાદ કરે છે, (કરાવે છે,) કરનારનું અનુમોદન કરે છે.

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं।

તેને ચાતુર્માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

नि. उ. १७, सु. १३४

मुहाइणा वीणियंकरणस्स पायच्छित्त-सुत्ताइं -

મુખ આદિથી વીણા જેવી આકૃતિ કરવાનાં પ્રાયશ્ચિત્ત સૂત્રો -

८८०. जे भिक्खू मुह-वीणियं करेइ, करेंतं वा साइज्जइ।

८८०.જે ભિક્ષુ મોઢાને વીણા (વાદ્યધ્વનિ) યોગ્ય કરે છે, (કરાવે છે,) કરનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू दंत-वीणियं करेइ, करेंतं वा साइज्जइ।

જે ભિક્ષુ દાંતોને વીણા યોગ્ય કરે છે, (કરાવે છે,) કરનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू उट्ठ-वीणियं करेइ, करेंतं वा साइज्जइ।

જે ભિક્ષુ હોઠને વીણા યોગ્ય કરે છે, (કરાવે છે,) કરનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू नासा-वीणियं करेइ, करेंतं वा साइज्जइ।

જે ભિક્ષુ નાકને વીણા યોગ્ય કરે છે, (કરાવે છે,) કરનારનું અનુમોદન કરે છે.

---

१. ભાષા સુ. ૧૫૧માં અહીં સદ્દેસુનાં સ્થાને રુવેસુ શબ્દ છે. પરંતુ સદ્દેસુ શબ્દ જ યોગ્ય હોવાથી નિશીથ ચુટકા અનુસાર અહી આ સૂત્ર આ પ્રમાણે લીધું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जे भिक्खू कक्ख–वीणियं करेइ, करेंतं वा साइज्जइ।

જે ભિક્ષુ કાંખને વીણા યોગ્ય કરે છે, (કરાવે છે,) કરનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू हत्थ–वीणियं करेइ, करेंतं वा साइज्जइ।

જે ભિક્ષુ હાથને વીણા યોગ્ય કરે છે, (કરાવે છે,) કરનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू नह–वीणियं करेइ, करेंतं वा साइज्जइ।

જે ભિક્ષુ નખોને વીણા યોગ્ય કરે છે, (કરાવે છે,) કરનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू पत्त–वीणियं करेइ, करेंतं वा साइज्जइ।

જે ભિક્ષુ પાંદડાને વીણા યોગ્ય કરે છે,(કરાવે છે,) કરનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू पुप्फ–वीणियं करेइ, करेंतं वा साइज्जइ।

જે ભિક્ષુ ફૂલને વીણા યોગ્ય કરે છે, (કરાવે છે,) કરનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू फल–वीणियं करेइ, करेंतं वा साइज्जइ।

જે ભિક્ષુ ફળને વીણા યોગ્ય કરે છે, (કરાવે છે,) કરનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू बीय–वीणियं करेइ, करेंतं वा साइज्जइ।

જે ભિક્ષુ બીજને વીણા યોગ્ય કરે છે, (કરાવે છે,) કરનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू हरिय–वीणियं करेइ, करेंतं वा साइज्जइ।

જે ભિક્ષુ લીલી વનસ્પતિને વીણા યોગ્ય કરે છે, (કરાવે છે,) કરનારનું અનુમોદન કરે છે.

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं।

नि. उ. ५, सु. ३६–४७

તેને માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

मुहाइणा–वीणियं वायणस्स पायच्छित्त–सुत्ताइं –

મુખ આદિથી વીણા જેવો અવાજ કાઢવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર -

८८१. जे भिक्खू मुह–वीणियं वाएइ, वाएंतं वा साइज्जइ।

૮૮૧.જે ભિક્ષુ મોઢાથી વીણા વગાડે છે, (વગડાવે છે,) વગાડનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू दंत–वीणियं वाएइ, वाएंतं वा साइज्जइ।

જે ભિક્ષુ દાંતથી વીણા વગાડે છે, (વગડાવે છે,) વગાડનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू उट्ठ–वीणियं वाएइ, वाएंतं वा साइज्जइ।

જે ભિક્ષુ હોઠથી વીણા વગાડે છે,(વગડાવે છે,) વગાડનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू नासा–वीणियं वाएइ, वाएंतं वा साइज्जइ।

જે ભિક્ષુ નાકથી વીણા વગાડે છે, (વગડાવે છે,) વગાડનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू कक्ख–वीणियं वाएइ, वाएंतं वा साइज्जइ।

જે ભિક્ષુ કાંખથી વીણા વગાડે છે, (વગડાવે છે,) વગાડનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू हत्थ–वीणियं वाएइ, वाएंतं वा साइज्जइ।

જે ભિક્ષુ હાથથી વીણા વગાડે છે, (વગડાવે છે,) વગાડનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू नह–वीणियं वाएइ, वाएंतं वा साइज्जइ।

જે ભિક્ષુ નખથી વીણા વગાડે છે, (વગડાવે છે,) વગાડનારનું અનુમોદન કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जे भिक्खू पत्त-वीणियं वाएइ, वाएंतं वा साइज्जइ।

જે ભિક્ષુ પાંદડાથી વીણા વગાડે છે, (વગડાવે છે,) વગાડનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू पुप्फ-वीणियं वाएइ, वाएंतं वा साइज्जइ।

જે ભિક્ષુ પુષ્પોથી વીણા વગાડે છે, (વગડાવે છે,) વગાડનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू फल-वीणियं वाएइ, वाएंतं वा साइज्जइ।

જે ભિક્ષુ ફળથી વીણા વગાડે છે, (વગડાવે છે,) વગાડનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू बीय-वीणियं वाएइ, वाएंतं वा साइज्जइ।

જે ભિક્ષુ બીજથી વીણા વગાડે છે, (વગડાવે છે,) વગાડનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू हरिय-वीणियं वाएइ, वाएंतं वा साइज्जइ।

જે ભિક્ષુ લીલી વનસ્પતિથી વીણા વગાડે છે, (વગડાવે છે,) વગાડનારનું અનુમોદન કરે છે.

तं सेवामाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

नि. उ. ५, सु. ४८-५९

તેને માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

वप्पाइ अवलोयणस्स पायच्छित्त-सुत्ताइं -

વપ્રાદિ અવલોકનનાં પ્રાયશ્ચિત્ત સૂત્રો -

८८२. जे भिक्खू वप्पाणि वा-**जाव**- सरसरपंतियाणि वा चक्खुदंसण पडियाए अभिसंधारेइ अभिसंधारेंतं वा साइज्जइ।

८८२.જે ભિક્ષુ વપ્ર **યાવત્** તળાવની પંક્તિઓને જોવાના સંકલ્પથી જાય છે, (જવા માટે કહે છે,) જનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू कच्छाणि वा-**जाव**-पव्वय-विदुग्गाणि वा चक्खुदंसण पडियाए अभिसंधारेइ अभिसंधारेंतं वा साइज्जइ।

જે ભિક્ષુ કચ્છ **યાવત્** પર્વત શ્રેણીને જોવાના સંકલ્પથી જાય છે, (જવા માટે કહે છે,) જનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू गामाणि वा-**जाव**-सण्णिवेसाणि वा चक्खुदंसण पडियाए अभिसंधारेइ अभिसंधारेंतं वा साइज्जइ।

જે ભિક્ષુ ગ્રામ **યાવત્** સન્નિવેશને જોવાના સંકલ્પથી જાય છે, (જવા માટે કહે છે,) જનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू गाम-महाणि वा-**जाव**-सण्णिवेस-महाणि वा चक्खुदंसण पडियाए अभिसंधारेइ अभिसंधारेंतं वा साइज्जइ।

જે ભિક્ષુ ગ્રામ ઉત્સવ **યાવત્** સન્નિવેશ ઉત્સવ જોવાના સંકલ્પથી જાય છે,(જવા માટે કહે છે,) જનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू गाम-वहाणि वा-**जाव**-सण्णिवेस-वहाणि वा चक्खुदंसण-पडियाए अभिसंधारेइ अभिसंधारेंतं वा साइज्जइ।

જે ભિક્ષુ ગ્રામવધ **યાવત્** સન્નિવેશ વધ જોવાના સંકલ્પથી જાય છે, (જવા માટે કહે છે,) જનારનું અનુમોદન કરે છે.

(जे भिक्खू गाम-दहाणि वा-**जाव**-सण्णिवेस-दहाणि वा चक्खुदंसण-पडियाए अभिसंधारेइ अभिसंधारेंतं वा साइज्जइ।)

જે ભિક્ષુ ગ્રામ દાહ **યાવત્** સન્નિવેશ દાહ જોવાના સંકલ્પથી જાય છે, (જવા માટે કહે છે,) જનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू गाम-पहाणि वा-**जाव**-सण्णिवेस-पहाणि वा चक्खुदंसण-पडियाए अभिसंधारेइ अभिसंधारेंतं वा साइज्जइ।

જે ભિક્ષુ ગ્રામ પથ **યાવત્** સન્નિવેશ પથ જોવાના સંકલ્પથી જાય છે, (જવા માટે કહે છે,) જનારનું અનુમોદન કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जे भिक्खू आस-करणाणि वा-**जाव**-सूकर-करणाणि वा चक्खुदंसण-पडियाए अभिसंधारेइ अभिसंधारेंतं वा साइज्जइ।

જે ભિક્ષુ ઘોડા **યાવત્** ભૂંડને શીખવવાના સ્થાનોને જોવાના સંકલ્પથી જાય છે, (જવા માટે કહે છે,) જનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू आस-जुद्धाणि वा-**जाव**-सूकर-जुद्धाणि वा चक्खुदंसण-पडियाए अभिसंधारेइ अभिसंधारेंतं वा साइज्जइ।

જે ભિક્ષુ ઘોડાઓના યુદ્ધને **યાવત્** ભૂંડોના યુદ્ધને જોવાના સંકલ્પથી જાય છે, (જવા માટે કહે છે,) જનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू उज्जुहियाठाणाणि वा-**जाव**-गयजूहियाठाणाणि वा चक्खुदंसण-पडियाए अभिसंधारेइ अभिसंधारेंतं वा साइज्जइ।

જે ભિક્ષુ ગાયોના ટોળાને **યાવત્** હાથીઓના ટોળાને જોવાના સંકલ્પથી જાય છે, (જવા માટે કહે છે,) જનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू अभिसेयट्ठाणाणि वा-**जाव**-पडुप्पवाइयट्ठाणाणि वा चक्खुदंसण-पडियाए अभिसंधारेइ अभिसंधारेंतं वा साइज्जइ।

જે ભિક્ષુ અભિષેક સ્થાન **યાવત્** ગાયન-વાદન ઈત્યાદિના સ્થાનને જોવાના સંકલ્પથી જાય છે, (જવા માટે કહે છે,) જનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू १. कट्ठ-कम्माणि वा, २. चित्त-कम्माणि वा, ३. लेव-कम्माणि वा, ४. पोत्थ-कम्माणि वा, ५. दंत-कम्माणि वा, ६. मणि-कम्माणि वा, ७. सेल-कम्माणि वा, ८. गंथिमाणि वा, ९. वेढिमाणि वा, १०. पुरिमाणि वा, ११. संघतिमाणि वा, १२. पत्तछेज्जाणि वा, १३. विविहाणी वा, १४. वेहिमाणिवा, चक्खुदंसण-पडियाए अभिसंधारेइ अभिसंधारेंतं वा साइज्जइ।

જે ભિક્ષુ ૧. કાષ્ટકર્મ, ૨. ચિત્રકર્મ, ૩. લેપકર્મ, ૪. પુસ્તકકર્મ, ૫. દંતકર્મ, ૬. મણીકર્મ, ૭. શૈલકર્મ, ૮. ગૂંથીને બનાવેલી માળા, ૯. લપેટીને બનાવેલ ગુચ્છો, ૧૦. દોરો પરોવીને બનાવેલી માળા, ૧૧. બે ત્રણ માળાનો બનાવેલો હાર, ૧૨. પાંદડાને વીંધીને બનાવેલી આકૃતિઓ, ૧૩. વિવિધપ્રકારના પુષ્પોની બનાવેલી માળા, ૧૪. ફૂલોને વીંધીને બનાવેલી માળાને જોવાની ઈચ્છાથી જાય છે, (જવા માટે કહે છે,) જનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू डिंबराणी वा-**जाव**-बोलाणि वा चक्खुदंसण-पडियाए अभिसंधारेइ अभिसंधारेंतं वा साइज्जइ।

જે ભિક્ષુ શત્રુના સૈન્ય **યાવત્** ગાળો બોલનારને જોવાની ઈચ્છાથી જાય છે, (જવા માટે કહે છે,) જનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू विरूवरूवेसु महुस्सवेसु इत्थीणि वा-**जाव**-मोहंताणि वा विपुलं असणं पाणं खाइमं साइमं वा परिभाएंताणि वा, परिभुंजंताणि वा चक्खुदंसण-पडियाए अभिसंधारेइ अभिसंधारेंतं वा साइज्जइ।

જે ભિક્ષુ અનેક પ્રકારના ઉત્સવોમાં સ્ત્રીઓના **યાવત્** મોહ પમાડતા, અનેક પ્રકારના અશન, પાન, ખાદ્ય સ્વાદ્ય ખાતા હોય અથવા પરિભોગ કરે છે એવા સ્થાનને જોવાના સંકલ્પથી જાય છે, (જવા માટે કહે છે,) જનારનું અનુમોદન કરે છે.

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं।

તેને ચાતુર્માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

नि. उ. १२, सु. १६-२८

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

राईणं तह तेसिं इत्थियाणं अवलोयणस्स पायच्छित्त-सुत्ताइं

८८३. जे भिक्खू रण्णो खत्तियाणं मुद्दियाणं मुद्धाभिसित्ताणं आगच्छमाणाण वा णिगच्छमाणाण वा पयमवि चक्खुदंसण-वडियाए अभिसंधारेइ अभिसंधारेंतं वा साइज्जइ ।

जे भिक्खू रण्णो खत्तियाणं मुद्दियाणं मुद्धाभिसित्ताणं इत्थीओ सव्वालंकार-विभूसियाओ पयमवि चक्खुदंसण-वडियाए अभिसंधारेइ अभिसंधारेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

नि. उ. ९, सु. ८-९

રાજા અને તેમની રાણીઓને જોવાનાં પ્રાયશ્ચિત્ત સૂત્રો :

૮૮૩.જે ભિક્ષુ શુદ્ધ વંશજ મૂર્ધાભિષિક્ત ક્ષત્રિય રાજાના આવવા-જવાના સમયે તેઓને જોવાના સંકલ્પથી એક પગલું પણ ચાલે છે કે ચાલનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ શુદ્ધ વંશજ મૂર્ધાભિષિક્ત ક્ષત્રિય રાજાની અલંકારોથી વિભૂષિત રાણીઓને જોવાના સંકલ્પથી એક પગલું પણ ચાલે છે કે ચાલનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક અનુદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

इहलोइयाइरूवेसु आसत्तिए पायच्छित्त सुत्तं-

८८४. जे भिक्खू १. इहलोइएसु वा रूवेसु, २. परलोइएसु वा रूवेसु, ३. दिट्ठेसु वा रूवेसु, ४. अदिट्ठेसु वा रूवेसु, ५. सुएसु वा रूवेसु, ६. असुएसु वा रूवेसु, ७. विण्णाएसु वा रूवेसु, ८. अविण्णाएसु वा रूवेसु, सज्जइ रज्जइ गिज्झइ अज्झोववज्जइ, सज्जमाणं वा, रज्जमाणं वा, गिज्झमाणं वा, अज्झोववज्जमाणं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

नि. उ. १२., सु. २९

ઈહલૌકિક આદિ રૂપોમાં આસક્તિ રાખવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :

૮૮૪.જે ભિક્ષુ ૧. ઈહલૌકિક રૂપોમાં, ૨. પરલૌકિક રૂપોમાં, ૩. દૃષ્ટ રૂપોમાં, ૪. અદૃષ્ટ રૂપોમાં, ૫. શ્રુતરૂપોમાં, ૬. અશ્રુતરૂપોમાં, ૭. જ્ઞાતરૂપોમાં, ૮. અજ્ઞાતરૂપોમાં આસક્ત, અનુરાગી, ગૃદ્ધ અને વધારે ગૃદ્ધ થાય છે, (થવા માટે કહે છે) થનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

मत्ताइए अत्तदंसणस्स पायच्छित्त सुत्ताइं –

८८५. जे भिक्खू मत्तए अप्पाणं देहइ देहंतं वा साइज्जइ ।

जे भिक्खू अद्दाए अप्पाणं देहइ देहंतं वा साइज्जइ ।

जे भिक्खू असीए अप्पाणं देहइ देहंतं वा साइज्जइ ।

जे भिक्खू मणीए अप्पाणं देहइ देहंतं वा साइज्जइ ।

जे भिक्खू कुड्डा पाणे अप्पाणं देहइ देहंतं वा साइज्जइ ।

जे भिक्खू तेल्ले अप्पाणं देहइ देहंतं वा साइज्जइ ।

जे भिक्खू महुए अप्पाणं देहइ देहंतं वा साइज्जइ ।

પાત્ર આદિમાં પોતાનું પ્રતિબિંબ જોવાનાં પ્રાયશ્ચિત્ત-સૂત્રો :

૮૮૫.જે ભિક્ષુ પાત્રમાં પોતાનું પ્રતિબિંબ જુવે છે (જોવા માટે કહે છે,) જોનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ અરીસામાં પોતાનું પ્રતિબિંબ જુએ છે, (જોવા માટે કહે છે,) જોનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ તલવારમાં પોતાનું પ્રતિબિંબ જુએ છે, (જોવા માટે કહે છે,) જોનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ મણિમાં પોતાનું પ્રતિબિંબ જુવે છે, (જોવા માટે કહે છે,) જોનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ કુંડાના પાણીમાં પોતાનું પ્રતિબિંબ જુવે છે, (જોવા માટે કહે છે,) જોનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ તેલમાં પોતાનું પ્રતિબિંબ જુવે છે, (જોવા માટે કહે છે,) જોનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ મધમાં પોતાનું પ્રતિબિંબ જુવે છે, (જોવા માટે કહે છે,) જોનારનું અનુમોદન કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जे भिक्खू सप्पिए अप्पाणं देहइ देहंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ ઘીમાં પોતાનું પ્રતિબિંબ જુવે છે, (જોવા માટે કહે છે.) જોનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू फाणिए अप्पाणं देहइ देहंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ ગોળના રસમાં પોતાનું પ્રતિબિંબ જુવે છે, (જોવા માટે કહે છે.) જોનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू मज्जए अप्पाणं देहइ देहंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ મજ્જામાં પોતાનું પ્રતિબિંબ જુવે છે, (જોવા માટે કહે છે,) જોનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू वसाए अप्पाणं देहइ देहंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ ચરબીમાં પોતાનું પ્રતિબિંબ જુવે છે, (જોવા માટે કહે છે,) જોનારનું અનુમોદન કરે છે.

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

તેને ચાતુર્માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

नि. उ. १३, सु. ३१-४१

गंध-जिंघण पायच्छित्त सुत्तं-

ગંધ સૂંઘવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :

८८६. जे भिक्खू अचित्तपइट्ठियं गंधं जिग्घइ जिग्घंतं वा साइज्जइ ।

८८६. જે ભિક્ષુ અચિત્ત પ્રતિષ્ઠિત ગંધ સૂંઘે છે, સુંઘાવડાવે છે, સૂંઘનારનું અનુમોદન કરે છે.

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

તેને ચાતુર્માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

- नि. उ. २, सु. ९

अप्पवियडोदगेण हत्थाइपधोवण पायच्छित्त सुत्तं-

અલ્પ અચિત્ત પાણીથી હાથ ધોવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :

८८७. जे भिक्खू लहुसएण सीओदग-वियडेण वा उसिणोदग-वियडेण वा हत्थाणि वा पायाणि वा कण्णाणि वा अच्छिणी वा दंताणि वा नहाणि वा मुहं वा उच्छोलेज्ज वा पच्छोलेज्ज वा उच्छोलंतं वा पच्छोलंतं वा साइज्जइ ।

८८७. જે ભિક્ષુ ઠંડા પાણી અથવા ગરમ પાણીથી હાથ, પગ, કાન, આંખ, દાંત, નખ કે મુખ (આદિ)નું પ્રક્ષાલન કરે છે, ધોવે છે, પ્રક્ષાલિત કરાવે છે, ધોવરાવે છે, પ્રક્ષાલન કરનારનું અને ધોવનારનું અનુમોદન કરે છે.

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

તેને ચાતુર્માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

- नि. उ. २, सु. २१

कोउहल्ल-वडियाए सव्वकज्जकरणस्स पायच्छित्त सुत्ताइं-

કુતૂહલનાં સંકલ્પથી સર્વ કાર્ય કરવાનાં પ્રાયશ્ચિત્ત સૂત્રો :

८८८. जे भिक्खू कोउहल्ल-वडियाए अण्णयरं तसपाणजाइं,
१. तण-पासएण वा, २. मुंज-पासएण वा,
३. कट्ठ-पासएण वा, ४. चम्म-पासएण वा,
५. वेत्त-पासएण वा, ६. रज्जु-पासएण वा,
७. सुत्त-पासएण वा बंधइ बंधंतं वा साइज्जइ ।

८८८. જે ભિક્ષુ કુતૂહલનાં સંકલ્પથી કોઈ એક ત્રસ પ્રાણીને
૧. તૃણના પાશથી, ૨. ઘાસના પાશથી, ૩. કાષ્ટના પાશથી, ૪. ચર્મના પાશથી, ૫. નેતરના પાશથી, ૬. રજ્જુના પાશથી, ૭. સૂત્રનાં પાશથી બાંધે છે, (બંધાવે છે,) બાંધનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू कोउहल्ल-वडियाए अण्णयरं तसपाणजाइं तण-पासएण वा-**जाव**-सुत्त-पासएण वा बद्धेल्लयं मुयइ, मुयंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ કુતૂહલનાં સંકલ્પથી કોઈ એક ત્રસ પ્રાણીને તૃણ પાશથી **યાવત્** સૂત્ર પાશથી બાંધેલાને મુક્ત કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू कोउहल्ल-वडियाए १. तणमालियं वा, २. मुंजमालियं वा, ३. भेंडमालियं वा,

જે ભિક્ષુ કુતૂહલનાં સંકલ્પથી ૧. તૃણની માળા. ૨. ઘાસની માળા, ૩. ભીંડની માળા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४. मयणमालियं वा, ५. पिंछमालियं वा,
६. दंतमालियं वा, ७. सिंगमालियं वा,
८. संखमालियं वा, ९. हड्डमालियं वा,
१०. कट्ठमालियं वा, ११. पत्तमालियं वा,
१२. पुप्फमालियं वा, १३. फलमालियं वा,
१४. बीयमालियं वा, १५. हरियमालियं वा करेइ,
करेंतं वा साइज्जइ ।

૪. મદનફળની માળા, ૫. પીંછાની માળા,
૬. દાંતની માળા, ૭. શીંગડાની માળા,
૮. શંખની માળા, ૯. હાડકાની માળા,
૧૦. લાકડાની માળા, ૧૧. પત્રની માળા,
૧૨. પુષ્પની માળા, ૧૩. ફળની માળા,
૧૪. બીની માળા, ૧૫. હરિતની માળા કરે છે,
(કરાવે છે.) કરનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू कोउहल्ल-वडियाए तण-मालियं वा-**जाव**-हरिय-मालियं धरेइ धरेंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ કુતૂહલનાં સંકલ્પથી તૃણની માળા **યાવત્** હરિતની માળા ધરે છે, (ધરાવે છે.) ધરનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू कोउहल्ल-वडियाए तण-मालियं वा-**जाव**-हरिय-मालियं वा पिणद्धइ पिणद्धंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ કુતૂહલનાં સંકલ્પથી તૃણની માળા **યાવત્** હરિતની માળા પહેરે છે, (પહેરાવે છે.) પહેરનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू कोउहल्ल-वडियाए १. अयलोहाणि वा,
२. तंबलोहाणि वा, ३. तउयलोहाणि वा,
४. सीसलोहाणि वा, ५. रूप्पलोहाणि वा,
६. सुवण्णलोहाणि वा करेइ, करेंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ કુતૂહલનાં સંકલ્પથી ૧. લોખંડ ધાતુ,
૨. તાંબા ધાતુ, ૩. ત્રપુ ધાતુ, ૪. શીશા ધાતુ,
૫. રુપ્ય ધાતુ, ૬. સુવર્ણ ધાતુ કરે છે, (કરાવે છે.)
કરનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू कोउहल्ल-वडियाए अय-लोहाणि वा-**जाव**-सुवण्ण लोहाणि वा धरेइ धरंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ કુતૂહલનાં સંકલ્પથી લોખંડ **યાવત્** સુવર્ણ ધાતુને ધરે છે, (ધરાવે છે.) ધરનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू कोउहल्ल-वडियाए अय-लोहाणि वा-**जाव**-सुवण्ण लोहाणि वा पिणद्धइ पिणद्धंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ કુતૂહલનાં સંકલ્પથી હાર **યાવત્** સુવર્ણ સૂત્ર પહેરે છે, (પહેરાવે છે.) પહેરનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू कोउहल्ल-वडियाए १. हाराणि वा,
२. अद्धहाराणि वा, ३. एगावलिं वा, ४. मुत्तावलिं
वा, ५. कणगावलिं वा, ६. रयणावलिं वा,
७. कणगाणि वा, ८. तुडियाणि वा, ९. केउराणि वा,
१०. कुण्डलाणि, ११. पट्टाणि वा, १२. मउडाणि वा,
१३. पलंबसुत्ताणि वा, १४. सुवण्णसुत्ताणि वा करेइ,
करेंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ કુતૂહલનાં સંકલ્પથી ૧. હાર, ૨. અર્ધહાર,
૩. એકાવલી, ૪. મુક્તાવલી, ૫. કનકાવલી,
૬. રત્નાવલી, ૭. કટિસૂત્ર, ૮. બાજુબંધ, ૯. કેયુર
(બેરખા)- કડાં, ૧૦. કુંડલ, ૧૧. પટ્ટો, ૧૨. મુગુટ,
૧૩. પ્રલમ્બસૂત્ર (દોરો), ૧૪. સુવર્ણસૂત્ર કરે,
(કરાવે,) કરનારનું અનુમોદન કરે.

जे भिक्खू कोउहल्ल-वडियाए हाराणि वा-**जाव**-सुवण्णसुत्ताणि वा धरेइ धरंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ કુતૂહલનાં સંકલ્પથી હાર **યાવત્** સુવર્ણ સૂત્ર ધરે છે, (ધરાવે છે,) ધરનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू कोउहल्ल-वडियाए हाराणि वा-**जाव**-सुवण्ण सुत्ताणि वा पिणद्धइ पिणद्धंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ કુતૂહલનાં સંકલ્પથી હાર **યાવત્** સુવર્ણ સૂત્ર પહેરે, (પહેરાવે,) પહેરનારનું અનુમોદન કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जे भिक्खू कोउहल्ल-वडियाए १. आईणाणि वा, २. आईणपावरणाणि वा, ३. कंबलाणि वा, ४ कंबलपावरणाणि वा, ५. कोयराणि वा, ६. कोयरपावरणाणि वा, ७. कालमियाणी वा, ८. नीलमियाणि वा, ९. सामाणि वा, १०. मिहासामाणि वा, ११. उद्दाणि वा, १२. उद्दलेस्साणि वा, १३. वग्घाणि वा, १४. विवग्घाणि वा, १५. परवंगाणि वा, १६. सहिणाणि वा, १७. सहिणकल्लाणि वा, १८. खोमाणि वा, १९. दुगूलाणि वा, २०. पणलाणि वा, २१. आवरंताणि वा, २२. चीणाणि वा, २३. अंसुयाणि वा, २४. कणगकंताणि वा, २५. कणगखंसियाणि वा, २६. कणगचित्ताणि वा, २७. कणगविचित्ताणि वा, २८. आभरणविचित्ताणि वा करेइ, करेंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ કુતૂહલનાં સંકલ્પથી १. ચર્મ, २. ચર્મના વસ્ત્ર, ૩. કંબલ, ४. રુંછાવાળા કંબલ, ५. ૩, ६. ૩નાં વસ્ત્ર, ૭. કાળું મૃગ ચર્મ, ૮. લીલું મૃગ ચર્મ, ૯. શ્યામ મૃગ ચર્મ, ૧૦. સાંભર મૃગ ચર્મ, ૧૧. ઊંટની ઉનનાં વસ્ત્ર, ૧૨. ઊંટનીઉનનાં કંબલ, ૧૩. વ્યાઘ્ર ચર્મ, ૧૪. ચીત્તાનું ચર્મ, ૧૫. પરવંગના વસ્ત્ર, ૧૬. સહિણ વસ્ત્ર, ૧૭. સુવાળાં વસ્ત્ર, ૧૮. ક્ષોમ વસ્ત્ર, ૧૯. રેશમી વસ્ત્ર, ૨૦. પણલ વસ્ત્ર, ૨૧. આવરંત વસ્ત્ર, ૨૨. ચીની વસ્ત્ર, ૨૩. અંશુક વસ્ત્ર, ૨૪. સ્વર્ણ જેવી કાંતિવાળા વસ્ત્ર, ૨૫.સ્વર્ણ સૂત્રોથી બનેલા વસ્ત્ર, ૨૬. સુવર્ણ વર્ણવાળા વસ્ત્ર, ૨૭. વિવિધ વર્ણવાળા સ્વર્ણ વસ્ત્ર અને, ૨૮. વિવિધ પ્રકારનાં આભરણ કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू कोउहल्ल-वडियाए आईणाणि वा-**जाव**-आभरणविचित्ताणि वा धरेइ धरंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ કુતૂહલનાં સંકલ્પથી ચર્મ **યાવત્** આભરણ ધરે છે, (ધરાવે છે) ધરનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू कोउहल्ल-वडियाए आईणाणि वा-**जाव**-आभरणविचित्ताणि वा, (पिणद्धइ पिणद्धंतं वा) परिभुंजइ, परिभुंजंतं वा साइज्जइ[1] ।

જે ભિક્ષુ કુતૂહલનાં સંકલ્પથી ચર્મ **યાવત્** આભરણનો પરિભોગ કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

नि. उ. १७, सु. १-१४

તેને ચાતુર્માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

वशीकरण-प्रायश्चित्त - ७

रायवसीकरणाईणं पायच्छित्त-सुत्ताइं-

८८९. जे भिक्खू रायं अत्तीकरेइ अत्तीकरेंतं वा साइज्जइ ।

जे भिक्खू रायं अच्चीकरेइ अच्चीकरेंतं वा साइज्जइ ।

जे भिक्खू रायं अत्थीकरेइ अत्थीकरेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

नि. उ. ४, सु. १, ७, १३

રાજાને વશ કરવા આદિનાં પ્રાયશ્ચિત્ત સૂત્રો :

૮૮૯. જે ભિક્ષુ રાજાને વશમાં કરે છે, (કરાવે છે,) કરનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ રાજાના ગુણોની પ્રશંસા કરે છે, (કરાવે છે,) કરનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ રાજાની પ્રાર્થના કરે છે, (કરાવે છે,) કરનારનું અનુમોદન કરે છે.

તેને માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

---

१. नि. उ. ७, सु. १०-१३

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अंगरक्खगवसीकरणाईणं पायच्छित्त-सुत्ताइं-

८९०. जे भिक्खू रायारक्खियं अत्तीकरेइ अत्तीकरेंतं वा साइज्जइ ।
जे भिक्खू रायारक्खियं अच्चीकरेइ अच्चीकरेंतं वा साइज्जइ ।
जे भिक्खू रायारक्खियं अत्थीकरेइ अत्थीकरेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

-नि. उ. ४, सु. २, ८, १४

अंगरक्षकने वश करवा आदिनां प्रायश्चित्त सूत्रो:

८९०. જે ભિક્ષુ રાજાના અંગરક્ષકને વશ કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.
જે ભિક્ષુ રાજાના અંગરક્ષકના ગુણોની પ્રશંસા કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.
જે ભિક્ષુ રાજાના અંગરક્ષકને પ્રાર્થના કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.

તેને માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

णगररक्खगवसीकरणाईणं पायच्छित्त-सुत्ताइं-

८९१. जे भिक्खू णगरारक्खियं अत्तीकरेइ अत्तीकरेंतं वा साइज्जइ ।
जे भिक्खू णगरारक्खियं अच्चीकरेइ अच्चीकरेंतं वा साइज्जइ ।
जे भिक्खू णगरारक्खियं अत्थीकरेइ अत्थीकरेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

नि. उ. ४, सु. ३, ९, १५

नगररक्षकने वश करवा आदिनां प्रायश्चित्त सूत्रो :

८९१. જે ભિક્ષુ નગરરક્ષકને વશ કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.
જે ભિક્ષુ નગરરક્ષકના ગુણોની પ્રશંસા કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.
જે ભિક્ષુ નગરરક્ષકને પ્રાર્થના કરે છે, (કરાવે છે,) કરનારનું અનુમોદન કરે છે.

તેને માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે

णिगमरक्खगवसीकरणाईणं पायच्छित्त-सुत्ताइं-

८९२. जे भिक्खू णिगमारक्खियं अत्तीकरेइ अत्तीकरेंतं वा साइज्जइ ।
जे भिक्खू णिगमारक्खियं अच्चीकरेइ अच्चीकरेंतं वा साइज्जइ ।
जे भिक्खू णिगमारक्खियं अत्थीकरेइ अत्थीकरेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं

नि. उ. ४. सु. ४, १०, १६

निगम रक्षकने वश करवा आदिनां प्रायश्चित्त सूत्रो :

८९२. જે ભિક્ષુ નિગમ-વ્યાપારી મહાજનના રક્ષકને વશમાં કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.
જે ભિક્ષુ નિગમરક્ષકના ગુણોની પ્રશંસા કરે છે, (કરાવે છે,)કરનારનું અનુમોદન કરે છે.
જે ભિક્ષુ નિગમરક્ષકને પ્રાર્થના કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.

તેને માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

सीमारक्खगवसीकरणाईणं पायच्छित्त-सुत्ताइं-

८९३. जे भिक्खू सीमारक्खियं अत्तीकरेइ अत्तीकरेंतं वा साइज्जइ ।
जे भिक्खू सीमारक्खियं अच्चीकरेइ अच्चीकरेंतं वा साइज्जइ ।
जे भिक्खू सीमारक्खियं अत्थीकरेइ अत्थीकरेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

नि. उ. ४. सु. ४३-४५

सीमारक्षकने वश करवा आदिनां प्रायश्चित्त सूत्रो :

८९३. જે ભિક્ષુ સીમારક્ષકને વશમાં કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.
જે ભિક્ષુ સીમારક્ષકના ગુણોની પ્રશંસા કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.
જે ભિક્ષુ સીમારક્ષકને પ્રાર્થના કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.

તેને માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

देसरक्खगवसीकरणाईणं पायच्छित्त-सुत्ताइं-

८९४. जे भिक्खू देसारक्खियं अत्तीकरेइ अत्तीकरेंतं वा साइज्जइ ।
जे भिक्खू देसारक्खियं अच्चीकरेइ अच्चीकरेंतं वा साइज्जइ ।
जे भिक्खू देसारक्खियं अत्थीकरेइ अत्थीकरेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

नि. उ. ४, सु. ५, ११, १७

देश-रक्षकने वश करवा आदिनां प्रायश्चित्त सूत्रो :

८९४. જે ભિક્ષુ દેશ-રક્ષકને વશમાં કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.
જે ભિક્ષુ દેશ-રક્ષકના ગુણોની પ્રશંસા કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.
જે ભિક્ષુ દેશ-રક્ષકને પ્રાર્થના કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.

તેને માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

सव्वरक्खगवसीकरणाईणं पायच्छित्त-सुत्ताइं-

८९५. जे भिक्खू सव्वारक्खियं अत्तीकरेइ अत्तीकरेंतं वा साइज्जइ ।
जे भिक्खू सव्वारक्खियं अच्चीकरेइ अच्चीकरेंतं वा साइज्जइ ।
जे भिक्खू सव्वारक्खियं अत्थीकरेइ अत्थीकरेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

नि. उ. ४, सु. ६, १२, १८

सर्व रक्षकने वश करवा आदिनां प्रायश्चित्त सूत्रो :

८९५. જે ભિક્ષુ સર્વ-રક્ષકને વશમાં કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.
જે ભિક્ષુ સર્વ-રક્ષકના ગુણોની પ્રશંસા કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.
જે ભિક્ષુ સર્વ-રક્ષકને પ્રાર્થના કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.

તેને માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

गामरक्खगवसीकरणाईणं पायच्छित्त-सुत्ताइं-

८९६. जे भिक्खू गामारक्खियं अत्तीकरेइ अत्तीकरेंतं वा साइज्जइ ।
जे भिक्खू गामारक्खियं अच्चीकरेइ अच्चीकरेंतं वा साइज्जइ ।
जे भिक्खू गामारक्खियं अत्थीकरेइ अत्थीकरेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

नि. उ. ४, सु. ४०-४२

ग्राम-रक्षकने वश करवा आदिनां प्रायश्चित्त सूत्रो :

८९६. જે ભિક્ષુ ગ્રામ-રક્ષકને વશ કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.
જે ભિક્ષુ ગ્રામ-રક્ષકની પ્રશંસા કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.
જે ભિક્ષુ ગ્રામ-રક્ષકને પ્રાર્થના કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.

તેને માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

रण्णारक्खगवसीकरणाईणं पायच्छित्त-सुत्ताइं-

८९७. जे भिक्खू रण्णारक्खियं अत्तीकरेइ अत्तीकरेंतं वा साइज्जइ ।
जे भिक्खू रण्णारक्खियं अच्चीकरेइ अच्चीकरेंतं वा साइज्जइ ।
जे भिक्खू रण्णारक्खियं अत्थीकरेइ अत्थीकरेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

नि. उ. ४, सु. ४६-४८

राज्य-रक्षकने वश करवा आदिनां प्रायश्चित्त सूत्रो :

८९७. જે ભિક્ષુ રાજ્ય-રક્ષકને વશ કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.
જે ભિક્ષુ રાજ્ય-રક્ષકની પ્રશંસા કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.
જે ભિક્ષુ રાજ્ય-રક્ષકને પ્રાર્થના કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.

તેને માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાંચમા મહાવ્રતનું પરિશિષ્ટ-૮

पंचम अपरिग्गह-महव्वयस्स पंचभावणाओ-

८९८. १. सोइंदियरागोवरई,
२. चक्खिंदियरागोवरई,
३. घाणिंदियरागोवरई,
४. जिब्भिंदियरागोवरई,
५. फासिंदियरागोवरई,

— *सम.* २५, *सु.* १

८९९. तस्स इमा पंच भावणाओ चरिमस्स वयस्स होंति परिग्गहवेरमण रक्खणट्ठयाए ।

पढमं-

सोइंदिएण सोच्चा सद्दाइं मणुन्नभद्दगाइं-

प. किं ते ?

उ. वर-मुरय-मुइंग-पणव-दद्दुर-कच्छभि-वीणा-विपंची-वल्लइ-वद्धीसक-सुघोस-नंदि-सूसर-परिवादिणी-वंस-तूणक-पव्वक-तंती-तल-ताल-तुडिय-निग्घोस-गीय-वाइयाइं ।

नड-नट्टक-जल्ल-मल्ल-मुट्ठिक-वेलंबक-कहक-पवक-लासग-आइक्खग-लंख-मंख-तूणइल्ल-तुंब-वीणिय-तालायर-पकरणाणि य बहूणि महुर-सुर- गीत-सुस्सराइं ।

कंची-मेहला-कलाव-पत्तरक-पहेरक-पायजालग-घंटिय-खिंखिणि-रयणोरूजालिय-छुद्दिय-नेउर-मालिय-कणग-नियल-जाल-भूसणसद्दाणि ।

लीला-चंकम्म-माणाणूदीरियाइं, तरुणीजण-हसिय-भणिय-कल-रिभित-मंजुलाइं, गुणवयणाणि व महुर-जणभासियाइं ।

પાંચમા અપરિગ્રહ મહાવ્રતની પાંચ ભાવનાઓ :

८९८. १. શ્રોત્રેન્દ્રિય રાગોપરતિ
२. ચક્ષુરિન્દ્રિય રાગોપરતિ
૩. ઘ્રાણેન્દ્રિય રાગોપરતિ
૪. રસેન્દ્રિય રાગોપરતિ
૫. સ્પર્શેન્દ્રિય રાગોપરતિ

८९९. પરિગ્રહ વિરમણની રક્ષા માટે અપરિગ્રહ મહાવ્રતની આ પાંચ ભાવનાઓ છે.

પ્રથમ ભાવના - શ્રોત્રેન્દ્રિય-સંયમ :

શ્રોત્રેન્દ્રિયથી મનોજ્ઞ અર્થાત્ મધુર લાગે તેવા શબ્દો સાંભળીને (તેમાં આસક્ત ન થવું)

પ્ર. તે શબ્દો કયા કયા છે ?

ઉ. ઉત્તમ મૃદંગ, સામાન્ય મૃદંગ, નાનો ઢોલ, દર્દુરક (વાદ્ય-વિશેષ), કચ્છપી વીણા, વિપંચી વીણા, વલ્લકી (વિશેષ પ્રકારની વીણા), વદ્ધિંસક (એક પ્રકારનું વાદ્ય), સુઘોષા નામનો ઘંટ, બાર પ્રકારના વાજિંત્રો, સુસ્વર પરિવાદિની-એક પ્રકારની વીણા, બંસરી, તૂણક, પર્વક નામનું વાદ્ય, સારંગી, હાથ-મંજિરા, હાથેથી પડાતી તાલી, ત્રુટિત-વાદ્ય- એ બધાંના અવાજને તથા ગીતોને (સાંભળી),...

તથા નાટક કરનાર નટોના, નૃત્ય કરનારના, દોરડા પર ચડી ક્રીડા કરનારના, મલ્લ યુદ્ધ કરનારના, મુષ્ટિ યુદ્ધ કરનારના, વિદુષકોના, કથા કહેનારના, રાસ કરનારના, ગાવાવાળાના, શુભાશુભ ફળ કથન કરનારના, ઊંચા વાંસની ટોચે ચઢીને ખેલ કરનારના, ચિત્રપટ બતાવીને ખેલ કરનારના, તૂણ વગાડનારના, તંબૂર વગાડનારના, મંજિરા વગાડનારના, મધુર સ્વરયુક્ત ગીતરૂપ સ્વરોને (સાંભળીને)....

કમરપટ્ટો, કંદોરો, ગળાનો હાર, પ્રતરક-પ્રહેરક નામના આભૂષણો, ઝાંઝરા, ઘૂઘરા, ઝીણી ઘૂઘરી, રત્ન જડિત સાથળનું આભૂષણ, ક્ષુદ્રિકા નામક આભૂષણ, વિંછિયા, ચરણમાલિકા સ્વર્ણના લંગર અને પાયલના અવાજોને (સાંભળીને)....

તથા લટક મટક કરતી જતી સ્ત્રીઓના આભૂષણોના અવાજને, તરુણ રમણીઓના હાસ્ય, વાર્તાલાપ, મીઠા મધુરા સ્વર ઈત્યાદિ સુંદર અવાજ (સાંભળી)...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अन्नेसु य एवमाइएसु य सद्देसु मणुन्न–भद्दएसु तेसु समणेण न सज्जियव्वं, न रज्जियव्वं, न गिज्झियव्वं, न मुज्झियव्वं, न विनिग्घायं, न आवज्जियव्वं, न लुभियव्वं, न तुसियव्वं, न हसियव्वं, न सइं च, मइं च तत्थ कुज्जा ।

બીજાં પણ આવાં વચન તથા મનોજ્ઞ વચન સાંભળીને, તે મનોજ્ઞ અને મધુર શબ્દોમાં તથા એવા પ્રકારના બીજા શબ્દોમાં સાધુ ન તો રાગ કરે, ન આસક્ત બને, ન તો મુગ્ધ બને, ન ચારિત્રથી ભ્રષ્ટ બને, ન તો લલચાય, ન લોભાય, ન પ્રસન્ન થાય, હસે નહિ, એવા મનોજ્ઞ શબ્દાદિને યાદ ન કરે, તેમ જ વિચારે પણ નહિ.

पुणरवि सोइंदिएण सोच्चा सद्दाइं अमणुन्नपावगाइं ।

એ સિવાય શ્રોત્રેન્દ્રિયથી અમનોજ્ઞ અરુચિકર અશુભ શબ્દ સાંભળી (તેના પ્રત્યે દ્વેષ ન કરે.)

प. किं ते ?

પ્ર. તે શબ્દ ક્યા ક્યા છે ?

उ. अक्कोस–फरुस–खिंसण–अवमाणण–तज्जण–निब्भंछण–दित्तवयण–तासण–उक्कूजिय–रून्न–रडिय–कंदिय–निग्घुट्ठ–रसिय–कलुण–विलवियाइं ।

ઉ. આક્રોશ વચન (ક્રોધમાં બોલાતાં વચન), કઠોર વચન, નિંદાત્મક શબ્દ, અપમાનજનક શબ્દ, તર્જના શબ્દ, નિર્ભર્ત્સના શબ્દ, ક્રોધકારી વચન, ત્રાસજનક વચન, જોરથી બોલાતા અસ્પષ્ટ ધ્વનિ, રુદન શબ્દ, પશુ આદિના ચિત્કારના ધ્વનિ, કરુણાજનક શબ્દોના ધ્વનિ તથા વિલાપના શબ્દો....

अन्नेसु य एवमाइएसु सद्देसु अमणुण्ण–पावएसु तेसु समणेण न रूसियव्वं, न हीलियव्वं, न निंदियव्वं, न खिंसियव्वं, न छिंदियव्वं, न भिंदियव्वं, न वहेयव्वं, न दुगुंछावत्तियाए लब्भा उप्पाएउं ।

આ પ્રમાણે અમનોજ્ઞ તથા અભદ્ર શબ્દોને સાંભળીને રોષ ન કરે, અવજ્ઞા ન કરે, નિંદા ન કરે, લજ્જિત ન કરે, અમનોજ્ઞ અવાજ કરનારનું છેદન ન કરે, ભેદન ન કરે, વધ ન કરે, એવા અનિષ્ટ શબ્દો પ્રત્યે ઘૃણા ન કરે,

एवं सोइंदिय–भावणा–भाविओ भवइ अंतरप्पा । मणुन्नामणुन्न–सुब्भि–दुब्भि–राग–दोसप्पणिहियप्पा साहू मण–वयण–कायगुत्ते संवुडे पणिहितिंदिए चरेज्ज धम्मं ।

આ પ્રમાણે શ્રોત્રેન્દ્રિયની ભાવનાથી ભાવિત સાધુ મનોજ્ઞ તથા અમનોજ્ઞ રૂપ શુભ અને અશુભ શબ્દમાં રાગ-દ્વેષની પ્રણિતિથી રહિત થઈ મન, વચન અને કાયાની શુભાશુભ પ્રવૃત્તિથી સુરક્ષિત બની, સંવરથી ગુપ્તેન્દ્રિય બની ચારિત્ર રૂપ ધર્મનું આચરણ કરે.

बितियं –

બીજી ભાવના-ચક્ષુરિન્દ્રિય-સંવર :

चक्खिंदिएण पासिय रूवाइं मणुन्नाइं भद्दगाइं सचित्ताचित्तमीसगाइं–

ચક્ષુરિન્દ્રિયની મનોજ્ઞ અનુકૂળ સુંદર સચિત્ત અને મિશ્ર દ્રવ્યોને આશ્રિત હોય તેવી રૂપ-આકૃતિઓ જોઈ તેમાં મુનિએ આસક્ત ન થવું.

प. किं ते ?

પ્ર. તે રૂપ ક્યાં ક્યાં છે ?

उ. कट्ठे पोत्थे य चित्तकम्मे लेप्पकम्मे सेले य, दंतकम्मे य पंचहिं वण्णेहिं अणेग–संठाण–संठियाइं गंठिम–वेढिम–पूरिम–संघातिमाणि य मल्लाइं बहुविहाणि य अहिय नयण–मण–सुहकराइं ।

ઉ. તે રૂપ કાષ્ટ પર ચિતરવામાં આવે છે, વસ્ત્રોમાં છપાય છે, કાગળમાં આલેખાય છે, માટીથી ઘડાય છે, પથ્થર પર કોતરાય છે, હાથીદાંત પર કોતરાય છે-આ પ્રમાણે સર્વ પદાર્થો પર આકારીને અંકિત કરાય છે. પાંચ રંગો લગાડીને બહુ આકર્ષક બનાવાય છે. માળાની જેમ ગુંથીને બનાવવામાં આવે છે. પુષ્પના દડાની જેમ જે વેષ્ટિત કરેલું હોય છે. કોડી આદિ પરોવીને આકાર બનાવ્યા હોય, એમ અનેક પ્રકારની માળાઓનો વગેરે રૂપ, આંખ અને મનને આકર્ષિત કરતા હોય છે. (માટે તેને જોઈ રાગ ઉત્પન્ન ન કરે.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वणसंडे पव्वते य गामागर-नगराणि य
खुद्दियपुक्खरिणि-वावी-दीहिय-लपं-गुंजालिय-
सरसरपंतिय-सागर-बिलपतिय-खादिय-नदी-सर-
तलाग-वप्पिणी-फुल्लुप्पल-पउम-परिमंडियाभिरामे,
अणेग-सउण-गण-मिहुण-विचरिए ।

તે જ પ્રમાણે વનખંડ, પર્વતો, ગામ, આકાર, નગર, નાનાં જલાશય, કમળોથી યુક્ત વાવ, ગોળાકાર વાવ, લાંબી વાવ, તળાવોના સમૂહ, સાગર, કૂવા, ખાઈ, નદીઓ, સર, તળાવડી, પાણીની ક્યારીઓ, જે વિકસિત કમળોથી ઘેરાયેલાં સુશોભિત હોય, જે મનને પ્રફુલ્લિત બનાવતા હોય, જેમાં અનેક (હંસ, સારસ, આદિ) પક્ષીઓના યુગલ વિચરતા હોય...

वरमंडव-विविह-भवण-तोरण-चेतिय-देवकुल-
सभप्पवावसह-सुकय-सयणासण-सीय-रह-सयण-
जाण-जुग्ग-संदण-नर-नारिगणे य, सोम-
पडिरूव-दरिसणिज्जे अलंकिय-विभूसिए,
पुव्वकय-तवप्पभाव-सोहग्ग-संपउत्ते ।

શ્રેષ્ઠ મંડપ, અનેક પ્રકારના ભવન, તોરણ, ચૈત્ય, દેવળ, સભા, પ્રપા(પાણીની પરબ), આવસથ, શયનસ્થાન, આસન, પાલખી, રથ, ગાડી, યાન, યુગ્મ-અશ્વ આદિ વાહન, ઘૂઘરાવાળા રથ, તથા આકર્ષક, દર્શનીય, આભૂષણોથી અલંકૃત, સુંદર વસ્ત્રોથી વિભૂષિત, પૂર્વકૃત તપના પ્રભાવથી પ્રાપ્ત થયેલ સૌભાગ્યવાલા નર-નારીઓના સમૂહને, એ સૌને જોઈને....

नड-नट्टग-जल्ल-मल्ल-मुट्ठिय-वेलंबग-कहग-
पवग- लासग-आइक्खग-लंख-मंख-तूणइल्ल-
तुम्बवीणिय-तालायर-पकरणाणि य बहूणि
सुकरणाणि ।

તથા નટ, નર્તક, જલ્લ, મલ્લ, મૌષ્ટિક, વિદુષક, કથાકાર, પ્લવક, રાસ રમવાવાળા, આખ્યાયિક, લંખ, મંખ, તુણિક, તુંબવીણિક, અને તાલાચર એ સર્વના મનોહર સુંદર ક્રિયાયુક્ત વ્યાપાર જોઈ....

अन्नेसु य एवमाइएसु रूवेसु मणुन्नभद्दएसु तेसु समणेण न सज्जियव्वं, न रज्जियव्वं-**जाव**-न सइं च, मइं च तत्थ कुज्जा ।

તથા એ જ પ્રકારના બીજા અન્ય મનોજ્ઞ ભદ્ર રૂપ જોઈને સાધુ તેમાં આસક્ત ન બને **યાવત્** તેનું સ્મરણ કે વિચાર પણ ન કરે.

पुणरवि चक्खिंदिएण पासियरूवाइं अमणुन्न - पावकाइं-

એ જ પ્રમાણે ચક્ષુરિન્દ્રિયના અમનોજ્ઞ, અશુભ રૂપોને જોઈ (તેના પ્રત્યે દ્વેષ ન કરે.)

प. किं ते ?

પ્ર. તે અમનોજ્ઞ રૂપ ક્યાં ક્યાં છે?

उ. गंडि-कोढिक-कुणि-उदरि-कच्छुल्ल-पइल्ल-कुज्ज-पंगुल-वामण-अंधिल्लग-एगचक्खु-विणिहय-सप्पि-सल्लग-वाहिरोगपीलियं विगयाणि य मयककलेवराणि सकिमिणकुहियं च दव्वरासिं ।

ઉ. કંઠમાળના રોગી, કુષ્ટ રોગી, ઠૂંઠા, ઉદરરોગી, ખરજના રોગી, હાથીપગાના રોગી, કુબડા, લૂલા, વામન, અંધ, કાણિયા, વિનિહત, વાંકા વળેલ, શૂળરોગી, આદિ વ્યાધિ અને રોગોથી પીડિત, તેમ જ વિકૃત થયેલ મૃત શરીર, કૃમિ સહિત સડતા દુર્ગંધ યુક્ત પદાર્થને...

अन्नेसु य एवमाइएसु अमणुन्नपावएसु तेसु समणेण न रूसियव्वं-**जाव**-न दुगुंछा-वत्तियाए लब्भा उप्पातेउं ।

અથવા આ સિવાય અન્ય અમનોજ્ઞ અશુભ પદાર્થ જોઈને તેના પર સાધુ દ્વેષ ન કરે **યાવત્** મનમાં જુગુપ્સા ભાવ ન રાખે.

एवं चक्खिंदियभावणभाविओ भवइ अंतरप्पा-**जाव**-चरेज्ज धम्मं ।

આ પ્રમાણે ચક્ષુરિન્દ્રિયની ભાવનાથી ભાવિત અંતઃકરણવાળો મુનિ **યાવત્** ચારિત્ર ધર્મનું આચરણ કરે.

ततियं-

ત્રીજી ભાવના-ઘ્રાણેન્દ્રિય સંયમ :

घाणिंदिएण अग्घाइए गंधाइं मणुन्न भद्दगाइं-

ઘ્રાણેન્દ્રિયથી મનોજ્ઞ સુગંધી ગંધને સૂંઘીને (તેમાં રાગ ન કરવો.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. किं ते ?

उ. जलय-थलय-सरस-पुप्फ-फल-पाण-भोयण-कुट्ठ-तगर-पत्त-चोय-दमणक-मरुय-एलारस-पक्कमंसि-गोसीस-सरस-चंदण-कप्पूर-लवंग-अगर-कुंकुम-कक्कोल-उसीर-सेयचंदण-सुगंध-सारंग-जुत्तिवरधुववासे, उडय-पिंडिय-निहारिम गंधिएसु ।

પ્ર. તે મનોજ્ઞ ગંધ કઈ કઈ હોય છે ?

ઉ. જલમાં, સ્થળમાં ઉત્પન્ન થતાં સુગંધી ફૂલોની, રસદાર ફળ, પાન, ભોજન, સુગંધિત દ્રવ્ય, ધૂપ, તમાલપત્ર, ચોય-સુગંધિત વૃક્ષની છાલની, દમનક-ડમરાની, ઈલાયચીના રસની, જટામાંસી, ગૌશીર્ષ ચંદનની, કપુરની, લવીંગની, અગરની, કેશરની, કંકોલફૂલની, ઉશીર-ખસની, શ્વેત ચંદનની તથા જેમાં સુગંધી દ્રવ્યોનું સંમિશ્રણ થયું હોય એવા ઉત્તમ પ્રકારના ધૂપની સુગંધ સૂંઘીને (તેમાં રાગભાવ ન કરે.)

अन्नेसु य एवमाइएसु गंधेसु मणुन्न-भद्दएसु तेसु समणेण न सज्जियव्वं-**जाव**-न सइं च, मइं च तत्थ कुज्जा ।

તેમ જ તેવા જ અન્ય મનોજ્ઞ ભદ્ર ગંધવાળા પદાર્થની પ્રિય લાગે તેવી સુગંધના વિષયમાં સાધુ આસક્તિ ન કરે **યાવત્** તેને યાદ ન કરે તથા તેનો વિચાર પણ ન કરે.

पुणरवि घाणिंदिएण अग्घाइय गंधाइ अमणुन्न पावगाइं-

તે જ પ્રમાણે ઘ્રાણેન્દ્રિયને અણગમતી દુર્ગંધ પ્રત્યે (દ્વેષ ન કરવો.)

प. किं ते ?

उ. अहिमड-अस्समड-हत्थिमड-गोमड-विग-सुणग-सियाल-मणुय-मज्जार-सीह-दीविय-मय-कुहिय-विणट्ठ-किविण-बहुदुरभिगन्धेसु ।

પ્ર. દુર્ગધયુક્ત પદાર્થ કયા કયા છે ?

ઉ. મરેલો સર્પ, ઘોડાનું મૃત શરીર, હાથીનું મૃત શરીર, ગાયનું મૃત શરીર, વરુનું મૃત શરીર, કૂતરાનું, શિયાળનું, મનુષ્યનું, બિલાડીનું, સિંહ અને ચિત્તા આદિનું મૃત શરીર જ્યારે સડે છે, તેમાં કીડા પડે છે, ત્યારે દૂર દૂર સુધી ફેલાયેલી દુર્ગંધ.

अन्नेसु य एवमाइएसु गंधेसु अमणुन्न-पावएसु तेसु समणेण न रूसियव्वं-**जाव**-न दुगुंछावत्तियाए लब्भा उप्पाएउं ।

તથા એવા જ પ્રકારની બીજી પણ અમનોજ્ઞ અને અશુભ દુર્ગંધના વિષયમાં સાધુએ દ્વેષ ન કરવો **યાવત્** જુગુપ્સા આદિ ન કરવી.

एवं घाणिंदिय भावणा-भाविओ भवइ अंतरप्पा-**जाव**-चरेज्ज धम्मं ।

આ પ્રમાણે ઘ્રાણેન્દ્રિયની ભાવનાથી ભાવિત અંત: કરણવાલો મુનિ **યાવત્** ચારિત્રરૂપ ધર્મનું આચરણ કરે.

चउत्थं-

ચોથી ભાવના : રસેન્દ્રિય સંયમ :

जिब्भिंदिएण साइय-रसाणि-मणुन्न-भद्दगाइं-

રસેન્દ્રિયના મનોજ્ઞ, સુંદર રસોના આસ્વાદમાં (આસક્તિ ન કરવી.)

प. किं ते ?

उ. उग्गाहिम-विविहपाण-भोयणेसु गुलकय-खंडकय-तेल्ल-घयकय-भक्खेसु बहुविहेसु लवणरस-संजुत्तेसु दालियंब-सेहंब-दुद्ध-दहिआइं अट्ठारसप्पगारेसु य मणुन्न-वन्न-गंध-रस-फास-बहुदव्व-संभितेसु अन्नेसु य एवमाइएसु रसेसु मणुन्न-भद्दएसु तेसु समणेण न सज्जियव्वं-**जाव**-न सइं च, मइं च तत्थ कुज्जा ।

પ્ર. તે મનોજ્ઞ રસ કયા કયા છે ?

ઉ. તળેલી વસ્તુ, વિવિધ પ્રકારના પકવાન તથા પાન ભોજન, ગોળ, સાકર, તેલ અને ઘીથી બનેલા ભોજ્ય પદાર્થો, બીજા અનેક પ્રકારના મીઠાવાળા રસથી યુક્ત પદાર્થ, કઢી, રાયતા, દૂધ,દહી આદિ અઢાર પ્રકારના શાક, અનેક પ્રકારના ખાદ્ય પદાર્થો, મનોજ્ઞવર્ણ, ગંધ, રસ અને સ્પર્શવાળા, અનેક પ્રકારના દ્રવ્યોમાંથી તૈયાર કરાવેલા ભોજન તેમ જ અન્ય મનોજ્ઞભદ્ર સ્વાદિષ્ટ રસોમાં મુનિ આસક્ત ન બને **યાવત્** તેનું સ્મરણ તથા વિચાર પણ ન કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पुणरवि जिब्भिंदिएण साइय रसाइं अमणुन्न-पावकाइं

તેમ જ રસેન્દ્રિયના અમનોજ્ઞ, અરુચિકર રસોનું આસ્વાદન કરીને તેમાં મુનિ દ્વેષ ન કરે.

प. किं ते ?

उ. अरस-विरस-सीय-लुक्ख-णिज्जप्प-पाण-भोयणाइं दोसीण-वावन्न-कुहिय-पूइय-अमणुन्न-विणट्ठ-पसूय बहुदुब्भिगंधियाइं तित्त-कडुय-कसाय-अंबिलरस-लींद-नीरसाइं-

પ્ર. તે અમનોજ્ઞ રસ કયા કયા છે ?

ઉ. અરસ, વિરસ, ઠંડુ, લુખું, નિર્યાપ્ય-રાત્રિનું વાસી, વિનષ્ટ વર્ણવાળું, સડેલું, દુર્ગંધી, અમનોજ્ઞ ભોજન-પાન તથા અસુંદર દુર્ગંધવાળા, તીખા, કડવા, તુરા, ખાટા, ચટપટા, લીંડા જેવા નિરસ પદાર્થોમાં

अन्नेसु य एवमाइएसु रसेसु अमणुन्न-पावएसु न तेसु समणेण न रूसियव्वं-**जाव**-न दुगुंछावत्तियाए लब्भा उप्पाएउं ।

તેમ જ અન્ય અમનોજ્ઞ તથા અરુચિકર રસોમાં સાધુ દ્વેષ ન કરે **યાવત્** મનમાં જુગુપ્સા-ઘૃણા ન કરે.

एवं जिब्भिदिय-भावणा-भाविओ भवइ अंतरप्पा-**जाव**-चरेज्ज धम्मं ।

આ પ્રમાણે જ્યારે અંતરાત્મા રસેન્દ્રિયની ભાવનાથી ભાવિત થાય છે **યાવત્** ચારિત્રરૂપ ધર્મનું આચરણ કરે.

पंचमगं-

પાંચમી ભાવના - સ્પર્શેન્દ્રિય સંયમ :

पुण फासिंदिएण फासिय फासाउ मणुन्न-भद्दकाइं-

સ્પર્શેન્દ્રિયના મનોજ્ઞ તથા સુંવાળા સ્પર્શોમાં (આસક્તિ ન કરવી.)

प. किं ते ?

उ. दगमंडव-हीर-सेयचंदण-सीयलजल-विमलजल-विविह कुसुम-सत्थर ओसीर-मुत्तिय-मुणाल-दोसिणा-पेहुण-उक्खेवग-तालियंट-वीयणग-जणिय-सुहसीयले य पवणे गिम्हकाले सुह-फासाणि य बहूणि सयणाणि आसणाणि य, पाउरणगुणे य सिसिरकाले अंगारपतावणा य ।

પ્ર. તે મનોજ્ઞ સ્પર્શ કયા કયા છે ?

ઉ. પાણીના ફુવારાવાળા મંડપ, હીરાના હાર, શ્વેત ચંદન, શીતલ નિર્મળ જલ, વિવિધ પ્રકારના પુષ્પો વડે બનાવેલી શૈયા, ખસ, મોતી, કમળનાળ, ચંદ્રમાની ચાંદની, તથા મોરપીંછના બનાવેલા પંખા, તાડપત્રમાંથી બનાવેલ પંખા અને વાંસની સળીઓમાંથી બનાવેલ પંખા આદિના સુખદ શીતળ પવનનો તથા ગ્રીષ્મકાળમાં સુખપ્રદ સ્પર્શવાળા અનેક પ્રકારના શયન અને આસનોનો સ્પર્શ ન કરે. શિયાળામાં શીત દૂર કરનારા અનેક પ્રકારના શયનો અને આસનોનો, ઓઢવાના વસ્ત્રોનો

आयव-निद्ध-मउय-सीय-उसिण-लहुया य, जे उउसुह-फासा अंगसुहनिव्वुइकरा ते-

અગ્નિનાં ઉષ્ણ સ્પર્શનો, સૂર્યના તાપનો, મુલાયમ પદાર્થનો, કોમળ, ઉષ્ણ કે હલકાં પદાર્થોનો તેમ જ ઋતુ પ્રમાણે જે સ્પર્શ સુખરૂપ લાગે તથા મનને આનંદ આપે એવા સરસ સ્પર્શોમાં

अन्नेसु य एवमाइएसु फासेसु मणुन्न-भद्दएसु तेसु समणेण न सज्जियव्वं-**जाव**-न सइं च, मइं च तत्थ कुज्जा ।

તથા તેમ જ ઋતુ પ્રમાણે જે સ્પર્શ સુખરૂપ લાગે તથા અન્ય એવા જ મનોજ્ઞ સુંવાળા રુચિકારક સ્પર્શોમાં મુનિ આસકત ન બને. **યાવત્** તેનું સ્મરણ કે વિચાર પણ ન કરે.

पुणरवि फासिंदिएण फासिय फासाइं अमणुन्न पावकाइं-

એ જ પ્રમાણે સ્પર્શેન્દ્રિય વડે અમનોજ્ઞ અરુચિકર પદાર્થનો સ્પર્શ થતાં તેના પ્રત્યે મુનિ દ્વેષ ન કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. किं ते ?

उ. अणेग-वध-बंध-तालणंकण-अतिभारारोवणए अंग-भंजण-सूती-नखप्पवेस-गायपच्छयण-लक्खाररस-खार-तेल्ल-कलकलंततउअ-सीसक-काललोह-सिंचण-हडिबंधण-रज्जु-निगल-संकल-हत्थंडुय-कुंभिपाक-दहण-सीह-पुच्छन-उब्बंधण-सूलभेय-गयचलण-मलण-कर-चरण-कन्न-नासोट्ठ-सीस-छेयण-जिब्भछेयण-वसण-नयण-हियय-दंत-भंजण-जोत्त-लय-कसप्पहार-पाद-पण्हि-जाणु-पत्थर-निवाय-पीलण-कविकच्छुअगाणि विच्छुय-डंक-वायातव-दंसमसकनिवाते दुट्ठनिसज्ज-दुन्निसीहिया-दुब्भि-कक्खड-गुरु-सीय-उसिण-लुक्खेसु बहुविहेसु-

प्र. અમનોજ્ઞ સ્પર્શવાળા કયા કયા પદાર્થો છે ?

ઉ. તે અનેક પ્રકારના છે, જેમ કે - વધ, બંધન, તાડન, તપેલા લોઢાના સળીયા વડે શરીર પર ડામ દેવા, અતિ ભાર લાદવો, શરીરના અંગનું છેદન-ભેદન કરવું, સોય કે નખ ભોંકવા, વાંસલા આદિથી શરીરનાં અવયવોને છોલવાની ક્રિયા, ગરમ લાખનો રસ, ક્ષારયુક્ત પદાર્થ, તેલ, તપાવેલું સીસું કે કાળું લોહું શરીર પર રેડવાની ક્રિયા, હેડ એટલે બેડીથી હાથકડીમાં બાંધવું, કુંભીમાં પકાવવું, અગ્નિમાં બાળવું, સિંહની પૂંછડીએ બાંધવું, ફાંસીએ લટકાવવું, હાથીના પગ નીચે ચગદાવું, હાથ, પગ, કાન, નાક, હોઠ કે મસ્તકનું છેદન કરવું, જીભનું છેદન કરવું, અંડકોષ, નેત્ર, હૃદય અને દાંત તોડવા, ચામડાની દોરી, નેતરની લતા તથા ચાબૂકથી ફટકારવું, પગ, એડી અને ઘૂંટણ પર પત્થરનું પાડવું, યંત્રમાં પીલવું, ચળ ઉત્પન્ન થાય એવા કૌંચનો સ્પર્શ અને વીંછીનો ડંખ, વાયુ, તડકો, ડાંસ, મચ્છરનો સ્પર્શ, કષ્ટજનક આસન, તથા દુર્ગંધયુક્ત સ્વાધ્યાય-ભૂમિનાં કર્કશ, ભારે, ઠંડો, ગરમ કે લુખો એવો અનેક પ્રકારનો સ્પર્શ,

अन्नेसु य एवमाइएसु फासेसु अमणुन्न-पावकेसु तेसु समणेण न रूसियव्वं-**जाव**-न दुगुंछावत्तियं लब्भा उप्पाएउं ।

તેમ જ બીજા પણ આવા પ્રકારના અણગમતા સ્પર્શોમાં મુનિએ દ્વેષ ન કરવો. **યાવત્** સ્વ-પરમાં ઘૃણા પણ ન કરવી.

एवं फासिंदियभाविओ भवइ अंतरप्पा मणुन्नामणुन्न-सुब्भि-दुब्भि-राग-दोस-पणिहियप्पा साहू मण-वयण-काय-गुत्ते संवुडे पणिहितिंदिए चरेज्ज धम्मं ।

આ પ્રમાણે સ્પર્શેન્દ્રિય સંવર-ભાવનાથી ભાવિત સાધુ મનોજ્ઞ તથા અમનોજ્ઞ, શુભ અને અશુભ સ્પર્શમાં રાગ-દ્વેષથી રહિત થઈ, મન, વચન અને કાયાની શુભાશુભ પ્રવૃત્તિથી સુરક્ષિત બની, સંવરથી ગુપ્તેન્દ્રિય બની ચારિત્રરૂપ ધર્મનું આચરણ કરે.

प. सु. २, अ. ५, सु. १२-१६

उवसंहारो-

९००. एवमिणं संवरस्स दारं सम्मं संवरियं होइ सुप्पणिहियं-इमेहिं पंचहिं व कारणेहिं मण-वय-काय-परिरक्खएहिं निच्चं आमरणंतं च एस जोगो नेयव्वो धितिमया मतिमया अणासवो अकलुसो अच्छिद्दो अपरिस्सावी असंकिलिट्ठो सुद्धो सव्वजिणमणुण्णाओ ।

ઉપસંહાર :

૯૦૦. આ પ્રમાણે આ પાંચમું અપરિગ્રહ નામનું સંવરદ્વાર સમ્યક્ પ્રકારે સેવન થતાં મન, વચન અને કાયા એ ત્રણ યોગથી પરિરક્ષિત થયેલ પાંચ ભાવના રૂપ કારણોથી સંવૃત કરવામાં આવે તો સુરક્ષિત થઈ જાય છે. ધૈર્યવાન અને વિવેકવાન સાધુએ આ યોગ જીવનપર્યંત સેવન કરવો જોઈએ, કારણકે તે યોગ આશ્રવને રોકનાર નિર્મળ, મિથ્યાત્વ આદિ છિદ્રોથી રહિત, અપરિસ્રાવી છે, અસંકલિષ્ટ છે, શુદ્ધ છે, તથા સમસ્ત તીર્થંકરો દ્વારા માન્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एवं पंचमं संवरदारं फासियं–**जाव**–आणाए आराहियं भवइ ।

આ પ્રમાણે પાંચમા સંવરદ્વારનું આચરણ કરે **યાવત્** તીર્થંકર પ્રભુની આજ્ઞા પ્રમાણે આરાધિત થાય છે.

एवं नायमुणिणा भगवया पन्नवियं परूवियं पसिद्धं सिद्धं सिद्धवरसासणमिणं आघवियं सुदेसियं पसत्थं ।

– पण्ह. सु. २, अ. ५, सु. १७

જ્ઞાતમુનિ ભગવાને એવું પ્રતિપાદન કર્યું છે, ભેદ-પ્રભેદ પૂર્વક તેનું વિવેચન કર્યું છે. (જિનવચન માં) તે પ્રખ્યાત થયું છે. ભૂતકાળમાં જેટલા સિદ્ધો થઈ ગયા તેમનું આ પ્રધાન શાસન છે, સર્વ ભાવથી ઉપદિષ્ટ છે. આ પ્રશસ્ત પાંચમું સંવરદ્વાર સમાપ્ત થયું.

પાંચે મહાવ્રતોનું પરિશિષ્ટ - ૯

पंचमहव्वय आराहणाफलं–

પાંચ મહાવ્રતોની આરાધનાનું ફળ :

९०१. एतेसु बाले य पकुव्वमाणे,
आवट्टती कम्मसु पावएसु ।
अतिवाततो कीरति पावकम्मं,
निउंजमाणे उ करेति कम्मं ।।
आदीणभोई वि करेति पावं,
मंता तु एगंतसमाहिमाहु ।
बुद्धे समाहीय रते विवेगे,
पाणातिपाता विरते ठितप्पा ।।

– सूय. सु. १, अ. १०, गा. ५–६

૯૦૧. અજ્ઞાની જીવ પૃથ્વીકાય વગેરે પ્રાણીઓને દુઃખ આપીને પાપકર્મ કરીને તે તે યોનિઓમાં વારંવાર ભ્રમણ કરે છે. જીવહિંસા સ્વયં કરવાથી કે બીજા પાસે કરાવવાથી જીવ પાપકર્મ કરે છે.

જે પુરુષ દીનવૃત્તિ વાળો છે તે પણ પાપ કરે છે. એવું જાણી તીર્થંકરોએ એકાંત ભાવસમાધિનો ઉપદેશ આપ્યો છે, તેથી વિચારવાન શુદ્ધચિત્ત પુરુષ ભાવસમાધિ અને વિવેકમાં રત રહીને પ્રાણાતિપાતથી વિરત થઈ સ્થિતાત્મા બની રહે.

९०२. सीहं जहा खुद्दमिगा चरंता,
दूरे चरंति परिसंकमाणा ।
एवं तु मेधावि समिक्ख धम्मं,
दूरेण पावं परिवज्जएज्जा ।।
संबुज्झमाणे तु णरे मतीमं,
पावातो अप्पाणं निवट्टएज्जा ।
हिंसप्पसूताइं दुहाइं मंता,
वेराणुबंधीणि महब्भयाणि ।।

૯૦૨. જેવી રીતે અટવીમાં વિચરનાર મૃગ (મૃત્યુના) ભયના કારણે સિંહથી દૂર રહે છે, તેવી જ રીતે મેધાવી સાધક ધર્મ તત્વને સારી રીતે જાણીને પાપથી દૂર રહે.

(ભાવ-સમાધિનાં સ્વરૂપને અર્થાત્ સમ્યક્ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ધર્મને) જાણનાર બુદ્ધિમાન પુરુષ પોતાના આત્માને પાપકર્મથી નિવૃત્ત કરે. હિંસાથી ઉત્પન્ન થનાર અશુભ કર્મ દુઃખદાયક હોય છે, વેરની પરંપરાને ઉત્પન્ન કરાવનાર છે અને મહાભયજનક હોય છે. (એવું જાણીને સાધક હિંસાનો ત્યાગ કરે.)

मुसं न बूया मुणि अत्तगामी,
णिव्वाणमेयं कसिणं समाहिं ।
सयं न कुज्जा न वि कारवेज्जा,
करेंतमन्नं पि य नाणुजाणे ।।

આત્મગામી (મોક્ષ-માર્ગનું અનુસરણ કરનાર) મુનિ ખોટું ન બોલે. જૂઠું બોલવાના ત્યાગને સંપૂર્ણ ભાવસમાધિ અને મોક્ષ કહેલ છે. એ પ્રમાણે સાધુ બીજા વ્રતોમાં પણ દોષ ન લગાડે. તે બીજાને પણ દોષ લગાડવાની પ્રેરણા ન આપે અને દોષ સેવન કરનાર વ્યક્તિની અનુમોદના ન કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सुद्धे सिया जाए न दूसएज्जा,
अमुच्छिते ण य अज्झोववण्णे ।
धितिमं विमुक्के ण य पूयणट्ठी,
न सिलोयकामी य परिव्वएज्जा ।।

(उद्गम, उत्पात अने એषणा आदि दोषोथी रहित) शुद्ध निर्दोष आहारनी प्राप्ति थवा पर साधु तेमां राग-द्वेष करीने चारित्रने दूषित न करे. (मनोज्ञ सरस तेम ज स्वादिष्ट आहारमां) मूर्च्छित बनी वारंवार तेनी अभिलाषा न करे. धैर्यवान बने, बाह्य आभ्यंतर परिग्रहथी विमुक्त बने तथा पोतानी पूजा, प्रतिष्ठा अने कीर्तिनी कामना न करतां शुद्ध संयमनुं पालन करे.

निक्खम्म गेहाउ निरावकंखी,
कायं विओसज्ज नियाणछिण्णे ।
नो जीवितं नो मरणाभिकंखी,
चरेज्ज भिक्खू वलया विमुक्के ।।

वैरागी साधक गृहत्याग करीने पोताना जीवनथी निरपेक्ष थई जाय, देह संबंधी ममत्वनो त्याग करे, निदान એटले तपश्चर्या-संयम आदिनां फळनी कामनाने छेदी नांखे, जीवन अने मृत्युनी आकांक्षा न करे. आ प्रमाणे संसारचक्रथी मुक्त थई मुनि (संयमरूप समाधिपथ पर) विचरे.

-सूय. सु. १, अ. १०, गा. २०-२४

आरम्भ-परिग्गहविरेओ कम्मंतकरो भवइ-

आरंभ-परिग्रहनो त्यागी कर्मोनो अंत लावे छेः

९०३. १. इह खलु गारत्था सारम्भा सपरिग्गहा, संतेगतिया समणमाहणा सारम्भा सपरिग्गहा, जे इमे तस-थावरा पाणा ते सयं समारम्भन्ति, अण्णेण वि समारम्भावेंति, अण्णं पि समारंभंतं समणुजाणंति ।

९०३. १. (त्यागी साधक विचार करे छे, के) आ लोकमां गृहस्थ तो आरंभ अने परिग्रहथी युक्त होय ज. परंतु केटलाक श्रमण अने ब्राह्मण पण आरंभी अने परिग्रही होय छे. ते श्रमण ब्राह्मण पण गृहस्थनी जेम त्रस अने स्थावर प्राणीओनो स्वयं आरंभ करे छे, बीजा पासे करावे छे, अने आरंभ करनारनी अनुमोदना करे छे.

२. इह खलु गारत्था सारम्भा सपरिग्गहा, संतेगतिया समणमाहणा वि सारम्भा सपरिग्गहा, जे इमे कामभोगा सचित्ता वा अचित्ता वा ते सयं चेव परिगिण्हंति, अण्णेण वि परिगिण्हावेंति, अण्णं पि परिगिण्हंतं समणुजाणंति ।

२. आ संसारमां गृहस्थ तो आरंभ-परिग्रहथी युक्त होय छे ज, परंतु कोई कोई श्रमण अने ब्राह्मण पण आरंभ परिग्रह युक्त होई सचित्त अने अचित्त बंने प्रकारनां कामभोगोने स्वयं ग्रहण करे छे, बीजाने ग्रहण करावे छे अने ग्रहण करनारनुं अनुमोदन पण करे छे.

३. इह खलु गारत्था सारम्भा सपरिग्गहा, संतेगतिया समणामाहणा वि सारम्भा सपरिग्गहा, अहं खलु अणारम्भे अपरिग्गहे । जे खलु गारत्था सारम्भा सपरिग्गहा, संतेगतिया समण-माहणा वि सारम्भा सपरिग्गहा, एतेसिं चेव निस्साए बंभचेरं चरिस्सामो ।

३. (त्यारबाद એवुं पण विचारे के) आ लोकमां गृहस्थ तो आरंभी-परिग्रही होय ज छे, परंतु केटलाक श्रमण-ब्राह्मण पण आरंभ अने परिग्रहथी युक्त होय छे. (એवी स्थितिमां आत्मार्थी भिक्षु विचार करे छे.) आरंभ परिग्रह युक्त पूर्वोक्त गृहस्थ तथा श्रमणनी निश्रामां रहीने पण हुं तो आरंभ अने परिग्रहथी रहित ब्रह्मचर्य (मुनिधर्मनुं) आचरण करीश.

प. कस्स णं तं हेउं ?

प्र. जो हुं पण आरंभ अने परिग्रहवाळा गृहस्थनी जेम आरंभी अने अपरिग्रही श्रमण, ब्राह्मणोनी निश्रामां रहीने, ब्रह्मचर्यनुं पालन करुं तो पछी आरंभ अने परिग्रहथी मुक्त थवानुं प्रयोजन शुं ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. जहा पुव्वं तहा अवरं, जहा अवरं तहा पुव्वं । अंजू चेते अणुवरया अणुवट्ठिता पुणरवि तारिसगा चेव ।

ઉ. ગૃહસ્થ તો પ્રથમ આરંભ અને પરિગ્રહથી લિપ્ત હતા તેવા જ હવે પણ છે. એ જ પ્રમાણે કેટલાક શ્રમણ-બ્રાહ્મણ પણ પ્રવ્રજ્યા અંગીકાર કર્યા પૂર્વે આરંભ અને પરિગ્રહવાળા હતા તે જ પ્રમાણે પછી પણ હોય છે. માટે પ્રત્યક્ષ પ્રમાણ છે કે તેઓ સાવદ્ય આરંભથી નિવૃત્ત થયા નથી. તથા શુદ્ધ સંયમનું પાલન પણ કરતા નથી. તેથી તેઓ જેવા પ્રથમ હતા એવા જ અત્યારે પણ છે.

जे खलु गारत्था सारम्भा सपरिग्गहा, संतेगतिया समण–माहणा–सारंभा सपरिग्गहा, दुहतो पावाइं इति संखाए दोहिं वि अंतेहिं अदिस्समाणे इति भिक्खू रीएज्जा ।

આરંભ અને પરિગ્રહથી યુક્ત બનીને રહેનાર ગૃહસ્થ તથા કેટલાક શ્રમણ, બ્રાહ્મણ, આરંભ-પરિગ્રહ વ્રત રૂપ પાપકર્મ કરે છે. અથવા આગળ પાછળ સ્વતંત્ર પરતંત્ર રૂપ પાપકર્મ કરે છે. એવું જાણી વિવેકપૂર્વક વિચાર કરી સાધુ આરંભ અને પરિગ્રહથી મુક્ત બની સંયમમાં પ્રવૃત્તિ કરે.

से बेमि–पाईणं वा–**जाव**–दाहिणं वा एवं से परिण्णातकम्मे, एवं से विवेयकम्मे, एवं से वियंतकारए भवतीति मक्खातं ।

–सूय. सु. २, अ. १, सु. ६७७–६७८

પૂર્વ આદિ દિશાઓમાંથી આવેલા ભિક્ષુઓમાંથી આ જ ભિક્ષુ આરંભ-પરિગ્રહથી રહિત છે. તે જ કર્મનાં રહસ્યોને જાણે છે. તે જ સંસારથી પાર પામે છે. એવું શ્રી તીર્થંકર ભગવાને ફરમાવ્યું છે.

भिक्खुस्स पंच महव्वयपालणा :

९०४. मुसावायं बहिद्धं च, उग्गहं च अजाइयं ।
सत्थादाणाइं लोगंसि, तं विज्जं परिजाणिया ।।

सूय. सु. १, अ. ९, गा. १०

ભિક્ષુનાં પાંચ મહાવ્રતોનું પાલન :

૯૦૪. જૂઠું બોલવું, મૈથુન સેવવું, પરિગ્રહ રાખવો, અને અદત્તાદાન તથા પ્રાણી હિંસા એ આ લોકમાં કર્મબંધનનું કારણ છે. તેથી વિદ્વાન મુનિ તેને જાણી તેને ત્યાગે.

छट्ठं व्रत : रात्रि भोजन - निषेध-१

छट्ठवय आराहणा पइण्णा–

९०५. अहावरे छट्ठे भंते ! वए राईभोयणाओ वेरमणं ।

सव्वं भंते ! राईभोयणं पच्चक्खामि–

से असणं वा पाणं वा खाइमं वा साइमं वा,

(से य राइभोयणे चउव्विहे पण्णत्ते,

तं जहा–१. दव्वओ, २. खेत्तओ, ३. कालओ, ४. भावओ ।

१. दव्वओ असणे वा–**जाव**–साइमे वा ।

२. खेत्तओ समयखेत्ते ।

३. कालओ राई ।

४. भावओ तित्ते वा, कडुए वा, कसाए वा, अंबिले वा महुरे वा, लवणे वा ।)

છઠ્ઠા વ્રતની આરાધના-પ્રતિજ્ઞા :

૯૦૫ ભંતે ! હવે પછી છઠ્ઠા વ્રતમાં રાત્રિભોજનની વિરતિ હોય છે.

ભંતે ! હું સર્વ પ્રકારનાં રાત્રિભોજનનો જીવન પર્યન્ત સર્વથા ત્યાગ કરું છું.

જેમ કે, અન્ન, પાન, ખાદિમ તથા સ્વાદિમ.

(રાત્રિભોજન ચાર પ્રકારનાં કહ્યાં છે,

જેમ કે, - ૧. દ્રવ્યથી, ૨. ક્ષેત્રથી, ૩. કાળથી, ૪. ભાવથી.

૧. દ્રવ્યથી - અન્ન, પાન, ખાદિમ, સ્વાદિમ,

૨. ક્ષેત્રથી - સમય ક્ષેત્ર, (મનુષ્ય ક્ષેત્ર)

૩. કાળથી - રાત્રિમાં,

૪. ભાવથી - તીખો, કડવો, તૂરો, ખાટો, મીઠો કે ખારો.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नेव सयं राइं भुंजेज्जा, नेवन्नेहिं राइं भुंजावेज्जा, राइं भुंजंते वि अन्ने न समणुजाणेज्जा, जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करेंतं पि अन्नं न समणुजाणामि ।

હું કોઈ પણ વસ્તુ રાત્રિ-સમયે સ્વયં ખાઈશ નહીં, બીજાને ખવડાવીશ નહીં કે રાત્રિભોજન કરનારનું અનુમોદન કરીશ નહીં, જીવન પર્યન્ત ત્રણ કરણ અને ત્રણ યોગે કરી અર્થાત્ મન, વચન અને કાયા દ્વારા રાત્રિભોજન કરીશ નહિ, કરાવીશ નહિ કે રાત્રિભોજન કરનારનું અનુમોદન પણ કરીશ નહિ.

तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ।[1]

ભંતે ! (પૂર્વે જે રાત્રિભોજન સંબંધી પાપ કર્યું હોય તેનાથી) હું નિવૃત્ત થાઉ છું. આત્મસાક્ષીએ તે પાપને નિંદું છું. આપની પાસે તે પાપની ગર્હા કરું છું. અને હવેથી તે પાપકારી કર્મથી મારા આત્માને સર્વથા અલગ કરું છું.

छट्ठे भंते ! वए उवट्ठिओमि सव्वाओ राईभोयणाओ वेरमणं ।

ભંતે ! હું છઠ્ઠા વ્રતમાં ઉપસ્થિત થાઉ છું. જેમાં સર્વ પ્રકારનાં રાત્રિભોજનનો ત્યાગ હોય છે.

इच्चेयाइं पंच महव्वयाइं राइभोयणवेरमणछट्ठाइं अत्तहियट्ठयाए उवसंपज्जित्ताणं विहरामि ।

–दस. अ. ४, सु. १६–१७

આ પ્રમાણે એ પાંચ મહાવ્રતો તથા રાત્રિભોજન ત્યાગ રૂપ છઠ્ઠું વ્રત મારા આત્મહિતાર્થે અંગીકાર કરીને વિહરું છું.

राइए असणाइ गहण–णिसेहो–

રાત્રે અશનાદિ ગ્રહણનો નિષેધ :

९०६. नो कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा, राओ वा वियाले वा, असणं वा–**जाव**–साइमं वा पडिग्गाहेत्तए, नऽन्नत्थ एगेणं पुव्वपडिलेहिएणं सेज्जासंथारएणं ।

–कप्प. उ. १, सु. ४४

૯૦૬. સાધુઓ અને સાધ્વીઓને રાત્રિના સમયે અથવા સંધ્યા સમયે માત્ર પ્રતિલેખિત શય્યા સંસ્તારક છોડીને અન્ન **યાવત્** સ્વાદિમ ગ્રહણ કરવા કલ્પતાં નથી.

राइभोयण–णिसेह कारणं–

રાત્રિભોજન-નિષેધનું કારણ :

९०७. संतिमे सुहुमा पाणा, तसा अदुव थावरा । जाइं राओ अपासंतो, कहमेसणियं चरे ? ।।

उदओल्लं बीयसंसत्तं, पाणा निव्वडिया महिं । दिआ ताइं विवज्जेज्जा, राओ तत्थ कहं चरे ? ।।

एयं च दोसं दट्ठूणं, नायपुत्तेण भासियं । सव्वाहारं न भुंजंति, निग्गंथा राइभोयणं ।।[2]

–दस. अ. ६, गा, २३–२५

૯૦૭. જે ત્રસ અને સ્થાવર સૂક્ષ્મ પ્રાણીઓ હોય છે તે રાત્રિના સમયે (અંધારામાં) જોઈ શકાતાં નથી. તેથી રાત્રિ સમયે સાધુ આહારની શુદ્ધ ગવેષણા કેવી રીતે કરી શકે ?
પાણીથી ભિંજાયેલી પૃથ્વી હોય કે પૃથ્વી પર બીજ વેરાયાં હોય તેમ જ (બીજાં કીડી, કુંથવા વગેરે) ઘણાં પ્રાણીઓ માર્ગમાં ચાલ્યા જતા હોય છે. તેઓને દિવસે તો જોઈ શકાય અને હિંસાથી બચી શકાય, પરંતુ રાત્રે ન દેખાવાથી કેમ ચાલી શકાય ?
આવા આવા અનેક હિંસાત્મક દોષ થવાનું જાણીને જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરે કહ્યું છે કે, "નિર્ગ્રન્થ પુરુષો રાત્રિના સમયે કોઈ પણ પ્રકારનાં આહારને ભોગવતા નથી."

राइभोयणस्स सव्वहा णिसेहो–

રાત્રિભોજનનો સર્વથા નિષેધ :

९०८. अत्थंगयम्मि आइच्चे, पुरत्था य अणुग्गए । आहारमाइयं सव्वं, मणसा वि न पत्थए ।।

– दस. अ. ८, गा. २८

૯૦૮. સૂર્યાસ્ત થયા બાદ જ્યાં સુધી સૂર્યોદય ન થાય ત્યાં સુધી સર્વ પ્રકારનાં આહારાદિ પદાર્થોને ભોગવવાની મનથી પણ ઈચ્છા ન કરે.

---

१. चउव्विहे वि आहारे, राईभोयणवज्जणा । सन्निहीसंचओ चेव, वज्जेयव्वो सुदुक्करं ।। उत्तरा. अ. ९, गा.३१.
રાત્રિભોજન- વિરમણ વ્રત પ્રથમ અહિંસાવ્રતમાં જ અંતર્ભૂત છે, આથી ચતુર્યામ ધર્મ અને પંચયામ ધર્મમાં આ વ્રતનો સ્વતંત્રરૂપે ઉલ્લેખ નથી થયો. શ્રુતસ્થવિરોએ સરળતા ખાતર આ વ્રતનું સ્વતંત્ર વિધાન પાછળથી કરેલ છે.

२. આ સૂત્રમાં અત્યંત ઉગ્ર મરણાન્ત વેદના થવા છતાં ઔષધિ આદિના ઉપયોગનો સર્વથા નિષેધ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पारियासिय आहारस्स भुंजेण णिसेहो–

૯૦૯. नो कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा,
पारियासियस्स आहारस्स,
तयप्पमाणमेत्तमवि, भूइप्पमाणमेत्तमवि,
तोयबिंदुप्पमाणमेत्तमवि आहारमाहारेत्तए,
नन्नत्थ गाढाऽगाढेहिं रोगायंकेहिं ।[1]

– कप्प उ. ५, सु. ४७

રાત્રિમાં આહારાદિના ઉપયોગનો નિષેધ :

૯૦૯. સાધુઓ-સાધ્વીઓએ પરિવાસિત (રાત્રે રાખેલો કે પ્રથમ પ્રહરનો ચતુર્થ પ્રહરમાં ભોગવેલો) આહાર તલ-તૃણ જેટલો કે ચપટી જેટલો પણ ખાવો કે એક ટીંપા પ્રમાણ પાણી પણ પીવું કલ્પતું નથી. માત્ર ઉગ્ર રોગ કે આતંક સમયે (પરિવાસિત આહાર) લેવો કલ્પે છે.

पारियासिय लेवणप्पओग णिसेहो–

૯૧૦. नो कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा,
पारियासिएणं आलेवणजाएणं,
गायाइं आलिंपित्तए वा विलिंपित्तए वा,
नन्नत्थ गाढाऽगाढेहिं रोगायंकेहिं ।

– कप्प उ. ५, सु. ४८

રાત્રિમાં લેપ લગાવવાનો નિષેધ :

૯૧૦. સાધુઓ સાધ્વીઓએ પોતાના શરીર પર કોઈપણ પ્રકારનો પરિવાસિત લેપ, એકવાર લગાવવો કે વારંવાર લગાવવો કલ્પતો નથી. માત્ર ઉગ્ર રોગ અથવા આતંક સમયે લગાવવો કલ્પે છે.

पारियासिय तेल्लाईणं अब्भंग णिसेहो–

૯૧૧. नो कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा,
पारियासिएणं तेल्लेण वा, घएण वा, नवनीएण वा,
वसाए वा,
गायाइं अब्भंगित्तए वा, मक्खित्तए वा,
नन्नत्थ गाढाऽगाढेहिं रोगायंकेहिं ।

– कप्प. उ. ५, सु. ४९

રાત્રિમાં તેલ આદિનાં માલિશનો નિષેધ :

૯૧૧. સાધુઓ-સાધ્વીઓએ
પોતાના શરીર પર પરિવાસિત તેલ-ઘી-માખણ કે ચરબી,
ચોપડવું કે મસળવું કલ્પતું નથી. માત્ર ઉગ્ર રોગ અથવા આતંકના સમયે લગાવવું કલ્પે છે.

पारिवासिय कक्काईणं उवट्टण णिसेहो–

૯૧૨. नो कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा,
परिवासिएणं कक्केणं वा, लोद्धेणं वा, पधूवेणं वा,
अन्नयरेणं वा आलेवणजाएणं गायाइं उवलेत्तए वा
उव्वट्टेत्तए वा, नन्नत्थ गाढाऽगाढेहिं रोगायंकेहिं ।

– कप्प. उ. ५, सु. ५०

રાત્રિમાં કલ્કાદિનાં ઉબટનનો નિષેધ :

૯૧૨. સાધુ-સાધ્વીએ પોતાના શરીર પર પરિવાસિત કલ્ક, લોધ્ર કે ધૂપ આદિનું કોઈ પણ પ્રકારનું વિલેપન કરવું અથવા ઉબટન કરવું કલ્પતું નથી.
માત્ર ઉગ્ર રોગ કે આતંકના સમયે કલ્પે છે.

રાત્રિભોજનનાં પ્રાયશ્ચિત્ત-૨

सूरस्स उदयत्थमण–विइगिच्छाए पायच्छित्त सुत्ताणि–

૯૧૩. भिक्खू य उग्गयवित्तीए अणत्थमियं संकप्पो
संथडिए [2] निव्विगच्छइ समावण्णेण[3] असणं
वा–जाव–साइमं वा पडिग्गाहेत्ता आहारं आहरेमाणे,

સૂર્યોદય કે સૂર્યાસ્તનાં સંબંધમાં શંકા હોવા છતાં આહાર કરવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :

૯૧૩. સૂર્યોદય બાદ અને સૂર્યાસ્ત પહેલાં આહાર કરવો કલ્પે એવી પ્રતિજ્ઞા છે. પરંતુ સૂર્યોદય કે સૂર્યાસ્તના સંબંધમાં અસંદિગ્ધ, સશક્ત તથા પ્રમાણ સહિત આહાર કરનાર નિર્ગ્રન્થ સાધુ (આચાર્ય કે ઉપાધ્યાય આદિ) અશન **યાવત્** સ્વાદિમ (ચારે પ્રકારના આહાર) ગ્રહણ કરે, આહાર કરતી વેળાએ,

---

૧. जंपिय समणस्स सुविहियस्स उ रोगायंके बहुप्पगारंमि समुप्पन्ने वाताहिक–पित्त–सिंभ–अइरित्त–कुविय–तह–सन्निवातजाते व उदयपत्ते, उज्जल–बल–विउल–कक्खड–पगाढदुक्खे, असुह–कडुय–फरूसे, चंडफल–विवागे, महब्भए, जीवियंतकरणे, सव्वसरी २. परिताणकरे न कप्पइ तारिसे वि तह अप्पणो परस्स वा ओसह–भेसज्जं भत्त–पाणं च तं पि संनिहिकयं ।

–पण्ह. सु. २, अ. ५, सु. ७

૨. 'संस्तृत' શબ્દનો અર્થ છે સશક્ત, સ્વસ્થ અને પ્રતિદિન પર્યાપ્ત ભોજી નિર્ગ્રંથ ભિક્ષુ.

૩. 'निर्विचिकित्स' પદનો અર્થ છે સંશયરહિત અર્થાત્ સૂર્યોદય થઈ ગયો છે અથવા સૂર્યોદય નથી થયો-એ પ્રકારના નિશ્ચયવાળો નિર્ગ્રંથ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अह पच्छा जाणेज्जा–
"अणुग्गए सूरिए, अत्थमिए वा"
से जं च आसयंसि, जं च पाणिंसि, जं च पडिग्गहे,

तं विगिंचमाणे वा, विसोहमाणे वा णो अइक्कमइ ।
तं अप्पणा भुंजमाणे,
अन्नेसिं वा दलमाणे,
राइभोअणपडिसेवणपत्ते आवज्जइ चाउम्मासियं
परिहारट्ठाणं अणुग्घाइयं ।

भिक्खू य उग्गयवित्तीए अणत्थमियसंकप्पे
संथडिए विइगिच्छा–समावण्णेणं[1]
असणं–**जाव**–साइमं वा पडिग्गाहित्ता आहारं
आहारेमाणे

પાછળથી જો જાણે કે,
'સૂર્યોદય થયો નથી અથવા સૂર્યાસ્ત થઈ ગયો છે.'
ત્યારે જે આહાર મુખમાં હોય, હાથમાં કે પાત્રમાં હોય,
તેને પરઠાવી દે તથા મુખ આદિની શુદ્ધિ કરે તો
તીર્થંકરની આજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી.
પરંતુ તે આહાર પોતે ખાય,
અગર બીજા (સાધુ) ને ખવડાવે તો
તેને રાત્રિભોજનનો દોષ લાગે છે, માટે તેને
અનુદ્‌ઘાતિક ચાતુર્માસિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત)
આવે છે.
સૂર્યોદય બાદ અને સૂર્યાસ્ત પહેલાં આહાર કરવો કલ્પે
એવી પ્રતિજ્ઞા છે. **પરંતુ સૂર્યોદય કે સૂર્યાસ્તના
સંબંધમાં સંદિગ્ધ, સશક્ત તથા પ્રમાણ સહિત આહાર
કરનાર નિર્ગ્રન્થ (આચાર્ય કે ઉપાધ્યાય આદિ)** અશન
યાવત્ સ્વાદિમ (ચારે આહાર) ગ્રહણ કરે, આહાર
કરતી વેળાએ,

अह पच्छा जाणेज्जा–
"अणुग्गए सूरिए, अत्थमिए वा,"
से जं च आसयंसि, जं च पाणिंसि, जं च पडिग्गहे,
तं विगिंचमाणे वा, विसोहेमाणे वा नो अइक्कमइ ।

तं अप्पणा भुंजमाणे,
अन्नेसिं वा दलमाणे
राइभोयणपडिसेवणपत्ते आवज्जइ चाउम्मासियं
परिहारट्ठाणं अणुग्घाइयं ।
भिक्खू य उग्गयवित्तीए अणत्थमियसंकप्पे

असंथडिए निव्विगइच्छासमावण्णेणं

असणं–वा–**जाव**–साइमं वा पडिग्गाहेत्ता आहारं
आहारेमाणे, अह पच्छा जाणेज्जा– "अणुग्गए सूरिए,
अत्थमिए वा" से जं च आसयंसि, जं च पाणिंसि,
जं च पडिग्गहे तं विगिंचमाणे वा, विसोहेमाणे वा
नो अइक्कमइ ।

तं अप्पणा भुंजमाणे,
अन्नेसिं वा दलमाणे,
राइभोयणपडिसेवणपत्ते आवज्जइ चाउम्मासियं
परिहारट्ठाणं अणुग्घाइयं ।

પાછળથી જો જાણે કે,
'સૂર્યોદય થયો નથી અથવા સૂર્યાસ્ત થઈ ગયો છે.'
ત્યારે જે આહાર મુખમાં, હાથમાં તથા પાત્રમાં છે
તેને પરઠાવી દે તથા મુખની શુદ્ધિ કરે તો તીર્થંકરની
આજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી.
પરંતુ તે આહાર પોતે ખાય,
અગર બીજાને ખવડાવે તો,
તેને રાત્રિભોજનનો દોષ લાગે. માટે તેને અનુદ્‌ઘાતિક
ચાતુર્માસિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.
સૂર્યોદય બાદ અને સૂર્યાસ્ત પહેલાં આહાર કરવો કલ્પે
એવી પ્રતિજ્ઞા છે.
**પરંતુ સૂર્યોદય કે સૂર્યાસ્તના સંબંધમાં સંદિગ્ધ, અશક્ત
તથા પ્રમાણ સહિત આહાર ન કરનાર નિર્ગ્રન્થ સાધુ
(આચાર્ય કે ઉપાધ્યાય આદિ)**
અશન **યાવત્** સ્વાદિમ (ચારે આહાર) ગ્રહણ કરતી
વેળાએ, પાછળથી જો જાણે કે,'સૂર્યોદય થયો નથી
અથવા સૂર્યાસ્ત થઈ ગયો છે.' ત્યારે જે આહાર
મુખમાં હોય, હાથમાં હોય કે પાત્રમાં હોય તેને
પરઠાવી દે તથા મુખ આદિની શુદ્ધિ કરે તો તીર્થંકરની
આજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી.
પરંતુ તે આહાર પોતે ખાય,
અગર બીજાને ખવડાવે તો,
તેને રાત્રિભોજનનો દોષ લાગે છે. માટે તેને અનુદ્‌ઘાતિક
ચાતુર્માસિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

---

१. સશક્ત, સંદિગ્ધ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भिक्खू य उग्गयवित्तीए अणत्थमियसंकप्पे

असंथडिए विइगिच्छासमावण्णेणं ।[१]

असणं वा–**जाव**–साइमं वा पडिग्गाहेत्ता आहारं आहारेमाणे अह पच्छा जाणेज्जा – "अणुग्गए सूरिए, अत्थमिए वा",
से जं च मुहे, जं च पाणिंसि, जं च पडिग्गहंसि तं विगिंचमाणे वा, विसोहेमाणे वा नो अइक्कमइ ।

तं अप्पणा भुंजमाणे,
अन्नेसिं वा दलमाणे,
राइभोयणपडिसेवणपत्ते आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

कप्प. उ. ५, सु. ६–९

સૂર્યોદય બાદ અને સૂર્યાસ્ત પહેલાં આહાર કરવો કલ્પે એવી પ્રતિજ્ઞા છે.

પરંતુ સૂર્યોદય કે સૂર્યાસ્તના સંબંધમાં સંદિગ્ધ અશક્ત તથા પ્રમાણ સહિત આહાર કરનાર નિર્ગ્રન્થ સાધુ (આચાર્ય કે ઉપાધ્યાય આદિ)

અશન **યાવત્** સ્વાદિમ (ચારે આહાર) ગ્રહણ કરતી વેળાએ, પછીથી જો જાણે કે, 'સૂર્યોદય થયો નથી. અથવા સૂર્યાસ્ત થઈ ગયો છે.'
ત્યારે જે આહાર મુખમાં હોય, હાથમાં હોય પાત્રમાં હોય તેને પરઠાવી દે તથા મુખાદિની શુદ્ધિ કરે તો તીર્થંકરની આજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી.
પરંતુ તે આહાર પોતે ખાય,
અગર બીજાને ખવડાવે તો,
તેને રાત્રિભોજનનો દોષ લાગે છે. તેથી તેને અનુદ્‌ઘાતિક ચાતુર્માસિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

९१४. जे भिक्खू उग्गयवित्तीए अणत्थमियसंकप्पे **संथडिए णिव्वितिगिच्छासमावण्णेणं** अप्पाणेणं असणं वा–**जाव**–साइमं वा पडिग्गाहेत्ता भुंजइ भुंजंतं वा साइज्जइ ।
अह पुण एवं जाणेज्जा– "अणुग्गयसूरिए अत्थमिए वा" से जं च मुहे, जं च पाणिंसि, जं च पडिग्गहंसि, तं विगिंचेमाणे विसोहेमाणे तं परिट्ठमाणे णाइक्कमइ । जो तं भुंजइ भुंजंतं वा साइज्जइ ।

जे भिक्खू उग्गयवित्तीए अणत्थमियसंकप्पे **संथडे वितिगिच्छा–समावण्णेणं**–अप्पाणेणं असणं वा–**जाव**–साइमं वा पडिग्गाहेत्ता भुंजइ भुंजंतं वा साइज्जइ ।

अह पुण एवं जाणेज्जा – "अणुग्गए सूरिए, अत्थमिए वा" से जं च मुहे, जं च पाणिंसि, जं च पडिग्गहंसि, तं विगिंचेमाणे विसोहेमाणे तं परिट्ठमाणे णाइक्कमइ । जो तं भुंजइ भुंजंतं वा साइज्जइ ।

९१४. જે ભિક્ષુને સૂર્યોદય થયા પછી કે **સૂર્યાસ્ત પહેલાં આહાર કરવાનો સંકલ્પ છે,** સ્વસ્થ છે, સંદેહ રહિત છે (અને) સ્વયં અશન **યાવત્** સ્વાદ્ય ગ્રહણ કરી ઉપભોગ કરે છે, (કરાવે છે,) કરનારનું અનુમોદન કરે છે.
તે જો જાણે કે, 'સૂર્યોદય થયો નથી. અથવા સૂર્યાસ્ત થઈ ગયો છે.' ત્યારે જે આહાર મુખમાં હોય, હાથમાં હોય કે પાત્રમાં હોય તેને કાઢીને પરઠાવી દે. તો તીર્થંકરની આજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી. અગર જો તે આહાર કરે, (કરાવે,) કરનારનું અનુમોદન કરે.

જે ભિક્ષુને સૂર્યોદય થયા પછી કે **સૂર્યાસ્ત પહેલાં આહાર કરવાનો સંકલ્પ છે,** સ્વસ્થ છે, સંદેહ સહિત છે, (અને) સ્વયં અશન **યાવત્** સ્વાદ્ય ગ્રહણ કરી આહાર કરે છે, (કરાવે છે,) કરનારનું અનુમોદન કરે છે.

જો જાણે કે, 'સૂર્યોદય થયો નથી. અથવા સૂર્યાસ્ત થઈ ગયો છે.' ત્યારે જે આહાર મુખમાં હોય, હાથમાં હોય કે પાત્રમાં હોય તેને કાઢીને પરઠાવી દે. તો (તીર્થંકરની આજ્ઞાનું) ઉલ્લંઘન કરતો નથી. અગર જો તે આહાર કરે, (કરાવે,) કરનારનું અનુમોદન કરે.

---

१. અશક્ત-સંદિગ્ધ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जे भिक्खू उग्गयवित्तीए अणत्थमियसंकप्पे **असंथडिए णिव्वितिगिच्छा समावण्णेणं** अप्पाणेणं असणं वा-**जाव**-साइमं वा पडिग्गाहेत्ता भुंजइ भुंजंतं वा साइज्जइ ।

જે ભિક્ષુને સૂર્યોદય થયા પછી કે **સૂર્યાસ્ત પહેલાં આહાર કરવાનો સંકલ્પ છે,** અસ્વસ્થ છે, સંદેહ રહિત છે (અને) સ્વયં અશન **યાવત્** સ્વાદ્ય ગ્રહણ કરી ઉપભોગ કરે છે, (કરાવે છે,) કરનારનું અનુમોદન કરે છે.

अह पुण एवं जाणेज्जा- "अणुग्गए सूरिए अत्थमिए वा" से जं च मुहे, जं च पडिग्गहंसि, तं विगिंचेमाणे विसोहेमाणे तं परिट्ठमाणे णाइक्कमइ । जो तं भुंजइ भुंजंतं वा साइज्जइ ।

જો જાણે કે, 'સૂર્યોદય થયો નથી, અથવા સૂર્યાસ્ત થઈ ગયો છે.' ત્યારે જે આહાર મુખમાં હોય, હાથમાં હોય કે પાત્રમાં હોય તેને કાઢીને પરઠાવી દે. તો (તીર્થંકરની આજ્ઞાનું) ઉલ્લંઘન કરતો નથી. અગર જો તે આહાર કરે, (કરાવે,) કરનારનું અનુમોદન કરે.

जे भिक्खू उग्गयवित्तीए अणत्थमियसंकप्पे **असंथडिए वितिगिच्छा-समावण्णेणं** अप्पाणेणं असणं वा-**जाव**-साइमं वा पडिग्गाहेत्ता भुंजइ भुंजंतं वा साइज्जइ ।

જે ભિક્ષુને સૂર્યોદય થયા પછી કે **સૂર્યાસ્ત પહેલાં આહાર કરવાનો સંકલ્પ છે,** અસ્વસ્થ છે, સંદેહ સહિત છે (અને) સ્વયં અશન **યાવત્** સ્વાદ્ય ગ્રહણ કરી ઉપભોગ કરે છે, (કરાવે છે,) કરનારનું અનુમોદન કરે છે.

अह पुण एवं जाणेज्जा- "अणुग्गए सूरिए अत्थमिए वा"से जं च मुहे, जं च पाणिंसि, जं च पडिग्गहंसि, तं विगिंचेमाणे विसोहेमाणे तं परिट्ठमाणे **णाइक्कमइ** जो तं भुंजइ भुंजंतं वा साइज्जइ ।

જો જાણે કે, 'સૂર્યોદય થયો નથી, અથવા સૂર્યાસ્ત થઈ ગયો છે.' ત્યારે જે આહાર મુખમાં હોય, હાથમાં હોય કે પાત્રમાં હોય તેને કાઢીને પરઠાવી દે. તો (તીર્થંકરની આજ્ઞાનું) ઉલ્લંઘન કરતો નથી. અગર જો તે આહાર કરે, (કરાવે,) કરનારનું અનુમોદન કરે.

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

તેને ચાતુર્માસિક અનુદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત) આવે છે.

-नि. उ. १०, सु. ३१-३४

दिवसे वा रयणीए वा असणाई गहण-भुंजण पायच्छित्त सुत्ताइं-

દિવસે કે રાત્રે અશનાદિ ગ્રહણ કરવાનું તથા ખાવાનુ પ્રાયશ્ચિત્ત સૂત્રો :

९१५. जे भिक्खू दिया असणं वा-**जाव**-साइमं वा पडिग्गाहेत्ता दिया भुंजइ भुंजंतं वा साइज्जइ ।[१]

૯૧૫. જે ભિક્ષુ દિવસે અશન **યાવત્** સ્વાદ્ય આહારગ્રહણ કરી દિવસે ખાય, (ખવડાવે,) ખાનારનું અનુમોદન કરે.

जे भिक्खू दिया असणं वा-**जाव**-साइमं वा पडिग्गाहेत्ता रत्तिं भुंजइ भुंजंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ દિવસે અશન **યાવત્** સ્વાદ્ય આહારગ્રહણ કરી રાત્રે ખાય, (ખવડાવે,) ખાનારનું અનુમોદન કરે.

जे भिक्खू रत्तिं असणं वा-**जाव**-साइमं वा पडिग्गाहेत्ता दिया भुंजइ भुंजंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ રાત્રે અશન **યાવત્** સ્વાદ્ય આહાર ગ્રહણ કરી દિવસે ખાય, (ખવડાવે,) ખાનારનું અનુમોદન કરે.

जे भिक्खू रत्तिं असणं वा-**जाव**-साइमं वा पडिग्गाहेत्ता राइं भुंजइ भुंजंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ રાત્રે અશન **યાવત્** સ્વાદ્ય આહાર ગ્રહણ કરી રાત્રે ખાય, (ખવડાવે,) ખાનારનું અનુમોદન કરે.

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

તેને ચાતુર્માસિક અનુદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત) આવે છે.

-नि. उ. ११, सु. ७४-७७

---

१. આ સૂત્રમાં દિવસે અશન આદિ ગ્રહણ કરી દિવસે જ તેનો ઉપયોગ કરવા છતાં પ્રાયશ્ચિત્તનું વિધાન છે. તે સંબંધે ચૂર્ણિકારનું સ્પષ્ટીકરણ આમ છે. पढम भंग संभवो इमो-दिया घेतुंणिसि संवासे तुं तं बितियादिणे भुंजमाणस्स पढम भंगो भवति । પ્રથમ ભંગની રચના આ પ્રમાણે છે- દિવસે ગ્રહણ કરેલ અશન આદિને રાત્રે રાખી બીજા દિવસે તેનો ઉપયોગ કરવાથી ઉપભોક્તા પ્રાયશ્ચિત્તનો પાત્ર બને છે. જુઓ ગાથા - ૩૩૯૭ની ચૂર્ણિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

राईए असणाई संगह करण-भुंजण पायच्छित्त सुत्ताइं-

९१६. जे भिक्खू असणं वा-**जाव**-साइमं वा अणगाढे परिवासेइ परिवासेंतं वा साइज्जइ ।
जे भिक्खू परिवासिय़स्स असणस्स वा-**जाव**-साइमस्स वा तयप्पमाणं वा भूइप्पमाणं वा बिंदुप्प - माणं वा आहारं आहारेइ आहारेंतं वा साइज्जइ ।
तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

-नि. उ. ११, सु. ७८-७९

९१७. जे भिक्खू पारियासियं १. पिप्पलिं वा,
२. पिप्पलिचुण्णं वा, ३. सिंगबेरं वा
४. सिंगबेरचुण्णं वा, ५. बिलं वा, ६. लोणं वा,
७. उब्भियं वा लोणं आहारेइ आहारंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

-नि. उ. ११, सु. ९१

दिवाभोयणस्स अवण्णं राईभोयणस्स वण्णं वदमाणस्स पायच्छित्त सुत्ताइं-

९१८. जे भिक्खू दियाभोयणस्स अवण्णं वयइ वयंतं वा साइज्जइ ।
जे भिक्खू राइभोयणस्स वण्णं वयइ वयंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

-नि. उ. ११, सु. ७२-७३

दिवसे वा, रयणीए गहियगोमयलेवस्स पायच्छित्त सुत्ताइं-

९१९. जे भिक्खू दिवा गोमयं पडिग्गाहेत्ता दिवा कायंसि वणं आलिंपेज्ज वा विलिंपेज्ज वा,
आलिंपावेज्ज वा विलिंपावेज्ज वा,
आलिंपंतं वा विलिंपंतं वा साइज्जइ ।

जे भिक्खू दिवा गोमयं पडिग्गाहेत्ता रत्तिं कायंसि वणं आलिंपेज्ज वा विलिंपेज्ज वा,
आलिंपावेज्ज वा विलिंपावेज्ज वा,
आलिंपंतं वा विलिंपंतं वा साइज्जइ ।

जे भिक्खू रत्तिं गोमयं पडिग्गाहेत्ता दिवा कायंसि वणं आलिंपेज्ज वा विलिंपेज्ज वा,
आलिंपावेज्ज वा विलिंपावेज्ज वा,
आलिंपंतं वा विलिंपंतं वा साइज्जइ ।

રાત્રે અશન આદિનો સંગ્રહ કરવા તથા ખાવાનાં પ્રાયશ્ચિત્ત સૂત્રો :

૯૧૬. જે ભિક્ષુ અતિઆવશ્યક કારણ સિવાય, અશન **યાવત્** સ્વાદ્ય રાત્રે રાખે, (રખાવે,) રાખનારનું અનુમોદન કરે.
જે ભિક્ષુ વાસી રાખેલ અશન **યાવત્** સ્વાદ્યનો અલ્પમાત્ર, ચપટીમાત્ર કે બિંદુ માત્ર આહાર કરે, (કરાવે,) કરનારનું અનુમોદન કરે.
તેને અનુદ્‌ઘાતિક ચાતુર્માસિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

૯૧૭. જે ભિક્ષુ રાત વાસી રાખેલ ૧. ગંઠોડા, ૨. પીપરનું ચૂર્ણ, ૩. સૂંઠ, ૪. સૂંઠનું ચૂર્ણ, ૫. બિલા, ૬. સમુદ્રનું મીઠું, ૭. ખનીજ મીઠાનો આહાર કરે, (કરાવે,) કરનારનું અનુમોદન કરે.

તેને અનુદ્‌ઘાતિક ચાતુર્માસિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

દિવસનાં ભોજનની નિંદા અને રાત્રિભોજનની પ્રશંસાનાં પ્રાયશ્ચિત્ત સૂત્રો :

૯૧૮. જે ભિક્ષુ દિવસે આહાર કરવાની નિંદા કરે, (કરાવે,) કરનારનું અનુમોદન કરે,
જે ભિક્ષુ રાત્રે આહાર કરવાની પ્રશંસા કરે, (કરાવે,) કરનારનું અનુમોદન કરે.

તેને અનુદ્‌ઘાતિક ચાતુર્માસિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

દિવસે કે રાત્રે ગ્રહણ કરેલા છાણનાં લેપનાં પ્રાયશ્ચિત્ત સૂત્રો :

૯૧૯. જે ભિક્ષુ દિવસે છાણ લઈ દિવસે શરીર પર થયેલા ઘા પર, લેપ કરે, વારંવાર લેપ કરે,
લેપ કરાવે, વારંવાર લેપ કરાવે,
લેપ કરનારનું, વારંવાર લેપ કરનારનું અનુમોદન કરે,

જે ભિક્ષુ દિવસે છાણ લઈ રાત્રે શરીર પર થયેલા ઘા પર, લેપ કરે, વારંવાર લેપ કરે
લેપ કરાવે, વારંવાર લેપ કરાવે,
લેપ કરનારનું, વારંવાર લેપ કરનારનું અનુમોદન કરે,

જે ભિક્ષુ રાત્રે છાણ લઈ દિવસે શરીર પર થયેલા ઘા પર, લેપ કરે, વારંવાર લેપ કરે
લેપ કરાવે, વારંવાર લેપ કરાવે,
લેપ કરનારનું, વારંવાર લેપ કરનારનું અનુમોદન કરે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जे भिक्खू रत्तिं गोमयं पडिग्गाहेत्ता रत्तिं कायंसि वणं आलिंपेज्ज वा विलिंपेज्ज वा,
आलिंपावेज्ज वा विलिंपावेज्ज वा,
आलिंपंतं वा विलिंपंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

-नि. उ. १२, सु. ३२-३५

જે ભિક્ષુ રાત્રે છાણ લઈ રાત્રે શરીર પર થયેલા ઘા પર, લેપ કરે, વારંવાર લેપ કરે,
લેપ કરાવે, વારંવાર લેપ કરાવે,
લેપ કરનારનું વારંવાર લેપ કરનારનું અનુમોદન કરે,

તેને અનુદ્‌ઘાતિક ચાતુર્માસિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

दिवसें वा रयणीए वा गहियलेवपओगस्स पायच्छित्त सुत्ताइं-

९२०. जे भिक्खू दिवा आलेवणजायं पडिग्गाहेत्ता दिवा कायंसि वणं आलिंपेज्ज वा विलिंपेज्ज वा,
आलिंपावेज्ज वा विलिंपावेज्ज वा,
आलिंपंतं वा विलिंपंतं वा साइज्जइ ।

जे भिक्खू दिवा आलेवणजायं पडिग्गाहेत्ता रत्तिं कायंसि वणं आलिंपेज्ज वा विलिंपेज्ज वा,
आलिंपावेज्ज वा विलिंपावेज्ज वा,
आलिंपंतं वा विलिंपंतं वा साइज्जइ ।

जे भिक्खू रत्तिं आलेवणजायं पडिग्गाहेत्ता दिवा कायंसि वणं आलिंपेज्ज वा विलिंपेज्ज वा,
आलिंपावेज्ज वा विलिंपावेज्ज वा,
आलिंपंतं वा विलिंपंतं वा साइज्जइ ।

जे भिक्खू रत्तिं आलेवणजायं पडिग्गाहेत्ता रत्तिं कायंसि वणं आलिंपेज्ज वा विलिंपेज्ज वा,
आलिंपावेज्ज वा विलिंपावेज्ज वा,
आलिंपंतं वा विलिंपंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

-नि. उ. १२, सु. ३६-३९

દિવસે કે રાત્રે ગ્રહણ કરેલ લેપ પ્રયોગનાં પ્રાયશ્ચિત્ત સૂત્રો :

૯૨૦. જે ભિક્ષુ દિવસે લેપ માત્ર ગ્રહણ કરી શરીર પર થયેલા ઘા પર દિવસે, લેપ કરે, વારંવાર લેપ કરે,
લેપ કરાવે, વારંવાર લપ કરાવે,
લેપ કરનારનું, વારંવાર લેપ કરનારનું અનુમોદન કરે,

જે ભિક્ષુ દિવસે લેપ માત્ર ગ્રહણ કરી શરીર પર થયેલા ઘા પર રાત્રે, લેપ કરે, વારંવાર લેપ કરે,
લેપ કરાવે, વારંવાર લેપ કરાવે,
લેપ કરનારનું, વારંવાર લેપ કરનારનું અનુમોદન કરે,

જે ભિક્ષુ રાત્રે લેપ ગ્રહણ કરી શરીર પર થયેલા ઘા પર દિવસે, લેપ કરે, વારંવાર લેપ કરે,
લેપ કરાવે, વારંવાર લેપ કરાવે,
લેપ કરનારનું, વારંવાર લેપ કરનારનું અનુમોદન કરે,

જે ભિક્ષુ રાત્રે લેપ માત્ર ગ્રહણ કરી શરીર પર થયેલા ઘા પર રાત્રે, લેપ કરે, વારંવાર લેપ કરે,
લેપ કરાવે, વારંવાર લેપ કરાવે,
લેપ કરનારનું, વારંવાર લેપ કરનારનું અનુમોદન કરે,

તેને ચાતુર્માસિક અનુદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

उग्गालगिलणस्स पायच्छित्त सुत्तं-

९२१. जे भिक्खू राओ वा, वियाले वा संपाणं सभोयणं उग्गालं उग्गलित्ता पच्चोगिलइ पच्चोगिलंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुघाइयं ।[1]

-नि. उ. १०, सु. ३५

ઉદ્‌ગાલ (ઓડકાર) ગળવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :

૯૨૧. જે ભિક્ષુ રાત્રે કે સંધ્યા સમયે પાણી કે ભોજનનાં ઓડકારને ગળી જાય, (ગળવાનું કહે,) ગળનારની અનુમોદના કરે,

તેને અનુદ્‌ઘાતિક ચાતુર્માસિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

---

१. (क) इह खलु निग्गंथस्स वा निग्गंथीए वा, राओ वा वियाले वा, सपाणे सभोयणे उग्गाले आगच्छेज्जा, तं विगिंचमाणे वा विसोहेमाणे वा नो अइक्कमइ । तं उग्गालित्ता पच्चोगिलमाणे राइभोयणपडिसेवणपत्ते आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

-कप्प. उ. ५, सु. १०

(ख) तओ अणुग्घाइया पण्णत्ता, तं जहा १. हत्थकम्मं करेमाणे, २. मेहुणं पडिसेवमाणे, ३. राइभोयणं भुंजमाणे । *-कप्प. उ. ४, सु. १*

આ સૂત્રમાં ત્રણે કાર્ય અનુદ્‌ઘાતિક પ્રાયશ્ચિત્ત યોગ્ય છે, પરંતુ પ્રથમ 'હસ્તકર્મ' માસિક અનુદ્‌ઘાતિક પ્રાયશ્ચિત્ત યોગ્ય છે. બાકીના 'મૈથુન સંકલ્પ' અને 'રાત્રિભોજન' એ બે ચાતુર્માસિક અનુદ્‌ઘાતિક પ્રાયશ્ચિત્ત યોગ્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International

For Private & Personal Use Only

www.jainelibrary.org

ચારિત્રાચાર કોષ્ઠક

(૧) **સંવર** (૫)

૧. પ્રાણાતિપાત વિરમણ
૨. મૃષાવાદ વિરમણ
૩. અદત્તાદાન વિરમણ
૪. અબ્રહ્મચર્ય વિરમણ
૫. પરિગ્રહ વિરમણ

(પ્રશ્ન ૨/૧)

(૨) **સંવર** (૫)

૧. સમ્યકત્વ સંવર
૨. વિરતિ સંવર
૩. અપ્રમત્તતા સંવર
૪. અકષાયતા સંવર
૫. અજોગતા સંવર

(સમ. ૫)

(૩) **સંવર** (૧૦)

૧. શ્રોત્રેન્દ્રિય સંવર
૨. ચક્ષુ ઈન્દ્રિય સંવર
૩. ઘ્રાણેન્દ્રિય સંવર
૪. રસના (જિવ્હા) ઈન્દ્રિય સંવર
૫. સ્પર્શનેન્દ્રિય સંવર
૬. મનઃસંવર
૭. વચન સંવર
૮. કાય સંવર
૯. ઉપકરણ સંવર
૧૦. સૂચી કુશાગ્ર સંવર

(સ્થા.૧૦)

૭. બ્રહ્મચર્ય દસ સમાધિ સ્થાન

(ઉત્ત. ૧૬/૧૩-૧૪)

બ્રહ્મચર્ય - ૧૮ પ્રકાર

(સમ. ૧૮)

બ્રહ્મચર્ય - નવ ગુપ્તિ

(સ્થા. ૯)

(૪) **સમાધિ** (૧૦)

૧. પ્રાણાતિપાત વિરમણ
૨. મૃષાવાદ વિરમણ
૩. અદત્તાદાન વિરમણ
૪. મૈથુન વિરમણ
૫. પરિગ્રહ વિરમણ
૬. ઈરિયાસમિતિ
૭. ભાષા સમિતિ
૮. એષણા સમિતિ
૯. આદાન ભાણડ માત્ર નિક્ષેપણ સમિતિ
૧૦. ઉચ્ચાર પ્રસ્રવણ શ્લેષ્મ-સિંઘાણ જલ્લ પરિષ્ઠાપના સમિતિ

(સ્થા. ૧૦)

(૫) **પ્રાણાતિપાત વિરમણ** (૬)

૧. પૃથ્વીકાય હિંસા વિરમણ
૨. અપ્કાય હિંસા વિરમણ
૩. તેજસ્કાય હિંસા વિરમણ
૪. વાયુકાય હિંસા વિરમણ
૫. વનસ્પતિકાય હિંસા વિરમણ
૬. ત્રસકાય હિંસા વિરમણ

(દશ. ૪)

ભાવના (૨૫)

પ્રત્યેક મહાવ્રતની ૫-૫ ભાવનાઓ

(આ. ૨/૧૫)

(પણ્હ ૨૧૧, સમ. ૨૫)

(૬) **સંયમ** (૧૦)

૧. પૃથ્વીકાય સંયમ
૨. અપ્કાય સંયમ
૩. તેજસ્કાય સંયમ
૪. વાયુકાય સંયમ
૫. વનસ્પતિકાય સંયમ
૬. દ્વીન્દ્રિય સંયમ
૭. ત્રીન્દ્રિય સંયમ
૮. ચતુરિન્દ્રિય સંયમ
૯. પંચેન્દ્રિય સંયમ
૧૦. અજીવકાય સંયમ

(સ્થાનાંગ ૧૦)

॥ अट्ठ पवयणमायाओ ॥

एयाओ पंच समिइओ चरणस्स य पवत्तणे ।
गुत्ती नियत्तणे वुत्ता असुभत्थेसु सव्वसो ।
एया पवयणमाया जे सम्मं आयरे मुणी ।
से खिप्पं सव्व संसारा विप्पमुच्चइ पण्डिए ।

- उत्त०अ० २४/२६-२७



ચરણાનુયોગ

(અષ્ટ પ્રવચન માતા)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अष्ट प्रवचन माताનું સ્વરૂપ

अट्ठ पवयणमायाओ :

९२२. अट्ठ पवयणमायाओ[1] पण्णत्ताओ, तं जहा–
१. इरियासमिई, २. भासासमिई, ३. एसणासमिई,
४. आयाण–भंड–मत्त–निक्खेवणासमिई,
५. उच्चार–पासवण–खेल–सिंघाण–जल्ल–
परिट्ठावणिया समिई[2] ६. मणगुत्ती,
७. वइगुत्ती, ८. कायगुत्ती ।

– *सम. सम. ८, सु. १*

अष्ट प्रवचन माता :

૯૨૨. પ્રવચન માતાના આઠ પ્રકાર છે. જેમ કે-
(૧) ઈર્યા સમિતિ. (૨) ભાષા સમિતિ, (૩) એષણા સમિતિ, (૪) આદાન-ભાંડ-માત્ર-નિક્ષેપણા-સમિતિ, (૫) ઉચ્ચાર પ્રશ્રવણ-ખેલ-સિંઘાણ-જલ્લ-પરિસ્થાપનિકા સમિતિ. (૬) મનોગુપ્તિ (૭) વચન ગુપ્તિ અને (૮) કાય ગુપ્તિ.

९२३. एयाओ पंच समिईओ चरणस्स य पवत्तणे ।
गुत्ती नियत्तणे वुत्ता असुभत्थेसु सव्वसो[3] ।।

एया पवयणमाया जे सम्मं आयरे मुणी ।
से खिप्पं सव्वसंसारा विप्पमुच्चइ पण्डिए ।।

– *उत्त. अ. २४, गा. २६–२७*

૯૨૩. આ પાંચ સમિતિઓ ચારિત્રની પ્રવૃત્તિ માટે છે, અને ત્રણ ગુપ્તિઓ બધા અશુભ વિષયોથી નિવૃત્ત કરવા માટે છે.
જે પંડિત મુનિ આ પ્રવચન-માતાઓનું સમ્યક્ આચરણ કરે છે તે સર્વ સંસારથી મુક્ત થઈ જાય છે.

अट्ठसमिईओ :

९२४. अट्ठ समिईओ पण्णत्ताओ, तं जहा–
१. इरियासमिति,
२. भासासमिति,
३. एसणासमिति,
४. आयाणभंड–मत्त–णिक्खेवणासमिति,
५. उच्चार–पासवण–खेल–सिंघाण–जल्ल–परिट्ठावणिया समिति,
६. मणसमिति,
७. वइसमिति,
८. कायसमिति,

– *ठाणं, अ. ८, सु. ६०३*

આઠ સમિતિઓ :

૯૨૪. સમિતિના આઠ પ્રકાર કહ્યાં છે. જેમકે-
૧. ચાલવામાં સાવધાની-યુગ પ્રમાણ ભૂમિનું શોધન કરતાં કરતાં ગમન કરવું.
૨. બોલવામાં સાવધાની-હિતકારી, મિતકારી, પ્રિયકારી વચન બોલવા.
૩. ગોચરીમાં સાવધાની-નિર્દોષ ભિક્ષા લેવી.
૪. અમત્ર-નિક્ષેપણા સમિતિ-આહારાદિનાં પાત્રને સાવધાનીપૂર્વક જોઈ, પ્રતિલેખન કરી લેવા અને રાખવાં.
૫. ઉચ્ચાર (મલ), પ્રશ્રવણ (મૂત્ર), શ્લેષ્મ (કફ), સિંઘાણ (નાકનો મેલ), જલ્લ (શરીરનો મેલ) નિર્જીવ સ્થાનોમાં નાખવાં.
૬. મનને સંયમમાં સંલગ્ન બનાવવું.
૭. વિવેકપૂર્વક બોલવું.
૮. કાયાથી સંવર તથા કર્મ-નિર્જરા કરવી.

---

૧. (ક) આગમોમાં અષ્ટ પ્રવચનમાતાની બે પ્રકારની વિવક્ષા છે. જેમ કે - પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ જેમાં દ્વાદશાંગનો સમાવેશ થાય છે. આ અષ્ટ પ્રવચનમાતાથી જ દ્વાદશાંગ પ્રવચનનો પ્રસવ થયો છે.
(ખ) अट्ठ पवयणमायाओ समिई गुत्ती तहेव य । पंचेव य समिईओ तओ गुत्तीओ आहिया ।
इरिया भासेसणादाणे उच्चार समिई इया । मणगुत्ती वयगुत्ती कायगुत्ती य अट्ठमा ।। उत्त. अ. २४, गा. १-२

૨. (ક) આવ. અ. ૪, સુ. ૨૪ (ખ) ઠાણં. અ. ૫, સુ. ૪૫૭ (૧) સમ., સ. ૫, સુ. ૧

૩. एगओ विरइं कुज्जा, एगओ य पवत्तणं । असंजमे नियत्तिं च संजमे य पवत्तणं ।। उत्त. अ. ३१, गा. २

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

९२५. एयाओ अट्ठ समिईओ[1] समासेण वियाहिया ।
दुवालसंगं जिणऽक्खायं मायं जत्थ उ पवयणं ।।
– उत्त. अ. २४, गा. ३

૯૨૫.આ આઠ સમિતિઓ સંક્ષેપમાં કહી છે. તેમાં જિનભાષિત દ્વાદશાંગ રૂપ પ્રવચન સમાયેલ છે.

ईर्या समिति

विधिकल्प - १

इरियासमिईए भेयप्पभेया :

९२६. आलंबणेण कालेणं, मग्गेण जयणाई य ।
चउकारणपरिसुद्धं, संजए इरियं रिए ।।
तत्थ आलंबणं नाणं, दंसणं चरणं तहा ।
काले य दिवसे वुत्ते, मग्गे उप्पहवज्जिए ।।

दव्वओ खेत्तओ चेव, कालओ भावओ तहा ।
जयणा चउव्विहा वुत्ता, तं मे कित्तयओ सुण ।।
दव्वओ चक्खुसा पेहे,
जुगमेत्तं च खेत्तओ ।
कालओ जाव रीएज्जा,
उवउत्ते य भावओ ।।
इंदियत्थे विवज्जित्ता, सज्झायं चेव पंचहा[2] ।
तम्मुत्ती तप्पुरक्कारे, उवउत्ते रियं रिए ।।
– उत्त. अ. २४, गा. ४-८

ईर्या समितिनां भेद-प्रभेद :

૯૨૬. સંયત મુનિ આલંબન, કાળ, માર્ગ અને યતના - આ ચાર કારણે પરિશુદ્ધ ઈર્યા સમિતિથી વિચરણ કરે.
તેમાં ઈર્યા-આલંબન-જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે. તેનો કાળ દિવસ છે. અને ઉન્માર્ગનો ત્યાગ કરવો એ એનો માર્ગ છે.
દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાથી યતનાના ચાર પ્રકાર છે. તે હું કહું છું. તે સાંભળો.
દ્રવ્યથી - આંખોથી જુએ,
ક્ષેત્રથી - યુગ માત્ર ભૂમિને જુએ,
કાળથી - ચાલતો રહે ત્યાં સુધી જુએ,
ભાવથી - ઉપયોગપૂર્વક ગમન કરે.
ઈન્દ્રિયોના વિષય અને પાંચ પ્રકારનાં સ્વાધ્યાયને છોડીને માત્ર ગમન-ક્રિયામાં જ તન્મય થઈ તેને જ મહત્ત્વ આપી ઉપયોગપૂર્વક ચાલવું જોઈએ.

इरिया समिईए सरूवं :

९२७. एयं कुसलस्स दंसणं ।
तद्दिट्ठीए,
तम्मुत्तीए,

तप्पुरक्कारे,

तस्सण्णी,
तण्णिवेसणे, जयं विहारी, चित्तणिवाती पंथणिज्झाई पालिबाहिरे पासिय पाणे गच्छेज्जा ।

से अभिक्कममाणे पडिक्कममाणे संकुचेमाणे पसारेमाणे विणियट्टमाणे संपलिमज्जमाणे ।

ईर्या समितिनुं स्वरूप :

૯૨૭. આ વીતરાગ પરમાત્માનું કુશલ દર્શન છે.
સાધક, વીતરાગ-દર્શન રૂપ ગુરુની દૃષ્ટિ અનુસાર અવલોકન કરવાનું શીખે અથવા ગુરુ સમીપે રહે.
ગુરુ દ્વારા બતાવેલાં વિષય-કષાય તેમ જ આસક્તિથી મુક્ત રહે.
ગુરુને સર્વ કાર્યોમાં આગળ કરે, (બહુમાન કરે, ગુરુમાં પૂર્ણ શ્રદ્ધા રાખે.)
સદા ગુરુની પાસે રહે. (સદા યતનાપૂર્વક વિચરે.)
ગુરુના અભિપ્રાયનું અનુસરણ કરી, માર્ગનું અવલોકન કરે, ગુરુના અવગ્રહથી બહાર રહેનાર ન થાય - અધિક દૂર કે અધિક નજીક ન રહે, ગુરુ ક્યાંય મોકલે તો યતનાપૂર્વક જીવજંતુઓને જોતાં જોતાં જાય.
તે સાધુ આવતાં, જતાં, પાછા ફરતાં, અવયવોને સંકોચતાં, ફેલાવતાં, આરંભથી નિવૃત્ત થતાં અને પ્રમાર્જનાદિ ક્રિયાઓ કરતાં સદા ગુરુની આજ્ઞાપૂર્વક વિચરે.

---

૧. ઈર્યાદિ પાંચની 'સમિતિ' અને મનોગુપ્તિ આદિ ત્રણની 'ગુપ્તિ' સંજ્ઞા સર્વત્ર પ્રસિદ્ધ છે. પણ આ ગાથામાં તથા ઠાણં અ. ૮, સુ. ૬૦૩માં આઠની સમિતિ સંજ્ઞા હોવાનો ઉલ્લેખ મળે છે.
૨. ઠાણં અ. ૫, ઉ. ૩, સુ. ૪૬૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एगया गुणसमितस्स रीयतो कायसंफासमणुचिण्णा एगतिया पाणा उद्दायंति इहलोगवेदणवेज्जावडियं ।

जं आउट्टिकयं कम्मं तं परिण्णाय विवेगमेति ।
एवं से अप्पमादेण विवेगं किट्टति वेदवी ।

आ. सु. १, अ. ५, उ. ४, सु. १६२-१६३

અપ્રમાદી, યતનાપૂર્વક વર્તનાર મુનિનાં સ્પર્શથી કદાચિત કોઈ પ્રાણીનો ઘાત થઈ જાય, અથવા કોઈ પ્રાણીને કિલામના થઈ જાય તો તેનું ફળ તેને એ જ ભવમાં પ્રાપ્ત થઈ ક્ષય પામે છે.

કોઈ પાપ જાણી જોઈને કર્યું હોય તો તેને જ્ઞપરિજ્ઞાથી જાણી પ્રાયશ્ચિત્ત દ્વારા દૂર કરવું જોઈએ. અપ્રમાદથી તે કર્મનો ક્ષય થાય છે. એમ આગમવેત્તા શાસ્ત્રકારે કહ્યું છે.

९२८. जययं विहराहि जोगवं, अणुपाणा पंथा दुरुत्तरा ।
अणुसासणमेव पक्कमे, वीरेहिं सम्मं पवेइयं ।।

– सूय. सु. १, अ. २, उ. १, गा. ११

૯૨૮. હે પુરુષ ! તું યતનાસહિત સમિતિ અને ગુપ્તિયુક્ત બનીને વિચર, કારણ કે સૂક્ષ્મ પ્રાણીઓથી યુક્ત માર્ગ ઉપયોગ રાખ્યા વિના પાર કરવો દુરુત્તર છે. શાસ્ત્રોક્ત રીતિથી જ સંયમનું પાલન કર. બધા તીર્થંકરોએ સમ્યક્ પ્રકારે એ જ ઉપદેશ આપ્યો છે.

फासुय विहार सरूव परूवणः

९२९. **प.** किं ते भंते ! फासुयविहारं ?

उ. सोमिला ! जं णं आरामेसु उज्जाणेसु देवकुलेसु सभासु पवासु इत्थी-पसु-पंडग-विवज्जियासु वसहीसु फासुएसणिज्जं पीढ-फलग-सेज्जा-संथारगं उवसंपज्जित्ताणं विहरामि, से तं फासुयविहारं ।[1]

–वि. स. १८, उ. १०, सु. २३

પ્રાસુક વિહાર સ્વરૂપ પ્રરૂપણ :

૯૨૯. **પ્ર.** હે ભંતે ! આપનો પ્રાસુક વિહાર કયો છે ?

ઉ. હે સોમિલ ! આરામ, ઉદ્યાન, દેવકુલ, સભા, પરબ આદિસ્થાનોમાં સ્ત્રી, પુરુષ અને નપુંસક રહિત વસ્તીઓમાં નિર્દોષ અને એષણીય પીઠ, ફલક, શય્યા અને સંથારા આદિ પ્રાપ્ત કરી હું વિચરું છું. તે મારો પ્રાસુક વિહાર છે.

भावियप्पणो अणगारस्स किरिया विहाणं :

९३०. **प.** अणगारस्स णं भंते ! भावियप्पणो पुरओ दुहओ जुगमायाए पेहाए रीयं रीयमाणस्स पायस्स अहे कुक्कुडपोते वा, वट्टापोते वा, कुलिंगच्छाए वा, परियावज्जेज्जा, तस्स णं भंते ! किं इरियावहिया किरिया कज्जइ, संपराइया किरिया कज्जइ ?

उ. गोयमा ! अणगारस्स णं भावियप्पणो-**जाव**-इरियावहिया किरिया कज्जइ, नो संपराइया किरिया कज्जइ ।

ભાવિત-આત્મા અણગારની ક્રિયાનું વિધાન :

૯૩૦. **પ્ર.** હે ભંતે ! આગળ અને બાજુએ યુગ (ધૂંસરી) પ્રમાણ ભૂમિને જોઈને ગમન કરતા સંવરયુક્ત અનગારના પગ નીચે કૂકડીનું બચ્ચું, બતકનું બચ્ચું કે કુલિંગચ્છાય (કીડી જેવું સૂક્ષ્મ જંતુ) આવીને મરણ પામે તો હે ભંતે ! તે અણગારને શું ઈર્યાપથિકી ક્રિયા લાગે કે સાંપરાયિકી ક્રિયા લાગે ?

ઉ. હે ગૌતમ ! તે સંવરયુક્ત અણગારને **યાવત્** ઈર્યાપથિકી ક્રિયા લાગે, પણ સાંપરાયિકી ક્રિયા ન લાગે !

---

१. (क) णाया. सु. १, अ. ५. सु. ४६ (ख) धम्म. भा. १. ख. २, सु. १८७, पृ. ८७
(ग) धम्म. भा. २, ख. ४, सु. ३०३, पृ. २७७

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ अणगारस्स णं भावियप्पणो–**जाव**–ईरियावहिया किरिया कज्जइ णो संपराइया किरिया कज्जइ ?

उ. गोयमा ! जस्स णं कोह–माण–माया–लोभा वोच्छिन्ना भवंति तस्स णं इरियावहिया किरिया कज्जइ,

जस्स णं कोह–माण–माया–लोभा अवोच्छिण्णा भवंति तस्स णं संपराइया किरिया कज्जइ ।

अहासुत्तं रीयमाणस्स इरियावहिया किरिया कज्जइ ।

उस्सुत्तं रीयमाणस्स संपराइया किरिया कज्जइ,

से णं अहासुत्तमेव रीयइ,

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ अणगारस्स णं भावियप्पणो–**जाव**–इरियावही किरिया कज्जइ नो संपराइया किरिया कज्जइ ।

–वि. स. १८, उ. ८, सु. २

प्र. ભંતે ! ભાવિતાત્મા અણગારને ઈર્યાપથિકી ક્રિયા લાગે **યાવત્** સાંપરાયિકી ક્રિયા નથી લાગતી એવું શા હેતુથી કહો છો ?

ઉ. ગૌતમ ! જેનાં ક્રોધ, માન, માયા અને લોભ સર્વથા ક્ષીણ થયાં હોય એવા (૧૧-૧૨-૧૩મા ગુણસ્થાનવર્તી અણગાર)ને ઈર્યાપથિકી ક્રિયા લાગે છે.

જેનાં ક્રોધ, માન, માયા અને લોભ સર્વથા ક્ષીણ થયા નથી તેઓને સાંપરાયિકી ક્રિયા લાગે છે.

યથાશ્રુતથી વ્યવહાર કરનારને ઈર્યાપથિકી ક્રિયા લાગે છે. ઉત્સૂત્ર વ્યવહાર કરનારને સાંપરાયિકી ક્રિયા લાગે છે.

સંવરયુક્ત અણગાર સૂત્ર પ્રમાણે (યથાખ્યાત ચારિત્ર સૂત્રના નિયમાનુસાર પ્રવૃત્તિ કરનારા) વર્તે છે.

તે હેતુથી ગૌતમ ! એવું કહેવામાં આવે છે કે સંવરયુક્ત અણગારને **યાવત્** ઈર્યા પથિકી ક્રિયા લાગે છે, સામ્પરાયિકી ક્રિયા લાગતી નથી.

संवुड अणगारस्स किरिया विहाणं :

९३१. प. संवुडस्स णं भंते ! अणगारस्स आउत्तं गच्छमाणस्स,
आउत्तं चिट्ठमाणस्स,
आउत्तं निसीयमाणस्स,
आउत्तं तुयट्टमाणस्स,
आउत्तं वत्थं पडिग्गहं कंबलं पायपुंछणं गिण्हमाणस्स वा, निक्खिवमाणस्स वा, तस्स णं भंते ! किं इरियावहिया किरिया कज्जइ ? संपराइया किरिया कज्जइ ?

उ. गोयमा ! संवुडस्स णं अणगारस्स आउत्तं गच्छमाणस्स–**जाव**–आउत्तं वत्थं पडिग्गहं कंबलं पायपुंछणं गिण्हमाणस्स वा, निक्खिवमाणस्स वा, तस्सं णं इरियावहिया किरिया कज्जइ, णो संपराइया किरिया कज्जइ ।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ – संवुडस्स णं अणगारस्स आउत्तं गच्छमाणस्स–**जाव**–
णिक्खिवमाणस्स वा, इरियावहिया किरिया कज्जइ णो संपराइया किरिया कज्जइ ?

उ. गोयमा ! जस्स णं कोह–माण–माया–लोभा वोच्छिन्ना भवंति, तस्स णं इरियावहिया किरिया कज्जइ, नो संपराइया किरिया कज्जइ ।

संवृत्त अणगारनी क्रियानुं विधान :

९३१. प्र. ભંતે ! ઉપયોગપૂર્વક ગમન કરતા,
ઉપયોગપૂર્વક ઉભા રહેતા,
ઉપયોગપૂર્વક બેસતા,
ઉપયોગપૂર્વક સૂતા-આળોટતા,
ઉપયોગપૂર્વક વસ્ત્ર, પાત્ર, કંબલ, અને પાદપ્રોચ્છનક (રજોહરણ) ને ગ્રહણ કરતા અને મૂકતા સંવૃત્ત-સંવરયુક્ત અણગારને ભંતે ! ઈર્યાપથિકી ક્રિયા લાગે કે સાંપરાયિકી ક્રિયા લાગે છે ?

ઉ. ગૌતમ ! ઉપયોગપૂર્વક ગમન કરતા **યાવત્** ઉપયોગપૂર્વક વસ્ત્ર, પાત્ર, કંબલ અને પાદ પ્રોંછનકને ગ્રહણ કરતા અને મૂકતા સંવરયુક્ત અનગારને ઈર્યાપથિકી ક્રિયા લાગે છે, સાંપરાયિકી ક્રિયા લાગતી નથી.

પ્ર. ભંતે ! એમ શા હેતુથી કહો છો કે - ઉપયોગપૂર્વક ગમન કરતા **યાવત્** ગ્રહણ કરતા ને મૂકતા સંવરયુક્ત અણગારને ઈર્યાપથિકી ક્રિયા લાગે છે, સાંપરાયિકી ક્રિયા લાગતી નથી ?

ઉ. ગૌતમ ! જેનાં ક્રોધ-માન-માયા-લોભ નષ્ટ થયાં હોય તેને ઈર્યાપથિકી ક્રિયા લાગે છે, સાંપરાયિકી ક્રિયા લાગતી નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जस्स णं कोह–माण–माया–लोभा अवोच्छिन्ना
भवंति, तस्स णं संपराइया किरिया कज्जइ ।
अहासुत्तं रीयमाणस्स इरियावहिया किरिया कज्जइ,
उस्सुत्तं रीयमाणस्स संपराइया किरिया कज्जइ,
से णं अहासुत्तमेव रीयइ,
से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ – संवुडस्स णं
अणगारस्स आउत्तं गच्छमाणस्स–**जाव**–
णिक्खिवमाणस्स णो संपराइया किरिया कज्जइ ।

वि. स. ७, उ. ७, सु. १

જેનાં ક્રોધ-માન-માયા-લોભ નષ્ટ થયાં નથી, તેને સાંપરાયિકી ક્રિયા લાગે છે.
યથાશ્રુતથી વ્યવહાર કરનારને ઈર્યાપથિકી ક્રિયા લાગે છે, ઉત્સૂત્ર વ્યવહાર કરનારને સાંપરાયિકી ક્રિયા લાગે છે.
સંવરયુક્ત અણગાર સૂત્ર પ્રમાણે વર્તે છે.
તે હેતુથી ગૌતમ ! એવું કહેવાય છે કે - સંવરયુક્ત અણગારને ઉપયોગપૂર્વક ગમન કરતા **યાવત્** સાંપરાયિકી ક્રિયા લાગતી નથી.

निषेधकल्प - २

अथिर कट्ठाइ उवरि गमण–णिसेहो :

९३२. होज्ज कट्ठं सिलं वा वि, इट्टालं वा वि एगया ।
ठवियं संकमट्ठाए, तं च होज्ज चलाचलं ।।
न तेण भिक्खू गच्छेज्जा, दिट्ठो तत्थ असंजमो ।
गंभीरं झुसिरं चेव, सव्विंदियसमाहिए ।।

–दस. अ. ५, उ. १, गा. ९६–९७

અસ્થિર લાકડાં આદિ પરથી જવાનો નિષેધ :

૯૩૨. રસ્તામાં લાકડું, પત્થર, ઈંટ કે જે કંઈ સાધન ઉલ્લંઘવા માટે રાખેલાં હોય તે સ્થિર ન હોય, તો પાંચ ઈન્દ્રિયોનું દમન કરનાર સમાધિવંત સાધુ તેના પર થઈને ગમન ન કરે. કારણ કે તેની જગ્યા કેટલી પોલી કે ઊંડી છે તેની ખબર ન પડવાથી તેવા સ્થળે અસંયમનો ભય ભગવાને બતાવ્યો છે.

मुणी इंगालाइं न अइक्कमे :

९३३. इंगालं छारियं रासिं, तुसरासिं च गोमयं ।
ससरक्खेहिं पाएहिं, संजओ तं न अइक्कमे ।।

–दस. अ. ५, उ. १, गा. ७

સાધુ કોલસાદિનું અતિક્રમણ ન કરે :

૯૩૩. સંયમી મુનિ અંગારાના ઢગલા પર, કોલસાના ઢગલા પર, રાખના ઢગલા પર, ફોતરાના ઢગલા પર, સચિત્ત રજથી ખરડાયેલા પગે ગમન ન કરે.

राईए गमण–णिसेहो :

९३४. नो कप्पइ निग्गंथाण वा, निग्गंथीण वा,
राओ वा वियाले वा,
अद्धाणगमणं एत्तए ।

– कप्प. उ. १, सु. ४६

રાત્રિગમન નિષેધ :

૯૩૪. સાધુઓ અને સાધ્વીઓએ
રાત્રે કે સંધ્યા સમયે
વિહાર (ગ્રામાનુગ્રામ માર્ગગમન) કરવો કલ્પતો નથી.

गोणाइ भएण उम्मग्ग गमण णिसेहो :

९३५. से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दूइज्जमाणे अंतरा से गोणं वियालं पडिपहे पेहाए–**जाव**–चित्तचेल्लडयं वियालं पडिपहे पेहाए णो तेसिं भीतो उम्मग्गेणं गच्छेज्जा, णो मग्गातो मग्गं संकमेज्जा, णो गहणं वा वणं वा दुग्गं वा अणुपविसेज्जा, णो रुक्खंसि दुरुहेज्जा, णो महतिमहालयंसि उदयंसि कायं विओमेज्जा, णो वाडं वा, सरणं वा, सेणं वा, सत्थं वा कंखेज्जा, अप्पुस्सुए–**जाव**–समाहीए, ततो संजयामेव गामाणुगामं दूइज्जेज्जा ।।

आ. सु. २, अ. ३, उ. ३, सु. ५१५

સાંઢાદિનાં ભયથી ઉન્માર્ગે જવાનો નિષેધ :

૯૩૫. ગ્રામાનુગ્રામ વિચરતાં સાધુ કે સાધ્વીને માર્ગમાં મદોન્મત્ત સાંઢ વિષ વાલુસર્વ **યાવત્** ચિત્તા આદિ હિંસક પશુ દેખાય તો તેને જોઈ ભયભીત થઈ ઉન્માર્ગે ન જાય, માર્ગ છોડી બીજા માર્ગે ન જાય, ગહન વન અથવા કિલ્લામાં પ્રવેશ ન કરે, વૃક્ષ પર ન ચઢે, ઊંડા તથા વિસ્તૃત પાણીમાં પ્રવેશ ન કરે, તથા શરીરને પાણીમાં ન છુપાવે, ન ડુબાડે, સુરક્ષા માટે વાડમાં ન છુપાય, સેના કે શસ્ત્રની ઈચ્છા ન કરે, પરંતુ શરીર અને ઉપકરણો પ્રત્યે રાગ-દ્વેષ રહિત થઈ કાયાનો વ્યુત્સર્ગ કરે, આત્મભાવનામાં લીન બને **યાવત્** સમાધિમાં સ્થિર રહે તેમ જ યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दस्सुगायतणमग्गेण गमण णिसेहो :

९३६. से भिक्खु वा भिक्खुणी वा गामाणुगामं दूइज्जमाणे अंतरा से विरूवरूवाणि पच्चंतिकाणि दस्सुगायतणाणि मिलक्खूणि आणारियाणि दुस्सण्णप्पाणि दुप्पण्णवणिज्जाणि ।

अकालपडिबोहीणि अकालपरिभोईणि, सति लाढे विहाराए संथरमाणेहिं जणवएहिं णो विहारवत्तियाए पवज्जेज्जा गमणाए ।

केवली बूया–आयाणमेयं ।

तेणं बाला "अयं तेणे, अयं उवचरए, अयं ततो आगते" त्ति कट्टु तं भिक्खुं अक्कोसेज्ज वा, बहेज्ज वा, रूभेज्ज वा, उद्दवेज्ज वा, वत्थंवा–**जाव**–पादपुंछणं अच्छिंदेज्ज वा, भिंदेज्ज वा, अवहरेज्ज वा, परिट्ठवेज्ज वा ।

अह भिक्खू णं पुव्वोवदिट्ठा पइण्णा–**जाव**–उवएसे जं तहप्पगाराणि विरूवरूवाणि पच्चंतियाणि दसुगायतणाणि–**जाव**–णो विहारवत्तियाए पवज्जेज्जा गमणाए । ततो संजयामेव गामाणुगामं दूइज्जेज्जा ।

– *आ. सु. २, अ. ३, उ. १, सु. ४७१*

अनार्योना प्रदेशमां मार्ग-गमननो निषेध :

९३६. એક ગામથી બીજે ગામ જતાં સાધુ-સાધ્વીને માર્ગમાં વિવિધ પ્રકારનાં દેશોના સીમાવર્તી સ્થળોમાં રહેલા ચોરોનાં સ્થાનો, મ્લેચ્છો, અનાર્યો, દુરાચારીઓનાં સ્થાનો મળે, ઘણી જ કઠિનતાથી તેઓને આર્યોના આચાર સમજાવી શકાય, અથવા ઘણી કઠિનતાથી ધર્મબોધ આપી તેમનાં અનાર્ય કર્મોને દૂર કરી શકાય. એવા, અકાળે જાગનારા, અકાળે ખાવા-પીવાવાળા મનુષ્યોનાં સ્થાન મળે ત્યારે એવા પ્રદેશોનાં સ્થાનો પર ન જાય. જો બીજો રસ્તો આર્ય પ્રદેશમાં થઈને જતો હોય તો પ્રાસુક આહાર કરનારા સાધુ એવા મ્લેચ્છાદિનાં સ્થાનોમાં વિહાર કરવાનો સંકલ્પ મનથી પણ ન કરે.

કેવલી ભગવાનનું કથન છે કે એવું કરવાથી કદાચિત્ કર્મ બંધનનું કાર્ય ઉપસ્થિત થાય.

તે અજ્ઞાની લોકો સાધુને જોઈ 'આ ચોર છે, ગુપ્તચર છે, અમારા શત્રુના ગામનો છે.'એ પ્રમાણે કહી સારું નરસું કહેશે, મારશે-પીટશે, પ્રાણ પણ લઈ લેશે, તેનાં વસ્ત્ર **યાવત્** રજોહરણ આદિ ઉપકરણ તોડી ફોડી નાંખશે અથવા છીનવી લેશે અથવા લૂંટી લેશે કે દૂર ફેંકી દેશે.

માટે સાધુ-સાધ્વીનો પૂર્વોપદિષ્ટ આચાર છે. **યાવત્** ઉપદેશ છે કે સાધુ જ્યાં ચોરાદિ અનાર્યોનાં સ્થાન હોય **યાવત્** ત્યાં થઈ વિહાર કરવાની ઈચ્છા ન કરે અને ગ્રામાનુગ્રામ ન વિચરે, પરંતુ આર્યપ્રદેશમાં યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરે.

निसिद्ध खेत्तेसु विहार–कारणस्स पायच्छित्त सुत्ताइं :

९३७. जे भिक्खू विहं अणेगाह–गमणिज्जं सति लाढे विहाराए संथरमाणेसु जणवएसु विहार–पडियाए अभिसंधारेइ अभिसंधारेंतं वा साइज्जइ ।

जे भिक्खू विरूवरूवाइं दस्सुयायणाइं अणारियाइं मिलक्खूइं पच्चंतियाइं सति लाढे विहाराए संथरमाणेसु जणवएसु विहारपडियाए अभिसंधारेइ अभिसंधारेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

–*नि. उ. १६, सु. २६–२७*

निषिद्ध क्षेत्रोमां विहार करवाना प्रायश्चित्त सूत्रो :

९३७. જે ભિક્ષુ સુવિધાજનક આહાર પ્રાપ્ત થાય તેવાં સ્થાન હોવા છતાં પણ ઘણા લાંબા દિવસો લાગે તેવા માર્ગથી જવાનો સંકલ્પ કરે, (કરાવે) કરનારનું અનુમોદન કરે...

જે ભિક્ષુ આહારાદિ સુવિધા પ્રાપ્ત હોવા છતાં પણ સીમા પર રહેતા અનેક પ્રકારના ચોર, અનાર્ય, મ્લેચ્છ આદિનાં સ્થાનો તરફ વિહાર કરે, (કરાવે,) કરનારનું અનુમોદન કરે....

તેને ચાતુર્માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आमोसगाणं भएण उम्मग्ग गमण णिसेहो :

९३८. से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दूइज्जेज्जा, अंतरा से विहं सिया, सेज्जं पुण विहं जाणेज्जा, इमंसि खलु विहंसि बहवे आमोसगा उवकरण पडियाए संपडिया गच्छेज्जा, णो तेसिं भीओ उम्मग्गेणं गच्छेज्जा-**जाव**-समाहिए । ततो संजयामेव गामाणुगामं दूइज्जेज्जा ।

-आ. सु. २, अ. ३, उ. ३, सु. ५१६

चोरोना भयथी उन्मार्गगमननो निषेध :

९३८. એક ગામથી બીજે ગામ જતાં સાધુ-સાધ્વી જો અરણ્ય કે અટવીનો માર્ગ જાણે તથા અહીં ઘણા ચોરો ઉપકરણોની ઈચ્છાથી એકઠા થઈ રહ્યાં છે એવું જાણે તો તેમનાથી ભયભીત થઈ ઉન્માર્ગમાં ન જાય **यावत्** સમાધિભાવમાં સ્થિર રહે. ચોરોનો ઉપસર્ગ સમાપ્ત થયા બાદ યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરે.

आमोसग-उवसग्गे तुसिणीए होज्जा :

९३९. से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दुइज्जेज्जा, अंतरा से आमोसगा संपडिया गच्छेज्जा, ते णं आमोसगा एवं वदेज्जा-"आउसंतो समणा ! आहर एयं वत्थं वा-**जाव**-पादपुछंणं वा देहिं, णिक्खिवाहि," तं णो देज्जा, णिक्खिवेज्जा, णो वंदिय जाएज्जा, णो अंजलिं कट्टु जाएज्जा, णो कलुणपडियाए जाएज्जा, धम्मियाए जायणाए जाएज्जा तुसिणीयभावेण वा उवेहेज्जा ।

-आ. सु. २, अ. ३, उ. ३, सु. ५१७

चोरनो उपसर्ग थतां मौन रहे :

९३९. સાધુ-સાધ્વી એક ગામથી બીજે ગામ જતાં હોય ત્યારે રસ્તામાં ચોરો એકઠા થઈને કહે કે, 'હે આયુષ્યમન્ શ્રમણ ! આ વસ્ત્ર **यावत्** રજોહરણાદિ લાવો અમને આપી દો. અહીં મૂકી દો એવું કહેવા છતાં પણ સાધુ ન આપે અને ભૂમિ પર પણ ન રાખે. જો તે જબરદસ્તી કરે તો નીચે મૂકી દે. તેઓ તે લઈ લે તો તેઓની પ્રશંસા કરી યાચના ન કરે, હાથ જોડીને ન માંગે, પરંતુ ધર્મનો ઉપદેશ આપી પાછું માંગે અથવા મૌન ધારણ કરી ઉપેક્ષાભાવે ઊભા રહે.

आमोसगेहि उवहि अवहरिए अभिओग णिसेहो :

९४०. तेणं आमोसगा सयं करणिज्जं ति कट्टु अक्कोसंति वा-**जाव**-उद्दवेंति वा वत्थं वा-**जाव**-पादपुंछणं वा अच्छिंदेज्ज वा-**जाव**-परिट्ठवेज्ज वा तं णो गामसंसारियं कुज्जा, णो रायसंसारियं कुज्जा, णो परं उवसंकमित्तु बूया-"आउसंतो गाहावती एते खलु आमोसगा उवकरणपडियाए सयं करणिज्जं ति कट्टु अक्कोसंति वा-**जाव**-परिट्ठवेंतिं वा ।" एतप्पगारं मणं वा वइं वा णो पुरतो कट्टु विहरेज्जा । अप्पुस्सुए-**जाव**-समाहिए, ततो संजयामेव गामाणुगामं दूइज्जेज्जा ।

-आ सु. २, अ. ३, उ. ३, सु. ५१८

चोरो उपकरण छीनवी ले तो पण फरियाद न करे :

९४०. ચોર પોતાનું કામ કઢાવવા સાધુને સાચું-જુઠું કહે, **यावत्** ઉપદ્રવ કરે તથા વસ્ત્ર **यावत्** રજોહરણ છીનવી લે, તોડીફોડી નાંખે **यावत्** દૂર ફેંકી દે, તો સાધુ તે ત્યાં છોડી દે. ચોરોનાં આ કાર્યની ગામમાં ચર્ચા ન કરે. રાજા કે શાસકની પાસે ફરિયાદ ન કરે. અને બીજા કોઈ ગૃહસ્થ પાસે જઈને પણ ન કહે કે, "આયુષ્મન્ ગૃહસ્થ ! આ ચોરોએ અમારા ઉપકરણ આદિ આક્રોશ કરીને લૂંટી લીધા છે. **यावत्** ફેંકી દીધા છે એવું મનમાં ચિંતા ન કરે અને વચનથી દુઃખ પણ પ્રગટ ન કરે. પરંતુ રાગ-દ્વેષ રહિત **यावत्** સમાધિમાં સ્થિર રહે. ચોરાદિનો ઉપદ્રવ સમાપ્ત થયા પછી જ યતનાપૂર્વક એક ગામથી બીજે ગામ વિચરે.

अण्णेण उवहि वहावणस्स पायच्छित्त सुत्तं :

९४१. जे भिक्खू अण्णउत्थिएण वा गारत्थिएण उवहिं वहावेइ वहावेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

-नि. उ. १२, सु. ४०

બીજા પાસે ઉપકરણ વહન કરાવવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :

९४१. જે ભિક્ષુ અન્યતીર્થિક પાસે કે ગૃહસ્થ પાસે ઉપકરણ વહન કરાવે, (વહન કરાવવા માટે કહે) વહન કરનારની અનુમોદના કરે.

તેને ચાતુર્માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पाडिपहियाणं पुच्छिए मोणं कायव्वं :

९४२. से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दूइज्जमाणे, अंतरा से पाडिपहिया उवागच्छेज्जा, ते णं पाडिपहिया एवं वदेज्जा-"आउसंतो समणा ! केवतिए एस गामे वा-**जाव**-रायहाणी वा, केवतिया एत्थ आसा हत्थी गामपिंडोलगा मणुस्सा परिवसंति ? से बहुभत्ते बहुउदए बहुजणे बहुजवसे ? से अप्पभत्ते अप्पुदए अप्पजणे अप्पजवसे ? एतप्पगाराणि पसिणाणि पुट्ठो णो आइक्खेज्जा, एयप्पगाराणि पसिणाणि णो पुच्छेज्जा ।

– आ. सु. २, अ. ३, उ. २, सु. ४९२

પથિકનાં પૂછવાથી મૌન રાખવું જોઈએ :

૯૪૨. એક ગામથી બીજે ગામ જતાં સાધુ-સાધ્વીને માર્ગમાં સામે કોઈ પથિક મળે તે પથિક સાધુને પૂછે, 'હે આયુષ્યમન્ શ્રમણ ! આ ગામ કેવડું મોટું અને કેવું છે ? **યાવત્** આ રાજધાની કેવી છે ? અહીં કેટલા ઘોડા, હાથી, ભિક્ષાજીવી મનુષ્ય તથા સ્થાયી નિવાસ કરનાર મનુષ્ય વસે છે ? (આ ગામ **યાવત્** રાજધાનીમાં) ભોજન, પાણી, ધાન્યની વિપુલતા છે યા અહીં ભોજન, પાણી, ધાન્યની અછત છે. આ પ્રમાણે પથિક પ્રશ્ન પૂછે તો સાધુ તેવા પ્રશ્નના જવાબ ન આપે. સામે મળતા પથિકો પણ આ પ્રમાણે પ્રશ્ન પૂછે. તો જવાબ ન આપે.

मग्गे गिहत्थेहिं सद्धिं आलाव णिसेहो :

९४३. से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दूइज्जमाणे णो परेहिं सद्धिं परिजविय परिजविय गामाणुगामं दूइलज्जेज्जा ।

ततो संजयामेव गामाणुगामं दूइज्जेज्जा ।

–आ. सु. २, अ. ३, उ. २, सु. ४९२

માર્ગમાં ગૃહસ્થો સાથે વાર્તાલાપનો નિષેધ :

૯૪૩. એક ગામથી બીજે ગામ વિહાર કરતાં સાધુ કે સાધ્વી ગૃહસ્થોની સાથે બહુ વધારે વાતો કરતાં ન ચાલે,

પરંતુ યતનાપૂર્વક ઈર્યાસમિતિનું યથાવિધિ પાલન કરતાં ગ્રામાનુગ્રામ વિચરે.

मग्गे वप्पाइ अवलोयण णिसेहो :

९४४. से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दूइज्जमाणे अंतरा से वप्पाणि वा-**जाव**-दरीओ वा कूडागाराणि वा, पासादाणि वा, णूमगिहाणि वा, रुक्खगिहाणि वा, पव्वतगिहाणि वा, रुक्खं वा, चेतियकडं थूभं वा, चेतियकडं आएसणाणि वा, आयतणाणि वा, देवकुलाणि वा, सहाणि वा, पवाणि वा, पणियगिहाणि वा, पणियसालाओ वा, जाणगिहाणि वा, जाणसालाओ वा, सुहाकम्मंताणि वा, दब्भकम्मंताणि वा, वक्ककम्मंताणि वा, चम्मकम्मंताणि वा, वणकम्मंताणि वा, इंगालकम्मंताणि वा, कट्ठकम्मंताणि वा, सुसाणकम्मंताणि वा, गिरिकम्मंताणि वा, कंदरकम्मंताणि वा, संतिकम्मंताणि वा, सेलोवट्ठाणकम्मंताणि वा, भवणगिहाणि वा णो बाहाओ पगिज्झिय पगिज्झिय अंगुलियाए, उद्दिसिय उद्दिसिय ओणमिय ओणमिय, उण्णमिय उण्णमिय णिज्झाएज्जा । ततो संजयामेव गामाणुगामं दूइज्जेज्जा ।

–आ. सु. २, अ. ३, उ. ३, सु. ५०४

માર્ગમાં ટેકરા આદિ અવલોકનનો નિષેધ :

૯૪૪. એક ગામથી બીજે ગામ જતાં સાધુ-સાધ્વી માર્ગમાં કોઈ ટેકરા **યાવત્** ગુફાઓ, પર્વત પર બનાવેલા ઘર, પ્રાસાદ, ભૂગૃહ, વૃક્ષોને કાપીને બનાવેલ ઘર, પર્વતગૃહ, કૃત-વૃક્ષ, ચૈત્યકૃત સ્તૂપ, લુહાર શાળા, ધર્મ સ્થાન, દેવાલય (મંદિર), સભાગૃહ પરબ, દુકાન, ગોદામ, યાનગૃહ, યાનશાળા, ચૂનો, દર્ભ-વલ્કલ, ચર્મ, વન્ય વસ્તુઓ, કોલસાનાં કે કાષ્ઠનાં કારખાનાં તથા સ્મશાન, પર્વત ગુફા ઈત્યાદિમાં બનાવેલા ઘર, શાંતિગૃહ, પાષાણ-મંડપ, ભવનગૃહ આદિ જોઈને હાથ ઊંચાનીચા કરી, આંગળી આદિથી ઈશારા કરી, નીચે ઝૂકી કે ઊંચા થઈ જુવે નહિ પરંતુ યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मग्गे कच्छाइ अवलोयण णिसेहो :

९४५. से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दूइज्जमाणे अंतरा से कच्छाणि वा, दवियाणि वा, णूमाणि वा, वलयाणि वा, गहणाणि वा, गहणविदुग्गाणि वा, वणाणि वा, वणविदुग्गाणि वा, पव्वताणि[1] वा, पव्वतविदुग्गाणि वा, अगडाणि वा, तलागाणि वा, दहाणि वा, णदीओ वा, वावीओ वा, पोक्खरणीओ वा, दीहियाओ वा, गुंजालियाओ वा, सराणि वा, सरपंतियाणि वा, सरसरपंतियाणि वा णो बाहाओ पगिज्झिय–**जाव**–णिज्झाएज्जा ।

केवली बूया–आयाणमेयं ।

जे तत्थ मिगा वा, पसुया वा, पक्खी वा, सरीसिवा वा, सीहा वा, जलचरा वा, थलचरा वा, खहचरा वा, सत्ता ते, उत्तसेज्ज वा, वित्तसेज्ज वा, वाडं वा, सरणं वा कंखेज्जा, चारे ति मे अयं समणे ।

अह भिक्खूणं पुव्वोवदिट्ठा–**जाव**–एस उवएसे जं णो बाहाओ पगिज्झिय–**जाव**–णिज्झाएज्जा ।

ततो संजयामेव आयरियउवज्झाहिं सद्धिं गामाणुगामं दुइज्जेज्जा ।

–आ. सु. २, अ. ३, उ. ३, सु. ५०५

मार्गमां कच्छादि अवलोकननो निषेध :

९४५. साधु के साध्वी ग्रामानुग्राम विचरता होय त्यारे मार्गमां कच्छ (नदी किनारानो नीचो प्रदेश), घासनी बीड प्रच्छन्न गुफा घर, नदीना वळांकथी घेरायेला प्रदेश, निर्जल प्रदेश, निर्जन भूमिमां रहेल किल्ला वन अथवा ઝાડीमां रहेल किल्ला, पहाडो, पहाडो पर बनेल किल्ला, कूवा, तळावो, धराओ, नदीओ, वावडीओ, पुष्करिणीओ (कमळवाळी-वावडी), दीर्घिकाओ (लांबी वावडीओ), गुंजालिका (घणी ઊંडी वावडीओ), सरोवरो, सरोवरनी पंक्तिओ, घणा सरोवरनी पंक्तिओ आदिने हाथ ઊंचा करी करीने **यावत्** नीचे नमी अथवा ઊंचा थईने न जुओ.

केवल ज्ञानीओनुं कथन छे के એમ करवामां कर्मबंधनुं कारण छे.

पूर्वोक्त स्थळोने आ प्रमाणे जोवाथी त्यां रहेल मृग, पशु, पक्षी, सर्प, सिंह, जलचर, स्थलचर, खेचर वगेरे सत्वो त्रास पामशे के विशेषરૂપथी त्रास पामशे, रक्षा माटे खेतरनी वाड अथवा ઝાડी आदिनो आश्रय लेवानी ईच्छा करशे. आ श्रमण अमने भगाडवा ईच्छे छे એમ समજशे.

माटे साधु-साध्वीनां पूर्वोपदिष्ट आचार छे **यावत्** उपदेश छे के साधु हाथ फेलावी-फेलावीने न जुओ **यावत्** न ईशारा करे,

परंतु यतनापूर्वक आचार्य उपाध्यायनी साथे ग्रामानुग्राम विचरे.

अण्णउत्थिएहिं सद्धिं णिक्खमण–पवेस–णिसेहो :

९४६. से भिक्खू वा भिक्खुणी वा बहिया वियारभूमिं वा, विहारभूमिं वा, णिक्खममाणे वा, पविसमाणे वा, णो अण्णउत्थिएण वा, गारत्थिएण वा, परिहारिओ अपरिहारिएण वा सद्धिं बहिया वियारभूमिं वा, विहारभूमिं वा णिक्खमेज्ज वा, पविसेज्ज वा ।

–आ. सु. २, अ. १, उ. १, सु. ३२८

अन्यतीर्थिक आदि साथे निष्क्रमण अने प्रवेश निषेध :

९४६. साधु अथवा साध्वी विचार भूमि (जंगल जवानी जग्या) अथवा विहारभूमि (स्वाध्याय भूमि) मांथी नीकळता होय अथवा प्रवेश करता होय त्यारे अन्यतीर्थिक साधुओनी साथे अथवा गृहस्थोनी साथे बहार न नीकळे, न प्रवेश करे. એवी ज रीते ઉग्र विहारी साधु शिथिलाचारीनी साथे विचारभूमि अथवा विहारभूमिमांथी न नीकळे अथवा न प्रवेश करे.

अण्णउत्थियाइहिं सद्धिं गामाणुगामगमण णिसेहो :

९४७. से भिक्खु वा भिक्खुणी वा गामाणुगामं दूइज्जमाणे णो अण्णउत्थिएण वा गारत्थिएण वा परिहारिओ अपरिहारिएण वा सद्धिं गामाणुगामं दुइज्जेज्जा ।

–आ. सु. २, अ. १, उ. १, सु. ३२९

अन्यतीर्थिकादिनी साथे ग्रामानुग्राम-गमननो निषेध :

९४७. साधु अथवा साध्वी એक गामथी बीजे गाम जाय त्यारे अन्यतीर्थिक के गृहस्थ, पारिहारिक अपारिहारिक (शिथिलाचारी) साथे ग्रामानुग्राम न विचरे.

---

१. तहेव गंतुमुज्जाणं, पव्वयाणि वणाणि य । रुक्खा महल्ल पेहाए, णेवं भासेज्ज पण्णवं ।। – दस. अ. ७, गा. २६

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अण्णउत्थियाइहिं सद्धिं णिक्खममाणस्स पविसमाणस्स पायच्छित्त सुत्ताइं :

९४८. जे भिक्खू अण्णउत्थिएण वा गारत्थिएण वा परिहारिएवा अपरिहारिएण सद्धिं गाहावइकुलं पिण्डवायपडियाए निक्खमइ वा अणुपविसइ वा निक्खमंतं वा अणुपविसंतं वा साइज्जइ ।

जे भिक्खू अण्णउत्थिएण वा गारत्थिएण वा परिहारिएवा अपरिहारिएण सद्धिं बहिया विहार-भूमिं वा, वियार-भूमिं वा निक्खमइ वा पविसइ वा निक्खमंतं वा पविसंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

-नि. उ. २, सु. ४०-४१

अन्यतीर्थिकादिની સાથે પ્રવેશ અને નિષ્ક્રમણનું પ્રાયશ્ચિત્ત સૂત્રો :

૯૪૮.જે ભિક્ષુ અન્યતીર્થિક અથવા ગૃહસ્થની સાથે તથા પારિહારિક અપારિહારિકની સાથે ગાથાપતિકુલમાં આહારની પ્રાપ્તિને માટે નિષ્ક્રમણ કરે છે, કે પ્રવેશ કરે છે, (નિષ્ક્રમણ કરાવે છે, પ્રવેશ કરાવે છે) નિષ્ક્રમણ કરનારનું કે પ્રવેશ કરનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ અન્યતીર્થિક અથવા ગૃહસ્થની સાથે તથા પારિહારિક અપારિહારિકની સાથે (ગ્રામથી) બહારની સ્વાધ્યાય ભૂમિમાં કે સ્થંડિલભૂમિમાં નિષ્ક્રમણ કરે છે, પ્રવેશ કરે છે, (નિષ્ક્રમણ કરાવે છે, પ્રવેશ કરાવે છે) નિષ્ક્રમણ કરનારનું, પ્રવેશ કરનારનું અનુમોદન કરે છે.

તેને માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

अण्णउत्थियाइहिं सद्धिं गामाणुगामं दुइज्जमाणस्स पायच्छित्त सुत्तं :

९४९. जे भिक्खू अण्णउत्थिएण वा गारत्थिएण वा परिहारिओ अपरिहारिएण सद्धिं गामाणुगामं दूइज्जइ, दूइज्जंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

-नि. उ. २, सु. ४२

અન્યતીર્થિક આદિની સાથે ગ્રામાનુગ્રામ વિહાર કરવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :

૯૪૯.જે ભિક્ષુ અન્યતીર્થિક કે ગૃહસ્થની સાથે પારિહારિક તથા અપારિહારિક સાથે ગ્રામાનુગ્રામ જાય છે, (બીજાને જવા માટે કહે છે) જનારનું અનુમોદન કરે છે...

તેને માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

विधि - निषेध कल्प - ७

भिक्खुगमणस्स विहिणिसेहो :

९५०. अणुन्नए नावणए, अप्पहिट्ठे अणाउले ।
इंदियाणि जहाभागं, दमइत्ता मुणी चरे ।।

दवदवस्स न गच्छेज्जा,[1] भासमाणो य गोयरे ।
हसंतो नाभिगच्छेज्जा, कुलं उच्चावयं सया ।।

-दस अ. ५, उ. १, गा. १३-१४

ભિક્ષુને ચાલવાનો વિધિ-નિષેધ :

૯૫૦.માર્ગે ચાલતો મુનિ બહુ ઊંચું મુખ ન રાખે, અતિ નીચું મુખ ન રાખે (દીનતા ધારણ કરીને ન ચાલે,) તેમજ હર્ષિત થયા વિના, આકુલતા રહિત, ઈન્દ્રિયોને પોતપોતાના વિષયોમાં આસક્ત થતી અટકાવીને, જાળવીને વિચરે.

હંમેશા સધન-નિર્ધન ઘરોમાં અભેદ ભાવે ગોચરી જનાર સંયમી બહુ ઉતાવળું ન ચાલે, તેમ જ ચાલતાં ન હસે, ન બોલે.

विसममग्गे गमणस्स विहिणिसेहो :

९५१. ओवायं विसमं खाणुं, विज्जलं परिवज्जए ।
संकमेण न गच्छेज्जा, विज्जमाणे परक्कमे ।।

વિષમ માર્ગે જવાનો વિધિ-નિષેધ :

૯૫૧.(ગુણસંપન્ન સાધુ), ખાડા કે ઊંચી નીચી વિષમ જગ્યા, વૃક્ષના ઠૂંઠા, અનાજનું કંઠલ કે કાદવવાળા માર્ગને છોડી દે તેમ જ બીજો સારો માર્ગ હોય તો ખાડાને ઓળંગવા માટે કાષ્ઠ પાષાણ વગેરે ગોઠવ્યા હોય તો તે ઉપર પણ ન ચાલે.

---

१. उत्त. अ. १७, गा. ८

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पवडंते व से तत्थ, पक्खलंते व संजए ।
हिंसेज्ज पाणभूयाइं, तसे अदुव थावरे ।।

तम्हा तेण न गच्छेज्जा, संजय सुसमाहिए ।
सइ अन्नेण मग्गेण, जयमेव परक्कमे ।।

–दस. अ. ५, उ. १, गा. ४–६

कारण કે, તેવા વિષમ માર્ગે જતાં ત્યાં તે સંયમી કદાચિત લપસી પડે કે ખાડામાં પડી જાય તો હાલતા-ચાલતા જીવોની તથા ત્રસ સ્થાવર જીવોની હિંસા થાય.
માટે સમાધિવંત સંયમી અન્ય સારો માર્ગ હોય તો તેવા વિષમ માર્ગે ન જાય. અને સારો માર્ગ ન જ હોય તો તે માર્ગે ઉપયોગ પૂર્વક ગમન કરે.

भिक्खट्ठागमणमग्गस्स विहिणिसेहो :

ભિક્ષાર્થ ગમન માર્ગનો વિધિ-નિષેધ :

९५२. से भिक्खू वा भिक्खुणी वा गाहावइकुलं पिंडवाय पडियाए अणुपविट्ठे समाणे अंतरा से वप्पाणि वा, फलिहाणि वा, पागाराणि वा, तोरणाणि वा, अग्गलाणि वा, अग्गलपासगाणि वा, गड्ढाओ वा, दरिओ वा, सति परिक्कमे संजयामेव परक्कमेज्जा णो उज्जुयं गच्छेज्जा ।

केवली बूया–आयाणमेयं ।

से तत्थ परक्कममाणे पयलेज्ज वा, पवडेज्ज वा, से तत्थ पयलमाणे वा, पवडमाणे वा तत्थ से काए उच्चारेण वा, पासवणेण वा, खेलेण वा, सिंघाणएण वा, वंतेण वा, पित्तेण वा, पूएण वा, सुक्केण वा, सोणिएण वा उवलित्ते सिया ।

तहप्पगारं कायं णो अणंतरहियाए पुढवीए, णो ससणिद्धाए पुढवीए, णो ससरक्खाए पुढवीए, णो चित्तमंताए सिलाए, णो चित्तमंताए लेलूए, कोलावासंसि वा दारुए जीव पतिट्ठिते सअंडे–जाव–संताणए णो आमज्जेज्ज वा, णो पमज्जेज्ज वा, णो संलिहेज्ज वा, णो णिल्लिहेज्ज वा, णो आयावेज्ज वा, णो पयावेज्ज वा ।

से पुव्वामेव अप्पससरक्ख तणं वा, पत्तं वा, कट्ठं वा, सक्करं वा जाएज्जा, जाइत्ता सेत्तमायाए एगंतमवक्कमेज्जा, एगंतमवक्कमित्ता अहे झाम–थंडिल्लंसि वा, अट्ठिरासिंसि वा, किट्टरासिंसि वा, तुसरासिंसि वा, गोमयरासिंसि वा अण्णतरंसि वा तहप्पगारंसि पडिलेहिय, पडिलेहिय, पमज्जिय पमज्जिय ततो संजयामेव आमज्जेज्ज वा पमज्जेज्ज वा, संलिहेज्ज वा णिल्लिहेज्ज वा, आयावेज्ज वा, पयावेज्ज वा ।

–आ. सु. २, अ. १, उ. ५, सु. ३५३

૯૫૨. સાધુ કે સાધ્વી ગૃહસ્થને ત્યાં ગોચરીએ જતાં માર્ગમાં ઊંચા ટેકરા, ખેતરની કયારી, ખાઈ, કોટ, બંધ દ્વાર, આગળિયાદિ અથવા ખાડો, ગુફા ઈત્યાદિ વાળો માર્ગ હોય તો સંયમી સાધુ એ માર્ગે ન જાય. પણ બીજો સારો માર્ગ હોય તો ચક્કર લઈને પણ તે માર્ગે યતના પૂર્વક જાય.

કેવળી ભગવાનનું કથન છે કે, (આવા વિષમ માર્ગ જવામાં) કર્મબંધનનું કારણ છે.
તેવા વિષમ માર્ગે જતાં લપસી જવાય પડી જવાય કે ડગી જવાય, લપસવાથી પડી જવાથી કે ડગી જવાથી તે સાધુનું શરીર મળ, મૂત્ર, લીંટ, વમન, પિત્ત, ચરબી, શુક્ર કે લોહીથી ખરડવા સંભવ છે.

કયારેક આવી રીતે ખરડાય તો પણ તે ભિક્ષુ મૂત્રાદિથી ભરેલા શરીરને સચિત્ત પૃથ્વી, (માટી) સચિત્ત ચિકણી માટી સચિત્ત રજવાળી પૃથ્વી (માટી), સચિત્ત શીલા (સચિત્ત પત્થર) સચિત્ત ઢેફું અથવા ઉધઈવાળું લાકડું, જીવાત વાળું લાકડું તથા ઈંડા **યાવત્** જાળાવાળું લાકડું ઈત્યાદિથી પોતાનું શરીર એકવાર કે વારંવાર સાફ ન કરે, એકવાર કે વારંવાર ન ઘસે, એકવાર કે વારંવાર તાપમાં ન સુકાવે.
(પગ લપસવાથી કે પડી જવાથી સાધુનું શરીર જો મળમૂત્રકફાદિથી ભરાઈ જાય તો) સાધુ સચિત્ત રજ આદિથી રહિત તૃણ, પત્ર, કાષ્ટ, કાંકરો ઈત્યાદિની યાચના કરે, યાચના કર્યા બાદ એકાન્ત સ્થાનમાં જઈ બળેલી ભૂમિ પર, હાડકાના ઢગલા કે લોઢાનાં ઢગલા પર, ભૂંસાના ઢગલા પર, સૂકા છાણનાં ઢગલા પર કે એવા અન્ય પ્રકારના સ્થાનનું પ્રતિલેખન તથા પ્રમાર્જન કરી યતનાપૂર્વક સંયમી સાધુ સ્વયમેવ પોતાના શરીરને લાકડાદિથી એકવાર કે વારંવાર સાફ કરે, એકવાર કે વારંવાર ઘસે, તાપમાં એકવાર કે વારંવાર સુકાવે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

९५३. से भिक्खू वा भिक्खुणी वा-**जाव**-अणुपविट्ठे समाणे अंतरा से ओवाए वा, खाणुं वा, कंटए वा, घसी वा, भिलुगा वा, विसमे वा, विज्जले वा, परियावज्जेज्जा सति परक्कमे संजयामेव परक्कमेज्जा णो उज्जुयं गच्छेज्जा ।

-*आ. सु. २, अ. १ उ. ५, सु. ३५५*

गामाणुगाम गमणस्स विहिणिसेहो :

९५४. से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दूइज्जमाणे पुरओ जुगमायं पेहमाणे दट्ठूणं तसे पाणे उद्धट्टु पादं रीएज्जा, साहट्टु पादं रीएज्जा, वितिरिच्छं वा कट्टु पादं रीएज्जा, सति परक्कमे संजयामेव परक्कमेज्जा, णो उज्जुयं गच्छेज्जा, ततो संजयामेव गामाणुगामं दूइज्जेज्जा ।

-*आ. सु. २, अ. ३, उ. १, सु. ४६९*

९५५. से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दुइज्जमाणे णो मट्टियागतेहिं पाएहिं हरियाणी छिंदिय छिंदिय विकुज्जिय विकुज्जिय विफालिय विफालिय उम्मग्गेणं हरियवधाए गच्छेज्जा जहेयं पाएहिं मट्टियं खिप्पामेव हरियाणि अवहरंतु । माइट्ठाणं संफासे । णो एवं करेज्जा । से पुव्वामेव अप्पहरियं मग्गं पडिलेहेज्जा, पडिलेहित्ता ततो संजयामेव गामाणुगामं दूइज्जेज्जा ।

से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दूइज्जमाणे अंतरा से वप्पाणि वा-**जाव**-दरीओ वा, सति परक्कमे संजयामेव परक्कमेज्जा णो उज्जुयं गच्छेज्जा ।

केवली बूया-आयाणमेयं ।

से तत्थ परक्कममाणें पयलेज्ज वा, पवडेज्ज वा, से तत्थ पयलमाणे वा, पवडमाणे वा, रुक्खाणि वा, गुच्छाणि वा, गुम्माणि वा, लयाओ वा, वल्लीओ वा, तणाणि वा, गहणाणि वा, हरियाणि वा, अवलंबिय अवलंबिय उत्तरेज्जा, जे तत्थ पडिपहिया उवागच्छंति ते पाणी जाएज्जा, जाइत्ता ततो संजयामेव अवलंबिय अवलंबिय उत्तरेज्जा । ततो संजयामेव गामाणुगामं दूइज्जेज्जा ।

- *आ. सु. २, अ. ३, उ. २, सु. ४९८-९९*

૯૫૩. સાધુ કે સાધ્વી **યાવત્** ગોચરીએ જતાં માર્ગમાં કોઈ ખાડા, ઠૂંઠા કે કાંટા આવે, ઢાળવાળી જમીન, ફાટેલી કાળી જમીન, ઊંચી-નીચી જમીન કે ગારા-કીચડવાળી જમીન હોય તો એ માર્ગ છોડી સંયમી સાધુ બીજા માર્ગથી જાય પણ ખાડા ટેકરાવાળા વિષમ માર્ગે ન જાય.

ગ્રામાનુગ્રામ ગમનનો વિધિ-નિષેધ :

૯૫૪. સાધુ કે સાધ્વી એક ગામથી બીજે ગામ જતાં યુગ પરિમિત-ચાર હાથ ભૂમિ દેખતાં, ત્રસ આદિ જીવોને પગ ઊંચા આડા અવળા કરીને, તેને ઓળંગીને આગળ પગ રાખે અથવા પગ પાછો હટાવી લે અથવા તિર્છો કરીને રાખે. બીજો માર્ગ હોય તો યતનાપૂર્વક બીજા માર્ગથી જાય. પણ સીધા માર્ગથી ન જાય. આ પ્રમાણે યતનાપૂર્વક એક ગામથી બીજે ગામ વિહાર કરે.

૯૫૫. સાધુ અથવા સાધ્વી જ્યારે ગ્રામાનુગ્રામ વિચરી રહ્યાં હોય અને પગ કીચડથી ખરડાઈ જાય તો તેને સાફ કરવા માટે ઉન્માર્ગમાં જઈ સચિત્ત વનસ્પતિ છેદી, વારંવાર છેદી અથવા લીલાં પાન એકઠાં કરી કે કચડી, ઉખેડી પગ સાફ ન કરે. જ્યાં વનસ્પતિની હિંસા થાય તે માર્ગે ન જાય. પગમાં કીચડ લાગવાથી જો વનસ્પતિથી લૂંછવામાં આવે તો સંયમમાં દોષ લાગે છે. માટે સાધુએ એવું ન કરવું જોઈએ. પહેલાં જ લીલોતરી રહિત માર્ગ જોઈ યતનાપૂર્વક એક ગામથી બીજે ગામ જવું જોઈએ.

ગ્રામાનુગ્રામ વિહાર કરતા સાધુ અથવા સાધ્વી જ્યારે માર્ગમાં ઊંચા ઊંચા ટેકરા, ખેતરની કયારી **યાવત્** ગુફા ઈત્યાદિવાળો માર્ગ હોય તો સંયમી સાધુ એ માર્ગે ન જાય. પણ બીજો સારો માર્ગ હોય તો ચક્કર લઈને પણ તે માર્ગે યતના પૂર્વક જાય.

કેવલી ભગવાનનું કથન છે કે (વિષમ માર્ગથી જવામાં) કર્મબંધનનું કારણ છે.

એવા વિષમ માર્ગે જતાં સાધુ-સાધ્વીના પગ લપસી શકે છે, જેથી પડી પણ જવાય. કદાચ તેઓનો પગ આદિ લપસી જાય કે તેઓ પડવા લાગે તો ત્યાં જે પણ વૃક્ષ, ગુચ્છ, પાંદડાઓ, ફૂલો, ઝાડીઓ, લત્તાઓ, વેલીઓ, ઘાસ કે સઘન ઝાડીઓ ઈત્યાદિ વનસ્પતિનો આધાર લે અને જાય આવે અથવા સામેથી કોઈ પથિક આવતો હોય તો તેના હાથનો સહારો માંગે. હાથનો આધાર મળવાથી તેને પકડી યતનાપૂર્વક ચાલે અથવા ઉતરે. આ પ્રમાણે સાધુ કે સાધ્વીએ યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિહાર કરવો જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आयारियाईहिं सद्धिं गमण विहिणिसेहो :

९५६. से भिक्खू वा भिक्खुणी वा आयरिय उवज्झाएहिं सद्धिं गामाणुगामं दूइज्जमाणे णो आयरिय उवज्झायस्स हत्थेण हत्थं, पाएण पायं, कारण कायं आसाएज्जा । से अणासादए अणासायमाणे ततो संजयामेव आयरिय उवज्झाएहिं सद्धिं गामाणुगामं दूइज्जेज्जा ।

–आ. सु. २, अ. ३, उ. ३, सु. ५०६

આચાર્યાદિની સાથે જવાનો વિધિ-નિષેધ :

૯૫૬. સાધુ, આચાર્ય કે ઉપાધ્યાયની સાથે એક ગામથી બીજે ગામ જતા હોય ત્યારે, આચાર્યાદિના હાથથી હાથ ભીડી ચાલે નહિ, પગથી પગ અડાડે નહિ, શરીરથી શરીર ટકરાવે નહિ, એ પ્રમાણે આશાતના ન કરતાં, યતનાપૂર્વક તેઓની સાથે ગ્રામાનુગ્રામ વિહાર કરે.

मग्गे आयरियाईणं विणओ :

९५७. से भिक्खू वा भिक्खुणी वा आयरिय-उवज्झाएहिं सद्धिं दूइज्जमाणे अंतरा से पाडिपहिया उवागच्छेज्जा ते णं पाडिपहिया एवं वदेज्जा –

प. आउसंतो समणा ! के तुब्भे, कओ वा एह, कहिं वा गच्छिहिह ?

उ. जे तत्थ आयरिए वा, उवज्झाए वा, से भासेज्ज वा, वियागरेज्ज वा, आयरिय-उवज्झायस्स भासमाणस्स वा, वियागरेमाणस्स वा णो अंतरा भासं करेज्जा, ततो संजयामेव आहारातिणियाए दुइज्जेज्जा ।

–आ. सु. २, अ. ३, उ. ३, सु. ५०७

માર્ગમાં આચાર્યાદિનો વિનય :

૯૫૭. સાધુ કે સાધ્વી આચાર્ય-ઉપાધ્યાયની સાથે ગ્રામાનુગ્રામ વિચરતા હોય ત્યારે માર્ગમાં સામે પથિક મળી જાય અને જો તે આ પ્રમાણે કહે કે -

પ્ર. આયુષ્યમાન શ્રમણ ! તમે કોણ છો ? કયાંથી આવો છો ? અથવા કયાં જઈ રહ્યાં છો ?

ઉ. તો પ્રશ્નનાં ઉત્તરમાં જે આચાર્ય કે ઉપાધ્યાય (અથવા મોટા સંત) હોય તે વાર્તાલાપ કરે, તે દરમ્યાન બીજા નાના સાધુ વાર્તાલાપની વચ્ચે બોલે નહિ પરંતુ મૌન રાખે, એ જ પ્રમાણે રત્નાધિક-વડિલોનાં ક્રમથી યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિહાર કરે.

मग्गे रयणाहियेहिं सद्धिं गमणस्स विहि णिसेहो :

९५८. से भिक्खू वा भिक्खुणी वा आहारातिणियं गामाणुगामं दूइज्जमाणे णो राइणियस्स हत्थेण हत्थं, पादेण पादं, कारण कायं आसादेज्जा । से अणासादए अणासायमाणे ततो संजयामेव आहाराइणियं गामाणुगामं दूइज्जेज्जा ।

–आ सु. २, अ. ३, उ. ३, सु. ५०८

માર્ગમાં રત્નાધિકની સાથે જવાનો વિધિ-નિષેધ :

૯૫૮. રત્નાધિક (પોતાનાથી દીક્ષામાં મોટા) સાધુ અથવા સાધ્વીની સાથે ગ્રામાનુગ્રામ વિચરતા હોય ત્યારે, મુનિ પોતાના હાથથી રત્નાધિક સાધુના હાથથી હાથ ભીડી ચાલે નહિ, પગથી પગ અડાડે નહિ, શરીરથી શરીર ટકરાવે નહિ, એ પ્રમાણે આશાતના ન કરતાં સાધુ યથા રત્નાધિક ક્રમથી તેની સાથે યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિહાર કરે.

मग्गे रयणाहियाण विणओ –

९५९. से भिक्खू वा भिक्खुणी वा आहाराइणियं गामाणुगामं दूइज्जमाणे अंतरा से पाडिपहिया उवागच्छेज्जा, ते णं पाडिपहिया एवं वदेज्जा –

प. आउसंतो समणा ! के तुब्भे, कओ वा एह, कहिं वा गच्छिहिह ?

उ. जे तत्थ सव्वरातिणिए से भासेज्ज वा वियागरेज्ज वा, रातिणियस्स भासमाणस्स वा, वियागरेमाणस्स वा णो अंतरा भासं भासेज्जा । ततो संजयामेव गामाणुगामं दूइज्जेज्जा

–आ. सु. २, अ. ३, उ. ३, सु. ५०९

માર્ગમાં રત્નાધિકનો વિનય :

૯૫૯. રત્નાધિક સાધુઓની સાથે ગ્રામાનુગ્રામ વિહાર કરતા હોય ત્યારે, માર્ગમાં સામે પથિક મળી જાય અને જો તે આ પ્રમાણે કહે કે -

પ્ર. આયુષ્યમાન શ્રમણ ! તમે કોણ છો ? કયાંથી આવો છો ? અથવા કયાં જઈ રહ્યાં છો ?

ઉ. તો પ્રશ્નનાં ઉત્તરમાં જે રત્નાધિક હોય તે વાર્તાલાપ કરે, તે દરમ્યાન બીજા નાના સાધુ વાર્તાલાપની વચ્ચે બોલે નહિ પરંતુ મૌન રાખી તેમની સાથે યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિહાર કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

थेराणं वेयावडियाए परिहारकप्पट्ठियस्स गमणविसया विहि-णिसेहो पायच्छित्तं च-

९६०. परिहार-कप्पट्ठिए भिक्खू बहिया थेराणं वेयावडियाए गच्छेज्जा, थेरा य से सरेज्जा ।

कप्पइ से एगराइयाए पडिमाए । जं णं जं णं दिसं अन्ने साहम्मिया विहरंति तं णं तं णं दिसं उवलित्तए । नो से कप्पइ तत्थ विहारवत्तियं वत्थए ।

कप्पइ से तत्थ कारणवत्तियं वत्थए । तंसि च णं कारणंसि निट्ठियंसि परो वएज्जा – "वसाहि अज्जो ! एगरायं वा दुरायं वा" एवं से कप्पइ एगरायं वा दुरायं वा वत्थए । नो से कप्पइ परं एगरायाओ वा दुरायाओ वा वत्थए ।

जे णं तत्थ एगरायाओ वा दुरायाओ वा परं वसइ, से संतरा छेए वा परिहारे वा ।

परिहार-कप्पट्ठिए भिक्खू बहिया थेराणं वेयावडियाए गच्छेज्जा, थेरा य से नो सरेज्जा कप्पइ से निव्विसमाणस्स एगराइयाए पडिमाए जं णं जं णं दिसिं अन्ने साहम्मिया विहरंति तं णं तं णं दिसिं उवलित्तए ।

नो से कप्पइ तत्थ विहारवत्तियं वत्थए ।

कप्पइ से तत्थ कारणवत्तियं वत्थए ।
तंसि च णं कारणंसि निट्ठियंसि परोवएज्जा –
"वसाहि अज्जो ! एगरायं वा दुरायं वा"
एवं से कप्पइ एगरायं वा दुरायं वा वत्थए ।
नो से कप्पइ परं एगरायाओ वा दुरायाओ वा वत्थए ।
जे तत्थ परं एगरायाओ वा दुरायाओ वा वसइ, से संतरा छेए वा परिहारे वा ।

परिहार-कप्पट्ठिए भिक्खू बहिया थेराणं वेयावडियाए गच्छेज्जा थेरा य से सरेज्जा वा, नो सरेज्जा वा ।

સ્થવિરોની સેવા માટે પરિહાર કલ્પસ્થિત ભિક્ષુના ગમન સંબંધી વિધિ-નિષેધ અને પ્રાયશ્ચિત્ત :

૯૬૦. પરિહાર-કલ્પમાં સ્થિત ભિક્ષુ (સ્થવિરની આજ્ઞાથી) અન્યત્ર કોઈ રોગી સ્થવિરની વૈય્યાવૃત્ય માટે જાય ત્યારે સ્થવિર તેને સ્મરણ કરાવે કે -
"હે ભિક્ષુ ! તમે પરિહાર તપ રૂપ પ્રાયશ્ચિત્ત કરી રહ્યા છો. તો વિશ્રામ માટે જ્યાં મારે રહેવું પડશે ત્યાં હું એક રાત્રિથી અધિક રહીશ નહિ." એવી પ્રતિજ્ઞા કરો તથા જે દિશામાં રોગી ભિક્ષુ છે તે દિશામાં જાઓ. માર્ગમાં વિશ્રામ માટે તમારે માત્ર એક રાત્રિ જ રહેવું કલ્પે છે પણ એક રાતથી વધારે રહેવું કલ્પતું નથી.

રોગાદિના કારણે અનેક રાત રહેવું પણ કલ્પે છે. કારણ કે સમયની સમાપ્તિ બાદ પણ જો કોઈ ભિક્ષુ એમ કહે કે, 'હે આર્ય ! તમે અહીં એક-બે રાત હજુ રહો.' તો એક-બે રાત રહેવું કલ્પે છે. પણ ત્યારબાદ ત્યાં એક-પણ રાત વધુ રહેવું કલ્પતું નથી.

જો પછી પણ તે ત્યાં રહે તો જેટલા દિવસ-રાત તે ત્યાં રહે આચાર્યાદિ તેને તેટલા દિવસની દીક્ષા છેદ કે પરિહાર તપનું પ્રાયશ્ચિત્ત આપે.

પરિહાર કલ્પ-સ્થિત ભિક્ષુ જ્યારે કોઈ રોગી ભિક્ષુની વૈય્યાવૃત્ય માટે જાય ત્યારે જો સ્થવિર કોઈ કારણવશ તેને સ્મરણ ન કરાવી શકે તો પણ તે ભિક્ષુ - 'માર્ગમાં વિશ્રામ માટે જ્યાં રહેવું પડશે ત્યાં હું એક રાતથી અધિક રહીશ નહિ.' - એવી પ્રતિજ્ઞા કરી જે દિશામાં રોગી સ્થવિર છે તે દિશામાં જાય.
માર્ગમાં તેને વિશ્રામ માટે એક રાત રહેવું કલ્પે છે, પણ એક રાતથી વધુ રહેવું કલ્પતું નથી.
રોગાદિના કારણે અનેક રાત રહેવું પણ કલ્પે છે.
કારણ પૂર્ણ થયા બાદ પણ જો કોઈ ભિક્ષુ કહે કે - 'હે આર્ય ! હજુ તમે એક-બે રાત વધુ રહો.'
તો તેને ત્યાં એક બે રાત વધુ રહેવું કલ્પે છે. પરંતુ ત્યારબાદ ત્યાં એક રાત પણ વધુ રહેવું કલ્પતું નથી.
જો પછી પણ તે ત્યાં રહે તો જેટલા દિવસ-રાત તે ત્યાં રહે, તેટલા દિવસની દીક્ષાનો છેદ અથવા પરિહાર તપનું પ્રાયશ્ચિત્ત તેને આચાર્યાદિ આપે.

પરિહાર કલ્પ-સ્થિત ભિક્ષુ, કોઈ રોગી સ્થવિરની વૈયાવૃત્ય માટે જાય ત્યારે સ્થવિર કાર્યવશ સ્મરણ કરાવે અથવા ન કરાવે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कप्पइ से निव्विसमाणस्स एगराइयाए पडिमाए जं णं जं णं दिसं अन्ने साहम्मिया विहरंति । तं णं तं णं दिसं उवलित्तए ।

नो से कप्पइ तत्थ विहारवत्तियं वत्थए ।

कप्पइ से तत्थ कारणवत्तियं वत्थए ।
तंसि च णं कारणंसि निट्ठियंसि परो वएज्जा-"वसाहि अज्जो ! एगरायं वा, दुरायं वा ।" एवं से कप्पइ एगरायं वा, दुरायं वा वत्थए । नो से कप्पइ परं एगरायाओ वा, दुरायाओ वा वत्थए ।
जे तत्थ परं एगरायाओ वा, दुरायाओ वा वसइ, से संतरा छेए वा परिहारे वा ।

व. उ. १, सु. २०-२२

तो પણ તે ભિક્ષુ માર્ગમાં વિશ્રામ માટે જ્યાં મને રહેવું પડશે ત્યાં હું એક રાતથી વધુ રહીશ નહિ. એવી પ્રતિજ્ઞા કરી એ દિશામાં જાય, જે દિશામાં રોગી સ્થવિર છે.
માર્ગમાં વિશ્રામ માટે તેને એક રાત રહેવું પણ કલ્પે છે.
પણ એક રાતથી વધુ રહેવું કલ્પતું નથી.
રોગાદિના કારણે અનેક રાત રહેવું પણ કલ્પે છે.
કારણની સમાપ્તિ બાદ પણ જો કોઈ ભિક્ષુ કહે કે, - 'હે આર્ય ! તમે અહીં એક-બે રાત વધુ રહો.' તો તેને ત્યાં એક-બે રાત વધુ રહેવુ કલ્પે છે. પણ ત્યારબાદ તેને એક-બે રાત વધુ રહેવું કલ્પતું નથી.
જો ત્યારબાદ પણ તે ત્યાં રહે તો જેટલા દિવસ-રાત ત્યાં રહે, આચાર્યાદિ તેને તેટલા જ દિવસ દીક્ષા-છેદ કે પરિહાર તપનું પ્રાયશ્ચિત્ત આપે.

अडवीए गमणस्स विहि-णिसेहो -

अटवीमां जवाना विधि-निषेध :

९६१. से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दूइज्जेज्जा, अंतरा से विहं सिया, सेज्जं पुण विहं जाणेज्जा-एगाहेण वा, दुयाहेण वा, तियाहेण वा, चउयाहेण वा, पंचाहेण वा, पाउणेज्जा वा, णो वा पाउणेज्जा ।
तहप्पगारं विहं अणेगाहगमणिज्जं सति लाढे -**जाव**-विहाराए संथरमाणेहिं जणवएहिं णो विहारवत्तियाए पवज्जेज्जा गमणाए ।
केवली बूया - आयाणमेयं ।

अंतरा से वासे सिया पाणेसु वा, पणएसु वा, बीएसु वा, हरिएसु वा, उदएसु वा, मट्टियाए वा अविद्धत्थाए ।

अह भिक्खूणं पुव्वोवदिट्ठा-**जाव**-एस उवएसे जं तहप्पगारं विहं अणेगाहगमणिज्जं सति लाढे णो विहार वत्तियाए पवज्जेज्जा गमणाए । ततो संजयामेव गामाणुगामं दूइज्जेज्जा ।

-आ. सु. २, अ. ३, उ. १, सु. ४७३

८९१. એક ગામથી બીજે ગામ જતાં સાધુ કે સાધ્વીને માર્ગમાં લાંબી અટવી આવી પડે તો તેણે જાણવું જોઈએ કે આ અટવી એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ, ચાર દિવસ કે પાંચ દિવસમાં પાર કરી શકાશે, અથવા પાર નહિ કરી શકાય ?
જો બીજો માર્ગ હોય તો **યાવત્** (આ પ્રકારની અનેક દિવસોમાં પાર કરી શકાય.) તેવી અટવીમાં થઈને જવું ન જોઈએ.
કેવલી ભગવાન કહે છે કે - ત્યાં જવું તે કર્મબંધનું કારણ છે.
કારણ કે, ત્યાં જતાં વચ્ચે માર્ગમાં વર્ષા આવી જાય તો પ્રાણી, લીલ, ફૂગ, બીજ હરિત તથા સચિત્ત પાણી તેમજ કીચડ થવાથી સંયમમાં વિરાધના થવી સંભવ છે.
તેથી સાધુઓનો આ પૂર્વોપદિષ્ટ આચાર છે કે **યાવત્** ઉપદેશ છે. કે એવી અનેક દિવસોમાં પાર કરી શકાય તેવી અટવી થઈને ગમન ન કરે. પરંતુ બીજા માર્ગથી યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ ગમન કરે.

विरुद्धरज्जाइसु गमणस्स विहि-णिसेहो -

विरुद्ध राज्यादिमां जवानो विधि-निषेध :

९६२. से भिक्खू वा, भिक्खुणी वा गामाणुगामं दूइज्जमाणे अंतरा अरायाणि वा, जुवरायाणि वा, दोरज्जाणि वा, वेरज्जाणि वा, विरुद्धरज्जाणि वा, सति लाढे विहाराए संथरमाणेहिं जणवएहिं णो विहारवत्तियाए पवज्जेज्जा गमणाए ।

८९२. એક ગામથી બીજે ગામ જતી વખતે સાધુ કે સાધ્વી તેવા પ્રદેશમાં થઈને ન જાય કે જ્યાં રાજાના મૃત્યુ બાદ અરાજકતા હોય કે જ્યાં યુવરાજ જ હોય- રાજ્યાભિષેક ન થયો હોય, જ્યાં બે રાજ્યોનું શાસન હોય યા બે રાજ્યોમાં વેર હોય અથવા જ્યાં ધર્મ વિરોધીઓનું રાજ્ય હોય. એવી સ્થિતિમાં વિહાર યોગ્ય અન્ય સરળ માર્ગ ચક્કર ખાઈને જાય પરંતુ એવા અરાજક પ્રદેશની વચ્ચેથી ન જાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

केवली बूया – आयाणमेयं ।

ते णं बाला "अयं तेणे–**जाव**–तहप्पगाराणि विरूवरूवाणि पच्चंतियाणि–**जाव**–अकाल परिभोईणि–सति लाढे विहाराए संथरमाणेहिं जणवएहिं णो विहारवत्तियाए पवज्जेज्जा गमणाए । ततो संजयामेव गामाणुगामं दूइज्जेज्जा ।

–*आ. सु.२, अ. ३, उ. १, सु. ४७२*

કેવળી ભગવાન કહે છે કે એવા અરાજક આદિ પ્રદેશોમાં જવાથી કર્મબંધનની સંભાવના છે.

કારણ કે, અજ્ઞાનીજન સાધુ પ્રત્યે શંકા કરશે કે - 'આ મુનિ ચોર છે **યાવત્** એવું નાના પ્રકારે કહી સાચો ખોટો વિવાદ કરશે **યાવત્** જ્યાં દુષ્કાળ હોય એવા પ્રદેશોમાં અન્ય સરળ માર્ગ હોવા છતાં પણ વિહારની દૃષ્ટિથી જવાનો સંકલ્પ ન કરે. તથા એવો દેશ છોડી બીજા નિરુપદ્રવ દેશમાં યતનાપૂર્વક વિહાર કરે.

वेरज्जे विरुद्धरज्जे गमणागमणस्स पायच्छित्त सुत्तं–

९६३. जे भिक्खू वेरज्जे–विरुद्धरज्जंसि सज्जं गमणं, सज्जं आगमणं, सज्जं गमणागमणं करेइ करेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।[१]

नि. उ. ११ सु. ७१

અરાજક કે વિરુદ્ધ રાજ્યમાં ગમનાગમનનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :

૯૬૩. જે ભિક્ષુ અરાજકતાવાળા રાજ્યમાં અથવા વિરોધી રાજ્યમાં જલ્દી જલ્દી જાય છે, જલ્દી જલ્દી આવે છે, જલ્દી જલ્દી જવા-આવવા માટે પ્રેરણા આપે છે, જલ્દી-જલ્દી જનાર-આવનારની અનુમોદના કરે છે,

તેને ચાતુર્માસિક અનુદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

अभिसेय–रायहाणीसु पुणो पुणो णिक्खमण–पवेसणस्स पायच्छित्त सुत्तं –

९६४. जे भिक्खू रण्णो खत्तियाणं मुद्दियाणं मुद्धाभिसित्ताणं महाभिसेयंसि वट्टमाणंसि णिक्खमइ वा पविसइ वा णिक्खमंतं वा पविसंतं वा साइज्जइ ।

जे भिक्खू रण्णो खत्तियाणं मुद्दियाणं मुद्धाभिसित्ताणं दस अभिसेयाओ रायहाणीओ उद्दिट्ठाओ गणियाओ वंजियाओ अंतोमासस्स दुक्खुत्तो वा तिक्खुत्तो वा णिक्खमइ वा पविसइ वा णिक्खमंतं वा पविसंतं वा साइज्जइ ।

तं जहा – १. चंपा, २. महुरा, ३. वाराणसी, ४. सावत्थी, ५. साएयं, ६. कंपिल्लं, ७. कोसंबी, ८. मिहिला, ९. हत्थिणापुरं १०. रायगिहं ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

–*नि. उ. ९, सु. १८-१९*

અભિષેક રાજધાનીઓમાં વારંવાર જવા આવવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :

૯૬૪. જે ભિક્ષુ રાજાનો, ક્ષત્રિયોનો, શુદ્ધ જાતિઓનો, તેમ જ મૂર્ધાભિષિક્તોનો જ્યાં મહાઅભિષેક થતો હોય ત્યાં જતો આવતો હોય, જતા આવતાને પ્રેરણા કરતો હોય, કે જનાર આવનારની અનુમોદના કરતો હોય.

જે ભિક્ષુ રાજાની, ક્ષત્રિયોની, શુદ્ધજાતિઓની, મૂર્ધાભિષિક્તોની જે દશ અભિષેક રાજધાનીઓ કહી છે, ગણાય છે. પ્રસિદ્ધ છે. એમાં એક માસમાં બે વાર કે ત્રણવાર જાય આવે છે, જવા આવવાની પ્રેરણા આપે છે, જનાર આવનારની અનુમોદના કરે છે.

જેમ કે - ૧-ચંપા, ૨-મથુરા, ૩-વારાણસી, ૪-શ્રાવસ્તી, ૫-સાકેત, ૬-કાંપિલ્યનગર, ૭-કોસંબી, ૮-મિથિલા, ૯-હસ્તિનાપુર, ૧૦-રાજગૃહ.

તેને ચાતુર્માસિક અનુદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

---

૧. नो कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा,
वेरज्ज–विरुद्धरज्जंसि–सज्जं गमणं, सज्जं आगमणं, सज्जं गमणागमणं करित्तए ।
जो खलु निग्गंथो वा निग्गंथी वा,
वेरज्ज–विरुद्धरज्जंसि – सज्जं गमणं, सज्जं आगमणं, सज्जं गमणागमणं करेइ, करेंतं वा साइज्जइ, से दुहओ वि अइक्कममाणे, आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं । – कप्प. उ. १, सु. ३९

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अणियाट्ठाण मग्गेण गमण विहि-णिसेहो-

९६५. से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दूइज्जमाणे अंतरा से जवसाणि वा, सगडाणि वा, रहाणि वा, सचक्काणि वा, परचक्काणि वा, सेणं वा विरूवरूवं संणिविट्ठं पेहाए सति परक्कमे संजयामेव परक्कमेज्जा, णो उज्जुयं गच्छेज्जा ।

से णं से परो सेणागओ वदेज्जा-"आउसंतो ! एस णं समणे सेणाए अभिचारियं करेइ से णं बाहाए गहाए आगसह ।" से णं परो बाहाहिं गहाय आगसेज्जा, तं णो सुमणे सिया णो दुम्मणे सिया, णो उच्चावयं मणं णियच्छेज्जा, णो तेसिं बालाणं घाताए वहाए समुट्ठेज्जा । अप्पुस्सुए-**जाव**-समाहिए । ततो संजयामेव गामाणुगामं दूइज्जेज्जा ।

-*आ. सु. २, अ. ३, उ. २, सु. ५००-५०१*

ફોજનો પડાવ હોય એવા માર્ગનાં ગમનનો વિધિ-નિષેધ :

૯૬૫. સાધુ કે સાધ્વી એક ગામથી બીજે ગામ જતા હોય ત્યારે રસ્તામાં ઘઉં આદિ ધાન્યના ઢગલા અથવા ગાડીઓ, રથ હોય કે સ્વચક્ર-પરચક્ર ફોજનો પડાવ આદિ હોય તેથી માર્ગ રોકાયેલો હોય તો બીજા માર્ગેથી યતનાપૂર્વક જાય, પરંતુ સીધા દોષયુક્ત માર્ગે ન જાય.

અન્ય માર્ગ ન હોવાના કારણે બીજે માર્ગે જવું પડે એવી સ્થિતિમાં સેનામાંથી કોઈ સૈનિક કહે, "હે આયુષ્યમાન ! આ સાધુ આપણી સેનાનો ગુપ્ત ભેદ જાણી રહ્યો છે માટે એક તરફ ખેંચી હટાવી દો" અને કોઈ હાથ પકડી ખસેડી મૂકે તો મુનિ પ્રસન્ન કે અપ્રસન્ન ન થાય, રાગ-દ્વેષ ન કરે. તેને ઘાત કરવાના સારા માઠા સંકલ્પ-વિકલ્પ ન કરે તથા ન એ અજ્ઞાનીજનોને મારવા પીટવાનો પ્રયત્ન ન કરે, ન કોઈ પ્રકારનો પ્રતિશોધ કરે. **યાવત્** પોતાના ચિત્તને સમાધિમાં મગ્ન રાખે ને એક ગામથી બીજે ગામ યતનાપૂર્વક વિચરે.

सेण्ण सण्णिविट्ठे खेत्ते रयणीवसमाणस्स पायच्छित्त सुत्तं-

९६६. से गामस्स वा-**जाव**-रायहाणीए वा बहिया सेण्णं सन्निविट्ठं पेहाए कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा तद्दिवसं भिक्खायरियाए गंतूण पडिनियत्तए । नो से कप्पइ तं रयणिं तत्थेव उवाइणावेत्तए ।

जो खलु निग्गंथो वा निग्गंथी वा तं रयणिं तत्थेव उवाइणावेइ, उवाइणावेंतं वा साइज्जइ ।

से दुहओ वि अइक्कममाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

कप्प. उ. ३, सु. ३३

સેનાથી નજીક ક્ષેત્રોમાં રાત રહેવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :

૯૬૬. ગ્રામ **યાવત્** રાજધાનીની બહાર શત્રુ સેનાનો પડાવ જોઈ સાધુ કે સાધ્વીએ આહાર આદિ લેવા જતાં પાછું આવવું કલ્પે છે, પરંતુ બહાર રાત રહેવું કલ્પતું નથી.

જે સાધુ કે સાધ્વી (ગ્રામ **યાવત્** રાજધાની બહાર) રાત્રે રહે છે કે રાત રહેનારનું અનુમોદન કરે છે.

તેને જિનાજ્ઞા અને રાજઆજ્ઞાનું અતિક્રમણ કરવાથી ચાતુર્માસિક અનુદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

पाणाइ आइण्णेण मग्गेण गमणविहिणिसेहो -

९६७. से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दूइज्जमाणे, अंतरा से पाणाणि वा, बीयाणि वा, हरियाणि वा, उदए वा, मट्टिया वा अविद्धत्था सति परक्कमे संजयामेव परक्कमेज्जा णो उज्जुयं गच्छेज्जा ततो संजयामेव गामाणुगामं दूइज्जेज्जा ।

-*आ. सु. २, अ. ३, उ. १, सु. ४७०*

જીવ-જંતુવાળા રસ્તે જવાનો વિધિ-નિષેધ :

૯૬૭. સાધુ અથવા સાધ્વી એક ગામથી બીજે ગામ જતા હોય ત્યારે માર્ગમાં પ્રાણી, બીજ, હરિતકાય, સચિત્ત પાણી, સચિત્ત માટી હોય જેની યોનિ વિધ્વસ્ત ન થઈ હોય તો બીજો માર્ગ હોવા છતાં પણ તે સીધા (દોષવાળા) માર્ગથી ન જાય. એ પ્રમાણે યતનાપૂર્વક ગ્રામનુગ્રામ વિચરણ કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

महाणई पारगमणविहि-णिसेहो अववाये पंचठाणाइं-

९६८. णो कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा इमाओ उद्दिट्ठाओ गणियाओ वियंजियाओ पंच महण्णवाओ महाणदीओ अंतोमासस्स दुक्खुत्तो वा तिक्खुत्तो वा उत्तरित्तए वा संतरित्तए वा,

तं जहा – १. गंगा, २. जउणा, ३. सरऊ, ४. एरावती, ५. मही ।[1]

पंचहिं ठाणेहिं कप्पंति,

तं जहा – १. भयंसि वा,

२. दुब्भिक्खंसि वा,

३. पव्वहेज्ज वा णं कोई,

४. दओगंसि वा एज्जमाणंसि

५. महत्ता वा अणारिएसु ।

–ठाणं अ. ५, उ. २, सु. ४१२

महानदी पार करवाना विधि-निषेधना पांच कारण :

९६८. साधुओ के साध्वीओએ જેને મહાનદી કહેવામાં આવે છે, જેની મહાનદીઓમાં ગણના છે, જે પ્રસિદ્ધ છે, ઘણા પાણીથી ભરપૂર છે, એવી પાંચ નદીઓ એક મહિનામાં બે વાર કે ત્રણ વારથી વધુ તરીને જવું અથવા નૌકાથી પાર ઉતરવું કલ્પતું નથી.

જેમ કે ૧-ગંગા, ૨-યમુના, ૩-સરયુ, ૪-ઐરાવતી અને ૫-મહી.

પરંતુ પાંચ કારણથી આ મહાનદીઓને તરીને કે નૌકાથી પાર કરવી કલ્પે છે.

જેમ કે, ૧-શરીર, ઉપકરણ આદિના અપહરણનો ભય હોવાથી,

૨. દુષ્કાળ પડવાથી,

૩. બીજા કોઈ દ્વારા દુઃખ દેવાથી,

૪. ઘણા વેગે જલપ્રવાહ આવવાથી અથવા પૂર આવવાથી,

૫. અનાર્ય પુરુષો દ્વારા ઉપદ્રવ થવાથી.

९६९. अह पुण एवं जाणेज्जा एरावई कुणालाए जत्थ चक्किया एगं पायं जले किच्चा, एगं पायं थले किच्चा एवं णं कप्पइ अंतोमासस्स दुक्खुत्तो वा, तिक्खुत्तो वा, उत्तरित्तए वा, संतरित्तए वा।[2]

जत्थ एवं नो चक्किया एवं नो कप्पइ अंतोमासस्स दुक्खुत्तो वा तिक्खुत्तो वा उत्तरित्तए वा संतरित्तए वा ।

कप्प. उ. ४ सु. ३५

૯૬૯. એવો ખ્યાલ આવે કે, કુણાલા નગરીની નજીક ઐરાવતી નદી એક પગ જલમાં અને એક પગ સ્થળમાં રાખી પાર કરી શકાય છે, તો એક માસમાં બે કે ત્રણ વાર ઉતરવું કે નૌકાથી પાર કરવું કલ્પે છે.

જો ઉપર પ્રમાણે પાર ન કરી શકાય તો એ નદીને એક મહિનામાં બે કે ત્રણ વાર તરીને કે નૌકાથી પાર ઉતરવું કલ્પતું નથી.

पंच महाणई उत्तरण–पायच्छित्त सुत्तं–

९७०. जे भिक्खू पंचिमाओ महण्णवाओ महाणईओ उद्दिट्ठाओ गणियाओ वंजियाओ अंतोमासस्स दुक्खुत्तो वा तिक्खुत्तो वा उत्तरइ वा संतरइ वा उत्तरंतं वा संतरंतं वा साइज्जइ ।

तं जहा – १. गंगं, २. जउणं, ३. सरऊ, ४, एरावइं ५. महिं ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

–नि. उ. १२, सु. ४२

પાંચ મહાનદી પાર કરવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :

૯૭૦. જે ભિક્ષુ આ બારે માસ વહેતી પાંચે મહાનદીઓ, જે વખાણવા લાયક છે, જેની ગણત્રી કરવામાં આવી છે, જે પ્રસિદ્ધ છે તેને એક મહિનામાં બે કે ત્રણ વાર ઉતરીને કે તરીને પાર કરે છે, કરાવે છે અથવા કરનારનું અનુમોદન કરે છે.

જેમ કે ૧-ગંગા, ૨-યમુના, ૩-સરયુ, ૪-ઐરાવતી અને ૫-મહી.

તેને ચાતુર્માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

---

१. कप्प. उ. ४ सु. ३४ ।

२. અહીં 'उत्तरित्तए'નો અર્થ જાંઘ અથવા હાથ દ્વારા તરીને પાર ઉતરવું એવો છે. એક પગ પાણીથી ઉપર ઉપાડીને થોડીવાર અધ્ધર રાખે, પગનું પાણી નીતારે, પછી નીતારેલો પગ પાણીમાં મૂકે અને પહેલો પગ ઉપાડે આ ક્રમથી નદી પાર કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

णावाविहारस्स विहि–णिसेहो–

९७१. से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दूइज्जेज्जा, अंतरा से णावा संतारिमे उदए सिया, सेज्जं पुण णावं जाणेज्जा असंजते भिक्खूपडियाए किणेज्ज वा, पामिच्चेज्ज वा, णावाए वा णावपरिणामं कट्टु थलातो वा णावं जलंसि ओगाहेज्जा, जलातो वा णावं थलंसि उक्कसेज्जा पुण्णं वा णावं उस्सिचेज्जा, सण्णं वा णावं उप्पीलावेज्जा, तहप्पगारं णावं उड्ढगामिणिं वा अहेगामिणिं वा तिरियगामिणिं वा परं जोयणमेराए अद्धजोयणमेराए वा अप्पतरे वा भुज्जतरे वा णो दुरूहेज्जा गमणाए ।

નૌકા વિહારનો વિધિ-નિષેધ :

૯૭૧. સાધુ કે સાધ્વી એક ગામથી બીજે ગામ જવું હોય ત્યારે માર્ગમાં નૌકાથી પાર કરી શકાય તેટલું પાણી હોય એવી સ્થિતિમાં સાધુ જે નૌકાના વિષયમાં એમ સમજે કે આ નૌકા ગૃહસ્થે સાધુના નિમિત્તે ખરીદેલી હોય કે ઉધાર લીધેલી હોય કે નૌકા બદલે નૌકા લીધેલી હોય કે સ્થળમાંથી જળમાં ઉતારેલી હોય કે જલમાંથી સ્થળમાં કાઢી હોય, ભરેલી નૌકામાંથી પાણી ઉલેચી ખાલી કરેલ હોય, કાદવમાં ફસાયેલી બહાર ખેંચી કાઢી હોય, એવા પ્રકારની નૌકા પર સાધુ ન ચઢે. ભલે પછી તે ઉપરની બાજુ, નીચેની બાજુ ત્રાંસી ચાલનારી હોય પછી ભલે તે એક યોજન પ્રમાણ ક્ષેત્રમાં ચાલતી હોય, અર્ધ યોજન પ્રમાણ ક્ષેત્રમાં ચાલતી હોય અથવા એથી પણ ઓછા કે વધારે પ્રમાણ ક્ષેત્રમાં ચાલતી હોય તો પણ એવી નૌકા પર સાધુ-સાધ્વીએ આરૂઢ થવું ન જોઈએ.

से भिक्खू वा भिक्खुणी वा पुव्वामेव तिरिच्छसंपातिमं णावं जाणेज्जा, जाणित्ता से त्तमायाए एगंतमवक्कमेज्जा, एगंतमवक्कमित्ता भंडगं पडिलेहेज्जा, पडिलेहित्ता एगाभोयं भंडगं करेज्जा, करित्ता ससीसोवरियं कायं पाए पमज्जेज्जा, पमेज्जित्ता सागारं भत्तं पच्चक्खाएज्जा पच्चक्खाइत्ता एगं पायं जले किच्चा एगं पायं थले किच्चा ततो संजयामेव णावं दुरूहेज्जा ।

(કારણવશ નૌકામાં બેસવું પડે તો) સાધુ અથવા સાધ્વી સર્વપ્રથમ ત્રાંસી ચાલનાર નૌકાને જાણે અને જુએ. એવું જાણી ગૃહસ્થની આજ્ઞા લઈને એકાન્તમાં જઈને પોતાના ઉપકરણનું પ્રતિલેખન કરે, પ્રતિલેખન કરીને સર્વ ઉપકરણોને એકઠા કરીને બાંધે. ત્યારબાદ મસ્તકથી લઈ પગ પર્યન્ત સંપૂર્ણ શરીરનું પ્રમાર્જન કરે, ત્યાર બાદ આગાર રાખી આહારનું પ્રત્યાખ્યાન કરે અને પછી એક પગ જલમાં અને એક પગ સ્થળમાં રાખી યતના પૂર્વક નૌકા ઉપર ચઢે.

से भिक्खू वा भिक्खुणी वा णावं दुरूहमाणे णो णावाओ पुरतो दुरूहेज्जा, णो णावाओ मग्गतो दुरूहेज्जा, णो णावाओ मज्झतो दुरूहेज्जा,[१] णो बाहाओ पगिज्झिय पगिज्झिय अंगुलियाए उद्दिसिय उद्दिसिय ओणमिय ओणमिय उण्णमिय उण्णमिय णिज्झाएज्जा ।

સાધુ કે સાધ્વી નાવમાં ચઢે ત્યારે ન તો નાવના આગળના ભાગ પર બેસે, ન તો પાછળના ભાગમાં બેસે તથા ન મધ્યના ભાગમાં બેસે કે નાવની બાજુના ભાગને પકડી-પકડીને આંગળીથી વારંવાર સંકેત કરીને કે નાવને ઊંચી-નીચી કરીને તથા એકીટસે પાણીને ન જુએ.

---

૧. આ સૂત્રમાં નૌકાના અગ્રભાગ, મધ્યભાગ તથા અંતિમ ભાગ પર બેસવાનો નિષેધ કરેલ છે. પરંતુ કયાં બેસવું તે જણાવ્યું નથી. ચૂર્ણિકારે આ નિષેધનું કારણ અને કયાં બેસવું તે બાબતનું સમાધાન આ પ્રમાણે કરેલ છે નાવનો અગ્રભાગ દેવતાનું સ્થાન છે. મધ્ય ભાગની સંજ્ઞા કૂપક છે, તે બેસનારાઓ માટે અવર-જવરનું સ્થાન છે.અંતિમ ભાગ નાવિકનું સ્થાન છે. માટે મધ્યભાગ અને અંતિમ ભાગના મધ્યમાં અથવા મધ્યભાગ અને અગ્રભાગના મધ્યમાં બેસવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

से णं परो णावागतो णावागयं वदेज्जा – "आउसंतो समणा ! एते ता तुमं णावं उक्कसाहि वा, वोक्कसाहि वा खिवाहि वा, रज्जूए वा, गहाय आकसाहि ।" णो से तं परिण्णं परिजाणेज्जा, तुसिणीओ उवेहेज्जा ।

તે નૌકા પર સ્થિત કોઈ (નાવિક) નૌકામાં બેઠેલા સાધુને આ પ્રમાણે કહે કે, 'હે આયુષ્યમાન શ્રમણ ! આ નૌકાને આગળ ખેંચો કે પાછળ ખેંચો કે ચલાવો કે દોરડાઓ ખેંચો.' તો નાવિકના એવાં વચન સાંભળીને મુનિ લક્ષ ન આપે, પણ મૌન રાખી ઉપેક્ષા ભાવમાં બેસી રહે.

से णं परो णावागतो णावागतं वदेज्जा "आउसंतो समणा ! णो संचाएसि तुमं णावं उक्कसित्तए वा, वोक्कसित्तए वा, खिवित्तए वा, रज्जूए वा, गहाय आकसित्तए" आहर एयं णावाए रज्जुयं, सयं चेवं णं वयं णावं उक्कसिस्सामो वा–**जाव**–रज्जुए वा गाहाय आकसिस्सामो । णो से तं परिण्णं परिज्जाणेज्जा, तुसिणीओ उवेहेज्जा ।

નાવમાં બેઠેલા મુનિને નાવિક એમ કહે કે, - 'આયુષ્યમાન શ્રમણ ! જો તમે નાવને ઉપર કે નીચે ખેંચી શકતા નથી કે રસ્સી પકડી નાવને યોગ્ય રીતે બાંધી શકતા નથી કે જોરથી કસી શકતા નથી તો નાવ પર રાખેલી રસ્સીને લાવી આપો, અમે પોતે જ નાવને ઉપરની તરફ ખેંચી લઈશું **યાવત્** રસ્સીથી તેને જોરથી કસી લઈશું.' તો પણ સાધુ નાવિકના આ કથનનો સ્વીકાર ન કરે. પરંતુ મૌન ધરી ઉપેક્ષા કરી બેસી રહે.

से णं परो णावागतो णावागयं वदेज्जा – "आउसंतो समणा ! एतं ता तुमं णावं अलित्तेण वा, पिट्टेण वा, वंसेण वा, वलएण वा, अवल्लएण वा वाहेहि ।" णो से तं परिण्णं परिज्जाणेज्जा । तुसिणीओ उवेहेज्जा ।

નૌકામાં બેઠેલા મુનિને નૌકામાં રહેલો નાવિક એવું કહે કે - 'આયુષ્યમાન શ્રમણ ! તમે આ નાવને હલેસાથી, પાટીયાથી, વાંસથી, વળીથી અથવા દોરડા આદિથી ચલાવો.' તો મુનિ આ કથનનો સ્વીકાર ન કરે. પરંતુ મૌન થઈ બેસી રહે.

से णं परो णावागतो णावागयं वदेज्जा – "आउसंतो समणा ! एतं ता तुमं णावाए उदयं हत्थेण वा, पाएण वा, मत्तेण वा, पडिग्गहेण वा, णावा उस्सिचणएण वा उस्सिचाहि ।" णो से तं परिण्णं परिजाणेज्जा । तुसिणीओ उवेहेज्जा ।

નૌકામાં બેઠેલા મુનિને એવું કહે કે, - 'આયુષ્યમાન શ્રમણ ! નાવમાં ભરાયેલા પાણીને હાથથી, પગથી, વાસણથી, પાત્રથી અથવા કોઈ પણ સાધનથી ઉલેચી નાંખો.' તો સાધુ નાવિકના તે કથનનો સ્વીકાર ન કરે. પરંતુ મૌન રહે.

से णं परो णावागतो णावागयं वएज्जा – "आउसंतो समणा ! एतं ता तुमं णावाए उत्तिंगं हत्थेण वा, पाएण वा, बाहुणा वा, उरूणा वा, उदरेण वा, सीसेण वा, काएण वा, णावाउस्सिचणएण वा, चेलेण वा, मट्टियाए वा, कुसपत्तएण वा, कुविंदेण वा, पिहेहि ।" णो से तं परिण्णं परिजाणेज्जा । तुसिणीओ उवेहेज्जा ।

જો નાવિક નૌકામાં બેઠેલા મુનિને એવું કહે કે - 'આયુષ્યમાન શ્રમણ ! આ નાવના છિદ્રથી પાણી ભરાઈ રહ્યું છે, તેને તમે હાથથી, પગથી, ભુજાથી, જંઘાથી, પેટથી, મસ્તકથી, શરીરથી અથવા શરીરના કોઈ પણ અવયવથી કે ઉપકરણોથી, વસ્ત્રથી માટીથી, ડાભથી અથવા કુરુવિંદ ઘાસથી ઢાંકી દો, બંધ કરી દો.' તો સાધુ નાવિકનું તે કથન સ્વીકારે નહિં, પરંતુ મૌન રહી બેસી રહે.

से भिक्खू वा भिक्खुणी वा णावाए उत्तिंगेण उदय आसवमाणं पेहाए, उवरूवरिं णावं कज्जलावेमाणं पेहाए, णो परं उवसंकमित्तु एवं बूया – "आउसंतो गाहावति ! एतं ते णावाए उदयं उत्तिंगेणं आसवति, उवरूवरिं वा णावा कज्जलावेति । एतप्पगारं मणं वा वायं वा णो पुरतो कट्टु विहरेज्जा ।"

સાધુ અથવા સાધ્વી નાવના છિદ્રમાંથી ભરાતું પાણી જોઈને અને તે પાણીથી નૌકા હાલક ડોલક દેખી નાવિક અથવા બીજા કોઈ પાસે જઈને એમ ન કહે કે, 'આયુષ્યમાન ગાથાપતિ ! તારી આ નાવના છિદ્રમાંથી પાણી ભરાઈ રહ્યું છે અને નાવ ડૂબી રહી છે.' એવું જોવા છતાં પણ મન અને વચનથી ચિત્તને સંયમમાં રાખી વિચરણ કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अप्पुस्सुए-**जाव**-समाहीए ।

ततो संजयामेव णावासंतारिमे उदए आहारियं गेएज्जा ।

– आ. सु. २, अ. ३, उ. २, सु. ४७४-४८२

તે શરીર કે ઉપકરણ પ્રત્યે મૂર્ચ્છા ન રાખે **યાવત્** સમાધિમાં લીન રહે.

આ પ્રમાણે નાવ દ્વારા પાર કરવા યોગ્ય પાણીને પાર કર્યા બાદ જે પ્રમાણે તીર્થંકરોએ વિધિ બતાવી છે તે પ્રમાણે તેનું પાલન કરતા વિચરણ કરે.

९७२. से णं परो णावागतो णावागयं वदेज्जा – "आउसंतो समणा ! एतं ता तुमं छत्तगं वा-**जाव**-चम्मछेदणगं वा गेण्हाहि, एताणि ता तुमं विरूवरूवाणि सत्थ-जायाणि धारेहि, एयं ता तुमं दारगं वा दारिगं वा पज्जेहि", णो से तं परिण्णं परिजाणेज्जा, तुसिणीओ उवेहेज्जा ।

से णं परो णावागते णावागतं वदेज्जा – "आउसंतो ! एस णं समणे णावाए भंडभारिए भवति, से णं बाहाए गहाय णावाओ उदगंसि पक्खिवेज्जा ।" एतप्पगारं निग्घोसं सोच्चा निसम्म से य चीवरधारी सिया खिप्पामेव चीवराणि उव्वेढेज्ज वा, णिव्वेढेज्ज वा उप्फेसं वा करेज्जा ।

अह पुणेवं जाणेज्जा-अभिकंतकूरकम्मा खलु बाला बाहाहिं गहाय णावाओ उदगंसि पक्खिवेज्जा । से पुव्वामेव वदेज्जा-"आउसंतो गाहावती ! मा मेत्तो बाहाए गहाय णावातो उदगंसि पक्खिवेह, सयं चेव णं अहं णावातो उदगंसि ओगाहिस्सामि ।"

से णेवं वदंतं परो सहसा बलसा बाहाहिं गहाय णावातो उदगंसि पक्खिवेज्जा, तं णो सुमणे दुमणे सिया-**जाव**-समाहीए । ततो संजयामेव उदगंसि पवज्जेज्जा ।

से भिक्खू वा भिक्खुणी वा उदगंसि पवमाणे णो हत्थेण हत्थं पादेण पादं काएण कायं आसादेज्जा । से अणासादए अणासायमाणे ततो संजयामेव उदगंसि दुमणे पवज्जेज्जा ।

से भिक्खू वा भिक्खुणी वा उदगंसि पवमाणे णो उम्मुग्ग-णिमुग्गियं करेज्जा, मा मेयं उदयं कण्णेसु वा, अच्छीसु वा, णक्कंसि वा, मुहंसि वा परियावज्जेज्जा, ततो संजयामेव उदगंसि पवज्जेज्जा ।

૯૭૨. નૌકામાં રહેલા ગૃહસ્થાદિ કોઈ નૌકામાં બેઠેલા મુનિ ને કહે, "હે આયુષ્યમાન શ્રમણ ! તમે આ છત્ર **યાવત્** ચર્મ-છેદનક (ચર્મ કાપવાનું ઓજાર) ને પકડી રાખો. આ વિવિધ પ્રકારનાં શસ્ત્રો ધારણ કરો અથવા આ બાળકને કે બાળકીને પાણી આદિ પીવડાવી દો.' તો મુનિ આ કથન ન સ્વીકારે, પરંતુ મૌન ધારણ કરી બેઠા રહે.

કદાચિત નૌકામાં રહેલા કોઈ વ્યક્તિ નૌકામાં બેઠેલા કોઈ બીજા વ્યક્તિને કહે, - 'હે આયુષ્યમાન ! આ મુનિ જડ વસ્તુની જેમ નાવનો બોજો વધારનાર છે. તેથી તેને બાહુથી પકડી પાણીમાં ફેંકી દો.' આ પ્રકારના શબ્દ સાંભળીને તેનો આશય સમજી જો મુનિ વસ્ત્રધારી હોય તો શીઘ્ર ભારે વસ્ત્રો દૂર કરી હળવા વસ્ત્રો શરીર પર ધારણ કરીને મસ્તક પર વીંટી લે.

પૂર્વોક્ત તૈયારી કરવા છતાં પણ કેટલાક ક્રૂર કર્મી અજ્ઞાની લોકો જરૂર બાહુ પકડી નાવની બહાર પાણીમાં ફેંકી દેશે. માટે પાણીમાં ફેંકવા પૂર્વે મુનિ તેને કહી દે કે, "હે આયુષ્યમાન ગૃહસ્થો ! મને બાહુથી પકડી નાવમાંથી પાણીમાં ન ફેંકો. હું પોતે જ નાવમાંથી ઉતરી જાઉં છું."

મુનિ દ્વારા એવું કહેવા છતાં પણ તે અજ્ઞાની નાવિક કદાચિત એકાએક બલપૂર્વક બાહુ પકડી પાણીમાં ફેંકી દે તો પણ મુનિ પ્રસન્ન કે અપ્રસન્ન થાય નહિ **યાવત્** આત્મ સમાધિમાં લીન બને. તેમજ યતનાપૂર્વક પાણીમાં પ્રવેશ કરે.

સાધુ અથવા સાધ્વી પાણીમાં તણાતાં હોય ત્યારે હાથથી હાથનો કે પગથી પગનો કે શરીરથી શરીરનો સ્પર્શ ન કરે. સાધુ જલકાયના જીવોની વિરાધનાથી બચવા માટે યતનાપૂર્વક પાણીમાં તણાતો રહે.

સાધુ અથવા સાધ્વી પાણીમાં તણાતા હોય ત્યારે ઉપર આવવાની અને નીચે જવાની ક્રિયા ન કરે અર્થાત્ ડૂબકી મારી મારીને ઉપર ન આવે, વળી એવો વિચાર પણ ન કરે કે - પાણી કાનમાં, આંખમાં, નાકમાં કે મુખમાં પ્રવેશી જશે. પરંતુ યતનાપૂર્વક પાણીમાં તણાતો રહે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

से भिक्खू वा भिक्खुणी वा उदगंसि पवमाणे दोब्बलियं पाउणेज्जा, खिप्पामेव उवधिं विगिंचेज्ज वा, विसोहेज्ज वा, णो चेव णं सातिज्जेज्जा ।

अह पुणेवं जाणेज्जा पारए सिया उदगाओ तीरं पाउणित्तए । ततो संजयामेव उदउल्लेण वा, ससणिद्धेण वा काएण दगतीरए चिट्ठेज्जा ।

से भिक्खू वा, भिक्खुणी वा, उदउल्लं वा, ससणिद्धं वा, कायं णो आमज्जेज्ज वा, पमज्जेज्ज वा, संलिहेज्ज वा, णिल्लिहेज्ज वा, उव्वलेज्ज वा, उव्वट्टेज्ज वा, आयावेज्ज वा, पयावेज्ज वा ।

अह पुणेवं जाणेज्जा – विगतोदए मे काए छिण्णसिणेहे । तहप्पगारं कायं आमज्जेज्ज वा, पमज्जेज्ज वा–**जाव**–आयावेज्ज वा, पयावेज्ज वा । ततो संजयामेव गामाणुगामं दूइज्जेज्जा ।

– आ. सु. २, अ. ३, उ. २, सु. ४८४–४९१

साधु કે સાધ્વી જલમાં તરતાં થાકી જાય તો શીઘ્ર જ વસ્ત્ર પાત્ર આદિ ઉપધિ છોડી દે શરીર પરથી મમત્વ પણ છોડી દે અને એમા આસક્તિ ન રાખે.

જો જલાશયના કિનારે પહોંચી જાય તો જ્યાં સુધી શરીર પાણીથી ભીંજાયેલું રહે કે સ્નિગ્ધ રહે ત્યાં સુધી યતના પૂર્વક કિનારે જ ઊભા રહે.

સાધુ કે સાધ્વી પાણીથી ભીંજાયેલા શરીરને એકવાર કે વારંવાર હાથનો સ્પર્શ ન કરે, એકવાર કે વારંવાર લૂછે નહિ, એકવાર કે વારંવાર પૂંજે નહિ, એકવાર કે વારંવાર મસળે નહિ, એકવાર કે વારંવાર ઘસે નહિ, એકવાર કે વારંવાર તપાવે નહિ.

જ્યારે સાધુને પ્રતીતિ થાય કે હવે શરીર સૂકાઈ ગયું છે, પાણી બિલકુલ રહ્યું નથી, ત્યારે શરીર લુછે **યાવત્** તડકામાં તપાવે. ત્યારબાદ યતના પૂર્વક ગ્રામાનુગ્રામ વિચરે.

जंघासंतरिम उदगपार–गमण विहि :

९७३. से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दूइज्जेज्जा, अंतरा से जंघासंतारिमे उदगे सिया, से पुव्वामेव ससीसोवरियं कायं पाए य पमज्जेज्जा, से पुव्वामेव एगं पादं जले किच्चा एगं पायं थले किच्चा ततो संजयामेव जंघासंतारिमे उदगे अहारियं रीएज्जा ।

से भिक्खू वा भिक्खुणी वा जंघासंतारिमे उदगे अहारियं रीयमाणे णो हत्थेण हत्थं वा–**जाव**–अणासायमाणे ततो संजयामेव जंघासंतारिमे उदगे अहारियं रीएज्जा ।

से भिक्खू वा, भिक्खुणी वा जंघासंतारिमे उदए अहारियं रीयमाणे णो सायपडियाए, णो परिदाहपडियाए महतिमहालयंति उदगंसि कायं विओसेज्जा । ततो संजयामेव जंघासंतारिमेव उदए अहारियं रीएज्जा ।

अह पुणेवं जाणेज्जा – पारए सिया उदगाओ तीरं पाउणित्तए । ततो संजयामेव उदउल्लेण वा, ससणिद्धेण वा काएण दगतीरए चिट्ठेज्जा ।

જંઘા પ્રમાણ પાણી પાર કરવાની વિધિ :

૯૭૩. ગ્રામાનુગ્રામ વિચરતાં સાધુ અથવા સાધ્વી માર્ગમાં જાંઘ (ગોઠણ) સુધી પાણી ઉતરવાનું હોય તો પહેલાં માથાથી લઈ પગ સુધી સંપૂર્ણ શરીરનું પ્રમાર્જન કરે, ત્યારબાદ એક પગ પાણીમાં અને એક પગ સ્થળમાં રાખતાં યતના પૂર્વક જંઘા પ્રમાણ જળમાં આર્ય જનોચિત વિધિથી ચાલે.

સાધુ કે સાધ્વી જંઘા પ્રમાણ પાણીમાં શાસ્ત્રોક્ત વિધિથી ચાલતાં હાથથી હાથ, **યાવત્** વિરાધના ન કરતાં, જંઘા સુધીના પાણીમાં શાસ્ત્રોક્ત વિધિ અનુસાર યતનાપૂર્વક પાર કરે.

સાધુ અથવા સાધ્વી જંઘા સુધી ઉંડા પાણીમાં યોગ્ય શાસ્ત્રોક્ત વિધિથી ચાલતાં આનંદ માટે અથવા ગરમીનું ઉપશમન કરવા માટે ઉંડા પાણીમાં શરીર ન ઝબોળે. ત્યારબાદ યતનાપૂર્વક શાસ્ત્રોક્ત વિધિથી જંઘા-પ્રમાણ જલને પાર કરે.

સાધુ કે સાધ્વી એમ જાણે કે હું ઉપધિ સહિત જલથી પાર થઈ શકું છું તો તે ઉપકરણ સહિત પાર થાય. પરંતુ એવી પ્રતીતિ થાય કે કિનારો આવી ગયો છે ત્યારે યતનાપૂર્વક પાણીમાંથી નીકળી શરીર ભીંજાયેલું હોય ત્યાં સુધી કિનારે ઊભો રહે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

से भिक्खू वा भिक्खुणी वा उदउल्लं वा कायं ससणिद्धं वा कायं णो आमज्जेज्ज वा, पमज्जेज्ज वा–**जाव**–आयावेज्ज वा पयावेज्ज वा ।

સાધુ અથવા સાધ્વી પાણી ટપકતાં કે પાણીથી ભીંજાયેલા શરીરને એકવાર કે વારંવાર રગડે નહિ, (ઘસે નહિ, મસળે નહિ) **યાવત્** ભીંજાયેલું શરીર કે ઉપધિને સુકાવવા માટે તાપમાં અલ્પ કે અધિક ન તપાવે.

अह पुणेवं जाणेज्जा–विगतोदए मे काए छिण्णसिणेहे । तहप्पगारं कायं आमज्जेज्ज वा, पमज्जेज्ज वा–**जाव**–आयावेज्ज वा, पयावेज्ज वा । ततो संजयामेव गामाणुगामं दूइज्जेज्जा ।

–*आ. सु. २, अ. ३, उ. २, सु. ४९३–४९७*

જ્યારે તે એવું જાણે કે હવે મારું શરીર પાણીથી રહિત થઈ ગયું છે, હવે જરા પણ ભીનું નથી, ત્યારે શરીર સાફ કરે **યાવત્** તાપમાં ઊભો રહી તેને અલ્પ કે અધિક તપાવે. ત્યારબાદ તે સંયમી સાધુ યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરે.

णावाविहार–विसयाणी पायच्छित्त सुत्ताणि :

९७४. जे भिक्खू अणट्ठाए णावं दुरूहइ दुरूहंतं वा साइज्जइ ।

जे भिक्खू णावं किणइ, किणावेइ, कीयं आहट्टु देज्जमाणं दुरूहइ दुरूहंतं वा साइज्जइ ।

जे भिक्खू णावं पामिच्चइ पामिच्चावेइ पामिच्चं आहट्टु देज्जमाणं दुरूहइ दुरूहंतं वा साइज्जइ ।

जे भिक्खू णावं परियट्टेइ परियट्टावेइ परियट्टं आहट्टु देज्जमाणं दुरूहइ दुरूहंतं वा साइज्जइ ।

जे भिक्खू णावं अच्छेज्जं अणिसिट्ठं अभिहडं आहट्टु देज्जमाणं दुरूहइ दुरूहंतं वा साइज्जइ ।

जे भिक्खू थलाओ णावं जले उक्कसावेइ उक्कसावेंतं वा साइज्जइ ।

जे भिक्खू जलाओ णावं थले उक्कसावेइ उक्कसावेंतं वा साइज्जइ ।

जे भिक्खू पुण्णं णावं उस्सिंचइ उस्सिच्चेंतं वा साइज्जइ ।

जे भिक्खू सण्णं णावं उप्पिलावेइ उप्पिलावेंतं वा साइज्जइ ।

નૌકા-વિહારનાં પ્રાયશ્ચિત્ત સૂત્રો :

૯૭૪. જે ભિક્ષુ પ્રયોજન વગર નૌકામાં બેસે છે, (બેસવા માટે કહે છે) બેસનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ નૌકાને ખરીદે છે, (ખરીદાવે છે) અથવા ખરીદેલી નાવ કોઈ આપે તો તેના પર બેસે છે, (બેસવા માટે કહે છે) અથવા બેસનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ નૌકા ઉધાર લે છે, (ઉધાર લેવડાવે છે) કે ઉધાર લીધેલી નાવ કોઈ આપે તો તેના પર બેસે છે, (બેસવા માટે કહે છે) અથવા બેસનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ નાવની અદલાબદલી કરે છે, કરાવે છે અથવા અદલાબદલી કરાવેલી નાવ કોઈ આપે તો તેના પર બેસે છે, બેસવા માટે કહે છે અથવા બેસનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ છીનવેલી, થોડા સમય માટે લાવીને આપેલી નાવ પર બેસે છે, બેસવા માટે કહે છે અથવા બેસનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ સ્થળમાં પડેલી નાવને જલમાં ઉતરાવે છે અથવા ઉતરાવનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ જલમાં પડેલી નાવને સ્થળમાં ઉતરાવે છે અથવા ઉતરાવનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ પાણીથી પૂર્ણ ભરેલી નાવને ખાલી કરાવે છે અથવા ખાલી કરાવનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ કાદવમાં ફસાયેલી નાવને કઢાવે છે અથવા કઢાવનારનું અનુમોદન કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जे भिक्खू उबद्धियं णावं उत्तिंगं वा उदगं वा आसिंचमाणिं वा उवरूवरिं वा कज्जलावेमाणिं पेहाए हत्थेण वा पाएण वा असिपत्तेण वा कुसपत्तेण वा मट्टियाए वा चेलेण वा पडिपिहेइ पडिपिहेंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ બાંધેલી નાવમાં છેદથી પાણી ભરાતું જોઈ અથવા ધીમે ધીમે ડૂબતી જોઈ (છેદને) હાથેથી, પગેથી, અસીપત્રથી, કુસપત્રથી, માટીથી કે વસ્ત્રથી બંધ કરાવે છે, બંધ કરાવનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू पडिणावियं कट्टु णावाए दुरूहइ दुरूहंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ નાવિક બદલાવી નાવમાં બેસે છે, બેસનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू उड्ढगामिणिं वा णावं अहोगामिणिं वा णावं दुरूहइ दुरूहेंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ ઉર્ધ્વગામિની નૌકામાં અથવા અધોગામિની નૌકામાં બેસે છે અથવા બેસનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू जोयणवेलागामिणिं वा अद्धजोयण वेलागामिणिं वा णावं दुरूहइ दुरूहंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ એક જોજન સુધીના પ્રવાહ સન્મુખ જઈ શકે એવી અથવા અર્ધ જોજન સુધીના પ્રવાહમાં નીચેની તરફ જઈ શકે એવી નાવમાં બેસે છે અથવા બેસનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू णावं आकसेइ आकसावेइ, आकसावेंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ નાવને ખેંચે છે, (ખેંચાવે છે) કે ખેંચનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू णावं खेवेइ खेवावेइ खेवावेंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ નાવ હંકારે છે, (હંકારાવે છે) કે હંકારનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू णावं रज्जुणा वा कट्ठेण वा कड्ढइ कड्ढंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ નાવને રસ્સાથી કે કાષ્ઠથી કાઢે છે, (કઢાવે-છે) અથવા કાઢનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू णावं अलित्तएण वा पप्फिडएण वा वंसेण वा पलेण वा वाहेइ वाहेंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ નાવને નૌકાદંડથી અથવા કોઈ ઉપકરણથી, વાંસથી અથવા હલેસાથી ચલાવે છે, (ચલાવવાનું કહે છે) ચલાવનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू णावाओ उदगं भायणेण वा पडिग्गहणेण वा मत्तेण वा णावा उस्सिंचणेण वा उस्सिंचइ उस्सिंचंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ નાવમાંથી ભાજન દ્વારા, પાત્ર દ્વારા કે વાસણ દ્વારા પાણી કાઢે છે, (કઢાવે છે) કાઢનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू णावं उत्तिंगेण उदगं आसवमाणं उवरूवरिं कज्जलमाणं पलोय हत्थेण वा पाएण वा आसत्थपत्तेण वा कुसपत्तेण वा मट्टियाए वा चेलकण्णेण वा पडिपेहेइ पडिपेहेंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ નાવમાં છિદ્રમાંથી પાણી આવવાથી નાવને ડૂબતી જોઈ હાથથી, પગથી, પીપળાના પત્રથી, કુસના પત્રથી, માટીથી તથા વસ્ત્રખંડથી છિદ્ર બંધ કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू णावागओ णावागयस्स असणं वा–**जाव**–साइमं वा पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ નાવમાં બેઠો છે તથા નાવમાં જ બેઠેલા પાસેથી અશન **યાવત્** સ્વાદ્ય લે છે, (લેવા માટે કહે છે) લેનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू णावागओ जलगयस्स असणं वा–**जाव**–साइमं वा पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ નાવમાં બેઠો છે અને પાણીમાં ઊભા રહેનાર પાસેથી અશન **યાવત્** સ્વાદ્ય લે છે, (લેવા માટે કહે છે) લેનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू णावागओ पंकगयस्स असणं वा–**जाव**–साइमं वा पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ નાવમાં બેઠો છે અને કાદવમાં ઊભા રહેનાર પાસેથી અશન **યાવત્** સ્વાદ્ય લે છે, (લેવા માટે કહે છે) લેનારનું અનુમોદન કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जे भिक्खू णावागओ थलगयस्स असणं वा–**जाव**–साइमं वा पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ ।

(जे भिक्खू जलगओ णावागयस्स असणं वा–**जाव**–साइमं वा पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ ।

जे भिक्खू जलगओ जलगयस्स असणं वा–**जाव**–साइमं वा पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ ।

जे भिक्खू जलगओ पंकगयस्स असणं वा–**जाव**–साइमं वा पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ ।

जे भिक्खू जलगओ थलगयस्स असणं वा–**जाव**–साइमं वा पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ ।)

(जे भिक्खू पंकगओ णावागयस्स असणं वा–**जाव**–साइमं वा पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ ।

जे भिक्खू पंकगओ जलगयस्स असणं वा–**जाव**–साइमं वा पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ ।

जे भिक्खू पंकगओ पंकगयस्स असणं वा–**जाव**–साइमं वा पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ ।

जे भिक्खू पंकगओ थलगयस्स असणं वा–**जाव**–साइमं वा पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ ।)

(जे भिक्खू थलगओ णावागयस्स असणं वा–**जाव**–साइमं वा पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ ।

जे भिक्खू थलगओ जलगयस्स असणं वा–**जाव**–साइमं वा पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ ।

जे भिक्खू थलगओ पंकगयस्स असणं वा–**जाव**–साइमं वा पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ નાવમાં બેઠો છે, અને જમીન પર ઊભા રહેનાર પાસેથી અશન **યાવત્** સ્વાદ્ય લે છે, (લેવા માટે કહે છે) લેનારનું અનુમોદન કરે છે.

(જે ભિક્ષુ પાણીમાં ઊભો છે, અને નાવમાં બેસનાર પાસેથી અશન **યાવત્** સ્વાદ્ય લે છે, (લેવા માટે કહે છે) લેનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ પાણીમાં ઊભો છે, અને પાણીમાં ઊભા રહેનાર પાસેથી અશન **યાવત્** સ્વાદ્ય લે છે, (લેવા માટે કહે છે) લેનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ પાણીમાં ઊભો છે, અને કાદવમાં ઊભા રહેનાર પાસેથી અશન **યાવત્** સ્વાદ્ય લે છે, (લેવા માટે કહે છે) લેનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ પાણીમાં ઊભો છે, અને જમીન પર ઊભા રહેનાર પાસેથી અશન **યાવત્** સ્વાદ્ય લે છે, (લેવા માટે કહે છે) લેનારનું અનુમોદન કરે છે.)

(જે ભિક્ષુ કાદવમાં ઊભો છે, અને નાવમાં બેસનાર પાસેથી અશન **યાવત્** સ્વાદ્ય લે છે, (લેવા માટે કહે છે) લેનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ કાદવમાં ઊભો છે, અને પાણીમાં ઊભા રહેનાર પાસેથી અશન **યાવત્** સ્વાદ્ય લે છે, (લેવા માટે કહે છે) લેનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ કાદવમાં ઊભો છે અને કાદવમાં ઊભા રહેનાર પાસેથી અશન **યાવત્** સ્વાદ્ય લે છે (લેવા માટે કહે છે) લેનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ કાદવમાં ઊભો છે, અને જમીન પર ઊભા રહેનાર પાસેથી અશન **યાવત્** સ્વાદ્ય લે છે, (લેવા માટે કહે છે) લેનારનું અનુમોદન કરે છે.)

(જે ભિક્ષુ જમીન પર ઊભો છે, અને નાવમાં બેસનાર પાસેથી અશન **યાવત્** સ્વાદ્ય લે છે, (લેવા માટે કહે છે) લેનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ જમીન પર ઊભો છે, અને પાણીમાં ઊભા રહેનાર પાસેથી અશન **યાવત્** સ્વાદ્ય લે છે, (લેવા માટે કહે છે) લેનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ જમીન પર ઊભો છે, અને કાદવમાં ઊભા રહેનાર પાસેથી અશન **યાવત્** સ્વાદ્ય લે છે, (લેવા માટે કહે છે) લેનારનું અનુમોદન કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जे भिक्खू थलगओ थलगयस्स असणं वा-जाव-साइमं वा पडिग्गाहेइ पडिग्गाहेंतं वा साइज्जइ ।)

જે ભિક્ષુ જમીન પર ઊભો છે, અને જમીન પર ઊભા રહેનાર પાસેથી અશન **યાવત્** સ્વાદ્ય લે છે, (લેવા માટે કહે છે) લેનારનું અનુમોદન કરે છે.)

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

તેને ચાતુર્માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

-नि. उ. १८, सु. १-२३

ભાષા સમિતિ

વિધિકલ્પ

तिकालिय तित्थयरेहिं चत्तारि भासा परूविया-

९७५. अह भिक्खू जाणेज्जा चत्तारि भासज्जायाइं, तं जहा-सच्चमेगं पढमं भासजातं, बीयं मोसं, ततियं सच्चा मोसं, जं णेव सच्चं णेव मोसं, णेव सच्चामोसं, असच्चामोसं णामं तं चउत्थं भासज्जातं ।[1]

से बेमि-जे य अतीता, जे य पडुप्पण्णा, जे य अणागया अरहंता भगवंतो सव्वे ते एयाणि चेव चत्तारि भासज्जायाइं भासिंसु वा, भासिंति वा, भासिस्संति वा, पण्णविंसु वा, पण्णवेंति वा, पण्णविस्संति वा ।

सव्वाइं च णं एयाणि अचित्ताणि वण्णमंताणि, गंधमंताणि, रसमंताणि, फासमंताणि चयोवचइयाइं विप्परिणामधम्माइं भवंति ति अक्खायाइं ।

-आ. सु. २, अ. ४, उ. १, सु. ५२२

ત્રિકાલિક તીર્થંકરો દ્વારા ચાર પ્રકારની ભાષાની પ્રરૂપણા :-

૯૭૫. મુનિએ ચાર પ્રકારની ભાષા જાણવી જોઈએ. તે આ પ્રમાણે છે :- ૧. સત્ય, ૨. અસત્ય, ૩. સત્યમૃષા, ૪. અસત્યામૃષા. મુનિ ભાષાના આ ચાર પ્રકાર સમજે.

હવે હું કહું છું- (હે જમ્બૂ !) ભૂતકાલીન, વર્તમાનકાલીન અને ભવિષ્યત્ કાલીન-સર્વ અરિહંત ભગવંતોએ ભાષાના આ જ ચાર ભેદ કહેલ છે, કહે છે અને કહેશે. આ ચાર ભેદ સમજાવ્યા છે, સમજાવે છે અને સમજાવશે.

ચારે પ્રકારની ભાષાના પુદ્‌ગલ અચિત્ત છે, વર્ણયુકત, ગંધયુકત, રસયુકત, સ્પર્શયુકત છે. ચય-ઉપચય (વૃદ્ધિ, હ્રાસ અથવા સંયોગ-વિયોગ) ધર્મવાળા છે અને નાના પ્રકારના પરિણમનવાળા છે.

विवेगेण भासमाणो आराहगो, अविवेगेण भासमाणो विराहगो -

९७६. स वक्कसुद्धिं समुपेहिया मुणी,
गिरं च दुट्ठं परिवज्जए सया ।
मियं अदुट्ठं अणुवीई भासए,
सयाणमज्झे लहई पसंसणं ।।
भासाए दोसे य गुणे य जाणिया,
तीसे य दुट्ठे परिवज्जए सया ।
छसु संजए सामणिए सया जए,
वएज्ज बुद्धे हियमाणुलोमियं ।।

વિવેક પૂર્વક બોલે તે આરાધક, વિવેક વગર બોલે તે વિરાધક :

૯૭૬. આવી રીતે વાકયશુદ્ધિ અને વાકયની સુંદરતા સમજીને મુનિ હંમેશા દૂષિત વાણીથી દૂર રહે. જે સાધક વિવેક પૂર્વક ચિંતન કરીને પરિમિત અને અદૂષિત ભાષા બોલે છે તે જ સત્પુરુષોમાં પ્રશંસા પામે છે.

છ જીવનિકાયને વિષે સંયમવાન અને ચારિત્રમાં નિરંતર ઉદ્યમવાન જ્ઞાની સાધુ ભાષાનાં ગુણ અને દોષોને જાણી, સદોષ ભાષાનો નિરંતર ત્યાગ કરે અને હિતકારી તથા મધુર ભાષા બોલે.

---

१. (क) चत्तारि भासाजाता पन्नता, तं जहा-सच्चमेगं भासज्जातं, बितियं मोसं, ततियं सच्चमोसं, चउत्थं असच्चमोसं । *-ठाणं. अ. ४, उ. १, सु. २३८*

(ख) पण्ण. प. ११, सु. ८७० । (ग) पण्ण. प. ११, सु. ८९८ ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

परिक्खभासी सुसमाहिइंदिए,
चउक्कसायावगए अणिस्सिए ।
स निद्धुणे धुन्नमलं पुरेकडं,
आराहए लोगमिणं तहा परं ।।

-दस. अ. ७, गा. ५५-५७

परीक्षापूर्वक बोलनार, वशेन्द्रिय, चारे कषायो पर जीत मेणवनार, एवा अप्रतिबद्ध (तटस्थ) विचरनार साधु पूर्वोपार्जित कर्ममलने दूर करी, आ लोक अने परलोकनी आराधना करे छे.

९७७. **प.** इच्चेयाइं भंते ! चत्तारि भासाज्जायाइं भासमाणे किं आराहए विराहए ?

उ. गोयमा ! इच्चेयाइं चत्तारि भासज्जायाइं आउत्तं भासमाणे आराहए, णो विराहए ।

तेण परं अस्संजयाऽविरयाऽपडिहयाऽपच्चक्खाय पावकम्मे सच्चं वा भासं भासंतो मोसं वा सच्चामोसं वा असच्चामोसं वा भासं भासमाणे णो आराहए, विराहए ।

-पण्ण. प. ११, सु. ८९९

९७७. **પ્ર.** ભંતે ! આ ચારેય પ્રકારની ભાષાઓને બોલનાર જીવ આરાધક હોય છે કે વિરાધક ?

ઉ. ગૌતમ ! એ ચારેય પ્રકારની ભાષાઓને ઉપયોગપૂર્વક બોલનાર આરાધક હોય છે, વિરાધક નહીં.

(તેમ જ ઉપયોગ વિના બોલનાર) જે અસંયત, અવિરત, પાપકર્મોના પ્રતિઘાત કે પ્રત્યાખ્યાન ન કરનાર, સત્યભાષા, મૃષાભાષા, સત્યામૃષા ભાષા તથા અસત્યામૃષાભાષા બોલનાર છે તે આરાધક નથી પણ વિરાધક છે.

भासाए भेयप्पभेया-

९७८. **प.** कतिविहा णं भंते ! भासा पण्णत्ता ?

उ. गोयमा ! दुविहा भासा पण्णत्ता ।
तं जहा-पज्जत्तिया य, अपज्जत्तिया य ।

प. पज्जत्तिया णं भंते ! भासा कतिविहा पण्णत्ता ?

उ. गोयमा ! दुविहा पण्णत्ता ।
तं जहा - १. सच्चा य, २. मोसा य ।

प. सच्चा णं भंते ! भासा पज्जत्तिया कतिविहा पण्णत्ता ?

उ. गोयमा ! दसविहा पण्णता, तं जहा -
१. जणवयसच्चा, २. सम्मतसच्चा,
३. ठवणासच्चा, ४. णामसच्चा, ५. रूवसच्चा,
६. पडुच्चसच्चा, ७. ववहारसच्चा, ८. भावसच्चा,
९. जोगसच्चा, १०. ओवम्मसच्चा ।[1]

प. मोसा णं भंते । भासा पज्जत्तिया कतिविहा पण्णत्ता ?

उ. गोयमा ! दसविहा पण्णत्ता, तं जहा-
१. कोहणिस्सिया, २. माणणिस्सिया,
३. मायाणिस्सिया, ४. लोभणिस्सिया,
५. पेज्जणिस्सिया, ६. दोसणिस्सिया,
७. हासणिस्सिया ८. भयणिस्सिया,
९. अक्खाइयाणिस्सिया, १०. उवघायणिस्सिया ।[2]

ભાષાના ભેદ-પ્રભેદ :-

९७८. **પ્ર.** ભંતે ! ભાષા કેટલા પ્રકારની છે ?

ઉ. ગૌતમ ! ભાષા બે પ્રકારની છે.
જેમ કે -૧. પર્યાપ્તિકા ૨. અપર્યાપ્તિકા.

પ્ર. ભંતે ! પર્યાપ્તિકા ભાષા કેટલા પ્રકારની છે ?

ઉ. ગૌતમ ! બે પ્રકારની છે.
જેમ કે - ૧. સત્યા, ૨. મૃષા.

પ્ર. ભંતે ! સત્યા પર્યાપ્તિકા ભાષા કેટલા પ્રકારની છે ?

ઉ. ગૌતમ ! દસ પ્રકારની છે. તે આ પ્રમાણે -
૧. જનપદ-સત્યા, ૨. સંમ્મત-સત્યા,
૩. સ્થાપના-સત્યા, ૪. નામ-સત્યા, ૫. રૂપ-સત્યા,
૬. પ્રતીત્ય-સત્યા, ૭. વ્યવહાર-સત્યા, ૮. ભાવ-સત્યા,
૯. યોગ-સત્યા અને ૧૦. ઔપમ્ય-સત્યા.

પ્ર. ભંતે ! મૃષા પર્યાપ્તિકા ભાષા કેટલા પ્રકારની છે ?

ઉ. ગૌતમ ! દસ પ્રકારની છે. તે આ પ્રમાણે -
૧. ક્રોધનિઃસૃતા, ૨. માનનિઃસૃતા,
૩. માયાનિઃસૃતા, ૪. લોભનિઃસૃતા,
૫. પ્રેયનિઃસૃતા, ૬. દ્વેષનિઃસૃતા,
૭. હાસ્યનિઃસૃતા, ૮. ભયનિઃસૃતા,
૯. આખ્યાયિકાનિઃસૃતા ૧૦. ઉપઘાતનિઃસૃતા.

---

१. ठाणं अ. १०, सु. ७४१ (१) २. ठाणं अ. १०, सु. ७४१ (२)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. अपज्जत्तिया णं भंते ! भासा कतिविहा पण्णत्ता ?

उ. गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा –
१. सच्चामोसा य, २. असच्चामोसा य ।

प. सच्चामोसा णं भंते ! भासा अपज्जत्तिया कतिविहा पण्णत्ता ?

उ. गोयमा ! दसविहा पण्णत्ता, तं जहा–
१. उप्पण्णमिस्सिया, २. विगयमिस्सिया,
३. उप्पण्णविगयमिस्सिया, ४. जीवमिस्सिया,
५. अजीवमिस्सिया ६. जीवाजीवमिस्सिया,
७. अणंतमिस्सिया ८. परित्तमिस्सिया,
९. अद्धामिस्सिया, १०. अद्धद्धामिस्सिया ।[1]

प. असच्चामोसा णं भंते ! भासा अपज्जत्तिया कतिविहा पण्णत्ता ?

उ. गोयमा ! दुवालसविहा पण्णत्ता, तं जहा–
आमंतणि, याऽऽणमणि, जायणि, तह पुच्छणि,
य पण्णवणी ।
पच्चक्खाणी भासा, भासा इच्छाणुलोमा य ।।
अणभिग्गहिया भासा, भासा य अभिग्गहम्मि
बोद्धव्वा ।
संसयकरणी भासा, वीयडा, अव्वोयडा चेव ।।

–पण्ण. प. ११, सु. ८६०–८६६

પ્ર. ભંતે ! અપર્યાપ્તિકા ભાષા કેટલા પ્રકારની છે ?

ઉ. ગૌતમ ! બે પ્રકારની કહી છે. તે આ પ્રમાણે ૧. સત્યામૃષા અને ૨. અસત્યામૃષા.

પ્ર. ભંતે ! સત્યામૃષા અપર્યાપ્તિકા ભાષા કેટલા પ્રકારની છે ?

ઉ. ગૌતમ ! દશ પ્રકારની છે. તે આ પ્રમાણે -
૧. ઉત્પન્નમિશ્રિત, ૨. વિગતમિશ્રિત,
૩. ઉત્પન્નવિગતમિશ્રિત, ૪. જીવમિશ્રિત,
૫. અજીવ મિશ્રિત, ૬. જીવાજીવમિશ્રિત,
૭. અનંતમિશ્રિત, ૮. પરિત્ત (પ્રત્યેક) મિશ્રિત,
૯. અર્ધમિશ્રિત અને ૧૦. અર્ધાર્ધમિશ્રિત.

પ્ર. ભંતે ! અસત્યામૃષા અપર્યાપ્તિકા ભાષા કેટલા પ્રકારની છે ?

ઉ. ગૌતમ ! બાર પ્રકારની છે. તે આ પ્રમાણે છે-
૧. આમંત્રણી ભાષા, ૨. આજ્ઞાપની ભાષા,
૩. યાચની ભાષા, ૪. પૃચ્છની ભાષા,
૫. પ્રજ્ઞાપની ભાષા, ૬. પ્રત્યાખ્યાની ભાષા,
૭. ઈચ્છાનુલોમા ભાષા, ૮. અનભિગૃહીતા ભાષા, ૯. અભિગૃહીતા ભાષા, ૧૦. સંશયકરણી ભાષા, ૧૧. વ્યાકૃતા ભાષા અને ૧૨. અવ્યાકૃતા ભાષા.

एगवयणविवक्खा –

९७९. **प.** अह भंते ! मणुस्से, महिसे, आसे, हत्थी, सीहे, वग्घे, वगे, दीविए, अच्छे, तरच्छे, परस्सरे, रासभे, सियाले, विराले, सुणए कोलसुणए, कोक्कंतिए, ससए चित्तए, चिल्ललए, जे यावऽण्णे तहप्पगारा सव्वा सा एगवयू ?

उ. हंता गोयमा ! मणुस्से–**जाव**–चिल्ललगा जे यावऽण्णे तहप्पगारा सव्वा सा एगवयू ।

–पण्ण. प. ११, सु. ८४९

એકવચન વિવક્ષા -

૯૭૯. **પ્ર.** ભંતે ! મનુષ્ય, પાડો, ઘોડો, હાથી, સિંહ, વાઘ, વરુ, દીપડો, રીંછ, તરક્ષ, ગેંડો, ગર્દભ, શિયાળ, બિલાડો, કૂતરો, શિકારી કૂતરો, કોકંતિક (જંગલી પશુવિશેષ), સસલો, ચીત્તો તથા ચિલ્લલક (હિંસક પશુ) એ તથા એવા જ અન્ય જે કોઈ જીવ છે શું એ સર્વ એક વચન છે ?

ઉ. હા ગૌતમ ! મનુષ્ય **યાવત્** ચિલ્લલક તથા એવા જ અન્ય જે કોઈ જીવ છે તે સર્વ એક વચન છે.

बहुवयणविवक्खा –

९८०. **प.** अह भंते ! मणुस्सा–**जाव**–चिल्ललगा जे यावऽण्णे तहप्पगारा सव्वा सा बहुवयू ?

બહુવચન વિવક્ષા -

૯૮૦. **પ્ર.** ભંતે ! મનુષ્યો **યાવત્** ચિલ્લલકો તથા એવા જ અન્ય જે કોઈ જીવ છે તે સર્વ બહુવચન છે ?

---

१. ठाणं अ. १०, सु. ७४१ (३)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. हंता गोयमा ! मणुस्सा-**जाव**-चिल्ललगा सव्वा सा बहुवयू ।

-पण्ण. प. ११, सु. ८५०

इत्थिलिंगसद्दा –

९८१. **प.** अह भंते ! मणुस्सी, महिसी, वलवा, हत्थिणिया, सीही, वग्घी, वगी, दीविया, अच्छी, तरच्छी, परस्सरी, रासभी, सियाली, विराली, सुणिया, कोलसुणिया, कोक्कंतिया, ससिया, चित्तिया, चिल्ललिया, जा यावऽण्णा तहप्पगारा सव्वा सा इत्थिवयू ?

उ. हंता गोयमा ! मणुस्सी-**जाव**-चिल्ललिया जा यावऽण्णा तहप्पगारा सव्वा सा इत्थिवयू ।

-पण्ण. प. ११, सु. ८५१

पुल्लिंगसद्दा –

९८२. **प.** अह भंते ! मणुस्से-**जाव**-चिल्ललए जे यावऽण्णे तहप्पगारा सव्वा सा पुमवयू ?

उ. हंता गोयमा ! मणुस्से-**जाव**-चिल्ललए जे यावऽण्णे तहप्पगारा सव्वा सा पुमवयू ।

-पण्ण. प. ११, सु. ८५२

णपुंसगलिंगसद्दा–

९८३. **प.** अह भंते ! कंसं कंसोयं परिमंडलं सेलं थूभं जालं थालं तारं रूवं अच्छि पव्वं कुंडं पउमं दुद्धं दहियं णवणीयं आसणं सयणं भवणं विमाणं छत्तं चामरं भिंगारं अंगणं निरंगणं आभरणं रयणं जे यावऽण्णे तहप्पगारा सव्वं तं णपुंसगवयू ?

उ. हंता गोयमा ! कंसं-**जाव**-रयणं जे यावऽण्णे तहप्पगारा सव्वं तं णपुंसगवयू ।

-पण्ण. प. ११, सु. ८५३

आराहणी भाषा–

९८४. **प.** अह भंते ! पुढवी त्ति इत्थिवयू आउ त्ति पुमवयू धण्णे त्ति णपुंसगवयू, पण्णवणी णं एसा भासा ? ण एसा भासा मोसा ?

उ. हंता गोयमा ! पुढवि त्ति इत्थिवयू, आउ त्ति पुमवयू, धण्णे त्ति णपुंसगवयू, पण्णवणी णं एसा भासा, ण एसा भासा मोसा ।

ઉ. હા ગૌતમ ! મનુષ્યો **યાવત્** ચિલ્લલકો તથા એવા જ અન્ય જે કોઈ જીવ છે તે સર્વ બહુવચન છે.

સ્ત્રીલિંગ શબ્દ :

૯૮૧.**પ્ર.** ભંતે ! સ્ત્રી ભેંસ, ઘોડી, હાથિણી, સિંહણ, વાઘણ, માદા વરુ, દીપડી, રીંછણ, તરક્ષી, ગેંડી, ગર્દભી, શિયાળવી, બીલાડી, કુતરી, શિકારી કુતરી, કોકન્તિકા, સસલી, ચીત્તણ તથા ચિલ્લલિકા ઈત્યાદિ બીજા પણ અન્ય સ્ત્રીજાતીના જે પશુ જીવ છે શું એ સર્વ સ્ત્રીવચન છે ?

ઉ. હા ગૌતમ ! સ્ત્રી **યાવત્** ચિલ્લલિકા તથા એવા જ અન્ય જે કોઈ જીવ છે તે સર્વ સ્ત્રીવચન છે.

પુલ્લિંગ શબ્દ :

૯૮૨. **પ્ર.** ભંતે ! મનુષ્ય **યાવત્** ચિલ્લલક સુધીના તથા એવા જ અન્ય જે કોઈ પ્રાણી નરજીવ છે શું તે સર્વ પુરુષવચન (પુલ્લિંગ) છે ?

ઉ. હા ગૌતમ ! મનુષ્ય **યાવત્** ચિલ્લલક તથા એવા જ અન્ય જે કોઈ નર જીવ છે તે સર્વ પુરુષવચન (પુલ્લિંગ) છે.

નપુંસક લિંગ શબ્દ :

૯૮૩.**પ્ર.** ભંતે ! કાંસુ, કસોલ, પરિમંડળ, શૈલ, સ્તૂપ, જાલ, થાલ, તાર, રૂપ, આંખ, પર્વ, કુંડ, પદ્મ, દૂધ, દહીં, માખણ, આસન, શયન, ભવન, વિમાન, છત્ર, ચામર, ભૃંગાર (ઝારી), આંગણું, નિરંજન, આભૂષણ તથા રત્ન ઈત્યાદિ તથા એજ પ્રકારનાં અન્ય જે પણ શબ્દ છે તે સર્વ નપુંસકવચન (નપુંસકલિંગ) છે ?

ઉ. હા ગૌતમ ! કાંસુ **યાવત્** રત્ન ઈત્યાદિ તથા એજ પ્રકારનાં અન્ય જે પણ શબ્દ છે, તે સર્વ નપુંસકવચન (નપુંસકલિંગ) છે.

આરાધની ભાષા :

૯૮૪.**પ્ર.** ભંતે ! પૃથ્વી તે શબ્દ સ્ત્રીવચન છે, પાણી એ શબ્દ પુરુષવચન છે તથા ધાન્ય એ નપુંસક શબ્દ છે. શું એ ભાષા પ્રજ્ઞાપની છે ? શું એ ભાષા અસત્ય તો નથી ને ?

ઉ. હા ગૌતમ ! પૃથ્વી તે શબ્દ સ્ત્રીવચન છે, પાણી એ શબ્દ પુરુષ વચન છે તથા ધાન્ય એ નંપુસક શબ્દ છે. એ ભાષા પ્રજ્ઞાપની છે. આ ભાષા અસત્ય નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. अह भंते ! पुढवी त्ति इत्थिआणमणी, आउ त्ति पुमआणमणी, धण्णे त्ति नपुंसगआणमणी पण्णवणी णं एसा भासा ? ण एसा भासा मोसा ?

उ. हंता गोयमा ! पुढवी त्ति इत्थिआणमणी, आउ त्ति पुमआणमणी, धण्णे त्ति णपुंसगआणमणी, पण्णवणी णं एसा भासा, ण एसा भासा मोसा ।

प. अह भंते ! पुढवी त्ति इत्थिपण्णवणी, आउ त्ति पुमपण्णवणी, धण्णे त्ति णपुंसगपण्णवणी आराहणी णं एसा भासा, ण एसा भासा मोसा ?

उ. हंता गोयमा ! पुढवी त्ति इत्थिपण्णवणी, आउ त्ति पुमपण्णवणी, धण्णे त्ति णपुंसगपण्णवणी, आराहणी णं एसा भासा, ण एसा भासा मोसा ।

प. इच्चेवं भंते ! इत्थिवयणं वा, पुमवयणं वा, णपुंसगवयणं वा वयमाणे पण्णवणी णं एसा भासा, ण एसा भासा मोसा ?

उ. हंता गोयमा ! इत्थिवयणं वा, पुमवयणं वा, णपुंसगवयणं वा वयमाणे पण्णवणी णं एसा भासा, ण एसा भासा मोसा ।

—पण्ण. प. ११, सु. ८५४–८५७

પ્ર. ભંતે ! પૃથ્વી એ ભાષા સ્ત્રી આજ્ઞાપની છે. પાણી એ પુરુષ-આજ્ઞાપની છે. તથા ધાન્ય એ નપુંસક આજ્ઞાપની છે. એવી ભાષા પ્રજ્ઞાપની છે ? શું એ ભાષા અસત્ય તો નથી ને ?

ઉ. હા ગૌતમ ! પૃથ્વી એ ભાષા સ્ત્રી-આજ્ઞાપની છે. પાણી એ પુરુષ આજ્ઞાપની છે તથા ધાન્ય એ નપુંસક આજ્ઞાપની ભાષા છે. એ ભાષા પ્રજ્ઞાપની છે, તે અસત્ય નથી.

પ્ર. ભંતે ! પૃથ્વી એ સ્ત્રી-પ્રજ્ઞાપની ભાષા છે, પાણી એ પુરુષ-પ્રજ્ઞાપની ભાષા છે તથા ધાન્ય એ નપુંસક-પ્રજ્ઞાપની ભાષા છે. શું એ ભાષા આરાધની છે ? એ ભાષા અસત્ય તો નથી ને ?

ઉ. હા ગૌતમ ! પૃથ્વી એ સ્ત્રી પ્રજ્ઞાપની ભાષા છે, પાણી એ પુરુષ પ્રજ્ઞાપની ભાષા છે તથા ધાન્ય એ નપુંસક પ્રજ્ઞાપની ભાષા છે, આ ભાષા આરાધની છે, તે અસત્ય નથી.

પ્ર. ભંતે ! આ પ્રમાણે સ્ત્રીવચન, પુરુષવચન અથવા નપુંસકવચન બોલતાં શું આ ભાષા પ્રજ્ઞાપની છે ? શું એ ભાષા અસત્ય તો નથી ને ?

ઉ. હા ગૌતમ ! સ્ત્રીવચન, પુરુષવચન અથવા નપુંસક- વચન બોલતાં આ ભાષા પ્રજ્ઞાપની છે, પણ અસત્ય નથી.

ओहारिणी भासा –

९८५. प. से णूणं भंते ! मण्णामीति ओहारिणी भासा ?

चिंतेमीति ओहारिणी भासा ?
अह मण्णामीति ओहारिणी भासा ?
अह चिंतेमीति ओहारिणी भासा ?
तह मण्णामीति ओहारिणी भासा ?

तह चिंतेमीति ओहारिणी भासा ?

उ. हंता गोयमा ! मण्णामीति ओहारिणी भासा,

चिंतेमीति ओहारिणी भासा,
अह मण्णामीति ओहारिणी भासा,
अह चिंतेमीति ओहारिणी भासा,

અવધારિણી ભાષા :

૯૮૫. પ્ર. ભંતે ! શું હું એમ માનું કે ભાષા અવધારિણી (પદાર્થનો અવબોધ કરાવનારી) છે ?
શું હું એવું ચિંતન કરું કે ભાષા અવધારિણી છે ?
(ભંતે !) શું હું એમ માનું કે ભાષા અવધારિણી છે ?
શું હું એમ ચિંતન કરું કે ભાષા અવધારિણી છે ?
(ભંતે ! પહેલાં હું જેવું માનતો હતો) તેવી રીતે હમણાં પણ) એવું માનું કે ભાષા અવધારિણી છે ?
તથા તેવી રીતે હું એવું ચિંતન કરું કે ભાષા અવધારિણી છે ?

ઉ. હા ગૌતમ ! (તમારું મનન- સત્ય છે.) તમે માનો છો કે ભાષા અવધારિણી છે.
તમે ચિંતન કરો છો કે ભાષા અવધારિણી છે.
તમે માનો કે ભાષા અવધારિણી છે.
હવે તમે (નિઃસંદેહ) ચિંતન કરો કે ભાષા અવધારિણી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तह मण्णामीति ओहारिणी भासा,
तह चिंतेमीति ओहारिणी भासा ।

प. ओहारिणी णं भंते ! भासा किं सच्चा, मोसा, सच्चामोसा, असच्चामोसा ?

उ. गोयमा ! सिय सच्चा, सिय मोसा, सिय सच्चामोसा, सिय असच्चामोसा ।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ – 'ओहारिणी णं भासा सिय सच्चा, सिय मोसा, सिय सच्चामोसा, सिय असच्चामोसा ?"

उ. गोयमा ! (१) आराहणी सच्चा, (२) विराहणी मोसा, (३) आराहणविराहणी सच्चामोसा, (४) जा णेव आराहणी णेव विराहणी णेव आराहणविराहणी असच्चामोसा णाम सा चउत्थी भासा ।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ – "ओहारिणी णं भासा सिय सच्चा, सिय मोसा, सिय सच्चामोसा, सिय असच्चामोसा ।"

– *पण्ण. प. ११, सु. ८३०–८३१*

તમારું જાણવું અને વિચારવું યથાર્થ અને નિર્દોષ છે. (માટે) તમે તેવી રીતે (પૂર્વમનનવત્) ચિંતન કરો કે ભાષા અવધારિણી છે.

પ્ર. ભંતે ! અવધારિણી ભાષા શું સત્ય છે ? મૃષા (અસત્ય) છે ? સત્યામૃષા (મિશ્ર) છે ? અથવા અસત્યામૃષા (ન સત્ય, ન અસત્ય) છે ?

ઉ. ગૌતમ ! તે (અવધારિણીભાષા) કદાચ સત્ય હોય છે. કદાચ અસત્ય હોય છે. કદાચ સત્યામૃષા હોય છે અને કદાચ અસત્યામૃષા પણ હોય છે.

પ્ર. ભંતે ! કયા પ્રયોજનથી કહો છો કે "અવધારિણી ભાષા કદાચ સત્ય, કદાચ અસત્ય, કદાચ સત્યામૃષા અને કદાચ અસત્યામૃષા (પણ) હોય છે ?"

ઉ. ગૌતમ ! ૧. જે આરાધની ભાષા છે તે સત્ય છે. ૨. જે વિરાધની ભાષા છે તે અસત્ય છે. ૩. જે આરાધની-વિરાધની (ઉભયરૂપી ભાષા છે તે) સત્યામૃષા છે. ૪. જે આરાધની ભાષા નથી કે વિરાધની નથી અને આરાધની-વિરાધની પણ નથી તે ચોથી અસત્યામૃષા નામની ભાષા છે. હે ગૌતમ ! એ પ્રયોજનથી એમ કહેવાય છે કે "અવધારિણી ભાષા કદાચ સત્ય, કદાચ અસત્ય, કદાચ સત્યામૃષા અને કદાચ અસત્યામૃષા પણ હોય છે."

पण्णवणी भासा–

९८६. **प.** अह भंते ! गाओ मिया पसू पक्खी पण्णवणी णं एसा भासा ? ण एसा भासा मोसा ?

उ. हंता गोयमा ! गाओ मिया पसू पक्खी पण्णवणी णं एसा भासा, ण एसा भासा मोसा ।

प. अह भंते ! जा य इत्थिवयू, जा य पुमवयू, जा य णपुंसगवयू पण्णवणी णं एसा भासा ? ण एसा भासा मोसा ?

उ. हंता गोयमा ! जा य इत्थिवयू, जा य पुमवयू, जा य णपुंसगवयू पण्णवणी णं एसा भासा, ण एसा भासा मोसा ।

प. अह भंते ! जा य इत्थिआणमणी, जा य पुमआणमणी जा य णपुंसगआणमणी पण्णवणी णं एसा भासा ? ण एसा भासा मोसा ?

પ્રજ્ઞાપની ભાષા :

૯૮૬. **પ્ર.** ભંતે ! ગાયો, મૃગો, પશુઓ અને પક્ષીઓ શું એ ભાષા પ્રજ્ઞાપની છે ? શું એ ભાષા અસત્ય તો નથી ને ?

ઉ. હા ગૌતમ ! ગાયો, મૃગો, પશુઓ અને પક્ષીઓ આ ભાષા પ્રજ્ઞાપની છે ? પણ એ ભાષા અસત્ય નથી.

પ્ર. ભંતે ! એ પ્રશ્ન છે કે જે સ્ત્રીવચન છે અને જે પુરુષ વચન છે, અથવા જે નપુંસક વચન છે.-શું એ પ્રજ્ઞાપની ભાષા છે ? શું એ ભાષા અસત્ય તો નથી ને ?

ઉ. હા ગૌતમ ! આ જે સ્ત્રીવચન છે અને જે પુરુષવચન છે, અથવા જે નપુંસકવચન છે, એ ભાષા પ્રજ્ઞાપની છે, એ ભાષા અસત્ય નથી.

પ્ર. ભંતે ! જે સ્ત્રી-આજ્ઞાપની છે અને જે પુરુષ-આજ્ઞાપની છે, અથવા જે નપુંસક-આજ્ઞાપની છે, શું એ પ્રજ્ઞાપની ભાષા છે ? શું એ ભાષા મૃષા તો નથી ને ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. हंता गोयमा ! जा य इत्थिआणमणी, जा य पुमआणमणी, जा य णपुंसगआणमणी, पण्णवणी णं एसा भासा, ण एसा भासा मोसा ।

प. अह भंते ! जा य इत्थिपण्णवणी, जा य पुमपण्णवणी, जा य णपुंसगपण्णवणी, पण्णवणी णं एसा भासा ? ण एसा भासा मोसा ?

उ. हंता गोयमा ! जा य इत्थिपण्णवणी, जा य पुमपण्णवणी, जा य णपुंसगपण्णवणी, पण्णवणी णं एसा भासा, ण एसा भासा मोसा ।

प. अह भंते ! जा जातीति इत्थिवयू जातीति पुमवयू, जातीति णपुंसगवयू पण्णवणी णं एसा भासा ? ण एसा भासा मोसा ?

उ. हंता गोयमा ! जातीति इत्थिवयू, जातीति पुमवयू, जातीति णपुंसगवयू, पण्णवणी णं एसा भासा, ण एसा भासा मोसा ।

प. अह भंते ! जातीति इत्थिआणमणी, जातीति पुमआणमणी, जातीति णपुंसगआणमणी, पण्णवणी णं एसा भासा ? ण एसा भासा मोसा ?

उ. हंता गोयमा ! जातीति इत्थिआणमणी, जातीति पुमआणमणी, जातीति णपुंसगआणमणी, पण्णवणी णं एसा भासा, ण एसा भासा मोसा ।

प. अह भंते ! जातीति इत्थिपण्णवणी, जातीति पुमपण्णवणी, जातीति णपुंसगपण्णवणी, पण्णवणी णं एसा भासा ? ण एसा भासा मोसा ?

उ. हंता गोयमा ! जातीति इत्थिपण्णवणी, जातीति पुमपण्णवणी, जातीति णपुंसगपण्णवणी, पण्णवणी णं एसा भासा, ण एसा भासा मोसा ।

—पण्ण. प. ११, सु. ८३२-८३८

ઉ. હા ગૌતમ ! જે સ્ત્રી-આજ્ઞાપની છે, અને જે પુરુષ-આજ્ઞાપની છે અથવા જે નપુંસક-આજ્ઞાપની છે, એ ભાષા પ્રજ્ઞાપની છે. પણ એ ભાષા અસત્ય નથી.

પ્ર. ભંતે ! જે સ્ત્રી-પ્રજ્ઞાપની છે અને જે પુરુષ-પ્રજ્ઞાપની છે અથવા જે નપુંસક-પ્રજ્ઞાપની છે, શું એ પ્રજ્ઞાપની ભાષા છે ? શું એ ભાષા અસત્ય તો નથી ને ?

ઉ. હા ગૌતમ ! જે સ્ત્રી પ્રજ્ઞાપની છે અને જે પુરુષ-પ્રજ્ઞાપની છે, અથવા જે નપુંસક-પ્રજ્ઞાપની છે. એ પ્રજ્ઞાપની ભાષા છે પણ એ ભાષા અસત્ય નથી.

પ્ર. ભંતે ! જે જાતિમાં સ્ત્રીવચન છે, જાતિમાં પુરુષવચન છે અને જાતિમાં નપુંસકવચન છે. શું એ પ્રજ્ઞાપની ભાષા છે ? પણ એ અસત્ય તો નથી ને ?

ઉ. હા ગૌતમ ! જાતિમાં જે સ્ત્રીવચન, જાતિમાં પુરુષવચન અથવા જાતિમાં નપુંસકવચન છે. એ પ્રજ્ઞાપની ભાષા છે, પણ એ ભાષા અસત્ય નથી.

પ્ર. ભંતે ! જાતિમાં જે સ્ત્રી આજ્ઞાપની છે, જાતિમાં જે પુરુષ-આજ્ઞાપની છે અથવા જાતિમાં જે નપુંસક-આજ્ઞાપની છે. શું એ પ્રજ્ઞાપની ભાષા છે ? શું એ ભાષા અસત્ય તો નથી ને ?

ઉ. હા ગૌતમ ! જાતિમાં જે સ્ત્રી આજ્ઞાપની છે, જાતિમાં જે પુરુષ-આજ્ઞાપની છે, જાતિમાં જે નપુંસક-આજ્ઞાપની છે, એ પ્રજ્ઞાપની ભાષા છે અને એ ભાષા અસત્ય નથી.

પ્ર. ભંતે ! જે જાતિમાં સ્ત્રી પ્રજ્ઞાપની છે, જાતિમાં પુરુષ-પ્રજ્ઞાપની છે અથવા જાતિમાં જે નપુંસક-પ્રજ્ઞાપની છે. શું એ ભાષા પ્રજ્ઞાપની છે ? ભાષા અસત્ય તો નથી ને ?

ઉ. હા ગૌતમ ! જે જાતિમાં સ્ત્રી પ્રજ્ઞાપની છે, જાતિમાં પુરુષ-પ્રજ્ઞાપની છે અથવા જાતિમાં નપુંસક-પ્રજ્ઞાપની છે. એ પ્રજ્ઞાપની ભાષા છે, અને એ ભાષા અસત્ય નથી.

मंदकुमाराईणं भासाबोहो –

९८७. प. अह भंते ! मंदकुमारए वा मंदकुमारिया वा जाणइ वुयमाणे – "अहमेसे बुयामि, अहमेसे बुयामीति ?"

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे, णऽण्णत्थ सण्णिणो ।

મન્દકુમારાદિની ભાષા આદિનો બોધ :-

૯૮૭.પ્ર. ભંતે ! હવે પ્રશ્ન એ છે કે શું મંદકુમાર (અબોધ બાળક) અથવા મંદ કુમારિકા (અબોધબાલિકા) બોલે છે ત્યારે એવું માને છે કે હું બોલું છું ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ (વાત સંભવિત) નથી, સંજ્ઞી (અવધિજ્ઞાની, જાતિસ્મરણવાળા) ને છોડીને.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. अह भंते ! मंदकुमारए वा मंदकुमारिया वा जाणति आहारमाहारेमाणे–"अहमेसे आहारमाहारेमि, अहमेसे आहारमाहारेमि त्ति ?"

प्र. ભંતે ! શું મંદ કુમાર અથવા મંદ કુમારિકા આહાર કરતી વખતે માને છે કે 'હું આહાર કરું છું ?'

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे, णऽण्णत्थ सण्णिणो ।

उ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી, સંજ્ઞીને છોડીને.

प. अह भंते ! मंदकुमारए वा मंदकुमारिया वा जाणति–"अयं मे अम्मापियरो अयं मे अम्मापियरो ?

प्र. ભંતે ! શું મંદકુમાર અથવા મંદકુમારિકા એ જાણે છે કે'મારા માતા-પિતા છે ? '

उ. गोयमा ! णो इणट्ठे, समट्ठे, णऽण्णत्थ सण्णिणो ।

उ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી, સંજ્ઞીને છોડીને.

प. अह भंते ! मंदकुमारए वा मंदकुमारिया वा जाणति–"अयं मे अतिराउले अयं मे अतिराउले त्ति ?"

प्र. ભંતે ! મંદકુમાર અથવા મંદકુમારિકા શું એ જાણે છે કે 'આ મારા સ્વામી (અધિરાજ)નું ઘર (કુલ) છે ?'

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे, णऽण्णत्थ सण्णिणो ।

उ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી, સંજ્ઞીને છોડીને.

प. अह भंते ! मंदकुमारए वा मंदकुमारिया वा जाणति–"अयं मे भट्टिदारए, अयं मे भट्टिदारए त्ति ?"

प्र. ભંતે ! શું મંદકુમાર અથવા મંદકુમારિકા એ જાણે છે કે 'આ મારા સ્વામીનો પુત્ર છે ? '

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे, णऽण्णत्थ सण्णिणो ।

उ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. સંજ્ઞીને છોડીને.

प. अह भंते ! उट्टे, गोणे, खरे, घोडए, अए, एलए जाणति बुयमाणे – "अहमेसे बुयामि अहमेसे बुयामि त्ति ?"

प्र. ભંતે ! આના પછી પ્રશ્ન એ છે કે ઊંટ, બળદ, ગધેડો, ઘોડો, બકરી, અને ઘેટું શું બોલતાં એવું જાણે છે કે 'હું બોલી રહ્યો છું ?'

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे, णऽण्णत्थ सण्णिणो ।

उ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી, સંજ્ઞીને છોડીને.

प. अह भंते ! उट्टे–**जाव**–एलए जाणति आहारेमाणे– "अहमेसे आहारेमि अहमेसे आहारेमि त्ति ?"

प्र. ભંતે ! ઊંટ **યાવત્** ઘેટું આહાર કરતાં એવું જાણે છે કે 'હું આહાર કરી રહ્યો છું ?'

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे, णऽण्णत्थ सण्णिणो ।

उ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી, સંજ્ઞીને છોડીને.

प. अह भंते ! उट्टे–**जाव**–एलए जाणति "अयं मे अम्मापियरो, अयं मे अम्मापियरो" त्ति ?

प्र. ભંતે ! ઊંટ **યાવત્** ઘેટું શું જાણે છે કે ' આ મારા માતા-પિતા છે ?'

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे, णऽण्णत्थ सण्णिणो ।

उ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી, સંજ્ઞીને છોડીને.

प. अह भंते ! उट्टे –**जाव**–एलए जाणति "अयं मे अतिराउले, अयं मे अतिराउले त्ति ?"

प्र. ભંતે ! ઊંટ **યાવત્** ઘેટું શું જાણે છે કે ' આ મારા સ્વામીનું ઘર છે ?'

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे, णऽण्णत्थ सण्णिणो ।

उ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી, સંજ્ઞીને છોડીને.

प. अह भंते ! उट्टे–**जाव**–एलए जाणति "अयं मे भट्टिदारए, अयं मे भट्टिदारए" त्ति ?

प्र. ભંતે ! ઊંટ **યાવત્** ઘેટું શું જાણે છે કે ' આ મારા સ્વામીનો પુત્ર છે ? '

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे, णऽण्णत्थ सण्णिणो ।

उ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી, સંજ્ઞીને છોડીને.

–पण्ण प. ११, सु. ८३९–८९८

सोडस वयण विवेगो –

સોળ પ્રકારનાં વચનનો વિવેક :

९८८. अणूवीयि णिट्ठाभासी समियाए संजते भासं भासेज्जा तं जहा –

૯૮૮.સંયમી સાધુ કે સાધ્વી ભાષા સમિતિયુકત, વિચાર-પૂર્વક તથા એકાગ્રતાપૂર્વક ભાષાનો પ્રયોગ કરે. જેમ કે સોળ પ્રકારનાં વચન છે-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(१) एगवयणं, (२) दुवयणं, (३) बहुवयणं,
(४) इत्थीवयणं, (५) पुरिसवयणं, (६) णपुंसगवयणं,
(७) अज्झत्थवयणं (८) उवणीयवयणं,
(९) अवणीयवयणं (१०) उवणीतअवणीतवयणं,
(११) अवणीतउवणीतवयणं, (१२) तीयवयणं,
(१३) पडुप्पण्णवयणं, (१४) अणागयवयणं,
(१५) पच्चक्खवयणं (१६) परोक्खवयणं ।[1]

१. એકવચન, ૨. દ્વિવચન, ૩. બહુવચન,
૪. સ્ત્રીલિંગ, ૫. પુલ્લિંગ, ૬. નપુંસકલિંગ,
૭. અધ્યાત્મ વચન, ૮. ઉપનીત વચન (પ્રશંસા વચન),
૯. અપનીત વચન (અપ્રશંસા વચન), ૧૦- ઉપનીત અપનીત વચન, ૧૧- અપનીત ઉપનીત વચન,
૧૨. અતીત વચન, ૧૩. વર્તમાન વચન,
૧૪. અનાગત વચન, ૧૫. પ્રત્યક્ષ વચન અને
૧૬. પરોક્ષ વચન.

से एगवयणं वदिस्सामिति एगवयणं वदेज्जा–**जाव**–परोक्खवयणं वदिस्सामिति परोक्खवयणं वदेज्जा । इत्थी वेस, पुमं वेस, णपुंसगं वेस[2] एवं वा चेयं, अण्णं वा चेयं अणुवीयि णिट्ठाभासी समियाए संजते भासं भासेज्जा ।

–आ. सु. २, अ. ४, उ. १, सु. ५२१

ઉકત સોળ વચનોને જાણી મુનિ જયાં એક વચન બોલવા યોગ્ય હોય ત્યાં એક વચન જ બોલે, **યાવત્** જયાં પરોક્ષવચન બોલવા યોગ્ય હોય ત્યાં પરોક્ષવચન જ બોલે . જેમકે,-'આ સ્ત્રી છે, આ પુરુષ છે, આ નપુંસક છે. આ વાત એમ જ છે અથવા અન્યથા જ છે', એ રીતે યથાર્થ નિર્ણય કરી મુનિ ભાષા સમિતિપૂર્વક. વિચારપૂર્વક તથા એકાગ્રતાપૂર્વક સંયત ભાષામાં બોલે.

૯૮૯. **प.** इच्चेयं भंते ! एगवयणं वा–**जाव**–परोक्खवयणं वा वयमाणे पण्णवणी णं एसा भासा ? ण एसा भासा मोसा ?

उ. हंता गोयमा ! इच्चेयं एगवयणं वा–**जाव**–परोक्खवयणं वा वयमाणे पण्णवणी णं एसा भासा, ण एसा भासा मोसा ।

– पण्ण. प. ११, सु. ८९७

૯૮૯.**પ્ર.** ભંતે ! એક વચન **યાવત્** પરોક્ષ વચન બોલતા (જીવ)ની શું એ ભાષા પ્રજ્ઞાપની છે ? તો એ ભાષા અસત્ય તો નથી ને ?

ઉ. હા ગૌતમ ! એકવચન **યાવત્** પરોક્ષ વચન બોલતા (જીવ)ની ભાષા પ્રજ્ઞાપની છે, તે ભાષા અસત્ય નથી.

असावज्जा असच्चामोसा भासा भासियव्वा–

९९०. से भिक्खू वा भिक्खुणी वा जा य भासा सच्चा सुहुमा, जा य भासा असच्चामोसा तहप्पगारं भासं असावज्जं अकिरियं अकक्कसं अकडुयं अणिट्ठुरं अफरुसं–अणण्हयकरिं अछेयकरिं अभेयणकरिं अपरितावणकरिं अणुद्दवणकरिं अभूतोवघातियं अभिकंख भासेज्जा ।[3]

–आ. सु. २, अ. ४, उ. ९, सु. ५२५

અસાવદ્ય અસત્યામૃષા ભાષા બોલવી જોઈએ

૯૯૦. સાધુ અને સાધ્વીએ જાણવું જોઈએ કે જે ભાષા સૂક્ષ્મ સત્ય સિધ્ધ છે, અને જે ભાષા અસત્યામૃષા ભાષા છે. વળી એવી બંને ભાષાઓ નિરવદ્ય, અક્રિય, અકર્કશ, અકટુ, અનિષ્ઠુર, અકઠોર, સંવરજનક, પ્રીતિજનક, અભેદજનક, અપરિતાપજનક, અનુપદ્રવજનક, પ્રાણીઓને માટે અઘાતક છે, તે વિચાર કરી ને જ બંને ભાષાઓનો પ્રયોગ કરવો.

---

१. प. कतिविहे णं भंते ! वयणे पण्णत्ते ?
उ. गोयमा ! सोलहविहे वयणे पण्णत्ते । तं जहा – १. एगवयणे, २. दुयवयणे, ३. बहुवयणे, ४. इत्थीवयणं, ५. पुमवयणे, ६. णपुंसगवयणे, ७. अज्झत्थवयणं, ८. उवणीयवयणे, ९. अवणीयवयणं, १०. उवणीयावणीयवयणे, ११. अवणीयउवणीय वयणे, १२. तीतवयणं, १३. पडुप्पन्नवयणं, १४. अणागयवयणे, १५. पच्चक्खवयणे, १६. परोक्खवयणे । – पण्ण. प. ११, सु. ८९६

२. पंचिंदियाणि पाणाणं एस इत्थी अयं पुमं । जाव णं न विजाणेज्जा ताव जाइ त्ति आलवे ।। – दस.अ.७, गा. २१

३. (क) असच्चमोसं सच्चं च, अणवज्जमकक्कसं । समुप्पेहमसंदिद्धं, गिरं भासेज्ज पन्नवं ।। – दस. अ. ७, गा. ३
(ख) अप्पत्तियं जेण सिया, आसु कुप्पेज्ज वा परो । सव्वसो तं न भासेज्जा, भासं अहियगामिणी ।
दिट्ठं मियं असंदिद्धं, पडिपुन्नं वियं जियं । अयंपिरमणुव्विग्गं, भासं निसिर अत्तवं ।। – दस. अ. ८, गा. ४७–४८

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कसायं परिवज्ज भासियव्वं –

९९१. से भिक्खू वा भिक्खुणी वा वंता कोहं च, माणं च, मायं च, लोभं च, अणुवीयि[1] णिट्ठभासी निसम्मभासी अतुरियभासी विवेगभासी समियाए संजते भासं भासेज्जा ।

–आ. सु. २, अ. ४, उ. २, सु. ५५१

आमंतणे असावज्ज भासा विही –

९९२. से भिक्खू वा भिक्खुणी वा पुमं आमंतेमाणे आमंतिते अपडिसुणेमाणे एवं वदेज्जा–"अमुगे ति वा, आउसो ति वा, सावगे ति वा, उवासगे ति वा, धम्मिए ति वा, धम्मप्पिए ति वा । एतप्पगारं भासं असावज्जं जाव–अभूतोवघातियं अभिकंख भासेज्जा ।"[2]

–आ. सु. २, अ. ४, उ. १, सु. ५२७

९९३. से भिक्खू वा भिक्खुणी वा इत्थी आमंतेमाणे आमंतिते य अपडिसुणेमाणी एवं वदेज्जा – "आउसो ति वा, भगिणी ति वा भगवती ति वा, सावगे ति वा, उवासिए ति वा, धम्मिए ति वा, धम्मप्पिए ति वा । एतप्पगारं भासं असावज्जं– जाव–अभूतोवघातियं अभिकंख भासेज्जा" ।[3]

–आ. सु. २, अ. ४, उ. १, सु. ५२९

अंतरिक्ख विसए भासा विही –

९९४. से भिक्खू वा भिक्खुणी वा अंतलिक्खे ति वा, गुज्झाणुचरिते ति वा, समुच्छिते वा, णिवइए वा, पओय वदेज्ज वा बुट्ठ बलाहगे त्ति ।[4]

–आ. सु. २, अ. ४, उ. १, सु. ५३१

रूवाइसु असावज्ज भासा विही –

૧- અનુસ્ત્રોતચારી :– અનુકૂળ જલ પ્રવાહની દિશામાં ચાલનાર મત્સ્ય.

૨- પ્રતિસ્ત્રોતચારી :– જલ પ્રવાહની સામેની દિશામાં ચાલનાર મત્સ્ય.

૩- અન્તચારી :– નદીના કિનારા પાસે જ સંચરણ કરનાર મત્સ્ય.

૪- મધ્યચારી :– નદીના મધ્યભાગમાં પાણીની નીચે સંચરણ કરનાર મત્સ્ય.

૫- સર્વસ્ત્રોતચારી :– જળ પ્રવાહમાં બધી દિશાઓમાં ચાલનાર મત્સ્ય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एवामेव पंच भिक्खागा पण्णत्ता, तं जहा–

१. अणुसोयचारी,

२. पडिसोयचारी,

३. अंतचारी,

४. मज्झचारी,

५. सव्वचारी ।[1]

–ठा. अ. ५, उ. ३, सु. ४५३

એ જ પ્રમાણે ભિક્ષુ પણ પાંચ પ્રકારનાં કહ્યાં છે, જેમ કે-

૧- અનુસ્ત્રોતચારી- ઉપાશ્રયની પાસેના ઘરેથી શુરુ કરીને ક્રમશઃ ભિક્ષા લેનારા.

૨- પ્રતિસ્ત્રોતચારી- ઉત્ક્રમથી (ઉલટા ક્રમથી) ભિક્ષા લેનારા.

૩- અન્તચારી- ક્ષેત્રના અંત ભાગમાં રહેલા ઘરોની ભિક્ષા લેનારા.

૪- મધ્યચારી- ક્ષેત્રના મધ્યભાગનાં રહેલા ઘરોની ભિક્ષા લેનારા.

૫- સર્વસ્ત્રોતચારી-ગામના બધા જ ભાગોમાંથી ગોચરી લેનારા.

भिक्खावित्तिणा भिक्खुस्स विहगोवमा :

१०५४. चत्तारी पक्खी पण्णत्ता, तं जहा–

१. णिवतित्ता णाममेगे णो परिवइत्ता,

२. परिवइत्ता णाममेगे णो णिवतित्ता,

३. एगे णिवतित्ता वि परिवइत्ता वि,

४. एगे णो णिवतित्ता णो परिवइत्ता,

एवामेव चत्तारि भिक्खागा पण्णत्ता, तं जहा–

१. णिवतित्ता णाममेगे णो परिवइत्ता,

२. परिवइत्ता णाममेगे णो णिवतित्ता,

३. एगे णिवत्तिता वि परिवइत्ता वि,

ભિક્ષાવૃત્તિ નિમિત્તે ભિક્ષુને પક્ષીની ઉપમા :

૧૦૫૪. પક્ષી ચાર પ્રકારનાં કહ્યાં છે, જેમ કે -

૧- **નિપતિતા, ન પરિવ્રજિતા :** કોઈ પક્ષી પોતાના માળામાંથી નીચે ઊતરી શકે છે, પરંતુ (બાલ્યાવસ્થાના કારણે) ઊડી શકતું નથી એવું હોય છે.

૨- **પરિવ્રજિતા, ન નિપતિતા :** કોઈ પક્ષી પોતાના માળામાંથી ઊડી શકે છે. પરંતુ ડરપોક હોવાથી નીચે ઊતરી શકતું નથી એવું હોય છે.

૩- **નિપતિતા પણ, પરિવ્રજિતા પણ :** કોઈ સમર્થ પક્ષી પોતાના માળામાંથી નીચે પણ ઊડી શકે છે અને ઉપર પણ ઊડી શકે છે એવું હોય છે.

૪- **ન નિપતિતા, ન પરિવ્રજિતા :** કોઈ પક્ષી (બચ્ચું હોવાના કારણે) પોતાના માળામાંથી નીચે પણ ઊડી શકતું નથી ઊંચે પણ ઊડી શકતું નથી એવું હોય છે.

આ પ્રમાણે ભિક્ષુ પણ ચાર પ્રકારના કહ્યાં છે, જેમ કે -

૧- **નિપતિતા, ન પરિવ્રજિતા :** કોઈ ભિક્ષુ ભિક્ષા માટે નીકળે છે, પરંતુ બીમાર હોવાના કારણે વધારે ફરી શકતો નથી.

૨- **પરિવ્રજિતા, ન નિપતિતા :** કોઈ ભિક્ષુ ભિક્ષા માટે ફરી શકે છે, પરંતુ સ્વાધ્યાયાદિમાં સંલગ્ન રહેવાથી ભિક્ષાનાં માટે નીકળી શકતો નથી.

૩- **નિપતિતા પણ, પરિવ્રજિતા પણ :** કોઈ સમર્થ ભિક્ષુક ભિક્ષા માટે નીકળે પણ છે અને ફરી પણ શકે છે.

---

१. ठाणं अ. ४, उ. ४, सु. ३५०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४. एगे णो णिवतित्ता णो परिवइत्ता ।

–ठाणं. अ. ४, उ. ४, सु. ३५२ (१)

४- **न निपतिता, न परिव्रजिता** : કોઈ (નવદીક્ષિત બાલ) મુનિ ભિક્ષા માટે પણ નીકળતો નથી તેમ જ ફરતો પણ નથી.

वणीमगप्पयारा :

१०५५. पंच वणीमगा पण्णत्ता, तं जहा –

१. अतिहिवणीमगे,

२. किवणवणीमगे,

३. माहणवणीमगे,

४. साणवणीमगे,

५. समणवणीमगे,

–ठाणं अ. ५, उ. ३, सु. ४५४

याचकના પ્રકાર :

१०५५. યાચક પાંચ પ્રકારના હોય છે, જેમ કે -

१- અતિથિયાચક : અતિથિદાનની પ્રશંસા કરી ભોજન માંગવાવાળા.

२- કૃપણયાચક : કૃપણદાનની પ્રશંસા કરી ભોજન માંગવાવાળા.

૩- માહણયાચક : બ્રાહ્મણદાનની પ્રશંસા કરી ભોજન માંગવાવાળા.

૪- શ્વાનયાચક : કુતરાના દાનની પ્રશંસા કરી ભોજન માંગવાવાળા.

૫- શ્રમણયાચક : શ્રમણદાનની પ્રશંસા કરી ભોજન માંગવાવાળા.

चउव्विहो आहारो :

१०५६. मणुस्साणं चउव्विहे आहारे पण्णत्ते, तं जहा–

१. असणे,

२. पाणे,

३. खाइमे

४. साइमे ।[1]

चउव्विहे आहारे पण्णत्ते, तं जहा–

१. उवक्खरसंपन्ने,

२. उवक्खडसंपन्ने,

३. सभावसंपन्ने,

४. परिजुसितसंपन्ने ।

–ठाणं, अ. ४, उ, २, सु. २९५

चार પ્રકારના આહાર :

१०५८. મનુષ્યના આહાર ચાર પ્રકારનાં હોય છે, જેમ કે -

१- અશન : ધાન્યાદિ.

२- પાન : પાણી.

૩- ખાદિમ : ફળ, મેવા આદિ.

૪- સ્વાદિમ : પાન, લવિંગ, એલચી ઈત્યાદિ.

ચાર પ્રકારનો આહાર કહ્યો છે, જેમ કે-

१- ઉપસ્કાર સંપન્ન : વઘારેલું, મસાલેદાર.

२- ઉપસ્કૃત સંપન્ન : રાંધેલા ભાત આદિ.

૩- સ્વભાવ સંપન્ન : સ્વાભાવિક પાકેલું, ફળઆદિ.

૪- પર્યુષિત સંપન્ન : રાતવાસી રાખેલો પદાર્થ.

तिविहो आहारो :

१०५७. तिविहे उवहडे पण्णत्ते, तं जहा–

१. फलिओवहडे,

२. सुद्धोवहडे,

ત્રણ પ્રકારનો આહાર :

१०५७. ઉપહૃત (ખાવા માટે લાવેલ) આહારના ત્રણ પ્રકાર કહ્યાં છે, જેમ કે -

१- ફલિતોપહૃત : અનેક પ્રકારનાં શાકભાજી અથવા ભક્ષ્ય પદાર્થોથી મિશ્રિત આહાર.

२- શુદ્ધોપહૃત : શાકભાજી રહિત શુદ્ધ આહાર અથવા કાંજી અથવા પાણીના અલ્પ લેપથી લિપ્ત આહાર.

---

१. ठाणं अ. ४, उ. ४, सु. ३४०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३. संसट्ठोवहडे ।[1]

–ठाणं. अ. ३, उ. ३, सु. १८८ (४)

३- संसृष्टोपहृत : ગૃહસ્થે ખાવાની ઈચ્છાથી આહાર હાથમાં લીધો હોય પણ મોઢામાં નાખ્યો ન હોય એવો આહાર.

ओग्गहियआहारप्पयारा :

१०५८. तिविहे ओग्गहिए पण्णत्ते, तं जहा–

१. जं च ओगिण्हइ,

२. जं च साहरइ,

३. जं च आसगंसिं पक्खिवइ ।[2] एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु –

दुविहे ओग्गहिए पण्णत्ते, तं जहा –

१. जं च ओगिण्हइ,

२. जं च आसगंसि पक्खिवइ ।

– वव. उ. ९, सु. ४६

અવગ્રહિત આહારના પ્રકાર :

१०५८. અવગ્રહિત આહારના ત્રણ પ્રકાર કહ્યાં છે, જેમકે-

૧- પીરસવા માટે લીધેલો આહાર.

૨- જમવા માટે થાળીમાં પીરસેલો.

૩- મોઢામાં નખાવા જતો (કેટલાક આચાર્યો એમ કહે છે), પરંતુ કેટલાક આચાર્યો એમ પણ કહે છે-

અવગ્રહિત આહાર બે પ્રકારનાં છે જેમ કે -

૧- પીરસવા માટે લીધેલો આહાર

૨- મોઢામાં નખાવા જતો આહાર.

णवविगईओ :

१०५९. णव विगतीतो पण्णत्ताओ, तं जहा –

१. खीरं, २. दधिं, ३. णवणीतं, ४. सप्पिं,

५. तेल्लं, ६. गुलो, ७. महुं, ८. मज्जं, ९. मंसं ।

–ठाणं. अ. ९, सु. ६७४

વિગઈ (વિકૃતિ) નાં નવ પ્રકાર :

१०५९. વિકૃતિનાં નવ પ્રકાર કહ્યાં છે, જેમ કે-

૧- દૂધ, ૨- દહીં, ૩- નવનીત (માખણ), ૪- ઘી, ૫-તેલ, ૬-ગોળ, ૭-મધ, ૮-મદીરા, ૯-માંસ.

अण्णा य विगईणप्पगारा :

१०६०. चत्तारि गोरसविगतीओ पण्णत्ताओ, तं जहा –

१. खीरं, २. दहिं, ३. सप्पिं, ४. णवणीतं ।

चत्तारि सिणेहविगतीओ पण्णत्ताओ, तं जहा–

१. तेल्लं, २. घयं, ३. वसा, ४. णवणीतं ।

चत्तारि महाविगतीओ पण्णत्ताओ, तं जहा–

१. महुं, २. मंसं, ३. मज्जं, ४. णवणीतं ।

–ठाणं. अ. ४, उ. १, सु. २७४

વિગઈના અન્ય પ્રકાર :

१०६०. ગોરસમય વિકૃતિઓ ચાર છે, જેમ કે -

૧- દૂધ, ૨-દહીં, ૩-ઘી, ૪-નવનીત (માખણ).

સ્નેહમય(ચિકણી) વિકૃતિઓ ચાર છે, જેમ કે-

૧- તેલ, ૨-ઘી, ૩-ચરબી, ૪-નવનીત.

મહાવિકૃતિઓ ચાર છે, જેમ કે-

૧- મધ, ૨- માંસ, ૩-મદીરા, ૪- નવનીત (માખણ).

तिविहा एसणा :

१०६१. गवेसणाए गहणे य, परिभोगेसणा य जा ।

आहारोवहि सेज्जाए, एए तिण्णि विसोहए ।।

એષણાના ત્રણ પ્રકાર :

१०६१. ગવેષણા, ગ્રહણેષણા અને પરિભોગેષણા એમ ત્રણેથી આહાર, ઉપધિ અને શય્યાનું પરિશોધન કરવું.

---

१. वव. उ. ९, सु. ४५

२. . . .

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उग्गमुप्पयाणं पढमे, बीए सोहेज्ज एसणं ।
परिभोयंमि चउक्कं, विसोहेज्ज जयं जई ।।
–उत्त. अ. २४, गा. ११-१२

यतनापूर्वक प्रवृत्ति करनार. मुनि એષણા (આહારાદિની ગવેષણા)માં પ્રથમ ઉદ્‌ગમ અને ઉત્પાદન બંનેનાં ૧૬-૧૬ દોષોનું શોધન કરે. બીજી એષણા (ગ્રહણેષણા) માં આહારાદિ ગ્રહણ કરવાના દસ દોષોનું શોધન કરે. તથા ત્રીજી (પરિભોગૈષણા) માં દોષ- ચતુષ્ક (સંયોજન, પ્રમાણ, અંગાર અને ધૂમ એ કારણો)નું યતનાપૂર્વક શોધન કરી આહાર કરે.

नवविहा सुद्धभिक्खा :

१०६२. समणेणं भगवता महावीरेणं समणाणं निग्गथाणं णवकोडिपरिसुद्धे भिक्खे पण्णत्ते, तं जहा –
१. न हणइ,
२. न हणावइ,
३. हणंतं नाणुजाणइ ।
४. न पयइ,
५. न पयावेइ,
६. पयंतं नाणुजाणइ ।
७. न किणइ,
८. न किणावेइ,
९. किणंतं नाणुजाणइ ।[1]
–ठाणं. अ. ९, सु. ६८१

શુધ્ધ ભિક્ષાના નવ પ્રકાર :

૧૦૬૨. શ્રમણ ભગવાન મહાવીરે શ્રમણ નિર્ગ્રન્થો માટે નવ કોટિ પરિશુધ્ધ ભિક્ષાની પ્રરૂપણા કરી છે, જેમ કે -
૧. સ્વયં જીવોની હિંસા કરે નહીં.
૨. બીજા દ્વારા હિંસા કરાવે નહીં.
૩. હિંસા કરનારનું અનુમોદન કરે નહીં.
૪. સ્વયં અન્ન આદિને રાંધે નહીં.
૫. બીજા દ્વારા રંધાવે નહીં.
૬. રાંધનારનું અનુમોદન કરે નહીં.
૭. સ્વયં આહારાદિ ખરીદે નહીં.
૮. બીજા પાસે ખરીદાવે નહીં.
૯. ખરીદનારનું અનુમોદન કરે નહીં.

आहारपायणणिसेहो :

१०६३. तहेव भत्त-पाणेसु, पयणे पयावणेसु य ।
पाण-भूयदयट्ठाए, न पये न पयावए ।।

जल-धन्ननिस्सया जीवा, पुढवी-कट्ठनिस्सिया ।
हम्मन्ति भत्तपाणेसु, तम्हा भिक्खू न पयावए ।।
– उत्त. अ. ३५, गा. १०-११

આહાર પકવવાનો નિષેધ :

૧૦૬૩. ભક્ત-પાન પકાવવા તેમજ પકાવડાવવામાં હિંસા છે. માટે પ્રાણીઓ ભૂતો જીવો અને સત્વોની દયા માટે પોતે પકાવે નહીં અને બીજા પાસે પકાવડાવે નહીં.
ભક્ત અને પાન પકાવવામાં પાણી, ધાન્ય, પૃથ્વી અને લાકડાને આશ્રયે રહેલ જીવોનો વધ થાય છે. માટે ભિક્ષુ પકાવે નહીં, પકાવડાવે નહિં.

छव्विहा गोयरिया :

१०६४. छव्विहा गोयरचरिया पण्णत्ता, तं जहा-
१. पेडा,
२. अद्धपेडा,
३. गोमुत्तिया,

છ પ્રકારની ગોચરી :

૧૦૬૪. છ પ્રકારની ગોચરચર્યા પ્રરૂપણા કરી છે, જેમ કે -
૧. **પેટા :** ચોખંડી લાકડાની પેટીની જેમ ચારે દિશામાં ગોચરી કરવાનો નિયમ.
૨. **અર્ધપેટા :** ચાર દિશાનું અડધું અર્થાત્ બે દિશા નક્કી કરી તેમાં ગોચરી કરવાનો નિયમ.
૩. **ગોમૂત્રિકા :** ચાલતી ગાયના મૂત્રોત્સર્ગની જેમ સામેસામી આવેલા ઘરોની બે હારોમાં એક ઘર આ હારમાંથી અને બીજું ઘર સામેની હારમાંથીએ ક્રમથી ભિક્ષાચર્યા કરવી.

१. आ. सु. १, अ. २, उ. ५, सु. ८८

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४. पतंगविहिया,

५. संवुक्कवट्टा,

६. गंतुं पच्चागता ।[1]

—ठाणं अ. ६, सु. ५१४

४. **पतंगविथिका** : પતંગિયાની પેઠે કંઈ નિયમ વિના ફાવે તેમ ગોચરી માટે ફરવાનો નિયમ.

૫. **शंबुकावर्ता** : શંખના કુંડાળાની જેમ ફરતાં ગોચરી કરવી.

૬. **गत्वाप्रत्यागता** : એક હારમાં છેડા સુધી જઈ પાછા ફરતાં બીજી હારમાં ગોચરી કરવાનો નિયમ.

सुद्ध आहारस्स गवेसणाए-परिभोगेसणाए य उवएसो :

शुध्ध आहारनी गवेषणा अने उपभोगनो उपदेश :

१०६५. एसणा समिओ लज्जु, गामे अणियओ चरे ।
अप्पमत्तो पमत्तेहिं, पिंडवायं गवेसए ।।

—उत्त. अ. ६, गा. १६

१०६५. એષણા સમિતિનાં ઉપયોગમાં સંલગ્ન, લજ્જાવંત મુનિ ગામોમાં અનિયત નિવાસ (નિયત નિવાસ રહિત) વિહાર કરતાં અપ્રમત્ત બની ગૃહસ્થોનાં ઘરેથી નિર્દોષ આહારની ગવેષણા કરે.

१०६६. सुद्धेसणाओ नच्चाणं, तत्थ ठवेज्ज भिक्खू अप्पाणं ।
जायाए घासमेसेज्जा, रसगिद्धे न सिया भिक्खाए ।।

पन्ताणि चेव सेवेज्जा, सीयपिण्डं पुराणकुम्मासं ।
अदु बुक्कसं पुलागं वा, जवणट्ठाए निसेवए मंथु ।।

—उत्त. अ. ८, गा. ११-१२

१०६६. ભિક્ષુ શુધ્ધ એષણાઓને જાણી પોતે પોતાને તેમાં સ્થાપિત કરે. અર્થાત્ તેને અનુરૂપ પ્રવૃત્તિ કરે તથા સંયમ યાત્રા માટે આહારની ગવેષણા કરે. પરંતુ રસોમાં મૂર્છિત બને નહિ.

ભિક્ષુ જીવનનિર્વાહ માટે પ્રાયઃ રસહીન, ઠંડો આહાર, જૂના અડદના બાકળા, સારહીન, લુખ્ખો આહાર તથા બોરનું ચૂર્ણ ઈત્યાદિ પદાર્થોનું સેવન કરે.

१०६७. परिवाडीए न चिट्ठेज्जा, भिक्खू दत्तेसणं चरे ।
पडिरूवेण एसित्ता, मियं कालेण भक्खए ।।

—उत्त. अ. १, गा. ३२

१०६७. ભિક્ષુ ગૃહસ્થના ઘરે ઊભો ન રહે, ગૃહસ્થો દ્વારા અપાયેલા આહારની એષણા કરે. મુનિના વેષમાં એષણા કરી યોગ્ય સમયે પરિમિત આહાર કરે.

१०६८. भिक्खू मुयच्चा तह दिट्ठधम्मे,
गामं च णगरं च अणुप्पविस्स ।
मे एसणं जाणमणेसणं च,
अण्णस्स पाणस्स अणाणुगिद्धे ।।

—सूय. सु. १, अ. १३, गा. १७

१०६८. મૃત સમાન સર્વથા ઉપશાંત, આત્મધર્મદર્શી સાધુ ભિક્ષા માટે ગ્રામ કે નગરમાં પ્રવેશીને એષણા અને અનેષણાને સમજીને, અન્ન અને પાણીમાં આસક્તિ રાખ્યા વિના શુધ્ધ ભિક્ષા ગ્રહણ કરે.

१०६९. कडेसु घासमेसेज्जा, विऊ दत्तेसणं चरे ।
अगिद्धे विप्पमुक्को य, ओमाणं परिवज्जए ।।

—सूय. सु. १, अ. १, उ. ४, गा. ४

१०६९. વિદ્વાન સાધુ, ગૃહસ્થે બીજાને માટે બનાવેલા આહારની ગવેષણા કરે. આપેલા આહારને જ લેવાની ઈચ્છા કરે, તે આહારમાં પણ મૂર્ચ્છા અને રાગદ્વેષ ન કરે. તેમ જ બીજાનું અપમાન પણ ન કરે.

१०७०. संवुडे से महापण्णे, धीरे दत्तेसणं चरे ।
एसणासमिए णिच्चं, वज्जयंते अणेसणं ।।

—सूय. सु. १, अ. ११, गा. १३

१०७०. તે સાધુ મહાપ્રજ્ઞાવાન તેમ જ ધીર અને અત્યંત સંવૃત છે, જે ગૃહસ્થે આપેલાં ઐષણિક આહાર પાણી જ ગ્રહણ કરે છે તથા સદા એષણા સમિતિથી યુક્ત રહીને અનૈષણિક વસ્તુને વર્જે છે.

---

१. (क) दसा. द. ७, सु. ६ (ख) उत्त. अ. ३०, गा. १९ (ग) अट्ठविह गोयरग्गंतु (उत्त. अ. ३०, गा. २५)
આ ગાથાની ટીકામા પાંચમા ભેદના બે ઉપભેદ કહેવામાં આવ્યા છે -બાહ્ય શંબુકાવર્ત અને આભ્યંતર શંબુકાવર્ત. આ રીતે કુલ સાત ભેદ બને છે અને આઠમો ભેદ ઋજુગતિ કહેવામાં આવ્યો છે. આ આઠ ગોચરાગ્રના પ્રકાર તરીકે ગણાવાયા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१०७१. सिक्खिऊण भिक्खेसणसोहिं संजयाण बुद्धाणं सगासे ।
तत्थ भिक्खू सुप्पणिहिंदिए, तिव्वलज्ज गुणवं
विहरेज्जासि ।।

–दस. अ. ५. उ. २, गा. ५०

१०७२. लाभो त्ति ण मज्जेज्जा, अलाभो त्ति ण सोएज्जा,
बहुं पि लद्धुं ण णिहे ।

–आ. सु. १, अ. २, उ. ५, सु. ८९ (ग)

सामुदाणिगी भिक्खा विहाणं :

१०७३. समुयाणं चरे भिक्खू, कुलं उच्चावयं सया ।
नीयं कुलमइक्कम्म, ऊसढं नाभिधारए ।।

–दस अ. ५, उ. २, गा. २५

१०७४. अन्नायउंछं चरई विसुद्धं, जवणट्ठया समुयाणं च निच्चं ।
अलद्धुयं नो परिदेवएज्जा, लद्धुं न विकत्थयई स पुज्जो ।।

–दस. अ. ९, उ. ३. गा. ४

१०७५. समुयाणं उंछमेसिज्जा, जहासुत्तमणिंदियं ।
लाभालाभम्मि संतुट्ठे, पिण्डवायं चरे मुणी ।।

–उत्त. अ. ३५, गा १६

एसणा कुसलो भिक्खू :

१०७६. जे संणिधाणसत्थस्स खेत्तण्णे, से भिक्खू –
कालण्णे,
बलण्णे,
मातण्णे,
खेयण्णे,

खणयण्णे,
विणयण्णे,

ससमय-परसमयण्णे,

भावण्णे,

परिग्गहं अममायमाणे,
कालेऽणुट्ठाई,
अपडिण्णे दुहतो छित्ता णियाति ।[1]

–आ. सु. १, अ. ८, उ. ३, सु. २१० (ग)

१०७१. સંયમી બુધ્ધ ગુરુઓ પાસેથી ભિક્ષાની ગવેષણા શુધ્ધિને શીખીને તથા ઈન્દ્રિયોને સમાધિમાં રાખીને તીવ્ર લજ્જાવાલો અને ગુણવાન ભિક્ષુ સંયમમાં વિચરે.

१०७२. આહાર પ્રાપ્તિ થવા પર અભિમાન ન કરે, ન મળે તો શોક ન કરે. અધિક પદાર્થ મળે તો સંગ્રહ ન કરે.

सामुदानिकी भिक्षानुं विधान :

१०७३. ભિક્ષુ ધનવાન અને નિર્ધન એ બંને સ્થળે સમાન ભાવે ગોચરી કરે. શ્રીમંત હો કે ગરીબ હો તપસ્વી ભિક્ષુ બંને પર સમદૃષ્ટિ રાખે. રાગ રહિત થઈ પ્રત્યેક ઘેર ગોચરી અર્થે ગમન કરે.

१०७४. જે સંયમી સંયમ યાત્રાના નિર્વાહ માટે હંમેશા સામુદાનિક વિશુધ્ધ અને અજ્ઞાત ઘરોમાં ગોચરી કરે છે, પરંતુ ત્યાં આહાર ન મળે તો ખેદ ન કરે, તેમજ મળે તો બડાઈ ન મારે, તે પૂજ્ય બને છે.

१०७५. મુનિ આગમાનુસાર અનિન્દિત તથા અજ્ઞાત કુલ સમુદાયથી એષણા કરે, તે લાભ અને અલાભમાં સંતોષી રહી આહાર આદિની ગવેષણા કરે.

એષણા- કુશલ ભિક્ષુ :

१०७६. જે સમ્યક્ સંયમનિધિનો જ્ઞાતા છે, તે સાધુ -

કાલજ્ઞ : યોગ્ય અવસર જાણનારો,
બલજ્ઞ : પોતાની શક્તિને જાણનારો,
માત્રજ્ઞ : ગ્રાહ્ય પદાર્થોનું પરિમાણ જાણનારો,
ખેદજ્ઞ : જન્મ, જરા, મૃત્યુ આદિથી થતા ખેદને જાણનારો,
ક્ષણજ્ઞ : ગોચરીનો અવસર જાણનારો,
વિનયજ્ઞ : જ્ઞાન, દર્શન, ચારિત્રનાં સ્વરૂપને જાણનારો,
સ્વસમય-પરસમયજ્ઞ : સ્વ-પર સિધ્ધાંતને જાણનારો,
ભાવજ્ઞ: ભિક્ષા આપનારનાં મનોજ્ઞ ભાવને જાણનારો,

પરિગ્રહની મમતા છોડી યથા સમય અનુષ્ઠાન કરનારો છે તે નિષ્કામભાવથી રાગ- દ્વેષનો નાશ કરી સંયમમાં આગળ વધે છે.

---

१. आ सु. १, अ. २, उ. ५, सु. ८८

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भिक्खुस्स गवेसणाविही :

१०७७. जमिणं विरूवरूवेहिं सत्थेहिं लोगस्स कम्मसमारंभा कज्जंति, तं जहा-

अप्पणो से पुत्ताणं, धूयाणं, सुण्हाणं, णातीणं, धातीणं, राईणं, दासाणं, दासीणं, कम्मकराणं, कम्मकरीणं आदेसाए पुढो पहेणाए सामासाए पातरासाए संणिहिसंणिचयो कज्जति, इहमेगेसिं माणवाणं भोयणाए ।

समुट्ठिते अणगारे आरिए आरियपण्णे आरियदंसी अयं संधी त्ति अदक्खु ।

से णाइए, णाइआवए, न समणुजाणए ।

सव्वामगंधं परिण्णाय णिरामगंधे परिव्वए ।

आ. सु. १, अ. २, उ. ५, सु. ८७-८८ (क)

आहारउग्गम-गवेसणा :

१०७८. उग्गमं से य पुच्छिज्जा, कस्सऽट्ठा ? केण वा कडं ?
सोच्चा निस्संकियं सुद्धं, पडिगाहेज्ज संजए ।।

-दस. अ. ५, उ. १, गा. ७१

सयण-परिजण-गिहे गमण विहि णिसेहो :

१०७९. भिक्खू य इच्छेज्जा नायविहिं एत्तए,
नो से कप्पइ थेरे अणापुच्छित्ता नायविहिं एत्तए ।

कप्पइ से थेरे आपुच्छित्ता नायविहिं एत्तए ।
थेरा य से वियरेज्जा-एवं से कप्पइ नायविहिं एत्तए ।

थेरा य से नो वियरेज्जा-एवं से नो कप्पइ नायविहिं एत्तए ।
जे तत्थ थेरेहिं अविइण्णे नायविहिं एइ, से संतरा छेए वा, परिहारे वा ।

नो से कप्पइ अप्पसुयस्स अप्पागमस्स एगाणियस्स नायविहिं एत्तए ।
कप्पइ से जे तत्थ बहुस्सुए बहवागमे तेण सद्धिं नायविहिं एत्तए ।

-वव. उ. ६, सु. १-३

ભિક્ષુની ગવેષણા વિધિ :

૧૦૭૭. અસંયમી જન વિવિધ પ્રકારના શસ્ત્રો દ્વારા પોતાના માટે તેમ જ બીજાના માટે કર્મ સમારંભ કરી આહારાદિ બનાવે છે, જેમ કે -

પોતા માટે, પુત્ર, પુત્રી, પુત્રવધૂ, કુટુંબી, ધાઈ, રાજા, દાસ, દાસી, નોકર- ચાકર, મહેમાનાદિને માટે તથા અનેક લોકોને દેવા માટે, સવારના ભોજન માટે, સાંજના ભોજન માટે, આ પ્રકારે મનુષ્યોના ભોજનનો સંગ્રહ કરવા માટે ઈત્યાદિ.

સંયમ-સાધનામાં ઉદ્યત આર્ય, આર્યપ્રજ્ઞ, તથા આર્યદર્શી અણગાર ભિક્ષા આદિ પ્રત્યેક ક્રિયા યોગ્ય સમયે જ કરે.

તેમ જ અકલ્પનીય આહારને ગ્રહણ કરે નહીં, બીજા પાસે ગ્રહણ કરાવે નહીં, ગ્રહણ કરનારનું અનુમોદન કરે નહીં.

તે અણગાર સર્વપ્રકારના આમગંધ (અકલ્પનીય આહાર) દૂષણોથી રહિત નિર્દોષ આહાર માટે ગમન કરે.

આહાર- ઉદ્ગમ- ગવેષણા :

૧૦૭૮. કોના માટે બનાવ્યો છે ? કોણે બનાવ્યો છે ? સંયમી આ પ્રમાણે પૂછપરછ કરે અને શંકા રહિત શુધ્ધ ભિક્ષા હોય તો જ સંયમી તેને ગ્રહણ કરે.

સ્વજન- પરિજન- ગૃહમાં જવાનો વિધિ નિષેધ :

૧૦૭૯. સાધુ અથવા સાધ્વી સ્વજનોના ઘરે જવા ઈચ્છે તો-

સ્થવિરોને પૂછ્યા વિના સ્વજનોના ઘરે જવું કલ્પતું નથી.

સ્થવિરોને પૂછીને સ્વજનોના ઘરે જવું કલ્પે છે.

સ્થવિર જો આજ્ઞા આપે તો સ્વજનોના ઘેર જવું કલ્પે છે.

સ્થવિર જો આજ્ઞા ન આપે તો સ્વજનોના ઘરે જવું કલ્પતું નથી.

સ્થવિરોની આજ્ઞા વગર સાધુ કે સાધ્વી જો સ્વજનોના ઘરે જાય તો તે દીક્ષા- છેદ અથવા પરિહાર- પ્રાયશ્ચિત્તનો પાત્ર બને છે.

અલ્પશ્રુત અને અલ્પઆગમજ્ઞ એકલા સાધુ અથવા એકલી સાધ્વીએ સ્વજનોના ઘરે જવું કલ્પતું નથી.

પરંતુ સમુદાયમાં જો બહુશ્રુત અને બહુ- આગમજ્ઞ સાધુ અથવા સાધ્વી હોય તેની સાથે સ્વજનોના ઘરે જવું કલ્પે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सयण गिहे आहार-गहण विहि णिसेहो :

१०८०. तत्थ से पुव्वागमणेणं पुव्वाउत्ते चाउलोदणे पच्छाउत्ते भिलिंगसूवे, कप्पइ से चाउलोदणे पडिगाहित्तए, नो से कप्पइ भिलिंगसूवे पडिगाहित्तए ।

तत्थ से पुव्वागमणेणं पुव्वाउत्ते भिलिंगसूवे, पच्छाउत्ते चाउलोदणे, कप्पइ से भिलिंगसूवे पडिगाहित्तए, नो से कप्पइ चाउलोदणे पडिगाहित्तए ।

तत्थ से पुव्वागमणेणं दो वि पुव्वाउत्ताइं कप्पंति ते दोऽवि पडिगाहित्तए ।

तत्थ से पुव्वागमणेणं दो वि पच्छाउत्ताइं, एवं नो से कप्पंति दोऽवि पडिगाहित्तए ।

जे से तत्थ पुव्वागमणेणं पुव्वाउत्ते से कप्पइ पडिगाहित्तए ।

जे से तत्थ पुव्वागमणेणं पच्छाउत्ते नो से कप्पइ पडिगाहित्तए ।[1]

-वव. उ. ६, सु. ४-९

स्वजनना घरेथी आहार- ग्रहण हेतु विधि निषेध :

१०८०. गृहस्थना घरमां साधु साध्वीना आगमन पूर्वे भात रंधायेला होय अने दाळ पछी थी रंधाय तो भात लेवा कल्पे छे, परंतु दाळ लेवी कल्पती नथी.

आगमन पूर्वे दाळ रंधायेली होय अने भात पछीथी रंधाय तो दाळ लेवी कल्पे छे. परंतु भात लेवा कल्पता नथी.

आगमन पूर्वे दाळ अने भात बंने रंधायेला होय तो बंने लेवा कल्पे छे,

परंतु पछीथी रंधायेला होय तो बंने लेवा कल्पता नथी.

(तात्पर्य એ छे के) आगमन पूर्वे जे आहार अग्नि आदिथी अळगो राखवामां आवेल होय ते लेवो कल्पे छे अने जे आगमन पछी अग्नि आदिथी दूर राखवामां आवेल होय ते लेवो कल्पतो नथी.

सयणकुले अकाले गमणणिसेहो :

१०८१. से भिक्खू वा, भिक्खुणी वा, समाणे वा, वसमाणे वा, गामाणुगामं दूइज्जमाणे वा, सेज्जं पुण जाणेज्जा-गामं वा-**जाव**-रायहाणिं वा ।

इमंसि खलु गामंसि वा-**जाव**-रायहाणिंसि संतेगतियस्स भिक्खुस्स पुरेसंथुया वा, पच्छासंथुया वा परिवसंति, तं जहा-

गाहवती वा-**जाव**-कम्मकरीओ वा, तहप्पगाराइं कुलाइं णो पुव्वामेव भत्ताए वा, पाणाए वा णिक्खमेज्ज वा, पविसेज्ज वा ।

केवली बूया-आयाणमेयं ।

पुरा पेहाए तस्स अट्ठाए परो असणं वा-**जाव**-साइमं वा, उवकरेज्ज वा, उवक्खडेज्ज वा ।

अह भिक्खू णं पुव्वोवदिट्ठा एस पतिण्णा, एस हेतु, एस उवएसे, जं णो तहप्पगाराइं कुलाइं पुव्वामेव भत्ताए वा, पाणाए वा, णिक्खमेज्ज वा, पविसेज्ज वा ।

स्वजनना घरे अकाळे जवानो निषेध :

१०८१. साधु अथवा साध्वी कोई गाममां स्थिरवास रह्या होय, मासकल्प सुधी रहे अथवा એક गामथी बीजे गाम जई रह्यां होय अने कोई गाम **यावत्** राजधानीमां पहोंचे,

ते गाम **यावत्** राजधानीमां साधुना पूर्व संबंधी (माता- पिता आदि) अथवा पश्चात संबंधी (ससरा आदि)

गृहस्थ **यावत्** कर्मचारी- कर्मचारिणी आदि रहेतां होय तो એवा घरोमां भिक्षाना काळ पहेलां ज आहार-पाणी माटे न नीकळे के न प्रवेश करे.

केवली भगवाननुं कथन छे के એम करवामां कर्मबंधननुं कारण छे.

केम के साधुने समय पहेलां आवेला जोईने ते गृहस्थ साधु माटे अशन **यावत्** स्वाद्यनी सामग्री એकठी करशे अथवा रसोई बनावशे.

એटले ज साधुने माटे पूर्वोपदिष्ट प्रतिज्ञा छे, मर्यादा छे, उपदेश छे के आ प्रकारना घरोमां आहारपाणीने माटे भिक्षाना समय पहेलां न जाय अथवा न नीकळे.

---

१. (क) दसा. द. ८, सु. ४१-४३ (ख) दसा. द. ६, सु. २८

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सेत्तमायाए एगंतमवक्कमेज्जा, एगंतमवक्कमित्ता-
अणावाय - मंसलोए चिट्ठेज्जा ।
से तत्थ कालेणं अणुपविसेज्जा, अणुपविसित्ता-
तत्थितरातिरेहिं कुलेहिं सामुदाणियं एसियं वेसियं पिंडवायं एसित्ता आहारं आहारेज्जा ।

-आ. सु. २, अ. १, उ. ९, सु. ३९१

कदाचित पहेलां जवानो प्रसंग आवी जाय अने आहार आदिनो समय न थयो होय तो तुरंत पाछा फरी अने ज्यां संबंधीजनोनुं आवागमन न होय अने नजरे पडाय नहीं तेम होय तेवा स्थानमां ऊभा रहे तथा भिक्षाना समये ज प्रवेश करे अने ते घरमां तथा अन्य घरोमां निर्दोष आहार थोडो थोडो ग्रहण करीने आहारनुं सेवन करे.

सयण-परिजण-गिहे अकाले गमणपायच्छित्त सुत्तं :

१०८२. जे भिक्खू समाणे वा, वसमाणे वा, गामाणुगामं दूइज्जमाणे वा, पुरे संथुइयाणि वा, पच्छा संथुइयाणि वा कुलाइं पुव्वामेव भिक्खयायरियाए अणुपविसइ, अणुपविसंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

-नि. उ. २, सु. ३९

स्वजन-परिजननां घरे असमये जवानुं प्रायश्चित सूत्र :

१०८२. जे भिक्षु स्थिरवास होय, मास कल्प आदि रहेतो होय अथवा ग्रामानुग्राम विचरण करतो यथास्थाने पहोंच्यो होय, त्यां मातृकुळमां के श्वसुरकुळमां भिक्षाकाळनी पूर्वे ज प्रवेश करे छे (प्रवेश करावे छे) के प्रवेश करनारनुं अनुमोदन करे छे.

तेने मासिक उद्घातिक परिहारस्थान (प्रायश्चित्त) आवे छे.

गवेसणाकाले गमणविही:

१०८३. संपत्ते भिक्खकालम्मि, असंभंतो अमुच्छिओ ।
इमेण कमजोगेण, भत्तपाणं गवेसए ।।

से गामे वा नगरे वा, गोयरग्गगओ मुणी ।
चरे मंदमणुव्विग्गो, अव्वक्खित्तेण चेयसा ।।
पुरओ जुगमायाए, पेहमाणो महिं चरे ।
वज्जंतो बीय-हरियाइं, पाणे य दग-मट्टियं ।।

-दस. अ. ५, उ. १, गा. १-३

गवेषणा काळमां जवानी विधि :

१०८३. भिक्षानो काळ प्राप्त थाय त्यारे चित्तनी व्याकुलता रहित अने मूर्छा रहित क्रमयोगथी भातपाणीनी गवेषणा करे.

गाममां अथवा नगर आदिमां गोचरी गयेलो साधु उद्वेग रहित बनी एकाग्र चित्तथी मंद मंद चाले.

धुंसरी (साडात्रण हाथ) प्रमाण भूमि पर दृष्टि लंबावीने बीज, वनस्पति, प्राणीओ, सचित्त जल, अने माटीथी दूर रहीने बराबर जोया पछी ज ऊपयोग पूर्वक चाले.

गवेसणाकाले आयरणीय-किच्चाइं :

१०८४. पविसित्तु परागारं, पाणट्ठा भोयणस्स वा ।
जयं चिट्ठे मियं भासे, ण य रूवेसु मणं करे ।।

बहुं सुणेइं कण्णेहिं, बहुं अच्छीहिं पेच्छइ ।
न य दिट्ठं सुयं सव्वं, भिक्खू अक्खाउमरिहइ ।

सुयं वा जइ वा दिट्ठं, न लवेज्जोवघाइयं ।
न य केणइ उवाएणं, गिहिजोगं समायरे ।।

-दस. अ. ८, गा. १९-२१

गवेषणा काळमां आचरणीय कृत्य :

१०८४. मुनि आहार के पाणीने माटे गृहस्थनां घरमां प्रवेश करीने यतनापूर्वक ऊभो रहे, परिमित बोले अने कोईना सुंदर- मनोहर रूपोमां मन चलायमान न करे.

भिक्षु कानोथी सारुं नरसुं सांभळे छे तथा आंखोथी सारुं नरसुं रूप जुओ छे, परंतु बधुं जोयेलुं के सांभळेलुं बीजाने कहेवुं ते तेने माटे योग्य नथी.

सारुं नरसुं सांभळेलुं के जोयेलुं कहेवाथी बीजाने आघात उत्पन्न थाय, तेथी तेवुं संयमी पुरुष कदी न बोले. तेम ज गृहस्थने योग्य कोई पण व्यवहार साधु आचरे नहि.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१०८५. कण्णसोक्खेहिं सद्देहिं, पेमं नाभिनिवेसए ।
दारुणं कक्कसं फासं, काएणं अहियासए ।।
–दस. अ. ८, गा. २६

१०८६. अतिंतिणे अचवले, अप्पभासी मियासणे ।
हवेज्ज उयरे दंते, थोवं लद्धुं न खिंसए ।।
–दस अ. ८, गा. २९

१०८५. श्रोतेन्द्रियने सुख उत्पन्न करनार शब्दोमां रागभाव स्थापन न करे तथा अनिष्ट तथा कर्कश स्पर्शने काया वडे सहन करे.

१०८६. (संयमी) गुस्साथी बडबडाट न करे, तेम ज अचपल, भोजनमां परिमित, अल्पभाषी अने भोजन करवामां दान्त बने, कदाच दाता अल्प आहार आपे तो ते थोडुं मळवाथी खीजे पण नहि.

भिक्खाकाले एव गमणविहाणं :

१०८७. कालेण निक्खमे भिक्खू, कालेण य पडिक्कमे ।
अकालं च विवज्जेत्ता, काले कालं समायरे ।।[1]

अकाले चरसि भिक्खू,[2] कालं न पडिलेहसि ।
अप्पाणं च किलामेसि, सन्निवेसं च गरिहसि ।।

सइ काले चरे भिक्खू, कुज्जा पुरिसकारियं ।
अलाभो त्ति न सोएज्जा, तवो त्ति अहियासए ।।
–दस. अ. ५, उ. २, गा. ४-६

भिक्षा कालमां ज जवानुं विधान :

१०८७. साधु भिक्षानो जे समय होय ते समयमां भिक्षाने माटे जाय अने समय पर पाछो आवे. वळी अकाळने छोडीने जे समये जे कार्य करवानुं होय ते समये योग्य कार्य करे.

'हे मुनि! तुं अकाळमां गोचरी माटे जईश अने समयने ओळखीश नहिं, 'तो तारा आत्माने खेद थशे अने तुं गामनी पण निंदा करीश'.

साधु भिक्षा योग्य काळे भिक्षाने माटे जाय, पुरुषकार पराक्रम करे, अलाभ थवा पर शोक न करे. "आजे सहेजे तप थई गयु". एवो शुभ विचार करीने क्षुधादि परिषहने सहन करे.

गवेसणाकाले चिट्ठणाई विही :

१०८८. असंसत्तं पलोएज्जा, नाइदूरावलोयए ।
उप्फुल्लं न विणिज्झाए, नियट्टेज्ज अयंपिरो ।।

अइभूमिं न गच्छेज्जा, गोयरग्गगओ मुणी ।
कुलस्स भूमिं जाणित्ता, मियं भूमिं परक्कमे ।।

तत्थेव पडिलेहेज्जा, भूमिभागं वियक्खणो ।
सिणाणस्स य वच्चस्स, संलोगं परिवज्जए ।।

दगमट्टियआयाणे, बीयाणि हरियाणि य ।
परिवज्जेंतो चिट्ठेज्जा, सव्विंदियसमाहिए ।।

गवेषणाकाळमां ऊभा रहेवा आदिनी विधि :

१०८८. गृहस्थने घेर गयेलो साधु अनासक्त थईने जुवे, अति दूरथी न जुओ, हर्षित दृष्टिथी पण न जुओ, (भिक्षा न मळतां) दीन वचन के क्रोधयुक्त वचन बोल्या वगर पाछो फरे.

गोचरीओ गयेलो साधु अतिभूमिमां अर्थात् मर्यादा बहारनी भूमिमां न जाय. कुळनी भूमिने जाणीने मर्यादित भूमि पर ज जाय.

विचक्षण साधु मर्यादित भूमि पर जईने ऊभो रहे त्यारे ते भूमिनुं सारी रीते प्रतिलेखन करे. तेमज ऊभो रहीने स्नानगृहने के मल विसर्जन करवाना स्थानने न जुओ.

सर्वेन्द्रियोने समाधिमां राखनार मुनि पाणी, माटी, बीज अने हरितकायने लाववाना मार्गने छोडीने शांतिथी ऊभो रहे.

---

१. उत्त. अ. १, गा. ३१

२. (क) तइयाए पोरिसीए, भत्तपाणं गवेसाए –
(ख) प्राचीनकाळमां भोजननो समय प्रायः मध्याह्ननो ज हतो. एवुं घणा कहे छे. परंतु आगममां प्रातःकाळना भोजननो उल्लेख मळे छे. (शेष टिप्पण आगळ जुओ -)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तत्थ से चिट्ठमाणस्स, आहरे पाण-भोयणं ।
अकप्पियं न गेण्हेज्जा, पडिगाहेज्ज कप्पियं ।।
–दस. अ. ५, उ. १, गा. २३-२७

गृहस्थना घेर मर्यादित स्थानमां ऊभा रहेला साधुने आहार, पाणी लावीने वहोरावे त्यारे ते आहार कल्पनीय होय तो ग्रहण करे, अकल्पनीय होय तो ग्रहण न करे.

समणाइं पेहाए चिट्ठण-पवेसण विही :

१०८९. से भिक्खू वा, भिक्खुणी वा गाहावइकुलं पिंडवायपडियाए अणुपविट्ठे समाणे से ज्जं पुण जाणेज्जा – समणं वा, माहणं वा, गामपिंडोलगं वा, अतिहिं वा, पुव्वपविट्ठं पेहाए णो ते उवातिकम्म पविसेज्ज वा, ओभासेज्ज वा ।

सेत्तमादाए एगंतमवक्कमेज्जा एगंतमवक्कमित्ता आणावायमसंलोए चिट्ठेज्जा ।[1]

अह पुणेवं जाणेज्जा–पडिसेहिए व दिन्ने वा, तओ तम्मि णिवट्ठिते संजयामेव पविसेज्ज वा, ओभासेज्ज वा ।[2]

आ. सु. २, अ. १, उ. ५, सु. ३५७ (ख)

श्रमण आदिने जोई ऊभा रहेवानी तथा प्रवेशनी विधि :

१०८९. साधु अथवा साध्वी भिक्षा माटे गृहस्थना घरे प्रवेश करे ते समये एम जाणे के,- कोई बीजा शाक्यादि श्रमण, ब्राह्मण, याचक के अतिथि, गृहस्थना घरमां पूर्वे प्रवेशेला छे. तो तेनुं उल्लंघन करीने प्रवेश न करे. अने आहारनी याचना पण न करे.

परंतु पोताना पात्र लईने एकांत स्थानमां जई दृष्टिपथथी बहार ऊभो रहे.

हवे जो एम जाणे के गृहस्थे श्रमणादिने आहारनी ना पाडी छे के भिक्षा अपाई गई छे तो तेना पाछा फरी गया पछी ज यतना सहित तेणे प्रवेशवुं के आहारादिनी याचना करवी जोईओ.

गाहावइकुले णिसिद्धकिच्चाइं :

१०९०. से भिक्खू वा, भिक्खुणी वा गाहावइकुलं पिंडवायं पडियाए अणुपविट्ठे समाणे–

नो गाहावइकुलस्स वा दुवारसाहं अवलंबिय अवलंबिय चिट्ठेज्जा ।[3]

नो गाहावइकुलस्स वा दगच्छड्डणमेत्तए चिट्ठेज्जा,

नो गाहावइकुलस्स चंदणिउयए चिट्ठेज्जा,

नो गाहावइकुलस्स सिणाणस्स वा, वच्चस्स वा संलोए सपडिदुवारे चिट्ठेज्जा ।[4]

गृहस्थना घरमां नहि करवाना कार्य :

१०९०. भिक्षा माटे गृहस्थना घरमां गयेला साधु अथवा साध्वीओ -

गृहस्थना घरनी द्वारशाखानो (बारसोधखनो) वारंवार सहारो लईने ऊभा रहेवुं नहि.

गृहस्थना घरना पाणी फेंकवाना स्थान पर ऊभा न रहेवुं.

आचमन अर्थात् कोगळा करवाना स्थान पर ऊभा न रहेवुं.

गृहस्थना घरना स्नानना के शौच जवाना स्थान पर के त्यांथी नीकळवाना मार्ग पर ऊभा न रहेवुं.

(ग) श्रमणनी भिक्षाचर्यानो काळ दिवसनो त्रीजो प्रहर छे. माटे प्राचीन काळमां सर्वत्र बधा मध्याह्नभोजी ज हता एवो घणा विचारकोनो मत छे. परंतु जैनागमोमां गृहस्थने माटे पण प्रातराशन-प्रातःकाळनुं भोजन तथा सायंकाळना भोजननो उल्लेख मळे छे. यथा-समासाए पातरासाए - आ. सु. १, अ. २, उ. ५, सु. ८७ - सूय. सु. २, अ. १, सु. ६८८

(घ) એક દિવસમાં બે વાર ભોજન ભરત ચક્રવર્તીના સમયમાં પણ કરવામાં આવતું હતું કારણ કે સ્વયં ભરત ચક્રવર્તીએ દિગ્વિજય યાત્રામાં 'અષ્ટમભક્ત' તપ કર્યો હતો. જુઓ. જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ વક્ષ. ૩. ટીકા
एकैकस्मिन् दिने द्विवार भोजनोचित्येन, दिनत्रयस्य षण्णं भक्तानामुत्तर-पारणकदिनयोरेकैकस्य भक्तस्य च त्यागेनाष्टमभक्तं त्याज्यम् ।

१. (क) समणं माहणं वा, वि किविणं वा वणीमगं । उवसंकमंतं भत्तट्ठा, पाणट्ठाए व संजए ।।
तं अइक्कमित्तु न पविसे, न चिट्ठे चक्खु-गोयरे । एगंतमवक्कमित्ता, तत्थ चिट्ठेज्ज संजए ।।
वणीमगस्स वा तस्स, दायगस्सुभयस्स वा । अप्पत्तियं सिया होज्जा, लहुत्तं पवयणस्स वा ।। –दस. अ. ५, उ. २, गा. १०-१२
(ख) नाइदूरमणासन्ने, नन्नेसिंचक्खु-फासओ । एगो चिट्ठेज्ज भत्तट्ठा, लंघित्ता तं नाउइक्कमे ।। –उत्त. अ. १, गा. ३३

२. पडिसेहिए व दिन्ने वा, तओ तम्मि नियत्तिए । उवसंकमेज्ज भत्तट्ठा, पाणट्ठाए व संजए ।। –दस. अ. ५, उ. २, गा. १३

३. अग्गलं फलिहं दारं, कवाडं, वा वि संजए । अवलंबिया न चिट्ठेज्जा, गोयरग्गगओ मुणी ।। –दस. अ. ५, उ. २, गा. ९

४. सिणाणस्स य वच्चस्स, संलोगं परिवज्जए ।। –दस. अ. ५, उ. १, गा. २५

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नो गाहावइकुलस्स आलोयं वा, थिग्गलं वा, संधिं वा, दगभवणं वा, बाहाओ पगिज्झिय पगिज्झिय, अंगुलियाए वा उद्दिसिय उद्दिसिय, उण्णमिय उण्णमिय, अवनमिय अवनमिय निज्झाइज्जा ।[1]

नो गाहावइं अंगुलियाए उद्दिसिय उद्दिसिय जाइज्जा,
नो गाहावइं अंगुलियाए चालिय चालिय जाइज्जा,

नो गाहावइं अंगुलियाए तज्जिय तज्जिय जाइज्जा,
नो गाहावइं अंगुलियाए अक्खुलंपिय अक्खुलंपिय जाइज्जा,
नो गाहावइं वंदिय वंदिय जाइज्जा,
नो य णं फरुसं वदेज्जा ।

–आ. सु. २, अ. १, उ. ६, सु. २६० (क)

गृहस्थना घरना ઝરૂખાने, કોઈ સમારકામ કરેલ ભાગને, ઘરના સંધિસ્થાનને કે જલગૃહ (બાથરૂમ) ને, હાથ ફેલાવી ફેલાવીને, આંગળી ચીંધી-ચીંધીને, પોતે નીચા નમી નમીને કે ઊંચુ મુખ કરી કરીને મુનિ જુએ નહિં, દેખાડે નહિં.
વળી ગૃહસ્થની પાસે આંગળી ચીંધી ચીંધીને યાચવું નહિં. ગૃહસ્થને આંગળીથી પ્રેરણા કરી કરીને અર્થાત્ વસ્તુ પ્રત્યે નિર્દેશ કરીને યાચવું નહિં.
આંગળીથી તેને ધમકાવી-ધમકાવીને યાચવું નહિં.
તેના શરીરને આંગળીથી સ્પર્શ કરીને યાચવું નહિં.

ગૃહસ્થને વંદન કરી-કરીને યાચના ન કરે.
(કદાચિત ગૃહસ્થ ન આપે તો) કઠોર વચન કહેવાં નહિં.

संकिलेसठाणणिसेहो :

१०९१. रन्नो गिहवईणं च, रहस्साऽऽरक्खियाण य ।
संकिलेसकरं ठाणं, दूरओ परिवज्जए ।।

–दस. अ. ५, उ. १, गा. १६

संक्लेश स्थान निषेध :

१०९१. રાજાના, ગૃહપતિઓના અને કોટપાલાદિના ગુપ્ત વાર્તાદિ (મંત્રણા) કરવાના સ્થાનને તથા કલેશકારક સ્થાનોને દૂરથી છોડી દે.

भिक्खागमणकाले पायपडिलेहण विहाणं :

१०९२. से भिक्खू वा, भिक्खुणी वा गाहावइकुलं पिंडवायपडियाए पविसमाणे पुव्वामेव पेहाए पडिग्गहं अवहट्टु पाणे, पमज्जिय रयं, ततो संजयामेव गाहावइकुलं पिंडवायपडियाए णिक्खमेज्ज वा पविसेज्ज वा ।
केवली बूया – आयाणमेयं ।

अंतो पडिग्गहगंसि पाणे वा, बीए वा, रए वा परियावज्जेज्जा,

अह भिक्खूणं पुव्वोवदिट्ठा एस पइण्णा–**जाव**–एस उवएसे जं पुव्वामेव पेहाए पडिग्गहं अवहट्टु पाणे वा, पमज्जिय रयं ततो संजयामेव गाहावतिकुलं पिंडवायपडियाए णिक्खमेज्ज वा, पविसेज्ज वा ।

–आ. सु. २, अ. ६, उ. २, सु. ६०२

गोચરી જવાના સમયે પાત્ર- પ્રતિલેખનની વિધિ :

१०९२. ગૃહસ્થને ઘેર આહાર પાણી લેવા જતાં પહેલાં સાધુ-સાધ્વી પાત્રને બરાબર જુએ, તેમાં જીવજંતુ હોય તો સાવધાનીપૂર્વક લઈને એક બાજુ મૂકી દે, ધૂળ હોય તો ગુચ્છા દ્વારા પ્રમાર્જન કરે અને પછી આહારાદિ માટે નીકળે કે પ્રવેશ કરે.
પ્રતિલેખન પ્રમાર્જન કર્યા વિના ગોચરી લેવા જાય તો કેવળી ભગવાને કર્મબંધનનું કારણ કહ્યું છે.
સંભવ છે કે પાત્રમાં રહેલ પ્રાણી, બીજ કે લીલી વનસ્પતિ વગેરે જીવો હોય અને તેમને પરિતાપ થાય.
માટે તીર્થંકર આદિ આપ્તપુરુષોએ સાધુઓને પહેલેથી જ પ્રતિજ્ઞા **યાવત્** ઉપદેશ આપેલ છે કે આહાર પાણી લેવા જતાં પહેલાં પાત્રને સારી રીતે જોઈને, પુંજીને યતનાપૂર્વક ગૃહસ્થના ઘેર ગોચરી માટે નીકળવું અને તેના ઘરમાં પ્રવેશ કરવો જોઈએ.

असमये पवेसणस्स विहि–णिसेहो :

१०९३. से भिक्खू वा, भिक्खुणी वा गाहावतिकुलंसि पिंडवायपडियाए पविसित्तुकामे सेज्जं पुण जाणेज्जा, खीरिणीओ गावीओ खीरिज्जमाणीओ पेहाए,

અસમયમાં પ્રવેશનો વિધિ નિષેધ :

१०९३. સાધુ અથવા સાધ્વી આહાર- પાણી માટે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરવાની ઈચ્છા કરે.
પરંતુ દુઝણી ગાયો દોવાઈ રહી હોય,

---

१. आलोयं थिग्गलं दारं संधिं दगभवणाणि य । चरंतो न विणिज्जाए, संकट्ठाणं विवज्जए ।। – दस. अ. ५, उ. १, गा. १५

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

असणं वा-**जाव**-साइमं वा उवक्खडिज्जमाणं पेहाए पुरा अप्पजूहिए ।
सेवं णच्चा णो गाहावतिकुलं पिंडवायपडियाए णिक्खमेज्ज वा, पविसेज्ज वा ।
सेत्तमायाए एगंतमवक्कममेज्जा, एगंतमवक्कमित्ता अणावायमसंलोए चिट्ठेज्जा ।

अह पुण एवं जाणेज्जा-
खीरिणीओ गावीओ खीरियाओ पेहाए,
असणं वा-**जाव**-साइमं वा उवक्खडितं पेहाए पुरा पजूहिते । सेवं णच्चा ततो संजयामेव गाहावतिकुलं पिंडवायपडियाए णिक्खमेज्ज वा, पविसेज्ज वा ।

-*आ. सु. २, अ. १, उ. ४, सु. ३४९*

અશન **યાવત્** સ્વાદિમ રાંધવાની ક્રિયા ચાલુ હોય, અથવા પહેલાં આવેલાને દેવાઈ ગયું હોય, તો એ જાણી ગૃહસ્થના ઘરમાં આહાર-પાણી માટે ન પ્રવેશ કરે, ન નિકળે.
ગૃહસ્થના ઘરે સાધુ કદાચિત પહોંચી ગયા હોય તો એકાંતમાં ચાલ્યા જાય, જ્યાં આવાગમન ન હોય અને કોઈ દેખી ન શકે એવા સ્થાનમાં ઊભા રહે.
અને જ્યારે જુએ કે,
દુઝણી ગાયો દોવાઈ ગઈ છે,
અશન **યાવત્** સ્વાદિમ રંધાઈ ગયું છે, તેમાંથી બીજાને જેટલું આપવાનું છે તે અપાઈ ગયું છે, ત્યારે તે સાધુ ગૃહસ્થના ઘરમાં યતનાપૂર્વક આહાર-પાણી માટે પ્રવેશ કરે અથવા નીકળે.

एसणाखेत्तपमाणं -

१०९४. अवसेसं भण्डगं गिज्झा, चक्खुसा पडिलेहए ।
परमद्धजोयणाओ विहारं विहरए मुणी ।।

-*उत्त. अ. २६, गा. ३५*

એષણા ક્ષેત્રનું પ્રમાણ :

૧૦૯૪. ભિક્ષુ સર્વ ભાંડોપકરણને ગ્રહણ કરી ચક્ષુ દ્વારા પ્રતિલેખન કરે તથા ઉત્કૃષ્ટ અર્ધા યોજન સુધી ભિક્ષા માટે જાય.

भुंजमाणाणं पाणाणं मग्गे आवागमण णिसेहो :

१०९५. से भिक्खू वा, भिक्खुणी वा गाहावइकुलं पिंडवायपडियाए पविसित्तुकामे अंतरा से रसेसिणो बहवे पाणा घासेसणाए संथडे संनिवाइए पेहाए, तं जहा-कुक्कुडजाइयं वा, सूयरजाइयं वा, अग्गपिंडंसि वा वायसा संथडा संनिवाइया पेहाए, सइ परक्कमे संजयामेव परक्कमेज्जा नो उज्जुयं गच्छिज्जा ।[1]

-*आ. सु. २, अ. १, उ. ६, सु. ३५९*

આહાર કરતા પ્રાણીઓના માર્ગમાં આવવા- જવાનો નિષેધ :

૧૦૯૫. સાધુ અને સાધ્વી ગૃહસ્થના ઘરમાં ગોચરીએ જતાં ઘણાં જ પ્રાણીઓને આહારની શોધમાં ભૂમિ પર એકત્રિત થયેલાં દેખે.
જેમ કે - કૂકડાની જાતિના અર્થાત્ દ્વિપદ, અને શૂકરજાતીય અર્થાત્ ચતુષ્પદ અથવા અગ્રપિંડ માટે કાગડા આદિ નીચે એકત્રિત થયેલા સામે દેખીને, બીજો માર્ગ હોય તો સંયમી બીજા માર્ગથી જ યતનાપૂર્વક જાય, પરંતુ તે (પક્ષી- પશુવાળા) સીધા માર્ગે ન જાય.

भिक्खाकाले उम्मत्तगोणाइं पेहाए गमणविहि णिसेहो :

१०९६. से भिक्खू वा भिक्खुणी वा गाहावइकुलं पिंडवायपडियाए पविसित्तुकामे गोणं वियालं पडिपहे पेहाए, महिसं वियालं पडिपहे पेहाए,

ભિક્ષાના સમયે ઉન્મત્ત સાંઢ આદિને જોઈ વિચરણનો નિષેધ :

૧૦૯૬. સાધુ અથવા સાધ્વી ગૃહસ્થના ઘરમાં ભિક્ષા લેવા જતાં માર્ગમાં દુષ્ટ મદોન્મત્ત સાંઢ, અથવા વિકરાળ રૂપ વાળો પાડો જુએ,

---

१. (क) तहेवुच्चावया पाणा, भत्तट्ठाए समागया, तं उज्जुयं न गच्छेज्जा, जयमेव परिक्कमे ।। - दस. अ. ५, उ. २, गा. ७
(ख) दशवैकालिक अ. ५, उ. १, गाथा - ९-११मां वेश्याओना आवास तरफ जवाना मार्गथी भिक्षा लेवा जवानो निषेध छे. माटे ते गाथाओ ब्रह्मचर्य महाव्रतना विभागमां लेवामां आवी छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एवं मणुस्सं, आसं, हत्थिं सीहं, वग्घं, विगं, दीवियं, अच्छं, तरच्छं, परिसरं, सियालं, विरालं, सुणयं, कोलसुणयं, कोकंतियं, चित्ताचेल्लडयं वियालं पडिपहे पेहाए, सति परिक्कमे संजयामेव परक्कमेज्जा, णो उज्जुयं गच्छेज्जा ।

–आ. सु. २, अ. १, उ. ५, सु. ३५४

એ જ રીતે દુષ્ટ મનુષ્ય, અશ્વ, હાથી, સિંહ, વાઘ, દીપડો, રીંછ, તરસ, સરભ (અષ્ટાપદ), શિયાળ, બિલાડો, કૂતરો, વરાહ, સૂવર, લોંમડી કે ચિત્ત ચિલ્લકય (એક જાતનું જંગલી જાનવર) ઊભાં જણાય તો બીજો રસ્તો હોય તો યતનાપૂર્વક તે માર્ગે જાય. સીધે રસ્તે ન જતાં બીજે રસ્તેથી જાય.

१०९७. साणं सूइयं गाविं, दित्तं गोणं हयं गयं ।
संडिब्भं कलहं जुद्धं, दूरओ परिवज्जए ।।

–दस. अ. ५, उ. १, गा. १२

૧૦૯૭. જ્યાં કૂતરા, તાજી પ્રસુતિ પામેલી ગાય, મદોન્મત્ત બળદ, અશ્વ કે હાથી વગેરે હોય તથા બાળકોનું ક્રીડા સ્થાન કે કલહ અને યુધ્ધનું સ્થાન હોય તેવા સ્થાનને દૂરથી જ છોડી દેવું.

खड्डाइजुत्तपहे गमण णिसेहो :

१०९८. से भिक्खू वा, भिक्खुणी वा गाहावइकुलं पिंडवायपडियाए पविसित्तुकामे अंतरा से ओवाए खाणुं वा, कंटए वा, घसी वा, भिलुगा वा, विसमे वा, विज्जले वा परियावज्जेज्जा ।

सति परिक्कमे संजयामेव परक्कमेज्जा णो उज्जुयं । गच्छेज्जा ।[1]

–आ. सु. २, अ. १, उ. ५, सु. ३५५

ખાડાવાળા માર્ગમાં જવાનો નિષેધ :

૧૦૯૮. સાધુ અથવા સાધ્વી ગૃહસ્થનાં ઘરમાં ભિક્ષા લેવા જતાં માર્ગમાં વચ્ચે ખાડા, ઠૂંઠા, કાંટા, જમીનનો ઢળાવ, તીરાડ, વિષમતા અથવા કીચડ આદિ હોય તો તેવા માર્ગે નહિં ચાલતા બીજો માર્ગ હોય તો યતનાપૂર્વક તે માર્ગ ઉપર થઈને જાય.

अदुगुंछियकुलेसु भिक्खागमणविहाणं –

१०९९. से भिक्खू वा, भिक्खुणी वा गाहावइकुलं पिंडवायपडियाए अणुपविट्ठे समाणे सेज्जाइं पुण कुलाइं जाणेज्जा, तं जहा–

१. उग्गकुलाणि वा, २. भोगकुलाणि वा,
३. राइण्णकुलाणि वा, ४. खत्तियकुलाणि वा,
५. इक्खागकुलाणि वा, ६. हरिवंसकुलाणि वा,
७. एसियकुलाणि वा, ८. वेसियकुलाणि वा,
९. गंडागकुलाणि वा, १०. कोट्टागकुलाणि वा,
११. गामरक्खकुलाणि वा, १२. बोक्कसालियकुलाणि वा,
अण्णतरेसु वा तहप्पगारेसु अदुगुंछिएसु अगरहियेसु असणं वा–**जाव**–साइमं वा फासुयं एसणिज्जं ति मण्णमाणे लाभे संते पडिगाहेज्जा ।

–आ. सु. २, अ. १, उ. २, सु. ३३६

અઘૃણિત કુળોમાં ગોચરી જવાનો વિધાન :

૧૦૯૯. સાધુ અથવા સાધ્વી ગૃહસ્થના ઘરમાં ભિક્ષા માટે પ્રવેશીને આ કુળો જાણે, જેમ કે-

૧. ઉગ્રકુળ, ૨. ભોગકુળ,
૩. રાજન્યકુળ, ૪. ક્ષત્રિયકુળ,
૫. ઈક્ષ્વાકુકુળ, ૬. હરિવંશકુળ,
૭. ગોપાલકુળ, ૮. વૈશ્યકુળ,
૯. ગંડાકકુળ (નાપિતકુળ), ૧૦. કોટ્ટાગકુળ (સુથારકુળ),
૧૧. ગ્રામરક્ષકકુળ, ૧૨. બોક્કશાળીયકુળ (વણકરકુળ) છે. તેવા તથા એવી જાતના બીજા પણ અતિરસ્કૃત, અનિંદિત કુળોમાં, જેનાં આચાર ઉત્તમ હોય અને જ્યાં જવાથી શાસનની લઘુતા ન દેખાય તેવા કુળોમાં) અશન **યાવત્** સ્વાદિમ, પ્રાસુક તેમજ એષણીય આહાર જાણી ગ્રહણ કરે.

---

१. ओवायं विसमं खाणुं, विज्जलं परिवज्जिए । संकमेण न गच्छेज्जा, विज्जमाणे परक्कमे । –दस. अ. ५, उ. १. गा. ४
तम्हा तेण न गच्छेज्जा, संजए सुसमाहिए । सइ अन्नेण मग्गेण जयमेव परक्कमे ।। –दस. अ. ५., उ. १, गा. ६

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दुगुंछियकुलेसु भिक्खा गमण पायच्छित्त सुत्तं :

११००. जे भिक्खू दुगुंछियकुलेसु असणं वा-**जाव**-साइमं वा पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

-नि. उ. १६, सु. २७

घृणित कुળોમાં ભિક્ષાર્થે જવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :

૧૧૦૦. જે ભિક્ષુ ઘૃણિત કુળોમાં જઈને અશન **યાવત્** સ્વાદિમ લે છે, (લેવડાવે છે) લેનારનું અનુમોદન કરે છે.

તેને ઉદ્‌ઘાતિક ચાતુર્માસિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

अगवेसणीयकुलाइं :

११०१. से भिक्खू वा, भिक्खुणी वा से जाइं पुण कुलाइं जाणेज्जा, तं जहा-खत्तियाण वा, राईण वा, कुराईण वा, रायपेसियाण वा, रायवंसट्ठियाण वा, अंतो वा, बाहिं वा, गच्छंताण वा, संणिविट्ठाण वा, णिमंतेमाणाण वा, अणिमंतेमाणाण वा, असणं वा-**जाव**-साइमं वा अफासुयं-**जाव**-णो पडिग्गाहेज्जा ।

-आ. सु. २, अ. १, उ. ३, सु. ३४६

અગવેષણીય કુળ :

૧૧૦૧. સાધુ અથવા સાધ્વી એ કુળોને જાણે. જેવાં કે- ક્ષત્રિયોનું કુળ, રાજાઓનું કુળ, દંડપાશિક રાજાઓનું કુળ, રાજવંશીય ભૃત્ય, રાજવંશીય સંબંધી ઈત્યાદિ કુળોનાં ઘરોમાં અંદર અથવા બહાર જતાં, ઊભેલા અથવા બેઠેલા, આમંત્રિત કરે અથવા ન કરે તો તેના ઘરેથી અશન **યાવત્** સ્વાદિમ અપ્રાસુક જાણીને **યાવત્** મળવા છતાં પણ લેવા ન જોઈએ.

णिसिद्ध कुलेसु गवेसणा णिसेहो :

११०२. पडिकुट्ठकुलं न पविसे, मामगं परिवज्जए ।[1]
अचियत्तकुलं न पविसे, चियत्तं पविसे कुलं ।।

-दस. अ. ५, उ. १, गा. १७

નિષિધ્ધ કુળમાં ગવેષણા નિષેધ :

૧૧૦૨. લોક વિરુદ્ધ કુળમાં પ્રવેશ ન કરે, અને જ્યાં ગૃહસ્વામીની એમ કહે કે 'મારે ઘેર આવશો નહિ', એવા ઘરને છોડી દે. જે કુળમાં જવાથી મનુષ્યોને અપ્રીતિ થાય તેવા કુળમાં પ્રવેશ ન કરે. પરંતુ પ્રીતિકર કુળમાં જ પ્રવેશ કરે.

णिसिद्धगिहे भिक्खा गमण पायच्छित्त सुत्तं :

११०३. जे भिक्खु गाहावइकुलं पिंडवाय पडियाए अणुपविट्ठे पडियाइक्खित्ते समाणे दोच्चं पि-तमेव कुलं अणुप्पविसइ, अणुप्पविसंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

-नि. उ. ३, सु. १३

નિષિધ્ધ ઘરમાં ભિક્ષા લેવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :

૧૧૦૩. જે ભિક્ષુ ગાથાપતિ કુળમાં આહાર માટે પ્રવેશે તો ગૃહસ્થના ના પાડવા છતાં બીજી વાર તે જ કુળમાં પ્રવેશ કરે, (કરાવે) કે કરનારનું અનુમોદન કરે તો તેને ઉદ્‌ઘાતિક માસિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

भिक्खायरियाए उच्चारपासवण परिट्ठावण विही :

११०४. गोयरग्गपविट्ठो उ, वच्चमुत्तं न धारए ।
ओगासं फासुयं नच्चा, अणुन्नविय वोसिरे ।।

-दस. अ. ५, उ. १, गा. १९

ભિક્ષાચર્યામાં મળ- મૂત્રાદિ પરઠવાની વિધિ :

૧૧૦૪. ગોચરીએ ગયેલો મુનિ વડી નીતિને, લઘુનીતિને રોકે નહીં, પરંતુ પ્રાસુક નિરવદ્ય જગ્યાને જાણીને ગૃહસ્થની આજ્ઞા લઈને તેનો ત્યાગ કરે.

---

૧. (ક) નિષિદ્ધ કુળોમાં નિત્યાદિ પિંડ દેવાવાળા કુળનો પણ નિષેધ છે.- જુઓ. નિત્યપિંડ દોષ
(ખ) અપ્રીતિકર કુળથી ભક્ત- પાન આદિ ગ્રહણનો નિષેધ- જુઓ પ્રશ્ન વ્યાકરણ- તૃતીય સંવર દ્વાર સૂત્ર -૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पिहियदुवार उग्घाडण विहि णिसेहो :

११०५. से भिक्खू वा, भिक्खुणी वा गाहावतिकुलस्स दुवारवाहं कंटगबोंदियाए पडिपिहितं पेहाए तेसिं पुव्वामेव उग्गहं अण्णुण्णविय, अपडिलेहिय, अप्पमज्जिय णो अवंगुणेज्ज वा, पविसेज्ज वा ।

तेसिं पुव्वामेव उग्गहं अणुण्णविय पडिलेहिय पमज्जिय ततो संजयामेव अवंगुणेज्ज वा, पविसेज्ज वा, ।

-आ. सु. १, अ. १, उ. ५, सु. ३५६

११०६. साणीपावारपिहियं, अप्पणावपंगुरे ।
कवाडं नो पणोलेज्जा, ओग्गहं से अजाइया ।।

-दस. अ. ५, उ. १, गा. १८

भिक्खायरियाए मायाकरण णिसेहो :

११०७. भिक्खागा णामेगे एवमाहंसु-समाणा वा, वसमाणा वा, गामाणुगामं दूइज्जमाणे खुड्डाए खलु अयं गामे, संणिरुद्धाए, णो महालए, से हंता भयंतारो बाहिरगाणि गामाणि भिक्खायरियाए वयह ।

संति तत्थेगतियस्स भिक्खुस्स पुरेसंथुया वा, पच्छासंथुया वा परिवसंति, तं जहा-गाहावती वा-**जाव**-कम्मकरीओ वा,
तहप्पगाराइं कुलाइं पुरेसंथुयाणि वा पच्छासंथुयाणि वा पुव्वामेव भिक्खायरियाए अणुपविसिस्सामि, अविय इत्थ लभिस्सामि सालिं वा, ओयणं वा, खीरं वा, दहिं वा, णवणीतं वा, घयं वा, गुलं वा, तेल्लं वा, संकुलिं वा, फाणितं वा, पूयं वा, सिहरिणिं वा, तं पुव्वामेव भोच्चा पिच्चा पडिग्गहं संलिहियं संमज्जिय ततो पच्छा भिक्खूहिं सद्धिं गाहावतिकुलं पिंडवायपडियाए पविस्सामि ।
माइट्ठाणं संफासे, णो एवं करेज्जा ।

से तत्थ भिक्खूहिं सद्धिं कालेण अणुपविसित्ता तत्थितरातियरेहिं कुलेहिं सामुदाणियं एसित्तं वेसित्तं पिंडवातं पडिगाहेत्ता आहारं आहारेज्जा ।

-आ. सु. २, अ. १, उ. ४, सु. ३५०

બંધ દ્વારને ખોલવાનો વિધિ નિષેધ :

૧૧૦૫. સાધુ અથવા સાધ્વી ગૃહસ્થના ઘરમાં પ્રવેશતાં દ્વારભાગને કાંટાની ડાળીથી ઢાંકેલ દેખીને પહેલાં ગૃહસ્વામીની અનુજ્ઞા લીધા વિના, પ્રતિલેખન કર્યા વિના અને પ્રમાર્જન કર્યા વિના દ્વાર ઉઘાડીને પ્રવેશ ન કરે.
ઘરના સ્વામીની પહેલા આજ્ઞા લે અને પછી પ્રતિલેખન કરીને પૂંજીને યતનાપૂર્વક ખોલીને પ્રવેશ કરે અથવા નીકળે.

૧૧૦૬. શણના કે વાંસના બનાવેલ પડદાથી અથવા વસ્ત્રાદિના પડદાથી ઢાંકેલ દ્વારને આજ્ઞા લીધા વિના પોતે જ ખોલે નહિ, ઉઘાડે નહિં.

ભિક્ષાચર્યામાં માયા કરવાનો નિષેધ :

૧૧૦૭. સ્થિરવાસ કરનારા અથવા માસકલ્પથી વિચરવાવાળા કોઈ મુનિ, નવા આવવાવાળા મુનિને કહે કે, 'આ ગામ નાનું સરખું છે અને એમાં પણ કેટલાંક ઘર પ્રસુતિ આદિ કારણોથી રોકાયેલાં છે. આ ગામ મોટું નથી, એટલા માટે હે પૂજ્ય મુનિવરો ! આ ગામથી બહાર કોઈ બીજા ગામમાં ગોચરી માટે પધારો'. (એમ સાંભળીને નવા આવેલા મુનિઓએ બીજા ગામમાં ગોચરી માટે જવું જોઈએ.)
તે ગામમાં કોઈ સાધુનાં સંબંધી અથવા પશ્ચાત્ સંબંધી નિવાસ કરતા હોય જેમ કે, ગૃહસ્થ **યાવત્** કર્મચારિણીઓ વગેરે.
તે કોઈ સાધુ એવો વિચાર કરે કે 'હું પહેલાં તેઓના ઘરમાં ભિક્ષા માટે પ્રવેશ કરીશ તો મને અન્ન, (રસમય પદાર્થ) દૂધ, દહીં, માખણ, ઘી, ગોળ, તેલ, પૂડલા, રાબ, પૌંઆ, શ્રીખંડ વગેરે ઉત્તમ ભોજન મળશે. તે ઉત્તમ ભોજન લાવી ખાઈ પીને પાત્ર સાફ કરી લઈશ. ત્યાર પછી બીજા સાધુઓ સાથે આહાર- પાણી માટે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરીશ અથવા પ્રવેશ માટે નીકળીશ'.
આવો વિચાર કરનાર સાધુ માયા સ્થાનનો સ્પર્શ કરે છે, સંયમમાં દોષ લગાડે છે. માટે સંતોને આવો વિચાર પણ કરવો ન જોઈએ.
પરંતુ બીજા સાધુઓ સાથે ભિક્ષાના સમયે ગૃહસ્થના ઘરોમાં પ્રવેશ કરી, અનેક ઘરોમાંથી શુદ્ધિપૂર્વક નિર્દોષ સમુદાનીય ભિક્ષા ગ્રહણ કરી આહાર કરવો જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अभिनिचरिया गमण विहि णिसेहो :

११०८. बहवे साहम्मिया इच्छेज्जा एगयओ अभिनिचरियं[1] चारए, नो णं कप्पइ थेरे अणापुच्छित्ता एगयओ अभिनिचरियं चारए ।

कप्पइ णं थेरे आपुच्छित्ता एगयओ अभिनिचरियं चारए ।

थेरा य से वियरेज्जा-एवं णं कप्पइ एगयओ अभिनिचरियं चारए ।

थेरा य से नो वियरेज्जा- एवं णं नो कप्पइ एगयओ अभिनिचरियं चारए ।

जे तत्थ थेरेहिं अविइण्णे एगयओ अभिनिचरियं चरंति से सन्तरा छेए वा, परिहारे वा ।

-वव. उ. ४, सु. १९

अभिनिचरिकामां जवानो विधि निषेध :

११०८. અનેક સાધર્મિક સાધુ એક સાથે 'અભિનિચરિકા' કરવાની ઈચ્છા ધરાવે તો સ્થવિર સાધુને પૂછ્યા વગર એક સાથે અભિનિચરિકા કરવાનું કલ્પતું નથી.

પરંતુ સ્થવિર સાધુઓને પૂછીને તેને એક સાથે 'અભિનિચરિકા' કરવાનું કલ્પે છે.

જો સ્થવિર સાધુ આજ્ઞા આપે તો તેને 'અભિનિચરિકા' કરવાનું કલ્પે છે.

જો સ્થવિર સાધુ આજ્ઞા ન આપે તો તેને 'અભિનિચરિકા' કરવાનું કલ્પતું નથી.

જો તેઓ સ્થવિરો પાસેથી આજ્ઞા પ્રાપ્ત કર્યા વગર 'અભિનિચરિકા' કરે તો તેઓ દીક્ષાછેદ અથવા પરિહાર પ્રાયશ્ચિત્તનો પાત્ર બને છે.

चरिया पविट्ठ भिक्खुस्स किच्चाइं :

११०९. चरियापविट्ठभिक्खू-**जाव**-चउराय पंचरायाओ थेरे पासेज्जा, सच्चेव आलोयणा, सच्चेव पडिक्कमणा । सच्चेव ओग्गहस्स पुव्वाणुन्नवणा चिट्ठइ । आहालंदमवि ओग्गहे ।

चरियापविट्ठे भिक्खू परं चउराय-पंचरायाओ थेरे पासेज्जा, पुणो आलोएज्जा, पुणो पडिक्कमेज्जा, पुणो छेयपरिहारस्स उवट्ठाएज्जा ।

भिक्खूभावस्स अट्ठाए दोच्चंपि ओग्गहे अणुन्नवेयव्वे सिया ।

कप्पइ से एवं वदित्तए

"अणुजाणह भंते ! मिओग्गहं अहालंदं धुवं नितियं निच्छइयं वेउट्टियं ।"

तओ पच्छा काय-संफासं ।

-वव. उ. ४, सु. २०-२१

चरिकाप्रविष्ट भिक्षुनुं कर्तव्य :

११०९. ચરિકામાં પ્રવિષ્ટ ભિક્ષુ ચાર પાંચ રાત્રિની અવધિ માટે સ્થવિરોને મળે તો તે ભિક્ષુઓને ત્યાં જ આલોચના, ત્યાંજ પ્રતિક્રમણ અને કલ્પ સુધી રહેવા માટે અવગ્રહની પૂર્વાનુજ્ઞા છે.

ચરિકામાં પ્રવિષ્ટ ભિક્ષુ જો ચાર પાંચ રાત પછી સ્થવિરોને મળે તો તે ફરી આલોચના, પ્રતિક્રમણ અને દીક્ષા છેદ કે પરિહાર પ્રાયશ્ચિતમાં ઉપસ્થિત થાય.

ભિક્ષુભાવ (સંયમી સુરક્ષા) માટે તેણે બીજીવાર અવગ્રહની અનુમતિ લેવી જોઈએ.

તે આ પ્રમાણે પ્રાર્થના કરે કે-

'હે ભંતે! મિત- અવગ્રહમાં વિચરણ કરવા માટે, કલ્પ પ્રમાણે રહેવા માટે, ધ્રુવ નિયમો માટે, દૈનિક ક્રિયાઓ કરવા માટે, નિશ્ચયપૂર્વક પ્રવૃત્તિ કરવા માટે, આજ્ઞા આપો તથા ફરી આવવાની કે દોષોથી નિવૃત્ત થવાની અનુજ્ઞા આપો'.

આ પ્રમાણે કહી તેમના ચરણોનો સ્પર્શ કરે.

चरियानियट्ट भिक्खुस्स किच्चाई :

१११०. चरियानियट्टे भिक्खू-**जाव**-चउराय पंचरायाओ थेरे पासेज्जा, सच्चेव आलोयणा, सच्चेव पडिक्कमणा, सच्चेव ओगहस्स पुव्वाणुन्नवणा चिट्ठइ अहालंदमवि ओग्गहे ।

चरिकाथी निवृत्त भिक्षुनुं कर्तव्य :

१११०. કોઈ ભિક્ષુ ચરિકાથી નિવૃત્ત થયા બાદ **યાવત્** ચાર પાંચ રાતની અવધિમાં સ્થવિરોને મળે તો તેને ત્યાં આલોચના, પ્રતિક્રમણ અને કલ્પ સુધી રહેવા માટે ત્યાં જ અવગ્રહની પૂર્વાનુજ્ઞાપના છે.

---

૧. અભિનિચરિકા અને ચરિકાનું સ્પષ્ટીકરણ-કોઈ સમયે કોઈપણ નગરમાં અનેક સાધુ એકત્રિત થયા અને તે નગરમાં પર્યાપ્ત આહાર-પાણી ન મળે તો તે સાધુ ભિક્ષાકાલને પહેલા ભિક્ષા માટે જાય અથવા તે ક્ષેત્રને છોડીને બીજા ક્ષેત્રમાં ભિક્ષા માટે જાય તો તે ચર્યા "અભિનિચરિકા" કહેવાય છે. વવ. ભાષ્ય ઉ. ૪, સુ. ૧૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चरियानियट्टे भिक्खू परं चउराय-पंचरायाओ थेरे पासेज्जा, पुणो आलोएज्जा, पुणो पडिक्कमेज्जा, पुणो छेयपरिहारस्स उवट्ठाएज्जा ।

भिक्खूभावस्स अट्ठाए दोच्चं पि ओग्गहे अणुन्नवेयव्वे सिया ।
कप्पइ से एवं वदित्तए -
"अणुजाणह भंते ! मिओग्गहं अहालंदं धुवं नितियं निच्छइयं वेउट्टियं ।"
तओ पच्छा काय-संफासं ।

-वव. उ. ४, सु. २२-२३

જો કોઈ ભિક્ષુ અભિનિચરિકાથી નિવૃત્ત થયા બાદ ચાર પાંચ રાત પછી સ્થવિરોને મળે તો તે ફરી આલોચના, પ્રતિક્રમણ તથા દીક્ષાછેદ કે પરિહાર પ્રાયશ્ચિત્તમાં ઉપસ્થિત થાય છે.
ભિક્ષુભાવ (સંયમ) ની સુરક્ષા માટે તેણે ફરી વાર અવગ્રહની આજ્ઞા લેવી જોઈએ.
તે આ પ્રમાણે પ્રાર્થના કરે કે -
'ભંતે ! મિતાવગ્રહ, યથાલન્દ, ધ્રુવ, નિત્ય, નૈશ્ચયિક અને વ્યુત્થિત થવાની આજ્ઞા આપો'.
આ પ્રમાણે કહી તેમના ચરણોનો સ્પર્શ કરે.

णवणिम्मिय गामाइसु आहार गहणस्स पायच्छित्त सुत्तं :

११११. जे भिक्खू णवग-णिवेसंसि गामंसि वा-**जाव**-सण्णिवेसंसि वा अणुप्पविसित्ता असणं वा-**जाव**-साइमं वा पडिग्गाहेइ पडिग्गाहेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

-नि. उ. ५, सु. ३४

નવનિર્મિત ગ્રામાદિમાં આહાર ગ્રહણ કરવાનું પ્રાયશ્ચિત સૂત્ર

૧૧૧૧. નવા નિવાસ કરેલા ગામમાં **યાવત્** સંન્નિવેશમાં પ્રવેશ કરી અશન **યાવત્** સ્વાદ્ય ગ્રહણ કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.

તેને ઉદ્‌ઘાતિક માસિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

णव अयागराइसु आहार गहणस्स पायच्छित्त सुत्तं :

११११. जे भिक्खू णवग-णिवेसंसि
१. अयागरंसि वा २. तंबागरंसि वा ३. तउआगरंसि वा,
४. सीसागरंसि वा, ५. हिरण्णागरंसि वा,
६. सुवण्णागरंसि वा, ७. रयणागरंसि वा,
८. वइरागरंसि वा,
अणुप्पविसित्ता असणं वा-**जाव**-साइमं वा पडिग्गाहेइ पडिग्गाहेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

-नि. उ. ५, सु. ३५.

નવા લોઢા આદિની ખાણોમાં આહાર ગ્રહણ કરવા આદિનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :

૧૧૧૨. જે ભિક્ષુ નવા નિવાસ કરેલા સ્થાનમાં-
૧- લોઢાની, ૨- તાંબાની, ૩- ત્રપુની (કાંસાની),
૪.- સીસાની, ૫- ચાંદીની,
૬- સોનાની, ૭- રત્નની,
૮-હીરાની,
ખાણોમાં પ્રવેશ કરી અશન **યાવત્** સ્વાદ્ય ગ્રહણ કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.

તેને ઉદ્‌ઘાતિક માસિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉદ્‌ગમ – દોષ

પ્રાક્‌કથન

આહાર દોષ :

આહાર શુદ્ધિથી ભાવશુદ્ધિ અને તેનાથી સંયમ-સાધનાની નિર્વિઘ્ન સંપન્નતા થવી એ એક સૈદ્ધાન્તિક સત્ય છે. આથી ઉદ્‌ગમ, ઉત્પાદન આદિ દોષોથી રહિત આહાર જ પ્રાસુક, એષણીય તથા ઉપભોગ યોગ્ય માનવામાં આવેલ છે.

આહાર દોષોનું આ સંકલન બે વિભાગોમાં વિભક્ત છે -

૧. એક સૂત્રમાં એક દોષનું પ્રરૂપણ.

૨. એક સૂત્રમાં અનેક દોષોનું પ્રરૂપણ.

આ સંકલનમાં કેટલાંક સૂત્રો વિધિ-નિષેધનાં પ્રરૂપક છે, અને કેટલાંક સૂત્રો માત્ર નિષેધનાં પ્રરૂપક છે.

જે સૂત્રોમાં એક સાથે અનેક દોષોનું પ્રરૂપણ છે, તેમાંથી કેટલાક દોષો ઉદ્‌ગમના છે, કેટલાક દોષો ઉત્પાદનના છે અને કેટલાક દોષો એષણાના છે.

આ સૂત્રોમાં કેટલાક દોષો એવા પણ પ્રરૂપિત છે કે જેમનાં નામ જુદા છે, પરંતુ ભાવ જુદા નથી. પરંતુ એવા પણ દોષો છે જેનું નામકરણ ક્યાંય મળતું નથી, છતાં પણ તે દોષ જ છે. કારણ કે કેટલાક સૂત્રોમાં અગ્રાહ્ય પદાર્થોનો નિષેધ છે. માટે તે દોષ જ છે. કેટલાક દોષોનાં માત્ર પ્રાયશ્ચિત્ત સૂત્રો મળે છે, પરંતુ દોષોનાં સૂત્ર મળતાં નથી. એ જ પ્રમાણે કેટલાક દોષોનાં સૂત્રો મળે છે પરંતુ તેમનાં પ્રાયશ્ચિત્ત સૂત્રો મળતાં નથી.

'उग्गम उप्पायणेसणा सुद्धं' – આહાર શુદ્ધિનું સૂચક આ વાકય આગમોમાં અનેક સ્થળે ઉપલબ્ધ છે, પરંતુ ઉદ્‌ગમ અને ઉત્પાદનનાં દોષોની નિશ્ચિત સંખ્યા ક્યાંય પણ ઉપલબ્ધ નથી.

બધા ઉદ્‌ગમ દોષોમાં પ્રમુખ દોષ એક ઔદ્દેશિક છે, અન્ય બધા તેના અવાન્તર ભેદ છે.

પ્રશ્ન વ્યાકરણ સૂત્ર સંવર-દ્વાર ૫. સૂત્ર ૬ માં 'एक्कारस पिंडवाय सुद्धं' આવું વાક્ય છે. તેનું તાત્પર્ય છે. - આચારાંગ, દ્વિતીય શ્રુતસ્કંધ, પ્રથમ પિંડૈષણા અધ્યયનનાં અગિયાર ઉદ્દેશકોમાં જેટલા દોષ છે તે સૌ દોષ રહિત આહાર શુદ્ધ માનવામાં આવ્યો છે.

ઉદ્‌ગમ-ઉત્પાદનનાં દોષોની સંખ્યા જો નિશ્ચિત હોત તો એ આગમમાં સંખ્યાનો ઉલ્લેખ અવશ્ય હોત.

એષણાના દસ દોષોની સંખ્યાનો નિર્ણય થઈ ગયો હતો, માટે 'दसहि य दोसेहिं विप्पमुक्कं' એ વાક્યમાં સંખ્યાનો ઉલ્લેખ છે. પરંતુ આગમોમાં એ દોષો સિવાય પણ બીજા અનેક એષણાના દોષો મળે છે.

પિંડનિર્યુક્તિ આદિમાં ઉદ્‌ગમ, ઉત્પાદન અને એષણાના દોષોની સંખ્યા નિશ્ચિત છે. સંભવ છે કે નવદીક્ષિતોને કંઠસ્થ કરાવવા માટે કોઈ સ્થવિરે મુખ્ય દોષોની સંખ્યાનો નિર્ણય કરી ગાથા બદ્ધ કર્યો હશે.

આગમોમાં કેટલાક એવા દોષો પણ મળી આવે છે. જે બેતાલીસ દોષોથી તદ્દન જુદા છે.

પરિભોગેષણાનાં દોષોનું કથન ભગવતી સૂત્રમાં પ્રતિપાદિત છે.

પ્રસ્તુત સંકલનમાં દોષોનો ક્રમ આ પ્રમાણે રાખવામાં આવ્યો છે.

૧. એક સૂત્રમાં અનેક દોષોનું કથન છે તેને પ્રકીર્ણક દોષોથી સૂચિત કરવામાં આવેલ છે.

૨. એક સૂત્રમાં એક દોષનું કથન છે તેને ઉદ્‌ગમ, ઉત્પાદન અને એષણા દોષનાં ક્રમથી રાખવામાં આવ્યું છે.

૩. બેંતાલીસ દોષ સિવાયનાં દોષોને 'સંખડી પ્રકરણ', 'શય્યાતર પિંડ' અને 'એષણા-વિવેક' શિર્ષકથી પ્રમાણિત કરવામાં આવ્યાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

षोडश उद्गम दोष

સોળ ઉદ્ગમ દોષ

आहाकम्मुद्देसियं पूइकम्मेग मीसजाए य ।
ठवणा पाहुडियाए पाओयर कीय पामिच्चे ।।
परियट्टिए अभिहडे उब्भिन्न मालोहडे इ य ।
अच्छिज्जे अणिसिट्ठे अज्जोयरए य सोलसमे ।।

– *पिण्ड. नि. गा. ३–४*

१. **आधाकर्म :** કોઈ એક વિશેષ સાધુ કે સાધ્વીના ઉદ્દેશ્યથી આહારાદિ બનાવવો.
૨. **औद्देशिक :** એક અથવા અનેક શ્રમણ, બ્રાહ્મણઆદિના ઉદ્દેશ્યથી આહારાદિ બનાવવો.
૩. **पूतिकर्म :** પ્રાસુક અને એષણીય આહારમાં આધાકર્મ આહારનું અતિ અલ્પ કે અધિક માત્રામાં મિશ્રણ કરવું.
૪. **मिश्रजात :** પોતાના માટે અને સાધુ-સાધ્વી માટે એક સ્થાને આહારાદિ બનાવવો.
૫. **स्थापना :** સાધુ-સાધ્વીઓને દેવા માટે આહારાદિ અલગ સ્થાપિત કરી રાખવા.
૬. **प्राभृतिका :** નજીકનાં ગામથી સાધુ કે સાધ્વી આજે જ અત્યારે પધારવાના છે, એવું જાણી મહેમાનોનાં જમણનાં સમયમાં પરિવર્તન કરવું.
૭. **प्रादुष्करण :** અંધકાર યુક્ત સ્થાનોમાં દીપક આદિનો પ્રકાશ કરી આહારાદિ આપવો.
૮. **क्रीत :** સાધુ-સાધ્વીને માટે આહારાદિ ખરીદીને આપવા.
૯. **प्रामित्य :** સાધુ-સાધ્વી માટે આહારાદિ ઉધાર લઈને આપવા.
૧૦. **परिवर्तित :** પોતાના ઘરે બનેલો આહાર બીજાને આપી સાધુ-સાધ્વીઓને તેમનો ઈચ્છિત આહાર લાવીને આપવો.
૧૧. **अभिहृत :** સાધુ-સાધ્વીને તેમનાં સ્થાને આહારાદિ લાવીને આપવો.
૧૨. **उद्भिन्न :** કોઈ વિશેષ લેપથી બંધ કરેલ પાત્રનું મુખ ખોલીને સાધુ-સાધ્વી માટે ખાદ્ય પદાર્થ દેવો.
૧૩. **मालापहृत :** મંચ કે માળિયા આદિ ઊંચી જગ્યા પર રાખેલા ખાદ્ય પદાર્થોને નીસરણી આદિથી ઉતારીને આપવા.
૧૪. **आच्छेद्य :** કોઈ દુર્બળ વ્યક્તિ પાસેથી છીનવી આહારાદિ આપવા.
૧૫. **अनिसृष्ट :** ભાગીદારના પદાર્થો તેની આજ્ઞા વગર આપવા.
૧૬. **अध्यवपूरक :** સાધુ કે સાધ્વી ગામમાં પધાર્યા છે, એવું સાંભળી પોતાના માટે બનતા ભોજનમાં કંઈક પ્રમાણમાં વધારે ભોજન બનાવવું.

આ સર્વ દોષ ગૃહસ્થ પોતાના અવિવેકથી કરી બેસે છે. માટે સાધુ ગૃહસ્થને વિવેકપૂર્વક પ્રશ્ન કરી આહારાદિના ઉદ્ગમ દોષ જાણી શુદ્ધ આહારાદિ લે.

આમાંથી કેટલાક દોષ ભોજન બનાવ્યા પૂર્વે, કેટલાક ભોજન બનાવતી વેળાએ, કેટલાક ભોજન બનાવ્યા પછી અને કેટલાક સાધુ-સાધ્વીને આહાર આપતી વેળાએ લાગતા હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उद्गम दोष - ४

(१) आहाकम्म दोसं-

(१) આધાકર્મ દોષ :

आहाकम्मिय आहार गहण णिसेहो-

આધાકર્મી આહાર ગ્રહણ કરવાનો નિષેધ :

१११३. आहाकडं[1] वा ण णिकामएज्जा,
णिकामयंते ण यसंथवेज्जा ।
धुणे उरालं अणुवेहमाणे,
चेच्चाण सोयं अणपेक्खमाणे ।।

૧૨૦૧. સાધુ ગર્ભવતી સ્ત્રી માટે બનાવેલા વિવિધ પ્રકારનાં ખાદ્ય તથા પેય પદાર્થો, વપરાતા હોય કે ખાવાનું બાકી હોય તો ગ્રહણ ન કરે, પણ તેના ભોગવ્યા પછી વધ્યું હોય તો ગ્રહણ કરી શકે છે.

अदिट्ठट्ठाणे गमण-णिसेहो-

१२०२. नीयदुवारं तमसं, कोट्ठगं परिवज्जए ।
अचक्खुविसओ जत्थ, पाणा दुप्पडिलेहगा ।।
-दस, अ. ५, उ. १, गा. २०

અદૃષ્ટ સ્થાને જવાનો નિષેધ :

૧૨૦૨. જ્યાં દ્રષ્ટિએ જોઈ શકાય નહીં, પ્રાણીને સારી રીતે જોઈ શકાય નહીં, તેવા નીચા દ્વારવાળા અંધકારયુક્ત કોઠાઘરમાં સાધુ આહારાદિ માટે ન જાય.

रजजुत्त-आहारस्स गहण-णिसेहो-

१२०३. तहेव सत्तुचुण्णाइं, कोलचुण्णाइं आवणे ।
सक्कुलिं फालियं पूयं, अन्नं वा वि तहाविहं ।।
विक्कायमाणं पसढं, रएण परिफासियं ।
देंतियं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ।।
-दस. अ. ५, उ. १, गा. १०२-१०३

રજયુક્ત આહાર ગ્રહણનો નિષેધ :

૧૨૦૩. જવનું ચૂર્ણ, બોરનું ચૂર્ણ, તલસાંકળી, ગોળ, પુડલા કે તેવો કોઈ પણ ચીજ કે જે દુકાનમાં વેચાતી હોય, તે ઘણા સમયની પડતર હોય કે સચિત્ત રજથી યુક્ત હોય તો આપનાર દાતાને મુનિ કહે કે 'મને તે ગ્રાહ્ય નથી.'

---

૧. ગર્ભવતી પાસેથી આહાર લેવાનો નિષેધ અને સ્તનપાન કરાવતી સ્ત્રી દ્વારા આહાર લેવાનો નિષેધ જુઓ - દાયક દોષમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पुप्फाई विप्पइण्ण–ठाणे पवेस–णिसेहो–

१२०४. जत्थ पुप्फाइं बीयाइं, विप्पइण्णाइं कोट्ठए ।
अहुणोवलित्तं उल्लं, दट्ठूणं परिवज्जए ।।
–दस. अ. ५, उ. १, गा. २१

दारगाईणं उल्लंघण–णिसेहो–

१२०५. एलगं दारगं साणं, वच्छगं वावि कोट्ठए ।
उल्लंघिया न पविसे, विउहित्ताण व संजए ।।
–दस. अ. ५, उ. १, गा. २२

बहुउज्झियधम्मिय–आहार–गहण–णिसेहो–

१२०६. से भिक्खू वा, भिक्खुणी वा गाहावइकुलं पिंडवायपडियाए अणुपविट्ठे समाणे से ज्जं पुण जाणेज्जा–

१. अंतरुच्छुयं वा,
२. उच्छुगंडियं वा,
३. उच्छुचोयगं वा,
४. उच्छुमेरगं वा,
५. उच्छुसालगं वा,
६. उच्छुडालगं वा,
७. सिंबलिं वा,
८. सिंबलिथालगं वा अस्सिं खलु पडिग्गाहियंसि अप्पे सिया भोयणजाते बहुउज्झियधम्मिए–

तहप्पगारं अंतरुच्छुयं वा–**जाव**–सिंबलिथालगं वा अफासुयं–**जाव**–णो पडिग्गाहेज्जा ।[1]
–आ. सु. २, अ. १, उ. १०, सु. ४०२

अग्गपिंडस्स गहण–णिसेहो–

१२०७. से भिक्खू वा, भिक्खुणी वा गाहावइकुलं पिंडवायपडियाए अणुपविट्ठे समाणे से ज्जं पुण जाणेज्जा–

१. अग्गपिंडं उक्खिप्पमाणं पेहाए,
२ अग्गपिंडं निक्खिप्पमाणं पेहाए,
३. अग्गपिंडं हीरमाणं पेहाए,
४. अग्गपिंडं परिभाइज्जमाणं पेहाए,
५. अग्गपिंडं परिभुज्जमाणं पेहाए,

પુષ્પાદિ વિખરાયેલા સ્થાનમાં પ્રવેશનો નિષેધ :

૧૨૦૪. જ્યાં બીજ કે ફૂલ વિખરાયાં હોય અથવા જે સ્થાન, તાજું લીંપણ થવાથી લીલું કે ભીનું હોય તો તેવું જોઈને ત્યાં મુનિ આહાર માટે ન જાય.

બાળક આદિને ઉલ્લંઘવાનો નિષેધ :

૧૨૦૫. સંયમી સાધુ ગૃહસ્થના દરવાજામાં બાળક, બકરું, કૂતરું અથવા વાછરડું હોય તો તેને ઓળંગીને કે તેને ભગાડીને (આહાર માટે) પ્રવેશ ન કરે.

વધુ ત્યાજ્યભાગવાળા આહાર ગ્રહણનો નિષેધ :

૧૨૦૬. ગૃહસ્થના ઘરમાં આહાર માટે પ્રવેશેલ સાધુ અથવા સાધ્વી એવું જાણે કે -

૧. શેરડીની ગાંઠનો મધ્યભાગ,
૨. શેરડીની ડાગળીઓ,
૩. શેરડીની છાલ સહિતના ટુકડા,
૪. શેરડીનો અગ્રભાગ,
૫. શેરડીની શાખાઓ,
૬. શેરડીનાં ગોળ ટુકડા,
૭. ભૂંજેલ મગફળી (શીંગ),
૮. બાફેલી સરગવાની શીંગ જેને ગ્રહણ કરવાથી તથા એવા પ્રકારનો કોઈપણ પદાર્થ કે જેમાં ખાવા યોગ્ય થોડું હોય અને ફેંકી દેવા જેવું ઘણું હોય.

તેવા શેરડીના ગાંઠનો મધ્યભાગ **યાવત્** બાફેલી સરગવાની સીંગ હોય તેને અપ્રાસુક જાણીને **યાવત્** ગ્રહણ ન કરે.

અગ્રપિંડના ગ્રહણનો નિષેધ :

૧૨૦૭. સાધુ અથવા સાધ્વી આહાર માટે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરતાં એવું જાણે કે -

૧. અગ્રપિંડ કાઢી રહ્યાં છે,
૨. અગ્રપિંડ બીજાસ્થાને મૂકવામાં આવે છે,
૩. અગ્રપિંડ અન્યત્ર લઈ જવામાં આવે છે,
૪. અગ્રપિંડના ભાગ પાડવામાં આવે છે,
૫. અગ્રપિંડ ખાવામાં આવે છે,

---

१. बहु–अट्ठियपुग्गलं, अणिमिसं वा बहु–कंटयं । अत्थियं तिंदुयं बिल्लं, उच्छुखंडं च सिबलिं ।।
अप्पे सिया भोयणजाए, बहु–उज्झिय–धम्मिए । दैंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ।। –दस. अ. ५, उ. १, गा. १०४–१०५

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬. अग्गपिंडं परिट्ठविज्जमाणं पेहाए ।

पुरा असिणाइ वा, अवहराइ वा, पुरा जत्थऽण्णे समण-**जाव**-वणीमगा खद्धं खद्धं उवसंकमंति-से हंता अहमवि खद्धं खद्धं उवसंकमामि, माइट्ठाणं संफासे, णो एवं करेज्जा ।

-आ. सु. २, अ. १, उ. ४, सु. ३५२

૬. અગ્રપિંડ અહીં તહીં નાખી રહ્યાં છે તથા ફેંકી રહ્યાં છે,

તથા શ્રમણ આદિ અગ્રપિંડ ખાઈને ચાલ્યા ગયા છે અથવા લઈને ચાલી ગયા છે અથવા જ્યાં અન્ય શ્રમણ **યાવત્** ભિક્ષુક જલ્દી જલ્દી જઈ રહ્યા છે તો હું પણ જલ્દી જલ્દી જાઉં (અને અગ્રપિંડ પ્રાપ્ત કરું). એવો વિચાર કરનાર સાધુ માયાનું સેવન કરે છે. માટે એવું કરવું ન જોઈએ.

णिच्चदाण-पिण्ड-गहण-णिसेहो-

नित्य दान अपाता घरोमांथी आहार लेवानो निषेध :

१२०८. से भिक्खू वा, भिक्खुणी वा गाहावइकुलं पिंडवाय-पडियाए पविसिउकामे सेज्जाइं पुण कुलाइं जाणेज्जा-इमेसु खलु कुलेसु ।

१. णितिए अग्गपिंडे दिज्जइ ।[1]

२. णितिए पिंडे दिज्जइ ।

३. णितिए अवड्ढ भागे दिज्जइ ।

४. णितिए भाए दिज्जइ ।

५. णितिए उवड्ढभाए दिज्जइ ।

तहप्पगाराइं कुलाइं नितियाइं नितिउमाणाइं नो भत्ताए वा, पाणाए वा णिक्खमेज्ज वा, पविसेज्ज वा ।

-आ. सु. २, अ. १, उ. १, सु. ३३३

१२०८. સાધુ અથવા સાધ્વી આહાર માટે ગૃહસ્થના ઘરોમાં જવા ઈચ્છે તો એવા કુળોને જાણે કે -

૧. જેમાં નિત્ય અગ્રપિંડ અપાય છે,

૨. જેમાં નિત્યપિંડ અપાય છે,

૩. જેમાં નિત્ય અર્ધોભાગ અપાય છે,

૪. જેમાં નિત્ય ત્રીજો-ચોથો ભાગ અપાય છે,

૫. જેમાં નિત્ય છઠ્ઠો-આઠમો ભાગ અપાય છે,

એવા નિત્ય દાનવાળા ઘરોમાં ઘણા ભિક્ષુઓ નિરંતર આવે છે, તેથી એવા કુળોમાં ભિક્ષુ આહાર પાણી માટે નિષ્ક્રમણ (પ્રવેશ) ન કરે.

णिच्च दाण पिंडाइ भुंजमाणस्स पायच्छित्त सुत्ताइं-

नित्य दान पिंड आदि खावानुं प्रायश्चित्त सूत्र :

१२०९. जे भिक्खू नितियं अग्गपिंडं भुंजइ भुंजंतं वा साइज्जइ ।

जे भिक्खू नितियं पिंडं भुंजइ भुंजंतं वा साइज्जइ ।

जे भिक्खू नितियं अवड्ढ-भागं भुंजइ भुंजंतं वा साइज्जइ ।

जे भिक्खू नितियं भागं भुंजइ भुंजंतं वा साइज्जइ ।

जे भिक्खू नितियं उवड्ढभागं भुंजइ भुंजंतं वा साइज्जइ ।[2]

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

-नि. उ. २, सु. ३२-३६

१२०९. જે ભિક્ષુ નિત્ય અગ્રપિંડ ભોગવે છે, (ભોગવાવે છે) ભોગવનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ નિત્ય પિંડ ભોગવે છે, (ભોગવાવે છે) ભોગવનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ નિત્ય પિંડનો અડધો ભાગ ભોગવે છે, (ભોગવાવે છે) ભોગવનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ નિત્યપિંડનો ત્રીજો ચોથો ભાગ ભોગવે છે, (ભોગવાવે છે) ભોગવનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ નિત્યપિંડનો છઠ્ઠો-આઠમો ભાગ ભોગવે છે, (ભોગવાવે છે) ભોગવનારનું અનુમોદન કરે છે.

તેને માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

---

૧. કોઈ એક ઘરેથી નિત્ય આમંત્રિત ભિક્ષા લેવી ત્રીજો અનાચાર છે.
જુઓ દસ. અ. ૩. ગા, ૨ની ચૂર્ણી તેમજ ટીકા વ. અ. ૬, ગા. ૪૮ તથા નિ. ભાષ્ય ગા. ૯૯૯.
અનેક સ્થળોના ઉદ્ધરણ સહિત સંગ્રહ માટે જુઓ મુનિ નથમલજી સંપાદિત દસવૈ. અ. ૩. નું ટીપ્પણ.

૨. पिंडो खलु भत्तट्ठो, अवड्ढ पिंडो उ तस्स जं अद्धं । भागो तिभागमादी, तस्सद्धमुवड्ढभागो य । - नि. भाष्य गा. १००९
આ ગાથામાં ચાર સૂત્રોના શબ્દાર્થનો સંગ્રહ થયો છે. તથા નિત્ય અગ્રપિંડ સૂત્રની વ્યાખ્યા તેના પહેલા થયેલ છે. એ પ્રમાણે આચારાંગ અને નિશીથ સૂત્રના આ સૂત્રોનો ક્રમ વ્યવસ્થિત કરવામાં આવ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आरण्णगाईणं आहारगहण-पायच्छित्त सुत्ताइं-

१२१०. जे भिक्खू आरण्णगाणं वणंधाणं अडविजत्ता संपट्ठियाणं अडविजत्ता पडिणियत्ताणं असणं वा-**जाव**-साइमं वा पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

-नि. उ. १६, सु. १२

जंगलमां जनारनां आहारादि ग्रहण करवानुं प्रायश्चित्त सूत्र :

१२१०. જે ભિક્ષુ જંગલમાં જનારનાં, વનમાં જનારનાં, અટવીની યાત્રામાં પ્રસ્થાન કરનારનાં અટવીની યાત્રાથી પાછા આવવાવાળાઓના અશન **યાવત્** સ્વાદિમ પદાર્થ લે છે, (લેવડાવે છે) લેનારનું અનુમોદન કરે છે.
તેને ચાતુર્માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

णिवेयणापिंड-भुंजमाणस्स पायच्छित्त सुत्तं-

१२११. जे भिक्खू निवेयणपिंडं भुंजइ, भुंजंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

-नि. उ. ११, सु. ८१

नैवेद्यपिंड भोगववानुं प्रायश्चित्त सूत्र :

१२११. જે ભિક્ષુ નૈવેદ્યનો આહાર કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.
તેને ચાતુર્માસિક અનુદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

अच्चुसिणं-आहार-गहणस्स पायच्छित्त सुत्तं-

१२१२. जे भिक्खू असणं वा-**जाव**-साइमं वा उसिणुसिणं पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ ।
तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

-नि. उ. १७, सु. १३१

अत्युष्ण आहार लेवानुं प्रायश्चित्त सूत्र :

१२१२. જે ભિક્ષુ ગરમાગરમ અશન **યાવત્** સ્વાદિમ પદાર્થ લે છે, (લેવડાવે છે) લેનારનું અનુમોદન કરે છે.
તેને ચાતુર્માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

रायपिंडगहणस्स भुंजणस्स य पायच्छित्त सुत्ताइं-

१२१३. जे भिक्खू रायपिंडं गेण्हइ, गेण्हंतं वा साइज्जइ ।

जे भिक्खू रायपिंडं भुंजइ, भुंजंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

-नि. उ. ९, सु. १-२

राजपिंड ग्रहण अने भोगनुं प्रायश्चित्त सूत्र :

१२१३. જે ભિક્ષુ રાજપિંડને ગ્રહણ કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.
જે ભિક્ષુ રાજપિંડનો ઉપભોગ કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.
તેને ચાતુર્માસિક અનુદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

अंतेउर पवेसणस्स भिक्खागहणस्स य पायच्छित्त सुत्ताइं-

१२१४. जे भिक्खू रायंतेपुरं पविसइ, पविसंतं वा साइज्जइ ।

जे भिक्खू रायंतेपुरियं वएज्जा-
"आउसो रायंतेपुरिए ! णो खलु अम्हं कप्पइ रायंतेपुरे णिक्खमित्तए वा पविसित्तए वा ।

इमण्हं तुमं पडिग्गहं गहाय रायंतेपुराओ असणं वा-**जाव**-साइमं वा अभिहडं आहट्टु दलयाहि"

अंतःपुरमां प्रवेश तथा भिक्षा ग्रहण करवानुं प्रायश्चित्त सूत्र :

१२१४. જે ભિક્ષુ રાજાનાં અંતઃપુરમાં પ્રવેશ કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.
જે ભિક્ષુ રાજાના અંતઃપુરની દાસીને એવું કહે -
'હે આયુષ્યમતી! રાજાના અંતઃપુરની રક્ષિકા! અમે સાધુઓ છીએ, રાજાના અંતઃપુરમાં અમારે નિષ્ક્રમણ અથવા પ્રવેશ કરવો કલ્પતો નથી.
માટે આ પાત્રને ગ્રહણ કરીને રાજાના અંતઃપુરથી અશન **યાવત્** સ્વાદિમ લાવીને મને આપો.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जो तं एवं वयइ, वयंतं वा साइज्जइ ।

भिक्खुं च णं रायंतेपुरिया वएज्जा-
आउसंतो समणा ! णो खलु तुज्झं कप्पइ रायंतेपुरं णिक्खमित्तए वा, पविसित्तए वा ।
आहरेयं पडिग्गहगं जाए अहं रायंतेउराओ असणं वा-**जाव**-साइमं वा अभिहडं आहट्टु दलयामि"
जो तं एवं वयंती पडिसुणेइ, पडिसुणंतं वा साइज्जइ ।
तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

-नि. उ. ९, सु. ३-५

જે આ પ્રમાણે તેને કહે છે, (કહેવડાવે છે) કહેનારનું અનુમોદન કર છે.
ભિક્ષુને અંતઃપુરની દાસી જો આ પ્રમાણે કહે -
"હે આયુષ્યમન્ શ્રમણ ! તમને રાજાનાં અંતઃપુરમાં નિષ્ક્રમણ અથવા પ્રવેશ કરવો કલ્પતો નથી.
માટે આ પાત્ર મને આપો, જેનાથી હું અંતઃપુરથી અશન **યાવત્** સ્વાદિમ તમને લાવી ન આપું"
તેના આ પ્રમાણેનાં કથનને સ્વીકાર કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.
તેને ચાતુર્માસિક અનુદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

मुद्धाभिसित्तरायाणं विविहपिंडगहणस्स पायच्छित्त सुत्ताइं -

१२१५. जे भिक्खू रण्णो खत्तियाणं मुद्दियाणं मुद्धाभिसित्ताणं -
१. दुवारियभत्तं वा,
२. पसु-भत्तं वा,
३. भयग-भत्तं-वा,
४. बल-भत्तं वा,
५. कयग-भत्तं वा,
६. हय-भत्तं वा,
७. गय भत्तं वा,
८. कंतार-भत्तं वा,
९. दुब्भिक्ख भत्तं वा,
१०. दमग-भत्तं वा,
११. गिलाण-भत्तं वा,
१२. बद्दलिया-भत्तं वा,
१३. पाहुण-भत्तं वा पडिग्गाहेइ पडिग्गाहेंतं वा साइज्जइ ।
तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

-नि. उ. ९, सु. ६

મૂર્ધાભિષિક્ત રાજાનો અનેક પ્રકારનો આહાર ગ્રહણ કરવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :

૧૨૧૫. જે ભિક્ષુ શુદ્ધવંશીય મૂર્ધાભિષિક્ત ક્ષત્રિય રાજાના -
૧. દ્વારપાલક નિમિત્તે બનેલું ભોજન,
૨. પશુઓ નિમિત્તે બનેલું ભોજન,
૩. નોકરો નિમિત્તે બનેલું ભોજન,
૪. સૈનિકો નિમિત્તે બનેલું ભોજન,
૫. કામ કરનાર નિમિત્તે બનેલું ભોજન,
૬. ઘોડા નિમિત્તે બનેલું ભોજન,
૭. હાથીઓ નિમિત્તે બનેલું ભોજન,
૮. અટવી યાત્રીઓ નિમિત્તે બનેલું ભોજન,
૯. દુષ્કાળમાં દેવા માટે કરેલું ભોજન,
૧૦. ગરીબજનો માટે દેવા યોગ્ય ભોજન,
૧૧. રોગીઓને માટે દેવા યોગ્ય ભોજન,
૧૨. વર્ષાદિથી પીડિતજનોને દેવા યોગ્ય ભોજન,
૧૩. મહેમાનોને માટે બનેલું ભોજન લે છે, (લેવડાવે છે) લેનારનું અનુમોદન કરે છે.
તેને ચાતુર્માસિક અનુદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

१२१६. जे भिक्खू रण्णो खत्तियाणं मुद्दियाणं मुद्धाभिसित्ताणं -
१. उस्सट्ठ-पिंडं वा, २. संसट्ठ-पिंडं वा,
३. अणाह पिंडं वा, ४. किविण-पिंडं वा,
५. वणिमग-पिंडं वा पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ ।
तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं । *-नि. उ. ८, सु. १८*

૧૨૧૬. જે ભિક્ષુ શુદ્ધવંશીય મૂર્ધાભિષિક્ત ક્ષત્રિય રાજાનું -
૧. ત્યાગેલું ભોજન, ૨. બચી ગયેલ ભોજન,
૩. અનાથોનાં નિમિત્તે કાઢેલ ભોજન, ૪. ગરીબો માટે કાઢેલ ભોજન, ૫. ભિખારીઓ માટે કાઢેલ ભોજન લે છે, (લેવડાવે છે) લેનારનું અનુમોદન કરે છે.
તેને ચાતુર્માસિક અનુદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मुद्धाभिसित्तं रायाणं छ दोसायतणाइं अजाणिय अपुच्छिय अगवेसिय भिक्खागमण-पायच्छित्त-सुत्तं-

१२१७. जे भिक्खू रण्णो खत्तियाणं मुद्दियाणं मुद्धाभिसित्ताणं इमाइं छद्दोसायणाइं अजाणिय अपुच्छिय अगवेसिय परं चउराय पंचरायाओ गाहावइकुलं पिंडवाय-पडियाए णिक्खमइ वा, पविसइ वा, णिक्खमंतं वा, पविसंतं वा साइज्जइ ।

तं जहा-

१. कोट्ठागार-सालाणि वा, २. भंडागार-सालाणि वा,

३. पाण-सालाणि वा, ४. खीर-सालाणि वा,

५. गंज-सालाणि वा, ६. महाणस-सालाणि वा ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

-नि. उ. ९, सु. ७

मूर्धाभिषिक्त राजाना छ दोषायतन जाण्या वगर गोचरीએ જવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :

१२१७. જે ભિક્ષુ શુદ્ધવંશીય મૂર્ધાભિષિક્ત રાજાનાં છ દોષાયતનોને જાણ્યા વગર, પૂછ્યા વગર, ગવેષણા કર્યા વિના, ચાર પાંચ રાત પછી પણ ગાથાપતિ કુળમાં આહાર માટે પ્રવેશ કરે છે અથવા નીકળે છે, (પ્રવેશ કરાવે છે અથવા બહાર કઢાવે છે) પ્રવેશ કરનારનું અથવા નિકળનારનું અનુમોદન કરે છે.

જેમ કે, १. કોષ્ઠાગારશાળા, २. ભાન્ડાગારશાળા,

૩. પાનશાળા, ૪. ક્ષીરશાળા,

૫. ગજશાળા, ૬. મહાનસશાળા (રસોઈઘર)

તેને ચાતુર્માસિક અનુદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

मुद्धाभिसित्तरायाणं जत्तागयाणं आहार-गहणस्स पायच्छित्त-सुत्ताइं-

१२१८. जे भिक्खू रण्णो खत्तियाणं मुद्दियाणं मुद्धाभिसित्ताणं बहिया जत्ता-पट्ठियाणं असणं वा-**जाव**-साइमं वा पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ ।

जे भिक्खू रण्णो खत्तियाणं मुद्दियाणं मुद्धाभिसित्ताणं बहिया जत्ता-पडिणियत्ताणं असणं वा-**जाव**-साइमं वा पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ ।

जे भिक्खू रण्णो खत्तियाणं मुद्दियाणं मुद्धाभिसित्ताणं णइजत्ता-पट्ठियाणं असणं वा -**जाव**-साइमं वा पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ ।

जे भिक्खू रण्णो खत्तियाणं मुद्दियाणं मुद्धाभिसित्ताणं णइजत्ता-पडिणियत्ताणं असणं वा-**जाव**-साइमं वा पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ ।

जे भिक्खू रण्णो खत्तियाणं मुद्दियाणं मुद्धाभिसित्ताणं गिरिजत्ता-पट्ठियाणं असणं-वा-**जाव**-साइमं वा पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ ।

जे भिक्खू रण्णो खत्तियाणं मुद्दियाणं मुद्धाभिसित्ताणं गिरिजत्ता-पडिणियत्ताणं असणं-वा-**जाव**-साइमं वा पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ ।

યાત્રાએ નીકળેલા રાજાનો આહાર ગ્રહણ કરવાનાં પ્રાયશ્ચિત્ત સૂત્ર :

१२१८. જે ભિક્ષુ શુદ્ધવંશીય મૂર્ધાભિષિક્ત ક્ષત્રિય રાજા યાત્રા માટે બહાર જઈ રહ્યો હોય તે સમયે તેના અશન **યાવત્** સ્વાદિમ આહાર ગ્રહણ કરે છે. (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ શુદ્ધવંશીય મૂર્ધાભિષિક્ત ક્ષત્રિય રાજા યાત્રાથી પાછા ફરી રહ્યો હોય તે સમયે તેના અશન **યાવત્** સ્વાદિમ લે છે, (લેવડાવે છે) લેનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ શુદ્ધવંશીય મૂર્ધાભિષિક્ત ક્ષત્રિય રાજા નદીની યાત્રા માટે બહાર જઈ રહ્યો હોય તે સમયે તેના અશન **યાવત્** સ્વાદિમ ગ્રહણ કરે છે (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ શુદ્ધ વંશીય મૂર્ધાભિષિક્ત ક્ષત્રિય રાજા નદીની યાત્રાથી પાછા ફરી રહ્યો હોય તે સમયે તેના અશન **યાવત્** સ્વાદિમ ગ્રહણ કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ શુદ્ધવંશીય મૂર્ધાભિષિક્ત ક્ષત્રિય રાજા પર્વતીય યાત્રા માટે બહાર જઈ રહ્યો હોય તે સમયે તેના અશન **યાવત્** સ્વાદિમ ગ્રહણ કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ શુદ્ધવંશીય મૂર્ધાભિષિક્ત ક્ષત્રિય રાજા પર્વતીય યાત્રાથી પાછા ફરી રહ્યો હોય, તે સમયે તેના અશન **યાવત્** સ્વાદિમ ગ્રહણ કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

-नि. उ. ९, सु. १२-१७

तेने चातुर्मासिक अनुद्घातिक परिहारस्थान (प्रायश्चित्त) आवे छे.

बहिया णिग्गयाणराईणंआहार गहण पायच्छित्त सुत्तं-

१२१९. जे भिक्खू रण्णो-खत्तियाणं-मुद्दियाणं मुद्धाभिसित्ताणं मंसखायाण वा, मच्छखायाण वा, छविखायाण वा, बहिया णिग्गयाणं असणं वा-**जाव** साइमं वा पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ । तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

-नि. उ. ९, सु. १०

બહાર ગયેલ રાજાનો આહાર ગ્રહણ કરવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :

૧૨૧૯. જે ભિક્ષુ શુદ્ધવંશીજ મૂર્ધાભિષિક્ત ક્ષત્રિય રાજા માંસ, મછલી છવી આદિ ખાવા માટે બહાર ગયેલનાં, અશન **યાવત્** સ્વાદિમ આહારને ગ્રહણ કરે છે, (કરાવે છે) અથવા કરનારનું અનુમોદન કરે છે. તેને ચાતુર્માસિક અનુદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

मुद्धाभिसित्तरायाणं णीहड-आहार-गहणस्स पायच्छित्त-सुत्ताइं-

१२२०. जे भिक्खू रण्णो खत्तियाणं मुद्दियाणं मुद्धाभिसित्ताणं असणं वा-**जाव**-साइमं वा परस्स णीहडं पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ । तं जहा-

१. खत्तियाण वा, २. राईण वा, ३. कुराईण वा,
४. राय-वंसट्ठियाण वा, ५. राय-पेसियाण वा ।

जे भिक्खू रण्णो खत्तियाणं मुद्दियाणं मुद्धाभिसित्ताणं असणं वा-**जाव**-साइमं वा परस्स णीहडं पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ ।

तं जहा-

१. णडाण वा,	२. णट्टाण वा,
३. कच्छुयाण वा,	४. जल्लाण वा,
५. मल्लाण वा	६. मुट्ठियाण वा,
७. बेलंबगाण वा,	८. कहगाण वा,
९. पवगाण वा,	
१०. लासगाण वा,	
११. खेलयाण वा,	१२. छत्ताणुयाण वा ।

जे भिक्खू रण्णो खत्तियाणं मुद्दियाणं मुद्धाभिसित्ताणं असणं वा-**जाव**-साइमं वा परस्स णीहडं पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ । तं जहा-

१. आस-पोसयाण वा,	२. हत्थि-पोसयाण वा,
३. महिस-पोसयाण वा,	४. वसह-पोसयाण वा,
५. सीह-पोसयाण वा,	६. वग्घ-पोसयाण वा,
७. अय-पोसयाण वा,	८. पोय-पोसयाण वा,
९. मिग-पोसयाण वा,	१०. सुणह पोसयाण वा,

મૂર્ધાભિષિક્ત રાજાના કાઢેલા આહારને લેવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :

૧૨૨૦. જે ભિક્ષુ શુદ્ધવંશીય મૂર્ધાભિષિક્ત ક્ષત્રિય રાજાનો બીજાને આપવા માટે બહાર કાઢેલ અશન **યાવત્** સ્વાદિમ આહાર લે છે, (લેવડાવે છે) લેનારનું અનુમોદન કરે છે, જેવા કે - ૧. ક્ષત્રિયોને, ૨. રાજાઓને, ૩. કુરાજાઓને, ૪. રાજાના સંબંધીઓને, ૫. રાજાના નોકરોને,

જે ભિક્ષુ શુદ્ધવંશીય મૂર્ધાભિષિક્ત ક્ષત્રિય રાજાના અશન **યાવત્** સ્વાદિમ જે બીજાને આપવા માટે બહાર કાઢેલ છે, તેને લે છે, (લેવડાવે છે) લેનારનું અનુમોદન કરે છે, યથા-

१. નાટક કરનારને,	२. નૃત્ય કરનારને,
३. દોરી પર નૃત્ય કરનારને,	४. સ્તોત્રપાઠ કરનારને,
५. મલ્લોને,	६. મુષ્ઠિકોને,
७. ભાંડચેષ્ટા કરનારને,	८. કથા કરનારને,
९. નદી આદિમાં તરનારને,	
१०. જયજયકાર બોલનારને,	
११. ખેલ કરનારને અને	१२. છત્ર લેનારને.

જે ભિક્ષુ શુધ્ધવંશીય મૂર્ધાભિષિક્ત ક્ષત્રિય રાજાનો બીજાને આપવા માટે બહાર કાઢેલ અશન **યાવત્** સ્વાદિમ આહાર લે છે, (લેવડાવે છે) લેનારનું અનુમોદન કરે છે. યથા,

१. ઘોડાનો રખેવાળ	२. હાથીનો રખેવાળ
३. ભેંસનો રખેવાળ	४. ઋષભનો રખેવાળ
५. સિંહનો રખેવાળ	६. વાઘનો રખેવાળ
७. બકરીનો રખેવાળ	८. કબૂતરનો રખેવાળ
९. હરણનો રખેવાળ	१०. કૂતરાનો રખેવાળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

११. सूयर–पोसयाण वा, १२. मेंढ–पोसयाण वा,
१३. कुक्कुड–पोसयाण वा, १४. तित्तिर पोसयाण वा,
१५. वट्टय–पोसयाण वा, १६. लावय–पोसयाण वा,
१७. चीरल्ल–पोसयाण वा, १८. हंस–पोसयाण वा,
१९. मयूर–पोसयाण वा, २०. सुय–पोसयाण वा,

जे भिक्खू रण्णो खत्तियाणं मुद्दियाणं मुद्धाभिसित्ताणं असणं वा–**जाव**–साइमं वा परस्स णीहडं **पडिग्गाहेइ,** पडिग्गाहेंतं वा साइज्जइ । तं जहा–

१. आस–दमगाण वा,
२. हत्थि–दमगाण वा ।

जे भिक्खू रण्णो खत्तियाणं मुद्दियाणं मुद्धाभिसित्ताणं असणं वा–**जाव**–साइमं वा परस्स णीहडं **पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ** । तं जहा–

१. आस–रोहाण वा,
२. हत्थि–रोहाण वा,

जे भिक्खू रण्णो खत्तियाणं मुद्दियाणं मुद्धाभिसित्ताणं असणं वा–**जाव**–साइमं वा परस्स णीहडं पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ ।
तं जहा–

१. आस–मिंठाण वा, २. हत्थि–मिंठाण वा ।

जे भिक्खू रण्णो खत्तियाणं मुद्दियाणं मुद्धाभिसित्ताणं असणं वा–**जाव**–साइमं वा परस्स णीहडं पडिग्गाहेइ पडिग्गाहेंतं वा साइज्जइ ।
तं जहा–

१. सत्थवाहाण वा,
२. संवाहावयाण वा,
३. अब्भंगावयाण वा,
४. उव्वट्टावयाण वा,
५. मज्जावयाण वा,
६. मंडावयाण वा,
७. छत्तग्गहाण वा,
८. चामरग्गहाण वा,
९. हडप्प–ग्गहाण वा,
१०. परियट्ट–ग्गहाण वा,
११. दीविय–ग्गहाण वा,
१२. असि–ग्गहाण वा,
१३. धणु–ग्गहाण वा,
१४. सत्ति–ग्गहाण वा,
१५. कोंत–ग्गहाण वा ।

११. ભૂંડનો રખેવાળ १२. ઘેટાંનો રખેવાળ
१३. કૂકડાનો રખેવાળ १४. તેતરનો રખેવાળ
१५. બતકનો રખેવાળ १६. લાવકનો રખેવાળ
१७. સમડીનો રખેવાળ १८. હંસનો રખેવાળ
१९. મયૂરનો રખેવાળ २०. પોપટનો રખેવાળ

જે ભિક્ષુ શુધ્ધવંશીય મૂર્ધાભિષિક્ત ક્ષત્રિય રાજાનો, બીજાને આપવા માટે બહાર કાઢેલ અશન **યાવત્** સ્વાદિમ આહાર લે છે, (લેવડાવે છે) લેનારનું અનુમોદન કરે છે. જેમ કે - ૧- ઘોડાનું દમન કરનારને ૨- હાથીનું દમન કરનારને.

જે ભિક્ષુ શુધ્ધવંશીય મૂર્ધાભિષિક્ત ક્ષત્રિય રાજાનો બીજાને આપવા માટે બહાર કાઢેલ અશન **યાવત્** સ્વાદિમ આહાર લે છે, (લેવડાવે છે) લેનારનું અનુમોદન કરે છે. જેમ કે-

૧. ઘોડા પર બેસનારા માટે,
૨. હાથી પર બેસનારા માટે.

જે ભિક્ષુ શુધ્ધવંશીય મૂર્ધાભિષિક્ત ક્ષત્રિય રાજાનો બીજાને આપવા માટે બહાર કાઢેલ અશન **યાવત્** સ્વાદિમ આહાર લે છે, (લેવડાવે છે) લેનારનું અનુમોદન કરે છે. જેમ કે -

૧. અશ્વરક્ષકોને, ૨. મહારથીઓને.

જે ભિક્ષુ શુધ્ધવંશીય મૂર્ધાભિષિક્ત ક્ષત્રિય રાજાનો બીજાને આપવા માટે બહાર કાઢેલ અશન **યાવત્** સ્વાદિમ આહાર લે છે, (લેવડાવે છે) લેનારનું અનુમોદન કરે છે. યથા

૧- સંદેશ વાહકને,
૨- મર્દન કરનારને,
૩- માલિશ કરનારને,
૪- લેપ કરનારને,
૫- સ્નાન કરાવનારને,
૬- મુકુટ પહેરાવનારને,
૭- છત્ર ગ્રહણ કરનારને,
૮- ચામર ગ્રહણ કરનારને,
૯- આભરણ પહેરાવનારને,
૧૦- વસ્ત્ર પહેરાવનારને,
૧૧- દીપક ગ્રહણ કરનારને,
૧૨- તલવાર ગ્રહણ કરનારને,
૧૩- ધનુષ ગ્રહણ કરનારને,
૧૪- ત્રિશુલ ગ્રહણ કરનારને,
૧૫- ભાલા ગ્રહણ કરનારને,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जे भिक्खू रण्णो खत्तियाणं मुद्दियाणं मुद्धाभिसित्ताणं
असणं वा–**जाव**–साइमं वा परस्स णीहडं
पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ ।
तं जहा–
१. वरिस–धराण वा,
२. कंचुइज्जाण वा,
३. दोवारियाण वा,
४. दंडारक्खियाण वा ।
जे भिक्खू रण्णो खत्तियाणं मुद्दियाणं मुद्धाभिसित्ताणं
असणं वा–**जाव**–साइमं वा परस्स णीहडं
पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ ।
तं जहा–
१. खुज्जाण वा,
२. चिलाइयाण वा,
३. वामणीण वा,
४. पडभीण वा,
५. बब्बरीण वा,
६. बउसीण वा,
७. जोणियाण वा,
८. पल्हवियाण वा,
९. ईसणीण वा,
१०. धोरुगिणीण वा,
११. लउसीण वा,
१२. लासीण वा,
१३. सिंहलीण वा,
१४. दमलीण वा,
१५. आरबीण वा,
१६. पुलिंदीण वा,
१७. पक्कणीण वा,
१८. बहलीण वा,
१९. मरुंडीण वा,
२०. सबरीण वा,
२१. पारसीण वा,
तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं
अणुग्घाइयं ।

–नि. उ. ९, सु. २०–२८

જે ભિક્ષુ શુદ્ધ વંશીય મૂર્ધાભિષિક્ત ક્ષત્રિય રાજાનો બીજાને આપવા માટે બહાર કાઢેલ અશન **યાવત્** સ્વાદિમ આહાર લે છે, (લેવડાવે છે) લેનારનું અનુમોદન કરે છે જેમ કે-
૧- અંતઃ પુર રક્ષક, (કૃત નપુંસક ખોજાને)
૨- કંચુકિ પુરુષ (જન્મથી નપુંસકને)
૩- અંત : પુરનાં દ્વારપાળને તથા
૪- દંડરક્ષકને (અંતઃ પુરનાં પ્રહરીને)
જે ભિક્ષુ શુધ્ધવંશીય મૂર્ધાભિષિક્ત ક્ષત્રિય રાજાનો બીજાને આપવા માટે બહાર કાઢેલ અશન **યાવત્** સ્વાદિમ આહાર લે છે, (લેવડાવે છે) લેનારનું અનુમોદન કરે છે જેમ કે -
૧. કુબજા દાસીઓને,
૨. કિરાતી દાસીઓને,
૩. વામન દાસીઓને,
૪. વક્ર શરીરવાળી દાસીઓને,
૫. બબ્બર દેશની દાસીઓને,
૬. બકુશ દેશની દાસીઓને,
૭. યવન દેશની દાસીઓને,
૮. પલ્લવ દેશની દાસીઓને,
૯. ઈસીનિકા દેશની દાસીઓને,
૧૦. થીરુપ દેશની દાસીઓને,
૧૧. લકુશ દેશની દાસીઓને,
૧૨. લાટ દેશની દાસીઓને,
૧૩. સિંહલ દેશની દાસીઓને,
૧૪. દ્રવિડ દેશની દાસીઓને,
૧૫. અરબ દેશની દાસીઓને,
૧૬. પુલિન્દ દેશની દાસીઓને,
૧૭. પક્કણ દેશની દાસીઓને,
૧૮. બહલ દેશની દાસીઓને,
૧૯. મુરંડ દેશની દાસીઓને,
૨૦. શબર દેશની દાસીઓને,
૨૧. પારસ દેશની દાસીઓને,
તેને ચાતુર્માસિક અનુદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

विविह ठाणे रायपिंड गहणस्स पायच्छित्त सुत्ताइं–

१२२१. जे भिक्खू रण्णो खत्तियाणं मुद्दियाणं–
मुद्धाभिसित्ताणं समवाएसु वा पिंडनियरेसु वा–

१. इंद–महेसु वा,	२. खंद–महेसु वा,
३. रुद्द–महेसु वा	४. मुकुंद–महेसु वा,
५. भूत–महेसु वा,	६. जक्ख–महेसु वा,
७. णाग–महेसु वा,	८. थूभ–महेसु वा,
९. चेइअ–महेसु वा,	१०. रुक्ख–महेसु वा,
११. गिरि–महेसु वा,	१२. दरि–महेसु वा,
१३. अगड–महेसु वा,	१४. तडाग–महेसु वा,
१५. दह–महेसु वा,	१६. णइ–महेसु वा,
१७. सर–महेसु वा,	१८. सागर–महेसु वा,

१९. आगर–महेसु वा, अण्णयरेसु वा तहप्पगारेसु विरूवरूवेसु महामहेसु असणं वा–**जाव**–साइमं वा पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ ।

जे भिक्खू रण्णो खत्तियाणं मुद्दियाणं मुद्धाभिसित्ताणं, उत्तर–सालंसि वा, उत्तर–गिहंसि वा, रीयमाणाणं असणं वा–**जाव**–साइमं वा पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ ।

जे भिक्खू रण्णो खत्तियाणं मुद्दियाणं– मुद्धाभिसित्ताणं,

१. हय–सालगयाण वा,	२. गय–सालगयाण वा,
३. मंत–सालगयाण वा,	४. गुज्झ–सालगयाण वा,
५. रहस्स–सालगयाण वा,	६. मेहुण–सालगयाण वा,

असणं वा–**जाव**–साइमं वा पडिग्गाहेइ पडिग्गाहेंतं वा साइज्जइ ।

जे भिक्खू रण्णो खत्तियाणं मुद्दियाणं–
मुद्धाभिसित्ताणं संनिहि संनिचयाओ खीरं वा–**जाव**–मच्छंडियं वा अण्णयरं वा भोयणजायं पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

–नि. उ. ८, सु. १४ – १७

અનેક સ્થાનોમાં રાજપિંડ લેવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :

૧૨૨૧. જે ભિક્ષુ શુદ્ધવંશીય મૂર્ધાભિષિક્ત ક્ષત્રિય રાજાના મેળા આદિમાં પિતૃપિંડ નિમિત્તે ભોજનમાં જેમ-

૧. ઈન્દ્ર	૨. સ્કંદ
૩. રુદ્ર	૪. મુકુન્દ
૫. ભૂત	૬. યક્ષ
૭. નાગ	૮. સ્તૂપ
૯. ચૈત્ય	૧૦. વૃક્ષ
૧૧. પર્વત	૧૨. ગુફા
૧૩. કૂવો,	૧૪. તળાવ
૧૫. દ્રહ	૧૬. નદી
૧૭. સરોવર	૧૮. સાગર

૧૯. આકર મહોત્સવમાં તથા અન્ય પણ આવા અનેક પ્રકારનાં મહોત્સવોમાંથી અશન **યાવત્** સ્વાદિમ આહાર લે છે, (લેવડાવે છે) લેનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ શુદ્ધવંશીય મૂર્ધાભિષિક્ત ક્ષત્રિય રાજા ઉત્તરશાળામાં અથવા ઉત્તર ઘરમાં હોય ત્યારે ત્યાં બનેલ અશન **યાવત્** સ્વાદિમ આહાર લે છે, (લેવડાવે છે) લેનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ શુદ્ધવંશીય મૂર્ધાભિષિક્ત ક્ષત્રિય રાજાનો,

૧. અશ્વશાળા	૨. ગજશાળા
૩. મંત્રણાશાળા	૪. ગુપ્તશાળા
૫. રહસ્યશાળા	૬. મૈથુનશાળામાં ગયેલા રાજાનો

અશન **યાવત્** સ્વાદિમ આહાર લે છે, (લેવડાવે છે) લેનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ શુદ્ધવંશીય મૂર્ધાભિષિક્ત ક્ષત્રિય રાજાનાં સંગ્રહ સ્થાનથી દૂધ **યાવત્** ખાંડ અથવા અન્ય પણ એવો કોઈ ખાદ્ય પદાર્થ લે છે, (લેવડાવે છે) લેનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક અનુદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रकीर्णक – दोष – ८

उद्देसियाइ आहार गहणस्स विहि णिसेहो–

१२२२. से भिक्खू वा, भिक्खुणी वा गाहावइकुलं पिंडवायपडियाए अणुपविट्ठे समाणे से ज्जं पुण जाणेज्जा–असणं वा–**जाव**–साइमं वा अस्सिंपडियाए एगं साहम्मियं समुद्दिस्स–पाणाइं–**जाव**–सत्ताइं समारंभ समुद्दिस्स कीतं पामिच्चं अच्छेज्जं अणिसिट्ठं अभिहडं आहट्टु चेतिति ।[1]

तं तहप्पगारं असणं–वा–**जाव**–साइमं वा,
पुरिसंतरकडं वा, अपुरिसंतरकडं वा,
बहिया णीहडं वा, अणीहडं वा,
अतट्ठियं वा, अणतट्ठियं वा,
परिभुत्तं वा, अपरिभुत्तं वा,
आसेवितं वा, अणासेवितं वा,
अफासुयं–**जाव**–णो पडिग्गाहेज्जा ।[2]

एवं बहवे साहम्मिया, एगं साहम्मिणिं,
बहवे साहम्मिणीओ
समुद्दिस्स चत्तारि आलावगा भाणियव्वा ।

–आ. सु. २, अ. १, उ. १, सु. ३३१

औद्देशिक आदि आहार ग्रहण करवानो विधि- निषेध :

१२२२. गृहस्थनां घरमां भिक्षा माटे प्रविष्ट साधु अथवा साध्वी एवुं जाणे के - अशन **यावत्** स्वादिम आहार पोताना माटे नथी बनावेल, परंतु एक साधर्मिक साधु माटे प्राणीओ **यावत्** सत्वोनो आरंभ समारंभ करीने बनाव्यो छे, उद्दृष्टि छे, उधार लीधो छे, जबरजस्तीथी झूंटवी लीधो छे, एना स्वामीओनी स्वीकृति विना आपेल छे, अन्य स्थानथी लावेल छे.
तो आ प्रमाणेनो अशन **यावत्** स्वादिम आहार,
अन्य पुरुषने आपेलो होय, अथवा न आपेलो होय,
बहार काढेलो होय, अथवा न काढेलो होय,
स्वीकार कर्यो होय, अथवा न कर्यो होय,
खाधेल होय, अथवा न खाधेल होय,
सेवन करेल होय अथवा न करेल होय,
तो पण तेने अप्रासुक जाणीने यावत् ग्रहण न करे.
एवी ज रीते घणा साधर्मिक साधु, एक साधर्मिक साध्वी, अथवा घणा साधर्मिक साध्वीओ माटे बनावेल होय, आ प्रमाणे कुल चार आलापक कहेवां जोईए.

१२२३. से भिक्खू वा, भिक्खुणी वा गाहावइकुलं पिंडवायपडियाए अणुपविट्ठे समाणे से ज्जं पुण जाणेज्जा–असणं वा–**जाव**–साइमं वा बहवे समण[3] माहण–अतिहि–किवण वणीमए[4] पगणिय पगणिय समुद्दिस्स पाणाइं–**जाव**–सत्ताइं समारंभ–**जाव**–आसेवियं वा अणासेवियं वा अफासुयं–**जाव**–णो पडिग्गाहेज्जा ।

१२२३. साधु अथवा साध्वी गृहस्थनां घरमां आहार माटे प्रवेश करीने एवुं जाणे के - आ अशन **यावत्** स्वादिम आहार घणां बधा श्रमणो, ब्राह्मणो, अतिथिओ, दरिद्रो अथवा भिखारीओ माटे गणी गणीने तेमना उद्देशथी प्राणी **यावत्** सत्वोनो आरंभ- समारंभ करीने बनावेल छे **यावत्** सेवन करायेल छे अथवा न करेल होय तो पण ते आहारने अप्रासुक जाणीने **यावत्** ग्रहण न करे.

---

१. (क) उद्देसियं कीयगडं, पामिच्चं चेव आहडं । पूतिं अणेसणिज्जं च, तं विज्जं परिजाणिया । – सूय. सु. १, अ. ९, गा. १४
(ख) से जहाणामए अज्जो ! मए समणाणं निग्गंथाणं आहाकम्मिएइ वा, उद्देसिएइ वा, मिस्सजाए इ वा, अज्झोयरइ वा, पूइए, कीए, पामिच्चे, अच्छेज्जे, अणिसिट्ठे, अभिहडे वा, ... – ठाणं, अ. ९, सु. ६९३
(ग) नो खलु कप्पइ जाया ! समणाणं निग्गंथाणं आहाकम्मिए इ वा, उद्देसिए इ वा, मिस्सजाए इ वा, अज्झोयरए इ वा, पूइए इ वा, कीए इ वा, पामिच्चे इ वा, अच्छेज्जे इ वा, अणिसिट्ठे इ वा, अभिहडे इ वा, कंतारभत्ते इ वा, दुब्भिक्खभत्ते इ वा, गिलाणभत्ते इ वा, वद्दलियाभत्ते इ वा, पाहुणगभत्ते इ वा, १ सेज्जायरपिंडे इ वा, २ रायपिंडे इ वा, ३ मूलभोयणे इ वा, ४ कंदभोयणे इ वा, ५ फलभोयणे इ वा, ६ बीयभोयणे इ वा, ७ हरियभोयणे इ वा, भुत्तए वा पायए वा । –वि. स. ९, उ. ३३, सु. ४३
(घ) उद्देसियं कीयगडं नियागं अभिहडाणि य । ..... – दस. अ. ३, गा. २
(ङ) दस. अ. ५, उ. १, गा. ७०(च) दस. अ. ६, गा. ४८–४९ (छ) दस. अ. ८, गा. २३
(ज) दस. अ. १०, गा. १६ (झ) दसा. द. २, सु. २ ।
२. ઉપરોક્ત દર્શાવેલાં દોષાદિ આવશ્યકસૂત્રમાં પણ છે, જે આવશ્યકમાં પણ લેવામાં આવ્યાં છે. - આવ. અ. ४, સુ. ૧૮
३. दस. अ. ५, उ. १, गा. ६८–६९ ४. दस. अ. ५, उ १, गा. ६६–६७

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

से भिक्खू वा, भिक्खुणी वा गाहावइकुलं पिंडवायपडियाए अणुपविट्ठे समाणे से ज्जं पुण जाणेज्जा–असणं वा–**जाव**–साइमं वा बहवे समण–माहण–अतिहि–किवण–वणीमए समुद्दिस्स पाणाइं–**जाव**–सत्ताइं–**जाव**–आहट्टु चेतिति तं तहप्पगारं असणं वा–**जाव**–साइमं वा अपुरिसंतरकडं, अबहिया णीहडं, अणत्तट्ठियं, अपरिभुत्तं, अणासेवितं अफासुयं–**जाव**–णो पडिग्गाहेज्जा ।

अह पुण एवं जाणेज्जा–पुरिसंतरकडं, बहिया णीहडं, अत्तट्ठियं, परिभुत्तं, आसेवितं, फासुयं–**जाव**–पडिग्गाहेज्जा ।

–*आ. सु. २, अ. १, उ. १, सु. ३३२*

સાધુ અથવા સાધ્વી ગૃહસ્થનાં ઘરમાં આહાર માટે પ્રવેશી એવું જાણે કે-આ અશન **યાવત્** સ્વાદિમ આહાર ઘણા શ્રમણો, બ્રાહ્મણો, અતિથિઓ, દરિદ્રો અને ભિખારીઓના ઉદ્દેશ્યથી પ્રાણી **યાવત્** સત્વોનો સમારંભ કરીને **યાવત્** અન્ય સ્થાનથી લાવવામાં આવેલ છે. આ પ્રમાણેનો (દોષયુક્ત) અશન **યાવત્** સ્વાદિમ આહાર જે અન્ય પુરુષને સુપ્રત કરેલ ન હોય, બહાર કાઢ્યો ન હોય, સ્વીકૃત કરેલ ન હોય, ભોગવ્યો ન હોય, સેવન કર્યો ન હોય, તો પણ તેને અપ્રાસુક જાણીને **યાવત્** ગ્રહણ ન કરે.

જો તે આ પ્રમાણે જાણે કે- તે આહાર અન્ય પુરુષને આપી દીધેલ છે, તેને બહાર લાવવામાં આવેલ છે, દાતાએ સ્વીકાર્યો છે, પોતે વાપર્યો છે કે ભોગવ્યો છે, તો એવા આહારને પ્રાસુક જાણીને **યાવત્** ગ્રહણ કરે.

णिमंतणानंतर दोस जुत्त आहाराइ गहण णिसेहो–

१२२४. से भिक्खू परक्कमेज्ज वा, चिट्ठेज्ज वा, णिसीएज्ज वा, तुयट्टेज्ज वा, सुसाणंसि वा, सुण्णागारंसि वा, रुक्खमूलंसि वा, गिरिगुहंसि वा, कुंभारायतणंसि वा, हुरत्था वा, कहिंचि विहरमाणं तं भिक्खू उवसंकमित्तु गाहावती बूया–

"आउसंतो समणा ! अहं खलु तव अट्ठाए असणं वा–**जाव**–साइमं वा, वत्थं वा, पडिग्गहं वा, कंबलं वा, पायपुंछणं वा, पाणाइं–**जाव**–सत्ताइं समारम्भ समुद्दिस्स, कीयं, पामिच्चं, अच्छेज्जं, अणिसिट्ठं, अभिहडं, आहट्टु चेतेमि आवसहं वा समुस्सिणामि, से भुंजह, वसह आउसंतो समणा ।"

भिक्खू तं गाहावतिं समणसं सवयसं पडियाइक्खे –

"आउसंतो गाहावती ! णो खलु ते वयणं आढामि, णो खलु ते वयणं परिजाणामि, जो तुमं मम अट्ठाए असणं वा–**जाव**–साइमं वा, वत्थं वा–**जाव**–पायपुंछणं वा पाणाइं–**जाव**–सत्ताइं वा समारंभ–**जाव**–अभिहडं आहट्टु चेतेसि आवसहं वा समुस्सिणासि, से विरतो आउसो गाहावती ! एतस्स अकरणयाए ।"

આમંત્રણ કર્યા પછી પણ દોષયુક્ત આહારાદિ લેવાનો નિષેધ :

૧૨૨૪.(સાવધ કાર્યોથી નિવૃત્ત) ભિક્ષુ સ્મશાનમાં, શૂન્યગૃહમાં, વૃક્ષોની નીચે, પર્વતની ગુફામાં, કુંભારના ખાલી ઘરમાં રહેતો હોય, ઊભો હોય, બેઠો હોય, સૂતો હોય, તે સમયે કોઈ ગૃહપતિ તે ભિક્ષુની પાસે આવીને કહે-

'આયુષ્મન્ શ્રમણ! આપના માટે અશન **યાવત્** સ્વાદિમ, વસ્ત્ર, પાત્ર, કંબલ પાદપુંછણ વગેરે પદાર્થ પ્રાણી **યાવત્** સત્વોનો સમારંભ કરી બનાવી ને, ખરીદીને, ઉધાર લઈને, કોઈની પાસેથી છીનવી લઈને, બીજાની વસ્તુને તેની આજ્ઞા વિના લાવીને અથવા ઘરેથી લાવી આપને આપુ છું. અથવા આપના માટે ઉપાશ્રય બનાવી આપું છું. હે આયુષ્મન્ શ્રમણ! તમે તે અશનાદિનો ઉપભોગ કરો અને ઉપાશ્રયમાં રહો'

તો સાધુ તે સુમનસ્ (કોમળ હૃદયવાળા) તથા સુવયસ્ (મધુર વચનવાળા) ગૃહપતિને કહે -

'હે આયુષ્મન્ ગૃહપતિ! હું આપના વચન સ્વીકાર કરતો નથી. અને તેનું પાલન કરતો નથી. તમે શા માટે અશન **યાવત્** સ્વાદિમ વસ્ત્ર **યાવત્** પાદપુંછણ, પ્રાણીઓ **યાવત્** સત્વોનો સમારંભ કરીને **યાવત્** પોતાના ઘરેથી અહી લાવીને મને આપવા માંગો છો ? શા માટે ઉપાશ્રય બનાવવા માંગો છો ? હે આયુષ્મન્ ગૃહસ્થ! હું વિરત થઈ ગયો છું. મારા માટે આ અકરણીય છે (આથી હું તેને સ્વીકાર કરતો નથી)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

से भिक्खू परक्कमेज्ज वा–**जाव**–तुयट्टेज्ज वा, सुसाणंसि वा–**जाव**–हुरत्था वा कहिंचि विहरमाणं, तं भिक्खुं उवसंकमित्तु गाहावती आयगयाए पेहाए असणं वा–**जाव**–साइमं वा, वत्थं वा–**जाव**–पायपुंछणं वा, पाणाइं वा–**जाव**–सत्ताइं वा, समारंभ–**जाव**–अभिहडं आहट्टु चेतेति आवसहं वा समुस्सिणाति तं भिक्खुं परिघासेतुं ।

तं च भिक्खू जाणेज्जा सहसम्मुतियाए परवागरणेणं अण्णेसिं वा सोच्चा अयं खलु गाहावती मम अट्ठाए असणं वा–**जाव**–साइमं वा, वत्थं वा–**जाव**–पायपुंछणं वा, पाणाइं वा–**जाव**–सत्ताइं वा, समारंभ–**जाव**–अभिहडं आहट्टु चेतेति, आवसहं वा समुस्सिणाति ।

तं च भिक्खू पडिलेहाए आगमेत्ता आणवेज्जा अणासेवणाए ।

–*आ. सु. १, अ. ८, उ. २, सु. २०४–२०५*

भिक्षु કોઈ સ્થાને રહેતો હોય **यावत्** સૂતો હોય, સ્મશાનમાં **यावत्** અન્ય ક્યાંક રહેતો હોય તે ભિક્ષુની પાસે આવીને કોઈ ગૃહપતિ પોતાના આત્મગત ભાવોને પ્રકટ કર્યા વિના અશન **यावत्** સ્વાદિમ, વસ્ત્ર **यावत्** પાદપુંછણ, પ્રાણીઓ **यावत्** સત્વોના સમારંભપૂર્વક **यावत्** પોતાના ઘરેથી લાવીને આપે છે, તથા તે ભિક્ષુને રહેવા માટે ઉપાશ્રયનું નિર્માણ તથા જીર્ણોદ્ધાર કરાવે છે.

(સાધુના માટે બનાવેલ) તેવા આરંભને તે ભિક્ષુ પોતાની સદ્‌બુધ્ધિથી, જ્ઞાની અથવા પરિજનાદિથી સાંભળીને જાણી લે કે આ ગૃહપતિ મારે માટે અશન **यावत्** સ્વાદિમ, વસ્ત્ર **यावत्** પાદપુંછણ, પ્રાણીઓ **यावत्** સત્વોના સમારંભ કરીને આપે છે **यावत्** સામેથી લાવીને આપે છે તથા ઉપાશ્રય બનાવે છે.

ભિક્ષુ સમ્યક્ પ્રકારથી પર્યાલોચના કરીને, આગમમાં કથિત આજ્ઞાને ધ્યાનમાં રાખીને, તે ગૃહસ્થને કહે કે આ બધા પદાર્થ મારા માટે સેવન કરવા યોગ્ય નથી'.

सावज्ज–संजुत्त–आहार–गहणस्स णिसेहो–

સાવદ્ય સંયુક્ત આહાર ગ્રહણનો નિષેધ :

१२२५. जं पि य उद्दिट्ठ–ठविय–रचियाण–पज्जवजातं पकिण्णं–पाउ–करणं पामिच्चं, मीसकजायं, कीयकड–पाहुडं च दाणट्ठपुन्नट्ठ–पगडं, समण–वणिमगट्ठयाए वा कयं, पच्छाकम्मं[1], पुरेकम्मं, नितिकम्मं, भक्खियं, अतिरित्तं मोहरं चेव सयग्गाहमाहडं, मट्टिउवलित्तं, अच्छेज्जं चेव अणिसिट्ठं, जं तं तिहीसु जन्नेसु उसवेसु य अंतो वा बहिं वा होज्ज समणट्ठयाए ठवियं, हिंसा–सावज्जसंपउतं न कप्पति संपिय परिघेत्तुं ।

–*पण्ह. सु. २, अ. ५, सु. ५*

१२२५. આનાથી અતિરિક્ત જે આહાર સાધુના નિમિત્તે બનાવ્યો હોય, અલગ રાખેલ હોય, ફરી અગ્નિથી સંસ્કારિત કર્યો હોય, ખાદ્ય પદાર્થોથી સંયુક્ત કર્યો હોય, સાફ કરેલ હોય, માર્ગમાં ઢોળતાં ઢોળતાં લાવેલ હોય, દીપક જગાવ્યો હોય, ઉધાર લાવેલ હોય, ગૃહસ્થ અને સાધુના ઉદ્દેશ્યથી બનાવેલ હોય, ખરીદાયેલો હોય, સમય પરિવર્તન કરી બનાવ્યો હોય, દાન માટે કે પુણ્ય માટે બનાવ્યો હોય, શ્રમણો અથવા ભિખારીઓને આપવા માટે તૈયાર કર્યો હોય, જે પશ્ચાત્‌કર્મ અથવા પુરઃ કર્મ દોષથી દૂષિત હોય, જે નિત્યકર્મથી દૂષિત હોય, (નિમંત્રણપૂર્વક સદા એક સ્થાનથી લેવાયેલો હોય) જે પાણીથી ભીના હાથ આદિથી અપાયેલ હોય, મર્યાદાથી અધિક હોય, પૂર્વ પશ્ચાત્ સંસત્વ દોષયુક્ત હોય, સ્વયં (સાધુ) ને ગ્રહણ કરવો પડ્યો હોય, સંમુખ લેવાયેલ હોય, માટી આદિથી બંધ કરેલ વાસણનું મુખ ખોલીને આપેલ હોય, ઝુંટવીને અપાયેલ હોય, સ્વામીની આજ્ઞા વગર અપાયેલ હોય, અથવા જે આહાર વિશિષ્ટ તિથિઓ, યજ્ઞો અને મહોત્સવોના માટે બનાવેલ હોય, ઘરની અંદર અથવા બહાર સાધુઓને આપવાની ભાવનાથી અથવા રાહ જોવા માટે રાખેલ હોય, જે હિંસારૂપ સાવદ્ય કર્મથી યુક્ત હોય, એવો આહાર પણ સાધુને લેવો કલ્પતો નથી.

---

१. (क) ..... दिज्जमाणं न इच्छेज्जा, पच्छाकम्मं जहिं भवे ।। – दस. अ. ५, उ. १, गा. ५०
(ख) दसा. द. २, सु. २ ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१२२६. जे नियागं ममायंति, कीयमुद्देसियाऽहडं ।
वहं ते समणुजाणंति, इइ वुत्तं महेसिणा ।।
–दस. अ. ६, गा. ४८

१२२६. જે સાધુ-સાધ્વી નિત્ય આદરપૂર્વક નિમંત્રિત કરીને અપાયેલ, સાધુના નિમિત્તે ખરીદેલો, સાધુના નિમિત્તે બનાવેલ, નિર્ગ્રન્થનાં નિમિત્તે દૂરથી પાસે લાવેલ આહાર ગ્રહણ કરે છે તે પ્રાણીવધની અનુમોદના કરે છે. એવું મહર્ષિ મહાવીરે કહ્યું છે.

आहारासत्ति णिसेहो–

१२२७. न य भोयणम्मि गिद्धो, चरे उंछं अयंपिरो ।
अफासुयं न भुंजेज्जा, कीयमुद्देसियाहडं ।।
–दस. अ. ८, गा. २३

આહાર પ્રત્યે આસક્તિ કરવાનો નિષેધ :

૧૨૨૭. ભિક્ષુ ભોજનમાં આસક્ત ન થતો અને વધારે ન બોલતો અનેક ઘરોથી થોડો થોડો આહાર લે તથા ક્રીત, ઔદ્દેશિક અને અભિહૃત આદિ દોષયુક્ત અકલ્પનીય આહાર ન ખાય.

सन्निहिकरण–णिसेहो–

१२२८. सन्निहिं च न कुव्वेज्जा, अणुमायं पि संजए ।
मुहाजीवी असंबद्धे, हवेज्ज जगनिस्सिए ।।
–दस. अ. ८, गा. २४

સંગ્રહ કરવાનો નિષેધ:

૧૨૨૮. સાધુ અણુમાત્ર પણ સન્નિધિ (સંગ્રહ) ન કરે. તે સદૈવ મુધાજીવી (નિસ્પૃહ ભાવથી જીવન નિર્વાહ કરનારો) રહે, આહારાદિમાં અલિપ્ત રહે તથા સર્વ જીવોની રક્ષા કરનારો થાય.

संखडी वज्जणं आहारगहण–विहाणं–

१२२९. आइण्ण ओमाण विवज्जणा य,
उस्सन्नदिट्ठाहड भत्तपाणे ।
संसट्ठकप्पेण चरेज्ज भिक्खू,
तज्जायसंसट्ठ जई जएज्जा ।।
–दस. चू. २, गा. ६

સંખડી નિષેધ અને શુધ્ધ આહારનું વિધાન :

૧૨૨૯. સાધુએ "આકીર્ણ અને અવમાન" ભોજન ત્ય જવા, રાજકુળ અથવા જમણવારમાં ગોચરી અર્થે ન જવું, જોઈએ. પ્રાય : પાસેના કે દેખાતા સ્થાનથી લાવેલ આહાર-પાણી ગ્રહણ કરવાનું વિધાન છે. આપનાર જે વસ્તુ આપી રહ્યાં છે તે જ પદાર્થથી હસ્તાદિ સંસ્સૃષ્ટ હોય તો તેને જ ગ્રહણ કરવાનો ભિક્ષુએ પ્રયત્ન કરવો જોઈએ.

दोसमुक्क आहार गहण तप्परिणामं च–

१२३०. से भिक्खू जं पुण जाणेज्जा–असणं वा–**जाव**–साइमं वा अस्सिंपडियाए एगंसाहम्मियं समुद्दिस्स, पाणाइं, भूयाइं, जीवाइं, सत्ताइं, समारंभ, समुद्दिस्स कीतं, पामिच्चं, अच्छेज्जं, अणिसट्ठं, अभिहडं आहट्टु उद्देसियचेतियं सिया, तं णो सयं भुंजइ, णो अन्नेणं भुंजावेति, अन्नं पि भुंजंतं ण समणुजाणइ, इति से महता आदाणातो उवसंते उवट्ठिते पडिविरते से ।
–सूय. सु. २, अ. १, सु. ६८७

દોષ રહિત આહાર ગ્રહણ અને તેનું પરિણામ :

૧૨૩૦. જો સાધુ એવું જાણે કે-અશન **યાવત્** સ્વાદિમ આહાર અમુક શ્રાવકે સાધર્મિક સાધુને દાન આપવાના ઉદ્દેશ્યથી પ્રાણી, ભૂત, જીવ અને સત્વનો આરંભ કરીને બનાવ્યો છે અથવા ખરીધો છે, કોઈ પાસેથી ઉધાર લીધો છે. કોઈ આગળથી અનિચ્છાએ પડાવેલ છે, સ્વામીને પૂછ્યા વિના લીધેલ છે. અથવા સામે લાવેલ છે તો એવો સદોષ આહાર સ્વયં ન ખાય. કદાચ ભૂલથી આહાર ગ્રહણ થઈ ગયો હોય તો બીજા સાધુઓને પણ તે આહાર ન ખવડાવે અને એવા સદોષ આહાર સેવન કરનારને સારો ન સમજે. તે મહાન કર્મોના બન્ધનથી દૂર રહે છે, તેમજ શુધ્ધ સંયમ પાલનમાં ઉદ્યત અને પાપકર્મોથી વિરત રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१२३१. प. फासुएसणिज्जं णं भंते ! भुंजमाणे समणे निग्गंथे किं बंधइ ? किं पकरेति ? किं चिणाति ? किं उवचिणाति ?

उ. गोयमा ! फासुएसणिज्जं णं भुंजमाणे समणे णिग्गंथे आउयवज्जाओ सत्त कम्मपयडीओ घणियबंधणबद्धाओ सिढिलबंधणबद्धाओ पकरेइ,
दीहकालट्ठितीयाओ हस्सकालट्ठितीयाओ पकरेइ,
तिव्वाणुभागाओ मंदाणुभागाओ पकरेइ,
बहुपएसग्गाओ अप्पपएसग्गाओ पकरेइ,
आउयं च णं कम्मं सिय बंधइ, सिय नो बंधइ,
असायावेयणिज्जं च णं कम्मं नो भुज्जो-भुज्जो उवचिणाति,
अणाइयं च णं अणवदग्गं दीहमद्धं चाउरंतं संसारकंतारं वीतीवयति ।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

फासुएसणिज्जं णं भुंजमाणे समणे निग्गंथे आउयवज्जाओ सत्तकम्म-पयडीओ घणियबंधणबद्धाओ सिढिलबंधणबद्धाओ पकरेइ-**जाव**-चाउरंतसंसारकंतारं वीतीवयति ?

उ. गोयमा ! फासुएसणिज्जं भुंजमाणे समणे निग्गंथे आयाए धम्मं नाइकम्मति, आयाए धम्मं अणति-कम्ममाणे पुढविकायं अवकंखति-**जाव**-तसकायं अवकंखति, जे सिं पि य णं जीवाणं सरीराइं आहारेति ते वि जीवे अवकंखति ।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"फासुएसणिज्जं णं भुंजमाणे समणे निग्गंथे आउयवज्जाओ सत्तकम्मपयडीओ-घणियबंधणबद्धाओ पकरेइ-**जाव**-चाउरंतं संसारकंतारं वीतीवयति ।"

-वि. स. १, उ. ९, सु. २७

१२३१. **प्र.** ભંતે ! પ્રાસુક એષણીય આહારનો ઉપભોગ કરનારો શ્રમણ નિર્ગ્રન્થ શું બાંધે છે. ? શું કરે છે ? શેનો ચય (સંચય) કરે છે ? અને શેનો ઉપચય (પુષ્ટિ) કરે છે ?

ઉ. ગૌતમ ! પ્રાસુક તેમજ એષણીય આહાર કરનારો શ્રમણ- નિર્ગ્રન્થ આયુષ્ય સિવાયની શેષ સાત કર્મ પ્રકૃતિઓને દૃઢ બંધનવાળીમાંથી શિથિલ બંધનવાળી કરે છે.
દીર્ઘકાળની સ્થિતિને અલ્પકાળવાળી સ્થિતિ કરે છે.
તીવ્રરસમાંથી મંદ રસવાળી કરે છે.
બહુપ્રદેશવાળીને અલ્પપ્રદેશવાળી કરે છે.
આયષ્યકર્મને કદાચિત્ બાંધે છે, કદાચિત્ બાંધતો નથી.
અશાતાવેદનીય કર્મને વારંવાર બાંધતો નથી.

અનાદિ અનંત દીર્ઘમાર્ગવાળા ચતુર્ગતિ સંસાર રૂપ અરણ્યને પાર કરે છે.

પ્ર. ભંતે ! કયા પ્રયોજનથી એવું કહેવામાં આવે છે કે-
પ્રાસુક એષણીય આહારનો ઉપભોગ કરનારો શ્રમણ નિર્ગ્રન્થ આયુષ્ય કર્મને છોડી શેષ સાત કર્મોની પ્રકૃતિને દૃઢ બંધનવાળીમાંથી શિથિલ બંધનવાળી કરે છે **યાવત્** સંસારરૂપ અરણ્યને પાર કરે છે ?

ઉ. ગૌતમ ! પ્રાસુક એષણીય આહારનો ઉપભોગ કરનારો શ્રમણ નિર્ગ્રન્થ આત્મધર્મનું અતિક્રમણ કરતો નથી. આત્મધર્મનું અતિક્રમણ ન કરતો તે શ્રમણ નિર્ગ્રન્થ પૃથ્વીકાયના જીવોની **યાવત્** ત્રસકાયના જીવોની ચિંતા કરે છે. જે જીવોના શરીરનો ઉપભોગ કરે છે તેમના જીવનની પણ દરકાર કરે છે.
આ કારણથી ગૌતમ ! એવું કહેવામાં આવે છે કે-

"પ્રાસુક તેમજ એષણીય આહારનો ઉપભોગ કરનારો શ્રમણ નિર્ગ્રન્થ આયુષ્યકર્મ સિવાય શેષ સાત કર્મની પ્રકૃતિઓને દૃઢ બંધનવાળીમાંથી શિથિલ બંધનવાળી કરે છે **યાવત્** ચતુર્ગતિ રૂપ સંસાર અરણ્યને પાર કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

णिद्दोष आहार गवेसगस्स दायगस्स य सुग्गई-

१२३२. दुल्लहा उ मुहादाई, मुहाजीवी वि दुल्लहा ।
मुहादाई मुहाजीवी[1] दो वि गच्छंति सोग्गइं ।।
-दस. अ. ५, उ. १, गा. १३१

નિર્દોષ આહાર ગવેષકની અને દેનારની સુગતિ :

૧૨૩૨. નિઃ સ્વાર્થ ભાવથી ભિક્ષા આપનાર દાતા અને કેવળ સંયમનાં નિર્વાહ માટે નિઃ સ્વાર્થભાવે ભિક્ષા લેનાર ભિક્ષુ એ બંને મળવા દુર્લભ છે, જે નિઃ સ્વાર્થી દાતા અને નિઃ સ્વાર્થી ભિક્ષુ હોય છે તે બંને ઉત્તમ ગતિને મેળવે છે.

परिभोगेषणा : ६

आहार करणस्स उद्देसं-

१२३३. विविच्च कम्मुणो हेउं, कालकंखी परिव्वए ।
मायं पिंडस्स पाणस्स, कडं लद्धूण भक्खए ।।
-उत्त. अ. ६, गा. १४

આહાર કરવાનો ઉદ્દેશ્ય :

૧૨૩૩. સાધકે કર્મબંધનના હેતુઓને દૂર કરીને સમકક્ષ બનીને વિચરવું જોઈએ. (સંયમ નિર્વાહ માટે) આહાર તથા પાણી પ્રમાણસર તેમ જ આવશ્યકતા પુરતાં જ લેવા જોઈએ. ગૃહસ્થને ત્યાં સહજ જે આહાર પ્રાપ્ત થાય તે જ ગ્રહણ કરવો જોઈએ.

आहार परिभोगणट्ठाए ठाण णिद्देसो-

१२३४. अप्पपाणेऽप्पबीयंमि, पडिच्छन्नंम्मि संवुडे ।
समयं संजए भुंजे, जयं अपरिसाडियं ।।
-उत्त. अ. १, गा. ३५

આહાર કરવાના સ્થાનનો નિર્દેશ :

૧૨૩૪. સંયમી મુનિ પોતાના સહધર્મી સાધુઓની સાથે પ્રાણી અને બીજથી રહિત, ઉપરથી ઢાંકેલ અને દીવાલ આદિથી સંવૃત મકાનમાં જમીન પર ન વેરાય એમ યતનાપૂર્વક આહાર કરે.

गोयरग्ग-पविट्ठ-भिक्खूस्स-आहार करण विहि-

१२३५. सिया य गोयरग्गगओ, इच्छेज्जा परिभोत्तुयं ।
कोट्ठगं भित्तिमूलं वा, पडिलेहित्ताण फासुयं ।।
अणुन्नवेत्तु मेहावी, पडिच्छन्नम्मि संवुडे ।
हत्थगं संपमज्जित्ता[2], तत्थ भुंजेज्ज संजए ।।

तत्थ से भुंजमाणस्स, अट्ठियं कंटओ सिया ।
तण कट्ठ-सक्करं वा वि, अन्नं वा वि तहाविहं ।।
तं उक्खिवित्तु न निक्खिवे, आसएण न छड्डुए ।
हत्थेण तं गहेऊण, एगंतमवक्कमे ।।
एगंतमवक्कमित्ता, अचित्तं पडिलेहिया ।
जयं परिट्ठवेज्जा, परिट्ठप्प पडिक्कमे ।।
-दस. अ. ५, उ. १, गा. ११३-११७

ગોચરીમાં પ્રવેશેલા ભિક્ષુના આહારની વિધિ :

૧૨૩૫. ગોચરી ગયેલ મેધાવી મુનિ કદાચિત્ આહાર કરવા ઈચ્છે તો પ્રાસુક ગૃહ અથવા મઠ આદિની દિવાલના મૂળમાં, જીવ-રહિત સ્થાનની પ્રતિલેખના કરીને, ગૃહસ્થની આજ્ઞા લઈને પ્રતિચ્છાદન કરેલ (ઢાંકેલ) અને ચારેબાજુથી ઘેરાયેલા સ્થાનમાં બેસે અને હાથ આદિ અવયવોનું પ્રમાર્જન કરીને ઉપયોગપૂર્વક આહાર કરે.

પૂર્વોક્ત શુદ્ધ સ્થાનમાં ભોજન કરતાં તે સાધુના આહારમાં ગોટલી, કાંટો, તૃણ, કાષ્ઠ, કાંકરો અથવા તેવા પ્રકારનો કોઈ કચરો નીકળે તો તેને હાથથી જ્યાં ત્યાં દૂર ફેંકે નહિ કે મોઢેથી થૂંકી કાઢે નહિ. પરંતુ તેને હાથમાં ગ્રહણ કરી એકાંતમાં જાય અને ત્યાં નિર્જીવ જગ્યા તપાસીને યતનાપૂર્વક તે વસ્તુને ત્યાં મૂકી દે. અને પાછો ફરી સ્થાનમાં આવીને પ્રતિક્રમણ કરે, (અર્થાત્ ઈરિયાવહિનો કાયોત્સર્ગ કરે.)

નિઃસ્વાર્થભાવથી દેવાવાળો 'મુહાદાઈ' કહેવાય છે. નિઃસ્પૃહ ભાવથી લેવાવાળો 'મુહાજીવી' કહેવાય છે.

'हत्थगं संपमज्जिता'નો અહીં આ અર્થ છે કે હાથનું પ્રમાર્જન કરીને આહાર કરે. આહાર હાથથી કરવામાં આવે છે. માટે હાથનું પ્રમાર્જન કરવું યોગ્ય ગણાય. તેમજ આગમ સહમત પણ છે. કારણ કે પ્રશ્ન વ્યાકરણ પ્રથમ સંવર દ્વાર ચોથી ભાવનામાં

(બાકીની ટીપ્પણ આગળના પાના પર....)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सेज्जामागम्म आहार करणस्स विहि–

१२३६. सिया य भिक्खू इच्छेज्जा, सेज्जमागम्म भोत्तुयं ।
सपिंडपायमागम्म, उड्डुयं पडिलेहिया ।।

विणएण पविसित्ता, सगासे गुरुणो मुणी ।
इरियावहियमायाय, आगओ य पडिक्कमे ।।

आभोएत्ताण नीसेसं, अइयारं जहक्कमं ।
गमणाऽऽगमणे चेव, भत्त–पाणे व संजए ।।

उज्जुप्पन्ना अणुव्विग्गो, अव्विक्खित्तेण चेयसा ।
आलोए गुरुसगासे, जं जहा गहियं भवे ।।

न सम्ममालोइयं होज्जा, पुव्विं पच्छा व जं कडं ।
पुणो पडिक्कमे तस्स, वोसट्ठो चिंतए इमं ।।

अहो ! जिणेहिं असावज्जा, वित्ती साहूण देसिया ।
मोक्खसाहणहेउस्स, साहुदेहस्स धारणा ।।

नमोक्कारेण पारेत्ता, करेत्ता जिणसंथवं ।
सज्झायं पट्ठवेत्ताणं, वीसमेज्ज खणं मुणी ।।

वीसमंतो इमं चिंते, हियमट्ठं लाभमट्ठिओ ।
"जइ मे अणुग्गहं कुज्जा, साहू ! होज्जामि तारिओ" ।।

साहवो तो चियत्तेणं, निमंतेज्ज जहक्कमं ।
जइ तत्थ केइ इच्छेज्जा, तेहिं सद्धिं तु भुंजए ।।[1]

ઉપાશ્રયમાં આહાર કરવાની વિધિ :

૧૨૩૬. કદાચિત્ સાધુ ઉપાશ્રયમાં આવીને જ ભોજન કરવાની ઈચ્છા કરે તો શુદ્ધ ભિક્ષા સહિત આવીને ભોજન કરવાની ભૂમિનો પ્રતિલેખન કરે.

ત્યારબાદ મુનિ વિનયપૂર્વક ગુરુની સમીપે આવીને 'ઈર્યાપથિકી સૂત્ર' ને ભણીને પ્રતિક્રમણ (કાયોત્સર્ગ) કરે.

પછી તે ભિક્ષુ આહાર પાણી લેવા જતાં કે ત્યાંથી પાછા ફરતાં જે કંઈ અતિચાર કર્યા હોય તે બધાને ક્રમપૂર્વક યાદ કરી લે.

સરળ બુદ્ધિવાળો, ઉદ્વેગ રહિત મુનિ એકાગ્ર-ચિત્તથી આહાર પાણી કેવી રીતે મેળવ્યા ઈત્યાદિ બધું ગુરુ સમક્ષ સ્પષ્ટ કહે.

પહેલાં કે પછી થયેલા દોષોની કદાચિત્ તે વખતે બરાબર આલોચના ન થઈ હોય તો ફરીથી તેનું પ્રતિક્રમણ કરે અને તે કાયોત્સર્ગ કરી આવું ચિંતન કરે કે -

"અહો ! શ્રી જિનેશ્વરોએ મોક્ષના સાધનના આધારભૂત સાધુ પુરુષને દેહ ધારણ કરવા માટે કેવી નિર્દોષવૃત્તિ (ભિક્ષાવૃત્તિ) દર્શાવી છે ?"

(કાયોત્સર્ગમાં ઊપરનું ચિંતન કરી), નમસ્કારનું ઉચ્ચારણ કરી (કાયોત્સર્ગથી નિવૃત્ત થઈ) તેમજ જિનેશ્વર દેવોની સ્તુતિરૂપ લોગસ્સનો પાઠ કરી અને અલ્પ સ્વાધ્યાય કરીને ભિક્ષુ ક્ષણવાર વિશ્રાંતિ લે.

વિશ્રામ કરતો નિર્જરાના લાભનો અર્થી સાધુ આ પ્રમાણે ચિંતન કરે કે 'બીજા મુનિવરો મારા ઉપર અનુગ્રહ કરીને આ મારા આહારમાંથી થોડું લે તો હું (સંસારસમુદ્રથી) તરી જાઉં !

ત્યારપછી સાધુઓને પ્રીતિપૂર્વક અનુક્રમે આમંત્રણ કરે, આમંત્રણ કરતાં જો કોઈ સાધુએ આહાર કરવાની ઈચ્છા કરે તો તેમની સાથે જ આહાર કરે.

(ટિપ્પણ પાછળના પાનાથી આગળ)

"संपमज्जिऊण ससीसं कायं तहा करतलं" એવો પાઠ છે. એમાં પણ કરતલનું સ્પષ્ટ કથન છે. દસવૈ.ની અગસ્ત્યસિંહકૃત ચૂર્ણિમાં પણ ससीसोवरियं हस्तं तं' જણાવીને પ્રશ્ન વ્યાકરણના પાઠનું જ અનુકરણ કરેલું છે.

માટે મુખવસ્ત્રિકા'થી શરીરનું પ્રમાર્જન કરીને આહાર કરવો. એવા અર્થની કલ્પના કરવી પ્રશ્ન વ્યાકરણ સૂત્રના મૂળ પાઠથી વિપરીત છે. માટે તે યોગ્ય ન કહી શકાય. પ્રમાર્જન માટે પ્રમાર્જનીકા (ગોછો) તથા રજોહરણ એ બે ઉપકરણ છે. મુખવસ્ત્રિકા નહીં.

१. दस. अ. १०, गा. ९

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अह कोई न इच्छेज्जा, तओ भुंजेज्जा एक्कओ ।
आलोए भायणे साहू, जयं अपरिसाडियं ।।

जो कोई साधु आहार करवा न ईच्छे तो संयमी पोते एकलो ज राग अने द्वेषने दूर करी पहोळा मुखवाळा प्रकाशित पात्रमां यतनापूर्वक नीचे न वेराय तेवी रीते आहार करे.

तित्तगं व कडुयं व कसायं, अंबिलं व महुरं लवणं वा ।
एय लद्धमन्नट्ठ-पउत्तं, महुघयं व भुंजेज्ज संजए ।।

गृहस्थे पोताने माटे बनावेलुं अने विधिपूर्वक मेळवेलुं ते भोजन तीखुं, कडवुं, तूरुं, खाटुं, मधुर के खारुं गमे तेवुं होय परंतु संयमी भिक्षु तेने मध के घीनी माफक प्रेमपूर्वक आरोगे.

अरसं विरसं वा वि, सूइयं वा असूइयं ।
उल्लं वा जइ वा सुक्कं, मन्थु कुम्मासभोयणं ।।
उप्पण्णं नाइ हीलेज्जा, अप्पं वा बहु फासुयं ।
मुहालद्धं मुहाजीवी, भुंजेज्जा दोसवज्जियं ।।
-दस. अ. ५, उ. १, गा. ११८-१३०

विधिथी प्राप्त करेल आहार रसरहित अथवा विरस होय, व्यंजनादिथी युक्त अथवा व्यंजनादिथी रहित होय, आर्द्र अथवा शुष्क होय, बदरी फळ (बोर) नुं चूर्ण अथवा अडदना बाकळा होय, अल्प अथवा घणो नीरस आहार होय तो पण तेनी निंदा न करे, परंतु ते मुधाजीवी (केवळ संयमनुं ध्येय राखीने ज जीवनार) भिक्षु मेळवेल संयोजनादि दोषोथी रहित प्रासुक आहार प्रसन्नताथी आरोगे.

मुणी मायण्णो हवेज्ज-

१२३७. लद्धे आहारे अणगारो मायं जाणेज्जा । से जहेयं भगवया पवेदितं ।
-आ. सु. १, अ. २, उ. ५, सु. ८९ (ख)

मुनि आहारनी मात्रानो ज्ञाता होवो जोईए :

१२३७. आहार प्राप्तिना समये साधुने मात्रा (प्रमाण)नुं ज्ञान होवुं जोईए. एम भगवाने फरमाव्युं छे.

सलेव असेस आहार करण निद्देसो-

१२३८. पडिग्गहं संलिहित्ताणं, लेव-मायाए संजए ।
दुगंधं वा सुगंधं वा, सव्वं भुंजे न छड्डए ।।
-दस. अ. ५, उ. २, गा. १

लेप सहित पूर्ण आहार करवानो निर्देष :

१२३८. संयमी साधु सुगंधी के गंध सहित आहार होय तो पण पात्राने लागेल लेप मात्र पर्यंत आंगळीथी साफ करीने खाई ले, जरा पण छोडी न दे.

रसगिद्धिणिसेहो-

१२३९. अलोले न रसे गिद्धे, जिब्भादन्ते अमुच्छिए ।
न रसट्ठाए भुंजिज्जा, जवणट्ठाए महामुणी ।।
-उत्त. अ. ३५, गा. १७

रसगृद्धिनो निषेध :

१२३९. अलोलुप, रसमां अनासक्त, रसनेन्द्रियनो विजेता, अमूर्च्छित महामुनि जीवन-निर्वाह माटे ज खाय, रस (स्वाद) माटे नहीं.

१२४०. से भिक्खू वा, भिक्खुणी वा असणं वा-**जाव**-साइमं वा आहारेमाणे-णो वामातो हणुयातो, दाहिणं हणुयं संचारेज्जा आसाएमाणे, दाहिणातो वा हणुयातो वामं हणुयं णो संचारेज्जा आसाएमाणे ।
से अणासादमाणे लाघवियं आगममाणे तवे से अभिसमण्णागते भवति ।
जहेयं भगवया पवेदितं तमेव अभिसमेच्चा सव्वतो सव्वयाए सम्मत्तमेव समभिजाणिज्जा ।
-आ. सु. १, अ. ८, उ. ६, सु. २२३

१२४०. साधु अथवा साध्वी अशन **यावत्** स्वाद्य आहार करती वेळाए स्वाद लेवा माटे आहारने डाबा गलोफाथी जमणा गलोफामां न लावे अने जमणा गलोफाथी डाबा गलोफामां न लावे.
आ रीते स्वाद नहि लेवाथी लाघव गुण प्राप्त थाय छे अने तेनाथी तपनी प्राप्ति थाय छे.
माटे भगवान द्वारा कहेवायेल अस्वादवृत्तिने सारी रीते समजी तेने ते ज स्वरूपमां जाणी समभाव धारण करी योग्य रीते आचरण करे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आगंतुगसमण णिमंतणविही–

१२४१. से आगंतारेसु वा–**जाव**–परियावसहेसु वा अणुवीइ जाएज्जा, जे तत्थ ईसरे, जे तत्थ समहिट्ठाए ते उग्गहं अणुण्णवेज्जा–

"कामं खलु आउसो ! अहालंदं अहापरिण्णायं वसामो–जाव–आउसो–जाव–आउसंतस्स उग्गहे–जाव–साहम्मिया एत्ताव ताव उग्गहं ओगिण्हिस्सामो, तेण परं विहरिस्सामो ।

से किं पुण तत्थोग्गहंसि एवोग्गहियंसि ?

जे तत्थ साहम्मिया संभोइया समणुण्णा उवागच्छेज्जा । जे तेण सयमेसिए असणे वा– **जाव**–साइमे वा तेण ते साहम्मिया संभोइया समणुण्णा उवणिमंतेज्जा ।

णो चेव णं परिपडियाए ओगिज्झिय–ओगिज्झिय उवणिमंतेज्जा ।

–आ. सु. २, अ. ७, उ. १, सु. ६०८–६०९

આગંતુક શ્રમણોને આમંત્રણ દેવાની વિધિ :

१२४१. સાધુએ ધર્મશાળાદિમાં **યાવત્** પરિવ્રાજકોના આવાસમાં તે સ્થાનના સ્વામીની કે અધિષ્ઠાતાની આજ્ઞા લેવી.

'હે આયુષ્મન્ ગૃહસ્થ ! અમે આપની આજ્ઞાનુસાર કલ્પકાલ સુધી અહીં રહેશું. જેટલી જગ્યામાં અને જેટલો સમય અહીં રહેશું તેટલા સમયમાં કોઈ અમારા સમાન આચારવાળા સાધર્મિક સંતો પધારશે, તો તેઓ પણ આ ક્ષેત્રમાં રહેશે અને આ ભૂમિનો ઉપયોગ કરશે. સમય પૂર્ણ થયા બાદ અમે વિહાર કરીશું.'

અનુજ્ઞાપૂર્વક અવગ્રહ (સ્થાન) ગ્રહણ કર્યા બાદ તે સાધુ શું કરે ?

તે સ્થાનમાં રહ્યા પછી જે કોઈ સાધર્મિક, સાંભોગિક તથા સમાન સમાચારીવાળા સાધુઓ વિહાર કરીને પધારે તો સાધુ પોતાના માટે લાવેલ અશન **યાવત્** સ્વાદિમ આહાર માટે તે સાધર્મિક સાંભોગિક અને સમનોજ્ઞ સાધુઓને નિમંત્રણ આપે.

પરંતુ બીજા મુનિ દ્વારા લાવેલ અથવા બીજા રોગી આદિ સાધુ માટે લાવેલ આહાર-પાણી માટે તેને નિમંત્રણ ન આપે.

विगईभोई भिक्खू–

१२४२. दुद्धदहीविगईओ, आहारेइ अभिक्खणं ।
अरए य तवोकम्मे, पावसमणे त्ति वुच्चई ।।

–उत्त. अ. १७, गा. १५

विगઈભોક્તા ભિક્ષુ :

१२४२. જે દૂધ-દહીં વગેરે વિગઈઓ (વિકૃતિઓ)નો વારંવાર આહાર કરે છે અને તપમાં રુચિ નથી રાખતો તે પાપશ્રમણ કહેવાય છે.

आयरिय–अदत्त–विगइं–भुंजमाणस्स पायच्छित्त सुत्तं–

१२४३. जे भिक्खू आयरिय–उवज्झाएहिं अविदिण्णं विगइं आहारेइ, आहारेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

–नि. उ. ४, सु. २१

આચાર્યે આપ્યા વગર વિકૃતિ-ભક્ષણનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :

१२४३. જે સાધુ આચાર્ય ઉપાધ્યાયે આપ્યા વિના વિગઈનો આહાર કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.

તેને માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

पुणो भिक्खट्ठा गमण विहाणो–

१२४४. सेज्जा निसीहियाए समावन्नो य गोयरे ।
अयावयट्ठा भोच्चा णं, जइ तेणं न संथरे ।।
तओ कारणमुप्पन्ने, भत्तपाणं गवेसए ।
विहिणा पुव्व–उत्तेण, इमेणं उत्तरेण य ।।

–दस. अ. ५, उ. २, गा. २–३

ફરી ભિક્ષાર્થે જવાનું વિધાન :

१२४४. ઉપાશ્રયમાં કે સ્વાધ્યાય કરવાના સ્થાનમાં બેઠેલ સાધુ ગોચરીમાં મેળવેલ આહાર ભોગવતાં અપર્યાપ્ત થાય અને વિશેષ આહારની જરૂરત જણાય તો અથવા બીજા કોઈ કારણથી વધુ આહાર લેવાની આવશ્યકતા ઉભી થાય તો પૂર્વોક્ત વિધિથી તથા આગળ કહેવામાં આવશે તે વિધિથી અન્નપાણીની ગવેષણા કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पुलागभत्ते पडिगाहिए भिक्खा-गमण विहि-णिसेहो-

१२४५. निग्गंथीए य गाहावइकुलं पिण्डवायपडियाए अणुपविट्ठाए अन्नयरे पुलागभत्ते[1] पडिग्गाहिए सिया,

सा य संथरेज्जा, कप्पइ से तद्दिवसं तेणेव भत्तट्ठेणं पज्जोसवेत्तए, नो से कप्पइ दोच्चं पि गाहावइकुलं पिण्डवायपडियाए पविसित्तए,

सा य नो संथरेज्जा, एवं से कप्पइ दोच्चं पि गाहावइकुलं पिण्डवायपडियाए पविसित्तए ।

-कप्प. उ. ५, सु. ५२

साहारण आहारस्स अणुण्णविय परिभायण विहि-

१२४६. से एगइओ साहारणं वा पिंडवायं पडिगाहेत्ता से साहम्मिए अणापुच्छित्ता जस्स जस्स इच्छइ तस्स तस्स खद्धं दलाति । माइट्ठाणं संफासे । णो एवं करेज्जा ।

से त्तमायाए तत्थ गच्छेज्जा गच्छित्ता पुव्वामेव एवं वदेज्जा-

प. "आउसंतो समणा ! संति मम पुरेसंथुया वा पच्छासंथुया वा, तं जहा-"आयरिए वा, उवज्झाए वा, पवत्तो वा, थेरे वा, गणी वा, गणधरे वा, गणावच्छेए वा, अवियाइं एतेसिं खद्धं खद्धं दाहामि ?"

से णेवं वदंतं परो वदेज्जा-

अथवा अन्य कोई दुःख के रोग पेदा थई जाय.
એવી સ્થિતિમાં ગૃહસ્થ કરુણાથી પ્રેરાઈને સાધુની સેવા કરવા માટે શરીર પર તેલથી, ઘીથી, માખણથી અથવા ચરબીથી માલિશ કે મર્દન કરશે. અથવા સ્નાન કરાવશે, સુગંધિત દ્રવ્ય સમુદાય કલ્ક, લોધ્ર, વર્ણ, ચૂર્ણ કે પદ્મ વગેરેથી ઘસી ઘસીને માલિશ કરશે, મસળશે, પીઠી આદિથી મર્દન કરશે, અથવા પ્રાસુક ઠંડા કે ગરમ જલથી પ્રક્ષાલન કરશે, મસ્તકથી પગ સુધી નવરાવશે, જળ સિંચન કરશે અથવા અરણી લાકડીને પરસ્પર ઘર્ષણ કરીને અગ્નિ પ્રગટાવશે, પ્રજ્વલિત કરશે, આગ સળગાવીને શરીરને શેકશે કે તપાવશે.
(આ પ્રમાણે ગૃહસ્થની સાથે તેના ઘરમાં રહેવાથી અનેક પ્રકારના દોષોની સંભાવના રહે છે માટે તીર્થંકર ભગવાને ભિક્ષુ માટે પહેલેથી આ પ્રતિજ્ઞા **યાવત્** ઉપદેશ આપેલ છે, કે આવા ગૃહસ્થનાં સંસક્ત મકાનમાં કાયોત્સર્ગ, શય્યા કે સ્વાધ્યાય ન કરે.

१३४६. आयाणमेयं भिक्खुस्स गाहावतिणा सद्धिं संवसमाणस्स ।
इह खलु गाहावइस्स अप्पणो सयट्ठाए विरूवरूवाइं भिण्णपुव्वाइं भवंति ।
अह पच्छा भिक्खुपडियाए विरूवरूवाइं दारुयाइं भिंदेज्ज वा, किणेज्ज वा, पामिच्चेज्ज वा, दारुणा वा दारुपरिणामं कट्टु अगणिकायं उज्जालेज्ज वा, पज्जालेज्ज वा,
तत्थ भिक्खू अभिकंखेज्जा आयावेत्तए वा, पयावेत्तए वा, वियट्टित्तए वा ।

अह भिक्खुणं पुव्वोवदिट्ठा-**जाव**-एस उवएसे जं तहप्पगारे उवस्सए णो ठाणं वा, सेज्जं वा णिसीहियं वा चेतेज्जा ।

– *आ. सु. २, अ. २, उ. २, सु. ४२९*

१३४६. ગૃહસ્થ સાથે નિવાસ કરવો સાધુ માટે કર્મબંધનનું કારણ છે.
કારણ કે ત્યાં ગૃહસ્થે પોતાના માટે પહેલેથી જ અનેક પ્રકારનાં લાકડાં કાપીને રાખેલાં હોય છે.
ત્યારબાદ એ સાધુ સાધ્વી માટે પણ અનેક પ્રકારના લાકડાં કાપશે, ખરીદશે અથવા ઉધાર લેશે તથા લાકડા સાથે લાકડાને ઘર્ષણ કરીને અગ્નિ પ્રગટાવશે, પ્રજવલિત કરશે.
એવી પરિસ્થિતિમાં સંભવ છે કે સાધુ-સાધ્વી પણ ગૃહસ્થની જેમ ઠંડી નિવારણાર્થે આતાપના લેવા ઈચ્છે તથા એમાં આસક્ત બની ત્યાં રહેવા ઈચ્છે.
એવા દોષોથી બચવા માટે સાધુનો પૂર્વોપદિષ્ટ આચાર છે **યાવત્** ઉપદેશ આપ્યો છે કે ગૃહસ્થ સાથે તેના મકાનમાં નિવાસ, શય્યા કે સ્વાધ્યાયાદિ ન કરવા.

१३४७. आयाणमेयं भिक्खुस्स सागारिए उवस्सए संवसमाणस्स ।
इह खलु गाहावती वा-**जाव**-कम्मकरीओ वा ।
अण्णमण्णं अक्कोसंति वा, वहंति वा, रुंभंति वा, उद्दवेंति वा ।

१३४७. ગૃહસ્થના સંસર્ગવાળા મકાનમાં રહેવું તે સાધુને માટે કર્મબંધનનું કારણ છે.
કારણ કે ગૃહસ્થ **યાવત્** કર્મચારિણીઓ વગેરે એક બીજા આપસમાં ઝગડતા હોય, કુવચન બોલતા હોય, એકબીજાને રુંધતા હોય, બાંધતા હોય, મારતા હોય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अह भिक्खू उच्चावयं मणं णियच्छेज्जा-एते खलु अण्णमण्णं अक्कोसंतु वा, मा वा अक्कोसंतु -**जाव**-मा वा उद्दवेंतु ।

अह भिक्खुणं पुव्वोवदिट्ठा-**जाव**-एस उवएसे जं तहप्पगारे सागारिए उवस्सए णो ठाणं वा, सेज्जं वा, णिसीहियं वा चेतेज्जा ।

– *आ. सु. २, अ. २, उ. १, सु. ४२२*

આવું બધું જોઈને મુનિનું મન ઉદ્વિગ્ન બની જાય, એના મનમાં એવા વિચાર આવે કે આ લોકો ઝગડે તો સારું કે ન ઝગડે તો સારું **યાવત્** ઉપદ્રવ કરે તો સારું કે ન કરે તો સારું.

માટે મુનિઓનો આ પૂર્વોપદિષ્ટ આચાર છે **યાવત્** ઉપદેશ આપેલો છે કે ગૃહસ્થના મકાનમાં રહેવું, શય્યા કે સ્વાધ્યાયાદિ કરવા કલ્પતા નથી.

१३४८. से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण उवस्सयं जाणेज्जा-इह खलु गाहावती वा-**जाव**-कम्मकरीओ वा अण्णमण्णं अक्कोसंति वा-**जाव**-उद्दवेंति वा, णो पण्णस्स णिक्खमणपवेसाए-**जाव**-चिंताए । से एवं णच्चा तहप्पगारे उवस्सए णो ठाणं वा, सेज्जं वा, णिसीहियं वा चेतेज्जा ।

– *आ. सु. २, अ. २, उ. ३, सु. ४४९*

१३४८. જો સાધુ કે સાધ્વી ઉપાશ્રય વિષે એમ જાણે કે-આ ઉપાશ્રયનો ગૃહસ્વામી **યાવત્** કર્મચારિણીઓ એક બીજાથી ઝગડે છે **યાવત્** ઉપદ્રવ કરે છે તો પ્રજ્ઞાવાન સાધુ માટે એવા ઉપાશ્રયમાં નિર્ગમન-પ્રવેશ કરવો **યાવત્** ધર્મચિંતન કરવું કલ્પે નહિ. એવું જાણી સાધુ એ ઉપાશ્રયમાં રહેવું, શય્યા અથવા સ્વાધ્યાયાદિ કરવા કલ્પતા નથી.

१३४९. आयाणमेयं भिक्खुस्स गाहावतीहिं सद्धिं संवसमाणस्स ।

इह खलु गाहावती अप्पणो सअट्ठाए अगणिकायं उज्जालेज्ज वा, पज्जालेज्ज वा, विज्झावेज्ज वा ।

अह भिक्खू उच्चावयं मणं णियच्छेज्जा-

"एते खलु अगणिकायं उज्जालेंतु वा, मा वा उज्जालेंतु, पज्जालेंतु वा, मा वा पज्जालेंतु विज्झावेंतु वा, मा वा विज्झावेंतु ।"

अह भिक्खुणं पुव्वोवदिट्ठा-**जाव**-एस उवएसे जं तहप्पगारे उवस्सए णो ठाणं वा, सेज्जं वा णिसीहियं वा चेतेज्जा ।

– *आ. सु. २, अ. २, उ. १, सु. ४२३*

१३४९. ગૃહસ્થ સાથે વાસ કરનાર સાધુને કર્મબંધન થાય છે. જેમ કે-

ગૃહસ્થ પોતાના માટે આગ સળગાવશે, પ્રગટાવશે, આગ બુઝાવશે.

તે જોઈ મુનિનું મન ઊંચું-નીચું થશે અને વિચારશે, "આ આગ સળગાવે કે ન સળગાવે, પ્રગટાવે કે ન પ્રગટાવે, અથવા ઠારે કે ન ઠારે તો સારું"

તેથી જ સાધુ માટે પૂર્વોપદિષ્ટ આચાર-પ્રતિજ્ઞા છે **યાવત્** ઉપદેશ દીધો છે કે ગૃહસ્થના સંસર્ગવાળા એક જ મકાનમાં રહેવું, શય્યા અથવા સ્વાધ્યાયાદિ કરવા કલ્પતાં નથી.

१३५०. आयाणमेयं भिक्खुस्स गाहावतीहिं सद्धिं संवसमाणस्स ।

इह खलु गाहावतिस्स कुंडले वा, गुणे वा, मणी वा, मोत्तिए वा, हिरण्णे वा, सुवण्णे वा, कडगाणि वा, तुडियाणि वा, तिसरगाणि वा, पालंबाणि वा, हारे वा, अद्धहारे वा, एगावली वा, मुत्तावली वा, कणगावली वा, रयणावली वा, तरुणियं वा, कुमारिं अलंकियविभूसियं पेहाए ।

अह भिक्खू उच्चावयं मणं णियच्छेज्जा,

१३५०. ગૃહસ્થ સાથે નિવાસ કરનાર સાધુને કર્મબંધાય છે. જેમ કે -.

મકાનમાં રહેનાર ગૃહસ્થના કુંડળ, કંદોરો, મણિ, મોતી, સોનું, ચાંદી, કડાં, બાજુબંધ, ત્રણસરો હાર, નવસરો હાર, અઢારસરો હાર, અર્ધહાર, લાંબી માળા, એકાવલી હાર, મુક્તાવલી હાર, કનકાવલી હાર, કે રત્નાવલી હાર વગેરે આભૂષણોને તથા વસ્ત્રાભૂષણોથી સુસજ્જિત તરુણી કે કુમારી કન્યાને દેખી,

સાધુના મનમાં ઊંચા- નીચા ભાવ થઈ શકે છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"एरिसिया वा सा, णो वा एरिसिया" इति वा णं बूया, इति वा णं मणं साएज्जा ।

अह भिक्खुणं पुव्वोवदिट्ठा-**जाव**-एस उवएसे जं तहप्पगारे उवस्सए णो ठाणं वा, सेज्जं वा, णिसीहियं वा चेतेज्जा ।

-आ. सु. २, अ. २, उ. १, सु. ४२४

"આવા આભૂષણ મારા ઘરે પણ હતા, મારી પુત્રી પણ આવી હતી. અથવા આવી નહોતી" તે આવા પ્રકારનાં ઉદ્ગાર કાઢી શકે છે અથવા મનોમન તેની અનુમોદના પણ કરી શકે છે.

માટે સાધુઓનો આ પૂર્વોપદિષ્ટ આચાર છે પ્રતિજ્ઞા છે **યાવત્** ઉપદેશ દીધો છે કે ગૃહસ્થના સંસર્ગવાળા એકજ મકાનમાં રહેવું, શય્યા અથવા સ્વાધ્યાયાદિ કરવા કલ્પતા નથી.

१३५१. आयाणमेयं भिक्खुस्स गाहावतीहिं सद्धिं संवसमाणस्स ।

इह खलु गाहावतिणीओ, गाहावतिधूयाओ वा, गाहावतिसुण्हाओ वा, गाहावतिधातीओ वा, गाहावतिदासीओ वा, गाहावतिकम्मकरीओ वा, तासिं च णं एवं वुत्तपुव्वं भवति-

"जे इमे भवंति समणा भगवंतो सीलमंता, वयमंता, गुणमंता, संजता, संवुडा, बंभयारी, उवरता मेहुणातो धम्मातो णो खलु एतेसिं कप्पति मेहुणधम्म-परियारणाए आउट्टित्तए ।

जा य खलु एतेसिं सद्धिं मेहुणधम्मपरियारणाए आउट्टेज्जा पुत्तं खलु सा लभेज्जा ओयस्सिं तेयस्सिं, वच्चस्सिं, जसस्सिं, संपरायियं, आलोय-दरिसिणिज्जं ।"

एयप्पगारं णिग्घोसं सोच्चा णिसम्म तासिं च णं अण्णतरी सड्ढी तं तवस्सिं भिक्खुं मेहुणधम्म-परियारणाए आउट्टावेज्जा ।

अह भिक्खुणं पुव्वोवदिट्ठा-**जाव**-एस उवएसे जं तहप्पगारे सागारिए उवस्सए णो ठाणं वा, सेज्जं वा, णिसीहियं वा चेतेज्जा ।

-आ. सु. २, अ. २, उ. १, सु. ४२५

१३५१. ગૃહસ્થ સાથે રહેવાથી સાધુને કર્મબંધન થાય છે જેમ કે -

તે સ્થાનમાં વસનાર ગૃહસ્થની પત્નીઓ, પુત્રીઓ, પુત્રવધૂઓ, ગૃહસ્થધાત્રિઓ, દાસીઓ અને ગૃહસ્થની કર્મચારિણીઓ રહે છે તેઓની સાથે પરસ્પર એવો વાર્તાલાપ પણ થવા સંભવ છે કે-

"આ શ્રમણ ભગવંત છે, તેઓ શીલવાન, વ્રતનિષ્ઠ, ગુણવાન, સંયમી, આશ્રવ નિરોધક, બ્રહ્મચારી તથા મૈથુન કર્મથી સદા વિરકૃત હોય છે. તેઓને મૈથુન સેવનની અભિલાષા પણ કલ્પતી નથી."

પરંતુ જે સ્ત્રી આવા સંત સાથે કદાચ મૈથુન સેવે તો તેને ઓજસ્વી, તેજસ્વી, યશસ્વી, સુંદર, પ્રભાવશાળી, સંગ્રામમાં શૂરવીર તથા દર્શનીય પુત્ર-ની પ્રાપ્તિ થાય છે.

આવા પ્રકારની વાતચીત સાંભળીને તે સ્ત્રીઓમાંથી કોઈ સ્ત્રીને પુત્ર પ્રાપ્તિની ઈચ્છા થઈ જાય, અને મુનિને મૈથુન સેવન માટે પ્રલોભન આપી આકર્ષિત કરે એવો સંભવ છે.

માટે સાધુનો આ પૂર્વોપદિષ્ટ આચાર છે - પ્રતિજ્ઞા છે **યાવત્** ઉપદેશ દીધો છે કે ગૃહસ્થના સંસર્ગવાળા એક જ મકાનમાં રહેવું, શય્યા અથવા સ્વાધ્યાયાદિ કરવાં કલ્પતા નથી.

१३५२. आयाणमेयं भिक्खुस्स गाहावतीहिं सद्धिं संवसमाणस्स ।

इह खलु गाहावइस्स अप्पणो सयट्ठाए विरूवरूवे भोयणजाते उवक्खडिते सिया, अह पच्छा भिक्खुपडियाए असणं वा-**जाव**-साइमं वा उवक्खडेज्ज वा, उवकरेज्ज वा ।

तं च भिक्खू अभिकंखेज्जा भोत्तए वा, पायए वा, वियट्टित्तए वा ।

१३५२. ગૃહસ્થ સાથે રહેવાથી સાધુને કર્મ બંધન થાય છે, જેમ કે -

ગૃહસ્થે પોતા માટે વિવિધ પ્રકારનું ભોજન બનાવ્યું હશે. તેમાં વળી પોતાની સાથે વસતા મુનિને દેખી તેના માટે પણ વિવિધ પ્રકારનાં અશન **યાવત્** સ્વાદ્ય આહાર પાણી બનાવશે ને લાવશે.

મુનિને તે અશનાદિને ખાવા- પીવાની ઈચ્છા થશે. ઉપરાંત એ આહારમાં આસક્ત થઈને ત્યાં રહેવાની કામના જાગશે અને સંયમ દૂષિત થશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अह भिक्खुणं पुव्वोवदिट्ठा–**जाव**–एस उवएसे जं तहप्पगारे उवस्सए णो ठाणं वा, सेज्जं वा, णिसीहियं वा चेतेज्जा ।

–*आ. सु. २, अ. २, उ. २, सु. ४२८*

માટે સાધુનો આ પૂર્વોપદિષ્ટ આચાર છે - પ્રતિજ્ઞા છે **યાવત્** ઉપદેશ દીધો છે કે ગૃહસ્થના સંસર્ગવાળા એક જ મકાનમાં રહેવું, શય્યા અથવા સ્વાધ્યાયાદિ કરવા કલ્પતાં નથી.

१३५३. गाहावती नामेगे सुइसमायारा भवंति, भिक्खू य असिणाणए मोयसमायारे से तग्गंधे दुग्गंधे पडिकूले पडिलोमे यावि भवति,

१૩૫૩. કોઈ ગૃહસ્થ શૌચાચાર-પરાયણ (બાહ્ય શુદ્ધિનું પાલન કરનાર) હોય, અને સાધુ સ્નાનાદિ ત્યાગી હોય, તેમાં વળી કેટલાક સાધુ મોક પ્રતિમાધારી પણ હોય, ગૃહસ્થને તેમના શરીર કે વસ્ત્રોમાંથી આવતી ગંધ દુર્ગંધરૂપ લાગે અથવા પ્રતિકૂળ કે અપ્રિય પણ લાગે.

जं पुव्वकम्मं तं पच्छाकम्मं, जं पच्छाकम्मं तं पुव्वकम्मं,

માટે ગૃહસ્થ સાધુના કારણે પહેલાં કરવાનું કાર્ય પછી કરે અને પછી કરવાનું કાર્ય પહેલાં કરી લે, એમ કાર્યક્રમમાં પરિવર્તન કરે.

ते भिक्खुपडियाए वट्टमाणा करेज्जा वा णो वा करेज्जा ।

વળી સાધુઓ માટે ભોજનાદિ કાર્ય વહેલું પતાવી દે અથવા ન પણ કરે.

अह भिक्खुणं पुव्वोवदिट्ठा–**जाव**–एस उवएसे जं तहप्पगारे उवस्सए णो ठाणं वा, सेज्जं वा, णिसीहियं वा चेतेज्जा ।

–*आ. सु. २, अ. २, उ. २, सु. ४२७*

માટે સાધુનો આ પૂર્વોપદિષ્ટ આચાર છે - પ્રતિજ્ઞા છે **યાવત્** ઉપદેશ દીધો છે કે ગૃહસ્થના સંસર્ગવાળા એકજ મકાનમાં રહેવું, શય્યા અથવા સ્વાધ્યાયાદિ કરવા કલ્પતાં નથી.

१३५४. से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण उवस्सयं जाणेज्जा–इह खलु गाहावती वा–**जाव**–कम्मकरीओ वा, अण्णमण्णस्स गातं तेल्लेण वा–**जाव**–णवणीएण वा, अब्भंगेति वा, मक्खेति वा, णो पण्णस्स णिक्खमण–पवेसाए–**जाव**–चिंताए, से एवं णच्चा तहप्पगारे उवस्सए णो ठाणं वा, सेज्जं वा, णिसीहियं वा चेतेज्जा ।

–*आ. सु. २, अ. २, उ. ३, सु ४५०*

१૩૫૪. સાધુ અથવા સાધ્વી જે ઉપાશ્રય વિષે એમ જાણે કે- અહીં ગૃહસ્થ **યાવત્** તેની કર્મચારિણીઓ પરસ્પર તેલ **યાવત્** માખણથી શરીરને માલિશ કરે છે, અથવા લગાવે છે. તો પ્રાજ્ઞસાધુએ ત્યાં જવું-આવવું **યાવત્** ધર્મચિંતન કરવું યોગ્ય નથી. એમ જાણી સાધુને એવા પ્રકારનાં ઉપાશ્રયમાં રહેવું, શય્યા અને સ્વાધ્યાય આદિ કરવા કલ્પતાં નથી.

१३५५. से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण उवस्सयं जाणेज्जा–इह खलु गाहावती वा–**जाव**–कम्मकरीओ वा अण्णमण्णस्स गायं सिणाणेण वा, कक्केण वा–**जाव**–पउमेण वा, आघंसंति वा, पघंसंति वा, उव्वलेंति वा, उवट्टेंति वा, णो पण्णस्स निक्खमण–पवेसाए–**जाव**–चिंताए, से एवं णच्चा तहप्पगारे उवस्सए णो ठाणं वा, सेज्जं वा, णिसीहियं वा चेतेज्जा ।

–*आ. सु. २, अ. २, उ. ३, सु. ४५१*

१૩૫૫. સાધુ અથવા સાધ્વી જે ઉપાશ્રય વિષે એમ જાણે કે- અહીં ગૃહસ્થ **યાવત્** કર્મચારિણી આદિ પરસ્પર સ્નાન, સુગંધિત પદાર્થ કલ્ક **યાવત્** પદ્મ ચૂર્ણ આદિ લગાવે છે, મસળે છે, મસળીને મેલ ઉતારે છે, વારંવાર ચોળે છે અથવા ચોળવાની કોઈ પ્રવૃત્તિ કરે છે. ત્યાં પ્રાજ્ઞ સાધુ માટે જવું આવવું **યાવત્** ધર્મ ચિંતન કરવું યોગ્ય નથી. બુદ્ધિમાન મુનિને એવા ઉપાશ્રયમાં નિવાસ શય્યા સ્વાધ્યાય આદિ કરવા કલ્પતાં નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१३५६. से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण उवस्सयं जाणेज्जा–ससागारियं, सागणियं, सउदयं, णो पण्णस्स णिक्खमणपवेसाए, णो पण्णस्स वायण–पुच्छण–परियट्टणाऽणुप्पेह–धम्माणुयोगचिंताए । से एवं णच्चा तहप्पगारे उवस्सए णो ठाणं वा, सेज्जं वा, णिसीहियं वा चेतेज्जा ।

–आ. सु. २, अ. २, उ. ३, सु. ४४७

१३५६. સાધુ અથવા સાધ્વી જે ઉપાશ્રયને વિષે એવું સમજે કે-આ ગૃહસ્થના સંસર્ગવાળો છે, અગ્નિકાય, જલકાયથી યુક્ત છે. તેમાં પ્રજ્ઞાવાન્ સાધુને નિષ્ક્રમણ, પ્રવેશ કરવો યોગ્ય નથી, તેમજ આવા પ્રકારનાં ઉપાશ્રયમાં વાચના પૃચ્છના, પરિવર્તના, અનુપ્રેક્ષા અને ધર્માનુયોગ ચિંતન આદિ માટે યોગ્ય નથી. એમ જાણી એવા ઉપાશ્રયમાં નિવાસ શય્યા આસન કે સ્વાધ્યાય કરવા કલ્પતાં નથી.

१३५७. से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण उवस्सयं जाणेज्जा–गाहावतिकुलस्स मज्झंमज्झेणं गंतुं वत्थए, पडिबद्धं वा, णो पण्णस्स णिक्खमण–पवेसाए–**जाव**–चिंताए, से एवं तहप्पगारे उवस्सए णो ठाणं वा, सेज्जं वा, णिसीहियं वा चेतेज्जा ।

–आ. सु. २, अ. २, उ. ३, सु. ४४८

१३५७. સાધુ અથવા સાધ્વી જે ઉપાશ્રયને વિષે એમ જાણે કે-ગૃહસ્થના ઘર વચ્ચેથી આવાગમન કરવાનો માર્ગ છે અને આવવા જવામાં પ્રતિબદ્ધ થાય છે. સ્વાધ્યાય આદિમાં વિઘ્ન પડે છે, એવા ઉપાશ્રયમાં પ્રજ્ઞાવાન સાધુએ આવવું જવું **યાવત્** ધર્મ ચિંતન કરવું યોગ્ય નથી. એવા ઉપાશ્રયમાં નિવાસ કરવો, શય્યા-આસન કે સ્વાધ્યાય કરવા કલ્પતાં નથી.

१३५८. से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण उवस्सयं जाणेज्जा–इह खलु गाहावती वा–**जाव**–कम्मकरीओ वा अण्णमण्णस्स वा, उच्छोलेंति वा, पधोवेंति वा, सिंचंति वा, सिणावेंति वा, णो पण्णस्स निक्खमण पवेसाए–**जाव**–चिंताए, से एवं णच्चा तहप्पगारे उवस्सए णो ठाणं वा, सेज्जं वा णिसीहियं वा चेतेज्जा ।

–आ. सु. २, अ. २, उ. ३, सु. ४५२

१३५८. સાધુ અથવા સાધ્વી જે ઉપાશ્રય વિષે એમ જાણે કે-અહીં ગૃહસ્થ **યાવત્** કર્મચારિણીઓ આદિ પરસ્પર શીતલ જળથી કે ગરમ જળથી અધિક જળ લઈને કે જળ ઉછાળીને શરીર સારું કરે છે, એક બીજા પર સિંચન કરે છે, સ્નાન કરાવે છે તેવા ઉપાશ્રયમાં આવવું જવું **યાવત્** ધર્મ ચિંતન કરવું યોગ્ય નથી, એવા ઉપાશ્રયમાં પ્રજ્ઞાવાન્ સાધુએ નિવાસ કરવો શય્યા-આશન કે સ્વાધ્યાય કરવા કલ્પતાં નથી.

१३५९. से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण उवस्सयं जाणेज्जा–इह खलु गाहावती वा–**जाव**–कम्मकरीओ वा, णिगिणा ठिता, णिगिणा उवल्लीणा, मेहुणधम्मं विण्णवेंति, रहस्सियं वा मंतं मंतेंति, णो पण्णस्स निक्खमण–पवेसाए–**जाव**–चिंताए, से एवं णच्चा तहप्पगारे उवस्सए णो ठाणं वा, सेज्जं वा, णिसीहियं वा चेतेज्जा ।

– आ. सु. २, अ. २, उ. ३, सु. ४५३

१३५९. સાધુ અથવા સાધ્વી જે ઉપાશ્રય વિષે એમ જાણે કે અહીં ગૃહસ્થ **યાવત્** કર્મચારિણીઓ આદિ નગ્ન થઈને રહેલ છે અથવા નગ્ન થઈને છૂપાયેલ છે. એકાન્તમાં મૈથુન સેવન કરે છે અથવા કોઈ ગુપ્ત મંત્રણા કરે છે તેવા ઉપાશ્રયમાં આવવું જવું **યાવત્** ધર્મચિંતન કરવું યોગ્ય નથી. એવા ઉપાશ્રયમાં નિવાસ કરવો શય્યા-આસન કે સ્વાધ્યાય કરવા કલ્પતાં નથી.

१३६०. से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण उवस्सयं जाणेज्जा–आइण्णं–संलिक्खं णो पण्णस्स निक्खमण–पवेसाए–**जाव**–चिंताए, से एवं णच्चा तहप्पगारे उवस्सए णो ठाणं वा, सेज्जं वा, णिसीहियं वा चेतेज्जा ।

– आ. सु. २, अ. २, उ. ३, सु. ४५४

१३६०. સાધુ અથવા સાધ્વી જે ઉપાશ્રયને ચિત્રવાળા જાણે અને તે ચિત્રોમાં સ્ત્રી આદિ દેખીને પૂર્વે કરેલા વિષય-ભોગ ક્રીડાનું સ્મરણ થાય, એવા ઉપાશ્રયમાં નિર્ગમન-પ્રવેશ **યાવત્** ધર્મચિંતન કરવું યોગ્ય નથી. એવા ઉપાશ્રયમાં પ્રજ્ઞાવાન મુનિએ નિવાસ કરવો શય્યા- આસન કે સ્વાધ્યાય કરવા કલ્પતાં નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गिहत्थ पडिबद्ध उवस्सयस्स दोसाइं –

१३६१. से भिक्खू वा, भिक्खुणी वा उच्चारपासवणेणं उब्बाहिज्ज-माणे रातो वा वियाले वा गाहावइकुलस्स दुवारबाहं अवंगुणेज्जा, तेणो य तस्संधिचारी अणुपविसेज्जा, तस्स भिक्खुस्स णो कप्पति एवं वदित्तए –

"अयं तेणे पविसति वा णो वा पविसति,
उवल्लियति वा णो वा उवल्लियति, आपतति वा णो वा आपतति, वयइ वा णो वा वयइ,
तेण हडं, अण्णेण हडं,
तस्स हडं, अण्णस्स हडं,
अयं तेणे, अयं उवचरए,
अयं हंता, अयं एत्थमकासी ।"
तं तवस्सिं भिक्खुं अतेणं तेणमिति संकति ।

अह भिक्खुणं पुव्वोवदिट्ठा–**जाव**–एस उवएसे तं तहप्पगारे उवस्सए णो ठाणं वा, सेज्जं वा, णिसीहियं वा चेतेज्जा ।

–आ. सु. २, अ. २, उ. २, सु. ४३०

ગૃહસ્થ પ્રતિબદ્ધ ઉપાશ્રયના દોષ :

૧૩૬૧. ગૃહસ્થ સાથે એક મકાનમાં રહેનાર સાધુ અથવા સાધ્વી દીર્ઘશંકા અથવા લઘુશંકાથી બાધિત થઈને રાત્રિમાં અથવા વિકાલના સમયે ઘરના દ્વાર ખોલી બહાર જાય એવા સમયે કદાચિત્ અવસર શોધતો ચોર અંદર પ્રવેશી જાય ત્યારે સાધુએ એમ કહેવું કલ્પતું નથી કે -

"આ ચોર પ્રવેશી રહ્યો છે અથવા પ્રવેશ કર્યો નથી.
છુપાઈ ગયો છે અથવા છુપાયો નથી, આવે છે કે આવતો નથી, જાય છે કે જતો નથી,
તેણે ચોરી કરી અથવા બીજાએ ચોરી કરી,
તેનું ધન ચોરાયું છે કે બીજાનું ધન ચોરાયું છે,
આ જ ચોર છે અથવા ચોરનો સાથી છે,
આ ઘાતક છે, એણે જ આ કર્યું છે." મુનિ પોતાના આચારાનુસાર કંઈ પણ કહી શકે નહીં. નહીં તો ગૃહસ્થ તે મુનિ પર ચોર ન હોવા છતાં પણ ચોર હોવાની શંકા રાખે,
તેથી મુનિનો એ જ પૂર્વોપદિષ્ટ આચાર છે - પ્રતિજ્ઞા છે **યાવત્** ઉપદેશ આપ્યો છે, કે ગૃહસ્થ સાથે નિવાસાદિ ન કરે, તથા શય્યા આસન સ્વાધ્યાયાદિ કરવા કલ્પતાં નથી.

सुद्ध उवस्सयस्स परूवणा –

१३६२. से य णो सुलभे फासुए उंछे अहेसणिज्जे, णो य खलु सुद्धे इमेहिं पाहुडेहिं, तं जहा–छावणतो लेवणतो संथार–दुवार पिहाणतो पिंडवातेसणाओ ।

से य भिक्खू चरियारते, ठाणरते, णिसीहियारते, सेज्जासंथार–पिंडवातेसणारते, संति भिक्खुणो एवमक्खाइणो उज्जुकडा णियागपडिवण्णा अमायं कुव्वमाणा वियाहिता ।

શુધ્ધ ઉપાશ્રયની પ્રરૂપણા :

૧૩૬૨. અહીં પ્રાસુક-નિર્દોષ ઉંછ એષણિય ઉપાશ્રય દુર્લભ છે તથા સાવદ્ય કર્મો (પાપયુક્ત ક્રિયાઓ)ના કારણે શુદ્ધ નિર્દોષ ઉપાશ્રય મળવો મુશ્કેલ છે. કારણ કે સાધુ માટે કોઈક સ્થાનમાં છત બનાવેલ હોય તો વળી કોઈ સ્થાન લીંપેલ હોય, કયાંક સંસ્તારક બીછાવવા માટે વિષમ ભૂમિને સમ કરેલ હોય તથા કોઈક જગ્યાએ દ્વાર નાના મોટા કર્યા હોય, કોઈ આહારની એષણાનું કારણ બન્યું હોય-ઈત્યાદિ દોષોના કારણે શુદ્ધ નિર્દોષ ઉપાશ્રય મળવો કઠિન છે.

કોઈ સાધુ ચર્યાવાન હોય છે તો કોઈ સાધુ કાયોત્સર્ગ કરનાર હોય છે. કોઈ એકાંતમાં સ્વાધ્યાય કરનાર હોય છે તો કોઈ શય્યા સંસ્તારક અને પિંડપાતની શુદ્ધ ગવેષણામાં અનુરત હોય છે. તેથી ઉક્ત ક્રિયા યોગ્ય ઉપાશ્રય મળવો મુશ્કેલ છે એમ કેટલાક સરલ, નિષ્કપટી તેમજ મોક્ષ પથગામી સાધુ ઉપાશ્રયના દોષ બતાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

संतेगतिया पाहुडिया उक्खित्तपुव्वा भवति, एवं णिक्खित्तपुव्वा भवति, परिभाइयपुव्वा भवति, परिभुत्तपुव्वा भवति, परिट्ठवियपुव्वा भवति ।

प. एवं वियागरेमाणे समिया वियागरेइ ?

उ. हंता भवति ।

– आ. सु. २, अ. २, उ. ३, सु. ४४३

કેટલાક મકાન ખાલી પડયા હોય છે, કેટલાક મકાન ગૃહસ્થના મહેમાન આદિ માટે રાખેલા હોય છે. કેટલાક મકાનો ભેટ મળેલા હોય છે. કેટલાક મકાન સમયે-સમયે ગૃહસ્થના ઉપયોગમાં લેવામાં આવે છે. કેટલાક મકાન અનુપયોગી પણ હોય છે, અથવા દાનમાં દીધેલા પણ હોય છે. (આવા મકાન ગૃહસ્થને માટે બનેલ હોવાથી સાધુને કલ્પે છે.)

પ્ર. ગૃહસ્થને આ પ્રમાણે ઉપાશ્રય સંબંધી દોષો કહી દેનાર મુનિ શું સમ્યક્ વદતા છે ?

ઉ. હા, વાસ્તવિક દોષ બતાવનારા મુનિ સમ્યક્ વદતા છે.

अभिक्खणं साहम्मिय आगमण वसहि णिसेहो –

१३६३. से आगंतारेसु वा, आरामागारेसु वा, गाहावतिकुलेसु वा, परियावसहेसु वा, अभिक्खणं-अभिक्खणं साहम्मिएहिं ओवयमाणेहिं णो ओवतेज्जा ।

–आ. सु. २, अ. २, उ. २, सु. ४३२

વારંવાર સાધર્મિકના આગમનની શય્યાનો નિષેધ :

૧૩૬૩. મુનિને ધર્મશાળા, ઉદ્યાનગૃહો, કે ગૃહસ્થના ઘરો કે તાપસ આદિના મઠોમાં જ્યાં વારંવાર સાધર્મિક સાધુ આવી વસે છે તેવા સ્થાનમાં ઉતરવું ન જોઈએ.

कालातिक्कंत किरिया सरूवं –

१३६४. से आगंतारेसु वा–**जाव**–परियावसहेसु वा जे भयंतारो उडुबद्धियं वा, वासावासियं वा कप्पं उवातिणित्ता तत्थेव भुज्जो भुज्जो संवसंति अयमाउसो ! **कालातिक्कंतकिरिया** यावि भवति ।

–आ. सु. २, अ. २, उ. २, सु. ४३३

કાલાતિક્રાન્ત ક્રિયાનું સ્વરૂપ :

૧૩૬૪. જે મુનિ મહાત્માઓએ ધર્મશાળા **યાવત્** મઠોમાં ઋતુબદ્ધ માસ કલ્પ કે વર્ષાવાસકલ્પ વીતાવ્યો છે, એજ સ્થાનમાં કોઈપણ કારણ વગર નિરંતર નિવાસ કરે તો, હે આયુષ્મન્ શ્રમણો ! તેઓને **'કાલાતિક્રાંત ક્રિયા'** દોષ લાગે છે.

उवट्ठाण किरिया सरूवं –

१३६५. से आगंतारेसु वा–**जाव**–परियावसहेसु वा जे भयंतारो उडुबद्धियं वा वासावासियं वा कप्पं उवातिणावित्ता तं दुगुणा दुगुणेण अपरिहरित्ता तत्थेव भुज्जो भुज्जो संवसंति अयमाउसो ! **उवट्ठाणकिरिया** यावि भवति ।

–आ. सु. २, अ. २, उ. २, सु. ४३४

ઉપસ્થાન ક્રિયાનું સ્વરૂપ :

૧૩૬૫. જે મુનિ ધર્મશાળા **યાવત્** મઠોમાં માસ કલ્પ યા વર્ષાવાસ કલ્પ જેટલા સમય રહ્યા હોય, તેટલા સમય કરતાં બીજા સ્થાને બમણો, ત્રણ ગણો સમય વ્યતીત કર્યા વિના ત્યાં ચાતુર્માસ કરે, અથવા માસ કલ્પ કરે તો હે આયુષ્મન્ શ્રમણો ! તેને **'ઉપસ્થાન ક્રિયા'** દોષ લાગે છે.

भिक्खुस्स एग खेत्ते पुणरागमण कालमेरा–

१३६६. संवच्छरं वावि परं पमाणं,
बीयं च वासं न तहिं वसेज्जा ।
सुत्तस्स मग्गेण चरेज्ज भिक्खू,
सुत्तस्स अत्थो जह आणवेइ ।

–दस. चू. २, गा. ११

મુનિને એક ક્ષેત્રમાં ફરી આવવાની કાલમર્યાદા :

૧૩૬૬. મુનિએ જ્યાં વર્ષાવાસ કરેલ છે ત્યાં ઉત્કૃષ્ટ એક વર્ષ સુધી ફરી આવીને ન રહે.
પરંતુ (બમણો કાળ વ્યતીત કરવો) આગમ વિધિ કે સૂત્રનો અર્થ (ભાવ) જે પ્રમાણે આજ્ઞા આપે એ જ પ્રમાણે આચરણ કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अणभिक्कंत किरिया सरूवं –

१३६७. इह खलु पाईणं वा–**जाव**–उदीणं वा संतेगतिया सड्ढा भवंति–**जाव**–तं रोयमाणेहिं बहवे समण–माहण अतिहि–किवण–वणीमए समुद्दिस्स तत्थ तत्थ अगारीहिं अगाराइं चेतिताइं भवंति,
तं जहा–आएसणाणि वा–**जाव**–भवणगिहाणि वा ।

जे भयंतारो तहप्पगाराइं आएसणाणि वा–**जाव**–भवणगिहाणि वा, तेहिं अणोवतमाणेहिं ओवयति अयमाउसो ! **अणभिक्कंतकिरिया** यावि भवति ।

–आ. सु. २, अ. २, उ. २, सु. ४३६

અનભિક્રાન્ત ક્રિયાનું સ્વરૂપ :

૧૩૬૭. આ જગતમાં પૂર્વ **યાવત્** ઉત્તર દિશાઓમાં કેટલાક શ્રદ્ધાળુ હોય છે **યાવત્** તે શ્રદ્ધા પ્રતીતિ અને પ્રીતિ રાખતાં બધા પ્રકારના શ્રમણો, બ્રાહ્મણો, અતિથિઓ, ભિક્ષુઓ અને દરિદ્રીઓ વગેરેને રહેવા માટે સ્થાનાદિ તૈયાર કરાવે છે, જેમ કે - લુહારશાળા **યાવત્** ભૂમિગૃહ આદિ.
જે શ્રમણ ભગવન્ત એવી લુહારશાળા **યાવત્** ભૂમિગૃહોમાં આવીને સૌથી પહેલાં નિવાસાદિ ક્રિયા કરે તો હે આયુષ્મન્ શ્રમણો ! તેને **'અનભિક્રાન્ત ક્રિયા'** ઉપાશ્રય કહેવાય છે. (તે સર્વથા અકલ્પનીય છે)

वज्जकिरिया सरूवं –

१३६८. इह खलु पाईणं वा–**जाव**–उदीणं वा संतेगइया सड्ढा भवंति, तं जहा–गाहावती वा–**जाव**–कम्मकरीओ वा, तेसिं च णं एवं वुत्तपुव्वं भवति–जे इमे भवंति समणा भगवंतो सीलमंता–**जाव**–उवरता मेहुणाओ धम्माओ, णो खलु एतेसिं भयंताराणं कप्पति आधाकम्मिए उवस्सए वत्थए, से ज्जाणिमाणि अम्हं अप्पणो सयट्ठाए चेतियाइं भवंति, तं जहा – आएसणाणि वा–**जाव**–भवणगिहाणि वा, सव्वाणि ताणि समणाणं णिसिरामो, अविवाइं वयं पच्छावि अप्पणो सयट्ठाए चेतेस्सामो तं जहा– आएसणाणि वा–**जाव**–भवणगिहाणि वा ।
एतप्पगारं णिग्घोसं सोच्चा णिसम्म जे भयंतारो तहप्पगाराइं आएसणाणि वा–**जाव**–भवणगिहाणि वा उवागच्छंति इतरातितरेहिं पाहुडेहिं वट्टंति, अयमाउसो ! **वज्जकिरिया** यावि भवति ।

–आ. सु. २, अ. २, उ. २, सु. ४३७

वर्ज्य ક્રિયાનું સ્વરૂપ :

૧૩૬૮. આ સંસારમાં પૂર્વ **યાવત્** ઉત્તર દિશામાં કેટલાક શ્રદ્ધાળુ વ્યક્તિઓ રહે છે, જેમ કે -ગૃહસ્થ **યાવત્** કર્મચારિણીઓ, તેઓનું કહેવું એમ છે કે
આ શ્રમણ ભગવન્ત શીલવાન્ છે **યાવત્** મૈથુનસેવનના ત્યાગી છે. આ મુનિઓને તેના ઉદ્દેશ્યથી બનાવેલા ઉપાશ્રયમાં રહેવું કલ્પતું નથી. માટે જે ગૃહો અમારા માટે બનાવ્યાં છે, જેમ કે લુહારશાળા **યાવત્** ભવનગૃહ તે પૂર્વોક્ત સઘળા ઘરો અમે મુનિઓને રહેવા માટે દઈએ છીએ. અને અમે અમારા માટે લુહાર શાળા **યાવત્** ભવનગૃહ નવા બનાવી લઈશું.

ગૃહસ્થોના આવી રીતના શબ્દો સાંભળી સમજીને જે મુનિ તે શાળા **યાવત્** ઘરોમાં નિવાસ કરે અથવા એવી રીતે બીજાના આપેલા નાના મોટા મકાનમાં રહે તો હે આયુષ્મન્ શ્રમણો ! તેને **'વર્જ્યક્રિયા'** ઉપાશ્રય કહેવાય છે. (તે સર્વથા અકલ્પનીય છે)

महावज्जकिरिया सरूवं

१३६९. इह खलु पाईणं वा –**जाव**– उदीणं वा संतेगतिया सड्ढा भवंति –**जाव**– तं रोयमाणेहिं बहवे–समण माहण –**जाव**– पगणिय पगणिय समुद्दिस्स तत्थ तत्थ अगारीहिं अगाराइं चेतियाइं भवंति, तं जहा–आएसणाणि वा –**जाव**– भवणगिहाणि वा,

મહાવર્જ્યક્રિયાનું સ્વરૂપ :

૧૩૬૯. આ સંસારમાં પૂર્વ **યાવત્** ઉત્તર દિશામાં કેટલાક શ્રદ્ધાળુ હોય છે **યાવત્** સાધુ પર શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ કરતા થકા ઘણા શ્રમણો, બ્રાહ્મણો **યાવત્** દરિદ્રો ને ગણી ગણી તેમના ઉદ્દેશ્યથી જ્યાં ત્યાં લોહારશાળા **યાવત્** ભૂમિગૃહ બનાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जे भयंतारो तहप्पगाराइं आएसणाणि वा-**जाव**-भवणगिहाणि वा उवागच्छंति उवागच्छित्ता इयराइयरेहिं पाहुडेहिं वट्टंति अयमाउसो ! **महावज्जकिरिया** यावि भवति ।

– आ. सु. २, अ. २, उ. २, सु. ४३८

जे મુનિ આવી રીતના લોહારશાળા **યાવત્** ભૂમિગૃહમાં નિવાસ કરે, ત્યાં રહીને એક બીજાનાં આપેલા મકાનોનો ઉપયોગ કરે છે તો હે આયુષ્મન્ શ્રમણો ! તે ઉપાશ્રય એમના માટે **'મહાવર્જ્ય ક્રિયા'** વાળો કહેવાય છે. (તે સર્વથા અકલ્પનીય છે)

सावज्जकिरिया सरूवं –

सावद्य क्रियानुं स्वरूप :

१३७०. इह खलु पाईणं वा-**जाव**-उदीणं वा, संतेगतिया सड्ढा भवंति-**जाव**-तं रोयमाणेहिं बहवे समणजाते समुद्दिस्स तत्थ तत्थ अगारीहिं अगाराइं चेतिताइं भवंति, तं जहा-आएसणाणि वा-**जाव**-भवणगिहाणि वा,'

जे भयंतारो तहप्पगाराइं आएसणाणि वा-**जाव**-भवणगिहाणि वा उवागच्छंति उवागच्छित्ता इतराइतरेहिं पाहुडेहिं वट्टंति अयमाउसो ! **सावज्जकिरिया** यावि भवंति ।

-आ. सु. २, अ. २, उ. २, सु. ४३९

१३७०. આ સંસારમાં પૂર્વ **યાવત્** ઉત્તર દિશામાં કેટલાક શ્રદ્ધાળુ હોય છે **યાવત્** અભિરુચિ કરતા થકા ઘણા શ્રમણોના ઉદ્દેશ્યથી જ્યાં ત્યાં લોહશાળા **યાવત્** ભૂમિગૃહ બનાવડાવે છે.

જે મુનિ આવી રીતના લોહશાળા **યાવત્** ભૂમિગૃહમાં નિવાસ કરે ત્યાં રહીને એક બીજાના આપેલા મકાનોનો ઉપયોગ કરે છે તો હે આયુષ્મન્ શ્રમણો તે ઉપાશ્રય એમના માટે **'સાવદ્યક્રિયા'**વાળો દોષયુક્ત છે.

महासावज्ज किरिया सरूवं –

महासावद्य क्रियानुं स्वरूप :

१३७१. इह खलु पाईणं वा-**जाव**-उदीणं वा संतेगतिया सड्ढा भवंति-**जाव**-तं रोयमाणेहिं एगं समणजातं समुद्दिस्स तत्थ तत्थ अगारीहिं अगाराइं चेतिताइं भवंति, तं जहा-आएसणाणि वा-**जाव**-भवणगिहाणि वा, महता पुढविकायसमारंभेणं **-जाव**-महता तसकायसमारंभेणं, महता संरंभेणं, महता समारंभेणं, महता आरंभेणं, महता विरूवरूवेहिं पावकम्मकिच्चेहिं, तं जहा- छावणतो, लेवणतो, संथार-दुवार-पिहणतो, सीतोदए वा परिट्ठवियपुव्वे भवति, अगणिकाए वा उज्जालियपुव्वे भवति।

जे भयंतारो तहप्पगाराइं आएसणाणि वा-**जाव**-भवणगिहाणि वा, उवागच्छति उवागच्छित्ता इतराइतरेहिं पाहुडेहिं वट्टंति दुपक्खं ते कम्मं सेवंति, अयमाउसो ! **महासावज्जकिरिया** यावि भवति ।

-आ. सु. २, अ. २, उ. २, सु. ४४०

१३७१. આ સંસારમાં પૂર્વ **યાવત્** ઉત્તર દિશામાં કેટલાક શ્રદ્ધાળુ હોય છે **યાવત્** અભિરુચિ કરતા થકા કોઈ એક શ્રદ્ધાળુ સાધુના ઉદ્દેશ્યથી લોહશાળા **યાવત્** ભૂમિગૃહ આદિ બનાવે છે. પૃથ્વીકાયનો મહાન સમારંભ કરીને **યાવત્** ત્રસકાયનો મહાન સમારંભ કરીને, મહાન સંરંભ, મહાન સમારંભ તથા મહાન આરંભ કરીને, વિવિધ પ્રકારના પાપકર્મોનું આચરણ કરીને, જેમકે-તેને આચ્છાદિત કરીને, લીંપીને, બેઠક અથવા દ્વાર બંધ કરીને, (શાળા આદિ તૈયાર કરાવે છે) ત્યાં સચિત્ત પાણી પડેલું હોય છે, અગ્નિપણ સળગાવેલ હોય છે.

જે સાધુ આવા પ્રકારની લોહશાળા **યાવત્** ભૂમિગૃહમાં રહે છે તથા એવી એક બીજાને દાન ભેટ આપેલ શાળામાં રહે છે, તેઓ દ્વિપક્ષ (દ્રવ્યથી સાધુરૂપ, ભાવથી ગૃહસ્થરૂપ) ક્રિયાનું સેવન કરે છે, હે આયુષ્મન્ ! એ શ્રમણો માટે આ ઉપાશ્રય **મહાસાવદ્યક્રિયાથી** યુક્ત છે.

एगदुवारवंतेसु गामाइसु णिग्गंथ- णिग्गंथीणं णिसिद्ध वसणं

વગડા જેવા ગ્રામાદિમાં નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થિઓને રહેવાનો નિષેધ :

१३७२ से गामंसि वा-**जाव**-रायहाणिंसि वा, एगवगडाए, एगदुवाराए, एगनिक्खमणपवेसाए, नो कप्पइ निग्गंथाण य निग्गंथीण य एगयओ वत्थए ।

-कप्प. उ. १, सु. १०

१३७२. નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થિઓને એક વગડાવાળા, એક દ્વારવાળા અને એક નિષ્ક્રમણ પ્રવેશવાળા ગ્રામ **યાવત્** રાજધાનીમાં (ભિન્ન ભિન્ન ઉપાશ્રયોમાં) સમકાળ વસવું કલ્પતું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

णिग्गंथ- णिग्गंथीणं दगतीरंसि णिसिद्ध किच्चाइं-

१३७३. नो कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा, दगतीरंसि चिट्ठित्तए वा, निसीइत्तए वा, तुयट्टित्तए वा, निद्दाइत्तए वा, पयलाइत्तए वा, असणं वा-**जाव**-साइमं वा आहरित्तए वा, उच्चारं वा, पासवणं वा, खेलं वा, सिंघाणं वा परिट्ठवेत्तए, सज्झायं वा करित्तए, धम्मजागरियं वा जागरित्तए, काउसग्गं वा ठाणं ठाइत्तए ।

-कप्प. उ. १, सु. २०

निर्ग्रन्थ-निर्ग्रन्थिओ माटे पाणीना किनारा पर निषेध कार्य :

१३७३. निर्ग्रन्थ-निर्ग्रन्थिओने दकतीर (पाणीनो किनारो) पर ऊभुं रहेवुं, बेसवुं, शयन करवुं, निद्रा लेवी, ऊंघवुं, अशन **यावत्** स्वादिम आहार खावो-पीवो, मळ-मूत्र, श्लेष्म-नासामल आदिनो परित्याग करवो के स्वाध्याय करवानुं, धर्म जागरिका (रात्रि जागरण) करवी तथा ऊभा रहीने के बेसीने कायोत्सर्ग करवानुं कल्पतुं नथी.

णिग्गंथी उवस्सए णिग्गंथाणं णिसिद्ध किच्चाइं-

१३७४. नो कप्पइ निग्गंथाणं निग्गंथीणं उवस्सयंसि-

१. चिट्ठित्तए वा,
२. निसीइत्तए वा,
३. तुयट्टित्तए वा,
४. निद्दाइत्तए वा,
५. पयलाइत्तए वा,
६-९. असणं वा-**जाव**-साइमं वा आहारं आहारेत्तए,
१०. उच्चारं वा,
११. पासवणं वा,
१२. खेलं वा,
१३. सिंघाणं वा परिट्ठवेत्तए,
१४. सज्झायं वा करेत्तए,
१५. झाणं वा झाइत्तए,
१६. काउसग्गं वा करित्तए, ठाणं वा ठाइत्तए ।

-कप्प. उ. ३, सु. १

निर्ग्रन्थिओना उपाश्रयमां निर्ग्रन्थो माटे निषेध कार्य :

१३७४. निर्ग्रन्थोने निर्ग्रन्थिओना उपाश्रयमां -

१. ऊभा रहेवुं,
२. बेसवुं,
३. आडा पडखे थवुं
४. निद्रा लेवी,
५. ऊंघवुं,
६-९ अशन **यावत्** स्वादिमनो आहार करवो,
१०. मळ,
११. मूत्र,
१२. कफ,
१३. नाकनो मेल त्याग,
१४. स्वाध्याय,
१५. ध्यान तथा
१६. ऊभा रहीने के बेसीने कायोत्सर्ग करवो कल्पतो नथी.

णिग्गंथाणं उवस्सए णिग्गंथीणं णिसिद्ध किच्चाइं-

१३७५. नो कप्पइ निग्गंथीणं निग्गंथाणं उवस्सयंसि चिट्ठित्तए वा-**जाव**-ठाणं वा ठाइत्तए ।

-कप्प. उ. ३, सु. २

निर्ग्रन्थोना उपाश्रयमां निर्ग्रन्थिओ माटे निषेध कार्य :

१३७५ निर्ग्रन्थिओने निर्ग्रन्थोना उपाश्रयमां रहेवुं **यावत्** ऊभा रहीने के बेसीने कायोत्सर्ग करवुं कल्पतुं नथी.

णिसीहियाए णिसिद्ध किच्चाइं-

१३७६. जे तत्थ दुवग्गा वा, तिवग्गा वा, चउवग्गा वा, पंचवग्गा वा, अभिसंधारेज्जा णिसीहियं गमणाए,

ते णो अण्णमण्णस्स कायं आलिंगेज्ज वा, विलिंगेज्ज वा, चुंबेज्ज वा, दंतेहिं वा, अच्छिंदेज्ज वा विच्छिंदेज्ज वा ।

-आ. सु. २, अ. ९, सु. ६४३

स्वाध्याय भूमिमां निषेध कार्य :

१३७६ जो साधु स्वाध्यायभूमिमां बब्बे, त्रण-त्रण, चार-चार के पांच-पांचना समूहमां भेगा थईने जवा ईच्छे तो,

त्यां एकबीजाना शरीरने परस्पर आलिंगन न करे तथा एकबीजाने चोंटे पण नहि तथा परस्पर चुंबन आदि पण करे नहि तथा दांत अने नखथी एकबीजानुं छेदन पण करे नहि.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

शय्यैषणा विधि- निषेध : 3

अंतलिक्ख उवस्सयस्स विहि-णिसेहो-

१३७७. से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण उवस्सयं जाणेज्जा,

तं जहा- खंधंसि वा-**जाव**-हम्मियतलंसि वा, अण्णतरंसि वा तहप्पगारंसि अंतलिक्खजायंसि णण्णत्थ आगाढागाढेहिं कारणेहिं णो ठाणं वा, सेज्जं वा, णिसीहियं वा चेतेज्जा ।

से य आहच्च चेतिते सिया,

णो तत्थ सीतोदगवियडेण वा, उसिणोदगवियडेण वा, हत्थाणि वा, पादाणि वा, अच्छीणि वा, दंताणि वा, मुहं वा, उच्छोलेज्ज वा, पधोएज्ज वा,

णो तत्थ उसढं पकरेज्जा, तं जहा- उच्चारं वा, पासवणं वा, खेलं वा, सिंघाणं वा, वंतं वा, पित्तं वा, पूतिं वा, सोणियं वा, अण्णतरं वा सरीरावयवं ।

केवली बूया- आयाणमेयं ।

से तत्थ ऊसट्ठं पकरेमाणे पयलेज्ज वा, पवडेज्ज वा, से तत्थ पयलमाणे वा, पवडमाणे वा, हत्थं वा-**जाव**-सीसं वा, अण्णतरं वा कायंसि इंदियजातं लूसेज्ज वा, पाणाणि वा-**जाव**-सत्ताणि वा, अभिहणेज्ज वा-**जाव**-ववरोवेज्ज वा ।

अह भिक्खुणं पुव्वोवदिट्ठा एस पइण्णा-**जाव**-एस उवएसे, जं तहप्पगारे उवस्सए अंतलिक्खजाते णो ठाणं वा सेज्जं वा, णिसीहियं वा चेतेज्जा ।

-आ. सु. २, अ. २, उ. १, सु. ४११

अन्तरिक्ष उपाश्रय माटे विधि-निषेध :

१३७७. साधु अथवा साध्वी उपाश्रय विषे એम જાણે કે -

એ સ્થંભ પર **यावत्** ભોંયરામાં કે કોઈ ઊંચા સ્થાનપર બનાવેલ છે, અથવા અન્ય પણ આ પ્રકારનાં અન્તરિક્ષજાત સ્થાન પર છે.તો વિશેષ કારણ વિના તેમાં નિવાસ, શય્યા અને સ્વાધ્યાય ન કરે.

કદાચિત્ કારણવશાત્ એવા સ્થામાં વસવું પડે તો ત્યાં ઠંડા પાણી અથવા ગરમપાણીથી હાથ, પગ, આંખ, દાંત, મુખ, એકવાર અથવા વારંવાર સાફ ન કરે.

ત્યાં કોઈ પણ પ્રકારનું વ્યુત્સર્જન ન કરે તથા મળ-મૂત્ર, કફ, લીંટ, ઉલટી, પીત, પસ, રુધિર, વગેરે શરીરના અવયવોમાંથી નીકળતી કોઈ પણ પ્રકારની અશુચિનો ત્યાગ ત્યાં ન કરે.

કારણ કે, તીર્થંકર ભગવાને કહ્યું છે કે - આ બધું કરવું તે કર્મ બંધનનું કારણ છે.

સંભવ છે કે ઉપરથી કંઈ ફેંકવા જતાં સાધુ પડી જાય, લપસી જાય, અને લપસવાથી કે પડવાથી હાથ **यावत्** મસ્તક કે શરીરનું કોઈ પણ અંગ- ઉપાંગ તૂટી જાય. એથી પણ વિશેષ ત્યાં રહેલા પ્રાણી **यावत्** સત્વ વગેરેનો ઘાત થાય **यावत्** પ્રાણ-રહિત થઈ જાય.

તેથી સાધુનો આ પૂર્વોપદિષ્ટ આચાર છે **यावत्** ઉપદેશ આપેલ છે કે આવા ઊંચા ઉપાશ્રયમાં રહેવું, શય્યા અથવા સ્વાધ્યાયાદિ કરવા નહીં.

एसणिज्जा अणेसणिज्जा य उवस्सया -

१३७८. से भिक्खू वा, भिक्खुणी वा अभिकंखेज्जा उवस्सयं एसित्तए से अणुपविसित्तागामं वा-**जाव**- रायहाणिं वा से ज्जं पुण उवस्सयं जाणेज्जा-सअंडं-**जाव**-मक्कडासंताणयं । तहप्पगारे उवस्सए णो ठाणं वा सेज्जं वा, णिसीहियं वा चेतेज्जा ।

से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण उवस्सयं जाणेज्जा-अप्पंडं-**जाव**-मक्कडासंताणयं ।

तहप्पगारे उवस्सए पडिलेहित्ता पमज्जित्ता ततो संजयामेव ठाणं वा, सेज्जं वा, णिसीहियं वा चेतेज्जा ।

-आ. सु. २, अ. २, उ. १, सु. ४१२

એષણીય અને અનેષણીય ઉપાશ્રય :

१३७८. સાધુ કે સાધ્વી જે ઉપાશ્રય વિષે ગવેષણા કરવા ઈચ્છે તો ગ્રામ **यावत्** રાજધાનીમાં પ્રવેશ કરી સાધુના યોગ્ય ઉપાશ્રય માટે અન્વેષણ કરવા જતાં જો એમ જાણે કે આ ઉપાશ્રય ઈંડા **यावत्** કરોળિયાના જાળાં વગેરેથી યુક્ત છે તો એવા ઉપાશ્રયમાં નિવાસ, શય્યા અથવા સ્વાધ્યાયાદિ ન કરે.

સાધુ કે સાધ્વી જે ઉપાશ્રયને ઈંડા **यावत्** કરોળિયાની જાળથી રહિત જાણે તો,

એવા ઉપાશ્રયનું પ્રતિલેખન તથા પ્રમાર્જન કરી તેમાં યતનાપૂર્વક નિવાસ, શય્યા તેમજ સ્વાધ્યાય કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१३७९. से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण उवस्सयं जाणेज्जा-बहवे समण-**जाव**-वणीमए समुद्दिस्स पाणाइं-**जाव**-सत्ताइं समारम्भ-**जाव**-अभिहडं आहट्टु चेतेति ।

तहप्पगारे उवस्सए अपुरिसंतरकडे-**जाव**-अणासेविते णो ठाणं वा, सेज्जं वा, णिसीहियं वा चेतेज्जा ।

अह पुण एवं जाणेज्जा-पुरिसंतरकडे-**जाव**-आसेविते, पडिलेहित्ता पमज्जित्ता ततो संजयामेव ठाणं वा, सेज्जं वा, णिसीहियं वा चेतेज्जा ।

-आ. सु. २, अ. २, उ. १, सु. ४१४

१३७९. સાધુ કે સાધ્વી જે ઉપાશ્રયને વિષે એમ જાણે કે આ સ્થાન શ્રમણ **યાવત્** ભિખારીના નિમિત્તે ગૃહસ્થે પ્રાણી **યાવત્** સત્વોનો સમારંભ કરીને બનાવેલ છે **યાવત્** અન્ય સ્થાનેથી લાવીને આપે તો,

આવા પ્રકારનો ઉપાશ્રય જે અપુરુષાન્તરકૃત **યાવત્** અનાસેવિત હોય તો તેમાં રહેવું, શય્યા કે સ્વાધ્યાયાદિ કરવા કલ્પે નહીં.

જો એમ જાણે કે - આ ઉપાશ્રય પુરુષાંતરકૃત **યાવત્** આસેવિત (સેવન કરવા યોગ્ય) છે તો તેનું પ્રતિલેખન પ્રમાર્જન કરી યતનાપૂર્વક રહે, શય્યા પાથરે અને સ્વાધ્યાયાદિ કરે.

१३८०. से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण उवस्सयं जाणेज्जा-अस्संजए भिक्खुपडियाए कडिए वा, उक्कंबिए वा, छन्ने वा, लेत्ते वा, घट्ठे वा, मट्ठे वा, संमट्ठे वा संपधूविए वा ।

तहप्पगारे उवस्सए अपुरिसंतरकडे-**जाव**-अणासेविए णो ठाणं वा, सेज्जं वा णिसीहियं वा चेतेज्जा ।

अह पुण एवं जाणेज्जा-पुरिसंतरकडे-**जाव**-आसेविते, पडिलेहित्ता पमज्जित्ता ततो संजयामेव ठाणं वा सेज्जं वा, णिसीहियं वा चेतेज्जा ।

-आ. सु. २, अ. २, उ. १, सु. ४१५

१३८०. સાધુ કે સાધ્વી એમ જાણે કે - આ ઉપાશ્રય કોઈ ગૃહસ્થે ભિક્ષુ નિમિત્તે બનાવેલ છે, પાટિયાની દીવાલથી અથવા વાંસની ખપાટોથી બનાવેલ છે, દર્ભ આદિથી આચ્છાદિત છે, છાણથી લીંપેલ છે, ચૂનો આદિ લગાવીને ઠીક કરેલ છે, ભીંત આદિ ઘસીને સ્વચ્છ કરેલ છે, પાલિશ કરેલ છે, ધૂપથી સુગંધિત કરેલ છે તો,

એવા પ્રકારનો ઉપાશ્રય જો અપુરુષાંતરકૃત **યાવત્** અનાસેવિત હોયતો તેમાં રહેવું શય્યા કે સ્વાધ્યાયાદિ કરવા કલ્પે નહીં.

જો એમ જાણે કે આ ઉપાશ્રય હજુ પુરુષાંતરકૃત **યાવત્** આસેવિત છે. તો તેનું પ્રતિલેખન - પ્રમાર્જન કરી યતનાપૂર્વક રહે, શય્યા પાથરે અને સ્વાધ્યાયાદિ કરે.

१३८१. से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण उवस्सयं जाणेज्जा-अस्संजते भिक्खुपडियाए खुड्डियाओ दुवारियाओ महल्लियाओ कुज्जा-**जाव**-संथारगं संथरेज्जा बहिया वा णिण्णक्खु ।

तहप्पगारे उवस्सए अपुरिसंतरकडे-**जाव**-अणासेविए णो ठाणं वा, सेज्जं वा, णिसीहियं वा चेतेज्जा ।

अह पुण एवं जाणेज्जा-पुरिसंतरकडे-**जाव**-आसेविते, पडिलेहित्ता पमज्जित्ता, ततो संजयामेव ठाणं वा, सेज्जं वा, णिसीहियं वा चेतेज्जा ।

-आ. सु. २, अ. २, उ. १, सु. ४१६

१३८१. સાધુ અથવા સાધ્વી એમ જાણે કે કોઈ ગૃહસ્થે સાધુના નિમિત્તે આ ઉપાશ્રયના નાના દરવાજાને મોટા કર્યા છે **યાવત્** અહીં સંસ્તારક બીછાવવામાં આવ્યું છે અથવા કોઈ સામાન બહાર કાઢવામાં આવ્યો છે.

એવા પ્રકારનો ઉપાશ્રય જો અપુરુષાંતરકૃત **યાવત્** અનાસેવિત હોય તો તેમાં રહેવું શય્યા કે સ્વાધ્યાયાદિ કરવા કલ્પે નહીં.

જો એમ જાણે કે - આ ઉપાશ્રય પુરુષાંતરકૃત **યાવત્** આસેવિત છે. તો તેનું પ્રતિલેખન-પ્રમાર્જન કરી યતનાપૂર્વક રહે શય્યા પાથરે અને સ્વાધ્યાયાદિ કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१३८२. से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण उवस्सयं जाणेज्जा-अस्संजए भिक्खुपडियाए उदकपसुयाणि कंदाणि वा, मूलाणि वा, पत्ताणि वा, पुप्फाणि वा, फलाणि वा, बीयाणि वा, हरियाणि वा, ठाणाओ ठाणं साहरइ, बहिया वा णिण्णक्खु ।

तहप्पगारे उवस्सए अपुरिसंतरकडे-**जाव**-अणासेविते णो ठाणं वा, सेज्जं वा, णिसीहियं वा चेतेज्जा ।

अह पुण एवं जाणेज्जा-पुरिसंतरकडे-**जाव**-आसेविते, पडिलेहित्ता पमज्जित्ता ततो संजयामेव ठाणं वा, सेज्जं वा, णिसीहियं वा चेतेज्जा ।

-आ. सु. २, अ. २, उ. २, सु. ४१७

१३८२. સાધુ કે સાધ્વી ઉપાશ્રય વિષે એમ જાણે કે - ગૃહસ્થ મુનિના ઉદ્દેશ્યથી જળમાં ઉત્પન્ન થતા કંદ, મૂળ, પાન, પુષ્પ, ફળ, બીજ અથવા બીજી કોઈપણ વનસ્પતિ એક સ્થાનેથી બીજે સ્થાને લઈ જાય છે કે બહાર કાઢે છે,

અને એ ઉપાશ્રય અપુરુષાંતરકૃત **યાવત્** અનાસેવિત હોય તો તેમાં રહેવું શય્યા કે સ્વાધ્યાયાદિ કરવા કલ્પે નહીં.

જો એમ જાણે કે-આ ઉપાશ્રય પુરુષાંતરકૃત **યાવત્** આસેવિત છે તો તેનું પ્રતિલેખન-પ્રમાર્જન કરી યતનાપૂર્વક રહે, શય્યા પાથરે અને સ્વાધ્યાયાદિ કરે.

१३८३. से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण उवस्सयं जाणेज्जा-अस्संजए भिक्खुपडियाए पीढं वा, फलगं वा, णिस्सेणिं वा, उदूखलं वा, ठाणाओ ठाणं साहरइ, बहिया वा णिण्णक्खु ।

तहप्पगारे उवस्सए अपुरिसंतरकडे-**जाव**-अणासेविते णो ठाणं वा, सेज्जं वा, णिसीहियं वा चेतेज्जा ।

अह पुण एवं जाणेज्जा-पुरिसंतरकडे-**जाव**-आसेविते, पडिलेहित्ता पमज्जित्ता ततो संजयामेव ठाणं वा, सेज्जं वा, णिसीहियं वा चेतेज्जा ।

-आ. सु. २, अ. २, उ. २, सु. ४१८

१३८३. સાધુ અથવા સાધ્વી ઉપાશ્રય વિષે એમ જાણે કે-ગૃહસ્થ સાધુ માટે બાજોઠ, પાટિયું, નિસરણી અથવા ખાંડણીયો વગેરે પદાર્થ એક સ્થાનથી બીજા સ્થાન પર લઈ જાય છે અથવા બહાર કાઢે છે,

તો તેવા પ્રકારનો ઉપાશ્રય અપુરુષાન્તરકૃત **યાવત્** અનાસેવિત છે એવું જાણી તેમાં રહેવું કે શય્યા-સ્વાધ્યાયાદિ કરવા કલ્પતાં નથી.

જો એવું જાણે કે આ ઉપાશ્રય પુરુષાંતરકૃત **યાવત્** આસેવિત છે, તો તેનું પ્રતિલેખન-પ્રમાર્જન કરી યતનાપૂવર્ક રહે, શય્યા પાથરે અને સ્વાધ્યાયાદિ કરે.

तण पलाल णिम्मिय उवस्सय विहि-णिसेहो-

ઘાસ પરાળ નિર્મિત ઉપાશ્રયનો વિધિ નિષેધ :

१३८४. से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण उवस्सयं जाणेज्जा, तं जहा- तणपुंजेसु वा, पलालपुंजेसु वा, सअंडे-**जाव**-मक्कडासंताणए ।

तहप्पगारे उवस्सए णो ठाणं वा, सेज्जं वा, णिसीहियं वा चेतेज्जा ।

से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण उवस्सयं जाणेज्जा, तं जहा-तणपुंजेसु वा, पलालपुंजेसु वा, अप्पंडे-**जाव**-मक्कडासंताणए।

तहप्पगारे उवस्सए पडिलेहित्ता पमज्जित्ता ततो संजयामेव ठाणं वा, सेज्जं वा, णिसीहियं वा चेतेज्जा ।

-आ. सु. २, अ. २, उ. २, सु. ४३१ (क)

१३८४. સાધુ અથવા સાધ્વી ઉપાશ્રયના વિષે એમ જાણે કે-ઘાસથી બનેલું ઘર કે પરાળની ગંજીઓથી બનેલું ઘર છે, અને તે ગંજીઓવાળું ઘર ઈંડા **યાવત્** કરોળિયાના જાળાંથી યુક્ત છે.

તો એવા પ્રકારના ઉપાશ્રયમાં રહેવું, શય્યા કે સ્વાધ્યાય કરવા કલ્પતા નથી.

જો સાધુ કે સાધ્વી કોઈ ઉપાશ્રયને એવો જાણે કે જે ઘરમાં ઘાસ, પરાળની ગંજીઓમાં ઈંડા **યાવત્** કરોળિયાનાં જાળાં નથી.

તો તેવા ઉપાશ્રયમાં પ્રતિલેખન-પ્રમાર્જન કરીને યતનાપૂર્વક રહે, શય્યા પાથરે અને સ્વાધ્યાયાદિ કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१३८५. से तणेसु वा, तणपुंजेसु वा, पलालेसु वा, पलालपुंजेसु वा, अप्पंडेसु-**जाव**-मक्कडासंताणएसु, अहे सवणमायाए ।

नो कप्पइ निग्गंथाण वा, निग्गंथीण वा, तहप्पगारे उवस्सए हेमंत-गिम्हासु वत्थए ।

से तणेसु वा-**जाव**-मक्कडासंताणएसु, उप्पिंस-वणमायाए ।

कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा तहप्पगारे उवस्सए हेमंत-गिम्हासु वत्थए ।

से तणेसु वा, तणपुंजेसु वा, पलालेसु वा, पलालपुंजेसु वा, अप्पंडेसु-**जाव**-मक्कडा-संताणएसु अहेरयणिमुक्कमउडेसु ।

नो कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा तहप्पगारे उवस्सए वासावासं वत्थए ।

से तणेसु वा-**जाव**-मक्कडासंताणएसु उप्पिं रयणिमुक्कमउडेसु ।

कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा तहप्पगारे उवस्सए वासावासं वत्थए ।

-कप्प. उ. ४, सु. ३६-३८

१३८५. જો ઉપાશ્રય ઘાસ કે ઘાસની ગંજીઓ, પરાળ કે પરાળની ગંજીઓથી બનાવેલું હોય અને એ ઈંડા **યાવત્** કરોળિયાનાં જાળાંથી રહિત છે, પણ તેવા એ ઉપાશ્રયની છતની ઊંચાઈ કાનથી નીચી હોય તો,

એવા પ્રકારના ઉપાશ્રયમાં સાધુ અથવા સાધ્વીએ હેમન્ત અને ગ્રીષ્મ ઋતુમાં વસવું કલ્પે છે.

જે ઉપાશ્રય ઘાસ **યાવત્** કરોળિયાની જાળથી રહિત હોય અને ઉપાશ્રયની છતની ઊંચાઈ કાનથી વધુ હોય તો,

એવા પ્રકારના ઉપાશ્રયમાં સાધુએ અથવા સાધ્વીઓને હેમન્ત તથા ગ્રીષ્મ ઋતુમાં વસવું કલ્પે છે.

જે ઉપાશ્રય ઘાસ કે ઘાસની ગંજી અથવા પરાળ કે પરાળની ગંજીથી બનેલો હોય અને એ ઈંડા **યાવત્** કરોળિયાનાં જાળાંથી રહિત હોય, પરંતુ ઉપાશ્રયના છાપરાની ઊંચાઈ ઉભેલી વ્યક્તિના માથાથી ઉપર ઉઠેલા બન્ને હાથ જેટલી ઊંચાઈથી નીચી હોય તો,

એવા ઉપાશ્રયમાં સાધુ-સાધ્વીને વર્ષાવાસમાં વસવું કલ્પતું નથી.

જો ઉપાશ્રય ઘાસ **યાવત્** કરોળિયાની જાળાંથી રહિત હોય, સાથે જ ઉપાશ્રયનાં છાપરાની ઊંચાઈ ઉભેલા વ્યક્તિના માથાથી ઉપર ઉઠેલા બન્ને હાથ જેટલી ઊંચાઈથી વધુ હોય તો,

એવા ઉપાશ્રયમાં સાધુ-સાધ્વીને વર્ષાવાસમાં વસવું કલ્પે છે.

अवंगुयदुवारिय उवस्सयस्स विहि-णिसेहो-

દરવાજા રહિત ઉપાશ્રયનો વિધિ-નિષેધ :

१३८६. नो कप्पइ निग्गंथीणं, अवंगुयदुवारिए उवस्सए वत्थए।

एगं पत्थारं अंतो किच्चा, एगं पत्थारं बाहिं किच्चा, ओहाडिय चिलिमिलियागंसि एवं णं कप्पइ वत्थए।

-कप्प. उ. १, सु. १४-१५

१३८६. સાધ્વીઓને ખુલ્લા દરવાજાવાળા ઉપાશ્રયમાં વસવું કલ્પતું નથી

પરિસ્થિતિવશ જો રહેવું પડે તો એક પડદો દરવાજાની અંદર અને એક પડદો દરવાજાની બહાર કરી પડદાની ઓટમાં ચિલિમિલિકા (મચ્છરદાની) બાંધી તેમાં વસવું કલ્પે છે.

ओसहिज्जुत्त उवस्सयस्स विहि-णिसेहो-

અનાજથી ભરેલા ઉપાશ્રયનો વિધિ નિષેધ :

१३८७. उवस्सयस्स अंतोवगडाए सालीणि वा, वीहीणि वा, मुग्गाणि वा, मासाणि वा, तिलाणि वा, कुलत्थाणि वा, गोधूमाणि वा, जवाणि वा, जवजवाणि वा, उक्खित्ताणि वा, विक्खित्ताणि वा, विइकिण्णाणि वा, विप्पइण्णाणि वा।

नो कप्पइ निग्गंथाण वा, निग्गंथीण वा, अहालंदमवि वत्थए ।

अह पुण एवं जाणेज्जा-नो उक्खित्ताइं, नो विक्खित्ताइं, नो विइकिण्णाइं, नो विप्पकिण्णाइं।

१३८७. ઉપાશ્રયની અંદરના ભાગમાં ચોખા, ડાંગર, મગ, તલ, કળથી, ઘઉં, જવ કે જુવાર અસ્તવ્યસ્ત રાખ્યા હોય અથવા સ્થાન સ્થાન પર પડ્યા હોય કે વિખરાયેલા હોય અથવા અસ્તવ્યસ્ત રૂપે હોય તો,

સાધુઓ અથવા સાધ્વીઓને ત્યાં 'યથાલંદકાળ' (ભીની હસ્તરેખા સુકાય નહીં તેટલો સમય) સુધી પણ ત્યાં રહેવું કલ્પતું નથી.

પરંતુ જો એવું જણાય કે (ઉપાશ્રયમાં શાલી **યાવત્** જવ) ઉત્ક્ષિપ્ત, વિક્ષિપ્ત, વ્યતિકીર્ણ અને વિપ્રકીર્ણ નથી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

रासिकडाणि वा, पुंजकडाणि वा, भित्तिकडाणि वा, कुलियाकडाणि वा, लंछियाणि वा, मुद्दियाणि वा, पिहियाणि वा ।

પણ રાશીકૃત (ગોળાકાર ઢગલામાં), પુંજકૃત (લાંબા ઢગલારૂપે) ભિત્તિકૃત (ભીંતના સહારે ગોઠવી રાખેલા), કુલિકાકૃત (માટીનું બનેલું ગોળ કે ચોરસ પાત્ર), લાંછિત (રાખ આદિથી ચિન્હીત કરેલુ), મુદ્રિત (છાણ આદિથી લીંપેલું હોય) કે પિહિત (વાંસની બનેલી ચટાઈ, ટોપલી કે થાળી આદિથી ઢાંકેલ છે)

कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा, हेमन्तु–गिम्हासु वत्थए।

તો હેમન્ત અને ગ્રીષ્મ ઋતુમાં એવા ઉપાશ્રયમાં સાધુ-સાધ્વીને રહેવું કલ્પે છે.

अह पुण एवं जाणेज्जा नो रासिकडाइं, नो पुंजकडाइं, नो भित्तिकडाइं नो कुलियाकडाइं।

જો એવું જણાય કે (ઉપાશ્રયના અંદરના ભાગમાં શાલી **यावत्** જવ) રાશીકૃત, પુંજકૃત, ભિત્તિકૃત કે કુલિકાકૃત નથી,

कोट्ठाउत्ताणि वा, पल्लाउत्ताणि वा, मंचाउत्ताणि वा, मालाउत्ताणि वा, ओलित्ताणि वा, विलित्ताणि वा, पिहियाणि वा, लंछियाणि वा, मुद्दियाणि वा।

કોઠારમાં યા છાણ માટીના બનેલ પાત્રોમાં ભરેલુ છે, મેડા પર કે માળીયા પર સુરક્ષિત છે, માટી છાણથી લીંપેલું છે, ઢાંકેલુ છે, ચિન્હ કરેલું કે સીલબંધ છે.

कप्पइ निग्गंथाण वा, निग्गंथीण वा वासावासं वत्थए ।

તો સાધુઓ કે સાધ્વીઓને ત્યાં વર્ષાવાસમાં રહેવું કલ્પે છે.

–कप्प. उ. २, सु. १–३

आहार जुत्त उवस्सयस्स विहि–णिसेहो–

આહારવાળા ઉપાશ્રયનો વિધિ નિષેધ :

१३८८. उवस्सयस्स अंतोवगडाए–पिण्डए वा, लोयए वा, खीरं वा, दहिं वा, नवणीए वा, सप्पिं वा, तेल्ले वा, फाणियं वा, पूवे वा, सक्कुली वा, सिहरिणी वा, उक्खित्ताणि वा,विक्खित्ताणि वा, विइगिण्णाणि वा, विप्पइण्णाणि वा, नो कप्पइ निग्गंथाण निग्गंथीण वा, अहालंदमवि वत्थए।

१३८८. ઉપાશ્રયની સીમામાં પિંડરૂપ ખાદ્ય પદાર્થ, લોચક-માવો આદિ દૂધ, દહીં, માખણ, ઘી, તેલ, ગોળ, માલપુવા, પૂરી કે શ્રીખંડ ઉત્ક્ષિપ્ત, વિક્ષિપ્ત, વ્યતિકીર્ણ અને વિપ્રકીર્ણ છે તો સાધુ અને સાધ્વીઓને ત્યાં 'યથાલંદ કાળ' પણ વસવું કલ્પતું નથી.

अह पुण एवं जाणेज्जा–नो उक्खित्ताइं, नो विक्खित्ताइं, नो विइकिण्णाइं वा, नो विप्पइण्णाइं वा।

જો નિર્ગ્રન્થ કે નિર્ગ્રન્થિઓ એમ જાણે કે (ઉપાશ્રયની સીમામાં પિંડરૂપ ખાદ્ય **यावत्** શ્રીખંડ) ઉત્ક્ષિપ્ત, વિક્ષિપ્ત, વ્યતિકીર્ણ કે વિપ્રકીર્ણ થયેલ નથી,

रासिकडाणि वा, पुंजकडाणि वा, भित्तिकडाणि वा, कुलियाकडाणि वा, लंछियाणि वा, मुद्दियाणि वा, पिहियाणि वा।

પરંતુ રાશીકૃત, પુંજકૃત, ભીંતે ગોઠવેલ, કુલિકાકૃત તથા લાંછિત, મુદ્રિત કે પીહિત છે.

कप्पइ निग्गंथाण वा, निग्गंथीण वा हेमंत–गिम्हासु वत्थए।

તો નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થિઓને હેમંત અને ગ્રીષ્મ ઋતુમાં વસવું કલ્પે છે.

अह पुण एवं जाणेज्जा–नो रासिकडाइं–**जाव**–नो कुलियाकडाइं।

જો એમ જાણે કે (ઉપાશ્રયની સીમામાં પિંડરૂપ ખાદ્ય **यावत्** શ્રીખંડ) રાશીકૃત **यावत्** કુલિકાકૃત નથી.

कोट्ठाउत्ताणि वा, पल्लाउत्ताणि वा, मंचाउत्ताणि वा, मालाउत्ताणि वा, कुंभिउत्ताणि वा, करभिउत्ताणि वा, ओलित्ताणि वा, विलित्ताणि वा, पिहियाणि वा, लंछियाणि वा, मुद्दियाणि वा, कप्पइ निग्गंथाण वा, निग्गंथीण वा, वासावासं वत्थए।

પરંતુ કોઠીમાં કે પલ્યમાં ભરેલાં છે, માંચડા પર કે માળા પર સુરક્ષિત છે, કુંભી કે કોઠિમાં મૂકેલા છે, માટી કે છાણાથી લીંપેલા છે, ઢાંકેલા, ચીતરેલા કે મોહર લગાડેલા છે તો ત્યાં નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થિઓને વર્ષાવાસમાં રહેવું કલ્પે છે.

कप्प. उ. २, सु. ८–१०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

काउसग्ग हेउ ठाणस्स विहि णिसेहो–

१३८९. से भिक्खू वा, भिक्खुणी वा अभिकंखेज्जा ठाणं ठाइत्तए। से अणुपविसेज्जा गामं वा–**जाव**–रायहाणिं वा ।

से अणुपविसित्ता गामं वा–**जाव**–रायहाणिं वा

से ज्जं पुण ठाणं जाणेज्जा, सअंडं–**जाव**–मक्कडासंताणयं ।

तं तहप्पगारं ठाणं अफासुयं–**जाव**–णो पडिग्गाहेज्जा.

एवं सेज्जा–गमेण नेयव्वं जाव उदयपसूयाइंति ।[1]

–आ. सु. २, अ. ४, उ. १, सु. ६३७

કાયોત્સર્ગ હેતુ સ્થાનનો વિધિ નિષેધ :

૧૩૮૯. જે સાધુ અથવા સાધ્વી કોઈ સ્થાનમાં રહેવા ઈચ્છે તો તે પહેલાં ગામ **યાવત્** રાજધાનીમાં પહોંચે.

ત્યાં ગામ **યાવત્** રાજધાનીમાં પહોંચ્યા પછી જે સ્થાનને એ પ્રમાણે જાણે કે ઈંડા **યાવત્** કરોળિયાનાં જાળાવાળું છે તો,

એવા પ્રકારના સ્થાનને અપ્રાસુક તથા અનેષણીય જાણી મળવા છતાં પણ **યાવત્** ગ્રહણ ન કરે.

આ પ્રમાણે આ પૂર્વે આવી ગયેલું સ્થાનૈષણા સંબંધી વર્ણન શય્યૈષણા અધ્યયનમાં બતાવેલ ઉદક, પ્રસૂત, કંદાદિ સુધી વર્ણનની સમાન જાણી લેવું જોઈએ.

णिसीहियाए गमण विहि–णिसेहो–

१३९०. से भिक्खू वा, भिक्खुणी वा अभिकंखेज्जा णिसीहियं गमणाए।

से ज्जं पुण णिसीहियं जाणेज्जा, सअंडं–**जाव**–मक्कडासंताणयं, तहप्पगारं णिसीहियं अफासुयं –**जाव**–णो चेएज्जा ।

से भिक्खू वा, भिक्खुणी वा अभिकंखेज्जा णिसीहियं गमणाए,

से ज्जं पुण निसीहियं जाणेज्जा–अप्पंडं–**जाव**–मक्कडासंताणयं तहप्पगारं णिसीहियं फासुयं–**जाव** चेएज्जा।

एवं सेज्जागमेण णेयव्वं–जाव–उदयपसूयाणि त्ति ।

–आ. सु. २, अ. २, उ. ९, सु. ६४१–६४२

સ્વાધ્યાય ભૂમિમાં જવાનો વિધિ નિષેધ :

૧૩૯૦. સાધુ અથવા સાધ્વી સ્વાધ્યાય ભૂમિમાં જવા ઈચ્છે તો,

સ્વાધ્યાય ભૂમિનાં વિષયમાં તેઓ એમ જાણે કે - જે ઈંડા **યાવત્** કરોળીયાના જાળાં હોય તો, એવા પ્રકારની સ્વાધ્યાયભૂમિને અપ્રાસુક જાણી **યાવત્** ગ્રહણ ન કરે.

સાધુ અથવા સાધ્વી સ્વાધ્યાયભૂમિમાં જવા ચાહે તો,

સ્વાધ્યાયભૂમિના વિષયમાં તેઓ એમ જાણે કે, જે ઈંડા **યાવત્** કરોળીયાના જાળાંથી રહિત છે એવા પ્રકારની સ્વાધ્યાયભૂમિને પ્રાસુક સમજી **યાવત્** ગ્રહણ કરે.

આ પ્રમાણે આ પૂર્વે આવી ગયેલ સ્વાધ્યાયભૂમિ સંબંધી વર્ણન શય્યૈષણા અધ્યયનમાં બતાવેલ ઉદક, પ્રસૂત, કંદાદિ સુધીના વર્ણનની સમાન જાણી લેવું જોઈએ.

શય્યૈષણા વિધિ નિષેધ પ્રાયશ્ચિત્ત – ૪

सुराजुत्त वसण उवस्सय विहि–णिसेहो पायच्छित्तं–

१३९१. उवस्सयस्स अंतोवगडाए, सुरा वियड कुम्भे वा, सोविरक वियड कुम्भे वा, उवनिक्खत्ते सिया, नो कप्पइ निग्गंथाण वा, निग्गंथीण वा, अहालंदमवि वत्थए।

સુરાયુક્ત ઉપાશ્રયમાં રહેવાનો વિધિ નિષેધ તથા પ્રાયશ્ચિત્ત :

૧૩૯૧. ઉપાશ્રયની અંદર સુરા કે સુરા જેવા નશીલા પદાર્થોથી ભરેલા કળશ રાખેલા હોય તો નિર્ગ્રન્થો અને નિર્ગ્રન્થિઓને ત્યાં 'યથાલંદકાળ' પણ રહેવું કલ્પતું નથી.

---

१. आ. सु. २, अ. २, उ. १, सु. ४१२–४१७ पर्यन्त ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

हुरत्था य उवस्सयं पडिलेहमाणे नो लभेज्जा, एवं से कप्पइ एगरायं वा, दुरायं वा वत्थए।

जे तत्थ एगरायाओ वा, दुरायाओ वा, परं वसइ से सन्तरा छेए वा, परिहारे वा।

– कप्प. उ. २, सु. ४

सीओदजुत्त उवस्सय वसण विहि-णिसेहो पायच्छित्तं च –

१३९२. उवस्सयस्स अंतोवगडाए सीओदग-वियडकुम्भे वा, उसिणोदगवियडकुम्भे वा, उवनिक्खित्ते सिया, नो कप्पइ निग्गंथाण वा, निग्गंथीण वा, अहालंदमवि वत्थए ।
हुरत्था य उवस्सयं पडिलेहमाणे नो लभेज्जा, एवं से कप्पइ एगरायं वा, दुरायं वा वत्थए ।
जे तत्थ एगरायाओ वा, दुरायाओ वा, परं वसइ, से सन्तरा छेए वा, परिहारे वा ।

– कप्प. उ. २, सु. ५

जोईजुत्त उवस्सय वसण विहि-णिसेहो पायच्छित्तं च-

१३९३. उवस्सयस्स अंतोवगडाए, सव्वराइए जोई झिया-एज्जा, नो कप्पइ निग्गंथाण वा, निग्गंथीण वा अहालंदमवि वत्थए ।
हुरत्था य उवस्सयं पडिलेहमाणे नो लभेज्जा, एवं से कप्पइ एगरायं वा, दुरायं वा वत्थए।

जे तत्थ एगरायाओ वा, दुरायाओ वा, परं वसइ, से संतरा छेए वा, परिहारे वा ।

–कप्प. उ. २, सु. ६

पईवजुत्त उवस्सय वसण विहि-णिसेहो पायच्छित्तं च-

१३९४. उवस्सयस्स अंतोवगडाए, सव्वराइए पईवे दिप्पेज्जा नो कप्पइ निग्गंथाण वा, निग्गंथीण वा अहालंदमवि वत्थए।
हुरत्था य उवस्सयं पडिलेहमाणे नो लभेज्जा, एवं से कप्पइ एगरायं वा, दुरायं वा वत्थए।

जे तत्थ एगरायाओ वा, दुरायाओ वा, परं वसइ, से संतरा छेए वा, परिहारे वा।

–कप्प. उ. २, सु. ७

કદાચ ગવેષણા કરવા છતાં પણ અન્ય ઉપાશ્રય ન મળે તો ઉપર્યુક્ત ઉપાશ્રયમાં એક કે બે રાત્રી રહેવું કલ્પે છે.
જેઓ ત્યાં એક કે બે રાતથી વધુ રહે છે તો મર્યાદા ઉલ્લંઘનના કારણે દીક્ષા-છેદ કે તપરૂપ પ્રાયશ્ચિત્તને પાત્ર બને છે.

પાણીવાળા ઉપાશ્રયમાં રહેવાનો વિધિ નિષેધ તથા પ્રાયશ્ચિત્ત :

૧૩૯૨. ઉપાશ્રયની અંદર અચિત્ત ઠંડુ પાણી અથવા ગરમ પાણી ભરેલા કળશ રાખેલા હોય તો સાધુ અથવા સાધ્વીને ત્યાં 'યથાલંદકાળ' પણ રહેવું કલ્પતું નથી.

કદાચ ગવેષણા કરવા છતાં પણ અન્ય ઉપાશ્રય ન મળે તો ઉપર્યુક્ત ઉપાશ્રયમાં એક કે બે રાત્રી રહેવું કલ્પે છે.
જેઓ ત્યાં એક કે બે રાતથી વધુ રહે છે તો મર્યાદા ઉલ્લંઘનના કારણે દીક્ષા-છેદ કે તપરૂપ પ્રાયશ્ચિત્તને પાત્ર બને છે.

અગ્નિવાળા ઉપાશ્રયમાં રહેવાનો વિધિ નિષેધ તથા પ્રાયશ્ચિત્ત :

૧૩૯૩. ઉપાશ્રયની અંદર આખી રાત અગ્નિ બળે તો સાધુ અથવા સાધ્વીને ત્યાં 'યથાલંદકાળ' પણ રહેવું કલ્પતું નથી.
કદાચ ગવેષણા કરવા છતાં પણ અન્ય ઉપાશ્રય ન મળે તો ઉપર્યુક્ત ઉપાશ્રયમાં એક કે બે રાત્રી રહેવું કલ્પે છે.
જેઓ ત્યાં એક કે બે રાતથી વધુ રહે છે તો મર્યાદા ઉલ્લંઘનના કારણે દીક્ષા-છેદ કે તપરૂપ પ્રાયશ્ચિત્તનો પાત્ર બને છે.

દીવાવાળા ઉપાશ્રયમાં રહેવાનો વિધિ નિષેધ તથા પ્રાયશ્ચિત્ત :

૧૩૯૪. ઉપાશ્રયની અંદર આખી રાત દીવો બળે તો સાધુ અથવા સાધ્વીને ત્યાં 'યથાલંદકાળ' પણ રહેવું કલ્પતું નથી.
કદાચ ગવેષણા કરવા છતાં પણ અન્ય ઉપાશ્રય ન મળે તો ઉપર્યુક્ત ઉપાશ્રયમાં એક કે બે રાત્રી રહેવું કલ્પે છે.
જેઓ ત્યાં એક કે બે રાતથી વધુ રહે છે તો મર્યાદા ઉલ્લંઘનના કારણે દીક્ષા-છેદ કે તપરૂપ પ્રાયશ્ચિત્તનો પાત્ર બને છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अगड सुयाणं वसणस्स विहि-णिसेहो पायच्छित्तं च-

१३९५. से गामंसि वा-**जाव**-सन्निवेसंसि वा एगवगडाए, एगदुवाराए, एगनिक्खमण-पवेसाए नो कप्पइ बहूणं अगडसुयाणं एगयओ वत्थए ।

अत्थि याइं णं केइ आयार-पकप्पधरे, नत्थि याइं णं केइ छेए वा, परिहारे वा।
नत्थि याइं णं केइ आयार-पकप्पधरे से संतरा छेए वा, परिहारे वा।

से गामंसि वा-**जाव**-सन्निवेसंसि वा अभिनिव्व-गडाए, अभिनिद्दुवाराए, अभिनिक्खमण-पवेसाए नो कप्पइ बहूणं अगडसुयाणं एगयओ वत्थए।
अत्थि याइं णं केइ आयार-पकप्पधरे जे तत्तियं रयणिं संवसइ, नत्थि णं केइ छेए वा, परिहारे वा।

नत्थि याइं णं केइ आयार-पकप्पधरे जे तत्तियं रयणिं संवसइ, सव्वेसिं तेसिं तप्पत्तियं छेए वा, परिहारे वा ।

-वव. उ. ६, सु. १२-१३

अल्पज्ञो साथे रहेवानो विधि निषेध अने प्रायश्चित्त :

१३९५. એક પ્રાકારવાળા, એક દરવાજાવાળા અને એક નીકળવાના પ્રવેશદ્વારવાળા ગામ **यावत्** વસ્તીમાં અનેક અકૃતશ્રુત (અલ્પજ્ઞ) સાધુઓને એક સાથે રહેવું કલ્પતું નથી.
જો તેઓમાં કોઈ એક આચારકલ્પધર હોય તો તે દીક્ષાછેદ અથવા તપરૂપ પ્રાયશ્ચિત્તના પાત્ર નથી.
જો તેઓમાંથી કોઈ એક પણ આચારકલ્પધર ન હોય તો તે મર્યાદા ઉલ્લંઘનના કારણે દીક્ષા-છેદ અથવા તપરૂપ પ્રાયશ્ચિત્તને પાત્ર બને છે.
અનેક પ્રાકારવાળા, અનેક દરવાજાવાળા અને અનેક પ્રવેશદ્વારવાળા ગામ **यावत्** વસ્તીમાં અનેક અકૃત (અલ્પજ્ઞ) સાધુઓએ એક સાથે રહેવું કલ્પતું નથી.
જો તેઓમાં કોઈ એક આચારકલ્પધર ત્રીજા દિવસ સુધી તેમની સાથે રહે તો તે દીક્ષા-છેદ અથવા તપરૂપ પ્રાયશ્ચિત્તના પાત્ર નથી.
જો તેઓમાંથી આચારકલ્પધર સાથે ત્રીજા દિવસ સુધી પણ ન રહે તો તે બધા મર્યાદા ઉલ્લંઘનના કારણે દીક્ષા-છેદ અથવા તપરૂપ પ્રાયશ્ચિત્તને પાત્ર બને છે.

नितियवासं वसमाणस्स पायच्छित्त सुत्तं-

१३९६. जे भिक्खू नितियं-वासं वसइ, वसंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं।

-नि. उ. २, सु. ३७

हंमेशा रहेवानुं प्रायश्चित्त सूत्र :

१३९६. જે સાધુ હંમેશા અથવા કલ્પમર્યાદાથી વિશેષ રહે છે, (રહેવાનું કહે છે) રહેનારનું અનુમોદન કરે છે.
તેને માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

उद्देसियाइसेज्जासु पवेसणस्स पायच्छित्त सुत्ताइं-

१३९७. जे भिक्खू उद्देसियं सेज्जं अणुप्पविसइ अणुप्पविसंतं वा साइज्जइ।
जे भिक्खू सपाहुडियं सेज्जं अणुप्पविसइ अणुप्पविसंतं वा साइज्जइ।

जे भिक्खू सपरिकम्मं सेज्जं अणुप्पविसइ अणुप्पविसंतं वा साइज्जइ।
तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं।

-नि. उ. ५, सु. ६०-६२

औद्देशिक आदि शैयाओमां प्रवेशनां प्रायश्चित्त सूत्र :

१३९७. જે સાધુ ઔદ્દેશિક શૈયાઓમાં પ્રવેશ કરે છે, (કરાવે છે) અને કરનારનું અનુમોદન કરે છે.
જે સાધુ સપાહુડ (સાધુના નિમિત્તે બનાવતી વખતે ફેરફાર કરીને બનાવેલી) શૈયામાં પ્રવેશ કરે છે, (કરાવે છે) અને કરનારનું અનુમોદન કરે છે.
જે સાધુ પરિકર્મ સહિત શૈયામાં પ્રવેશ કરે છે, (કરાવે છે) અને કરનારનું અનુમોદન કરે છે.
તેને માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

निसिद्धसेज्जासु पविसण पायच्छित्त सुत्ताइं :

१३९८. जे भिक्खू सागारियं सेज्जं अणुपविसइ अणुपविसंतं वा साइज्जइ।

जे भिक्खू सोदगं सेज्जं अणुपविसइ अणुपविसंतं वा साइज्जइ।

जे भिक्खू सागणियं सेज्जं अणुपविसइ अणुपविसंतं वा साइज्जइ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं।

–नि. उ. १६, सु. १–३

निषिद्ध शय्याओमां प्रवेश करवानां प्रायश्चित्त सूत्र :

१३९८. જે ભિક્ષુ સાગારીની શય્યામાં પ્રવેશ કરે, (કરાવે) કરનારનું અનુમોદન કરે.

જે ભિક્ષુ પાણીવાળી શય્યામાં પ્રવેશ કરે, (કરાવે) કરનારનું અનુમોદન કરે.

જે ભિક્ષુ અગ્નિવાળી શય્યામાં પ્રવેશ કરે, (કરાવે) કરનારનું અનુમોદન કરે.

તેને ચાતુર્માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

दुगुंछिय कुलेसु वसण पायच्छित्त सुत्तं :

से भिक्खू वा, भिक्खुणी वा से जं पुण थंडिलं जाणेज्जा-असणवणंसि वा, सणवणंसि वा, धायइवणंसि वा, केयइवणंसि वा, अंबवणंसि वा, असोगवणंसि वा, णागवणंसि वा, पुन्नागवणंसि वा, अण्णयरेसु वा तहप्पगारेसु पत्तोवएसु वा, पुप्फोवएसु वा, फलोवएसु वा, बीओवएसु वा हरितोवएसु वा णो उच्चार-पासवणं वोसिरेज्जा ।

સાધુ કે સાધ્વી સ્થંડિલ ભૂમિના વિષયમાં એમ જાણે કે, જ્યાં બીજવાળા વૃક્ષોના વન, શણના વન ધાવડી, કેતકી, આંબા, અશોકના વન અથવા નાગ વૃક્ષો, પુન્નાગના વૃક્ષો તથા તેવા પ્રકારના બીજા પત્ર, પુષ્પ, ફળ કે વનસ્પતિયુક્ત સ્થળો હોય ત્યાં મળ-મૂત્રનો ઉત્સર્ગ ન કરે.

-આ. સુ. ૨, અ. ૧૦, સુ. ૬૫૧-૬૬૬

परिष्ठापना विधि- निषेध - 3

फासुय-अफासुय थंडिले परिट्ठवण विहि-णिसेहो-

प्रासुक अप्रासुक स्थंडिलमां परठववानो विधि-निषेध :

१५९१. से भिक्खू वा, भिक्खुणी वा से जं पुण थंडिलं जाणेज्जा-सअंडं-**जाव**-मक्कडासंताणयं तहप्पगारंसि थंडिलंसि णो उच्चार-पासवणं वोसिरेज्जा ।

૧૫૯૧. સાધુ કે સાધ્વી સ્થંડિલ ભૂમિના વિષયમાં એમ જાણે કે, જે ભૂમિ ઈંડા **યાવત્** કરોળીયાનાં જાળાંથી યુક્ત છે તો તેવા પ્રકારના સ્થંડિલ પર મળ મૂત્ર વિસર્જન ન કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

से भिक्खू वा भिक्खुणी वा से जं पुण थंडिलं जाणेज्जा अप्पंडं-**जाव**-मक्कडासंताणयं तहप्पगारंसि थंडिलंसि उच्चार-पासवणं वोसिरेज्जा ।

-आ. सु. २, अ. १०, सु. ६४६-६४७

साधु કે સાધ્વી સ્થંડિલ ભૂમિના વિષયમાં એમ જાણે કે, જે ભૂમિ ઈંડા રહિત **यावत्** કરોળીયાના જાળથી રહિત છે તો તેવા પ્રકારના સ્થંડિલ પર મળ-મૂત્રનું વિસર્જન કરે.

समण माहणाई उद्देसिय थंडिले परिट्ठवण विहि-णिसेहो-

श्रमण, ब्राह्मणना उद्देश्यथी बनावेला स्थंडिलमां परठववानो विधि निषेध :

१५९२. से भिक्खू वा, भिक्खुणी वा से जं पुण थंडिलं जाणेज्जा-बहवे समण-माहण अतिही-किवण-वणीमग-समुद्दिस्स पाणाइं-**जाव**-सत्ताइं-समारम्भ-**जाव**-चेतेति, तहप्पगारं थंडिलं अपुरिसंतरकडं-**जाव**-अणासेवियं, णो उच्चार-पासवणं वोसिरेज्जा ।

अह पुणेव जाणेज्जा-पुरिसंतरकडं-**जाव**-आसेवियं, तओ संजयामेव उच्चार-पासवणं वोसिरेज्जा ।

-आ. सु. २, अ. १०, सु. ६४९

१५९२. સાધુ કે સાધ્વી સ્થંડિલ ભૂમિના વિષયમાં એમ જાણે કે, આ ભૂમિ ઘણા શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ કૃપણ કે ભીખારીના ઉદ્દેશ્યથી, પ્રાણી **यावत्** સત્વોની હિંસા કરીને **यावत्** બનાવેલી છે, તેમ જ એ ભૂમિ હજુ અપુરુષાંતરકૃત **यावत्** અનાસેવિત છે તો એવી સ્થંડિલ ભૂમિમાં મળ- મૂત્રનું વિસર્જન ન કરે.

જો એમ જાણે કે-તે પુરુષાંતરકૃત **यावत्** આસેવિત છે તો ત્યાં યતનાપૂર્વક મળ- મૂત્રનું વિસર્જન કરે.

निषिद्ध परिष्ठापना संबंधी प्रायश्चित्त - ४

णिसिद्धठाणेसु उच्चाराई-परिट्ठवणस्स पायच्छित्त सुत्ताइं

निषिद्ध स्थानो पर उच्चार प्रश्रवण परठववानुं प्रायश्चित्त सूत्र :

१५९३. जे भिक्खू गिहंसि वा, गिह-मुहंसि वा, गिह-दुवारियंसि वा, गिह-पडिदुवारियंसि वा, गिहेलुयंसि वा, गिहेगणंसि वा, गिह-वच्चंसि वा उच्चार-पासवणं परिट्ठवेइ परिट्ठवेंतं वा साइज्जइ ।

जे भिक्खू मडग-गिहंसि वा, मडग-छारियंसि वा, मडग-थूभियंसि वा, मडग-आसयंसि वा, मडग-लेणंसि वा, मडग-वच्चंसि वा उच्चार-पासवणं परिट्ठवेइ परिट्ठवेंतं वा साइज्जइ ।

जे भिक्खू इंगाल-दाहंसि वा, खार-दाहंसि वा, गात-दाहंसि वा, तुस-दाहंसि वा, भुस-दाहंसि वा, उच्चार-पासवणं परिट्ठवेइ, परिट्ठवेंतं वा साइज्जइ ।

जे भिक्खू अभिणवियासु वा गोलेहणियासु, अभिणवियासु वा मट्टिया-खाणिसु, परिभुज्जमाणियासु वा, अपरिभुज्जमाणियासु वा उच्चार-पासवणं परिट्ठवेइ, परिट्ठवेंतं वा साइज्जइ ।

जे भिक्खू सेयायणंसि वा, पंकंसि वा, पणगंसि वा उच्चार-पासवणं परिट्ठवेइ, परिट्ठवेंतं वा साइज्जइ ।

१५९३. જે ભિક્ષુ ઘરમાં, ઘરના મુખ્ય ભાગમાં, ઘરના દ્વારમાં, ઘરના બીજા દ્વારમાં, ઘરના દ્વારનાં મધ્ય સ્થાનમાં, પ્રાંગણમાં કે ઘરની વિશેષ ભૂમિમાં મળ-મૂત્ર પરઠવે છે, (પરઠવાવે છે) પરઠવનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ સ્મશાનમાં, મડદાની રાખ પર, મડદાના સ્તૂપ પર, મડદાના આશ્રય સ્થાન પર, મડદાના લયન સ્થાન પર, મડદાના સ્થંડિલ સ્થાન પર તેમજ સ્મશાનની ચારે તરફની ભૂમિ પર મળ-મૂત્ર પરઠવે છે, (પરઠવાવે છે) પરઠવનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ કોલસા બનાવવાની ભૂમિ પર, સાજીખાર બનાવવાની ભૂમિ પર, પશુઓને ડામ દેવાની ભૂમિ પર, ઘાસ બાળવાની ભૂમિ પર, ભૂંસા-અનાજના છિલકા બાળવાની ભૂમિ પર મળ-મૂત્ર પરઠવે છે, (પરઠવાવે છે) પરઠવનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ નવી ખેડેલી ભૂમિમાં, નવી માટીની ખાણમાં, જ્યાં લોકોના મળ-મૂત્રનો માર્ગ હોય અથવા ન હોય ત્યાં મળ-મૂત્ર પરઠવે છે, (પરઠવાવે છે) પરઠવનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ ભેજવાળી ભૂમિ પર, કાદવ-કીચડ પર શેવાળ ઉપર મળ-મૂત્ર પરઠવે છે, (પરઠવાવે છે) પરઠવનારનું અનુમોદન કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जे भिक्खू उंबर-वच्चंसि वा, णग्गोह-वच्चंसि वा, असोत्थ-वच्चंसि वा, पिलक्खु-वच्चंसि वा उच्चार-पासवणं परिट्ठवेइ परिट्ठवेंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ ઉંબર, વડ, પીપળ તથા પીંપળીના ફૂલના સંગ્રહસ્થાન પર મળ-મૂત્ર પરઠવે છે, (પરઠવાવે છે) પરઠવનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू डाग-वच्चंसि वा, साग-वच्चंसि वा, मूलय-वच्चंसि वा, कोत्थुंभरि-वच्चंसि वा, खार-वच्चंसि वा, जीरय-वच्चंसि वा, दमण-वच्चंसि वा, मरुग-वच्चंसि वा, उच्चार-पासवणं परिट्ठवेइ, परिट्ठवेंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ ભાજી, શાક, મૂળા, કોથમીર, ધાણા, જીરું, દમણક (સુગંધિત વનસ્પતિ), મરુગ (વનસ્પતિ) ના સંગ્રહસ્થાન કે ઉત્પન્ન થવાની વાડીઓમાં મળ-મૂત્ર પરઠવે છે, (પરઠવાવે છે) પરઠવનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू इक्खु-वणंसि वा, साल-वणंसि वा, कुसुंभ-वणंसि वा, कप्पास-वणंसि वा, उच्चार-पासवणं परिट्ठवेइ, परिट्ठवेंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ શેરડી, શાળી, કુસુંભ કે કપાસના ખેતરમાં મળ-મૂત્ર પરઠવે છે, (પરઠવાવે છે) પરઠવનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू असोग-वणंसि वा, सत्तिवण्ण-वणंसि वा, चंपग-वणंसि वा, चूय-वणंसि वा अण्णय-रेसु वा, तहप्पगारेसु वा पत्तोवएसु, पुप्फोवएसु, फलोवएसु, बीओवएसु उच्चार-पासवणं परिट्ठवेइ, परिट्ठवेंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ અશોકવનમાં, સપ્તપર્ણવનમાં, ચંપકવનમાં આમ્રવનમાં કે અન્ય એવા બીજા સ્થળોમાં જે પત્ર, પુષ્પ, ફળ કે બીજ આદિથી યુક્ત હોય ત્યાં મળ-મૂત્ર પરઠવે છે, (પરઠવાવે છે) પરઠવનારનું અનુમોદન કરે છે.

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

તેને માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

– नि. उ. ३, सु. ७१-७९

१५९४. जे भिक्खू खुड्डागंसि थंडिलंसि उच्चार पासवणं परिट्ठवेइ, परिट्ठवेंतं वा साइज्जइ ।

१५९४. જે ભિક્ષુ નાની સ્થંડિલ ભૂમિમાં ઉચ્ચાર પ્રશ્રવણ પરઠવે છે, (પરઠવાવે છે) પરઠવનારનું અનુમોદન કરે છે.

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

તેને માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

–नि. उ. ४, सु. १०४

१५९५. जे भिक्खू आगंतागारेसु वा, आरामागारेसु वा, गाहावइकुलेसु वा, परियावसहेसु वा, उच्चार-पासवणं परिट्ठवेइ, परिट्ठवेंतं वा साइज्जइ ।

१५९५. જે ભિક્ષુ ધર્મશાળાઓમાં, ઉદ્યાનોમાં, ગાથાપતિ કુળોમાં કે આશ્રમોમાં મળ-મૂત્રનો ત્યાગ કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू उज्जाणंसि वा, उज्जाणगिहंसि वा, उज्जाणसालंसि वा, निज्जाणंसि वा, निज्जाणगिहंसि वा, निज्जाणसालंसि वा, उच्चार-पासवणं परिट्ठवेइ, परिट्ठवेंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ ઉદ્યાનમાં, ઉદ્યાનઘરમાં, ઉદ્યાનશાળામાં, નગરની બહાર બનાવેલા સ્થાનમાં, નગરની બહાર બનાવેલા ઘરમાં, નગરની બહાર બનાવેલી શાળામાં મળ-મૂત્રનો પરિત્યાગ કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू अट्टंसि वा, अट्टालयंसि वा, चरियंसि वा, पागारंसि वा, दारंसि वा, गोपुरंसि वा, उच्चार-पासवणं परिट्ठवेइ, परिट्ठवेंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ ચબુતરા પર, અટારી પર, ચરિકા પર, પ્રાકાર પર, દરવાજામાં, ગોપુર (મુખ્ય દરવાજો)માં મળ-મૂત્રનો પરિત્યાગ કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जे भिक्खू दगमग्गंसि वा, दगपहंसि वा, दगतीरंसि वा, दगट्ठावणंसि वा, उच्चार-पासवणं परिट्ठवेइ, परिट्ठवेंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ પાણીવાળા માર્ગમાં, જળપથમાં, જળાશયના તટ પર કે જળ સ્થાન પર મળ-મૂત્રનો પરિત્યાગ કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू सुन्नगिहंसि वा, सुन्नसालंसि वा, भिन्नगिहंसि वा, भिन्नसालंसि वा, कूडागारंसि वा, कोट्ठागारंसि वा, उच्चार-पासवणं परिट्ठवेइ परिट्ठवेंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ સૂના ઘરમાં, સૂની શાળામાં, તૂટેલા ઘરમાં, તૂટેલી શાળામાં, કૂટાગાર કે કોષ્ઠાગારમાં મળ-મૂત્રનો પરિત્યાગ કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू तणगिहंसि वा, तणसालंसि वा, तुसगिहंसि वा, तुससालंसि वा, भुसगिहंसि वा, भुससालंसि वा, उच्चार-पासवणं परिट्ठवेइ, परिट्ठवेंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ ઘાસના ઘરમાં, ઘાસની શાળામાં, તુસના ઘરમાં, તુસની શાળામાં, ભૂંસાના ઘરમાં કે ભૂંસાની શાળામાં મળ-મૂત્રનો પરિત્યાગ કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू जाणसालंसि वा, जाणगिहंसि वा, जुग्गसालंसि वा, जुग्गगिहंसि वा, उच्चार-पासवणं परिट्ठवेइ, परिट्ठवेंतं वा साइज्जइ।

જે ભિક્ષુ યાનશાળામાં, યાનઘરમાં, વાહનશાળામાં, વાહનઘરમાં મળ-મૂત્રનો પરિત્યાગ કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू पणियसालंसि वा, पणियगिहंसि वा, परियासालंसि वा, परियागिहंसि वा, कुवियसालंसि वा, कुवियगिहंसि वा, उच्चार-पासवणं परिट्ठवेइ परिट्ठवेंतं वा साइज्जइ।

જે ભિક્ષુ વિક્રયશાળામાં, વિક્રયઘરમાં, માલસામાનના કોઠારમાં કે ઘરમાં, કર્મશાળા (કારખાના) માં કે કર્મઘરમાં મળ-મૂત્રનો પરિત્યાગ કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू गोणसालंसि वा, गोणगिहंसि वा, महाकुलंसि वा, महागिहंसि वा, उच्चार-पासवणं परिट्ठवेइ, परिट्ठवेंतं वा साइज्जइ।

જે ભિક્ષુ ગૌણશાળામાં કે ગૌણ ઘરમાં, મહાકુળમાં કે મહાઘરમાં મળ-મૂત્રનો પરિત્યાગ કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं।

તેને ચાતુર્માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

– नि. उ. १५, सु. ६६–७४

१५९६. जे भिक्खू अणंतरहियाए पुढवीए उच्चार-पासवणं परिट्ठवेइ, परिट्ठवेंतं वा साइज्जइ।

१५९६. જે ભિક્ષુ સચિત્ત પૃથ્વીના નજીકની ભૂમિ પર મળ-મૂત્રનો પરિત્યાગ કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू ससिणिद्धाए पुढवीए उच्चार-पासवणं परिट्ठवेइ, परिट्ठवेंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ સસ્નિગ્ધ ભૂમિ પર મળ-મૂત્ર પરઠે છે, (પરઠવાવે છે) પરઠવનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू ससरक्खाए पुढवीए उच्चार-पासवणं परिट्ठवेइ, परिट्ठवेंतं वा साइज्जइ।

જે ભિક્ષુ સચિત્ત રજવાળી ભૂમિ પર મળ-મૂત્ર પરઠવે છે, (પરઠવાવે છે) પરઠવનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू मट्टियाकडाए पुढवीए उच्चार-पासवणं परिट्ठवेइ, परिट्ठवेंतं वा साइज्जइ।

જે ભિક્ષુ સચિત્ત વીખરાયેલી માટીવાળી પૃથ્વી પર મળ-મૂત્ર પરઠવે છે, (પરઠવાવે છે) પરઠવનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू चित्तमंताए पुढवीए उच्चार पासवणं परिट्ठवेइ परिट्ठवेंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ સચિત્ત પૃથ્વી પર મળ-મૂત્ર પરઠવે છે, (પરઠવાવે છે) પરઠવનારનું અનુમોદન કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जे भिक्खू चित्तमंताए सिलाए उच्चार-पासवणं परिट्ठवेइ, परिट्ठवेंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ સચિત્ત શિલા પર મળ-મૂત્ર પરઠવે છે, (પરઠવાવે છે) પરઠવનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू चित्तमंताए लेलुए उच्चार-पासवणं परिट्ठवेइ, परिट्ठवेंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ સચિત્ત શિલાખંડ પર મળ-મૂત્ર પરઠવે છે, (પરઠવાવે છે) પરઠવનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू कोलावासंसि वा दारूए जीवपइट्ठिए, सअंडे-**जाव**-मक्कडा-संताणए उच्चार-पासवणं परिट्ठवेइ, परिट्ठवेंतं वा साइज्जइ।

જે ભિક્ષુ ઉધઈ લાગેલા કાષ્ઠ પર તથા ઈંડા **યાવત્** કરોળીયાનાં જાળાં પર મળ-મૂત્ર પરઠવે છે, (પરઠવાવે છે) પરઠવનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू थूणंसि वा, गिहेलुयंसि वा, उसुयालंसि वा, कामजलंसि वा, दुब्बद्धे, दुन्निखित्ते अनिकंपे चलाचले, उच्चार पासवणं परिट्ठवेइ, परिट्ठवेंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ દુર્બદ્ધ, દુર્નિક્ષિપ્ત, અનિષ્કંપ કે હલતા ઠૂંઠા પર, ઉંબરા પર, ખળાં પર, કે ન્હાવાના પાટ પર મળ-મૂત્ર પરઠવે છે, (પરઠવાવે છે) પરઠવનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू कुलियंसि वा, भित्तिंसि वा, सिलंसि वा, लेलुंसि वा, अंतलिक्खजायंसि वा, दुब्बद्धे, दुन्निखित्ते अनिकंपे, चलाचले उच्चार-पासवणं परिट्ठवेइ, परिट्ठवेंतं वा साइज्जइ।

જે ભિક્ષુ દુર્બદ્ધ, દુર્નિક્ષિપ્ત, અનિષ્કંપ કે હલતી માટીની દિવાલ પર, ઇંટની દિવાલ પર, શિલા પર, શિલાખંડ પર ઈત્યાદિ એવા ખુલ્લા સ્થાન પર મળ-મૂત્ર પરઠવે છે, (પરઠવાવે છે) પરઠવનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू खंधंसि वा, फलहंसि वा, मंचंसि वा, मंडवंसि वा, मालंसि वा, पासायंसि वा, हम्मियतलंसि वा, अंतलिक्खजायंसि वा, दुब्बद्धे, दुन्निखित्ते, अनिकंपे चलाचले उच्चार-पासवणं परिट्ठवेइ, परिट्ठवेंतं वा साइज्जइ।

જે ભિક્ષુ દુર્બદ્ધ, દુર્નિક્ષિપ્ત, અનિષ્કંપ કે હલતા સ્કંધ, તખતા, મંચ, મંડપ, માળીયું, મહેલ કે હવેલીની છત ઈત્યાદિ ખુલ્લા સ્થાન પર મળ-મૂત્ર પરઠવે છે, (પરઠવાવે છે) પરઠવનારનું અનુમોદન કરે છે.

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं।

તેને ચાતુર્માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

– नि.उ. १६, सु. ४०-५०

अण्णउत्थियाइ सद्धिं थंडिल-गमण-पायच्छित्त सुत्तं-

અન્યતીર્થિકાદિની સાથે સ્થંડિલ જવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :

१५९७. जे भिक्खू अण्णउत्थिएण वा गारत्थिएण वा परिहारिओ वा, अपरिहारिएण सद्धिं बहिया विहार-भूमिं वियार-भूमिं वा, णिक्खमइ वा, पविसइ वा, णिक्खमंतं वा, पविसंतं वा साइज्जइ।

૧૫૯૭. જે ભિક્ષુ અન્યતીર્થિક કે ગૃહસ્થની સાથે અથવા પારિહારિક સાધુ અપારિહારિકની સાથે ઉપાશ્રયની બહારની સ્વાધ્યાય ભૂમિમાં કે સ્થંડિલ ભૂમિમાં પ્રવેશ કે નિષ્ક્રમણ કરે છે, (પ્રવેશ કે નિષ્ક્રમણ કરાવે છે) પ્રવેશ કે નિષ્ક્રમણ કરનારનું અનુમોદન કરે છે.

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं।

તેને માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

– नि. उ. २, सु. ४१

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आउडे ठाणे उच्चाराइ परिट्ठवणस्स पायच्छित्त सुत्तं–

१५९८. जे भिक्खू दिया वा, राओ वा, वियाले वा उच्चार– पासवणेणं उब्बाहिज्जमाणे सपायं गहाय, परपायं वा जाइत्ता उच्चार–पासवणं परिट्ठवेत्ता, अणुग्गए सूरिए एडेइ एडेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं।

– नि. उ. ३ सु. ८०

उच्चार–पासवण भूमि अपडिलेहणस्स पायच्छित्त सुत्ताइं–

१५९९. जे भिक्खू साणुप्पए उच्चार–पासवणभूमिं न पडिलेहेइ, न पडिलेहेंतं वा साइज्जइ।

जे भिक्खू तओ उच्चार–पासवणभूमिओ न पडिलेहेइ, न पडिलेहेंतं वा साइज्जइ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं।

– नि. उ. ४, सु. १०२–१०३

उच्चाराइ अविहिए परिट्ठवणस्स पायच्छित्त सुत्तं –

१६००. जे भिक्खू उच्चार–पासवणं अविहीए परिट्ठवेइ, परिट्ठवेंतं वा साइज्जइ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं।

– नि. उ. ४, सु. १०५

थंडिल सामायारीणं अकरणस्स पायच्छित्त सुत्ताइं–

१६०१. जे भिक्खू उच्चार–पासवणं परिट्ठवेत्ता न पुंछइ, न पुंछंतं वा साइज्जइ।

जे भिक्खू उच्चार–पासवणं परिट्ठवेत्ता कट्ठेण वा, किलिंचेण वा, अंगुलियाए वा, सलागाए वा पुंछइ, पुंछंतं वा साइज्जइ।

जे भिक्खू उच्चार–पासवणं परिट्ठवेत्ता णायमइ, णायमंतं वा साइज्जइ।

जे भिक्खू उच्चार–पासवणं परिट्ठवेत्ता तत्थेव आयमइ,आयमंतं वा साइज्जइ।

जे भिक्खू उच्चार–पासवणं परिट्ठवेत्ता अइदूरे आयमइ आयमंतं वा साइज्जइ।

आवृत्त स्थानोमां मळ-मूत्र परठववानुं प्रायश्चित्त सूत्र :

१५९८. जे भिक्षु दिवसे, रात्रे के विकालमां मळ-मूत्रनी तीव्र ईच्छाथी व्याकुळ थईने पोतानुं पात्र के बीजाना पात्रनी याचना करी, तेमां मळ-मूत्रनो त्याग करी ज्यां सूर्यनो ताप न आवतो होय एवा स्थान पर परठवे छे, (परठवावे छे) परठवनारनुं अनुमोदन करे छे.

तेने मासिक उद्घातिक परिहारस्थान (प्रायश्चित्त) आवे छे.

उच्चार प्रश्रवण भूमिनुं प्रतिलेखन न करवानां प्रायश्चित्त सूत्र :

१५९९. जे भिक्षु चतुर्थप्रहरमां उच्चार प्रश्रवण भूमिनुं प्रतिलेखन करतो नथी, (करावतो नथी) करनारनुं अनुमोदन करतो नथी.

जे भिक्षु त्रणे उच्चार प्रश्रवण भूमिओनुं प्रतिलेखन करतो नथी, (करावतो नथी) करनारनुं अनुमोदन करतो नथी.

तेने मासिक उद्घातिक परिहारस्थान (प्रायश्चित्त) आवे छे.

अविधिथी मळ-मूत्र आदि परठववानुं प्रायश्चित्त सूत्र :

१६००. जे भिक्षु उच्चार प्रश्रवणने अविधिथी परठवे छे, (परठवावे छे) परठवनारनुं अनुमोदन करे छे.

तेने मासिक उद्घातिक परिहारस्थान (प्रायश्चित्त) आवे छे.

स्थंडिल सामाचारीनुं पालन करवानां प्रायश्चित्त सूत्र :

१६०१. जे भिक्षु उच्चार प्रश्रवणनो त्याग करी (मळद्वारने) लुछतो नथी, (लूछावतो नथी) लूछनारनुं अनुमोदन करतो नथी.

जे भिक्षु उच्चार प्रश्रवणनो त्याग करी, काष्ठथी, वांसना छोलथी, आंगळी के शलाकाथी लूछे छे, (लूछावे छे) लूछनारनुं अनुमोदन करे छे.

जे भिक्षु उच्चार प्रश्रवणने परठवी आचमन करतो नथी, (करावतो नथी) करनारनुं अनुमोदन करतो नथी.

जे भिक्षु उच्चार प्रश्रवणनो त्याग करी त्यांज आचमन करे छे, (करावे छे) करनारनुं अनुमोदन करे छे.

जे भिक्षु उच्चार प्रश्रवणनो त्याग करी वधु दूर जई आचमन करे छे, (करावे छे) करनारनुं अनुमोदन करे छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जे भिक्खू उच्चार-पासवणं परिट्ठवेत्ता परं तिण्हं णावापुराणं आयमइ, आयमंतं वा साइज्जइ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

– नि. उ. ४, सु. १०६–१११

જે ભિક્ષુ ઉચ્ચાર પ્રશ્રવણનો ત્યાગ કરી ત્રણથી વધુ નાવાપૂર (ચાપકા) થી આચમન કરે છે, (કરાવે છે) કરનારનું અનુમોદન કરે છે.

તેને માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

गुप्ति

ગુપ્તિ - અગુપ્તિ - ૧

गुत्तिओ सरूवं–

१६०२. एयाओ पंचसमिईओ, समासेण वियाहिया ।
एत्तो य तओ गुत्तीओ, वोच्छामि अणुपुव्वसो।।

– उत्त. अ. २४, गा. १९

ગુપ્તિનું સ્વરૂપ :

૧૬૦૨. આ પાંચ સમિતિ ટૂંકમાં કહી છે. આગળ ત્રણ ગુપ્તિઓ ક્રમથી કહું છું.

१६०३. गुत्ती नियत्तणे वुत्ता असुभत्थेसु सव्वसो ।

– उत्त. अ. २४, गा. २६ (२)

૧૬૦૩. અશુભ વિષયોમાંથી સર્વથા નિવૃત્ત થવું ગુપ્તિ કહેવાય છે.

तिगुत्तो संजओ –

१६०४. हत्थसंजए पायसंजए, वायसंजए संजइंदिए।
अज्झप्परए सुसमाहियप्पा, सुत्तत्थं च वियाणइ जे स भिक्खू ।

– दस. अ. १०, गा. १५

ત્રિગુપ્તિ સંયત :

૧૬૦૪. જે હાથ, પગને યતના પૂર્વક પ્રવૃત્ત કરે છે, વાણીમાં પૂર્ણ વિવેક રાખે છે, અને ઈન્દ્રિયોનો યથાર્થ સંયમ રાખે છે, અધ્યાત્મ ભાવમાં રત છે, યથાયોગ્ય આત્મ સમાધિસ્થ છે તથા જે સૂત્ર અને અર્થના રહસ્યને યથાર્થરૂપે જાણે છે, તે જ સાચો સાધુ છે.

गुत्ति अगुत्तिप्पगारा –

१६०५. तओ गुत्तिओ पण्णत्ताओ, तं जहा–
(१) मणगुत्ती, (२) वइगुत्ती, (३) कायगुत्ती[1] ।
संजयमणुस्साणं तओ गुत्तीओ पण्णत्ताओ, तं जहा–
(१) मणगुत्ती, (२) वइगुत्ती, (३) कायगुत्ती।
तओ अगुत्तीओ पण्णत्ताओ, तं जहा–
(१) मणअगुत्ती, (२) वइअगुत्ती, (३) कायअगुत्ती[2] ।

– ठाणं.अ. ३, उ. १, सु. १३४

ગુપ્તિ તથા અગુપ્તિના પ્રકાર :

૧૬૦૫. ગુપ્તિના ત્રણ પ્રકાર છે -
૧. મન ગુપ્તિ, ૨. વચન ગુપ્તિ, ૩. કાય ગુપ્તિ.
સંયત મનુષ્યની ત્રણ ગુપ્તિઓ કહી છે -
૧. મન ગુપ્તિ, ૨. વચન ગુપ્તિ, ૩. કાય ગુપ્તિ.
અગુપ્તિના ત્રણ પ્રકાર છે -
૧. મન અગુપ્તિ, ૨. વચન અગુપ્તિ, ૩. કાય અગુપ્તિ.

मन गुप्ति – २

मणगुत्ती सरूवं–

१६०६. संरम्भ समारम्भे, आरम्भे य तहेव य।
मणं पवत्तमाणं तु, नियत्तेज्ज जयं जई।।

– उत्त. अ. २४, गा. २१

મન ગુપ્તિનું સ્વરૂપ :

૧૬૦૬. યતના સંપન્ન યતિ સંરંભ, સમારંભ અને આરંભમાં પ્રવૃત્ત મનનું નિવર્તન કરે.

---

૧. આવ. અ. ૪, સુ. ૨૨ ।

૨. મન, વચન અને કાયાના નિગ્રહને ગુપ્તિ અને અનિગ્રહને અગુપ્તિ કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चउव्विहा मणगुत्ती–

१६०७. सच्चा[1] तहेव मोसा[2] य, सच्चा मोसा[3] तहेव य।
चउत्थी असच्चमोसा य[4] मणगुत्ती चउव्विहा।।

– उत्त. अ. २४, गा. २०

मणस्स दुट्ठऽस्सोवमा–

१६०८. **प.** अयं साहसिओ भीमो, दुट्ठस्सो परिधावई।
जंसि गोयम ! आरूढो, कहं तेण न हीरसि ?।।

उ. पधावन्तं निगिण्हामि, सुयरस्सीसमाहियं।
न मे गच्छइ उम्मग्गं, मग्गं च पडिवज्जइ।।

प. आसे य इइ के वुत्ते ? केसी गोयममब्बवी।
केसिमेवं बुवंतं तु, गोयमो इणमब्बवी।।

उ. मणो साहसिओ भीमो, दुट्ठस्सो परिधावई।
तं सम्मं निगिण्हामि, धम्मसिक्खाए कन्थगं।।

– उत्त. अ. २३, गा. ५५–५८

दस चित्तसमाहिट्ठाणा–

१६०९. इह खलु थेरेहिं भगवंतेहिं दसचित्त–समाहिट्ठाणा पण्णत्ता।

प. कयरे खलु ते थेरेहिं भगवंतेहिं दस चित्तसमा–हिट्ठाणा पण्णत्ता ?

उ. इमे खलु ते थेरेहिं भगवंतेहिं दस चित्तसमा–हिट्ठाणा पण्णत्ता।

– दसा. द. ५, सु. १–२

१६१०. "अज्जो !" इति समणे भगवं महावीरे समणा–निग्गंथा य निग्गंथीओ य आमंतित्ता एवं वयासी–
"इह खलु अज्जो ! निग्गंथाणं वा निग्गंथीणं वा इरिया–समियाणं, भासा–समियाणं, एसणा–समियाणं, आयाण–भंड–मत्त–निक्खेवणा–समियाणं, उच्चार–पासवण–खेल–सिंघाण–जल्ल–परिट्ठावणिया–समियाणं,

चार प्रकारनी मन गुप्ति :

१६०७. सत्या, मृषा, सत्यामृषा तथा चोथी असत्यामृषा. आ प्रमाणे मन-गुप्तिना चार प्रकार छे.

मनने दुष्ट अश्वनी उपमा :

१६०८. केशी श्रमणे गौतम स्वामिने पूछ्युं -

प्र. आ साहसिक,भयंकर, दुष्ट घोडो जे चारे तरफ दोडी जाय छे. गौतम ! तमे तेना पर सवार छो. ते तमने खोटे रस्ते केम दोरतो नथी ?'

उ. गणधर गौतमे आ प्रकारे कह्युं - 'दोडता घोडाने हुं श्रुत-रश्मि (श्रुत-ज्ञाननी लगाम)थी वशमां करुं छुं. मारे वश रहेलो घोडो उन्मार्गे जतो नथी. परंतु सन्मार्गे ज रहे छे.'

प्र. केशी श्रमणे गौतमने पूछ्युं - 'तमे घोडो कोने कहो छो ?'

केशी श्रमणना पूछवाथी गौतमे आ प्रमाणे कह्युं -

उ. "मन ज साहसिक, भयंकर अने दुष्ट घोडो छे. जे चारे बाजु दोडे छे. तेने हुं सारी रीते वशमां राखुं छुं. धर्मशिक्षाथी ते कंठक-उत्तम जातिनो घोडो बन्यो छे."

दश चित्त समाधि स्थान :

१६०९. आ आर्हत् प्रवचनमां स्थविर भगवंतोओ दश चित्त समाधि स्थान कह्यां छे.

प्र. भंते ! ए क्या दश चित्तसमाधिनां स्थान स्थविर भगवंतोओ कह्यां छे ?

उ. आ दश चित्त समाधि स्थान स्थविर भगवंतोओ आ प्रमाणे कह्यां छे. जेम के -

१६१०. 'हे आर्यो ! ए रीते आमंत्रण आपी श्रमण भगवान महावीर साधु साध्वीने कहेवा लाग्या. 'हे आर्यो, साधु अथवा साध्वीओ, जे ईर्यासमितिवाळा, भाषासमितिवाळा, एषणा समितिवाळा, आदान-भांड-मात्रनिक्षेपणा समितिवाळा, उच्चार-प्रश्रवण, खेल-सिंघाणक-जल्लनी परिष्ठापना समितिवाळा,

---

१. सत्या मनोगुप्ति - सत्य वस्तुनुं मनमां चिन्तन, यथा-जगतमां जीव विद्यमान छे.

२. असत्या मनोगुप्ति - असत्य वस्तुनुं मनमां चिन्तन यथा-जीव नथी.

३. सत्या-मृषा मनोगुप्ति - कंईक सत्य अने कंईक असत्य वस्तुनुं मनमां चिन्तन यथा-केरीना नाना प्रकारना वृक्षोने 'आ केरीनुं वन छे." एवुं चिन्तन करवुं. वनमां आम्र वृक्ष छे ते तो सत्य चिन्तन छे परंतु पलाश, खदिर, धव आदि विविध प्रकारना वृक्ष पण वनमां छे आथी उक्त चिंतन असत्य पण छे.

४. असत्य अमृषा मनोगुप्ति-जे चिंतन सत्य अने असत्य नथी तथा कोई आदेश के निर्देशनुं चिंतन - "हे देवदत्त ! घडो लाव" अथवा 'मने अमुक वस्तु लावी दे.' ईत्यादि चिन्तन.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मण–समियाणं, वय– समियाणं, काय समियाणं, मणगुत्तीणं, वयगुत्तीणं, काय–गुत्तीणं, गुत्तिदियाणं, गुत्तबंभयारीणं, आयट्ठीणं, आयहियाणं, आय–जोईणं, आयपरक्कमाणं, पक्खिय–पोसहिएसु समाहिपत्ताणं झियायमाणाणं इमाइं दस चित्त–समाहि ट्ठाणाइं[1], असमुप्पण्णपुव्वाइं समुप्पज्जेज्जा, तं जहा–

મનःસમિતિવાળા, વાક્-સમિતિવાળા, કાય-સમિતિવાળા, મનોગુપ્તિવાળા, વચન ગુપ્તિવાળા, કાય ગુપ્તિવાળા તથા ગુપ્તેન્દ્રિય, ગુપ્ત બ્રહ્મચારી, આત્માર્થી, આત્મહિતેષી, આત્મયોગી, આત્મ-પરાક્રમી, પાક્ષિક પૌષધોપવાસમાં સમાધિસ્થ તથા શુભ ધ્યાન કરવાવાળા મુનિઓને આ પૂર્વ અનુત્પન્ન, ચિત્ત-સમાધિના દશ સ્થાન ઉત્પન્ન થાય છે, જેમકે -

(१) धम्मचिंता वा से असमुप्पण्ण–पुव्वा समुप्पज्जेज्जा, सव्वं धम्मं जाणित्तए।

१. પૂર્વે ક્યારેય પણ ઉત્પન્ન નથી થઈ એવી ધર્મભાવના ઉત્પન્ન થાય, તેથી તે સર્વશ્રેષ્ઠ ધર્મને જાણી લે.

(२) सण्णि–जाइ–सरणेण सण्णि–णाणं वा से असमुप्पण्ण–पुव्वे समुप्पज्जेज्जा, अप्पणो पोराणियं जाइं सुमरित्तए।

२. પૂર્વે ક્યારેય પણ થયું નથી એવા સંજ્ઞિ જાતિ સ્મરણ જ્ઞાન દ્વારા પોતાના પૂર્વ જન્મોનું સ્મરણ કરી લે.

(३) सुमिणदंसणे वा से असमुप्पण्ण–पुव्वे समुप्पज्जेज्जा, अहातच्चं सुमिणं पासित्तए।

૩. પૂર્વઅદૃષ્ટ યથાર્થ સ્વપ્ન દેખાઈ જાય.

(४) देवदंसणे वा से असमुप्पण्ण–पुव्वे समुप्पज्जेज्जा, दिव्वं देविड्ढिं, दिव्वं देवजुइं, दिव्वं देवाणुभावं पासित्तए।

૪. પૂર્વે અદૃષ્ટ દેવ-દર્શન થઈ જાય. તથા દિવ્ય દેવ-ઋદ્ધિ, દિવ્ય દેવ-દ્યુતિ તથા દિવ્ય દેવાનુભાવ દેખાઈ જાય.

(५) ओहिणाणे वा से असमुप्पण्ण–पुव्वे समुप्पज्जेज्जा, ओहिणा लोगं जाणित्तए।

૫. પૂર્વે કદી થયું નથી એવું અવધિજ્ઞાન ઉત્પન્ન થઈ જાય તથા તેના દ્વારા લોકને જાણી લે.

(६) ओहिदंसणे वा से असमुप्पण्ण–पुव्वे समुप्पज्जेज्जा, ओहिणा लोयं पासित्तए।

૬. પૂર્વે નથી થયું એવું અવધિ દર્શન ઉત્પન્ન થઈ જાય અને એના દ્વારા તે લોકને જોઈ લે.

(७) मणपज्जवनाणे वा से असमुप्पण्ण–पुव्वे समुप्पज्जेज्जा, अंतो मणुस्सखित्तेसु अड्ढा इज्जेसु दीवसमुद्देसु सण्णीणं पंचिंदियाणं पज्जत्तगाणं मणोगए भावे जाणित्तए।

૭. પૂર્વે કદી નથી થયું એવું મનःપર્યવજ્ઞાન ઉત્પન્ન થઈ જાય તથા મનુષ્ય ક્ષેત્રમાં અઢી દ્વીપ સમુદ્રોમાં રહેતા સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તક જીવોના મનોભાવને જાણી લે.

(८) केवलणाणे वा से असमुप्पण्ण–पुव्वे समुप्पज्जेज्जा, केवलकप्पं लोयालोयं जाणित्तए।

૮. પૂર્વે કદી નથી થયું એવું કેવળ જ્ઞાન ઉત્પન્ન થઈ જાય તથા સંપૂર્ણ લોકાલોકને જાણી લે.

(९) केवलदंसणे वा से असमुप्पण्ण–पुव्वे समुप्पज्जेज्जा, केवलकप्पं लोयालोयं पासित्तए ।

૯. પૂર્વે કદી થયું નથી એવું કેવળ દર્શન ઉત્પન્ન થઈ જાય તથા સંપૂર્ણ લોકાલોકને જોઈ લે.

(१०) केवल–मरणे वा से असमुप्पण्ण–पुव्वे समुप्पज्जेज्जा, सव्वदुक्खपहाणाए।

૧૦. પૂર્વે કદી નથી થયું એવું કેવળ મૃત્યુ-પ્રાપ્ત થઈ જાય તો સર્વ દુઃખનો અંત થઈ જાય છે.

– दसा. द. ५, सु. ६

(આ દશ સ્થાનોથી સમાધિભાવની પ્રાપ્તિ થાય છે.)

---

१. (क) ठाणं अ. १०, सु. ७५५ (ख) सम. स. १०, सु. १

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

संकिलिट्ठचित्तस्स अकिच्चाइं–

१६११. अणेगचित्ते खलु अयं पुरिसे, से केयणं अरिहइ पूरइत्तए। से अण्णवहाए, अण्णपरियावाए, अण्ण–परिग्गहाए, जणवयवहाए, जणवयपरियावाए, जणवयपरिग्गहाए।

– आ. सु. १, अ. ३, उ. २, सु. ११८

व्याकुळ चित्तवृत्तिवाळानुं दुष्कृत्य :

१६११. ते (असंयमी) पुरुष अनेक प्रकारना विकल्पोथी घेरायेलो छे. ते चाळणीनी अंदर पाणी भरवानो प्रयत्न करे छे. ते बीजा जीवो तथा जनसमुदायने मारवा, सताववा, अने अधिकार जमाववा माटे तैयार थाय छे, तथा परिग्रह माटे प्रवृत्त बने छे.

मणगुत्तयाए फलं–

१६१२. प. मणगुत्तयाए णं भन्ते ! जीवे किं जणयइ ?

उ. मणगुत्तयाए णं जीवे एगग्गं जणयइ।
एगग्गचित्ते णं जीवे मणगुत्ते संजमाराहए भवइ।

– उत्त. अ. २६, सु. ५५

मननने वशमां करवानुं फळ :

१६१२. प्र. भंते ! मनोगुप्तता (कुशळ मनना प्रयोग)थी जीव शुं प्राप्त करे छे ?

उ. मनो-गुप्ततायी ते जीव एकाग्रताने प्राप्त करे छे. एकाग्र चित्तवाळा जीव (अशुभ संकल्पोथी) मननी रक्षा करनार अने संयमनी आराधना करनार होय छे.

मणसमाहारणयाए फलं–

१६१३. प. मणसमाहारणयाए णं भन्ते ! जीवे किं जणयइ ?

उ. मणसमाहारणयाए णं एगग्गं जणयइ। एगग्गं जणइत्ता नाणपज्जवे जणयइ। नाणपज्जवे जणइत्ता सम्मत्तं विसोहेइ, मिच्छत्तं च निज्जरेइ।

– उत्त. अ. २६, सु. ५८

मनसमाधारणानुं फळ :

१६१३. प्र. भंते ! मननी समाधारणा (मनने आगमोक्त भावोना चिंतनमां सारी रीते संलग्न राखवा)थी जीवने शुं मळे छे?

उ. मननी समाधारणाथी जीव एकाग्रता मेळवे छे. एकाग्रताथी ज्ञानपर्यायो (ज्ञाननां विविध तत्वो-बोधरूप प्रकारो) प्राप्त करे छे. ज्ञानपर्यायो प्राप्त करीने सम्यक् दर्शनने विशुद्ध करे छे अने मिथ्यादर्शननी निर्जरा करे छे.

एगग्गमणसन्निवेसणयाए फलं–

१६१४. प. एगग्गमणसन्निवेसणयाए णं भन्ते ! जीवे किं जणयइ ?

उ. एगग्गमणसन्निवेसणयाए णं चित्तनिरोहं करेइ ।।

– उत्त. अ. २६, सु. २७

मननी एकाग्रतानुं फळ :

१६१४. प्र. भंते ! मनने एकाग्रतामां सन्निवेश करवाथी जीवने शुं मळे छे ?

उ. मनने एकाग्र करवाथी चित्तनो निरोध थाय छे.

वचन गुप्ति – ३

वयगुत्ती सरूवं–

१६१५. संरम्भ समारम्भे, आरम्भे य तहेव य ।
वयं पवत्तमाणं तु, नियत्तेज्ज जयं जइ[1] ।।

– उत्त. अ. २४, गा. २३

वचन गुप्तिनुं स्वरूप :

१६१५. यतना संपन्न यतिए संरंभ, समारंभ अने आरंभमां प्रवृत्त वचननुं निवर्तन करवुं जोईए.

चउव्विहा वइगुत्ती–

१६१६. सच्चा तहेव मोसा य, सच्चा मोसा तहेव य।
चउत्थी असच्चमोसा, वइगुत्ती चउव्विहा।।

– उत्त. अ. २४, गा. २२

चार प्रकारनी वचन गुप्ति :

१६१६. सत्या, मृषा, सत्यामृषा अने असत्यामृषा. आ प्रमाणे वचन गुप्तिना चार प्रकार छे.

---

१. संकप्पो संरंभ, परितापकरो भवे समारंभो । आरंभो उद्दवओ, सुद्धं वयाईणं सव्वेसिं ।। – उत्त.अ. २४, टीका
हिंसानो संकल्प ते संरंभ, प्राणीओने परिताप करवो ते समारंभ अने प्राणीओने उपद्रव करवो ते आरंभ छे

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वयगुत्तस्स किच्चाइं–

१६१७. गुत्तो वईए य समाहिपत्ते,
लेसं समाहट्टु परिव्वएज्जा ।।

– सूय. सु. १, अ. १०, गा. १५

वइगुत्ति परूवणं –

१६१८. से जहेतं भगवया पवेदितें आसुपण्णेण जाणया पासया। अदुवा गुत्ती वइगोयरस्स ।

– आ.सु. १, अ. ८, उ. १, सु. २०१ (ख)

वइगुत्तयाए फलं–

१६१९. **प.** वयगुत्तयाए णं भन्ते ! जीवे किं जणयइ ?

उ. वयगुत्तयाए णं निव्वियारं जणयइ।
"निव्वियारेणं जीवे वइगुत्ते अज्झप्पजोगसाहणजुत्ते" यावि भवइ।

– उत्त. अ. २६, सु. ५६

वयसमाहारणयाए फलं–

१६२०. **प.** वयसमाहारणयाए णं भन्ते ! जीवे किं जणयइ ?

उ. वयसमाहारणयाए णं वयसाहारणदंसणपज्जवे विसोहेइ। वयसाहारणदंसणपज्जवे विसोहेत्ता सुलहबोहियत्तं निव्वत्तेइ, दुल्लहबोहियत्तं निज्जरेइ।

– उत्त. अ. २६, सु. ५९

વચન ગુપ્તિના કૃત્યો :

૧૬૧૭. વચન ગુપ્તિનો ધારક ભાવ સમાધિ પ્રાપ્ત કરી શુદ્ધ લેશ્યાને ગ્રહણ કરી સંયમમાં અનુષ્ઠાન કરે.

વચન ગુપ્તિની પ્રરૂપણા :

૧૬૧૮. આશુપ્રજ્ઞ, સર્વજ્ઞાની, સર્વદર્શી ભગવાન મહાવીર દ્વારા જે પ્રમાણે ધર્મ પ્રરૂપિત થયો છે, તે જ પ્રમાણે ધર્મની પ્રરૂપણા કરે અથવા વાણી વિષયક ગુપ્તિથી મૌન સાધનામાં રહે.

વચન ગુપ્તિનું ફળ :

૧૬૧૯. **પ્ર.** ભંતે ! વચન ગુપ્તિથી જીવને શું ફળની પ્રાપ્તિ થાય છે ?

ઉ. વચન ગુપ્તિથી જીવ નિર્વિકાર બને છે. નિર્વિકાર જીવ સર્વથા વાક્‌ગુપ્ત તથા અધ્યાત્મ યોગના સાધનભૂત ધ્યાનથી એકાગ્રતા આદિથી યુક્ત હોય છે.

वचन समाधारणानुं फळ :

૧૬૨૦. **પ્ર.** ભંતે ! વાક્‌-સમાધારણા (વચનને સ્વાધ્યાયમાં સંલગ્ન કરવું) થી જીવને શું ફળની પ્રાપ્તિ થાય છે?

ઉ. વાક્‌-સમાધારણાથી જીવ વાણીના વિષયભૂત દર્શન પર્યાયને વિશુદ્ધ કરે છે, વાણીના વિષયભૂત દર્શન પર્યાયો વિશુદ્ધ કરીને સહેલાઈથી બોધિ પ્રાપ્ત કરે છે. અને બોધિની દુર્લભતા પણ ક્ષીણ કરે છે.

काय गुप्ति – ४

कायगुत्ती सरूवं–

१६२१. संरम्भ समारम्भे, आरम्भे य तहेव य।
कायं पवत्तमाणं तु, नियत्तेज्ज जयं जई।।

– उत्त. अ. २४, गा. २५

कायगुत्ती अणेगविहा–

१६२२. ठाणे निसीयणे चेव, तहेव य तुयट्टणे।
उल्लंघण पल्लंघणे, इन्दियाणं य जुंजणे।।

– उत्त. अ. २४, गा. २४

કાય ગુપ્તિનું સ્વરૂપ :

૧૬૨૧. યતના સંપન્ન યતિ એ સરંભ, સમારંભ અને આરંભમાં પ્રવૃત્ત કાયાનું નિવર્તન કરવું જોઈએ.

કાય ગુપ્તિના અનેક પ્રકાર :

૧૬૨૨. ઊભા રહેવામાં, બેસવામાં, ત્વગ્‌વર્તન-સૂવામાં, ઉલ્લંઘન-ખાડા વગેરે ઓળંગવામાં, પ્રલંઘન-સાધારણ હરવા ફરવામાં, અને શબ્દાદિ વિષયોરૂપ ઈન્દ્રિયોના પ્રયોગમાં પ્રવર્તમાન મુનિ કાય ગુપ્તિ કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१६२३. णत्ताह पालाछण्णाह आयाणसातगाढत बाल अव्वोच्छिण्णबंधणे अणभिक्कंत–संजोए। तमंसि अविजाणओ आणाए लंभो णत्थि त्तिबेमि।

१६२३. નત્રાાદ ઇાન્દ્રયાના વિષયાથા નિવૃત્ત થઇન જ મોહાદિવશ કરી કર્માશ્રવના કારણોમાં આસક્ત થાય છે, તે અજ્ઞાની બંધનોથી મુક્ત થતો નથી. તે વિષયોના સંયોગોને છોડી શકતો નથી. મોહરૂપી અંધકારમાં પડેલા આવા અજ્ઞાની જીવને તીર્થંકરની આજ્ઞાનો લાભ થતો નથી. અર્થાત્ તે આરાધક બની શકતો નથી એમ હું કહું છું.

जस्स णत्थि पुरे पच्छा मज्झे तस्स कुओ सिया ?

જેને વિષયાસક્તિના પૂર્વ સંસ્કાર નથી અને ભવિષ્યનો સંકલ્પ નથી તેને મધ્યે (વર્તમાન ભવમાં) વિષયાસક્તિનો વિકલ્પ ક્યાંથી હોય ?

से हु पन्नाणमंते बुद्धे आरंभोवरए।

એ જ વાસ્તવમાં પ્રજ્ઞાવાન છે, પ્રબુદ્ધ છે, આરંભથી વિરત છે.

सम्ममेयं ति पासहा।
जेण बंधं वहं घोरं परितावं च दारुणं।

તેમનો આ વ્યવહાર સમ્યક્ છે. એમ તું જો વિચાર કર. વિષયાસક્તિથી પુરુષ બંધન, વધ, પરિતાપ આદિ ભયંકર દુઃખો સહન કરે છે.

पलिछिंदिय बाहिरगं च सोतं णिक्कम्मदंसी इह मच्चिएहिं।

માટે બાહ્ય પરિગ્રહ આદિ તથા અંતરંગ રાગ-દ્વેષ આદિ આશ્રવોનો નિરોધ કરી આ મૃત્યુ લોકમાં નિષ્કર્મદર્શી બનવું જોઈએ.

कम्मुणा सफलं दट्ठुं ततो णिज्जाति वेदवी।

– आ.सु.१, अ.४, उ. ४, सु. १४४–१४५

કર્મ પોતાનું ફળ અવશ્ય આપે છે, એવું જાણીને તત્વજ્ઞ પુરુષે કર્મબંધનના કારણોથી સદા દૂર રહેવું જોઈએ.

कायगुत्तयाए फलं–

કાયગુપ્તિનું ફળ :

१६२४. **प.** कायगुत्तयाए णं भन्ते ! जीवे किं जणयइ ?

१૬૨૪. **પ્ર.** ભંતે ! કાયગુપ્તિથી જીવને શું ફળની પ્રાપ્તિ થાય છે ?

उ. कायगुत्तयाए णं संवरं जणयइ। संवरेणं कायगुत्ते पुणो पावासवनिरोहं करेइ।

– उत्त. अ. २९, सु. ५७

ઉ. કાય ગુપ્તિથી જીવ સંવર (અશુભ પ્રવૃત્તિથી નિરોધ) પામે છે. સંવરથી કાય ગુપ્ત બનીને ફરી થનાર પાપાશ્રવનો નિરોધ કરે છે.

कायसमाहारणयाए फलं –

કાય સમાધારણાનું ફળ :

१६२५. **प.** कायसमाहारणयाए णं भन्ते ! जीवे किं जणयइ ?

१૬૨૫. **પ્ર.** ભંતે ! કાય સમાધારણા (સંયમની શુદ્ધ પ્રવૃત્તિઓમાં કાયાને સંલગ્ન રાખવા)થી જીવને શું ફળ પ્રાપ્ત થાય છે ?

उ. कायसमाहारणयाए णं चरित्तपज्जवे विसोहेइ । चरित्तपज्जवे विसोहेत्ता अहक्खायचरित्तं विसोहेइ । अहक्खायचरित्तं विसोहेत्ता चत्तारि केवलिकम्मंसे खवेइ। तओ पच्छा सिज्झइ, बुज्झइ, मुच्चइ, परिनिव्वाएइ सव्वदुक्खाणमन्तं करेइ।

– उत्त. अ. २९, सु. ६०

ઉ. કાય સમાધારણાથી જીવ ચારિત્રના પર્યાયો વિશુદ્ધ કરે છે. ચારિત્ર પર્યાય વિશુદ્ધ કરીને યથાખ્યાત ચારિત્રને શુદ્ધ કરે છે. યથાખ્યાત ચારિત્ર શુદ્ધ કરીને કેવલીના વિદ્યમાન ચાર કર્મો (આયુષ્ય, વેદનીય, નામ અને ગોત્ર)નો ક્ષય કરે છે. ત્યાર પછી સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે, મુક્ત થાય છે, પરિનિર્વાણ પ્રાપ્ત કરે છે, અને બધાં દુઃખોનો અંત કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इंदियणिग्गह फलं–

१६२६. **प.** सोइन्दिय निग्गहेणं भन्ते ! जीवे किं जणयइ ?

उ. सोइन्दिय निग्गहेणं मणुन्नामणुन्नेसु सद्देसु राग-दोस निग्गहं जणयइ, तप्पच्चइयं कम्मं न बन्धइ, पुव्वबद्धं च निज्जरेइ।

प. चक्खिन्दिय-निग्गहेणं भन्ते ! जीवे किं जणयइ ?

उ. चक्खिन्दिय-निग्गहेणं मणुन्नामणुन्नेसु रूवेसु राग-दोस-निग्गहं जणयइ, तप्पच्चइयं कम्मं न बन्धइ, पुव्वबद्धं च निज्जरेइ।

प. घाणिन्दिय निग्गहेणं भन्ते ! जीवे किं जणयइ ?

उ. घाणिन्दिय निग्गहेणं मणुन्नामणुन्नेसु गन्धेसु राग-दोस निग्गहं जणयइ, तप्पच्चइयं कम्मं न बन्धइ, पुव्वबद्धं च निज्जरेइ।

प. जिब्भिन्दिय निग्गहेणं भन्ते ! जीवे किं जणयइ ?

उ. जिब्भिन्दिय निग्गहेणं मणुन्नामणुन्नेसु रसेसु राग-दोस निग्गहं जणयइ, तप्पच्चइयं कम्मं न बन्धइ, पुव्वबद्धं च निज्जरेइ।

प. फासिन्दिय निग्गहेणं भन्ते ! जीवे किं जणयइ ?

उ. फासिन्दिय निग्गहेणं मणुन्नामणुन्नेसु फासेसु राग-दोस निग्गहं जणयइ, तप्पच्चइयं कम्मं न बन्धइ, पुव्वबद्धं च निज्जरेइ।

– उत्त. अ. २९, सु. ६४-६८

अप्पमत्तअज्झवसाणं–

१६२७. आवंती के आवंती लोगंसि अणारंभजीवी, एतेसु चेव अणारंभ जीवी।

एत्थोवरते तं झोसमाणे अयं संधी ति अदक्खु,
जे इमस्स विग्गहस्स अयं खणे त्ति मन्नेसी।

एस मग्गे आरिएहिं पवेदिते।
उट्ठिते णो पमादए।
जाणित्तु दुक्खं पत्तेयं सातं।

ઈન્દ્રિય નિગ્રહનું ફળ :

૧૬૨૬. **પ્ર.** ભંતે ! શ્રોત્રેન્દ્રિયના નિગ્રહથી જીવને શું ફળ મળે છે ?

ઉ. શ્રોત્રેન્દ્રિયના નિગ્રહથી જીવ મનોજ્ઞ અને અમનોજ્ઞ શબ્દોમાં થનાર રાગ-દ્વેષથી પર રહે છે, પછી તત્-પ્રત્યયિક અર્થાત્ શબ્દ નિમિત્તક કર્મનો બંધ નથી કરતો તથા પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા કરે છે.

પ્ર. ભંતે ! ચક્ષુ ઈન્દ્રિય નિગ્રહથી જીવને શું મળે છે ?

ઉ. ચક્ષુ-ઈન્દ્રિય નિગ્રહથી જીવ મનોજ્ઞ અમનોજ્ઞ-રૂપોમાં થનાર રાગ-દ્વેષનો નિગ્રહ કરે છે. પછી રૂપનિમિત્તક કર્મનો બંધ નથી કરતો અને પૂર્વબદ્ધ કર્મની નિર્જરા કરે છે.

પ્ર. ભંતે ! ઘ્રાણેન્દ્રિય નિગ્રહથી જીવને શું મળે છે ?

ઉ. ઘ્રાણેન્દ્રિય નિગ્રહથી જીવ મનોજ્ઞ અમનોજ્ઞ ગંધોમાં રાગ-દ્વેષનો નિગ્રહ કરે છે. પછી ગંધ નિમિત્તક કર્મનો બંધ કરતો નથી અને પૂર્વબદ્ધ કર્મની નિર્જરા કરે છે.

પ્ર. ભંતે ! જિહ્વા-ઈન્દ્રિયના નિગ્રહથી જીવને શું મળે છે ?

ઉ. જિહ્વા-ઈન્દ્રિયના નિગ્રહથી જીવ મનોજ્ઞ અમનોજ્ઞ રસોમાં થનાર રાગ-દ્વેષનો નિગ્રહ કરે છે. પછી રસ નિમિત્તક કર્મનો બંધ કરતો નથી અને પૂર્વબદ્ધ કર્મની નિર્જરા કરે છે.

પ્ર. ભંતે સ્પર્શેન્દ્રિયના નિગ્રહથી જીવને શું મળે છે ?

ઉ. સ્પર્શેન્દ્રિયના નિગ્રહથી જીવ મનોજ્ઞ અમનોજ્ઞ સ્પર્શો સંબંધી રાગ-દ્વેષનો નિગ્રહ કરે છે અને સ્પર્શ નિમિત્તક કર્મનો બંધ કરતો નથી અને પૂર્વબદ્ધ કર્મની નિર્જરા કરે છે.

અપ્રમત્ત મુનિનાં અધ્યવસાય :

૧૬૨૭. આ મનુષ્ય લોકમાં જેટલા અનારંભજીવી છે, તેઓ મનુષ્યોની વચ્ચે રહેતાં છતાં પણ અનારંભજીવી હોય છે.

સાધક સાવદ્ય પ્રવૃત્તિ પર રહી પાપકર્મોનો સંયમ દ્વારા ક્ષય કરી, 'આ અપૂર્વ અવસર પ્રાપ્ત થયો છે.' એમ જાણી વારંવાર કર્મનો ક્ષીણ કરતો અપ્રમત્ત રહે. 'આ ઔદારિક શરીરની વર્તમાન ક્ષણ (અમૂલ્ય) છે.' આ વાતનું વારંવાર અન્વેષણ કરી અપ્રમત્ત રહે.

આ (અપ્રમાદનો) માર્ગ તીર્થંકરોએ બતાવ્યો છે.

એવું જાણી સંયમી પુરુષે પ્રમાદ ન કરવો જોઈએ.

પ્રત્યેક પ્રાણીના સુખ અને દુઃખ (પોત-પોતાના સ્વતંત્ર) છે. એવું જાણી સંયમી પુરુષ પ્રમાદ ન કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पुढो छंदा इह माणवा।
पुढो दुक्खं पवेदितं।

से अविहिंसमाणे अणवयमाणे पुट्ठो फासे विप्पणोल्लए । एस समिया परियाए वियाहिए ।

जे असत्ता पावेहिं कम्मेहिं उदाहु ते आतंका फुसंति। इति उदाहु वीरे। ते फासे पुट्ठोऽधियासते।

से पुव्वं पेतं पच्छा पेतं, भेउरधम्मं, विद्धंसणधम्मं, अधुवं, अणितियं, असासतं, चयोवचइयं, विप्परिणाम धम्मं । पासइ एयं रूवसंधि।

समुपेहमाणस्स एगायतणरतस्स इह विप्पमुक्कस्स णत्थि मग्गं विरयस्स त्तिबेमि ।

– आ.सु. १, अ. ५, उ.२, सु. १५२-१५३

આ જગતમાં મનુષ્યોના અધ્યવસાયો ભિન્ન ભિન્ન છે. અને તેમના દુઃખ પણ ભિન્ન ભિન્ન છે. એવું તીર્થંકર ભગવાને કહ્યું છે.

એવું જાણી સાધક કોઈ પણ પ્રકારના જીવની હિંસા કરતો નથી, અસત્ય બોલતો નથી, આવેલા પરિષહોને સમ્યક્ પ્રકારે સહન કરે છે. તે જ પ્રશંસનીય ચારિત્રવાન સાધુ કહેવાય છે.

જે સાધક પાપકર્મોમાં આસક્ત નથી, તેને કદાચિત્ કર્મોદયથી રોગ ઉત્પન્ન થઈ જાય તો પણ સમભાવથી તે દુઃખ સહન કરવું જોઈએ. આ પ્રમાણે તીર્થંકરોએ કહ્યું છે.

આ શરીર પહેલાં કે પછી અવશ્ય નાશ થવાનું છે, છિન્ન-ભિન્ન થનારું છે, વિધ્વંસન સ્વભાવવાળું છે, અધ્રુવ, અનિત્ય, અશાશ્વત છે, વધવા-ઘટવાવાળું છે. વિભિન્ન પરિવર્તનનો એનો સ્વભાવ છે. માટે આ શરીરના સ્વરૂપનો વિચાર કરવો જોઈએ.

જે આ પ્રમાણે શરીરના સ્વભાવનો વિચાર કરે છે, તે આત્મગુણોનાં ઘરમાં રમણ કરે છે, તે શરીર આદિમાં અનાસક્ત, ત્યાગી સાધકને સંસારનું પરિભ્રમણ કરવું નહિં પડે. એમ હું કહું છું.

कायदंडणिसेहो–

१६२८. उड्ढं अहं तिरियं दिसासु सव्वतो सव्वावंति च णं पाडियक्कं जीवेहिं कम्मसमारंभेणं।
तं परिण्णाय मेहावी णेव सयं एतेहिं काएहिं दंडं समारंभेज्जा, णेवऽण्णेहिं एतेहिं काएहिं दंडं समारंभावेज्जा, णेवऽण्णे एतेहिं काएहिं दंडं समारंभंते वि समणुजाणेज्जा।
जे यावऽण्णे एतेहिं काएहिं दंडं समारंभंति तेसिं पि वयं लज्जामो।

तं परिण्णाय मेहावी तं वा दंडं अण्णं वा दंडं णो दंडभी दंडं समारंभेज्जासि त्तिबेमि ।

– सा. सु.१, अ. ८, उ. १, सु. २०३

કાયદંડનો નિષેધ :

૧૬૨૮. ઊંચી, નીચી, તિરછી અને સર્વ દિશાઓમાં, પ્રત્યેક જીવોમાં કર્મ સમારંભ રહેલો છે.
એમ જાણી વિવેકશીલ બુદ્ધિમાન પુરુષ સ્વયં તે કાયોની ઘાત ન કરે, બીજા પાસે ઘાત ન કરાવે અને જે દંડસમારંભ - ઘાત કરનાર છે તેમને અનુમોદન ન આપે.
બીજા વ્યક્તિઓને જીવોના આરંભ સંબંધી પાપકર્મ કરતાં જોઈ તેમના કાર્યોથી પણ અમે લજ્જા પામીએ છીએ.
હિંસા આદિના સ્વરૂપને જાણી સંયમી અને પાપથી ડરનાર મેધાવી સાધક હિંસા અને અન્ય પ્રકારના પાપકર્મનો આરંભ ન કરે એમ હું કહું છું.

अथिरासणो पावसमणो–

१६२९. अथिरासणे कुक्कुईए, जत्थ तत्थ निसीयई।
आसणम्मि अणाउत्ते, पावसमणे त्ति वुच्चई।।

– उत्त. अ. १७, गा. १३

અસ્થિર આસનવાળો પાપશ્રમણ :

૧૬૨૯. જે સ્થિર બેસતો નથી, જે હાથ, પગથી ચંચળ-વિકૃત ચેષ્ટા કરે છે, જે જ્યાં ત્યાં બેસી જાય છે, જેને આસન પર બેસવાનો ઉચિત વિવેક નથી તે પાપશ્રમણ છે.

* * * * * *

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરિશિષ્ટ

ચરણાનુયોગ – અવશેષ પાઠોનું સંકલન

(સંબંધિત વિષયના સૂત્રાંક અને પૃષ્ઠાંક આ સાથે દર્શાવેલ છે.)

પૃ. ૩૨

अणगार धम्म परूवणं :

સૂત્ર–૪૯ (૨)

तमेव धम्मं दुविहं आइक्खइ, तं जहा–१. अगारधम्मं च, २. अणगारधम्मं च ।

अणगारधम्मो ताव इह खलु सव्वओ सव्वत्ताए मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइयस्स ।

सव्वाओ पाणाइवायाओ वेरमणं, मुसावाय–अदिण्णादाण–मेहुण–परिग्गह राईभोयणाओ वेरमणं, अयमाउसो !

अणगारसामाइए धम्मे पण्णत्ते, एयस्स सिक्खाए उवट्ठिए णिग्गंथे वा, णिग्गंथी वा विहरमाणे आणाए आराहए भवइ ।

–उव. सु. ३७

અનગાર ધર્મ પ્રરૂપણ :

સૂત્ર -૪૯ (૨)

ભગવાને ધર્મના બે પ્રકાર કહ્યા છે, જેમ કે- ૧. અગાર ધર્મ, ૨. અનગાર ધર્મ.

અનગાર ધર્મનો સાધક સર્વતઃ સર્વાત્મભાવે સાવદ્ય કાર્યોનો પરિત્યાગ કરીને મુંડિત થઈ ગૃહવાસમાંથી અનગાર અવસ્થામાં પ્રવ્રજિત થાય છે.

હે આયુષ્મન્ ! તે સંપૂર્ણપણે પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ તથા રાત્રિભોજનથી વિરત બને છે. આને અનગારોનો આચરણીય ધર્મ કહ્યો છે, આ ધર્મના ઉપદેશ અને આચરણમાં ઉપસ્થિત થયેલ નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થી આનું પાલન કરતાં કરતાં આજ્ઞાના આરાધક બને છે.

પૃ. ૧૨૬

सम्माई तिविहा रूईया–

સૂત્ર–૨૭૬ (૨)

तिविहा रूई पण्णत्ता, तं जहा–

१. सम्मरूई, २. मिच्छरूई, ३. सम्मामिच्छरूई ।

–ठाणं अ. ३, उ. १, सु. १९०

सम्यक् आदि त्रण प्रकारनी रुचिओ :

સૂત્ર -૨૭૬ (૨)

ત્રણ પ્રકારની રુચિ (દૃષ્ટિ) કહેવામાં આવી છે, જેમ કે- ૧. સમ્યક્ રુચિ, ૨. મિથ્યા રુચિ, ૩. સમ્યક્ મિથ્યા રુચિ.

પૃ. ૨૦૬

ओहेण समण चरणविही परूवणं–

સૂત્ર–૩૮૮ (૨)

रागद्दोसे य दो पावे, पावकम्मपवत्तणे ।

जे भिक्खू रुम्भई निच्चं, से न अच्छइ मण्डले ।।३।।

दण्डाणं गारवाणं च, सल्लाणं च तियं तियं ।

जे भिक्खू चयई निच्चं, से न अच्छइ मण्डले ।।४।।

दिव्वे य जे उवसग्गे, तहा तेरिच्छ माणुसे ।

जे भिक्खू सहई निच्चं, से न अच्छइ मण्डले ।।५।।

विगहा कसाय सन्नाणं, झाणाणं च दुयं तहा ।

जे भिक्खू वज्जई निच्चं, से न अच्छइ मण्डले ।।६।।

वएसु इन्दियत्थेसु, समिईसु किरियासु य ।

जे भिक्खू जयई निच्चं, से न अच्छइ मण्डले ।।७।।

સામાન્યતયા શ્રમણચર્યાનું પ્રરૂપણ :–

સૂત્ર-૩૮૮ (૨)

રાગ અને દ્વેષ એ બન્ને પાપકર્મ પ્રવૃત્તિના કારણો હોવાથી પાપરૂપ છે. જે ભિક્ષુ તેમનો સદા નિરોધ કરે છે, તે મંડળ અર્થાત્ (જન્મ-મરણરૂપી) સંસારચક્રમાં રહેતો નથી. (૩)

ત્રણ દંડો, ત્રણ ગૌરવ અને ત્રણ શલ્યોનો જે ભિક્ષુ સદા ત્યાગ કરે છે, તે સંસારમાં રહેતો નથી. (૪)

દિવ્ય (દેવતા સંબંધી), માનુષી (મનુષ્ય સંબંધી) અને તિર્યંચ (પશુપક્ષી સંબંધી) ઉપસર્ગોને જે ભિક્ષુ સદા (સમભાવપૂર્વક) સહન કરે છે, તે સંસારમાં રહેતો નથી. (૫)

જે ભિક્ષુ (ચાર) વિકથાઓ, કષાયો, સંજ્ઞાઓ અને આર્ત તથા રૌદ્ર ધ્યાનનો સદા ત્યાગ કરે છે તે સંસારમાં રહેતો નથી. (૬)

જે ભિક્ષુ વ્રતો (પાંચ મહાવ્રતો) અને સમિતિઓના પાલનમાં તથા ઈન્દ્રિયોના વિષયો અને ક્રિયાઓના ત્યાગમાં સદા પ્રયત્નશીલ રહે છે, તે સંસારમાં રહેતો નથી. (૭)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

लेसासु छसु काएसु, छक्के आहारकारणे ।
जे भिक्खू जयई निच्चं, से न अच्छइ मण्डले ।।८।।

जे ભિક્ષુ છ લેશ્યાઓ, છ કાય તથા આહારના છ કારણોમાં સદા ઉપયોગ રાખે છે, તે સંસારમાં રહેતો નથી. (૮)

पिण्डोग्गहपडिमासु, भयट्ठाणेसु सत्तसु ।
जे भिक्खू जयई निच्चं, से न अच्छइ मण्डले ।।९।।

જે ભિક્ષુ (સાત) પિંડાવગ્રહોમાં, આહારગ્રહણની સાત પ્રતિમાઓમાં અને સાત ભયસ્થાનોમાં સદા ઉપયોગ રાખે છે, તે સંસારમાં રહેતો નથી. (૯)

मयेसु बम्भगुत्तीसु, भिक्खुधम्मंमि दसविहे ।
जे भिक्खू जयई निच्चं, से न अच्छइ मण्डले ।।१०।।

જે ભિક્ષુ (આઠ) મદસ્થાનોમાં, (નવ) બ્રહ્મચર્યની વાડોમાં અને દશ પ્રકારના શ્રમણધર્મમાં સદા ઉપયોગ રાખે છે, તે સંસારમાં રહેતો નથી. (૧૦)

उवासगाणं पडिमासु, भिक्खूणं पडिमासु य।
जे भिक्खू जयई निच्चं, से न अच्छइ मण्डले ।।११।।

જે ભિક્ષુ (અગિયાર) ઉપાસકપ્રતિમાઓમાં અને (અગિયાર) ભિક્ષુ પ્રતિમાઓમાં સદા ઉપયોગ રાખે છે, તે સંસારમાં રહેતો નથી. (૧૧)

किरियासु भूयगामेसु, परमाहिम्मिएसु य ।
जे भिक्खू जयई निच्चं, से न अच्छइ मण्डले ।।१२।।

જે ભિક્ષુ (તેર) ક્રિયાસ્થાનોમાં, (ચૌદ પ્રકારના) ભૂતગ્રામો (જીવસમૂહો) માં તથા (પંદર પ્રકારના) પરમાધાર્મિક દેવોમાં સદા ઉપયોગ રાખે છે, તે સંસારમાં રહેતો નથી. (૧૨)

गाहासोलसएहिं, तहा असंजमम्मि य ।
जे भिक्खू जयई निच्चं, से न अच्छइ मण्डले ।।१३।।

જે ભિક્ષુ ગાથા ષોડશક (સૂત્રકૃતાંગના પ્રથમ શ્રુતસ્કંધનાં સોળ અધ્યયનો)માં અને (સત્તર પ્રકારના) અસંયમમાં ઉપયોગ રાખે છે, તે સંસારમાં રહેતો નથી. (૧૩)

बम्भम्मि नायज्झयणेसु, ठाणेसु य समाहिए ।
जे भिक्खू जयई निच्चं, से न अच्छइ मण्डले ।।१४।।

જે ભિક્ષુ (અઢાર પ્રકારના) બ્રહ્મચર્યમાં, (ઓગણીસ) જ્ઞાતાધર્મકથાના અધ્યયનોમાં તથા (વીશ પ્રકારના) અસમાધિસ્થાનોમાં સદા ઉપયોગ રાખે છે, તે સંસારમાં રહેતો નથી. (૧૪)

एगवीसाए सबलेसु, बावीसाए परीसहे ।
जे भिक्खू जयई निच्चं, से न अच्छइ मण्डले ।।१५।।

જે ભિક્ષુ એકવીશ શબલ દોષોમાં અને બાવીશ પરીષહોમાં સદા ઉપયોગ રાખે છે, તે સંસારમાં રહેતો નથી. (૧૫)

तेवीसइ सूयगडे, रूवाहिएसु सुरेसु य ।
जे भिक्खू जयई निच्चं, से न अच्छइ मण्डले ।।१६।।

જે ભિક્ષુ સૂત્રકૃતાંગના ત્રેવીશ અધ્યયનોમાં તથા સુંદરરૂપ ધારી ચોવીસ પ્રકારના દેવોમાં સદા ઉપયોગ રાખે છે, તે સંસારમાં રહેતો નથી. (૧૬)

पणवीस-भावणाहिं, उद्देसेसु दसाइणं ।
जे भिक्खू जयई निच्चं, से न अच्छइ मण्डले ।।१७।।

જે ભિક્ષુ પચ્ચીસ ભાવનાઓમાં તથા દશા આદિ (દશાશ્રુતસ્કંધ, વ્યવહાર અને બૃહત્કલ્પ) ના (છવ્વીસ) ઉદ્દેશોમાં સદા ઉપયોગ રાખે છે, તે સંસારમાં રહેતો નથી. (૧૭)

अणगारगुणेहिं च, पकप्पम्मि तहेव च ।
जे भिक्खू जयई निच्चं, से न अच्छइ मण्डले ।।१८।।

જે ભિક્ષુ (સત્તાવીસ) અનગારગુણોમાં અને આચાર પ્રકલ્પ (આચારાંગના અઠ્યાવીસ) અધ્યયનોમાં સદા ઉપયોગ રાખે છે, તે સંસારમાં રહેતો નથી. (૧૮)

पावसुयपसंगेसु, मोहट्ठाणेसु चेव य ।
जे भिक्खू जयई निच्चं, से न अच्छइ मण्डले ।।१९।।

જે ભિક્ષુ (ઓગણત્રીસ પ્રકારના) પાપશ્રુત પ્રસંગોમાં અને (ત્રીસ પ્રકારના) મોહસ્થાનો (મોહનીય કર્મનાં કારણો) માં સદા ઉપયોગ રાખે છે, તે સંસારમાં રહેતો નથી. (૧૯)

सिद्धाइगुणजोगेसु, तेत्तीसासायणासु य ।
जे भिक्खू जयई निच्चं, से न अच्छइ मण्डले ।।२०।।

જે ભિક્ષુ સિદ્ધોના (એકત્રીસ) અતિશાયી ગુણોમાં, (બત્રીસ) યોગસંગ્રહોમાં અને તેત્રીસ આશાતનાઓમાં સદા ઉપયોગ રાખે છે, તે સંસારમાં રહેતો નથી. (૨૦)

इह एएसु ठाणेसु, जे भिक्खू जयई सया ।
खिप्पं से सव्वसंसारा विप्पमुच्चइ पण्डिओ ।।२१।।
–त्तिबेमि ।

આ રીતે જે પંડિત (વિવેકી) ભિક્ષુ આ (તેત્રીસ) સ્થાનોમાં સતત ઉપયોગ રાખે છે, તે તરત જ સમગ્ર સંસારમાંથી વિમુક્ત બની જાય છે. (૨૧) - એમ હું કહું છું.

–उत्त. अ. ३१, गा. ३–२१

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



★ **ચરણાનુયોગ** - ધર્મનો મૂળ આધાર છે 'આચાર'. આચારને જ જૈન પરિભાષામાં 'ચરણ' કહેવામાં આવે છે. આચાર- ધર્મ સંબંધી વિધિ, કલ્પ, નિષેધ વગેરેનું સર્વાંગી વિવેચન **'ચરણાનુયોગ'** નો વિષય છે.

★ પ્રસ્તુત **'ચરણાનુયોગ'** માં પાંચ ખંડ છે.- ૧. જ્ઞાનાચાર ૨.દર્શનાચાર, ૩. ચારિત્રાચાર ૪. તપાચાર અને ૫. વીર્યાચાર.

★ જ્ઞાન- દર્શનની સાધના - આરાધના પણ આચારનું જ એક અંગ છે, આચારની પહેલાં વિચારની શુદ્ધતા અને દૃઢતા માટે જ્ઞાન- દર્શનનું સ્વરૂપ સમજવું જરૂરી છે. આથી જ્ઞાનાચાર- દર્શનાચારને સમજીને પછી ચારિત્રાચારનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે.

★ **ચારિત્રાચાર**- સર્વાધિક મહત્વપૂર્ણ છે, વિશાળ પણ છે. પાંચ મહાવ્રત, અષ્ટ પ્રવચનમાતા, સામાચારી, સંઘ- ગણ- વ્યવસ્થા અને શ્રાવકધર્મ વગેરે સમસ્ત વિષય ચારિત્રાચારના અંગભૂત છે.

★ તપાચારમાં તપનું સર્વાંગી સ્વરૂપ અંકિત કરવામાં આવ્યું છે. વીર્યાચારમાં પણ બાલવીર્ય, પંડિતવીર્ય આદિના આગમગત સઘળા સંદર્ભો એક જ ગ્રંથરત્નાકરમાં સંગ્રહીત છે.

★ પ્રસ્તુત ગ્રન્થમાં ઉક્ત પાંચ આચાર વિષયક આગમોમાં જ્યાં જ્યાં જે જે પાઠો/ સંદર્ભો મળે છે તે વિષયક્રમે સંકલિત કરવામાં આવ્યા છે, તથા તેમનો સરળ ગુજરાતી અનુવાદ પણ આપવામાં આવ્યો છે. ટિપ્પણોમાં ઉક્ત પાઠો સાથે મળતાં આગમોના અન્ય પાઠો તુલનાત્મક દૃષ્ટિએ આપ્યા છે તથા ટીકા, ચૂર્ણી, ભાષ્ય આદિના આધારે તેમની વિશદ સમજૂતી પણ આપવામાં આવી છે.

★ આગમ સાહિત્યનું આ પ્રકારનું સુવ્યવસ્થિત સંકલન ઈતિહાસમાં પ્રથમવાર થયું છે. વાચકને સેંકડો ગ્રંથો ઉથલાવવાના બદલે એક જ ગ્રંથમાં સંપૂર્ણ વિષયનું વ્યવસ્થિત તથા પ્રામાણિક જ્ઞાન પ્રાપ્ત થઈ શકશે.

★ આ અત્યંત શ્રમસાધ્ય, માનસિક એકાગ્રતા તથા સતત અધ્યયન/ અનુશીલન દ્વારા નિષ્પન્ન ગ્રંથનાં સંપાદક છે -

અનુયોગ- પ્રવર્તક ઉપાધ્યાય- પ્રવર પં. રત્ન મુનિશ્રી કન્હેયાલાલજી મ. 'કમલ'

જ્ઞાનની ઉત્કટ અગાધ પિપાસા લઈને અહર્નિશ જ્ઞાનારાધનામાં તત્પર, જાગરૂક પ્રજ્ઞા, સૂક્ષ્મગ્રાહિણી મેધા, શબ્દ અને અર્થની તલસ્પર્શી ઊંડાઈ સુધી પહોંચીને નવા નવા અર્થનું અનુસંધાન અને વિશ્લેષણ કરવાની ક્ષમતા - આ પરિચય છે ઉપાધ્યાયપ્રવર મુનિશ્રી **કન્હૈયાલાલજી મ. 'કમલ'**નો.

સાત વર્ષની નાની વયમાં વૈરાગ્ય જાગૃત થતાં ગુરુદેવ પૂજ્ય **શ્રી ફતેહચંદજી મહારાજ** તથા **પ્રતાપચંદજી** મ. ના સાન્નિધ્યમાં અઢાર વર્ષની ઉમરે દીક્ષા- ગ્રહણ. આગમ, વ્યાકરણ, કોશ, ન્યાય તથા સાહિત્યના વિવિધ અંગોનું ગંભીર અધ્યયન અને અનુશીલન. આગમોની ટીકાઓ, ચૂર્ણી, ભાષ્ય સાહિત્યનું વિશેષ અનુશીલન.

પછી અનુયોગ શૈલીથી વર્ગીકરણનો ભીષ્મ સંકલ્પ. ૩૦ વર્ષની ઉમરે અનુયોગ- વર્ગીકરણ કાર્ય પ્રારંભ. બીજરૂપે પ્રારંભ કરેલ અનુયોગ કાર્ય આજ અનુયોગના ૮ વિશાળ ભાગોમાં લગભગ ૬ હજાર પૃષ્ઠોની મુદ્રિત સામગ્રી રૂપે વિશાળ વટવૃક્ષની માફક શ્રુતસેવાના કાર્યમાં અદ્વિતીય અનુપમ કીર્તિમાન બની ગયું છે.

: ગુરુદેવના જીવનની મહત્વપૂર્ણ ઘટનાઓ :

જન્મ	: વિ.સં.૧૯૭૦ (રામનવમી) ચૈત્ર સુદી -૯	જન્મ સ્થળ	: કેકીન્દ (જસનગર), રાજસ્થાન.
પિતા	: શ્રી ગોવિંદસિંહજી રાજપુરોહિત	માતા	: શ્રી યમુનાદેવી
દીક્ષાતિથિ	: વિ.સં. ૧૯૮૮, વૈશાખ સુદી -૬.	દીક્ષાસ્થળ	: ધર્મવીરો-દાનવીરોની નગરી સાંડેરાવ (રાજસ્થાન)
દીક્ષાદાતા	: ગુરુદેવશ્રી ફતેહચંદજી મ. તથા શ્રી પ્રતાપચંદજી મ.	ઉપાધ્યાય પદ	: શ્રમણસંઘના વરિષ્ઠ ઉપાધ્યાય.

સમ્પર્ક : આગમ અનુયોગ ટ્રસ્ટ, અમદાવાદ-૧૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org